

શાંબ-પદ્યુમ્નચરિત્ર


પહેલો ભાગ



: અનુપાદિકા :

સ્વ. સાધ્વીજી સુનંદાશ્રીજીનાં શિષ્યા

સાધ્વીજી સુલોચનાશ્રીજી





શાંબ-પદ્યુમ્નચરિત્ર

પહેલો ભાગ



: અનુવાદિકા :

સ્વ. સાધ્વીજી સુનંદાશ્રીજીનાં શિષ્યા

સાધ્વીજી સુલોચનાશ્રીજી



કવિચક્રવર્તી શ્રી રવિસાગર ગણિ-રચિત

શ્રી શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર

[સર્ગ : ૧ થી ૮]

પ્રથમ ભાગ

卐

મૂળ સંસ્કૃત શ્લોકો અને ભાવાનુવાદ

卐



: ભાવાનુવાદિકા :

સ્વ. પ્રવર્તિની સાધ્વીજી સુનંદાશ્રીજીનાં

વિદુષી શિષ્યા સાધ્વીજી સુલોચનાશ્રીજી

: પ્રકાશક :

અમિતભાઈ એસ. મહેતા
"અમિકુંજ" લો ગાર્ડન પાસે
નવરંગપુરા, અમદાવાદ-૯

: પ્રાપ્તિસ્થાન :

* સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ-૧.

* સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતણા (સૌરાષ્ટ્ર)

* સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી.
ઝવેરીબજાર, મુંબઈ: ૨.

વિ.સં. ૨૦૪૪
પ્રતિ-૫૦૦

* મૂલ્ય : ૫૦/રુ

મુદ્રક :
જગત ટ્રેડર્સ,
નયનકુમાર મફતલાલ ગાંધી
A/૨૧, શાંતિ કોમર્શિયલ સેન્ટર,
નગરશેઠનો વંડો, ઘીકાંટા,
અમદાવાદ.

આર્થિક સહયોગી

વિ.સં. ૨૦૪૦નું ચાતુર્માસ

પૂજ્ય સાધ્વીજી સુલોચનાશ્રીજીનું

મદ્રાસમાં સાધારણ ભવનમાં થયું.

તેઓશ્રીની પ્રેરણાથી

શ્રી ચન્દ્રપ્રભુ જુના મંદિરના

જ્ઞાનખાતામાંથી

આ ગ્રન્થના પ્રકાશનમાં રૂ. ૨૧ હજારનો

પુણ્ય સહયોગ સાંપડયો છે.

તથા

સાધારણ ભુવનની શ્રાવિકા બહેનો

તરફથી પણ આ ગ્રંથના પ્રકાશનમાં

રૂ. પાંચ હજારનો સહયોગ પ્રાપ્ત થયો છે.

અમે એમના કૃતજ્ઞ છીએ.

: પ્રકાશક :

પ્રકાશકીય :

પૂજ્ય સાધ્વીજી સુલોચનાશ્રીજીએ સર્વપ્રથમ દાર્શનિક ગ્રંથ **'સ્યાદ્વાદ મંજરી'** નો સરળ અને સુબોધ ભાવાનુવાદ કર્યો હતો અને એની બીજી આવૃત્તિ પણ પ્રકાશિત થઈ છે. તે પછી તેઓએ **''હિરસૌભાગ્ય''** નામના સંસ્કૃત મહાકાવ્યનો રસપૂર્ણ અનુવાદ કર્યો હતો અને એનું પણ પ્રકાશન થઇ ગયું હતું.

''શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર'' સાધ્વીજી મ.ને ખૂબ પ્રિય કાવ્યગ્રંથ છે અને લગભગ દરેક ચાતુર્માસમાં બહેનો સમક્ષ પ્રવચનમાં આ ગ્રંથ તેઓ વાંચતાં હોય છે. તેમણે આ ચરિત્રનો અનુવાદ એવો ધારાપ્રવાહી અને રસપૂર્ણ શૈલીમાં કર્યો છે કે વાંચનાર ગ્રંથ પુરો કર્યા વિના મૂકે નહીં.

ચરિત્રગ્રંથના અભ્યાસીને સરળતા રહે એટલા માટે મૂળ શ્લોકો પણ છાપવામાં આવ્યા છે. આ પ્રથમ ભાગમાં ૧ થી ૮ સર્ગ આપવામાં આવ્યા છે. બીજા ભાગમાં ૯ થી ૧૬ સર્ગ આપવામાં આવશે. બીજો ભાગ પણ અમે જલ્દી પ્રકાશિત કરવા ઇચ્છીએ છીએ.

દરેક જ્ઞાન ભંડારમાં આ ચરિત્રગ્રંથ હોવો જ જોઈએ. જેથી અભ્યાસ કરનારાઓને આ ગ્રંથ સુલભ બને.

છપાવવામાં ખૂબ કાળજી રાખવા છતાં, કોઇ ભૂલો રહી જવા પામી છે. અધ્યયન કરાવનારા વિદ્વાનો એ ભૂલો સુધારી લેવા કૃપા કરશે.

આ ગ્રંથના પ્રકાશનમાં જેઓનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, તે મદ્રાસના ચંદ્રપ્રભસ્વામી જુના મંદિરના ટ્રસ્ટીઓનો અને સાધારણ ભવનની શ્રાવિકા બહેનોનો હું આભાર માનું છું.

અંતે, હું પૂજ્ય સાધ્વીજી મ. સુલોચનાશ્રીજીને વિનંતી કરું છું કે તેઓ આ રીતે પોતાની જ્ઞાનોપાસના ચાલુ રાખીને સમાજને આવું ઉપયોગી સાહિત્ય પ્રદાન કરે.

અમદાવાદ :
૨૦-૫-૮૮

—પ્રકાશક

પંડિતચક્રવર્તી રાજસાગર ગણી-શિષ્ય
પંડિત રવિસાગર ગણી-વિરચિત

શાંબ-પ્રદ્યુમ્ન ચરિત્ર



: અનુવાદિકા :

સાધ્વી સુલોચનાશ્રીજી

॥ नमः श्री पार्श्वनाथाय ॥

पण्डितप्रकाण्ड श्री रविसागरगणिकृतम्—

॥ शांबप्रद्युम्नचरित्रम् ॥

मंगलानि—प्रणतमानवदानवनायकः, प्रथमतीर्थपतिः शिवदायकः ।
विजितदुस्सहमन्मथसायकः, प्रकुरुतां मतिमस्तकषायकः ॥ १ ॥

॥ 卐 ॥ मंगलाचरण ॥ 卐 ॥

જેઓશ્રી મોક્ષમાર્ગ-પ્રદાતા અને દુઃસહ્ય કામના વિજેતા છે તેમજ દાનવો, માનવો અને દેવોના પણ નાયકો જેમની નિત્ય પૂજા-ભક્તિ કરે છે, એવા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંત મારી બુદ્ધિને કષાયરહિત કરનાર બનો. [૧]

जगति शांतिजिनः सुखकारकः, सकललोकभवाम्बुधितारकः ।
दृढतमो विपदामयवारकः, सुरनरस्तुतदीधितिधारकः ॥ २ ॥

જેઓશ્રી ત્રિલોકના ભવ્ય જીવોને ભવસાગરથી તારનાર અને તેમના તમામ પ્રકારના દુઃખોને દૂર કરનાર છે, તેમજ માનવો અને દેવોએ સ્તુતિગાન કરીને જેમની કીર્તિને અનંત ક્ષિતિજો સુધી વિસ્તારી છે, એવા શ્રી શાંતિનાથ પ્રભુ સકળ વિશ્વને માટે સુખ અને શાંતિ કરનારા થાઓ [૨]

विषयमन्मथमानविनाशकः, शुचियशा भुवनत्रयभासकः ।
जयति नेमिजिनो जनशासकः, शिववधूकमनीयविलासकः ॥ ३ ॥

વિશ્વવિજેતા કામદેવને પણ પરાજીત કરી તેનું માન ઉતારનાર, વિશ્વ-વિખ્યાત, ત્રિભુવન જ્યોતિર્ધર, લોકનાયક, મુક્તિરૂપી પત્ની સાથે પ્રસન્ન દાંપત્યજીવન જીવનાર શ્રી નેમિનાથ ભગવંતનો જય હો! [૩]

विकटसंकटपेटकपाटनः, प्रवरतां दधदस्तभवाटनः ।
विगलिताऽखिलसंसृतिनाटनः, स्फुरति पार्श्वजिनो मदमोटनः ॥ ४ ॥

ભીષણ અને ભયંકર ઉપદ્રવોને પણ પાર કરનાર, ભવભ્રમણનો સુખાંત લાવવાની કલાના ક્રીમિયાગર, સંસારના તમામે-તમામ નાટકોનો અંત કરનાર અને અહંકારનો નખશિખાન્ત ઉચ્છેદ કરનાર શ્રી પાર્શ્વનાથપ્રભુ, આ અખિલ વિશ્વની શોભા અને શણગાર છે. [૪]

विततमेरुगिरेरपि धीरतां, जलनिधेरपि भूरिगभीरतां ।
रजसि कर्ममये च समीरता–मतति वीरजिनस्य सुधीरता ॥ ५ ॥

મેરુ પર્વતથીય વિશેષ ધીર, ક્ષીર સમુદ્ર કરતાંય સવિશેષ ગંભીર અને કર્મરૂપી કચરાના જંગી ઢગોને પલકમાં દૂર કરવા માટે પ્રચંડ વાવંટોળ સમા શ્રી મહાવીર પરમાત્માની ધીરતા, વીરતા અને ગંભીરતાથી જગત આખું પ્રેરક અને પાવન બન્યું છે. [૫]

इति मतिसुधनानां पंचतीर्थी जिनानां, प्रमुदितभुवनानां नम्रदेवांगनानां ।
प्रणतसमजनेंद्राश्चोग्रबुद्ध्यै जिनेंद्रा, घनतमसि दिनेन्द्रा, द्रव्यदाने धनेन्द्राः ॥ ६ ॥

જે ત્રિલોકને ત્રિકાળ આનંદથી અભિભૂત કરે છે અને જેમને દેવાંગનાઓ પણ વિનય અને ઉમંગથી વંદના કરે છે, જ્ઞાનરૂપ સુંદર ધનવાળા એવી આ પાંચ જિનેશ્વરની પંચતીર્થી, તેમજ અજ્ઞાનના ઘનઘોર અંધકારને વિદારવામાં સૂર્ય સમાન, દાન આપવામાં કુબેરનાય કુબેર એવા જગદ્વંદ્ય ત્રિ-કાલીન [વર્તમાન, અતીત અને અનાગત કાળના] અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓ ! સહુ કોઇને નિર્મળતા અને નિર્ભયતા બક્ષો ! [૬]

❋ સરસ્વતી સ્તુતિ ❋

मतिमहिमविधाना, भारती भा-प्रधाना, विशदगुणनिधाना–पादने सावधाना ।
प्रविलसदभिधाना स्तूयमानावधाना, जनयतु विबुधानामिहितं शं दधाना ॥ ७ ॥

બુદ્ધિના ભંડારને ભરચક્ક કરનારી, નિર્મળ ગુણ-ભંડારની સજાગ રક્ષિકા, નામ પ્રમાણે જ ગુણિયલ અને ગુણવંતી, સ્તુતિ કરનારને સુખ આપનારી રૂપશ્રી હે મા શારદા ! તમે પંડિતજનોની ઇચ્છાને પરિપૂર્ણ કરનારા થાઓ. [૭]

❋ ગુરુ-સ્તુતિ ❋

स्तुवदमरहरिभ्यः क्षिप्तकर्माद्यरिभ्यः, स्मयशिखरिपविभ्यः, काममुस्ताकिरिभ्यः ।
त्रिदशवरतरुभ्यः, कामितार्थप्रदेभ्यः स्वमतिजितगुरुभ्यस्तान्नमः श्रीगुरुभ्यः ॥ ८ ॥
प्रणिपत्य जिनाधीशान्, प्रातिहार्य विराजिनः ।
श्रुतदेवीमजाड्यां च, श्रीगुरून् सुकृताध्वनः ॥ ९ ॥

દેવ-દેવેન્દ્રોથી સ્તુતિ કરાયેલા, કર્મશત્રુઓનો સંહાર કરનારા, અહંકારરૂપી પહાડને તોડવામાં વજ્રસમાન, કામરૂપી થાંભલાને જડમૂળથી ઉખેડી નાખવામાં હાથી સમાન, ઇચ્છુકોની ઇચ્છાઓને પરિપૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ જેવા તેમજ પોતાની બુદ્ધિથી બૃહસ્પતિનો પણ પરાભવ કરનારા એવા શ્રી ગુરુભગવંતોને મારો નમસ્કાર હો ! [૮]

આમ આઠ આઠ પ્રતિહારીઓથી સુશોભિત શ્રી જિનેશ્વર ભગવંતોને તેમજ બુદ્ધિનિધાન શ્રુતદેવી અને સન્માર્ગના પથિક ગુરુ ભગવંતોને અંતરનાથ અંતરથી ત્રિવિધે વંદના કરીને "શ્રી શામ્બ-પ્રદ્યુમ્ન ચરિત્ર"નો શુભારંભ કરે છે. [૯]

❀ ઉપોદ્‌ઘાત ❀

प्राज्या विष्णुसुता आसंस्तेषु योऽभून्महर्द्धिकः ।
विद्योपहारलीलाभिः प्राग्जन्मसुकृतोदयात् ॥ १० ॥
स्वकीयपरबोधार्थ-मष्टमांगादुगुरोर्गिरा । श्री प्रद्युम्नकुमारस्य चरित्रं तस्य वक्ष्यते ॥ ११ ॥

શ્રી કૃષ્ણના એકથી વધુ પુત્રો હતા. એ સૌ પુત્રોમાં, પૂર્વજન્મના પુણ્યોદયથી જેમને અનેકવિધ વિદ્યા-વૈભવ પ્રાપ્ત થયો હતો એવા 'પ્રદ્યુમ્નકુમાર'નું જીવનચરિત્ર, 'અન્તકૃત-દશાંગ' નામના આઠમા આગમ-ગ્રંથના આધારે તેમજ ગુરુકૃપાથી મારા અને અન્ય સૌ કોઇના આત્મબોધ અને આત્મકલ્યાણ માટે કહું છું. [૧૦, ૧૧]

जंबुद्वीपाभिधे द्वीपे, भरते सुषमाश्रिते । अभूच्चंपापुरी भूरि-भूरिसूरिविराजिता ॥ १२ ॥

સુષમ નામના આરાની વાત છે. એ સમયે જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રમાં ચંપા નામની નગરી હતી. અનેક પ્રકારના આચાર્યો આ નગરીનું ગૌરવ અને ગરિમા હતા. [૧૨]

पूर्णभद्रलसद्भद्रे चैत्ये नित्येप्सितप्रदे। तत्रैव समवासार्षीत् पञ्चमो गणनायकः ॥ १३ ॥

એક મંગળ દિવસે, આ ચંપાનગરીમાં, ઈચ્છિતને આપનાર કલ્યાણકારી પૂર્ણભદ્ર નામના ચૈત્યમાં ગણધર ભગવંત સુધર્માસ્વામી પધાર્યા. [૧૩]

नाकिनिर्मितकल्याण-नलिने संस्थितः प्रभुः । सुधर्मस्वाम्यथ भ्राम्यद्भव्यजीवानुपादिशत् ॥१४॥

તેઓશ્રી દેવરચિત સુવર્ણકમળ ઉપર બિરાજીને ભવ્ય જીવોને ધર્મદેશના આપી રહ્યા હતા. [૧૪]

तेनोपदिष्टमाकर्ण्य, धर्मं कैवल्यकारणं । स्वोचितानि व्रतान्यंगी-कृत्य चापुर्गृहं जना ॥१५॥

તેમની કૈવલ્યકારિણી ધર્મદેશના સાંભળીને ઘણાંએ પોતાનાં રસ, રૂચિ અને શક્તિ અનુસાર વ્રતો અંગીકાર કર્યાં અને પછી સૌ સૌનાં ઘરે ગયા. [૧૫]

जंबूस्वाम्यथ संजात-श्रद्धो मुदितमानसः । सुधर्मस्वामिनं सम्य-क्चतुर्ज्ञानं व्यजिज्ञपत् ॥१६॥

ત્યારે શ્રદ્ધાળુ અને પ્રસન્નચિત્ત જંબૂસ્વામિએ ચતુર્જ્ઞાની સુધર્માસ્વામીને વિનયથી પૂછ્યું : [૧૬]

श्रीअंतकृद्दशांगस्य, चतुर्थे वर्ग आदरात्। प्रज्ञप्ता भगवन् केऽर्थाः, श्रीवीरेण सविस्तराः ॥१७॥

'હે ભગવંત! શ્રી અંતકૃતદ્દશાંગ'ના ચોથા પ્રકરણ [અધ્યાય] માં શ્રમણ ભગવાન મહાવીરે શું કહ્યું છે, તે કહેવાની આપ કૃપા કરો. [૧૭]

आमृशतोऽर्हतः पादसरोरुहमहर्निशं। ममार्थांश्च समायाता-नायुष्मन् ब्रुवतः शृणु ॥१८॥

સુધર્માસ્વામીએ કહ્યું: 'હે આયુષ્યમાન્ જંબૂ! પરમાત્માના શ્રીચરણોની નિરંતર ઉપાસના કરનાર મારા માટે શ્રી મહાવીરપ્રભુએ તેમાં જે કંઈ કહ્યું છે, તે હું તને કહું છું. એ તું સાંભળ.' [૧૮]

तद्यथा-जालि १ मयालि २ उवयालि ३ पुरिससेणे अ ४ वारिसेणे अ ५ ॥
पज्जुन्न ६ संब ७ अनिरुद्ध ८। सव्वनेमि अ ९ दढनेमी १० ॥
पन्नासं पन्नासं, भज्जा उवइ अ वारसंगधरा। सोलसं परिआया, सिद्धा सित्तुंजए दसवि।
शब्दादिशास्त्रबोद्धारो, योद्धारो रणकर्मणि। बलीयांसो बभूवांसो, दशैते सिद्धिगामिनः ॥१९॥

'જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરિસસેણ, વારિસેણ, **પ્રદ્યુમ્ન, શાંબ**, અનિરુદ્ધ, સર્વનેમિ અને દઢનેમિ-આ દશેએ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો હતો અને સોળ વરસ સુધી સંયમધર્મનું ઉત્કૃષ્ટ આરાધન કરીને તે સૌ ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર સિદ્ધત્વને [નિર્વાણ] પામ્યા.

આ દસ વ્યાકરણાદિ શસ્ત્રોના જાણકાર, યુદ્ધ કરવામાં સુંદર લડવૈયા, બળવાન આ દસે મોક્ષને પામનારા હતા. [૧૯]

कम्बुकण्ठः पुनर्जंबू-स्वामी भूमीशवंदितः। अप्राक्षीत्क्षीणकर्मैक-मर्मा शर्मनिबन्धनम् ॥२०॥
श्रीमच्छत्रुञ्जये तीर्थे, सर्वतीर्थविभूषणे। दशस्वेतेषु निर्वाणं, प्रद्युम्न कथमाप्तवान् ॥२१॥
नगरी का गरीयासी-त्सुखान्यस्य च बिभ्रतः। का माता च पिता को वा, को बन्धुर्हृदयंगमः ॥२२॥
इत्यन्यूनमपि स्वामिन्, स्वरूपं पंकवर्जितं। सोत्साहं श्रोतुमीहेऽहं, युष्मद्वदनवारिजात् ॥२३॥

શંખ જેવી ડોકવાળા, રાજામહારાજાઓને પણ વંદનીય એવા જંબૂસ્વામિએ પુનઃ વિનયથી પૂછયું: 'હે ભગવંત્! શબ્દાદિ શાસ્ત્રોના જ્ઞાતા, યુદ્ધકળામાં નિપુણ અને મહાપરાક્રમી એ દસ યોદ્ધાઓ તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર નિર્વાણ પામ્યા એમ આપે કહ્યું. હવે મને આપ એ કહેવાની કૃપા કરો કે તે દસમાંના એક પ્રદ્યુમ્નકુમારે અક્ષયસુખવાળા નિર્વાણપદને કેવી રીતે પ્રાપ્ત કર્યું! તેમનાં માતા-પિતા કોણ હતા? તેમનાં ભાઈ-બહેન આદિ સ્વજનો કોણ કોણ હતા? એ કયા નગરમાં રહેતા હતા? હે સ્વામિન્! આપના શ્રી મુખેથી એ જાણવા હું ઉત્સુક અને આતુર છું. [૨૦, ૨૧, ૨૨, ૨૩]

श्रीसुधर्मा सुधर्माण–मध्वानं प्रदधत्तत । जंबूस्वामिनं आचख्यौ, प्रद्युम्नस्य चरित्रकम् ॥२४॥

અને પુનિતપંથે વિચરી રહેલા સુધર્માસ્વામીએ જંબૂસ્વામિને પ્રદ્યુમ્નકુમારનું ચરિત્ર કહેવાનું શરૂ કર્યું. [૨૪]

સર્ગ : ૧

चंद्रमंडलसंकाशे, रत्नराजिविराजिते । वृत्ताकारतया कांते, विराजद्विजयाश्रिते ॥२५॥
जंबूद्वीपे जगत्ख्याते, लक्षयोजनविस्तृते । द्विलक्षयोजनायामे–लवणांमुबुधिभूषिते ॥२६॥
योजनैः पंचशत्या च, षड्विंशत्या समन्वितं । षड्भिः कलाभिराभाति, क्षेत्रं भरतनामकम् ॥२७॥

જેની ચોતરફ ગોળાકાર બે લાખ યોજન પ્રમાણ લવણસમુદ્ર ઘૂઘવે છે, જેમાં ચંદ્રમંડળ જેવા રત્નોના ઝગમગાટથી મનોહર એવા અનેક વિજયો [ક્ષેત્રો/પ્રદેશો/રાજ્યો] છે અને જે સ્વયં એક લાખ યોજન સુધી વિસ્તરિત અને વિશ્વવિખ્યાત છે, તે જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર અનેક પ્રકારે વિશિષ્ટ અને શ્રેષ્ઠ છે. તેનું ક્ષેત્રફળ ૫૨૬ યોજન અને ૬ કલાનું છે.
[૨૫, ૨૬, ૨૭]

श्रीमतां तीर्थनाथानां, यत्र स्याज्जननादिकं । अथवा यत्र जायते, रामचक्रर्यर्धचक्रिणः ॥२८॥
आर्यावर्तो जिनैः ख्यातः, स देशः क्लेशनाशनः । तत्र नाम्नास्ति सौवीरो, देशो जनप्रमोदकः ॥२९॥

આ ભરતક્ષેત્રમાં શ્રી તીર્થંકર પરમાત્માઓના જન્મ, દીક્ષા આદિ કલ્યાણકો થાય છે, વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી આદિ મહાપુરુષોની જે જન્મભૂમિ અને કર્મભૂમિ છે એવા આ ભરતક્ષેત્રમાં જિનકથિત આર્યદેશમાં સર્વસંતાપનાશક, સુખદાયી સૌવીર નામનો દેશ છે.
[૨૮, ૨૯]

तत्र चित्रपवित्रामे, त्रस्तशात्रवसंहतौ । अमरीकेलिकालिंद्या, रराज मथुरापुरी ॥३०॥

શત્રુઓનો જ્યાં કોઈ ઉપદ્રવ નથી એવા આ સૌવીર દેશમાં મથુરા નગરી છે. દેવો પણ જ્યાં ક્રીડા કરે છે એવી યમુના નદીથી તે શોભી રહી છે. [૩૦]

चतुरा मथुरा सेयं, यमभीतिनिराकृता । स्वस्वसृवासरागेण, भूरिवृद्धसमाश्रिता ॥३१॥

પોતાની બેન યમુનાની નિવાસનગરી હોવાથી બહેન પ્રત્યેના સ્નેહથી જ્યાં યમરાજાનો ભય નથી એવી મથુરા નગરી ધન–ધાન્યથી સમૃદ્ધ હતી. [૩૧]

हरिवंश्याद्वसुपुत्रा–त्तस्यां बृहद्भुजात्तथा । भूतेषु भूरिभूपेषु, समभूद्भूपतिर्यदुः ॥३२॥
आसीदपि यदोः सूनुः,शूरः शूरमतिस्थितिः । पुत्रौ शौरिसुवीरौ द्वौ, शूरस्यापि बभूवतुः ॥३३॥

હરિવંશીય વસુપુત્રથી બૃહદ્ભુજ સુધી ઘણાં રાજાઓએ મથુરામાં રાજ્ય કર્યું. તેમાં એક યદુ નામનો રાજા હતો. તેને શૂર નામનો એક પુત્ર, નામ પ્રમાણે શૂરવીર હતો. શૂરને બે પરાક્રમી પુત્રો હતા. એક શૌરી અને બીજો સુવીર. [૩૨, ૩૩]

प्राज्ये राज्ये मुदा शौरिं, यौवराज्ये सुवीरकं। न्यस्य शूरोऽतिवैराग्या–दीक्षां गृहीतवान्मुद ॥३४॥

સંસાર પર વૈરાગ્ય આવતાં શૂરા રાજાએ ઘણી ધામધુમથી શૌરીને રાજસિંહાસને અને સુવીરને યુવરાજપદે બેસાડીને પોતે દીક્ષા લીધી. [૩૪]

मथुरायास्तु साम्राज्यं, शौरिर्दत्वानुजाय च। गत्वा कुशार्तदेशेषु, शौर्यपुरमवासयत् ॥३५॥

શૌરીએ મથુરાનું સામ્રાજ્ય નાના ભાઇ સુવીરને સોંપી દીધું અને પોતે કુશાર્તદેશમાં ચાલ્યો ગયો. અહીં એણે શૌરિપુર નામનું નવું નગર વસાવ્યું. [૩૫]

सुता अंधकवृष्ण्याद्या, बभूवुःशौरिभूभृतः। भोजवृष्ण्यादयः पुत्राः, सुवीरस्यापि चाभवन् ॥३६॥

શૌરીને અંધકવૃષ્ણિ આદિ અને સુવીરને ભોજવૃષ્ણિ આદિ ઘણાં પુત્રો થયા. [૩૬]

भोजकवृष्णये दत्वा, स्वराज्यं मथुरापुरः। सौवीरपत्तनं न्यस्य, सिंधुष्वस्थात्सुवीरराट् ॥३७॥

સુવીરે પોતાની મથુરાની રાજગાદી ભોજવૃષ્ણિને આપી અને સ્વયં સિંધુદેશમાં જઇને ત્યાં સૌવીરપુર નામનું નગર વસાવીને ત્યાં જ રહ્યા. [૩૭]

अंधकवृष्णिमात्मीये, राज्ये संस्थाप्य शौरिराट्। प्रतिष्ठितयतेः पार्श्वे, प्रव्रज्य दिवमाप्तवान् ॥३८॥

શૌરી રાજાએ પણ પોતાના રાજસિંહાસને, પોતાના પુત્ર અંધકવૃષ્ણિનો અભિષેક કરાવ્યો. એ પછી તેમણે પ્રતિષ્ઠિત નામના મુનિ પાસે દીક્ષા લીધી અને સંયમી જીવનનું ઉત્કૃષ્ટ આરાધન કરતા કરતા દેવલોકમાં ગયા. [૩૮]

पालयतः सतो राज्यं, भोजवृष्णेश्च माथुरं। उग्रसेनाभिधानोऽग्र–स्थामधामसुतोऽजनि ॥३९॥

મથુરાનગરેશ ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામનો પુત્ર થયો. તે ખૂબ જ તેજસ્વી હતો. [૩૯]

सुभद्राकुक्षिजा एतें–धकवृष्णेर्दशाभवन्। समुद्रविजयः पूर्वो, ह्यनिद्रविजयांचितः ॥४०॥
अक्षोभ्यः शात्रवाऽक्षोभ्यः, स्तिमितः स्तिमिताशयः। सागरश्चाकरः कांते–र्हिमवान् हिमकांतिरुक् ४१
अचलोऽचलधीर्दीनो–द्धरणो धरणो भुवि। पूरणश्चाऽभिचंद्राह्वो, वसुदेवोंगदेवभाः ॥४२॥
दशापि सुदशा आसन्, दशार्हा इति नामतः। स्फुरत्पराक्रमाक्रांत–दोर्दंडाश्चंडतादृताः ॥४३॥

અંધકવૃષ્ણિને સુભદ્રારાણીથી દશ પુત્રો થયા. તે આ પ્રમાણે : આસેતુ સુધી વિજય વાવટો લ્હેરાવનાર સમુદ્રવિજય–૧, શત્રુઓથી જરાય ક્ષુબ્ધ કે ભયભીત ન થનાર અક્ષોભ્ય–૨, પ્રતિપળ પ્રસન્નચિત્ત સ્તિમિત–૩, સાગર જેવો ગંભીર સાગર–૪, હિમાંગી હિમરૂક–૫, સ્થિતપ્રજ્ઞ બુદ્ધિનિધાન અચલ–૬, ગરીબોનો આધાર ધરણ–૭, મનોરથોને પૂર્ણ કરનાર પૂરણ–૮, પૂર્ણચન્દ્રમુખી અભિચન્દ્ર–૯, અને દેવો જેવો દેદિપ્યમાન વાસુદેવ. આ દસેય ભાઇઓ પ્રચંડ બાહુવાળા, મહાપરાક્રમી અને જોતાવેંત જ ગમી જાય એવા હતા. તે સૌ વિશ્વમાં દશદશાર્હ નામે વિખ્યાત બન્યા. [૪૦, ૪૧, ૪૨, ૪૩]

अनुजे प्रथिते तेषां, कुंतीमाद्यौ बभूवतुः । तातः कुंतीं ददौ पांडो–र्दमघोषस्य मद्रिकां ॥ ४४ ॥

દશ ભાઇઓ વચ્ચે બે બહેન હતી. કુંતિ અને માદ્રિ. પિતાએ કુંતિને પાંડુરાજા સાથે અને માદ્રિને દમઘોષ રાજા સાથે વરાવી. [૪૪]

समुद्रविजये शौर्य–पुरराज्यं निधाय च । प्रव्रज्य सुव्रताभ्यर्णेंधकवृष्णिरयाद्दिवं ॥ ४५ ॥

અંધકવૃષ્ણિએ શૌર્યપુરનું રાજ્ય સમુદ્રવિજયને સોંપીને, સુવ્રત નામના આચાર્ય પાસે દીક્ષા લીધી અને ચારિત્રધર્મનું સમુચિત પાલન કરીને તેઓ દેવલોકમાં ગયા. [૪૫]

भोजवृष्णिरपि स्वीय–राज्यं न्यस्योग्रसेनके । मथुरायामदाद्दीक्षा–मतुच्छोत्सवपूर्वकं ॥ ४६ ॥

ભોજવૃષ્ણિએ પણ ઉગ્રસેનને મથુરાના સિંહાસને રાજ્યાભિષેક કરાવીને મહોત્સવપૂર્વક દીક્ષા લીધી. [૪૬]

प्रजां पालयतः पुत्र–पुत्रीवन्मथुरापुरि । उग्रसेनमहीशस्य, पट्टराज्ञ्यस्ति धारिणी ॥ ४७ ॥

સગાં સંતાનની જેમ લોકોની સારસંભાળ લેતા પ્રજાવત્સલ ઉગ્રસેનરાજાને ધારિણી નામની પટરાણી હતી. [૪૭]

एकदामंत्रितस्यापि, मासक्षपणपारणे । तापसस्य क्षमाभर्त्रा, यत्कारितं न पारणं ॥ ४८ ॥

એક દિવસે ઉગ્રસેનરાજાએ માસખમણના તપસ્વી તાપસને પોતાને ત્યાં પારણું કરવા માટે પધારવા પ્રાર્થના કરી. પરંતુ સંજોગો જ એવા બધાં ઊભા થયાં કે રાજા તપસ્વી તાપસને પારણું કરાવી શકયો નહિ. [૪૮]

[તે આ પ્રમાણે : મથુરાનગરીની બહારના ભાગમાં એક ઉદ્યાન હતું. તેમાં તાપસોનો એક આશ્રમ હતો. તેમાં રહીને તાપસો અનેકવિધ તપસ્યાઓ કરતા હતા. તેમાંનો એક તાપસ માસક્ષમણના પારણે બીજું માસક્ષમણ કરતો. આ તપ માટે તેણે નિયમ રાખ્યો હતો કે 'પારણું કરવા માટે કોઈ નિમંત્રણ આપે તો જ તેને ત્યાં પારણું કરવા જવું અને એ યજમાન યથોચિત સન્માનથી પારણું કરાવે તો જ પારણું કરવું, આ નિયમ ન સચવાય તો માસક્ષમણનું તપ સતત ચાલુ રાખવું.'

એક દિવસ ઉગ્રસેનરાજા આશ્રમમાં કુલપતિના દર્શન માટે આવ્યો. એણે માસક્ષમણના તપસ્વી તાપસને પોતાને ત્યાં પારણું કરવા માટે પધારવા નિમંત્રણ આપ્યું. નિમંત્રણનો સ્વીકાર કરીને તપસ્વી તાપસ રાજમહેલમાં પધાર્યા.

પરંતુ એ જ દિવસે રાજાને એકાએક શૂળ રોગ થયો. રાજાની વેદનાનું ઉપશમન કરવા અને તેમના રોગની સારવાર કરવા માટે રાજપરિવાર દોડાદોડ કરી રહ્યો. સૌના હૈયે રાજાના સ્વાસ્થ્યની ચિંતા હતી. આથી આંગણે પધારેલા તપસ્વી તાપસ તરફ કોઇએ ધ્યાન ન આપ્યું.

તપસ્વી તાપસ થોડીકવાર સુધી સમતાપૂર્વક ઊભા રહ્યા. તો પણ કોઇએ તેમની હાજરીની નોંધ ન લીધી. આથી તેમણે નિયમ મુજબ, વગર પારણે જ બીજું માસક્ષમણ શરૂ કરી દીધું.

આ બાજુ સમયસરની સારવારથી ઉગ્રસેન રાજાની વેદના શાંત થઈ ગઈ. તરતજ તેમને યાદ આવ્યું કે આજ તો તપસ્વીના પારણાનો દિવસ છે. મેં તેમને પારણા માટે નિમંત્રણ આપ્યું છે. એ જરૂર આજ પધાર્યા હશે. તેમની તપાસ કરાવી તો તેમને જાણ થઈ કે તપસ્વી તો પધાર્યા હતા. પરંતુ કોઇએ તેમનું સ્વાગત ન કર્યું એથી એ તો પારણું કર્યા વિના જ પાછા આશ્રમમાં ચાલ્યા ગયા છે.

રાજાને આથી ખૂબ જ દુઃખ થયું. આશ્રમે જઇને તેમણે કુલપતિ અને તપસ્વી મહાત્માની ક્ષમા માંગી અને પારણાં માટે પધારવા માટે ફરીથી વિનંતી કરી.

બીજા માસક્ષમણનો સમય પૂરો થયો એટલે તપસ્વી તાપસ પારણા માટે રાજમહેલમાં પધાર્યા. પરંતુ ત્યારે તેમના તરફ જોવાની પણ કોઈને ફુરસદ ન હતી. એ જ દિવસે રાજાને ત્યાં પુત્રજન્મ થયો હોવાથી સૌ રાજાને વધાઈ આપવામાં વ્યસ્ત હતા. રાજા પોતે પણ પુત્રજન્મના આનંદમા એવો અટવાઇ ગયો હતો કે પોતે આજે તપસ્વીને પારણું કરવા માટે નિમંત્રણ આપ્યું છે, તે યાદ જ ન રહ્યું ! રાજમહેલમાં પારણું કરાવવા માટે કોઇએ સ્વાગત ન કર્યું. આથી તપસ્વી નિયમ મુજબ શાંતચિત્તે આશ્રમમાં પાછા ફર્યા અને સતત ત્રીજું માસક્ષમણ કરવાનું ચાલુ રાખ્યું.

ઉગ્રસેનને તપસ્વીના પારણાની યાદ આવી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. પસ્તાવાથી તેનું હૈયું રડી રહ્યું. આશ્રમમાં જઇને તેણે ગદ્‌ગદ કંઠે તપસ્વી મહાત્માની ક્ષમા માંગી અને પારણા માટે પધારવા માટે પુનઃ નિમંત્રણ આપ્યું.

પરંતુ ભવિતવ્યતા કંઇક બીજી જ હતી. ત્રીજા પારણાના દિવસે જ રાજાને શત્રુ રાજાનો સામનો કરવા માટે નગર બહાર નીકળી જવું પડે છે.

નિમંત્રણ મુજબ તપસ્વી તાપસ ત્રીજા માસક્ષમણના પારણા માટે પધાર્યા. ત્યારે રાજમહેલમાં ચોતરફ યુદ્ધની વાતો અને વાતાવરણ હતું. કોઇએ તેમનો સત્કાર ન કર્યો. થોડીવાર સુધી તપસ્વીએ રાહ જોઇ. પણ કોઇએ તેમના તરફ જોયું સુદ્ધાંય નહિ, આથી તેમને ખૂબ જ ક્રોધ ચડયો. હૈયે ગુસ્સો ભરીને તે આશ્રમમાં પાછા ફર્યા અને આમરણ ઉપવાસ ચાલુ કર્યા. તપમાં તે વિચારી રહ્યા કે રાજાએ મને મારી નાંખવા માટે જ મારી સાથે આવો દુર્વ્યવહાર કર્યો છે. નહિ તો એ કંઈ ત્રણ ત્રણ વખત મને આપેલું આમંત્રણ ભૂલી જાય ?–આમ કર્મના દોષથી એ ઊંધું વિચારતા રહ્યા અને નિયાણું કર્યું કે–મારી તપસ્યાનું કંઈ પણ ફળ મળવાનું હોય તો આગામી જન્મમાં હું રાજાને મારનારો થાઉં....]

उग्रसेनक्षयायाहं, भयांसमिति तद्भृशं । निदानीकृत्य तज्जीवो, धारिणीकूक्षिमागमत् ॥ ४९ ॥

ઉગ્રસેન રાજાનો ક્ષય કરનારો થાઉં આ પ્રમાણે નિયાણું કરીને તાપસનો જીવ મરીને ઉગ્રસેન રાજાની રાણી ધારિણીની કુક્ષિએ આવ્યો. [૪૯]

पत्युर्वक्षःस्थलस्थं च, मांसमद्मीति दोहदः । प्रारभ्य तद्दिनात्तस्या, मानसे समजायत ॥ ५० ॥

એ ગર્ભની દુષ્ટ વૃત્તિના પ્રભાવે ધારિણીને ખૂદ પોતાના જ પતિના હૃદયનું માંસ ખાવાની તીવ્ર ઇચ્છા થઈ. આવી ઇચ્છા કેમ કહેવાય અને કેમ પુરી કરાય એ વિચારથી ધારિણી મનોમન દુઃખી થઇ અને તેથી તે સૂકાવા લાગી. પરંતુ રાજા અને પ્રધાને તેની ઇચ્છા કળથી જાણી લીધી અને કાળજીપૂર્વક ધારિણીની ઇચ્છા (દોહદ) પૂરી કરી. [૫૦]

पूर्णीभूतेषु मासेषु, साद्भुत वैरिणं सुतं । दास्याक्षेपयदुत्पात–भयतः कांस्यसंपुटे ॥ ५१ ॥
मातुः पितुश्च नामांकां मुद्रिकां पत्रिकांकितां । क्षिप्त्वा रत्नानि चेयं तां, यमुनांबुन्यवाहयत् ॥५२॥
जातो मृतः सुतः क्षोणी–धवायेति शशंस सा । पेटा सा वायुनानीय—माना शौर्यपुरं ययौ ॥५३॥

ગર્ભાધાનનો કાળ પૂર્ણ થતાં ધારિણીએ પુત્રનો જન્મ આપ્યો. 'આ પુત્ર ભવિષ્યમાં પોતાના જ પિતાને પીડનારો બનશે.' એમ સમજી વિચારીને, ધારિણીએ તેને એક કાંસાની પેટીમાં મૂક્યો. તેની સાથે માતા-પિતાના નામવાળી વીંટી અને થોડાંક રત્નો પણ મૂક્યાં. પછી એ પેટી બંધ કરાવી અને દાસી મારફત એ પેટીને યમુના નદીમાં વહેતી મૂકાવી દીધી. એ સમયે પવન અનુકૂળ હોવાથી પેટી વહેતી વહેતી શૌર્યપુર નગરે પહોંચી. આ દરમિયાન રાણીએ રાજાને કહ્યું કે પોતાને મરેલો પુત્ર જન્મ્યો હતો. [૫૧, ૫૨, ૫૩]

रसवणिक्सुभद्राख्यो, देहशौचार्थमीयिवान् । तां पेटां वीक्ष्य कालिंद्या, आकर्षज्जलतो बहिः ॥५४॥
तस्यामुद्घाटितायां स, सपत्ररत्नमुद्रिकं । तेजसेव शिशुं सूरं, दृष्ट्वा बालममोदत ॥ ५५ ॥
समंजूषान्वितं बालं, समादाय निकेतने । स्वकांतायै सुतत्वेन, पालनार्थं वणिग्ददौ ॥ ५६ ॥
गृहीतः कांस्यपेटातः, कंस इत्याह्वयस्ततः । यथार्थो दंपतीभ्यां तु ताभ्यां प्रादुष्कृतस्तदा ॥५६॥

સુભદ્ર વણિક રસનો વેપારી હતો. કુદરતી હાજત માટે તે સવારે નદી કાંઠે આવ્યો. ત્યાં તેણે નદીમાં તણાતી આવતી કાંસાની પેટી જોઇ. તેણે એ પેટી નદીમાંથી બહાર કાઢી અને કાંઠે લઇ આવીને ઉઘાડી. પેટીમાં તેણે જીવતું બાળક, વીંટી અને રત્નો જોયાં. આ અધું જોઇને તેને ખૂબજ આનંદ થયો અને પેટી સહિત બાળકને તે પોતાના ઘેર લઇ આવ્યો. પત્નીને બાળક આપ્યું. કાંસાની પેટીમાંથી પોતાને તેજસ્વી પુત્ર મળ્યો હતો. આથી વણિક દંપતીએ તેનું નામ કંસ પાડ્યું. [૫૪, ૫૫, ૫૬]

प्रत्यहं वयसा तन्त्रा, प्रकृत्या कलहेन च । वर्धमानः प्रसिद्धोऽभू—त्स्वकीयैरेव लक्षणैः ॥५७॥
यष्टिमुष्टिपटुर्गाली—र्बालकेऽसौ ददाति च । लाति पित्रोरुपालंभान्, रममाणः स सर्वदा ॥५८॥
बाल्यावस्थाप्रसंगेन, यादृग्बालैर्विचेष्टितं । पितृभ्यां तादृशं शोभा—दिकमासाद्यते यतः ॥५९॥
सुभद्रो वसुदेवस्य, तत उद्विग्नमानसः । दशवर्षधरं कंसं, सेवाकृत्याय दत्तवान् ॥ ६० ॥

નાની વયથી જ કંસનો સ્વભાવ ક્રોધી અને કજીયાખોર હતો. પડોશી બાળકોની સાથે રમતાં તે હંમેશા બીજા બાળકોને ગાળો દેતો. ધોલધપાટ કરતો. મારામારી કરતો. આથી લોકો કંસને કજીયાખોર કહેતા. બાળકોના મા-બાપ રોજ તેની મારામારી અને ગાળાગાળીની ફરિયાદ કરતા. આથી સુભદ્ર વણિકને ખૂબ જ દુઃખ અને ચિંતા થતી. પુત્રને સુધારવા માટે એ જ્યારે દસેક વરસનો થયો ત્યારે પિતાએ તેને વસુદેવની સેવામાં મૂક્યો. કહ્યું છે કે બાળપણમાં પુત્રના જેવાં વર્તન અને વ્યવહાર હોય છે તે પ્રમાણે માતા-પિતાની આબરુ વધે-ઘટે છે. [૫૭, ૫૮, ૫૯, ૬૦]

सेवकेभ्योऽपि सर्वेभ्यो, विशेषावर्जनादिना । सततं प्रीणयामास, वसुदेवस्य मानसं ॥ ६१ ॥

વસુદેવની સેવામાં આવ્યા પછી કંસ, બીજા બધા સેવકો કરતાં વિશેષ પ્રકારે અને ખૂબ જ વિનયથી વસુદેવની સેવા કરવા લાગ્યો. અને એમ કરીને વસુદેવને ખુશ રાખવા લાગ્યો. [૬૧]

कंसेन सहितोऽप्येष, वसुदेवो महोदयात् । नित्यराह्वाश्रितश्चंद्र, इव प्रीतिधरौ बभौ ॥ ६२ ॥

વસુદેવ અને કંસ વચ્ચે પરસ્પર એવો પ્રગાઢ પ્રેમ હતો કે એ બંને નિત્ય રાહુની સાથે જેમ ચંદ્ર શોભે તેમ શોભતા હતા. [૬૨]

आसीत्कंसानुजा राजी—मती राजीमतिद्युतिः । नेमिना नवजन्मालि—स्नेहपालनहृत्सती ॥६३॥

કંસની એક નાની બહેન હતી. રૂપરૂપના અંબાર જેવી એ બહેનનું નામ રાજીમતિ હતું. ભગવાન નેમિનાથ સાથે રાજમતીને નવ નવ ભવનો રાગ-સંબંધ હતો. [૬૩]

उग्रसेनो द्विधाप्यत्र, राजीमतीलसत्पिता । प्रजां मोदयते न्यायै—र्मथुराराज्यपालनात् ॥ ६४ ॥

ઉગ્રસેન રાજા રાજીમતિ માટે પ્રેમાળ હતા. કંસના માટે તે પૂર્વભવના વૈરી પિતા હતા. મથુરાનાં રાજ્યનું તે ન્યાયપૂર્વક સંચાલન કરતા હતા. તેમના રાજ્યમાં પ્રજા સુખી હતી. [૬૪]

दशस्वपि दशार्हेषु, मुख्यो ज्येष्टः सहोदरः । राज्यं शौर्यपुरे पाति, समुद्रविजयो नृपः ॥ ६५ ॥
तस्य राज्ञी महाप्राज्ञी, भूरिसेवकसेविता । सुमुखी विदुषीमुख्या, प्रियास्ति नामतः शिवा ॥ ६६ ॥

આ તરફ દશદશાર્હમાં વડિલ બંધુ સમુદ્રવિજય શૌર્યપુર રાજ્યનું શાસન સંભાળે છે. તેમને શિવાદેવી નામે રાણી છે. આ રાણી ઘણા સેવકોથી સેવાતી બુદ્ધિશાલિની, શ્રેષ્ઠ વિદુષી અને સ્વભાવે મીઠી છે. [૬૫, ૬૬]

सततं धनदानेन, दुःखविध्वंसनेन च । नीतिशिक्षाविधानेन, प्रजाः पाति पितेव सः ॥ ६७ ॥

સમુદ્રવિજય રાજા ન્યાય અને નીતિથી પ્રજાનું પિતાની જેમ પાલનપોષણ કરે છે. તે દાન પણ આપે છે અને પ્રજાના દુઃખોને પણ દૂર કરે છે. [૬૭]

सूर्यायते प्रतापेन, भुवनव्यापिना भृशं । अक्षोभ्यरिपुविक्षोभ—कारिणा स्थैर्यधारिणा ॥ ६८ ॥

પોતાના અતિ સ્થિર પ્રતાપથી સમુદ્રવિજય બળવાન શત્રુઓને પણ ક્ષોભ પમાડનાર હોવાથી, તેમની કીર્તિ સૂર્યની જેમ વિશ્વભરમાં ઝગમગી રહી છે. [૬૮]

आसमुद्रांतमुद्भूत—राजद्विजयधारणात् । समुद्रविजयेत्याख्या, सत्या तेन विनिर्मिता ॥ ६९ ॥

સાગરકાંઠા સુધી પૃથ્વીનું રાજ્ય કરતા હોવાથી તેમનું સમુદ્રવિજય નામ ખરેખર સાર્થક છે. [૬૯]

महानेमितनूजेना—परैरप्यतुलैः सुतैः । राज्यं प्रकुरुते प्राज्यं, समुद्रविजयः प्रभुः ॥७०॥

તેઓ મહાનેમિ આદિ પરાક્રમી પુત્રોના સાથ-સહયોગથી રાજ્યલક્ષ્મીનું ખૂબ જ સફળતાથી સંભાળી રહ્યા છે. [૭૦]

धर्मी युधिष्ठिरो भीमो, भीमोऽर्जुनोऽर्जुनोपमः । नकुलः सहदेवाख्यो, विद्यते भूरिविक्रमः ॥७१॥
अमीभिः पंचभिः पुत्रै—र्हस्तिनागपुरे वरे । पांडुभूपः सुखं भुंक्ते, जीवः पंचेंद्रियैरिव ॥७२॥

જેમ પાંચ ઇન્દ્રિયો સાથે જીવ હોય તેમ, પાંડુરાજા-ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર, શત્રુઓને માટે ભયંકર ભીમ, સુવર્ણ સમાન અર્જુન, નકુલ અને સહદેવ-આ પાંચ પુત્રો સાથે હસ્તિનાપુર નગરમાં રાજ્યસુખ ભોગવી રહ્યાં છે. [૭૧, ૭૨]

एवं क्षोणिपतित्रयी विलसति त्रैलोक्यसाधारणे । स्वद्रंगत्रितये नयेन निखिलाः संमोदयंती प्रजाः ॥
ऐशानी नयनत्रयीव जगति ज्योतिः प्रपंचावहा । सद्विद्यात्रितयीव सर्वमनुजे माहात्म्यसंश्लेषिणी॥७३॥

જગતનાં પ્રપંચોનો નાશ કરનારી શંકરની નેત્રત્રયી, સર્વે ય મનુષ્યોના મહિમાને વધારનારી વિદ્યાત્રયીની જેમ, ઉગ્રસેન-સમુદ્રવિજય અને પાંડુ-આ ત્રણે રાજાની ત્રિપુટી પોતપોતાના દેશમાં ન્યાયપૂર્વક રાજ્ય કરીને સમસ્ત પ્રજાને આનંદ આપી રહી છે. [૭૩]

इति पंडितचक्रचक्रवर्तिश्रीराजसागरशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीप्रद्युम्नचरित्रे श्रीजंबूस्वामिप्रश्नवर्णनो नामा प्रथमः सर्गः समाप्तः ॥ श्रीरस्तु ॥

પંડિતોમાં ચક્રવર્તી સમાન શ્રી રાજસાગરસૂરિના શિષ્ય પંડિત શ્રી રવિસાગરગણિએ રચેલ પ્રદ્યુમ્ન ચરિત્રમાં, શ્રી જંબૂસ્વામિએ પૂછેલા પ્રશ્નના યથાયોગ્ય જવાબ આપતો, ૭૩ શ્લોક પ્રમાણ આ પ્રથમ સર્ગ પૂર્ણ થયો. ॥ સૌ કોઇનું શુભ થાઓ ॥

卐

સર્ગ : ૨

इतः पूर्वान्यदिग्भाग—द्विपुटा शुक्तिकेव च । भाति नीतिलसन्मुक्ता—फला शुक्तिमती पुरी ॥१॥

પૂર્વ અને દક્ષિણ દિશાના મધ્યભાગમાં શુક્તિમતી નગરી છે. નીતિરૂપી ઉજ્જ્વળ મોતીની માળા સરખી શુક્તિકા જેવી તેની શોભા છે. [૧]

तस्यामभूद्वसो राज्ञः, सुवसुर्नंदनस्ततः । गतो नागपुरे नष्ट्वा, सोऽन्यदा पृथिवीपतिः ॥२॥

નગરીના વસુરાજાનો પુત્ર સુવસુ એક દિવસ આ નગરી છોડીને ભાગી ગયો અને નાગપુર જઈને રહ્યો. [૨]

असीत्तस्य सुतस्तत्र, बृहद्रथेतिनामकः । दोर्दंडत्रासितानेक—वैरिभूपालमंडलः ॥ ३ ॥

આ સુવસુને એક પુત્ર થયો. બૃહદ્રથ નામનો એ પુત્ર પોતાના બાહુબળથી શત્રુઓને પરાજિત કરનાર વીર હતો. [૩]

[અહીં ગ્રંથકાર શ્રી તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણકોનું નિરૂપણ કરે છે.]

तीर्थाधिनाथजीवस्य च्यवनं स्वर्गलोकतः । सुखायते समस्तानां, भृशं यत्र शरीराणां ॥४॥
उच्छिन्नजन्ममृत्यूनां, प्रभूतानां स्वयंभुवां । नव्यैः संपूरितं द्रव्यै—र्जन्मना पितृमंदिरं ॥
सर्वसावद्ययोगानां, त्यागानेहसि तीर्थपैः । दारिद्र्यं छेदितं नृणां, भूयिष्टद्रव्यदानतः ॥५॥
ज्ञानावरणादिचतुः—कर्मणां क्षयसंभवात् । विलसत्केवलज्ञान—समुत्पत्तिरजायत ॥ ६ ॥
जातेऽपि जिननिर्वाणे, तेषां गणधरादिभिः । रक्षितः सौकृतः पट्टः, शिष्या गुर्वनुगा यतः ॥७॥

૧. શ્રી તીર્થંકર પરમાત્માના જીવનું સ્વર્ગલોકથી ચ્યવન થતાં અખિલ સૃષ્ટિના તમામે તમામ જીવોને સુખની અનુભૂતિ થાય છે.

૨. જન્મ અને મરણ જેમનાં સર્વથા નષ્ટ થઇ ગયા છે એવા શ્રી તીર્થંકર પરમાત્માનો જન્મ, તેમનાં પિતાના ઘરને ધન-ધાન્યથી સમૃદ્ધ બનાવે છે.

૩. સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિઓના ત્યાગરૂપ દીક્ષા કલ્યાણક પૂર્વેનું શ્રી તીર્થંકર પરમાત્માનું વર્ષીદાન અનેક ગરીબોની ગરીબાઇને દૂર કરે છે.

૪. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય-આ ચાર ઘાતીકર્મનો ક્ષય થવાથી શ્રી તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૫. અને શ્રી તીર્થંકર પરમાત્મા નિર્વાણ પામતાં તેઓશ્રીના ગણધર આદિ શિષ્યો તેમની ધર્મપાટને સુદીર્ઘકાળ સુધી ગૌરવવંતી રાખે છે. કહ્યું છે કે : **શિષ્યો ગુરુના પગલે પગલે ચાલનારા હોય છે.**

एवं कल्याणकैर्जैनैः, पंचभिः सुखसंज्ञकैः । कल्याणानि प्रवर्धंते, यत्र देशे विशेषतः ॥ ८ ॥
यत्र तीर्थाधिराजानां, विहारेण वरीयसा । सप्तेत्युपद्रवध्वंसात्सु—सुषमारकवत्सुखम् ॥ ९ ॥
बहुधान्यसमुत्पत्त्या, दुर्भिक्षभववार्तया । उत्तमे कुप्रवृत्त्येव, न ग्रासारि कदाचन ॥ १० ॥
तत्र पावित्र्यसंयुक्ते, मगधे विबुधे हिते । देशे सुरसुखावेशे, पुरं राजगृहं बृहत् ॥ ११ ॥

આ પ્રમાણે ભગવંતના સુખદાયી એવા પાંચે કલ્યાણકો જે દેશમાં થયા છે અને જ્યાં તીર્થંકર ભગવાનના વિહારથી સાતે પ્રકારના ઉપદ્રવો શાંત થઈ સુષમ આરાની જેમ સુખની વૃદ્ધિ કરે છે. વળી, જેમ ઉત્તમપુરુષોમાં કુચ્છંદ જોવા ન મલે તેમ પુષ્કળ ધાન્યની ઉત્પત્તિ હોવાથી દુષ્કાળને કોઈ સમજતું નથી. તેમજ પંડિતપુરુષોનું હિતકારી સ્વર્ગીય સુખનો અનુભવ કરાવનાર એવા પવિત્ર મગધ દેશમાં રાજગૃહ નામનું મોટું નગર હતું.

[૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૧]

गतो बृहद्रथस्तत्र, क्रमात्तत्संस्तवापि । राजा जयद्रथो जातो, दीप्रतापप्रतापभृत् ॥ १२ ॥

ત્યાં રહેલા બૃહદ્રથને અનેક પુત્રો હોવા છતાં જયદ્રથ નામનો પ્રતાપી પુત્ર હતો. [૧૨]

तत्सुतोऽभूज्जरासंधः, सत्यसंधः स्वभाषणे । भारतीयत्रिखंडेशः, प्रतिविष्णुरनुष्णरुक् ॥ १३ ॥
श्रीप्रतिविष्णुना राज्यं, पाल्यते वैरिजिष्णुना । अलंकरिष्णुना भूमे—राज्यभारसहिष्णुना ॥ १४ ॥

તે જયરથને વચનપાલનમાં દૃઢ પ્રતિજ્ઞાવાલો, શ્વેતવર્ણી, ભરતના ત્રણખંડનો અધિપતિ પ્રતિવાસુદેવ જરાસંધ નામનો પુત્ર હતો. રાજ્યની ધુરાને વહન કરવામાં સમર્થ જરાસંધ શત્રુઓને પરાજિત કરી પ્રતિવાસુદેવ તરીકે રાજ્યનું પાલન કરે છે. [૧૩, ૧૪]

विद्याधरतत्कांताढ्य—वैताढ्यशैलसन्निधौ । पुरं सिंहपुरं चारू—लीलावलिविलासकं ॥ १५ ॥
तदा सिंहरथस्तत्र, राज्यं करोत्यशंकितः । दुर्धर्षः सिंहवद्धर्ष—प्रकर्षोऽमर्षमृद्रिपौ ॥ १६ ॥

વિદ્યાધરોના આશ્રયથી યુક્ત વૈતાઢ્ય પર્વતની નજીકમાં ક્રીડાના સ્થાનરૂપ સુંદર એવું સિંહપુર નામનું નગર હતું. જ્યાં સિંહની જેમ દુર્ધર્ષ, અત્યંત ક્રોધી એવો સિંહરથરાજા રાજ્ય કરે છે. [૧૫, ૧૬]

तं शल्यवज्जरासंधः, खाट् कुर्वाणमवेत्य च । दूतेनादिशदत्यंतं, समुद्रविजयं नृपं ॥ १७ ॥
आनीयतां द्रुतं बध्ध्वा, दुष्टं सिंहरथं विभुं । अहं दास्ये पुरं चैकं, तस्य जीवयशःसुतां ॥ १८ ॥
सर्वं व्यतिकरं श्रुत्वा, द्रुतं दूतमुखादिति । समुद्रविजयो जात—श्चिंतांचितः स्वचेतसि ॥ १९ ॥
विज्ञप्तं वसुदेवेन, तस्मिन्नवसरे भृशं । नैतत्कृत्यं भवद्योग्यं, करिष्येऽदोऽहमेव च ॥ २० ॥

તે સિંહરથને શલ્યની જેમ ઉખેડીને ફેંકી દેવા જેવો જાણીને જરાસંધે સમુદ્રવિજય રાજાને દૂત મારફતે સંદેશો મોકલ્યો કે : દુષ્ટ એવા સિંહરથ રાજાને બાંધીને જે કોઈ લાવશે

તેને એક નગર તેમજ મારી પુત્રી જીવયશા આપીશ' આ પ્રમાણે દ્યૂતના મુખથી સર્વવૃતાંત જાણીને સમુદ્રવિજય ચિંતિત બની ગયા તે અવસરે નાનાભાઇ વસુદેવે વિજ્ઞપ્તિ કરી કે સ્વામિન! આપે કોઈ ચિંતા કરવી નહી. આપને યોગ્ય કાર્ય હું સંભાળી લઇશ [૧૭, ૧૮, ૧૯, ૨૦]

(વસુદેવના પૂર્વભવનો વૃતાંત)

[કોઈ એક ગામમાં દરિદ્ર બ્રાહ્મણ હતો. તેને દુર્ભાગી, કદરૂપો અને વામણો નંદીષેણ નામનો પુત્ર હતો. એ દુર્ભાગી એવો હતો કે જન્મતાંની સાથે જ તેની મા મરી ગઈ, પાંચ વર્ષનો થતાં તેનો બાપ ગુજરી ગયો. નિરાધાર બનેલો બાળક અથડાતો કૂટાતો લોકોનો હાસ્યાસ્પદ બની અનેક પરાભવો સહી દિવસો ગુજારતો હતો. ત્યારે દૂર દેશમાં રહેલા તેના મામાને ખબર મળવાથી આવી નંદીષેણને પોતાને ત્યાં લઈ ગયા. મામાને ત્યાં કામકાજ કરતો મોટો થાય છે. એવામાં મામાના પડોશીને ત્યાં લગ્ન પ્રસંગ ઉજવાઈ રહ્યો છે. નંદીષેણ વારંવાર તે જોવા માટે જાય છે. તેને પણ આ રીતે લગ્ન કરવાની તમન્ના જાગી. પરણવાની પ્રબળ ઇચ્છા થવાથી ખાતો પીતો નથી. મામા ઘણું સમજાવે છે પરંતુ પરણવાની હઠને મૂકતો નથી. ત્યારે મામાએ પોતાની સાત દીકરીઓને કહ્યું :- તમારામાંથી કોઇએ નંદીષેણ સાથે લગ્ન કરવાં. પરંતુ સાતમાંથી એક પણ પુત્રી કદરૂપા નંદીષેણને પરણવા તૈયાર ન થઇ. પરંતુ નંદીષેણની મશ્કરી કરતી થૂ-થૂ કરી તેને ધૂત્કારી મૂકયો. આવું અસહ્ય અપમાન સહન નહી થવાથી અને પોતાના અત્યંત કદરૂપા શરીરથી કંટાળીને મરવા માટે પહાડ ઉપર ગયો. પહાડ ઉપરથી પડતું મૂકવાની તૈયારી કરે છે તેવામાં ત્યાં કોઇ કાઉસ્સગ્ગધારી મુનિની નજર પડી. તૂર્ત જ નંદીષેણને મીઠા શબ્દોથી બોલાવી પાસે રાખ્યો. સંસારનું સ્વરૂપ-કર્મની વિચિત્રતા સમજાવી દીક્ષા આપી. વૈરાગી બનેલા નંદીષેણે દીક્ષા દિવસથી છઠને પારણે આયંબિલનો તપ શરૂ કર્યો. સાથે સાથે ગુરૂસેવા અને સ્વાધ્યાયમાં તત્પર બન્યો. અગીઆર અંગના જાણકાર બની સેવાયજ્ઞ શરૂ કર્યો. ગ્લાન વૃદ્ધ બિમાર સાધુઓની ઉત્સાહપૂર્વક સેવા કરે છે. મુનિના વૈયાવચ્ચગુણની પ્રશંસા સ્વર્ગલોકમાં ઈન્દ્રમહારાજે દેવોની સભામાં કરી. તેમાંના કોઈ બે દેવો પરીક્ષા કરવા માટે મૃત્યુલોકમાં આવ્યા. એક દેવ બિમાર વૃદ્ધ સાધુનું રૂપ બનાવી ગામ બહાર રહ્યો. જ્યારે બીજો દેવ પણ સાધુ બની નંદીષેણ છઠ્ઠનું પારણું આયંબિલ કરવાની તૈયારી કરે છે ત્યાં આવી આક્રોશપૂર્વક નંદીષેણનો તિરસ્કાર કરી કહે છે :-'અરે, ખાઉધરા, ગામ બહાર બિમાર સાધુ વેદનાથી પીડાઇ રહ્યા છે ત્યારે તું ખાવા બેઠો છું. મોટો સેવાભાવી થઇને આટલી પણ ખબર રાખતો નથી. વિ. વિ.' આવા આક્રોશયુક્ત વચનો સાંભળવા છતાં સમતાપૂર્વક આગંતુક સાધુની ક્ષમા યાચી તૂર્ત જ ઉભા થઈ સાધુની સાથે ગામ બહાર આવ્યા. ઝાડા ઉલ્ટી કરી રહેલા વેદનાથી કણસતા સાધુને જોઇ કરૂણાર્દ્ર બની તૂર્ત જ શુશ્રુષા કરવા લાગ્યા. પરંતુ સાધુ તો નંદીષેણનો તિરસ્કાર કરતા જાય છે ને વધારે ઝાડા ઉલ્ટી કરતા જાય છે. (દેવમાયા છે ને ?) સાધુને ખભે બેસાડી ગામમાં લઈ ગયા. ત્યાં પણ તે પ્રમાણે કરે છે. ઉલ્ટી હાથમાં

ઝીલી લે છે. ‘જમીન પર પડવાથી જીવવિરાધના ન થાય, આવી શુભ ભાવનાથી હાથમાં રહેલી ઉલ્ટી પોતાના શરીર પર લગાવે છે. આખુ યે શરીર દુર્ગંધ અશુચિથી વ્યાપ્ત બની ગયું. સાધુનો આમ આક્રોશ હોવા છતાં નંદીષેણ મહામુનિ સમતારસમાં ઝીલી રહ્યા છે. કસોટીમાંથી પાર પામેલા મુનિને દેવો પ્રત્યક્ષ થઇને ખમાવે છે. સ્વર્ગલોકમાં ઇન્દ્રમહારાજની ભૂરિભૂરિ પ્રશંસા કરી પોતાના સ્થાને ગયા. સેવા માટે શરીર કામ આપે તેમ નહી હોવાથી તપથી કૃશ બની ગયેલા નંદીષેણે નજીકના પર્વત પર જઇ અણસણ કર્યું. રાજા–પ્રજાએ તેમનાં દર્શન કરી અહોભાવ વ્યક્ત કર્યો. વર્ષોનું સાધુજીવન તપ ત્યાગ તિતિક્ષામય બનાવ્યા છતાં હૃદયના કોઈ ખૂણામાં પેલી પરણવાની વાસના ઘર કરી બેઠેલી તે યાદ આવતા નંદીષેણમુનિ ભાન ભૂલી ગયા અને નિયાણું કર્યું કે ‘મારા આ તપ અને સંયમનું કંઈપણ ફળ હોય તો આવતા ભવમાં હું **સ્ત્રીવલ્લભ** બનું.’ તપ–સંયમનો ધર્મની સાથે સોદો કરી, નિદાનના પ્રભાવે અંધકવૃષ્ણિના દશ પુત્રોમાં દેવકુમાર સમાન દશમા પુત્ર વસુદેવ થયા. (ચક્રવર્તીને ચોસઠ હજાર રાણીઓ હોય ત્યારે વસુદેવને નિયાણાને અનુસરી ૭૨ હજાર (બહોંતેર હજાર) રાણીઓ હતી.]

समुद्रविजयः प्रोचे, कनिष्टं बांधवं प्रति । अद्यापि ते न संग्राम–समयो विद्यते किल ॥ २१ ॥
वयसः प्रौढिमा पूर्वं, द्वेधापि बलभूरिता । तथैव दीप्रशक्तिस्ते, युज्यते रणकारिणः ॥ २२ ॥

સમુદ્રવિજયે લઘુબંધુ વસુદેવને કહ્યું કે ‘ભાઇ ! તારી વય હજી સંગ્રામને યોગ્ય નથી. યુદ્ધ કરવા માટે તારું યુદ્ધકૌશલ્ય હોવા છતાં રણસંગ્રામમાં શૂરવીરતાની સાથે ઉંમરની પણ પ્રૌઢતા જોવાની હોય છે.

वसुदेवोऽवदत्स्वामिन्, युष्मत्प्रसादधारिणः । सुसाधं भावि मे सर्वं, न किं हि सत्प्रभावतः ॥२३॥

વસુદેવે કહ્યું :–સ્વામિન્ ! આપની મહેરબાનીથી સૌ સારાવાના થશે. સત્પુરુષોનાં પ્રભાવથી શું શું નથી બનતું ? અર્થાત્ બધુ જ થઈ શકે છે.

सिंहेनेव बलिष्टेना–बाल्यादपि च निर्भयं । निर्बन्धात्पुनरप्युक्ते, वसुदेवेन धीमता ॥ २४ ॥

સમુદ્રવિજયે ઘણું ઘણું કહેવા છતાં બાલ્યકાળથી જ સિંહની જેમ નિર્ભય અને પરાક્રમી વસુદેવે યુદ્ધમાં જવાની તૈયારી બતાવી અને વડિલબંધુ સમુદ્રવિજયમહારાજાની પ્રેરણા મુજબ વિશાળ સૈન્ય તૈયાર કર્યું.

कथंचिदुररीकृत्य, वचनं बांधवोदितं । समुद्रविजयाधीशः, सेनासामग्रिकां व्यधात् ॥२५॥
केषांचिज्छतयोधित्वं, केषां सहस्रयोधिता । केषांचिल्लक्षयोधित्वं, केषांचिद्वीरमानिता ॥२६॥
केचित्कवचसंयुक्ता, केचिन्नागोदधारिणः । जंघात्राणयुताः केचि–त्केचिच्छीर्षण्यधारिणः ॥२७॥

केचिन्मार्गणसंयुक्ताः, केचिद्बाहुलसंगिनः । जालिकाः शालिकाः केचि-त्केचित्परिहितांशुकाः।।२८।।
केचिद् गृहीतनाराचाः, केचिदादत्तकुंतका । खड्गान्वितकराः केचि—त्केचित्कोदंडपाणयः ।।२९।।
केचन मुद्गरारंभाः, केचित् त्रिशूलशूरताः । सुभटानां हि शस्त्राणां, भूयस्त्वेन बलिष्टता ।। ३० ।।
केचिन्मत्तगजारूढा, हयारूढाश्च केचन । केचिच्चारुरथारूढाः, केचिच्चरणचारिणः ।। ३१ ।।
समुद्रविजयेशेन, रचयित्वेति वाहिनीं । दत्वा च सुमुहूर्तेन, लघुबंधुर्व्यसर्ज्जयत ।। ३२ ।।
संजातैः शकुनैः सद्भि—श्चलनानंतरं ततः । वसुदेवोऽल्पकालेन, सीमां सिंहपुरो ययौ ।।३३।।

જેમાં મુખ મસ્તક જંઘા આદિ આખા શરીર ઉપર નવ-નવા બખ્તરોથી સુસજ્જ શતયોધિ, સહસ્રયોધિ અને લક્ષયોધિ વીરમાની લાખો યોદ્ધાઓ હતા. કેટલાક બાણાવળી, કેટલાક ભાલા-તલવાર-ધનુષ્ય-મુદ્ગર ગદા અને ત્રિશુલધારી હતા. વલી કેટલાક યોદ્ધાઓ મદોન્મત્ત હાથી ઉપર, કેટલા અશ્વો ઉપર, કેટલાક સુંદર રથો ઉપર તો કેટલાક યોદ્ધઓ પાદચારી હતા આવી વિશાલ સેનાની સાથે સમુદ્રવિજયે લઘુબંધુ વસુદેવને સારા મુહૂર્તે પ્રયાણ કરાવ્યું.

શુભ શુકનો લઇને વસુદેવ અલ્પ સમયમાં જ સિંહપુર નગરની હદમાં આવી ગયા.

जरासंधमहीशस्य, निर्देशमुररीकुरु । यदि नो तर्हि संग्राम—कृते सज्जीभव द्रुतं ।। ३४ ।।
तत्र स्थित्वेति दूतेना—ज्ञापि सिंहरथस्य तु । सकंसवसुदेवेन, संतो न हि सकैतवाः ।। ३५ ।।

કંસની સાથે રહેલા વસુદેવે દૂત મારફતે કહેવડાવ્યું કે કાં જરાસંધરાજાની આજ્ઞાનું પાલન કર. કાં યુદ્ધ કરવા માટે તૈયાર થા. ખરેખર, સત્પુરુષો કપટી હોતા નથી.

दूतोक्तवाक्यमाकर्ण्य, क्रुद्धः सिंहरथो बली । युद्धाय निर्गतश्चम्वा सह मानेन सिंहवत् ।।३६।।

દૂતના વચન સાંભળી ક્રોધિત બનેલો અહંકારી સિંહરથ યુદ્ધ કરવા માટે સૈન્ય સહિત નગરની બહાર આવ્યો.

उभयोर्दलसंपर्के, पर्वराह्वर्कयोगवत् । उत्थिते रेणुभिर्जाता, सति सूर्येऽपि यामिनी ।।३७।।

પર્વરાહુ અને સૂર્યની જેમ બન્નેના સૈન્યથી ઉડતી ધૂળથી સૂર્ય હોવા છતાં પણ રાત્રિની જેમ અંધકાર છવાઈ ગયો.

रणांगणे रणत्तूर्य—ध्वानैरम्लानविग्रहाः । अनृत्यन् सुभटा रंग—मंडपे नर्तका इव ।।३८।।
जायमाने मिथो युद्धे—ऽक्षोभयत्तच्चमूं नृपः । दधावे वसुदेवेन, कंससारथिना सह ।।३९।।
बालेन क्षीरपानं स्या—न्न तु संग्रामनिर्मितिः । सिंहरथो गदित्वेत्य—धावत्सिंहपराक्रमः ।।४०।।

उभौ युद्धं प्रकुर्वंतौ,, जनता वीक्ष्य सादरं । रावणलक्ष्मणाख्यौ किं, समेतावित्यशंकत ॥४१॥
अथ सारथितां त्यक्त्वा, परिघेण गरियसा । कंसः सिंहरथं भूपं, वभञ्ज बलभाजनं ॥४२॥
असिं सिंहरथोऽकर्ष—द्यावत्कंसवधाय च । क्रुद्धः स्वकोशतस्ताव—द्वसुदेवस्तमग्रहीत् ॥४३॥
तं गृहीत्वा क्षुरप्रेण, दीप्रेण तीक्ष्णधारया । मुंडतातच्छिरः केशा, वेगात्तेन बलीयसा ॥४४॥
ततः सिंहरथं बध्ध्वा, भुजंगपाशबंधनैः । चिक्षेप वसुदेवस्य, रथे कंसः सकैतवः ॥४५॥
श्वापदेषु समस्तेषु, यद्यपि केसरी बली । तथापि वसुदेवस्य, पुरः सिंहस्य किं बलं ॥४६॥
ततः सिहरथं लात्वा, नाशयित्वा च तच्चमूं । विजयी वसुदेवाख्यो, निजं पुरं क्रमादगात् ॥४७॥
समुद्रविजयो राजा, बांधवं जितकासिनं । आगच्छंतं समाकर्ण्य, सन्मुखं समुपेयिवान् ॥४८॥
मनस्तुष्टिं प्रपन्नासु, समस्तासु प्रजासु च । भूपः प्रवेशयामास, पुरांतस्तं महामहैः ॥४९॥

નાટ્યમંડપમાં જેમ નાચનારાઓ નૃત્ય કરે તેમ રણભૂમિમાં રણવાજિંત્રોના અવાજથી રોમાંચિત બનેલા સૈનિકો નૃત્ય કરતા હોય તેમ દેખાતા હતા.

પરસ્પરના યુદ્ધમાં પોતાની સેના ક્ષુબ્ધ બનેલી જોઈ સારથી બનેલા કંસની સાથે વસુદેવ યુદ્ધભૂમિમાં આવ્યા. ત્યારે સિંહસમાન પરાક્રમી સિંહરથે વસુદેવને કહ્યું:–'હજી તારા મુખમાં માનું દૂધ છે અર્થાત તું બાળક છે, યુદ્ધને માટે લાયક નથી' આમ વસુદેવને ઉશ્કેરી પોતે વસુદેવ સામે લડવા માટે દોડયો.

સિંહરથ અને વસુદેવના યુદ્ધને જોઇને સૈનિકો વિચારે છે કે: 'શું આ રાવણ અને લક્ષ્મણ છે?' આ પ્રકારનું ભયંકર યુદ્ધ જોઇને કંસ રથને છોડીને નીચે ઉતર્યો અને તેણે મુદ્ગરથી સિંહરથના સૈન્યને છિન્ન ભિન્ન કરી નાખ્યું. ભયંકર ક્રોધી બનેલો સિંહરથ મ્યાનમાંથી તલવાર ખેંચીને જેવો કંસને મારવા જાય છે તેટલામાં વસુદેવે તીક્ષ્ણ અસ્ત્રાથી તેના દાઢી મૂછ અને માથાના વાળ ઉખેડી નાંખી તેને પકડયો અને કંસે નાગપાશથી સિંહરથને બાંધીને વસુદેવના રથમાં નાખ્યો.

"જો કે શિકારી પશુઓમાં સિંહ બળવાન પ્રાણી કહેવાય છે. પરંતુ કેશરી સિંહ સમાન વસુદેવ આગળ આ સિંહનું શું ગજું ?"

સિંહરથને લઇને અને તેની સેનાને ભગાડીને વિજયી બનેલા વસુદેવે પોતાના નગર ભણી પ્રયાણ કર્યું.

વિજયપતાકા ફરકાવીને આવતા પોતાના ભાઇની વાત સાંભળીને સમુદ્રવિજયરાજા ભાઇના સામે ગયા. અને પ્રસન્નચિત્ત થએલા પ્રજાજનો સહિત રાજાએ મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો.

षट्कर्णीभवनान्मंत्रो, मा भिनत्तु कदाचन। समुद्रविजयेनेति, भ्रातू रहसि भाषितं ॥५०॥
बंधो! क्रोष्टकिसंज्ञेन, ज्ञानिना स्वनिमित्ततः। प्रोचे पूर्वजनुःपुण्या—न्ममायतिहितैषिणा ॥५१॥
जीवयशा इति ख्याता, जरासंधस्य या सुता। पितृभर्तृकुलोच्छेद—कारिणी सा कुलक्षणा ॥५२॥
त्वयानीतोऽस्त्ययं बध्ध्वा भूपः सिहरथाभिधः। तत्पारितोषिके तां ते, जरासंधः प्रदास्यति ॥५३॥
येन तेन प्रकारेणो—पायस्तत्कोऽपि चिंत्यते। यथास्या विषकन्याया, निषेधः स्याच्चदंतिकात् ॥५४॥

છ કાને ગયેલી વાત કયારેક પ્રજામાં પ્રસરી જતી હોય છે એમ માની સમુદ્રવિજય મહારાજે એકાંતમાં વસુદેવને બોલાવીને કહ્યું :-' આપણા પૂર્વજન્મના પુણ્યથી પ્રેરાઈને ક્રોષ્ટકી નામના મહાન જ્યોતિષીએ ભવિષ્યમાં હિતકારી એવી વાત કરી છે કે જરાસંધની જીવયશા નામની પુત્રી, પિતા અને પતિના કુળનો નાશ કરનારી કુલક્ષણી છે. તો ભાઈ, સિંહરથને બાંધીને તું લાવ્યો છે તેના પારિતોષિક તરીકે તને જરાસંધ તેની પુત્રીને આપવાનું કહેશે તો એ વિષકન્યાનો નિષેધ કઈ રીતે કરવો ? માટે કોઇ ઉપાય વિચારવો પડશે.'

ततोऽवग्वसुदेवस्तं, स्वामिन् सिहरथं नृपं। अनैषीत्समरे बध्ध्वा, कंसः प्राज्यपराक्रमः ॥ ५५ ॥
ततस्तस्यैव सा कन्या, दीयतां परितुष्टये। स्वीकृतवस्तुदानेन, जरासंधेन भूभृता ॥ ५६ ॥
नास्य वणिक्सुतत्वेन, मदीशस्तां निजांगजां। बलेन क्षत्रियत्वं च, दधतोऽस्यापि दास्यति ॥५७॥
तच देहात्समुत्पन्नः, पालितोऽस्त्यथवा सुतः। आकार्य शपथं दत्वा, पप्रच्छ वणिजं नृपः ॥५८॥
सोऽप्याचख्यौ यदि स्वामिन्, सत्यं त्वं मम पृच्छसि। आकर्णयास्य वृत्तांतं, त्वं यथार्थमथादितः५९

ત્યારે વસુદેવે કહ્યું કે 'સ્વામિન્ ! યુદ્ધભૂમિમાં સિંહરથને બાંધીને લાવનાર તો પરાક્રમી કંસ છે. માટે જરાસંધની ભેટ કંસને અપાવવાથી તે તેના સંતોષને માટે થશે.' સમુદ્રવિજય કહે : ' કંસ વણિકપુત્ર છે, એમ માની જરાસંધ પોતાની પુત્રી કદાચ તેને ના આપે તો !' વસુદેવ કહે કે ' શુરવીરતામાં તો કંસ ક્ષત્રિય કરતા પણ અધિક બળ ધરાવે છે. તો કદાચ તે વણિકપુત્ર ના પણ હોય ! માટે તેના પિતાને બોલાવીને પૂછી લઇએ !' આ પ્રમાણે બંને ભાઇઓએ મંત્રણા કરી કંસના પિતા સુભદ્રવણિકને બોલાવ્યો ! સમુદ્રવિજયરાજાએ તેને પૂછયું :-સોગંદપૂર્વક સાચુ કહેજે કે તું કંસનો જન્મદાતા પિતા છે કે પાલક પિતા ?' ત્યારે સુભદ્રે કહ્યું કે : સ્વામિન્ ! આપ મને પૂછો છો તો હું કંસના જીવનની સત્ય હકીકત શરૂઆતથી કહું છું.'

कंसे स्वरूपमात्मीयं, श्रोतुकाम इव स्थिते। स वणिक्कथयामास, वृत्तांतं वसुधेशितुः ॥ ६० ॥
कालंद्यां वहमानागा—त्पेटा कांस्यमयी रयात्। गतेन तत्र शौचार्थं प्रातर्वीक्ष्याददे मया ॥ ६१ ॥

यावदुद्घाटिता गेहे, समानीय निरीक्षितुं । तावद्देवकुमाराभं, बालकं दृष्टवानहं ॥६२॥
श्रीउग्रसेनधारिण्यो–र्नामधेयांकिता तथा । पत्रिका मुद्रिका तत्र, विलोकिता मया मुदा ॥६३॥
सैषेति कथयित्वासौ, सुभद्रः क्रयविक्रयी । राज्ञे समर्पयामास, जातिज्ञानाय तद्द्वयीं ॥६४॥
दोहदस्यानुभावेन, माभूत्तातविघातकः । सपत्रमुद्रिकः क्षिप्त्वा, पेटायां वाहितोऽस्त्ययं ॥६५॥
पत्रिकालिखितं सर्वं, वाचयित्वा महीभुजा । उग्रसेनांगजोऽस्त्येष, नान्यस्येति विनिश्चितं ॥६६॥
अन्यथान्यस्य नो वीर्यं, संभवेदीदृशं तनौ । तातवीर्यानुसारेण, प्रायो वीर्यं हि नन्दने ॥६७॥
दोहदाद्विदितोत्पात–मीतया निजभर्तरि । धारिण्या सर्वमप्येतत्, कंसे संभाव्यते कृतं ॥६८॥

કંસના જીવનને સાંભળવા માટે એકકાન બનેલા રાજાને સુભદ્ર કહે છે :–' સ્વામિન્, એક વખત સવારે શૌચ માટે હું યમુના નદીના કિનારે ગયેલો. ત્યાં દૂરથી પ્રવાહમાં તણાતી કાંસાની પેટી જોઈ, તરત જ પેટીને ઘરે લઈ ગયો ! ઉઘાડીને જોયું તો તેમાં એક દેવકુમાર સરખો બાળક, ઉગ્રસેન અને ધારિણી નામની મુદ્રિકા (વીંટી) અને એક પત્ર જોયો,' એમ કહીને મુદ્રિકા અને પત્ર રાજાને આપ્યો ! કંસના કુળને જાણવા માટે પત્ર ખોલીને વાંચ્યો ! "દોહદના અનુભાવથી આ પુત્ર પિતાનો ઘાતક ના બને ! એમ માનીને વીંટી અને પત્ર સહિત આ બાલકને પેટીમાં મૂકી નદીમાં વહેતો કરી દીધો છે." આ પ્રમાણે પત્રવાંચનથી સમુદ્રવિજયને નિશ્ચય થયો કે કંસ જરૂર ઉગ્રસેન રાજાનો જ પુત્ર છે. તે સિવાય આવું બળ બીજે કયાંય સંભવી શકે નહી. પ્રાયઃ પિતાના વીર્યને અનુસારી પુત્રમાં વીર્ય હોય છે. આથી નકકી થાય છે કે દોહદના અનુભાવથી આ પુત્ર પોતાના પતિનો ઉપદ્રવ કરનારો થશે, તેમ સમજી ધારિણીએ ત્યાગી દીધો હશે !

આ પ્રમાણે ' કંસ ઉગ્રસેન રાજાનો પુત્ર છે ' એમ નક્કી થવાથી બંને ભાઇઓ ખૂશ થઈ ગયા.

समुद्रविजयेशोऽथ, कंसेन बलिना समं । यात्वा सिंहरथं बद्धं, प्रददौ प्रतिविष्णवे ॥६९॥
स्वामिन् कंसो महायोद्धा, बोद्धा शास्त्राणि भूरिशः । बलेन कलया चायं, बहुभ्योऽपि विशिष्यते ॥७०॥
उग्रसेनसुतत्वेन, दधानेनाऽतिशूरतां । अनेनैव रणे जिग्ये, भूपः सिंहरथो ह्ययं ॥७१॥
कंसस्तुतिमिति श्रुत्वा, समुद्रविजयोदितां । जरासंधः सुतां तस्य, सममूढातुमुत्सुकः ॥७२॥

હવે સમુદ્ર વિજય રાજાએ, બળવાન કંસની સાથે પ્રતિવાસુદેવ પાસે જઈને, બળવાન સિંહરથ જરાસંધને સુપ્રત કર્યો અને કહ્યું : ' સ્વામિન, કંસ શસ્ત્ર અને શાસ્ત્રનો જાણકાર બળવાન યોદ્ધો છે, વળી બળ અને કળમાં સૌથી મોખરે છે. અત્યંત શૂરવીરતાને ધારણ કરનારા ઉગ્રસેન રાજાના પુત્ર કંસે જ આ યુદ્ધમાં સિંહરથને પરાસ્ત કર્યો છે.

सम्यवकुलादिकज्ञानात्, प्रमोदेन महीयसा । प्रतिविष्णुसुतां कंसः, प्राणिग्राहितवान्महैः ॥७४॥
निजजीवयशापुत्र्याः,पाणिविमुक्त्यनेहसि । सुखं भोक्ता त्रिखंडस्य, कंसस्य श्वशुरोऽवदत् ॥७५॥
भो जामातः स्फुरत्सात–कृते याचस्व सत्वरं । एकं नगरमापूर्णं, भूयिष्टद्रविणकरैः ॥७६॥
अपराधं विना जात–मात्रस्यापि ममारिवत् । कारिता यदि तातेनै–तावत्येवं विडम्बना ॥७७॥
तर्ह्यहं मथुराराज्य–मेवार्थयामि सादरं । यथा मद्वैरमादातुं, पितरं पीडयाम्यहं ॥७८॥
कंसेन शुद्धवंशेन, चेतसीति विचारतः । ययाचे मथुराराज्यं, दत्तं च श्वशुरेण तत् ॥७९॥

આ પ્રમાણે સમુદ્ર વિજયના મુખથી કંસની પ્રશંસા સાંભળીને જરાસંધ કંસને પોતાની પુત્રી આપવા માટે ઉત્સુક થયો! કુળવાન, કળાવાન, અને પરાક્રમી કંસનું પતિ વાસુદેવની પુત્રી સાથે ઠાઠમાઠથી પાણિગ્રહણ કરાયું! પાણિગ્રહણ વખતે ત્રણ ખંડના અધિપતિ જરાસંધે પોતાની પુત્રીના કન્યાદાનમાં જમાઈ કંસને કહ્યું :–કંસ! તમારા સુખને માટે ધનધાન્યથી ભરપુર તમારી પસંદગીનું કોઈ એક નગર માગી લ્યો! ત્યારે કંસ વિચારે છે કે "કોઈ જાતના અપરાધ વિના પિતાએ જન્મતાની સાથે શત્રુની જેમ મારી વિડંબના કરી છે, તો તેના વૈરનો બદલો લેવા માટે પિતાનું મથુરાનું રાજ્ય જ માંગી લઉં અને પિતાને દુઃખી કરૂં." આમ વિચારી શુદ્ધવંશી કંસે સસરાની પાસે મથુરાનું રાજ્ય માગ્યું. અને જરાસંધે આપ્યું.

ततो जीवयशःपत्न्या, सहागा मथुरां पुरीं । पितरं पंजरे लोह–मध्ये चिक्षेप दुर्मतिः ॥८०॥

ત્યાર પછી પત્ની જીવયશાની સાથે મથુરા ગયો. ત્યાં જઇને દુર્બુદ્ધિ કંસે પિતા ઉગ્રસેનને લોઢાના પાંજરામાં કેદ કરી દીધા.

सोढुं न शक्यतेऽस्माभि–र्नित्यं पितुर्विडंबना । न पुनः शक्यते साकं, किमप्येतेन पापिना ॥८१॥
दुःखितेषु समस्तेषु, तनयेष्वतिमुक्तकः । उग्रसेनस्य दुःखेन, वैराग्यादाददे व्रतं ॥८२॥

'હંમેશ પિતાની આવી વિડંબના અમારાથી સહી શકાતી નથી અને પાપી કંસની સામે થવાની અમારી તાકાત નથી.' આમ પિતાના દુખે દુખી થએલા પુત્રોમાંથી અતિમુક્ત નામના કુમારે વૈરાગ્યભાવથી દીક્ષા અંગીકાર કરી.

आबाल्यात्पालयित्वाह–मृद्धिमेतावतीं यदि । संप्रापितः सुभद्रेण, सुभद्रेण कृपालुना ॥८३॥
तदुपास्तिकृतज्ञात्वा–त्तर्हि तस्य महात्मनः । प्रत्युपकारितां, कुर्वे यथेच्छं वसुपूरणात् ॥८४॥
ततः शौर्यपुरात्प्रेष्यै–राकार्य वणिजं वरं । कंस संतोषयामास, प्रत्युपकारको धनैः ॥८५॥

'બાલ્યકાળથી પાળીપોષીને મોટો કરનાર અને સમૃદ્ધિની ટોચે પહોંચાડનાર ઉપકારી પાલક પિતા સુભદ્રની હું સેવા કરૂં. તેઓના ઉપકારનો બદલો કંઇક વાળુ.' આમ વિચારી કંસે માણસો મોકલી શૌર્યપુરથી સુભદ્રને બોલાવી ધનધાન્યથી સંતુષ્ટ કર્યો.

वत्सैतत्कार्यनिर्मित्यां, दूषणं न पितुस्तव । मयैवाज्ञानयोगेन निःशेषमपि निर्मितं ॥८६॥
ततः स्वकीयतातं मत्प्राणनाथं निरागसं । सुवासिनीलसद्वेष—दातारं मोचय द्रुतं ॥८७॥
धारिण्या कथितेऽपीति, नामोचयन्नशस्तधीः । पूर्वजन्मनिदानेन, प्रत्युताभूद् रुषारुणः ॥८८॥
भुजंगमे यथाःदुग्ध—पानं चापि भवेद्विषं । मातुर्वाक्यं तथा कंसे—ऽभवत्क्रोधाधिकत्वकृत्॥८९॥
प्रायो गत्यनुसारेण, मतिर्भवेत्तनूभृतां । एतस्यापि तथा ज्ञेया, धीर्हि गत्यनुसारिणी ॥९०॥

'વત્સ ! તને ત્યજી દેવાના કામમાં તારા પિતા બિલ્કુલ અજાણ છે. મારી જ મૂર્ખતાને કારણે આ બધુ થયું. તેમાં તારા પિતાનો કોઈ જ દોષ નથી. માટે મારા સૌભાગ્યના ચિન્હ મારા પ્રાણનાથ એવા તારા પિતાને પિંજરામાંથી મુક્ત કર !'

આ પ્રમાણે ધારિણીએ કહેવા છતાં પણ દુર્બુદ્ધિ કંસે પિતાને મુક્ત તો ના કર્યા પરંતુ વધારે રોષે ભરાયો ! ખરેખર, સર્પને દૂધ પાવા છતાં તે દૂધ સર્પને માટે વિષરૂપે જ પરિણમે છે.' તેમ કંસને માતાના વચને વધારે ઉત્તેજિત બનાવ્યો. પ્રાયઃ મનુષ્યોની મતિ ગતિને અનુસરીને હોય છે, તેમ કંસની પણ બુદ્ધિ તેની દુર્ગતિને અનુસરવાવાળી જાણવી.

जरासंधाज्ञया भूपः, समुद्रविजयाभिधः । सहोदरैः समन्वीतः, समाययौ निजं पुरं ॥९१॥

જરાસંધની આજ્ઞાથી સમુદ્રવિજય રાજા ભાઇઓ સાથે પોતાની નગરી શૌર્યપુરીમાં આવ્યા.

श्रीमच्छौर्यपुरे वर्ये, वयपौरसमन्विते । वसुदेवो देववर्यो, देववद्दिवि दिव्यति ॥९२॥
मोहिन्या विद्ययाकृष्टा इवानुयांति योषितः । संतुष्टभूपतद्रूप—प्रविलोकनलालसाः ॥९३॥
प्रकुर्युर्या न मार्तंड—दर्शनमात्रमप्यहो । संमुखं या न पश्येयु—रन्यस्य पुरुषस्य च ॥९४॥
ता अप्यभिलषंतिस्म, निजभर्तृचिकीर्षया । पतिव्रता अपि चक्रु—स्तस्य सौभाग्यवर्णनं ॥९५॥
यत्र याति स यत्रापि, तिष्ठति क्रीडति क्षणं । मोहिता इतराः सर्वा, अप्यकार्षुस्तथैव ताः ॥९६॥

ઉત્તમ પ્રજાજનોથી યુક્ત એવી શ્રેષ્ઠ શૌર્યપુરીમાં દેવની જેમ વસુદેવ સ્વર્ગીય સુખનો આનંદ માણી રહ્યા છે. ત્યાં મોહિની વિદ્યાથી આકર્ષિત હોય તેમ નગરવાસી સ્ત્રીઓ વસુદેવના આહ્લાદક રૂપને જોવા માટે તલસી રહી હતી. જેમ સૂર્ય સામે દૃષ્ટિ માંડી શકાતી નથી તેમ સ્ત્રીઓ અન્ય પુરૂષના સામે દ્રષ્ટિથી જોવા માટે ઇચ્છતી ન હતી. અને પતિવ્રતા સ્ત્રીઓ પણ વસુદેવને પોતાના પતિ બનાવવાની અભિલાષા સેવતી હતી. અને રાત દિવસ વસુદેવના સૌભાગ્યની પ્રશંસા કરતી હતી, વસુદેવ ઉદ્યાન વિગેરેમાં જ્યાં જ્યાં ક્રીડા કરવા જાય તો ત્યાં ત્યાં મુગ્ધ બનેલી સ્ત્રીઓ ઘરના કામકાજ મૂકીને દોડતી હતી.

पौरीणां सर्वदा स्त्रीणां, दृष्ट्वा स्वरूपमीदृशं। समुद्रविजयेशस्य, जगदुर्नागरा नराः ॥९७॥
चेन्न प्रजापते कुप्ये—र्विज्ञप्तीरवधार्य । प्रवदामो रहोवृत्त्या, वयं ते दुःखमात्मनां ॥९८॥

નગરવાસી સ્ત્રીઓનું હંમેશનું આવું બેહુદુ વર્તન જોઇને ચિંતિત બનેલા નગરજનોએ સમુદ્રવિજય રાજા પાસે આવીને વિજ્ઞપ્તિ કરી :-સ્વામિન્! આપ રોષાયમાન ના થાઓ તો અમારા દુખની વાત આપને એકાંતમાં કરીએ!

'પ્રજા પુત્ર અને બંધુથી પણ અધિક છે,' એમ વિચારી રાજાએ નગરજનોને કહ્યું કે જે કાંઈ કહેવું હોય તે ખૂશીથી કહી શકો છો! (૯૭, ૯૮)

प्रजास्तु निजपुत्राच्च,बंधोरप्यधिकं हिता। विचिन्तयन् प्रजापालो—ऽवादीत्तानभिधीयतां ॥९९।
वसुदेवस्य रूपेण, मोहिता योषितोऽखिलाः । मर्यादारहिता जाताः,कार्मणेनेव संयुताः ॥१००॥
येन केनाप्युपायेन, मंदिरे निष्कुटेऽथवा । नित्यं स खेलतु स्वेच्छं, स्यात्प्रजारक्षणं यथा ॥१॥

'स्वामिन्! वसुदेवना રૂપથી મોહિત થએલી ગામની દરેક સ્ત્રીઓ કામણ કર્યા હોય તેમ વસુદેવની પાછળને પાછળ ઘૂમ્યા કરે છે. તો વસુદેવ મહેલમાં કે બીજે કોઈ સ્થાને સ્વેચ્છા પૂર્વક ક્રીડા કરે, જેથી પ્રજાના શીલ અને સદાચારનું રક્ષણ થઈ શકે!

युष्मदीयां करिष्यामि, वांछामाश्वास्य तां प्रजां। व्यसर्जज्जमतीजानी, राज्यप्रजाहितोद्यतः ॥२॥

રાજ્ય અને પ્રજાના હિતેચ્છુ રાજાએ 'તમારી ઇચ્છા મુજબ થશે', આ પ્રમાણે આશ્વાસન આપીને નગરજનોને વિદાય કર્યા.

सोऽन्यदा विनयात्तं च, प्रणामार्थमुपागतं। संस्थाप्य बन्धुमुत्संगे, गिरा स्नेहलयाब्रवीत् ॥३॥
बंधो केलिनिमित्तेन, वहिर्निर्गच्छति त्वयि । शीतातपान्यदोषौघाः, कष्टयिष्यन्ति ते वपुः ॥४॥
ततोऽस्मन्मंदिराद्येषु, क्रीडां कुरु यथासुखं । शस्त्रशास्त्रभवाभ्यास—गीतनृत्यविनोदनैः ॥५॥
यद्वाधीतां वरां विद्यां, संस्मर त्वं निरंतरं । सरलो वरमित्युक्त्वा, नत्वेशं स गृहं गतः ॥६॥
स्वकीयस्य च भूपस्य, प्रसादेष्वेव सर्वदा। आरणाच्युतयोर्देवा—धिनाथ इव दिव्यति ॥७॥

એક દિવસે સમુદ્રવિજયે પ્રણામ કરવા આવેલા વિનયી વસુદેવને ખોળામાં બેસાડીને પ્રેમાળ ભાષામાં કહ્યું :-ભાઈ! ક્રીડા કરવા માટે તમારે બહાર જવાની શું જરૂર! બહાર ફરવાથી ટાઢ-તડકા વેઠવાથી તમારું સુકોમળ શરીર કરમાઈ જાય છે, માટે આવું કષ્ટ સહેવા કરતાં આપણા રાજમહેલમાં જ ગીત, નૃત્ય, હાસ્ય વિનોદ વિગેરે રમત-ગમત કરો તો સારૂં, વળી ભણેલી તમારી વિદ્યાનું પણ સ્મરણ થાય! માટે હવેથી રાજમહેલમાં

સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરો !' આ પ્રમાણેના મોટાભાઈના સ્નેહાળ વચનને માન્ય કરી સરલ સ્વભાવી વસુદેવ નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયા, અને રાજમહેલમાં આરણ-અચ્યુતદેવના ઈન્દ્રની જેમ હંમેશાં આનંદ પ્રમોદ કરવા લાગ્યા.

अन्यदा निजपत्यर्थं, घृष्टचंदनमिश्रितं । प्रेषयत्सुरभिद्रव्यं, दास्या सार्धं शिवा प्रिया ॥८॥
आगच्छंती तदादाय, समुद्रविजयालये । वसुदेवेन सा दृष्टा, पृष्टा दासि करेऽस्ति किं ॥९॥
सोचे संप्रेषितं देव्या, सुगंधिद्रव्यमस्त्यदः । ग्रीष्मर्तुवपुरुत्ताप—व्यापव्यापादने क्षमं ॥१०॥
विलेपयाम्यहं देहे, देहि देहि ममापि तत् । तेनेत्युक्त्वाददे गंध—द्रव्यं सा कुपितावदत् ॥११॥
मादृशीमपि यर्हि त्वं, विलगस्यंतराध्वनः । पदमात्रमपि त्वत्तो, गंतुं नान्यास्तु शक्नुयुः ॥१२॥
समुद्रविजयेशेना—यतिसुंदरबुद्धिना । वरं मर्कटवद्गेहे, त्वं नियंत्र्यासि रक्षितः ॥१३॥
श्रुत्वेति कुब्जिकावाचं, वसुदेव उदारधीः । अरे नियंत्रणं मे कि—माक्रोशात्तामवीवदत् ॥१४॥
तत आमूलचूलं सा, सर्वं व्यतिकरं जगौ । गुह्यं न तिष्ठति स्त्रीणां, चित्ते दास्या विशेषतः ॥१५॥

હવે એક દિવસે શિવાદેવીએ ઘસેલા ચંદનથી મિશ્રિત સુગંધી દ્રવ્યને દાસી સાથે પોતાના પતિ સમુદ્ર વિજય મહારાજને મોકલ્યું. તે દ્રવ્ય દાસી લઇને સમુદ્રવિજયના મહેલમાં ગઈ. ત્યાં વસુદેવે જોઇને દાસીને પૂછ્યું કે 'તારા હાથમાં આ શું છે!' 'ગ્રીષ્મઋતુની ગરમીને શમાવવામાં સમર્થ એવું આ સુગંધી દ્રવ્ય શિવાદેવીએ રાજાને મોકલ્યું છે.' ત્યારે વસુદેવે કહ્યું 'લાવ લાવ મને આપ! હું મારા શરીરે વિલેપન કરું!' આમ કહીને દાસીના હાથમાંથી પાત્ર છીનવી લીધું. રોષે ભરાયેલી દાસી બોલી કે 'મારા જેવી દાસીને આમ રસ્તા વચ્ચે હેરાન કરો છો! આવાને આવા લક્ષણોના કારણે મહેલની બહાર પગ મૂકવાની મનાઈ કરાઈ છે, નિપુણમતિવાળા સમુદ્ર વિજય મહારાજે માંકડાની જેમ બાંધીને ઘરમાં રાખ્યા છે. એ જ સારૂં કર્યું છે.'

આ પ્રમાણે દાસીના વચન સાંભળીને ઉદાર બુદ્ધિવાળા વસુદેવે આક્રોશથી દાસીને કહ્યું. 'તું કોણ મને કેદી કહેનારી? બોલ! શું વાત છે?' ગભરાયેલી દાસીએ પહેલેથી છેલ્લે સુધીનો બધો વૃત્તાંત કહ્યો! ખરેખર સ્ત્રીઓના પેટમાં કોઈ પણ ગુપ્ત વાત ટકતી નથી, તેમાં વળી આ તો તુચ્છ બુદ્ધિવાલી દાસી કહેવાય! કયાંથી ગંભીરતા રાખી શકે?

आकर्ण्य किंवदंतीं स, धृत्वा च निजचेतसि । भृशं विचारयामासा—पमानोद्विग्नमानसः ॥१६॥
अहो राजा निजं बंधु—मपि जानाति मां विटं । स्त्रीलांपट्यादयं भ्राम्यन्, समभूत्सकले पुरे ॥१७॥
यद्येवं तर्हि किं मेऽत्रा—वस्थानेन प्रयोजनं । विमृश्येत्वकरोद्बुद्धिं, परदेशदिदक्षया ॥१८॥

દાસી પાસેથી વાત સાંભળી, તે વાત મનમાં ધારણ કરી, અપમાનથી ઉદ્વિગ્ન બનેલા વસુદેવ વિચારમગ્ન બની ગયા. "આશ્ચર્ય થાય છે મને ! રાજા પોતાના બંધુને પણ શું લંપટ સમજે છે ? શું હું લંપટ બનીને ગામમાં ઘૂમતો હતો ! કદી એ વડિલના મનમાં એમ જ હોય તો અહીંયાં રહેવાનું મારૂં શું પ્રયોજન ?" આમ વિચારી અને પરદેશ જોવાની ઈચ્છાથી વસુદેવે નગર છોડીને ચાલ્યા જવાનું નક્કી કર્યું.

अतिक्रम्य दिनं रात्रौ, स क्षिप्त्वा गुटिकां मुखे । कृत्वा वेषांतरं चासि–मादाय निर्ययौ पुरात् ॥१९॥
बहिर्निर्गत्य तेनैव, श्मशाने रचितां चिता । मानद्रव्येण मर्त्येन, किं किं न प्रविधीयते ॥२०॥
अरणीकाष्ठसंयोगात्–पातयित्वा हुताशनं । शवं निर्नायकं तत्र, दाहयामास वह्निना ॥२१॥
विधीयते हि तत्त्वेन, गुरुभिर्यन्निजे जने । दूषणत्वेन तल्लोकैः, प्रकटीक्रियते मिथः ॥२२॥
हितं यद्दूषणत्वेन, तन्मानवैर्विचिंत्यते । तर्हि किं जीवितेनेति, वह्नौ योऽत्र प्रविष्टवान् ॥२३॥
मम सत्यमसत्यं वा, दूषणं चित्तचिंतितं । समग्रं सहसीयं त–द्गुरुभिश्च पुरीजनैः ॥२४॥
गुरूणां क्षामणार्थं स, लिखितामिति पत्रिकां । स्तंभे बध्ध्वा चचालाग्रे, वसुदेवो महामतिः ॥२५॥

જેમ તેમ કરીને દિવસ પૂરો કરી રાત્રિના સમયે ગુટિકા મુખમાં રાખી વેશપલ્ટો કરી તલવાર લઇને નગરમાંથી બહાર નીકળી ગયા. નગર બહાર જઈ શ્મશાન ભૂમિમાં ચિતા બડકી. માલિક વિનાની લાશને ચિતા પર સૂવાડી અરણિના કાષ્ટથી અગ્નિ પેટાવીને ચિતાને ભસ્મીભૂત બનાવી દીધી. સ્વાર્થિમાની પુરૂષો શું શું નથી કરતા ?

'ગુરૂજનો જે પોતાના માણસોને દૂષિત તરીકે જોતા હોય તો બહાર લોકોમાં તો તે કલંકિત રૂપે જ પંકાય, તેમાં કાંઈ નવાઈ નથી. માટે વડિલો અને લોકો સમક્ષ કલંકિત બનીને જીવવું, એનાં કરતા અગ્નિપ્રવેશ કરવો સારો.' આમ વિચારીને અપરાધી એવા આપના લઘુબંધુ વસુદેવે પોતાની જાતને અગ્નિને સમર્પિત કરી દીધી છે.' "આપ ગુરુજનો અને પ્રજાજનો મારા સાચા–ખોટા અપરાધની ક્ષમા આપશો." આ પ્રમાણે વસુદેવે વડીલોમે ખમાવવા માટેની ચિઠ્ઠી લખી. શ્મશાન ભૂમિના થાંભલા સાથે બાંધીને ત્યાંથી આગળ નીકળી ગયા.

तंवर्त्मनि गच्छंतं, वीक्ष्य वाडववेषिणं । गच्छन्ती तातवेइमावक्काचित्कांता रथस्थिता ॥२६॥
आरोप्य रथे मातः, श्रांतमेनं द्विजोत्तमं । तद्गिरारोपयामास, सा पुण्याय निजे रथे ॥२७॥
सार्धमेव समानीय, रथस्थं तं स्वमंदिरे । आतिथ्यं जनितं ताभ्यां, तैलकाभ्यंगनादिभिः ॥२८॥
स्नात्वा भुक्त्वा सुखेनैव, तत्र स्थित्वा च वासरं । रजन्यां शयनार्थं स,जगाम यक्षमंदिरं ॥२९॥

રથમાં બેસીને પિતાના ઘેર જવા માટે નીકળેલી કોઈ સ્ત્રીએ રસ્તામાં ચાલતા બ્રાહ્મણ-

વેશધારી વસુદેવને જોઈને પોતાની માતાને કહ્યું:-'માતા! ચાલ્યા રહેલા આ ઉત્તમ બ્રાહ્મણને રથમાં બેસાડો!' પુત્રીના વચનથી પ્રેરાઈને માતાએ વસુદેવને રથમાં બેસાડયા. અને પોતાના ઘેર લઈ જઈ તેલ વિગેરેથી માલિશ કરી સ્નાન કરાવ્યું. ત્યારબાદ આગ્રહપૂર્વક ભોજન કરાવી સુંદર આતિથ્ય કર્યું. વસુદેવ પણ આખો દિવસ ત્યાં રહીને રાત્રે સૂવા માટે યક્ષમંદિરમાં ગયા.

इतः शौर्यपुरे प्रातः, समुद्रविजयः प्रभुः । शुद्धिं कारितवान् प्रेष्यै-र्वसुदेवगवेषणात् ॥३०॥
इतस्तत प्रधावद्भिः, सद्भिः सेवकसंचयैः । वापीकूपतडागेषु, वनेषु च विलोकितं ॥३१॥
तथापि तस्य शुद्धिर्न, जीववत्प्रापि कुत्रचित् । अथैकेन श्मशानोर्व्या स्तंभे पत्रं निरीक्षितं ॥३२॥
समादाय ततः स्तंभा-च्चिन्तातुरस्य भूपतेः । त्वरितं निजहस्तेन, पत्रं तेन समर्पितं ॥३३॥
लिखितं वाचयित्वा त-द्गतं सकलमप्यलं । प्रविष्टः शोकपाथोधौ, निःश्वासैर्जल्पति प्रभुः ॥३४॥
किं तनोत्येष निःश्वासा-नित्याशंक्य सहोदरैः । पृष्टं बंधो प्रभूतं च, किं ते निःश्वासकारणं ॥३५॥
भूपः मुनःमुनः पृष्टो-ऽवादीद् गद्गदया गिरा । अभूत्सौभाग्यगेहं म-त्प्राणाभो लघुबांधवः॥३६॥
मानी दानी शुभध्यानी,ज्ञानी केनापि हेतुना । चितां कृत्वा प्रविष्टोऽसौ,वह्निना भस्मसादभूत्॥३७॥
श्रुत्वेति बांधवाः सर्वे-ऽप्यपरेऽपि च यादवाः । समेऽपि नागरा लोका, वज्राहता इवाभवन् ॥३८॥
ततस्तद्भाग्यसौभाग्या-त्संस्मरंतो गुणावलीः । क्रंदंतो रुदतः सर्वे, मृतकार्याण्यकुर्वत ॥३९॥

આ બાજુ સવારે શૌર્યપુરીમાં સમુદ્રવિજય મહારાજે વસુદેવની શોધ માટે ચારે બાજુ માણસોને દોડાવ્યા. સેવકોએ પણ વાવ-તળાવ-કુવા-જંગલો-ગામ-નગર વિગેરે ચારે તરફ તપાસ કરવા છતાં જેમ જીવને જોઈ શકાતો નથી તેમ વસુદેવને કયાંય જોયા નહિ. નિરાશ થઈને પાછા આવતા કોઈ સેવકની નજર સ્મશાનના થાંભલા ઉપર પડી. ત્યાં ચિઠ્ઠી બાંધેલી જોઈ. તરત જ ચિઠ્ઠી લઈને ચિંતાતુર બનેલા સમુદ્રવિજય મહારાજના હાથમાં મૂકી, ચિઠ્ઠી ખોલીને વાંચતાં રાજા દિગ્મૂઢ બની ગયા. શોકસાગરમાં ડૂબી ગયેલા રાજાને ત્યાં રહેલા ભાઈઓએ શંકિત બનીને નિઃશ્વાસનું કારણ પૂછ્યું. સમુદ્રવિજય મહારાજા ગદ્‌ગદ સ્વરે વિલાપ કરતા બોલ્યા:-'પ્રાણથી પણ અધિક પ્રિય મારો સૌભાગ્યશાળી નાનો ભાઈ વસુદેવ જ્ઞાની ધ્યાની અને સમજુ થઈને કોણ જાણે કયા કારણથી અગ્નિમાં પ્રવેશ કરીને ભસ્મીભૂત થઈ ગયો?' આવા દુઃખદ સમાચાર સાંભળીને વજ્રનો ઘા પડયો હોય તેમ બંધુવર્ગ તથા નગરવાસીઓ સહુ કલ્પાંત કરવા લાગ્યા. વસુદેવના ભાગ્ય-સૌભાગ્યની પ્રશંસા કરતા, તેના ગુણોને યાદ કરતા તેમણે રડતા રડતા વસુદેવનું મૃતકાર્ય કર્યું.

समुद्रस्येति लोकोक्त्या, मद्वार्त्ता विस्तरं व्रजेत् । अतः कर्णे समुद्रोऽसा-वित्यंकः शुद्धसिद्धये: ४०

લોકોના મુખથી શૌરીપુરીમાં પોતાના મૃતકાર્યના સમાચાર સાંભળીને 'હવે કોઈ તપાસ કરવા પાછળ આવશે નહી' એમ માની નિઃશંક બનેલા વસુદેવ, બ્રાહ્મણના ગામથી આગળ ચાલ્યા.

मार्गे धन्यानि वन्यानि, ग्राम्याणि नागराणि च। कौतुकानि प्रपश्यन् स, प्राप्तो विजयखेटकं ॥४१॥
सुग्रीवस्तत्र सुग्रीवः, प्रजाहितो महीपतिः। राज्यं निष्कंटकं भुंक्ते, हरंश्चौरपराभवान् ॥४२॥
तस्य राज्ञश्चतुःषष्टि—कलाशास्त्रविचक्षणे। प्रवर्तेते उभे कन्ये, शामाविजयसेनके ॥४३॥
अयोग्येऽपि कलाप्राप्ता—वभिमानः कलावतां। पुंसां यदि भवेत्स्त्रीणां, तत्किं ताभिर्न सोऽधिकः ४४
आवां जेता कलाभिर्न, कलावान् कोऽपि पूरुषः। दधारेते स्मयोद्रेकं, हृदि टिट्टिभवत्ततः ॥४५॥
यो जेष्यति पुमानावां, तस्यैव सुकलावतः। उद्वाहं प्रकरिष्यावः, प्रतिज्ञायेति तिष्ठतः ॥४६॥
नदीसंनिभयोर्भूयः—कलाजलप्रपूर्णयोः। वसुदेवसमुद्रस्य, पुरस्तान्कि बलं तयोः ॥४७॥
ततस्ते द्वे कलाभिः स, विजित्य पाणिपीडनं। अकरोच्चतुरो मर्त्यः, स्वीकुर्याद्भि भुजार्जितं ४८

માર્ગમાં ગામ-નગર ધાન્યના ખેતરો આદિ નવનવા કૌતુકોને જોતા વિજયખેડ નામના નગરમાં પહોંચ્યા. ત્યાં પ્રજાવત્સલ સુગ્રીવ નામનો રાજા ચોર આદિ ઉપદ્રવોથી રહિત નિષ્કંટક રાજ્યનું પાલન કરતો હતો. તે રાજાને ચોસઠ કલામાં નિપુણ એવી શામા અને વિજયસેના નામની બે પુત્રીઓ હતી. 'કલાવાન પુરૂષોમાં કલા પ્રાપ્ત કરવાની અયોગ્યતા હોવા છતાં પણ જો અભિમાન હોય તો શું સ્ત્રીઓની કલામાં અધિકતા ના હોઈ શકે? જગતમાં અમારી કલાને જીતનારો કોઇપણ પુરૂષ નથી.'

આ રીતનો અહંકાર તે બન્ને કન્યાના હૃદયમાં અંકિત થઇ ગયો હતો. તેથી 'જે કોઈ કલાવાન પુરૂષ કલામાં અમોને જીતશે તેની સાથે લગ્ન કરીશું' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને રહી હતી. કલારૂપી જલથી પરિપૂર્ણ નદી સરખી તે બન્ને બેનોની કળાઓનું વસુદેવરૂપી કલાસમુદ્ર આગળ શું ગજુ? તેથી તે બન્નેને કલામાં પરાજિત કરીને તેઓની સાથે લગ્ન કર્યાં. ખરેખર! ઉત્તમ પુરૂષો બાહુબલથી મેળવેલું જ ભોગવે છે.

रतिप्रीतिमृगाक्षीभ्यां,सार्धं संकल्पभूरिव। दीव्यंस्ताभ्यां समं कालं, सुखेनैवात्यवाहयत् ॥४९॥
तस्माद्विजयसेनाह्वा, रममाणा कियच्चिरं। निंद्यत्वं भुवि वंध्यानां, विदंतीगर्भमादधौ ॥५०॥
शुभैः स्वप्नैः शुभैरेव, दोहदैः समये शुभे। सुषुवे सुतरत्नं सा, रूपेण वसुदेववत् ॥५१॥
अक्रूरो दर्शने लोके—र्दृश्यते स्पृश्यतेऽपि च। अक्रूर इति तन्नाम, पितृभ्यां प्रददे मुदा ॥५२॥

જેમ કામદેવ રતિ અને પ્રીતિની સાથે તેમ વસુદેવ શ્યામા અને વિજયસેના સાથે સ્વર્ગીય સુખોને ભોગવતા સમય પસાર કરે છે. જગતમાં સ્ત્રીઓનું વંધ્યત્વ એ નિંદાને પાત્ર છે, તેમ જાણે માનતી ન હોય તેમ વિજયસેનાએ ગર્ભ ધારણ કર્યો !

શુભ સ્વપ્નથી સૂચિત, શુભ મનોરથોથી યુક્ત અનુક્રમે શુભ દિવસે વિજયસેનાએ વસુદેવ સમાન રૂપવાન પુત્રને જન્મ આપ્યો. લોકોમાં દર્શનીય અને સ્પર્શનીય એવા સુકુમાળ પુત્રનું નામ માતાપિતાએ 'અક્રૂર' રાખ્યું.

सर्वत्र भोगिनां भोगाः, शास्त्रोक्तमिति संस्मरन् । पुनर्भाग्यपरीक्षायै, ततोऽप्यग्रे चचाल सः ॥५३॥
अथ पर्यटतस्तस्य, कुतूहलविलोकिनः । मार्गेऽभवन्न स ग्रामो, नगरं तन्न पत्तनं ॥५४॥
एकस्या वा द्वयोर्यत्र, तिसृणां वा मृगीदृशां । न बभूव महोद्वर्षैः त्र्यायशः पाणिपीडनं ॥५५॥

'ભોગીપુરૂષોને ભોગ સર્વત્ર હોય છે.' આવા શાસ્ત્રવચનને યાદ કરી ભાગ્યની પરીક્ષા કરવા માટે વસુદેવ ત્યાંથી આગળ ચાલ્યા. સ્થાને સ્થાને કૌતુકોને જોતાં ગામ નગર અને શહેરોમાં પર્યટન કરતા વસુદેવે એક-બે-ત્રણ નહી પરંતુ સેંકડો અને હજારોની સંખ્યામાં સ્ત્રીઓની સાથે મહોત્સવપૂર્વક પાણિગ્રહણ કર્યાં.

स्त्रीपाणिग्रहणान्यंगी-कुर्वन् कालेन भूयसा । देवतावचनाद्धाम्यन् , सोऽरिष्टपुरमाप्तवान् ॥५६॥
तत्रास्ति रुधिरो राजा, द्विषद्रुधिरकर्षकः । धारिणी तस्य भार्यास्ति; भर्टीमन्यातिगर्विणी ॥५७॥
रोहिण्यस्ति तयोः पुत्री पवित्रतमशीलभाक् । अगण्यपुण्यलावण्या-स्पष्टसंतुष्टिवर्णिनी ॥५८॥
अयोग्यो वर एतस्या; मा भूच्चित्ताऽसमीहितः । इति स्वयंवराटोप-स्तेन भूपेन मंडितः ॥५९॥
स्वकीया बांधवाः क्वापि कुत्रचिन्मंत्रिणस्तथा । दूताः क्वापि च पूतास्याः प्रेषितास्तेन भूभुजा ६०
तदाकारणयोगेन प्रतिविष्णुर्महाबली । जरासंधः समायातो बहुपुत्रनृपान्वितः ॥६१॥
समुद्रविजयो राजा बांधवैरष्टभिः सह । धृतराष्ट्रः शतैः पुत्रैः पांडुश्च पंचभिः सुतैः ॥६२॥
विदुरो विदुरो लोके परेऽपि च महीभुजः । आययुर्न हि कः पाणि-ग्रहणायोद्यतो भवेत् ॥६३॥

આ પ્રમાણે દેશપરદેશ ફરતા વસુદેવનો ઘણો સમય પસાર થઈ ગયો. જેમાં હજારો રાજકન્યા સાથે લગ્ન કર્યાં. હવે દેવીના વચનથી અરિષ્ટપુર નગરમાં પહોંચ્યા. ત્યાં દુશ્મનોના લોહીને બહાર કાઢનાર રૂધિર નામનો પરાક્રમી રાજા હતો તે રાજાની અન્ય સ્ત્રીઓને તુચ્છ ગણનારી ધારિણી નામની રાણી હતી. તેઓને પોતાના રૂપ ગુણ અને લાવણ્યથી સંતોષ આપનારી રોહિણી નામે પવિત્ર પુત્રી હતી. 'તે રોહિણીનો અયોગ્ય પતિ ના થાઓ,' એમ વિચારી રાજાએ સ્વયંવરનું આયોજન કર્યું. ગામે ગામ અને દેશો દેશના રાજાઓને આમંત્રણ આપવા માટે પોતાનો બંધુવર્ગ, મંત્રીવર્ગ તેમજ દૂતોને મોકલ્યા.

રૂધિર રાજાના આમંત્રણથી ઘણા પુત્રોસહિત પ્રતિવાસુદેવ જરાસંધ, આઠ ભાઇઓ સહિત સમુદ્રવિજય, સો પુત્રો સાથે ધૃતરાષ્ટ્ર, પાંચ પુત્રો સહિત પાંડુરાજા, લોકોમાં વિદ્વાન તરીકે પ્રસિદ્ધ વિદુર તેમજ બીજા પણ ઘણા રાજાઓ સ્વયંવરમાં ભાગ લેવા આવ્યા હતા. 'પાણિગ્રહણ કરવા કોણ તૈયાર ના થાય!'

गतेषु नवसु स्वीय–बांधवेषु स्वयंवरे। यद्यहं न प्रयास्यामि ममैव हीनता तदा ॥६४॥
इतीवागतवान् लोक–हास्यवामनरुपभृत्। आडंबरेण सर्वेषां तत्रागमनदर्शनात् ॥६५॥
जरासंधादिभूपेषु संस्थितेषु समंततः। मध्यवर्ती बभूवासौ मरालेषु बलाकवत् ॥६६॥

'મારા નવે ભાઇઓ સ્વયંવરમાં પહોંચી ગયા છે, તો જો હું ના જાઉં તો મારી હીનતા થાય'! આમ વિચારી વસુદેવે લોકોને હાસ્યાસ્પદ એવું વામનરૂપ ધારણ કર્યું. ને આડંબર પૂર્વક આવતા દરેક લોકો જોઈ શકે એમ માની જરાસંધ આદિ રાજાઓની મધ્યમાં જઇને બેઠા. ત્યારે હંસોની વચ્ચે બગલો લાગે તેમ દેખાતા હતા.

समस्तेषु प्रपश्यत्सु पटहस्तेन वादितः। देवताधिष्टितो देव–सान्निध्यार्त्कि न सिद्धयति ॥६७॥
ओजस्विनो महातेज–स्विनो भूपान् विमुच्य सा। मालामारोपयत्कंठे रोहिणी तस्य हर्षतः ॥६८॥
रोहिणीसहिते चंद्र उदिते तारका इव। आसन् सर्वेऽपि भूपाला–स्तस्मिन्नवसरे परे ॥६९॥

દેવીથી અધિષ્ઠિત ઢોલી રૂપે બનેલા વસુદેવે સૌ લોકોના દેખતાં હાથમાં પડહ (ઢોલ) લઇને જોરથી વગાડ્યું. દેવીના સાનિધ્યથી શું શું સિદ્ધ ના થઈ શકે!

મહા તેજસ્વી અને પ્રભાવશાલી રાજાઓને મૂકીને વામનરૂપમાં રહેલા ઢોલીના કંઠમાં રાજકુમારીએ વરમાળા પહેરાવી. ત્યારે રોહિણી નક્ષત્ર સાથે રહેલા ચંદ્રની આગળ જેમ તારાઓ ઝાંખા લાગે તેમ વસુદેવ–રોહિણી આગળ અન્ય રાજાઓ ઝાંખા પડી ગયા.

नदन्ति सिंहवत्केचित् केचिद् गर्जंति हस्तिवत्। क्रुद्धयंति हृदये केचित् पुनर्माद्यन्ति केचना ॥७०॥

કેટલા સિંહની જેમ ત્રાડ પાડતા, કેટલાક હાથીની જેમ ગર્જના કરતા તો કેટલાક રાજાઓ ક્રોધાતુર બનીને પાગલની જેમ આમ તેમ ઘૂમતા હતા.

तदोचे कोशलाधीशो रुधिरंप्रति भूपतिं। अहो असत्येष आजन्म शुद्धः पाणविकः किल ॥७१॥
यद्धि पाणविको नायं तेन पटहवादनात्। कथं बाधिर्यकोपाभ्यां सर्वेऽपि व्यालवत्कृताः ॥७२॥
मदनोत्कटता बह्वी यदा जायेत योषितां। तदा कृत्यमकृत्यं वा वैकल्यतो न वेत्ति सा ॥७३॥
मन्यते सा च रोहिण्याः सदृपभूपदर्शनात्। त्यक्तेशा तत एवास्य कंठे चिक्षेप सा स्रजं ॥७४॥

ત્યારે કોશલદેશનો રાજા, રૂધિર રાજા પ્રત્યે બોલ્યો કે 'અરે, આ તો જન્મથી જ શુદ્ધ ઢોલી લાગે છે. નહીતર તેના આવા ઢોલવાદનથી બધાયે લોકો બહેરાની જેમ બેબાકળા કેમ

બની જાય ! ખરે, કામાતુર બનેલી સ્ત્રીઓ વ્યગ્રતાથી કૃત્યાકૃત્યને ભૂલી જાય છે. રોહિણીના સ્વરૂપને જોતા પણ એમ લાગે છે કે તેણે વ્યાકૂળતાથી જ ઢોલીના કંઠમાં વરમાલા નાખી છે. તો વામને વરમાલાનો ત્યાગ કરવો જોઇએ.

इत्युक्ते रुधिरोऽवादीत् स्वयंवरणमंडपे । कन्या स्वकल्पितं कुर्या–न्न चान्यच्चित्तचिंतितं ॥७५॥
राजंस्तव विचारेण सुतं वक्रोक्तिधारिणः । कापि सांप्रतमन्यैव प्रविधेया विचारणा ॥७६॥

કોશલરાજના આવા વચન સાંભળીને રૂધિરરાજ બોલ્યા :-સ્વયંવરમાં કન્યા પોતાની ઇચ્છા મુજબની પસંદગી કરી શકે છે. તેમાં બીજા કોઇનું ચાલતું નથી. તો રાજન્ ! આવા વાક્પ્રહારોથી સર્યું. હવે બીજી કોઈ કન્યા માટે વિચાર કરવો રહ્યો. (૭૫, ૭૬)

अथावग्विदुरः सर्वे किं वहंति विषण्णतां । पृच्छ्यतां मृष्टवाक्येना–स्यैव सर्वं कुलादिकं ॥७७॥
भृकुटीभीषणीभूया–भिदधाति स वामनः । यादृशस्तादृशोऽमानि युष्माकं किमरे पितुः ॥७८॥
इयं न रोचते कन्या यस्मै मत्करपीडनात् । सज्जीभूयात्स युद्धाय करोमि तस्य चिंतितं ॥७९॥

ત્યારે વિદુરે કહ્યું : શા માટે બધા ખેદ કરો છો ! તેને જ મીઠાવચનથી તેના કુલવંશ વિગેરે પૂછી લ્યો ને ! આ પ્રમાણે સાંભળીને ભયંકર ભૃકુટી ચઢાવીને વામન બોલ્યો : 'શું તમારા બાપને મારા–તમારા જેવો માનો છો ! જેને કન્યા જોઇતી હોય તે યુદ્ધ માટે તૈયાર થાઓ ! તમારી ઇચ્છા પૂરી કરીશ.

तस्योत्कर्षवचः श्रुत्वा जरासंधः क्रुधोद्धतः । समुद्रविजयादीशा–नुवाच सुभटोत्कटान् ॥८०॥
अहो घूणाक्षरोद्भुत–न्यायात्पटहवादनात् । एतेषु सत्सु भूपेषु वृतानेन नृपात्मजा ॥८१॥
तथाप्यस्य न संतुष्टिः प्रजायते दुरात्मनः । प्रत्युत वक्रवाक्यानि; प्रजल्पत्येष वामनः ॥८२॥
ततो न प्रध्वरो भावी सर्वथा शिक्षया विना । दीयतां केनच्छिक्षे–तदीयमुखभंजनात् ॥८३॥
रुधिरोऽप्यस्ति दुष्टात्मा, नृपोद्वेगविधायकः । आकारितेषे भूपेषु दत्तवामनपुत्रिकः ॥८४॥
रागद्वेषमहादस्यू शूरा वयं यमा इव । द्वावप्येतौ ततो घ्नंतु; लोके सुभटमानिनौ ॥८५॥

તેના આવા આક્રોશપૂર્ણ વચન સાંભળીને ક્રોધિત બનેલા જરાસંધે સમુદ્રવિજય આદિ પરાક્રમી સુભટોને કહ્યું :–અહો, જુઓ તો ખરા ઘુણાક્ષર ન્યાયે (લાકડામાં કાષ્ટના કીડાથી સહજભાવે નકશી (કોતરણી) બની જાય છે તેમ) રાજાઓની વચમાં ઢોલ વગાડીને કન્યા મેળવી ગઈ છતાં આ પાપાત્માને આટલેથી સંતોષ થતો નથી, અને ઉલટા રાજાઓને વાંકા વચનો બોલે છે. તો આ વામનને જબ્બર શિક્ષા આપ્યા વિના પાંસરો નહી થાય. તો તેનું મોઢું ભાંગી નાખવાની હું શિક્ષા કરું છું. વળી, દુરાત્મા રૂધિર પણ રાજાઓને ઉદ્વેગ કરનારો નીકળ્યો. બધા રાજાઓને આમંત્રણ આપીને પોતાની પુત્રી વામનને આપી. તો એણે પણ રાજાઓની ઠેકડી જ ઉડાવીને ?

લોકમાં પોતાની જાતને સુભટ માનનારા રાગ દ્વેષ જેવા આ બે લુંટારાનો યમની જેમ અમે નાશ કરી નાંખીશું.

जरासंधादिति श्रुत्वा समुद्रविजयादिकाः । पूर्वं विलक्षवक्त्रत्वा–दूचुर्भूवुर्योद्धुमुद्यताः ॥८६॥
हृद्यविद्याधराधीश–स्तदा दधिमुखाभिधः । रथे सारथ्यमाश्रित्या–रोपयद्वसुदेवकं ॥८७॥
वेगवत्या तडिद्वत्यां–गारवत्या समर्पिता । आददे शौरिणा तूण–स्थिता तदेषुधोरणी ॥८८॥
जायमाने मिथः संख्ये जरासंधस्य भूभुजः । कटकं भंजयामासू रुधिरस्य क्षमेशितुः ॥८९॥
देहे विचलितं दृष्ट्वा; रुधिरं भीतिभागपि । कलया प्रेरयच्छौरिःद्रूतं दधिमुखे हयान् ॥९०॥
छिद्यते विषवल्ली चे–दादावेव सुखार्थिना । ततः प्रथमतोऽभांक्षी–दसौ शल्यनृपं दृढं ॥९१॥

જરાસંધની આવી આક્રોશ વાણી સાંભળીને સમુદ્રવિજય આદિ રાજાઓ યુદ્ધ કરવા માટે તૈયાર થયા. ત્યારે દધિમુખ નામનો વિદ્યાધરરાજા વસુદેવને રથમાં બેસાડીને પોતે તેમના સારથી તરીકે થયો. વેગવતી તડિત્વતી અને અંગારવતી નામની વિદ્યાધરીઓએ આપેલા મંત્રસિદ્ધ બાણોના ભાથાને વસુદેવે ગ્રહણ કર્યું.

રણસંગ્રામમાં જરાસંધના સૈન્યથી રૂધિર રાજાનું સૈન્ય છિન્ન ભિન્ન થઈ ગયું. અને જેમ શરીરમાં એકદમ ફરતા રૂધિરની જેમ ભયભીત થવાય તેમ ભયભીત બનેલા રૂધિર રાજાને જોઇને તરત જ વસુદેવ દધિમુખના રથને ત્યાં દોરી ગયા. અને સુખના અર્થીઓ પહેલેથી જેમ વિષવેલડીને છેદી નાંખે તેમ વસુદેવે પહેલા તબકકે જ શલ્યરાજાને ભાંગી નાખ્યો.'

अस्माकं सर्वसेनायां बलीयान् समभूदयं । तमेवादित एवासौ बभंज सर्वतो बली ॥९२॥
केवलं पटहस्यैव वादकोऽयं न सर्वथा । अतिशायी परं कोऽपि पुमानेष प्रवर्त्तते ॥९३॥
शंकितात्मा जरासंधः समुद्रविजयं जगौ । योग्यस्त्वमेव युद्धस्य सहानेनाभिमानिना ॥९४॥
वामनं वामनीकृत्य गृहीत्वा तत्करात्स्त्रियं । जितकासी त्वमेवात्र सर्वस्मिन् कटके भव ॥९५॥

'અમારી સેનામાં બળવાન શક્તિશાળી શલ્ય રાજા હતો, તેને જ આ પાપીએ ઉખેડી નાખ્યો, તો આ કોઈ સામાન્ય ઢોલી લાગતો નથી પરંતુ કોઈ પ્રભાવશાલી પુરૂષ લાગે છે.' આ પ્રમાણે શંકાશીલ બનેલા જરાસંધે સમુદ્રવિજયને કહ્યું :–અભિમાની એવા આની સાથે તો તમે જ યુદ્ધ કરવા માટે યોગ્ય છો. આની આગળ જેવા તેવાનું કામ નથી, તો આ વામનને સાવ વામણો બનાવી તેના હાથમાંથી કન્યાને લઇને આપણા સમગ્ર સૈન્યમાં વિજયી બનો.'

समुद्रविजयेशोऽपि जरासंधमबीभणत । परस्त्रिया न मे कृत्यं करिष्ये त्वद्गिरा रणं ॥९६॥

સમુદ્ર વિજય મહારાજે જરાસંધને કહ્યું :–આપની આજ્ઞાથી યુદ્ધ કરીશ, પરંતુ આ પરસ્ત્રીનું મારે કંઈ કામ નથી.

ततः कटकं सज्जी–कृत्य संग्रामसाधकः । बभूव भूरिकोदंड––प्रचंडाखंडमार्गणैः ॥९७॥
पातालमधिमच्छंत–छेदकाः पाणिपादयोः । ऊर्ध्वं च मस्तकादीनां, माभूवन्मार्गणा रणे ॥९८॥
पश्यंति निर्जरा यत्रां––तराल इव संस्थिताः । तदेदृशं महाघोरं; रणं भ्रात्रोरजायत ॥९९॥

આમ કહીને પરાક્રમી સમુદ્રવિજયે સૈન્ય તૈયાર કરીને યુદ્ધભૂમિમાં બાણોનો વરસાદ વરસાવ્યો. તેમની બાણવર્ષાથી સુભટોના છેદાયેલા હાથપગને પાતાલમાં પેસાડી દીધા અને મસ્તકોને આકાશમાં મોકલી દીધા! [કારણ કે રણભૂમિની વચમાં અથડાય નહી.] તે બન્ને બન્ને ભાઇઓનું ભયંકર યુદ્ધ જોવા માટે આકાશમાં દેવો આવેલા ના હોય !

यस्य पुण्यबलं प्राज्यं, तस्यान्यस्य बलेन किं । इति न क्षोभणां प्राप–द्वामनोऽप्यधिको गुरोः २००

જેનું પુણ્યબળ પ્રકૃષ્ટ હોય ત્યાં બીજા બળનું શું મહત્વ ! વામનરૂપધારી વસુદેવ પરાક્રમી સમુદ્રવિજયથી જરા પણ ક્ષોભ પામ્યા નહી.

यदि नायं मया सत्रा–पसरत्याहवादहो । तदायं ज्ञायते कोऽपि, शक्तिमानन्यवेषभृत् ॥१॥
निजं महत्त्वमेतस्मा–द्रक्षिष्यते मया कथं । समुद्रविजयो याव––द्दध्यौ दृष्ट्वा चलद्बलं ॥२॥

પોતાનું સૈન્ય પીછેહઠ કરતું જોઇને સમુદ્રવિજય વિચારે છે કે 'યુદ્ધભૂમિમાં આ મારાથી પરાજિત થતો નથી તો લાગે છે કે શક્તિશાળી કોઈ વિદ્યાધર કે દેવ હોવો જોઇએ ! તો આની સામે મારૂં મહત્વ કેવી રીતે જાળવી શકાશે !'

प्रदर्श्यते चमत्कारो, बांधवस्य निजौजसः वै । द्विषेव तेन सार्धं न, युद्ध्यते बंधुना रणे ॥३॥
निषेधुं विग्रहं युद्धे, मार्गणः प्रेष्यते नृपैः । तत्पुरः प्रेषितस्तेन, स्वनामांकितमार्गणः ॥४॥

'બંધુને પોતાના પરાક્રમનો ચમત્કાર બતાવાય પરંતુ ભાઈ સાથે યુદ્ધભૂમિમાં દુશ્મનની જેમ લડાય નહી,' એમ વિચારી વસુદેવે યુદ્ધ બંધ કરવા માટે પોતાના નામથી અંકિત ચીઠ્ઠી લખીને મોટાભાઈ સામે બાણ છોડયું.

तं लात्वा वाचयित्वेषु–वर्णांश्च ज्येष्टबांधवः । न मे बंधुं विना कोऽपी–दृशः स्यादित्यमूमुदत ॥५॥
निर्गतः कपटेनैव, निजं भाग्यं परीक्षितुं । वसुदेवो नमत्येष, तुभ्यं भ्रात्र्यनिहागतः ॥६॥

બાણની સાથે આવેલા પત્રના અક્ષરો ઓળખીને સમુદ્રવિજય આનંદ પામ્યાઃ 'મારા ભાઈ સિવાય આવું પરાક્રમ બીજા કોઇનામાં ના હોય !' પત્ર ખોલીને વાંચે છે :–'પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે કપટથી નગર છોડીને ચાલ્યો ગયેલો વસુદેવ ફરતા ફરતા અહીંયા આવેલો છે, તે આપનો નાનો ભાઈ આપને નમસ્કાર કરે છે.'

लघुरप्येष वा वृद्धः. पूर्णशक्तिधृतेरिति । समुद्रविजयो मत्वा, मिलितुं बंधुमागमत् ॥७॥
विमुच्य गुरुवन्मान—मागच्छंतं निरीक्ष्य च । सोऽपि सन्मुखमागत्य, प्राणमत्तं तु शिष्यवत्॥८॥

'વસુદેવ નાના છતાં પૂર્ણ શક્તિશાલી છે,' એમ માનીને સમુદ્રવિજય બંધુને મળવા માટે સામે ગયા ! સામે આવતા મોટાભાઇને જોઇને, જેમ શિષ્ય ગુરૂને નમી પડે તેમ વસુદેવ વડિલબંધુના ચરણમાં નમી પડયા.'

वत्स ! वर्षशतेनैव, मिलितस्त्वं ममाधुना । समुद्रविजयश्चेति, गदित्वालिंगयच्च तं ॥९॥
अतिष्टोऽब्दशतं बंधो, क्वेति पृष्टो नृपेण सः । यथाजातं स्ववृत्तांतं, स्वयमेवादितोऽवदत् ॥१०॥
तस्य स्वरूपमाकर्ण्य, प्रत्यक्षेण निरीक्ष्य च । समुद्रविजयोऽतुष्य—द्विशेषेण रुधिराधिपः ॥११॥
जरासंधोऽपि विज्ञाय, स्वसामंतसहोदरं । चित्तात्पाणविकभ्रांतिं, भ्रंशयामास सर्वथा ॥१२॥

'હે વત્સ, તારા દુખી ભાઇને તું સો વર્ષે મલ્યો !' એમ ગદ્‌ગદ્‌ થઇને સમુદ્રવિજયે ગાઢ આલિંગન આપ્યું. 'બંધુ ! સો વર્ષ સુધી તું કયાં હતો શું શું કર્યું !' આ પ્રમાણે સમુદ્રવિજયના પૂછવાથી વસુદેવે આદિથી અંત સુધીનો બધો વૃત્તાંત પોતે કહ્યો ! વસુદેવનું ચમત્કારિક સ્વરૂપ જાણીને સમુદ્રવિજય આદિ ખૂબ જ ખૂશ થયા. તેમાં રૂધિરરાજાનો આનંદ તો સીમા ઓળંગી ગયો ! જરાસંધને પણ પોતાના સામંત સમુદ્રવિજયના ભાઈ વસુદેવ જાણીને મનમાંથી ઢોલી તરીકેનો ભ્રમ દૂર થઈ ગયો.

संतुष्टेषु समस्तेषु, हृष्टोऽथ रुधिरोऽपि च । अकारयत्तयोः पाणि—ग्रहणं प्रबले क्षणे ॥१३॥
पूर्णेषूद्वाहकृत्येषु, जरासंधादिकाधिपाः । पूजिता रुधिरेशेन जग्मिवांसुः स्वमास्पदं ॥१४॥
आगृह्य रक्षिताः संतो, यादवाः साधुवादिनः । तत्रैव हायनं यावत्, कंसेन सहिताः स्थिताः ॥१५॥

હર્ષિત બનેલા રૂધિર રાજાએ સર્વે રાજાઓ સમક્ષ વસુદેવ અને રોહિણીનો ઠાઠમાઠથી પાણિગ્રહણ-મહોત્સવ કરાવ્યો ! લગ્નમહોત્સવ પૂર્ણ થયા પછી જરાસંધ આદિ રાજાઓને ઘણા સત્કાર અને સન્માનપૂર્વક વિદાય આપી અને સમુદ્રવિજય આદિ યાદવો તેમજ કંસને આગ્રહ કરીને એક વર્ષ સુધી પોતાને ત્યાં રોકી રાખ્યા.

विविक्ते वसुदेवाख्यो, रोहिणीमन्यदा जगौ । पाणविकोऽप्यहं भूपां—स्त्यक्त्वा वृत्तः कथं प्रिये ॥१६॥
सोचे प्रज्ञप्तिविद्यायाः, पूजां करोम्यहं सदा । सोवाच दशमो भावी, दशार्हो रमणस्तव ॥१७॥
कथं स ज्ञायते पृष्टा, सावक्पटहवादनात् । सर्वान् भूपांस्ततो मुक्त्वा, त्वमेवेशं वृतो मया ॥१८॥

કોઈ એક દિવસે એકાંતમાં વસુદેવે રોહિણીને પૂછયું :-પ્રિયે, બધા રાજાઓને મૂકીને ઢોલી એવા મારા કંઠમાં કેમ વરમાળા આરોપી ?' રોહિણીએ કહ્યું :-સ્વામિન્, પ્રજ્ઞપ્તિ

વિદ્યાની હું નીરંતર પૂજા કરું છું. તેથી વિદ્યાએ મને કહ્યું કે 'દશમો દેશાર્હ વસુદેવ તારો ભાવિ પતિ થશે.' મે પૂછયું કે :-'તે કેવી રીતે જાણ્યું.'! ત્યારે વિદ્યાએ કહ્યું:-'સ્વયંવરમંડપમાં વામનરૂપધારી ઢોલી હશે તે જ વસુદેવ જાણવો.' આ પ્રમાણે વિદ્યાના કહેવાથી સર્વે રાજાઓને છોડીને આપનાં કંઠમાં વરમાળા આરોપી હતી.

समुद्रविजयाधीशे—ष्वासीनेष्वेकदा सभां । आशिषं वसुदेवस्य, काप्यर्धजरती ददौ ॥१९॥
सवित्री बालचंद्राया, वर्त्तेऽहं वसुदेव भोः । त्वद्वियोगाग्निसंतप्त—देहा स्नेहाकुला त्वयि ॥२०॥

એક દિવસે સમુદ્રવિજય રાજાથી અધિષ્ઠિત રાજ્યસભામાં એક પ્રૌઢા સ્ત્રી આવીને વસુદેવને આશીર્વાદ આપીને બોલી:-'વસુદેવ ! હું બાલચંદ્રાની ધાવમાતા છું. તમારા વિરહરૂપી અગ્નિથી દાઝી રહેલી મારી પુત્રીને આપના આગમનરૂપી મેઘધારાથી સિંચીને નવપલ્લવિત બનાવો !'

वरं त्वदागमाभ्रेण, स्नेहविद्दर्शनोदकं । वर्षय त्वत्प्रसंगाब्दं, वायुनेव मयेरितः ॥ २१ ॥
आगृहीते तयेत्युच्चैः, समुद्रविजयाननं । ददर्श वसुदेवोऽपि, यथाकथनकारकः ॥ २२ ॥
समुद्रविजयोऽवादीद्भ्रातर्व्रज परं त्वया । सर्वेषां वल्लभत्वेन, स्थेयं न पूर्ववद्बहु ॥२३॥

આ પ્રમાણે તેણીના વારંવારના કથનથી વસુદેવે સમુદ્રવિજય સામે જોયું. સમુદ્રવિજયે કહ્યું : તમારે જવું જોઇએ ! ભાઈ તમો તો બધાને પ્રિય છો, પરંતુ હવે વધારે સમય રોકાશો નહીં.

समुद्रविजयादीशा—नथानुज्ञाप्य बांधवान् । प्रचचाल तया साक—मातंकपरिवर्जितः ॥२४॥
तया कृत्तविमाने स, संस्थितो व्योमवर्त्मना । प्रचलन् प्राप्तवान् द्रंगं, नाम्ना गगनवल्लभं ॥२५॥

સમુદ્રવિજય આદિ બંધુવર્ગની અનુમતિ મેળવીને પ્રસન્નચિત્ત વસુદેવે પ્રૌઢા સાથે પ્રયાણ કર્યું. તેણીએ બનાવેલા વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતા વસુદેવ અનુક્રમે વૈતાઢયપર્વત ઉપર રહેલા ગગનવલ્લભ નામના નગરમાં પહોંચ્યા.

समुद्रविजयोऽपीश मुक्त्वा कंससमन्वितः । वसुदेवागमोत्कंठां, धरन् शौर्यपुरं ययौ ॥२६॥

કંસની સાથે સમુદ્રવિજય પણ વસુદેવના આગમનની રાહ જોતા શૌર્યપુર ગયા.

वप्त्रा कांचनदंष्ट्रेण, विद्याभृद्भिर्मुनार्पितां । बालचंद्रामुपायंस्त, वसुदेवो महोत्सवैः ॥२७॥
यस्मिन् यस्मिन् स्थानके पूर्वमूढा—स्तस्मात्तस्मात्स्त्राः समादाय कांताः ।
विद्याभृद्भिः सेव्यमानो गरिष्टः, शौरिः शौर्यं पत्तनं चाससाद ॥ २८ ॥

रोहिण्यां वै चारुपंचेंद्रियाणां, भोगान् भुंजानस्य शौरेर्बभूव ।
रामः पुत्रो निर्मितो वै विधात्रा, यो निःशेषाणां समादाय रूपं ॥ २९ ॥

કાંચનદંષ્ટ્રા નામના વિદ્યાધર રાજાએ પોતાની પુત્રી બાલચંદ્રાનું વસુદેવ સાથે ધામધૂમથી લગ્ન કર્યું. સ્થાને સ્થાને પરણીને મૂકેલી પોતાની હજારો પત્નીઓને સાથે લઈ અનેક વિદ્યાધરોથી સેવાતા વસુદેવ શૌર્યપુર નજીક આવ્યા. સમુદ્રવિજય રાજાએ વસુદેવનો ઘણા ઠાઠમાઠથી નગરપ્રવેશ કરાવ્યો, રોહિણી સાથે પાંચ ઇન્દ્રિયોના વિષયસુખ ભોગવતા વસુદેવને રૂપના ભંડાર સમો રામ (બલદેવ) નામનો પુત્ર થયો ! તે જાણે વિધાતાએ બધાના રૂપો ભેગા કરીને આ પુત્ર બનાવ્યો ના હોય ! એવો લાગતો હતો.

इति पंडितचक्रचक्रवर्तिश्रीराजसागरगणिशिष्यपंडितरविसागरगणिविरचिते श्रीप्रद्युम्नकुमार-पितामहवसुदेवपाणिग्रहणशौर्यपुरागमननिरूपको द्वितीयः सर्गः समाप्तः ॥ श्रीरस्तु ॥

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગર ગણીના શિષ્ય પંડિત રવિસાગર ગણીએ રચેલા પ્રદ્યુમ્ન ચરિત્રમાં પ્રદ્યુમ્નના પિતામહ (દાદા) વસુદેવના પાણિગ્રહણ અને શૌર્યપુરનું પુનરાગમનનું વર્ણન કરતા ૨૨૯ શ્લોક પ્રમાણ બીજો સર્ગ સમાપ્ત થયો.

શ્રી૨૨તુ



સર્ગ : ૩

एकदा वसुदेवोऽथ, मैत्रीं ज्ञापयितुं दृढां । कंसेनाकारितः प्रीत्या, मथुरापुरमागमत् ॥ १ ॥
द्वयोर्मिलितयोस्तत्र, जीवयशःसमन्वितः । शौरिं प्रोचेऽन्यदा कंसः, पुर्यस्ति मृत्तिकावती ॥२॥

એક વખત કંસે પોતાની ગાઢ મિત્રતા જણાવવા માટે પ્રેમપૂર્વક વસુદેવને મથુરા નગરીમાં બોલાવ્યા. ત્યાં જીવયશા સહિત બન્ને મિત્રોનું સુભગ મિલન થયું.

पितृव्यो देवकस्तत्र, राज्यं पालयति प्रियं । तस्यास्ति देवकी पुत्री, पुत्रीव सरितां विभोः ॥३॥
तस्याः सौभाग्यशस्यायाः, कुरु त्वं पाणिपीडनं । यद्यहं त्वदभीष्टस्त–न्मा कृथाः प्रार्थनां वृथा ॥४॥
ऊमित्युक्त्वास्य दाक्षिण्या–त्सकंसो वृष्णिनंदनः । प्रचचाल वरीतुं तां, स्त्रियै यत्स्पृहते न कः ॥५॥

કંસે વસુદેવને કહ્યું:–મૃત્તિકાનગરીમાં મારા કાકા દેવક રાજ્ય કરે છે. તેમને સમુદ્રપુત્રી લક્ષ્મી સમી દેવકી નામની પુત્રી છે. સૌભાગ્યશાલિની મારી બેન દેવકી સાથે તમારૂં પાણિ-ગ્રહણ કરાવવાની મારી ઇચ્છા છે. તો મિત્ર ! જો હું આપને પ્રિય હોઉં તો મારી આ પ્રાર્થનાને હુકરાવશો નહીં. કંસની દાક્ષિણ્યતાથી વસુદેવે અનુમતિ આપી. ત્યારે બંન્ને મિત્રોએ મૃત્તિકાવતી તરફ પ્રયાણ કર્યું. કોની સ્પૃહા કોને ના હોય !

द्वाभ्यामप्यथ गच्छद्भ्यां, दृष्टो वर्त्मनि नारदः । तथा सैषार्चितस्ताभ्यां, यथा स प्रीतिमानभूत्॥६॥
अर्चा हि प्रीतिकर्त्री स्या–दतः प्रीतः स नारदः । तावब्रवीद्युवां कुत्र, चलितौ केन हेतुना ॥७॥
शौरिणाभाणि मां लात्वा, कंसो यात्येष सौहृदात् । देवकीं देवकेशस्यो–द्वाहयितुं कुमारिकां ॥८॥
श्रुत्वेति नारदोऽवादी–त्कंसेनाकारि सुंदरं । वसुदेवदेवक्यो–र्योग्या योगविनिर्मितिः ॥९॥
नरेषु वसुदेवस्य, रूपमेकं विनिर्मितं । तथैव पुद्गलैः सारै–र्देवक्याः कामिनिषु च ॥१०॥
माभूद्विसदृशो योग, एतयोरिति वेधसा । चिंत्यमानेन विहितं, शर्करादुग्धयोगवत् ॥११॥
युवयोरुभयोर्योगे, धातापि ज्ञास्यति ध्रुवं । स्वकीयोद्यमसाफल्यं, वैफल्यमन्यजंतुषु ॥१२॥
विद्याधर्यस्त्वयाऽप्यूढा, विद्यंते बहवः परं । देवक्यंगुष्ठमात्रेण, ता नार्हंति कलामपि ॥१३॥
वरे सत्त्वगुणोपेते, देवक्या मिलिते सति । प्रत्यूहव्यूहसंपादी, माभूत् कोऽपि विभेदकृत् ॥१४॥
वसुदेवगुणान् गत्वा, देवक्यै कथयामि तत् । मुनिः स इति संचिंत्यो–त्पत्यागद्देवकीगृहे ॥१५॥

રસ્તામાં જતાં નારદજી મળ્યા. બંનેના સત્કાર અને સન્માનથી નારદજી ખૂશ ખૂશ થઇ ગયા. ખૂશ થયેલા નારદે પૂછ્યું : 'તમો બન્ને આમ કયા કારણે જઇ રહ્યા છો ?' ત્યારે વસુદેવે કહ્યું :–મિત્રતાની રૂએ કંસ દેવકરાજાની પુત્રી દેવકી સાથે મારૂં પાણિગ્રહણ કરાવવા લઈ જાય છે.' નારદે કહ્યું 'કંસે આ બહુ સારૂં કર્યું. વસુદેવ અને દેવકીનો

સંબંધ બરોબર યોગ્ય જ છે. વિધાતાએ પુરૂષોમાં જેમ વસુદેવના રૂપનું નિર્માણ કર્યું છે, તેમ દરેક સ્ત્રીઓનાં રૂપમાંથી સાર તત્વ લઈને એક દેવકીનું નિર્માણ કર્યું છે. આ બન્નેનો સંબંધ બીજા કોઈની સાથે ના થાઓ, એમ વિચારીને બ્રહ્માએ દૂધસાકરની જેમ સરખે સરખી જોડી બનાવી છે. જ્યારે વિધાતાને આ બન્નેના સંબંધની જાણ થશે ત્યારે પોતાનો પ્રયત્ન સફળ થયાનો સંતોષ થશે. વસુદેવ, તમે ઘણી વિદ્યાધરી કન્યાઓ પરણ્યા છો પરંતુ દેવકીના રૂપ આગળ તે બધીઓનું રૂપ અંગુઠા માત્ર પણ નહી હોય!' આ પ્રમાણે નારદ વસુદેવને દેવકી પ્રત્યેનું આકર્ષણ કરાવીને હવે દેવકીને વસુદેવનું આકર્ષણ કેમ થાય, એમ વિચારે છે. દેવકીને વરના સાતે ગુણોથી યુક્ત પતિ મળવામાં કોઇ વિઘ્નો ઉપસ્થિત ના થાય! અથવા વચ્ચે કોઇ ભેદ કરાવનાર ના બને, એમ વિચારી નારદ દેવકીને વસુદેવના ગુણોની જાણ કરવા માટે દેવકીના ઘેર ગયા.

अभ्युत्थानादिभिर्गेहा–गतोऽसौ पूजितस्तया । विनयं नोत्तमे मुंचे–द्विशेषाद्गृहमागते ॥१६॥
तस्या आशीर्वचोदाना–वसरे नारदेन तु । विवोढा वसुदेवस्ते, भूयादित्यभ्यधीयत ॥१७॥
आकर्ण्येति तया पृष्टं, वसुदेवोऽस्ति को भुवि । सोऽवोचत्स दशार्होऽस्ति, दशमः खेचरीहितः ॥१८॥
वर्ण्यते बहुधा किं य–द्रूपापमानिताः सुराः । जानाना म्लानितामात्म–न्यदृश्यत्वमिवागमन् ॥१९॥
नारदो वर्णयित्वेत्यु–भयेाहितविचिंतकः । तिरोदधे स्वविद्याभि–र्देवतेव क्षणादपि ॥२०॥

પોતાને ત્યાં આવેલા નારદઋષિને દેવકીએ અભ્યુત્થાનપૂર્વક, આદરસત્કાર-પૂર્વક પૂજા કરીને સત્કાર્યા. ઉત્તમ પુરૂષો આંગણે આવેલાનું વિશેષ પ્રકારે આતિથ્ય કરે છે.

આશીર્વાદ આપતા નારદજીએ દેવકીને કહ્યું:–'તારો પતિ વસુદેવ થાઓ'! આ પ્રમાણેના આશીર્વચન સાંભળીને દેવકીએ નારદજીને પૂછયું:–સ્વામિન! તે વસુદેવ કોણ છે? નારદજીએ કહ્યું:–'દશમો દશાર્હ વસુદેવ હજારો વિદ્યાધરીઓનો સ્વામિ છે. અરે દેવકી, વસુદેવના રૂપનું શું વર્ણન કરૂં! તેના રૂપથી અપમાનિત થએલા દેવો ગ્લાનમુખવાલા બનીને પોતાની જાતને અદૃશ્ય રાખે છે.' બન્નેના હિતચિંતક નારદ વસુદેવના રૂપ-ગુણની પ્રશંસા કરીને પોતાની વિદ્યાથી દેવની જેમ ક્ષણમાત્રમાં અંતર્ધ્યાન થઇ ગયા. (૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦)

क्रमेणाथ चलंतौ तौ, नगरीं मृत्तिकावतीं । शौरिकंसौ समायातौ, न केनापि पराजितौ ॥२१॥
समाकर्ण्य समेतौ तौ, देवको वसुधाधिपः । संमदात्संमुखं गत्वा, प्रावेशयदिमौ पुरि ॥२२॥
गृहमानीय तैलांबु–स्नापितौ भोजितौ पुनः । समेतौ हेतुना केन, तौ भूपेनेत्यपृच्छ्यताम् ॥२३॥
कंसोऽवग्वसुदेवस्य, विवोढ़कुणशालिनः । उचितां देवकीं कन्यां, प्रदापयितुमागतः ॥२४॥
श्रुत्वेति देवकोऽवादी–न्नायं धर्मः सुभूस्पृशः । आकारणं विना कन्या–विवाहाय यदागमः ॥२५॥
अहं स्वयंवरे कन्यां, प्रदास्ये देवकीमिमां । नापरस्मै मनुष्याय, सद्गुणभ्राजिनेऽपि च ॥२६॥

तौ द्वावपि विलक्षास्यौ, स्वं बलं प्रविवेशतुः । महतां मानभंगे हि, महद् दुःखं प्रजायते ॥२७॥

પરાક્રમી એવા વસુદેવ અને કંસ અનુક્રમે મૃત્તિકાવતીમાં આવ્યા. દેવક રાજાએ સત્કારપૂર્વક તે બન્નેનો નગરપ્રવેશ કરાવ્યો, રાજમહેલમાં લાવી સુગંધી દ્રવ્યોથી મજ્જન સ્નાન વિલેપન કરાવી, ભોજનકાર્ય પતાવીને દેવક રાજાએ કંસને પૂછયું:-'કયા કારણથી આ બાજુ આવવાનું થયું?' કંસે કહ્યું: 'ગુણસમૃદ્ધિમાં વસુદેવ અજોડ છે. દેવકીને માટે યોગ્ય વર છે. તો દેવકીની સાથે વિવાહ કરાવવા માટે આવ્યો છું.' કંસના વચન સાંભળીને રોષે ભરાયેલા દેવકરાજ બોલ્યા:-'સારા માણસોનો આ ધર્મ નથી કે વિના કારણે કન્યાની માગણી કરવા સામે ચાલીને આવે હું તો સ્વયંવરમાં દેવકીને આપીશ. પરંતુ ગમે તેવો ગુણવાન હશે તો પણ મારી પુત્રી બીજા કોઇને નહી આપું. સમજ્યા?' આવા અપમાનિત વચન સાંભળીને શૂરવીર એવા પણ કંસ અને વસુદેવ વિલખા બની ગયા. મોટા માણસોને માનભંગ મહાદુખદાયી બને છે.

शुद्धांतःस्वकशुद्धांत–माविवेश ततो नृपः । विनयात्सहसा राज्ञ्या, समुत्थाय च सत्कृतः ॥२८॥
देवक्या निजतातत्वात्, प्रणतोऽसौ विशेषतः । पुत्र्यभीष्टो वरस्तेऽस्तु, ददावित्याशिषं तदा ॥२९॥

ત્યાંથી ઉઠીને પવિત્ર હૃદયવાળા દેવકરાજ અંતઃપુરમાં આવ્યા. મહારાણીએ ઊભા થઇને રાજાને વિનયપૂર્વક સત્કાર્યા. દેવકીએ પિતાને પ્રણામ કર્યા. 'તને ઇચ્છિત વર મળો!' આ પ્રમાણે પિતાએ આશીર્વાદ આપ્યા.

देव्यै देव इवावोच–द्देवको देवकीपिता । प्रियेऽयाचत कंसोऽद्य, वसुदेवाय देवकीं ॥३०॥

દેવકરાજાએ મહારાણીને કહ્યું :-પ્રિયે, ! આજે વસુદેવને લઇને કંસ આપને ત્યાં આવેલો. તેને વસુદેવ માટે દેવકીની માગણી કરી. મેં તેની માગણીને હુકરાવી દીધી.

मया तस्य न दत्तेत—द्विप्रयोगात्सहिष्णुना । आकर्ण्येति विषादेन, संपूर्णा देव्यजायत ॥३१॥
नारदोक्तगुणैश्चित्ते, प्रविष्टं तं पतिं विना । माभूदन्यो वरः कोऽपी–त्यरोदीद्देवकी भृशं ॥३२॥
शौरावेव तयोश्चित्तं, विज्ञाय देवकोऽभ्यधात् । प्रष्टुमत्र समेतोऽस्मि, मा खेदं कुरुतं युवां ॥३३॥
देवी प्रोवाच यद्येवं, तदैषा भाग्ययोगतः । स्वमेव समेतस्य, शौरेरेव प्रदीयतां ॥३४॥
राज्ञ्येत्युक्ते नृपः प्रोचे, मंत्रिन्नानीय ताविह । सत्कारयौकसो दानात्,प्रायः स्त्र्यनुचरो जनः ॥३५॥

પિતાના ઉપર્યુક્ત વચન સાંભળી દેવકી વિષાદથી ઘેરાઈ ગઈ. કારણ કે નારદના મુખે વસુદેવના ગુણોની પ્રશંસા સાંભળીને દેવકીએ હૃદયમાં વસુદેવને જ પતિ તરીકે સ્થાપિત કર્યા હતા અન્ય કોઈ પુરૂષને મનથી પણ ઇચ્છતી ન હતી. આ રીતે પ્રતિજ્ઞાબદ્ધ બનેલી દેવકી પિતાની વાત સાંભળીને અત્યંત રૂદન કરવા લાગી. અને પોતાનો નિશ્ચય માતા-પિતાને જણાવ્યો. દેવકરાજે પુત્રીનો નિશ્ચય જાણીને કહ્યું :-પુત્રી! તું ખેદ કરીશ નહી, હું તો માત્ર

પૂછવા માટે જ આવ્યો છું. મહારાણીએ પણ કહ્યું :-'સ્વામિન, આપણા ભાગ્યયોગે સામે ચાલીને વસુદેવ આવ્યા છે, તો તેમને સન્માન પૂર્વક દેવકીને આપો !' રાણીના વચનથી રાજાએ બન્નેને બોલાવવા માટે મંત્રીશ્વરને મોકલ્યા. પ્રાયઃ પુરૂષ સ્ત્રીની વાતને અનુસરતા હોય છે.

स्वसुतादित्सया शौरे, राज्ञापि स्वार्थसाधिना । तयोः सत्यापनारेभे, स्वार्थे ह्यादरकृज्जनः ॥३६॥

હવે પોતાની પુત્રી આપવાની ઇચ્છાવાલા દેવકરાજે તે બન્નેનો સારી રીતે સત્કાર કર્યો. સ્વાર્થી મનુષ્યો જ્યાંથી સ્વાર્થ સરે ત્યાં વધુ ઝુકતા હોય છે.

नैमित्तिकानथाकार्य, मुहूर्ते स्वामिनेक्षिते । देवक्या वसुदेवस्य, विवाहोऽभून्महोत्सवैः ॥३७॥
एकेन गोकुलेन स्याद्गवां दशसहस्रकं । सौरभेयीकुलान्येवं–विधानि दश यानि तु ॥३८॥
गोकुलानां पति तेषां, नदं यशोदया युतं । कोटिगोयुक्सुवर्णादि, देवकः शौरये ददौ ॥३९॥
अत्र मे तिष्ठतो माभू–द्विगानं श्वशुरौकसि । आसीज्जिगमिषुः शौरि–रादाय देवकीं ततः ॥४०॥

જ્યોતિષીએ આપેલા શુભમુહૂર્તે વસુદેવ અને દેવકીનો ઘણા ઠાઠથી વિવાહ–મહોત્સવ કર્યો અને રાજાએ પુત્રીના કન્યાદાનમાં એક ગોકુલમાં દશ હજાર ગાયો હોય તેવા દશ ગોકુલ આપ્યાં. ગોકુલો સાચવવા માટે ગોવાળોમાં મુખ્ય નંદ અને યશોદા નામના પતિ–પત્નીને ગોકુલના અધિપતિ તરીકે આપ્યા. વળી વસુદેવને સુવર્ણ રત્ન હાથી ઘોડા આદિ ક્રોડોની સંખ્યામાં આપ્યું.

आगातां मथुरां शौरि–कंसौ नंदसमन्वितौ । मित्रापणिग्रहाद्धूर्षं, कंसश्चक्रे निजे गृहे ॥४१॥

"સસરાને ત્યાં વધારે રહેવું સારૂં નહી," એમ વિચારી વસુદેવે દેવકરાજની રજા મેળવી દેવકી વિગેરે પરિવાર સાથે મથુરા તરફ પ્રયાણ કર્યું.

पूर्वं जनकदुःखेन, समादत्तव्रतो मुनिः, । कंसानुजोऽतिमुक्तोऽगा—त्पारणे कंससद्मनि ॥४२॥

કંસે વસુદેવ–દેવકીને પોતાના ત્યાં લઈ જઈ હર્ષપૂર્વકફરીથી પાણિગ્રહણ મહોત્સવ ઉજવ્યો. પૂર્વે પિતાના (ઉગ્રસેનના) દુખથી દુખી થઇને દીક્ષિત બનેલા અતિમુક્ત મુનિ માસક્ષમણના પારણે કંસને ત્યાં વહોરવા માટે પધાર્યા.

वर्षाकाले यथा नद्यो, मदकाले मतंगजाः । यवना मद्यपानेषु, विवाहे स्युस्तथांगनाः ॥४३॥

'વર્ષાકાળમાં નદીઓ, મદકાળમાં હાથીઓ અને મદ્યપાનમાં જેમ યવનો ઉન્મત્ત બને છે, તેમ સ્ત્રીઓ વિવાહ આદિ પ્રસંગોમાં મદોન્મત્ત બનતી હોય છે.

तथा द्वेधापि सौवस्य, भर्तुर्मानेन मानिनी । कंससीमंतिनी जीव–यशा अस्ति मदोद्धता ॥४४॥
तदा कंसनिशांते स्व—पारणायागतस्य तु । सा तपःकृशदेहस्या–तिमुक्तस्य गलेऽलगत् ॥४५॥

रे किं देवर संसार–सुखेच्छा ते न यौवने । अथवा किं त्वया त्यक्तं, स्वकीयमौढ्ययोगतः ॥४६॥
अथापि मयका साकं, त्वं रमस्व यथासुखं । गीतगानैः फलादानै–र्विनोदैर्वरनर्तनैः ॥४७॥॥
गले जीवयशास्तस्य, लगित्वेति जगौ मुनेः । गृहस्थस्येव बहुला, तया कृता कदर्थनाः ॥४८॥

તે પ્રમાણે કંસની પત્ની જીવયશા પતિની માનીતી અને ઉત્સવમાં ઉન્મત્ત બનેલી, તપથી કૃશ થઈ ગયેલા અતિમુક્ત મુનિના ગળે વળગી પડી અને બોલી :–અરે, દીયર, શું તને સંસારસુખની ઇચ્છા નથી કે જેથી તું યૌવનમાં ત્યાગી બની ગયો છે? સાવ મૂર્ખ છે તું. ચાલ ચાલ મારી સાથે. ગીત ગાન નૃત્ય, હાસ્ય–વિનોદ નાચવું કૂદવું આદિ યથેચ્છ ક્રીડા કર ! આ પ્રમાણે ગળે વળગીને જીવયશાએ પાગલની જેમ મુનિને ફેરફુંદડી ફેરવ્યા.

शीतं यद्यपि पानीय–मुष्णं स्यादग्नियोगतः । शांतस्यापि तथा साधोः, क्रोधस्तस्याऽभवत्तदा ॥४९॥
ज्ञानी मुनी रुषाब्रूत, किं वदसि दुर्मते । उच्छृंखला मदेान्मत्ता, विह्वला पतिगर्विणी ॥५०॥
यदर्थं क्रियते गीत–गानादिरुत्सवस्त्वया । तदीयः सप्तमो गर्भो, हंता ते पतितातयोः ॥५१॥
यथाहिदमनीयोगा–त्सर्पस्य विषमुत्तरेत् । तस्य वाचा तथा सद्य–स्तन्मदोत्कटता गता ॥५२॥
चित्तात्तरयां गतायां सा, सावधानाभवद्यदा । तद्वाक्यवज्रघातेन, जातं शल्यमिवावहत् ॥५३॥
हा हा संतापितः साधु–र्मया दुष्टं विचेष्टितं । निंदंतीति स्वकर्माणि, रुदंती सा घवं गता ॥५४॥
तत्र गत्वा तया सर्वं, स्वस्वरूपं निरूपितं । समाकर्ण्याभवत्कंसः, कांदिशीको महानपि ॥५५॥

જળ શીતળ હોવા છતાં અગ્નિના સંયોગથી ઉષ્ણ બની જાય છે તેમ શાંતરસમાં ઝીલતા એવા જ્ઞાની સાધુને ક્ષણિક આવેશ આવી ગયો ! અને બોલ્યા :–'અરે દુર્મતિ, પતિના માનથી અભિમાની બની આટલી ઉચ્છૃંખલ અને ઉન્મત્ત કેમ બની ગઈ છે ? જેના માટે ગીત ગાન અને ઉત્સવ ઉજવી રહી છે, એ જ દેવકીનો સાતમો પુત્ર તારા પતિ અને પિતાને મારનારો થશે.' આ પ્રમાણેના મુનિના વચનથી જેમ નાગદમનીથી સર્પનું ઝેર ઉતરી જાય તેમ જીવયશાનો ઉન્માદ તત્કાળ ઓસરી ગયો ! અને હૃદયમાં ઉતરી ગયેલા મુનિના શબ્દોથી સાવધાન બની ગઈ. વજ્રના ઘા સમાન મુનિના વચનથી હણાયેલી જીવયશા પોતાના દુષ્કાર્ય અને દૌર્ભાગ્યને નીંદતી રહતી રહતી પતિ પાસે ગઇ, અને કહ્યું : અરેરે સ્વામિન, મેં પાપિણીએ મુનિને સંતાપ્યા ત્યારે મુનિએ મને શ્રાપ આપ્યો. એમ કહીને આદિથી અંત સુધીની બધી હકીકત કહી. શૂરવીર કંસ પણ વાત સાંભળીને ભયભીત બની ગયો.

पश्चिमायां दिशायां चे–दहो कदाचिदंशुमान् । उदियात्साधुवाक्यं न, तथापि विफलं भवेत् ॥५६॥
दध्यौ कंसो मृतेर्भीतो, यावत्कोऽपि न वेत्त्यदः । गर्भान् सप्ताप्यनुत्पन्नां–स्तावद्याचे स्वमित्रतः ५७
न मे दास्यत्यसौ गर्भान्, देवक्य प्रार्तितो यदि । तदोपायं करिष्येऽहं परं जीवितरक्षणे ॥५८॥
ध्यात्वेत्युत्पिजलत्वं स, विभ्रच्चित्ते मुखेऽपि च । दर्शयन् वसुदेवाय, दूरादेव नमो व्यधात् ॥५९॥

'સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગે પરંતુ સાધુનું વચન નિષ્ફળ જતું નથી.' આ પ્રમાણે મરણના ભયથી ધ્રૂજી ગયેલો કંસ વિચારે છે :–જ્યાં સુધી આ વાત કોઈ જાણતું નથી ત્યાં સુધીમાં મિત્ર પાસેથી દેવકીના સાતે ગર્ભો માગી લઉં ! દેવકી કદાચ મારી માગણી સ્વીકારે નહી તો જીવનની રક્ષા માટે બીજો કોઈ ઉપાય વિચારીશ.' આ પ્રમાણે મનમાં કપટ યોજના વિચારી, ઉદાસીન બનેલા કંસે વસુદેવને આવતા જોઈને દૂરથી નમસ્કાર કર્યા.

समुत्पिजलमालोक्य, कंसं शौरिर्जगावहो । मित्रेदृशं स्वरूपं किं, वद त्वं सुहृदो मम ॥ ६० ॥
मद्वचो वसुदेवोऽयं, प्रकरिष्यति वा न वा । एवं संकल्पनां मुक्त्वा, निःशंकं वद मे सुहृद् ॥६१॥
बहुधा वसुदेवेन. कंसस्येत्युदिते सति । विनयी प्रांजलिर्भूत्वा सोऽवक् स्नेहलया गिरा ॥६२॥
केवलं त्वं न मे मित्रं, भ्राता माता पिता प्रभुः । ऋद्धिर्वृद्धिर्विधाता च, त्वत्तः परो न कोऽपि मे ६३
त्रिखंडभरताधीशाज्जरासंधात्त्वयैव भो । वल्लभादापिता, जीवयशा जीवयशा मम ॥ ६४ ॥
कंसेन हृदि दुष्टेन, मृष्टवाचेति जल्पिता । निजार्थे हि न को भावी मृष्टावाचादिजल्पकः॥६५॥
अद्य यावन्मया मित्र ! कल्पद्रोस्तव संनिधेः । किमपि प्रार्थितं नास्त्यधुना दद्याब्रवीत्ततः ॥६६॥
प्रति तं वासुदेवोऽवग्, यद्वपुर्मे धनादि च । सर्वमपि त्वदायत्तं किमन्यस्य प्रयोजनं ॥६७॥

કંસનો ઉદાસીન ચહેરો જોઇને વસુદેવે કહ્યું :–મિત્ર ! કેમ આમ ? શું થયું ? ઉદાસ થવાનું શું કારણ ? હું તારો મિત્ર છું જે હોય તે કહે ! 'વસુદેવ મારૂં વચન માનશે કે નહી' એવો સંકલ્પ છોડી નિઃશંક બની જે હોય તે કહે ! તારૂં ગમે તે કામ હશે તે હું કરી આપીશ.' આ પ્રમાણે વસુદેવની વાત સાંભળી બે હાથ જોડીને મધુર વચનથી કંસે કહ્યું :–સ્વામિન્, આપ ફક્ત મારા મિત્ર નથી પરંતુ માતા પિતા બંધુ સ્વામિ અને સર્વે ઋદ્ધિ સિદ્ધિના દાતા છો ! તમારાથી અધિક મારે બીજું કોઈ નથી. આપે જ ત્રણખંડના અધિપતિ જરાસંધની વ્હાલસોયી પુત્રી જીવયશા મને અપાવી છે. વધારે શું કહું ? તમે જ મારા સર્વેસર્વા છો ! આપનાથી મારે શું છૂપાવવાનું હોય ? જે કાંઈ જોઇતું હશે તે આપની પાસે જ માગી લઈશ. કલ્પવૃક્ષ સમા આપની પાસે માગવાથી શું શું ના મળી શકે ? આ જે કાંઈ છે તે બધુ આપનારા આપ જ છો.

કંસની આવી મધઝરતી વાણી સાંભળી સરલ હૃદયી વસુદેવે કહ્યું :–મિત્ર, ધન મિલકત અને આ શરીર પણ તને આધીન છે. તારે જે કાંઈ કહેવું હોય, માગવું હોય, તે સુખેથી કહી શકે છે અને માગી શકે છે.

कंसोऽभ्यधत्त यद्येवं, हितं मयि विचिंत्यते । तद्देवक्या इतो देहि, गर्भान् सप्तापि जन्मतः ॥६८॥
कापटचं सुहृदे माभू—त्प्रार्थनाभंगताथवा । मया निगदिता वाणी, मास्तु वा फलवर्जिता ॥६९॥
कुटिलं सरलात्मा तु, जानन् सरलमात्मवत् । वसुदेवः प्रपेदे त—द्वचनं प्रांजलोज्ज्वलः ॥७०॥

કપટી કંસે કહ્યું :–'આપ સદાય મારી હિતચિંતા કરનારા છો, તો મારા સંતોષની ખાતર દેવકીના જે જે પુત્રો થાય તે બધા જન્મતાની સાથે જ મને આપી દેવા'! ગાઢ મૈત્રી પાછળ કોઈ કપટ કે પ્રાર્થનાભંગ જેવું હોતું નથી, તો મારૂં વચન નિષ્ફલ જવું ના જોઇએ!

સરલ માણસો બીજાની કુટિલતાને સમજતા નથી પરંતુ બધાને સરળ જ માને છે. તેથી ભદ્રિક અને સરળ વસુદેવે કંસનું વચન માન્ય કર્યું.

लोकेऽपि यो भवेद्धूर्तः, कार्यं कुर्यान्निजं दृढं । ततोऽवग्वसुदेवाय, कंसः पुनरपि द्रुतं ॥७१॥
तवाहं वल्लभो बंधो, ततस्त्वया प्रतिश्रुतं । परं यावन्न देवक्या, तावत्पूर्णा न मे स्पृहा ॥७२॥
कंसेनेत्युदिते शौरि—रपश्यत् स्वप्रियाननं । अज्ञातपूर्ववृत्तांता, प्रत्यपद्यत सापि तत् ॥७३॥

લોકોમાં કહેવાય છે કે ધૂર્ત માણસો શંકાશીલ હોય છે. પોતાની વાતને દૃઢ કરવા માટે સદાય પ્રયત્નશીલ હોય છે. કંસે પણ પોતાની વાતને નક્કી કરવા માટે ફરીથી વસુદેવને કહ્યું :–આપને તો મારા ઉપર અત્યંત પ્રેમ છે, પરંતુ દેવકી આ વાત માન્ય નહી રાખે તો?! આ પ્રમાણેના કંસના કથનથી વસુદેવે દેવકી સામે જોયું! દેવકીને આ કોઈ વાતનો ખ્યાલ નહી હોવાથી તેણે પણ કંસની વાત માન્ય રાખી.

प्रत्युतोचे च सा देवी, रे कंस मम वर्तसे । त्वं बांधवस्तथाभीष्टं, मित्रं तत्स्वामिनोऽपि च ॥७४॥
तदा श्रीवसुदेवस्य, नंदनानां प्रमोदिनां । तवापि तनूजानां किं, भदोऽत्रापि प्रवर्तते ॥७५॥
वसुदेवोऽवदत्कांते, कांतेक्षणे कुरंगवत् । सोपचारैः सितामृष्टै—स्तदीयैर्वचनैरलं ॥ ७६ ॥
रत्नगर्भेव पुंरत्न—गर्भा त्वमसि तत्प्रिये । सप्तापि जातमात्रांस्ते, गर्भान् कंसवशान् कुरु ॥७७॥
पतिवाग्भंगभीतेव, सापि तत्प्रत्यपद्यत । कुलीना या भवेत्कांता, सा हि पत्यनुगामिनी ॥७८॥

અને દેવકીએ કહ્યું :–કંસ, તું તો મારો પ્રિયબંધુ છે. વળી મારા સ્વામિનો પ્રિય મિત્ર છે. તેથી વસુદેવના પુત્રો અને તારા પુત્રો વચ્ચે શું ભેદ હોય?' સાંભળીને વસુદેવે

કહ્યું :-'મૃગાક્ષિ ! સાકર અને અમૃત કરતાં પણ અધિક તારા મીઠા વચનોથી સર્યું. તું સ્પષ્ટ કહી દે ને ! પ્રિયે, પૃથ્વીની જેમ રત્નગર્ભા તો તું છે. તો તારા સાતે પુત્રો જન્મતાની સાથે જ કંસને આપી દેવા ! 'પતિનું વચન ફોગટ ના થવું જોઈએ.' એમ માનીને દેવકીએ પણ કંસની વાત કબુલ રાખી. ખરેખર કુલીન સ્ત્રીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે.

दंपत्योर्निश्चलत्वं, तज्जानन् संतुष्टमानसः । विसृष्टो शौरिणा मद्य—शौंडः कंसोऽगमद् गृहं ॥७९

વસુદેવ અને દેવકીના નિર્ણયથી સંતુષ્ટ થયેલા અને નશામાં ચકચૂર બનેલા કંસે વસુદેવને વિદાય આપી અને વસુદેવ-દેવકી શૌર્યપુરમાં ગયા.

द्वादशयोजनायामा, गर्जनेव पयोमुचः । प्रासरद्यतिना प्रोक्ता, वाग्जीवयशसो भुवि ॥८०॥
साधुवाचाममोघां तां, विष्वगाकर्ण्य दंपती । अमुष्णान्मायया कंस, आवामिति व्यषीदतां ॥८१॥

બાર યોજન દૂર રહેલી મેઘની ગર્જના જેમ સંભળાય છે તેમ જીવયશાને અતિમુક્ત મુનિએ કહેલી વાત ચારેબાજુ પ્રસરી ગઈ. વસુદેવ અને દેવકી પણ સાધુની અમોઘ વાણી સાંભળીને ખુબ દુઃખી થઈ ગયા. ખરેખર કંસે આપણી સાથે ઠગાઈ કરી.

इतश्च नागनामेभ्यो, भद्दिले हि तदाभवत् । तस्य पुण्यवतो भार्या, सुलसा श्राविकाग्रणी ॥८२॥
नश्यत्प्रसूतिका भावि—न्यूचे बाल्येऽपि तामिति । चारणर्ष्यतिमुक्तेन, तपःसंजातलब्धिना ॥८३॥
अवन्ध्यां व्रतिनो वाचं, जानती नैगमेषिणं । आराधयत्तपोभिः सा, निजसंतानभूतये ॥८४॥
प्रसन्नीभूततांस्तस्या, अवादीत्सोऽथ निर्जरः । तपोभिस्तेऽस्मि संतुष्टो, याचस्व धर्मिणीप्सितं ८५
सा प्रोचे यदि तुष्टोऽसि, शक्तिमान् हितचिंतकः । अपुत्रिण्यास्तदा पुत्रान् , देहि मे त्वं प्रसादतः ८६

આ બાજુ ભદ્દિલપુર નગરમાં નાગ નામના શ્રેષ્ઠિની સુલસા નામની શ્રાવિકા પત્ની હતી. તપોલબ્ધિવાળા ચારણઋષિ એવા અતિમુક્ત મુનિએ સુલસાને બાલ્યાવસ્થામાં કહેલું કે 'તને ભવિષ્યમાં મરેલા પુત્રો જન્મશે.' ઋષિની અમોઘવાણી જાણીને સુલસાએ પુત્રપ્રાપ્તિ માટે અટ્ઠમનો તપ કરી હરિણીગમેષી દેવની આરાધના કરી. તેના તપના પ્રભાવથી પ્રસન્ન થયેલા હરિણીગમેષી દેવે સુલસાને કહ્યું :-સુલસા ! તારી ઈચ્છાનુસાર વરદાન માંગી લે.'

પ્રસન્ન થયેલા આપ શક્તિશાળી અને મારા હિતચિંતક છો તો આપ કૃપા કરીને અપુત્રીયા એવી મને પુત્રો આપો !

निंदुरेषेति विज्ञाया—पधिज्ञानधरः सुरः । जगादेति तपःशील—गुणरंजितमानसः ॥८७॥
त्वमसि श्राविका निंदुरतो, गर्भान् मृतांस्तव । अहं संचारयिष्यापि गर्भेषु देवकीस्त्रियः ॥८८॥
ये गर्भा देवकीदेव्याः कंसेन हंतुमर्थिताः । गर्भस्थांस्तांस्त्वदीयेऽहं, गर्भे क्षेप्स्याम्यसंशयं ॥८९॥

एवमेव तयेत्युक्ते, नैगमेषी सुरोत्तमः । पुष्पवत्या समं चक्रे, गर्भिणीं सुलसां च तां ॥९०॥
निजशक्त्या ततो देव—श्चक्रे मुदितमानसः । विनियमं तयोर्नूनं, गर्भयोर्नैगमेषी सः ॥९१॥

અવધિજ્ઞાની દેવે 'સુલસા નિંદુરા છે' (રક્તરોગી. ગર્ભમાં જ પુત્રો મરી જાય) એમ જાણીને કહ્યું :-' તને મરેલા પુત્રો થશે ! પરંતુ તું સાચી શ્રાવિકા છે, પતિવ્રતા છે, તારા તપના પ્રભાવથી હું સંતોષ પામ્યો છું. તેથી તારા મરેલા પુત્રો દેવકીને ત્યાં અને દેવકીના પુત્રો જન્મતાની સાથે જ તારે ત્યાં મૂકી દઈશ. કારણ કે દેવકીના પુત્રોને મારી નાખવા માટે કંસે માગી લીધા છે, તેથી આ રીતે ફેરફાર કરીને તને પુત્રો આપીશ.' આ પ્રમાણે કહીને દેવ અંતર્ધ્યાન થઈ ગયા.

व्यापन्नमपि तं बालं, गृहीत्वा कंससेवकाः । स्वसेवासूचनार्थं ते, ददुः कंसाय दुर्धियै ॥९२॥
दुरात्मा निर्दयः सोऽपि, तमाददे स्वपाणिना । मन्मारकोऽयमित्युक्त्वा—स्फालयद् दृषदा सह ९३
षट्स्वप्येतेषु गर्भेषु, श्रुत्वा कंसकदर्थनां । दंपती छलितौ वाचा, जीवन्मृतौ बभूवतुः ॥९४॥

દેવકીની સાથે સુલસા પણ ગર્ભવતી બની. અવસરે દેવે પોતાની શક્તિથી દેવકીના પુત્રને સુલસાને ત્યાં અને સુલસાના મરેલા પુત્રને દેવકીની પાસે મૂકી દીધો ! પુત્રજન્મ સાંભળીને તરત જ કંસના સેવકોએ પોતાની ફરજ સમજી દેવકીના મરેલા પુત્રને દુર્બુદ્ધિ કંસને આપ્યો ! 'આ મને મારનારો છે,' એમ કહીને દુરાત્મા કંસે નિર્દય બનીને બાળકને પત્થરની શિલા પર ત્રણ વખત પછાડીને ફેંકી દીધો. આ પ્રમાણે પોતાના છએ પુત્રોને દુષ્ટાત્મા કંસે મારી નાખ્યા જાણી વસુદેવ-દેવકી છળી પડયા અને ખુબ જ દુખી થયા. તેઓ જીવતા મરેલા બરાબર બની ગયા.

षडेते नामतोऽनीक—यशाश्चानंतसेनकः । अजितसेनकः ख्यातो, निहतारिस्तथापरः ॥९५॥
देवयशाः स्फुरद्देव—यशाश्च शत्रुसेनकः । सर्वेऽपि सदृशाकारा—स्तुल्यलावण्यधारिणः ॥९६॥

અનીકયશ, અનંતસેન, અજિતસેન, નિહતારિ, દેવયશ, અને શત્રુસેન આ નામથી દેવકીના છએ પુત્રો એક સરખી સુંદર આકૃતિવાલા સુલસાને ત્યાં વૃદ્ધિ પામવા લાગ્યા.

तस्यां स्वप्नेऽयदापश्य—देवकी सिहमुत्तमं । रवीन्द्वग्निं वृषं चापि, विमानाब्जसरस्तथा ॥९७॥
जीवोऽथ गंगदत्तस्य, च्युत्वा शुक्रात्सुपर्वणः । प्रभास्वद्देवकीकुक्षौ तस्यां रात्रावववातरत् ॥९८॥

કોઈ એક વખતે રાત્રિમાં દેવકીએ સ્વપ્નમાં સિંહ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વૃષભ, વિમાન અને પદ્મસરોવર—આ પ્રમાણે સ્વપ્ન જોયાં. ત્યારે સાતમા મહાશુક્ર નામના દેવલોકથી ગંગદત્તનો જીવ દેવકીની કુક્ષીમાં આવ્યો.

કૃષ્ણ વાસુદેવના પૂર્વભવનો વૃત્તાન્ત

[અચલ અને ગંગદત્ત નામના બે બેડુત ભાઇઓ હતા. એક વખત કોઈ કાર્ય માટે ગાડામાં બેસીને બહારગામ જતા હતા, રસ્તામાં સામેથી એક નાગણ દોડતી આવતી હતી. તેને જોઇને અચલે ગંગદત્તને બાજુમાં ગાડુ લઈ લેવાનું કહ્યું પરંતુ ગંગદત્તે મજામાં નાગણ ઉપર જ ગાડુ ચલાવ્યું. નાગણ કચરાઈ ગઈ. તેના ચી-ચી અવાજથી ગંગદત્ત ખૂશ થયો. અચલને દુખ થયું. નીચે ઉતરી નાગણના મુખમાં પાણી મૂકયું. ગંગદત્તના ઉપર રોષે ભરાયેલી નાગણ તરફડીને મરી ગઈ. મરીને કોઈ એક નગરના શ્રેષ્ઠીને ત્યાં યશોમતી નામની પુત્રી થઈ. નગરશેઠના પુત્ર સાથે તેના લગ્ન થયાં. અચલનો જીવ ત્યાંથી મરીને યશોમતીની કુક્ષિમાં પુત્રપણે આવ્યો. તેને ઘણા વહાલપૂર્વક રાખે છે. ગંગદત્તનો જીવ પણ યશોમતીની કુક્ષિમાં આવ્યો. ગર્ભમાં આવતાની સાથે જ યશોમતીને ગર્ભ પ્રત્યે ઘૃણા તિરસ્કાર અને દ્વેષ જન્મ્યો. ગર્ભનો નાશ કરવા માટે ઘણા ઉપાયો કર્યા પરંતુ નિષ્ફળ ગઈ. પૂર્ણમાસે પુત્રને જન્મ આપ્યો. જન્મતાની સાથે જ બાળકનું ગળું દબાવીને મારી નાખવા લાગી. તેવામાં દાસીએ તેના હાથમાંથી બાળકને ખૂંચવી લીધો, તેના પિતાને આપ્યો. પિતા ગુપ્તપણે બાળકને ઉછેરે છે. કોઈ પ્રસંગે પિતાએ બાળકને બહાર લાવી જમવા બેસાડયો ! યશોમતીએ જોતાની સાથે જ પૂર્વભવના દ્વેષથી પ્રેરાઇ સળગતું લાકડું લઇને તેને મારવા દોડી. ત્યાંથી ભાગી ગંગદત્ત તાપસના આશ્રમમાં ગયો. ત્યાં કુલપતિએ તેને આશ્વાસન આપ્યું. અચલ પણ ભાઇના મોહથી શોધતો શોધતો આશ્રમમાં ગયો. ત્યાં બન્ને ભાઇઓ તાપસ બની તપશ્ચર્યા કરતા જીવન વ્યતીત કરવા લાગ્યા. અનુક્રમે અચલ ત્યાંથી મરીને સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં દેવ તરીકે થયો. ભાઇના મૃત્યુથી ખેદ પામેલા ગંગદત્તો અનશન કર્યું. નજીકના નગરના રાજા વિશાળ સૈન્ય સહિત દર્શનાર્થે આવ્યા. રાજાની સમૃદ્ધિ જોઈ ગંગદત્તો નિયાણું કર્યું :-'આ તપશ્ચર્યાનું કંઈ પણ ફળ હોય તોઆવતા ભવમાં વિશાળ રાજ્યનો અધિપતિ બનું' ! આ પ્રમાણે નિયાણું કરી મરણ પામી સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી દેવકીની કુક્ષિમાં સાત સ્વપ્નથી સૂચિત કૃષ્ણ વાસુદેવ તરીકે ઉત્પન્ન થયા. નાગણનો જીવ અનેક ભવમાં ભટકી પ્રતિ વાસુદેવ જરાસંધ તરીકે થયો.]

निरीक्ष्य देवकी स्वप्नान्, स्वभर्तारं व्यजिज्ञपत्। स्वामिन्नद्य मया स्वप्ना, दृष्टाः सिंहादिका वराः ९९
निशम्य वसुदेवस्ता—नुवाच निजबुद्धितः। प्रिये स्वप्नानुसारेण, श्रेष्ठः पुत्रो भविष्यति ॥१००॥
साप्यवादीद्यदि स्वामिन्, सुतरत्नं भविष्यति। तद्रत्नं रक्षितुं कंसा—दावाभ्यां शक्यते कथं ॥१०१॥
वसुदेवोऽवदत्सुभ्रु, चिंतां त्वं मा कृथा वृथा। स एव निजभाग्येन, चिंतयिष्यति जीवितः ॥२॥

દેવકીએ સ્વપ્નો જોઇને પોતાના પતિ વાસુદેવને કહ્યું :-સ્વામિન્, મેં આજ રાત્રિએ સિંહ આદિ સાત મહાસ્વપ્નો જોયાં ! સાંભળીને વસુદેવે પોતાની મતિ અનુસાર કહ્યું :-દેવી,

શુભ સ્વપ્નના અનુસારે તમને શ્રેષ્ઠ અને સુંદર પુત્ર થશે.' દેવકીએ કહ્યું :-સ્વામિન્, આપના વચન મુજબ સુંદર પુત્ર રત્ન થશે પરંતુ એ પુણ્યશાળી પુત્રનું પાપી કંસથી આપણે રક્ષણ કેવી રીતે કરીશું ?' વસુદેવે કહ્યું :-તું શા માટે ચિંતા કરે છે ? ભાગ્યશાળી પુત્રનું રક્ષણ એનું ભાગ્ય જ કરશે.' આ પ્રમાણે નિશ્ચિંત બનેલા દંપતી સમયની રાહ જોતા રહ્યા.

पूर्णे मासे चार्द्धरात्रे च, शुभे चंद्रादिके सति । नभोमासे सिताष्टम्यां, प्रासूत देवकी सुतं ॥३॥
आबाल्यादपि देवानां, सान्निध्यं भजते हरिः । तत्तस्योपद्रवान् सर्वान्, निराकुर्वन्ति देवताः ॥४॥
तद्दैवताभिरन्येषां, हर्षः प्रादायि जन्मतः । कंसमुक्तभटानां तु निद्रावस्वापिनी तदा ॥५॥
प्रत्यूहोऽस्य मनाग्माभू—न्नंदौकोमुक्तिकर्मणि । इति ताभिस्ततः सर्वे, मृता इव विनिर्मिताः ॥६॥

શ્રાવણ વદ આઠમની મધ્યરાત્રિએ ચંદ્ર નક્ષત્ર આદિના શુભયોગમાં પૂર્ણમાસે દેવકીએ પુત્રરત્નને જન્મ આપ્યો. સતત દેવીઓના સાન્નિધ્યથી રક્ષાયેલા બાલકૃષ્ણના સઘળાયે ઉપદ્રવોનું નિવારણ દેવીઓ કરવા લાગી. ઘણા હર્ષથી દેવીઓએ કંસે રોકેલા સુભટોના ઉપર અવસ્વાપિની (ગાઢ) નિદ્રા મૂકી. કારણ કે નંદ ગોવાળીયાના ઘેર જતા રસ્તામાં કોઈ વિઘ્નો ના આવે. માટે સૌ સુભટોને મૃતપ્રાયઃ કરી દીધા.

अथाकार्य पतिं देव—क्यूचे रहसि सत्वरं । स्वामिन्नस्मि विपक्षेण, बद्धा कंसेन वाचया ॥७॥
यो यो गर्भो मया जातो, हतोऽनेन स पापिना । षण्णामपि च गर्भाणां, जनितं हननं क्रुधा ॥८॥
सिंहादिसप्तकस्वप्न—संसूचितेऽत्र सप्तमे । गर्भेऽवस्था यदा सैव, ज्ञेया द्राग्मे मृतिस्तदा ॥९॥

તરત જ દેવકીએ વસુદેવને એકાંતમાં બોલાવી કહ્યું :-'સ્વામિન્, આપ તો દુષ્ટ કંસની સાથે વચનબદ્ધ છો જેથી મારા છ એ છ પુત્રોને પાપીને હવાલે કર્યા. અને એ દુરાત્માએ મારા બધા જ પુત્રોને મારી નાખ્યા. તો સિંહ આદિ સાત શુભ સ્વપ્નોથી સૂચિત મારા આ બાલનું રક્ષણ નહી કરો તો હું જીવી શકીશ નહી.'

वसुदेवोऽवदद्देवि, गर्भस्यास्य तदा कथं । रक्षां करोमि साऽवोच—न्मुंचैनं नंदमंदिरे ॥१०॥
सत्यं सत्यं प्रिये प्रोक्तं, वसुदेव इति ब्रुवन् । लात्वा द्राभ्यां कराभ्यां तं, निर्ययौ यामिकालयात् ॥११॥
शीर्षोपर्यातपत्रं च, प्रसूनवृष्टिमादधे । प्रदीपैरष्टभिर्मार्गे, दीपयंत्यश्च देविका ॥१२॥
कृत्वोज्ज्वलर्षभरूपं, भूत्वा देवीभिरग्रतः । पुर्या उद्घाटितं द्वार—मवबुद्धं न केनचित् ॥१३॥
शौरिं प्राप्तं पुरद्वारं, चोग्रसेनोऽस्ति पंजरे । किमस्ति हस्तयोस्ते भोः स चित्रादिति पृष्टवान् ॥१४॥
सोऽप्यूचे तेऽरीभूतस्य, ध्रुवं कंसस्य वैर्ययं । उक्त्वेति दर्शयित्वा तं, वसुदेवोऽब्रवीत्पुनः ॥१५॥
सुवर्णसदृशादस्मा—त्कंसः कांस्यं भविष्यति । एतन्मूल्ये च तन्मूल्यं, भविता न मनागपि ॥१६॥
यदुवंशोदयोऽमुष्मा—दस्मात्कंसपरासन । अस्माच्च ते शुभं भावि, न कथ्यं कस्यचिन्नृप ॥१७॥

વસુદેવો વદિત્વેત્યા–નંદાન્નંદસ્ય મંદિરં। જગામ તેજસાં ધામ, રામાભિરામમોહનં ॥૧૮॥
નંદોઽપ્યથ નિશીથે તં, સમાયાતં વિલોક્ય ચ। વ્યાચષ્ટ સહસોત્થાય, સ્વામિન્નત્રાગમઃ કથં ॥૧૯॥
સોઽપ્યભ્યધત્ત તં પશ્ચા–ત્કિંવદંતી વિધાસ્યતે। સાંપ્રતં તે યશોદાયાઃ, પાર્શ્વેઽમું મુચ બાલકં ॥૨૦॥
તદા તયાપિ સૂતાસ્તિ,સુતા સૌભાગ્યશાલિની। તાં લાત્વા તત્ર તં મુક્ત્વા,શૌરિસ્તતોઽથ જગ્મિવાન્ ૨૧
તાં બાલાં દેવકીપાર્શ્વે, મુક્ત્વા રહસિ સંસ્થિતઃ। પ્રમીલામકરોત્સદ્યઃ, સુખેન કાર્યસાધનાત્ ॥૨૨॥

વસુદેવે કહ્યું :–'દેવી, આ પુત્રની રક્ષા હું કેવી રીતે કરૂં ?' દેવકીએ કહ્યું :–સ્વામિન્, હમણાં ને હમણા આ પુત્રને લઈ ગોકુળમાં જાવ. ત્યાં નંદ–યશોદાની પાસે મૂકીને આવો.' વસુદેવ કહે :–'બરાબર, બરાબર. આ વાત તારી સાવ સાચી છે. હમણાં જ જાઉં છું.' એમ કહી પુત્રને બે હાથમાં લઈને રાજમહેલમાંથી બહાર આવ્યા. ત્યાં કૃષ્ણની અધિષ્ઠાયિક દેવીઓએ પુષ્પ વૃષ્ટિ કરી, ઉપર છત્ર ધારણ કર્યું અને આઠ દેવીઓ પ્રકાશ માટે હાથમાં દીપક લઈ આગળ ચાલી. સૌથી મોખરે એક દેવી ગાયનું રૂપ ધારણ કરીને આગળ ચાલી. આ બધાની સાથે વસુદેવ નગરના દરવાજા પાસે આવ્યા. દરવાજો આપો આપ ઉઘડી ગયો. દરવાજાની બહાર નગરની દુર્ગંધી ખાળની નજીક પાંજરામાં પૂરાયેલ ઉગ્રસેન રાજા જાગતા બેઠા હતા. વસુદેવને જોઈને પૂછયું :–'આમ અંધારી રાત્રે એકલા કયાં ચાલ્યા ? વળી તમારા હાથમાં શું છે ?' વસુદેવે હાથમાં રહેલા બાળકને બતાવીને કહ્યું :–'મારા અને તમારા કટ્ટર દુશ્મન કંસનો આ કાળ છે. સુવર્ણ સમાન આ પુત્રથી કાંસા જેવા કંસનો કાસ નીકળી જશે ! સુવર્ણના મૂલ્ય આગળ કાંસાનું શું મૂલ્ય હોય ? કંસનો નાશ કરી અમારા યદુવંશનો ઉદય કરનારો બનશે. તમારો પણ હિતકારી છે. તેથી આ વાત કોઈને પણ કરશો નહી.' એમ કહીને વસુદેવ આનંદપૂર્વક ગોકુળમાં ગયા. નંદ ગોવાળે મધ્ય રાત્રિએ આવેલા પોતાના માલિકને જોઈને પૂછયું :–'સ્વામિન્, આમ એકા એક આવવાનું પ્રયોજન ?' વસુદેવે ટુંકમાં બધી વાત સમજાવીને નંદની પત્ની યશોદાને પુત્ર આપ્યો અને યશોદાની તરત જન્મેલી પુત્રીને લઈને ત્યાંથી વસુદેવ પાછા ફર્યા. બાલિકા દેવકીની પાસે મૂકી. વિગત સમજાવી નિશ્ચિત બનેલા વસુદેવ પોતાના સ્થાને જઈને નિરાંતે પોઢી ગયા.

અવિઘ્નેન કૃતે કાર્યે ઉત્થિતા યામિકાઃ સમે। શૌરિં વિલોકયામાસુર્ન દૃષ્ટઃ કેનચિત્સ તુ ॥૨૩॥
કેચિદ્વદંતિ કિં કૃત્યં, વસુદેવસ્ય સત્વરં। કૃત્યં સપ્તમગર્ભસ્ય, સ એવ દૃશ્યતાં દ્રુતં ॥૨૪॥
સમેત્ય દેવકીપાર્શ્વે, યામિકૈઃ કંસસેવકૈઃ। વિલોકિતં તદા લબ્ધા, સુતા સુતો ન સપ્તમઃ ॥૨૫॥
તે તામપિ સમાદાય, સર્વેઽપિ કંસકિંકરાઃ। કંસસ્ય પુરતસ્તૂર્ણં, ઢૌકયામાસુરાદરાત્ ॥૨૬॥
અહો એષા વરાકી કિં મદ્ઘાતં પ્રવિધાસ્યતિ। છિત્વોત્કર્ષેણ તન્નાસાં, દેવક્યૈ પ્રતિદાપિતા ॥૨૭॥
અયમાસીન્ન સર્વજ્ઞો,યત્સત્યમેવ જલ્પતિ। ક્રુદ્ધેન ભાષિતં મિથ્યાઽ—તિમુક્તેન તપસ્વિના ॥૨૮॥
હંતા મેઽથ ન કોઽપ્યસ્તિ,મિથ્યા જાનન્ યતેર્વચઃ। સ્વચિત્તચિંતિતાન્માના–દ્રાજ્યં પાતિ સ મત્તવત્ ૨૯

પુણ્ય પ્રભાવે નિર્વિઘ્નપણે બધુ કામ પત્યા પછી કંસના સુભટો ઝબકીને જાગી ગયા. કોઈ પણ જાતની હિલચાલ જોઈ નહી. પરંતુ કેટલાક સુભટોએ કહ્યું :-' અલ્યા, જુવો તો ખરા ! વસુદેવ-દેવકીના સાતમા ગર્ભનું શું થયું ?' એમ બોલીને તપાસ કરવા માટે દેવકી પાસે આવ્યા. ત્યારે દેવકીની પાસે સાતમા ગર્ભ તરીકે પુત્ર નહી પરંતુ પુત્રી જોઈ. આનંદિત બનેલા સુભટો બાલિકાને લઇને કંસની પાસે આવ્યા. સાતમા ગર્ભ તરીકે બાલિકાને બતાવી. કંસ પણ બાલિકાને હાથમાં લઇને અટ્ટહાસ્ય કરતો બોલ્યો, ' અરે, જુવો તો ખરા ! પેલો અતિમુક્ત મુનિ કેવો જૂઠો ? દેવકીના સાતમા ગર્ભ તરીકે આ રાંકડી બિચારી છોકરી શું મારો ઘાત કરવાની હતી ? સાધુ આવેશમાં આવીને બોલી ગયો હતો. એ થોડો જ્ઞાની હતો ?' આમ બોલીને બાલિકાનું નાક છરીથી છેદી નાખ્યું. 'બસ, મને મારનાર દુનિયામાં કોઈ નથી.' આ પ્રમાણે સાધુના વચનને મિથ્યા માનતો કંસ નિશ્ચિંત થઇને ઉન્મત્ત માણસની જેમ રાજ્યનું પાલન કરવા લાગ્યો.

तस्य कृष्णशरीरत्वा—त्कृष्ण इत्युच्यतेऽभिधा। देवीभिः सेव्यमानोऽसौ,नंदगेहे समैधत ॥३०॥

ગોકુળમાં નંદના ઘેર દેવીઓથી સેવાતા બાળકને, તેના શરીરનો વર્ણ કૃષ્ણ (કાળો) હોવાથી ગોવાળીઆઓ તેને 'કૃષ્ણ' કહીને બોલાવતા.

गर्भस्याधानपोषाभ्यां,स्नेहो मातुर्महान् भवेत् । देवकीतीव सोत्कठा,जाता पुत्रऽऽस्यदर्शने ॥३१॥
ततो मासे व्यतिक्रांते, देवकी वसुदेवकं । यास्यामि गोकुले द्रष्टुं, तनूजमित्यचीकथत् ॥३२॥
शौरिः प्रोवाच कुर्वत्या, गमनागमने तव । कंसो ज्ञास्यति निःशेषां, वार्तां तत्का विचारणा ॥३३॥
कारणानि समुद्दिश्य, ततस्त्वं मृगलोचने । गच्छैनिंजं सुतं द्रष्टुं वत्सं गौरिव गोकुले ॥३४॥
प्रस्तावज्ञापि सा दक्षा, पतिवाक्यानुयायिनी । उपायं रचयामास, पुत्रवक्त्रदिदृक्षया ॥३५॥
आगंत्र्यो योषितो यास्ता, आगच्छंतु मया सह । गोपूजावासरो मेऽद्य, तद्गमिष्यामि गोधनं ॥३६॥
सर्वेषां सा च सर्वासां विश्वासो—त्पादनाय गाः । अर्चितुं चंदनं लात्वा—गात्स्त्रीभिस्तत्र भूरिभिः ३७
एवं गाः पूजयंती सा, जगाम नंदमंदिरं । तत्र यशोदया सार्चि, पूजनात्पूजनं भवेत् ॥३८॥
स्वच्छश्रीवत्सनिर्गच्छ—दतुच्छच्छविराजितं । कृष्णं कायं द्विधाप्येषा, पुंडरीकाक्षमैक्षत ॥३९॥
शंखचक्रगदापाणि—मिंद्रनीलप्रभं सुतं । नंदस्त्रीक्रोडगं दृष्ट्वा, देवक्या व्यरमन्न दृग् ॥४०॥
खेलयंत्यंगजं बाल्ये, धन्या मत्तोऽप्यसौ वशा । यथा तथैधतां वात्र,मातामहनिवासवत् ॥४१॥
कुक्षिजस्तु ममैवायं, विकल्पानिति तन्वती । सुतास्यदर्शनात्प्राप—त्सा मुदं वचनातिगां ॥४२॥
तत्र पुत्रेक्षणेच्छाभि—र्गोपूजादंभतोऽनिशं । कुर्वत्यागमनं तस्या—ज्ज्ञे गोपूजनं जने ॥४३॥

महद्भिर्महतीभिश्च, क्रियते कारणेन यत् । तत्सर्वमपि लोके हि, पर्वरूपेण जायते ॥४४॥

ગર્ભાધાન અને પોષણ કરતાં પણ માતાનો સ્નેહ અધિક હોય છે. દેવકી પોતાના પુત્રનું મુખ જોવા માટે અત્યંત આતુર બની. એક મહિનો તો મુશીબતે પસાર કર્યો. વસુદેવને કહ્યું કે 'હું પુત્રને જોવા માટે ગોકુળમાં જઈશ.' વસુદેવે કહ્યું :-'જો તું આ રીતે ત્યાં વારંવાર ગમનાગમન કરીશ તો કંસને વહેમ આવશે અને જો બધી વાત જાહેર થઈ જશે તો તું શું કરીશ ? માટે તારે કોઈ બ્હાનું કાઢીને કયારેક જવું.' અવસરને જાણવા વાળી તેમ જ પતિના વચનને અનુસરનારી દેવકી પુત્રના દર્શનનો ઉપાય વિચારે છે. 'અમારે ત્યાં ગાયની પૂજાનો રીવાજ છે એમ કહીને સાહેલીઓ સાથે ચંદન આદિ પૂજાની સામગ્રી લઈને જઉં તો બીજા લોકોને પણ વિશ્વાસ બેસે !' આ પ્રમાણે વિચારીને દેવકી ઘણી બધી સ્ત્રીઓ સાથે પૂજાપો લઈ ગાતી ગાતી ગોકુળમાં ગઈ. ત્યાં જઈને ગાયોની પૂજા કરી. યશોદાએ પણ બધા સાથે પૂજા કરી. સ્વચ્છ શ્રીવત્સના ચિહ્નથી સુશોભિત કૃષ્ણ શરીરવાળા કૃષ્ણને જોયા. હાથમાં શંખ ચક્ર ગદા આદી શુભ લક્ષણોથી યુક્ત ઇંદ્રનીલ સમાન દેદીપ્યમાન કૃષ્ણને યશોદાના ખોળામાં બેઠેલા જોઇને દેવકી રોમાંચિત બની ગઈ. અપલક નેત્રે જોઈ રહી. મારા કરતા યશોદા ખરેખર ભાગ્યશાલિની છે કેવી પુત્રને રમાડી રહી છે ! ભલે, મોસાળની જેમ અહીંયા જ મોટો થાય.' આ પ્રમાણે વિચારતી દેવકી અત્યંત આનંદિત બની. આ રીતે મહિને મહિને ગોપૂજાના બ્હાને ગોકુળમાં આવી પુત્રને રમાડી જાતને ધન્ય માનવા લાગી. ત્યારથી લોકમાં ગોપૂજાનું પર્વ પ્રગટ થયું. મોટા માણસો કારણે જે કરે છે તે પર્વરૂપે બની જાય છે.

अथ तातस्य विद्वेषा—दुभे सूर्पणखासुते । शाकुनिपूतने एते, मातृवैरजिघृक्षया ॥४५॥
खेचर्यौ ते महादुष्टे, दृष्ट्वा चैकाकिनं हरिं । मुक्तं नंदयशोदाभ्यां, तत्रास्तां हंतुमुद्यते ॥४६॥
शाकुन्या रुद्रया चाधः—कृत्वा कृष्णः कदर्थितः । स्तनः पूतनयाक्षेपि, तन्मुखे च विषाविलं ॥४७॥
देवीभिः कृष्णभक्ताभि—रपहृत्य च तद्विषं । ते द्वे अप्यंजसैव द्रा—ग्मर्दिते मारिते पुनः ॥४८॥
मृते निपतिते ते द्वे, रक्ताक्षे भीषणानने । खेचर्यौ वीक्ष्य नंदोऽवग्, हा हा हतोऽस्मि वेधसा ॥४९॥
किमेते मारिते केन, जातं किंवात्र वा खलु । पप्रच्छाहूय गोपाला—न्नंदो वेगात्तमाधवः ॥५०॥
तेऽप्यूचुर्न वयं विद्मो—ऽनुसाराद् ज्ञायते परं । अनेनैव बलिष्टेन, बालेनापि हते इमे ॥५१॥
भैरवे मारयित्वैते, रक्षितं निजजीवितं । आबाल्यादपि पुण्याढ्यो, भवेद्धि शौर्यधैर्यभाक् ॥५२॥
गोपालेभ्य इति श्रुत्वा, संस्पृशन् शिशुमस्तकं । नंदोऽपश्यत्समस्तेष्व—प्यंगेषु पुरुषोत्तमं ॥५३॥
तमक्षतशरीराढ्यं, दृष्ट्वा नंदोऽप्यमूमुदत् । तदायातां यशोदां स, कथयामास भूरिशः ॥५४॥
रत्नरक्षाकृते यत्नः, कार्यः सुखाभिलाषिणा । तन्मुक्त्वैकाकिनं बालं, कृष्णं त्वं क्व गताभवः ॥५५॥
ये स्युः प्रत्यर्थिनस्ते त्व—न्वेषयंति छलं ततः । एताभ्यां तु क्षतांगो न, जातोऽयं पुण्यपूरुषः ॥५६॥

पततो हविषां कुंभां—स्त्यक्त्वास्यैव शिशोस्त्वया। अहोरात्रं प्रकर्तव्या, सेवा देवार्यबुद्धितः ॥५७॥

વસુદેવ પ્રત્યેના દ્વેષથી શૂપર્ણખાની શાકુનિ અને પૂતના નામની બે વિદ્યાધરપુત્રીઓ માતાનું વેર લેવા માટે ગોકુળમાં આવી. એક વખત નંદ અને યશોદા કૃષ્ણને મૂકીને કાર્ય પ્રસંગે બહાર ગયેલા ત્યારે અવસર જોઈને આ બે ભયંકર રાક્ષસીઓ આવી બાલ કૃષ્ણને એકલા જોઈને શાકુનીએ તેને ઉંધા નાખીને ખૂબ કદર્થના કરી. પૂતનાએ વિષવાળો સ્તન કૃષ્ણના મોઢામાં નાખ્યો તેટલામાં કૃષ્ણભક્તા દેવીઓએ આવીને વિષને દૂર કરી કૃષ્ણને બચાવી લીધા. અને બન્નેને લોહી વમતી કરી નાંખી. નંદે આવીને મરેલી રાક્ષસીઓ પાસે રમતા કૃષ્ણને જોયા. વ્યાકુળ બનીને નંદ બોલ્યા, 'અરેરે, વિધાતાએ આ શું કર્યું ! કોણે કયા કારણે આ બેને મારી નાખી ?' ગોવાળીઆ બધા ભેગા થઇ ગયા. બોલ્યા : 'અમે કાંઈ જ જાણતા નથી, પરંતુ લાગે કે છે આ ભાગ્યશાળી બલવાન કૃષ્ણનું જ કામ હોય ! બન્નેને મારીને પોતાનો બચાવ કર્યો લાગે છે. ખરેખર, કૃષ્ણ જન્મથી જ બળવાન અને પુણ્યવાન છે.' આ પ્રમાણે ગોવાળીયાના મુખે પોતાના પુત્રની પ્રશંસા સાંભળીને નંદ ખુબ જ આનંદિત થયો ! અને કૃષ્ણને ઊંચકીને ગાઢ આલિંગન આપ્યું. એટલામાં યશોદા આવી ગઇ. નંદે યશોદાને ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું:-'જો તારે સુખપૂર્વક જીવવું હોય તો મારા આ રત્નને જીવની માફક સાચવજે. એને એકલો મૂકીને તારે કયાંય જવું નહી. કેમકે શત્રુઓ છિદ્રાન્વેષી હોય છે. સારૂં થયું કે તે પોતાની રક્ષા પોતે કરી શકયો !

માટે ઘીનો ઘડો ઢોળાઈ જતો હોય તો ભલે, સો કામ પડતા મૂકીને દેવની જેમ તારે કૃષ્ણની રાતદિવસ સેવા કરવી.'

आकर्ण्येति यशोदापि, कृष्णैकाकित्वमोचनात्। हा हतास्मीति जल्पंती, स्वकार्याणि शुशोच च ५८
भूतप्रेतपिशाचानां, शाकिन्या भीश्च मास्मभूत्। यस्य वेला भवेत्तस्य, रक्षास्तु तव नंदन ! ॥५९॥
मज्जीवं न्युंछनीकुर्वे, वत्स ते मस्तकोपरि। स्त्रीस्वभावेन चाटूनि, वाक्यानीति जजल्प सा ॥६०॥
वत्स वत्स न भेतव्यं, त्वया त्वयातिभासिना। सा निजांके समारोप्य, चुचुंब मस्तकानने ॥६१॥
कस्मादप्यस्य भीतिर्न, जानंत्यस्ति तथापि सा। कृष्णमेकाकिनं न क्वा—मुंचज्जीवं तनूरिव ॥६२॥

આ સાંભળી યશોદા કૃષ્ણને એકલા મૂકીને જવાથી પશ્ચાત્તાપ કરવા લાગી અને ઘણા હેતપૂર્વક બોલી:-'અરે વત્સ, તારો ભૂત, પ્રેત, પિશાચ શાકિની આદિ કોઇ ઉપદ્રવો ના કરો ! તારી રક્ષા તારૂં પુણ્ય કરશે. તું ડરીશ નહીં.' આ પ્રમાણે સ્ત્રીસહજ ચાટૂ વચન બોલતી, મસ્તકથી લુંછણા લેતી અને ખોળામાં લઇને વારંવાર ચૂંબન કરતી, અનેક રીતે વ્હાલ વરસાવતી બોલ્યા કરે છે કે 'હે પુત્ર ! હવેથી તને એકલો છોડીને કયાંય જઇશ નહી, મારા જીવની જેમ તને સાથે રાખીશ.'

विष्णुं दाम्नोदरेऽन्येद्यु—र्बध्ध्वा सा तमुदूखले । कार्याय बिभ्यति साऽगात्, प्रातिवेश्मिकमंदिरं ॥६३
तदा सूर्पकविद्याभृ—त्तनयौ विष्णुसन्निधौ । धरन् पितामहद्वेषं, यमलार्जुनतामधात् ॥६४॥
प्रक्षिप्योदूखले जिष्णुं, खंडयामीति चिंतयन् । पार्श्वे तं नीतवान् यावद्, दुष्टौ विद्याधरोऽथ सः ६५
अन्यस्य चिंत्यते यादृ—ग्तादृगात्मनि जायते । अर्जुनौ दूरतः कृत्वा, देव्या स एव खंडितः ॥६६॥
विष्णुना वारणेनेवौ—च्छेदितौ यमलार्जुनौ । यशोदाशोभितौ नंदौ, गोपालेभ्योऽश्रृणोदिति ॥६७॥
धूलीधूसरितांगं च, रममाणं क्षितौ शिशुं । गृहीत्वा हस्तयोर्मौलिं चचुंबतुश्च दंपती ॥६८॥
उदरे दामबंधोऽस्य, गोपालैः प्रविलोकितः । तद्दामोदर इत्याख्या, सौख्याय प्रकटीकृता ॥६९॥

એક દિવસે ખાસ કામ માટે પડોશણના ઘેર જવાનું થયું ત્યારે યશોદા કૃષ્ણના પેટે વાંસની દોરી વિંટાળીને ઉખલ (ખાણીયા) સાથે બાંધીને ગઈ. એવામાં સૂર્પક વિદ્યાધરના પુત્ર **યમલ** અને **અર્જુન** વસુદેવ પ્રત્યેના દ્વેષથી પ્રેરાઇને તેનું વેર લેવા આવ્યા. કૃષ્ણને એકલા જોઇ 'ખાણીયામાં ઉંધો નાખીને ખાંડી નાંખીએ,' આ પ્રમાણે વિચારી દુષ્ટ વિદ્યાધરો જ્યાં કૃષ્ણને ઉચકે છે તેવામાં કૃષ્ણની ભક્ત દેવીએ આવીને યમલ-અર્જુનને ખાણીયામાં નાખી ખાંડી નાખ્યા. 'ખરેખર, **જે બીજાનું અહિત વિચારે છે તેમાં પોતાનું જ ખરાબ થાય છે.**' એવામાં નંદ અને યશોદા આવી ગયા, આશ્ચર્યથી બન્નેનાં મૃતક અને ધૂળમાં રમતા કૃષ્ણને જોઇ રહ્યા. ખુબ વ્હાલથી હાથમાં લઇને ચૂંબન કરવા લાગ્યા, બધા ગોવાળો ભેગા થઇ ગયા જાણીને ખૂબ જ આનંદિત થયા. પેટે દોરડું બાંધેલું હોવાથી બધાયે કૃષ્ણને 'દામોદર' કહીને બોલાવવા લાગ્યા.

कुर्वत्युपद्रवान् विष्णो—र्यान् बाल्ये खेचरादयः । दशार्हदेवतास्तेते, न्यक्क्रियंते स्वमातृवत् ७०

આ રીતે કૃષ્ણને બાલવયમાં વિદ્યાધરો આદિથી જે જે ઉપદ્રવો થતા તે બધાનું નિવારણ યદુકૂળની કૂલદેવીઓ કરતી. અને માતાની જેમ રક્ષણ કરતી.

आभीरैर्मौलिवन्मौला—वाभीरीभिश्च स ततः । कामकुंभ इव प्रेम्णा, स्थाप्यते खेलनाय सः ॥७१॥
शैशवेऽतीवचापल्या—न्मंथन्या गोपयोषितां । गृह्णाति नवनीतानां, पिंडान् स्नेहान्न वार्यते ॥७२॥
पदानि निदधद्भूमौ, विदधत्कूर्दनक्रियां । वाणीमभिदधन्नंद—यशोदानंददोऽभवत् ॥७३॥
पर्यस्तं शकटं भूयो, ध्वस्ते शकुनिपूतने । कृष्णेन बाल्ययोगेऽपि, भंजितौ यमलार्जुनौ ॥७४॥
इति गोपाद्यशः श्रुत्वा, स्वसुनोः शौरिरद्भुतं । बाल्येऽपि स्थामघाताभ्या—मभूद्धर्षविषादवान् ॥७५॥
यद्यप्याच्छाद्यते भानु—रभ्रैर्बाल्येन वा हरिः । तथापि स्वकरौजोभ्यां, भवेतां विश्रुताविमौ ॥७६॥
तथानेन समं किंचि—न्न हि शक्ष्यति कस्यचित् । बाल्ये तथाप्यमुं कंसो, माज्ञासीद्रक्षया विना ॥७७॥
अक्रूरनामधेयाद्याः, कंसेनावसिताः समे । रामस्त्वद्यापि न ज्ञातः, समस्ति रोहिणीभवः ॥७८॥
कंसात्संगोपितोऽप्येष, मा भूत्ख्यातः स्वतेजसा । शैशवाच्छंकितः शौरी, रक्षोपायं व्यचिंतयत् ॥७९॥

विनिश्चित्येत्यसौ पार्श्वे, स्वप्रियां रोहिणीं ततः । शौरिराकार्य चालाप्य, शौर्यपुर्यामयोचयत् ॥८०॥
अयं विश्वंभरस्ताव—कीनो लघुसहोदरः । कंसभीत्या विवृद्ध्यर्थं, मुक्तोऽस्ति नंदगोकुले ॥८१॥
दास्यामि तत्सुतत्वेन, वत्स त्वामपि राम भोः । एकाकित्वेन संस्थेयं, युवाभ्यां स्नेहनिर्भरं ॥८२॥
न वाच्यं किंतु कस्यापि, त्वया न्यायावतारिणा । शिक्षयित्वेति तत्पार्श्वे, तं नंदगोकुलेऽमुचत् ॥८३॥

ગોકુળમાં કૃષ્ણ એટલા બધા પ્રિય હતા કે ભરવાડ-ભરવાડણો કૃષ્ણને કામકુંભની જેમ માથે ઉચકીને ખેલાવતી. કૃષ્ણ પણ ભરવાડણોએ વલોવીને બાજુમાં મૂકેલા માખણને અને દહિના મટકામાં હાથ નાખીને દહીને બગાડતા છતાં તેમના પ્રેમથી કોઇ તેને રોકતું નહી, ઉલ્ટાનું હોંશે હોંશે રમાડતા. માટલા બનાવવા માટેની માટીને બે પગે ખૂંદીખૂંદીને ઉડાડતા છતાં બધી ભરવાડણો કૃષ્ણની આવી બાલચેષ્ટા જોઇ જોઇને આનંદ પામતી, અને રાત્રિના સમયે કોઈ માથા ઉપર, કોઈ બભા ઉપર તો કોઈ બે હાથમાં લઇને ગરબે ઘૂમતી કૃષ્ણના ગુણગાન કરતી. 'નંદ-યશોદાનો પુત્ર નાનો હોવા છતાં તેણે શકુનિ-પૂતના જેવી ભયંકર રાક્ષસણીઓને તેમજ યમલ અને અર્જુન જેવા વિદ્યાધરોને મારીને ભગાડી મૂકયા.' આ પ્રમાણે બાલકૃષ્ણનો યશ ચારેબાજુ ફેલાયો. વસુદેવ જ્યારે પોતાના બાલપુત્રનું અદ્‌ભૂત પરાક્રમ સાંભળીને હર્ષ પામ્યા. સાથે તેમને વિષાદ પણ થયો. "સૂર્ય વાદળથી આચ્છાદિત હોવા છતાં તેનો પ્રકાશ બહાર આવ્યા વિના રહેતો નથી. તેમ આ પુત્રનું પરાક્રમ બહાર ફેલાયા વિના રહેવાનું નહી. એમાં જો કંસ જાણી જશે તો તેનું અહિત કર્યા વિના રહેવાનો નહી. માટે એની રક્ષા માટેનો કોઈ પ્રબંધ કરવો પડશે. મને લાગે છે કે એની રક્ષા માટે બલદેવ યોગ્ય છે. અક્રૂર આદિ બીજા મારા પુત્રોને કંસ ઓળખે છે પરંતુ બલભદ્ર હજી તેની નજર બહાર છે. માટે તેને ગોકુળમાં મુકું." આ પ્રમાણે વિચારી રોહીણી સાથે નિશ્ચય કરીને બલભદ્રને પોતાની પાસે બોલાવ્યો. 'વત્સ, તારા નાના ભાઈને મોટો કરવા માટે કંસના ભયથી ગોકુળમાં મૂકયો છે (એમ કહીને આદિથી અંતસુધીની બધી વાત સમજાવી) તો તારે તેની રક્ષા માટે ત્યાં રહેવાનું, ત્યાં રહીને તેને તારે શસ્ત્ર-શાસ્ત્ર આદિ કલાઓ શીખવાડવાની, બન્ને બહુ પ્રેમથી ત્યાં રહેજો ! આ વાત કોઈ જાણે નહી તેનો ખાસ ખ્યાલ રાખવો.' આ પ્રમાણે બલભદ્રને શિખામણ આપીને ગોકુળમાં મૂકયો.

उभौ दशधनुर्मान—शरीरधारिणौ ततः । क्रीडंतौ विविधक्रीडा–विलासैर्वृद्धिमागतौ ॥८४॥
प्रचंडकांडकोदंड—कलाकेलिपरौ ततः । वर्धमानौ च गोपाना–मानंदं ददतश्च तौ ॥८५॥
वयस्यौ जातुचिद्‌भूत्वा, छात्राचार्यौ च कर्हिचित् । एक एकं विना स्थातुं, न शक्नोति मनागपि ॥८६॥
यथावासस्तथाभ्यासः, पुच्छेषु व्रजतो वृषान् । गृहीत्वा रक्षतीत्योजो, तुष्यद्वीक्ष्यानुजे हली ॥८७॥
सर्वदा युगपत्प्रीत्यै, रतिप्रीत्योः स्वयोषितोः । भोगं भोक्तुमिवानंगो, द्वे रूपे विदधेतमां ॥८८॥

प्रद्युम्नजनकत्वेन, दधिसारादनेन तु । कामरूपस्मरोद्रेका—द्विष्णुर्वाभूद्विरूपभाक् ॥८९॥
प्रत्यहं दधिपिंडस्या—दनेन गोपयोषितः । मदनोत्कटतापूर्णा—स्तौ द्वौ दृष्ट्वेत्यशंकत ॥९०॥

બલભદ્ર ગોકુળમાં જઈને કૃષ્ણને મળ્યા. જેતાની સાથે જ ખૂબ આનંદ થયો. (પૂર્વના ચાર ભવના સંબંધના કારણે) દશ ધનુષ્યની કાયાવાળા બંન્ને ભાઈઓ વિવિધ પ્રકારની ક્રીડાઓ કરીને આનંદ કરે છે અને ગોપાળ-ગોપાલણોને પણ આનંદ પમાડે છે. બંને ભાઇઓ કોઇ વખત બે મિત્રો બની જાય છે તો કોઈ વખત શિક્ષક અને વિદ્યાર્થી બનીને આનંદ કરે છે. એક બીજા વિના રહી શકતા નથી, પરસ્પર બંનેનો એટલો બધો પ્રેમ છે જેવું વાતાવરણ તેવું વર્તન, એ પ્રમાણે બલદેવ પણ ગાયોના પૂંછડા ખેંચીને દોડાવે છે અને નાના ભાઇને ખૂશ કરે છે.

પ્રદ્યુમ્ન (કામદેવ) ના ભાવિ પિતા અને ગોવાલણો પાસેથી મટકામાંથી માખણ, દહી ખાનારા, હંમેશા દહી ખાવાથી કૃષ્ણ (કાળા) હોવા છતા વિષ્ણુ કામદેવની જેમ સ્વરૂપવાન લાગતા હતા. આ પ્રમાણે ઉન્માદી બનેલા બંને ભાઈઓને જોઇને શંકા થતી કે પોતાની પત્ની રતિ અને પ્રીતિ બંનેને એકી સાથે ભોગવવા માટે જાણે કામદેવે બે રૂપ ધારણ કર્યા ના હોય !

रात्रौ समुदयीभूय, पुरस्तान्नरकद्विषः । दीर्घातिमधुरध्वानै—र्गायंति गोधुगंगनाः ॥९१॥
प्रबर्हाणां च बर्हाणां, विधाय चारुकांचिकां । नृत्यंति पुरतो विष्णो—र्हल्लीसकेन गोपिकाः ॥९२॥
सारंगान् वरसारंगां—श्चित्रिते स्तंभितानिव । कुर्वंश्च मधुरं वेणुं, कुंजेषु वादयेद्धरिः ॥९३॥
गायंतीषु च गोपीषु, पीनोरुस्तनचारुषु । वादयत्युल्लसत्तालान् , रामे नृत्यति माधवः ॥९४॥
इत्येकादश वर्षाणि, रामेण सह खेलतः । कृष्णस्याकृष्टचित्तस्य, सुखे नंदकुलेऽभवन् ॥९५॥

રાત્રિના સમયે નિકુંજ (વૃક્ષની ઘટા) માં બધી ગોપીઓ એકઠી થઇને વચમાં કૃષ્ણને બેસાડી મધુર સ્વરે ગીતો ગાતી અને મોરપીંછની કાંચળીઓ પહેરી કૃષ્ણની આગળ નૃત્ય કરતી. પુષ્ટ અને ઉન્નત સ્તન વાળી ગોપીઓ જ્યારે ગરબા લેતી ત્યારે કૃષ્ણ હરણને સ્તંભાવી દે તેવી વાંસળી વગાડતા અને બળરામ (બળદેવ) ગોપીઓને તાલ આપતા. આ પ્રમાણે નંદકૂળમાં (ગોકૂળમાં) બળરામ અને ગોપીઓની સાથે આનંદ પ્રમોદ કરતા કૃષ્ણ અગીયાર વર્ષના થયા.

हस्ती वृषो हरिर्लक्ष्म्य—भिषेको दाम चंद्रमाः । सूर्यो ध्वजो घटः पद्म—सरोंबुधिर्विमानकं॥९६॥
रत्नराश्यनलज्वाले, इति स्वप्नांश्चतुर्दश । दत्वा कार्तिकके श्याम—द्वादश्यां चैत्रके विधौ ॥९७॥
अपराजिततेजस्का—पराजितविमानतः । च्युत्वा शंखस्य जीवः श्री—शिवादरेऽवतीर्णवान्॥९८॥

હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મીદેવી, પુષ્પની માલા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, દેવવિમાન, રત્નરાશિ, નિર્ધૂમઅગ્નિ આ પ્રમાણે ચૌદ સ્વપ્નથી સૂચિત શંખનો જીવ મહાતેજસ્વી એવા અપરાજિત નામના વિમાનમાંથી ચ્યવીને કાર્તિક વદ બારસના ચિત્રા નક્ષત્રમાં શિવાદેવીની કુક્ષિમાં આવ્યો.

नात्युष्णोदकमाहार—मदती दधती सुखं । संपूर्णदोहदासूत, सा सुतं समये शुभे ॥९९॥
यत्कृत्यं दिक्कुमार्यस्तु, षट्पंचाशद्वितेनिरे । यस्य चक्रुश्चतुःषष्टि—रिंद्रा अपि जनुर्महं ॥३००॥
रात्रौ जन्माभिषेकेषु, कृतेष्वाखंडलादिभिः । समुद्रविजयो राजा, प्रातर्महानकारयत् ॥१॥
स्वप्नेऽपश्यदरिष्टस्य, चक्रधारां प्रसूर्मुदा । अरिष्टनेमिरित्याख्या, पितृभ्यां प्रविनिर्मिता ॥२॥

અતિ ઠંડા નહી, અતિ ઉષ્ણ નહી પરંતુ સમ આહારને કરતી અને સંપૂર્ણ થયા છે મનોરથો જેના એવી શિવાદેવીએ શુભ સમયે સુખપૂર્વક પુત્રરત્નને જન્મ આપ્યો. જેનો જન્મમહોત્સવ છપન્ન દિક્કુમારિકાઓએ તેમ જ ચોસઠ ઈન્દ્રોએ કર્યો ! એ રાત્રિમાં મેરૂશિખર પર જન્માભિષેક કરીને ઈન્દ્ર ભગવાનને શિવાદેવી પાસે મૂકી પોતાના સ્થાને ગયા.

હવે પ્રભાતે સમુદ્ર વિજય મહારાજે ઘણા ઠાઠમાઠથી જન્મ મહોત્સવ ઉજવ્યો. અને સ્વપ્નમાં શિવમાતાએ અરિષ્ટ રત્નની ચક્રધારા જોએલી તેથી બાળકનું નામ માતાપિતાએ 'અરિષ્ટનેમિ' રાખ્યું.

जातेऽर्हति मुदं प्रापु—र्नारका अपि भूरिशः । कथं तर्हि स्वकीयास्तं, न वयं कुर्महेतमां ॥३॥
स्थाने स्थाने ततः प्राज्यान् , वसुदेवादिका नृपाः । महोत्सवान् प्रकुर्वंति, प्रोद्यत्प्रमोदमेदुराः॥४॥

જેના જન્મ સમયે નારકી આદિ ત્રણે જગતના જીવોને આનંદ થાય ત્યારે પોતાના સ્વજનોને તો કેટલો આનંદ થાય ! તે પ્રમાણે વસુદેવ આદિ રાજાઓએ સ્થાને સ્થાને ઘણા ઉલ્લાસ પૂર્વક જન્મ મહોત્સવ કર્યો !

तदर्थं क्रियमाणांश्च, महोत्सवान् महीयसः । श्रुत्वा कंसोऽस्मरद्गर्भः, सप्तमोऽयं भविष्यति॥५॥

આ પ્રમાણે ઘણા ઉલ્લાસથી મહોત્સવને કરતા યાદવોને સાંભળીને કંસ શંકાશીલ બન્યો કે 'આ દેવકીનો સાતમો ગર્ભ હશે !'

सर्वत्र शंकते शंकां, प्रायशः शंकितो जनः । अशंकितमपि स्वांते, शंकते शंकिताशयः ॥६॥
सूक्ष्मबादरजंतुना—मुपरि यः कृपार्द्रहृत् । ततः श्रीनेमितोऽप्येष, कंसोऽभून्मृत्युभीतिभृत्॥७॥

'શંકાશીલ માણસો દરેક જગ્યાએ શંકાની નજરે જ જોતા હોય છે, એનું હૃદય કયારે પણ શંકાથી મુક્ત બનતું નથી.!' ત્રણે જગતના સૂક્ષ્મ બાદર (નાના-મોટા) બધા જીવો

ઉપર કરૂણાના ધોધને વહાવતા એવા ભગવાન નેમિનાથના જન્મથી દુર્ભાગી કંસ ભયભીત બન્યો ! ખેર, કર્મની કેવી વિષમતા !

ततः कंसोऽन्यदा द्रष्टुं,देवकीगृहमागतः। छिन्ननासां सुतां तत्र, वीक्ष्य चित्ते व्यचारयन् ॥८॥
ऋषिणा सप्तमो गर्भो,यः प्रोक्तो मम घातकः। स तु स्त्रीमात्र एषोऽस्ति, छित्वा नासां मयांकित ॥९
आकाशपुष्पवज्ज्ञाने–ऽहं तु साधोर्वचो यथा। परं तथापि पृच्छामि, कंचिन्नैमित्तिकं बुधं ॥१०॥

ત્યાર પછી કોઈ એક દિવસે કંસ દેવકીના ઘેર આવ્યો. ત્યાં કપાયેલા નાકવાળી છોકરીને જોઇને વિચારવા લાગ્યો : 'ઋષિએ મને દેવકીનો સાતમો ગર્ભ મારનારો થશે'–એમ કહેલું, પરંતુ સાતમા ગર્ભ તરીકે તો જેની મેં નાસિકા છેદીને નિશાની કરી છે તે આ છોકરી છે, તે શું મને મારનારી હતી ? માટે નક્કી થાય છે કે આકાશપુષ્પની જેમ ઋષિનું વચન ખોટું છે, ફોગટ છે ! તેમ છતાં કોઈ સાચા નિમિત્તજ્ઞ (જોશી)ને બોલાવીને પૂછી જોઉં, આ પ્રમાણે વિચારી મથુરાપુરી આવ્યો.

संकल्प्येति समाहूया—प्राक्षीन्नैमित्तिकं स तु। मद्घाता देवकीगर्भः, सप्तमोऽस्ति न वा वद॥११
सोऽप्यूचे साधुवाक्यं स्या–न्नान्यथा वज्रलेपवत्। प्रत्ययार्थं तवाधीश, कंस यद्वच्मि तच्छृणु ॥१२॥
अरिष्टाख्यमनडवाहं,केशिनं च तुरंगमं। खरमेषौ बलिष्टौ त्वं, नूनं वृंदावने धर ॥१३॥
क्रीडां कुर्वन्निजस्थाम्ना, योऽमून् विदारयिष्यति। स ज्ञेयो देवकीगर्भः, सप्तमस्तव घातकः॥१४॥
मात्रार्च्यमानमास्ते ते, शार्ङ्गधनुर्निकेतने। तदारोपणयोग्यत्वं, तस्यैव संभविष्यति ॥१५॥
अन्यच्च कालियव्याल—चाणूरयोर्विघातकः। नूनं राजन् स विज्ञेयो, घातकस्ते च दुर्जयः ॥१६॥
अशक्यैरपरैरेतै—र्लक्षणैरुपलक्षितः। कंस ! साधुवचः सत्यं, स्वमनस्यवधारय ॥१७॥

નિમિત્તજ્ઞને બોલાવીને પૂછ્યું :–'સાધુએ દેવકીનો સાતમો ગર્ભ મને મારનારો થશે, એમ કહેલું, 'શું તે વાત સાચી છે !' નૈમિત્તિકે કહ્યું :–'સાધુનું વચન વજ્રલેપ સમાન બિલકુલ સત્ય છે, તેને અન્યથા કરી શકવાની કોઇની તાકાત નથી. તેમ છતાં કંસ ! તારે ખાત્રી કરવી હોય તો હું જે જે બતાવું છું તેનાથી ખાત્રી કરી લેજે, સાંભળ ! તારો અરિષ્ટનામનો બળવાન આખલો (બળદ) કેશી નામનો અશ્વ (ઘોડો) ખર અને મેષ–એ બધાને વૃન્દાવનમાં મોકલ ! તે બધાને વિદારનારો જે હશે તે દેવકીનો સાતમો ગર્ભ તને મારનારો થશે ! વળી તારા પૂર્વજોથી પૂજાયેલું શાર્ઙ્ગ નામનું ધનુષ્ય જે બળવાન પુરૂષ ઉઠાવશે, તે સાતમો ગર્ભ જાણવો. હજુ વધુ એક ખાત્રી આપું ! યમુનામાં રહેલા ભયંકર કાલિ નામના નાગને તેમજ તારા બળવાન ચાણુર અને મુષ્ટિકને નામના મલ્લને મલ્લયુદ્ધમાં મારશે તે દેવકીનો સાતમો ગર્ભ જાણવો; કે જેનાથી તારૂં મૃત્યુ નિશ્ચિત છે. આ પ્રમાણે જગતમાં અશકયને પણ શકય બનાવાર જે હશે તેને તારો નિશ્ચિત કાળ જાણવો ! માટે કંસ ! સાધુનું વચન કયારે પણ ખોટું પડતું નથી.

निजं प्रत्यर्थिनं वेत्तुं, कंसोऽरिष्टादिकानघात् । कानने य श्रमं कर्तुं, मल्लौ चाणूरमुष्टिकौ ॥१८॥

નૈમિત્તિકની વાણી સાંભળીને કંસ વ્યગ્ર બની ગયેા! પેાતાના શત્રુ જાણવા માટે નૈમિત્તિકે જે જે નિશાનેા બતાવ્યા તેની એક પછી એક ખાત્રી કરાવવા લાગ્યેા. અને ચાણુર મુષ્ટિક મલ્લને મલ્લયુદ્ધની તાલીમ આપવા લાગ્યેા. (૧૯, ૨૦)

शरत्कालेऽन्यदारिष्टो–ऽनडवान् वृंदावने व्रजन् । गोपान् भापयितुं लग्नो, मदोन्मत्तगजेंद्रवत्॥१९॥
कांश्चिद्विध्यति शृंगेण, मणिकारो मणीनिव । चालिन्यामिव केषांचि–च्चनौ छिद्राण्यचीकरत्॥२०॥
गृहीत्वा शृंगयुग्मेन कंदुकमिव लीलया । उच्छाल्य हविषोऽमत्रा—ण्यस्फोटयदसौ द्रुतं ॥२१॥
रक्ष रक्ष महादक्ष, पुंडरीकाक्ष दक्षधीः । बलभद्र बलभद्रेति, बभूव गोदुहां रवः ॥२२॥
तत् श्रुत्वा हलिविष्णू च, धुर्यौ परोपकारिषु । प्रस्थितौ वृषभं हंतुं, स्थाम्ना सिंहमिवोत्कटं॥२३॥
निहंतुं सुरभीरेष, स्फोटितुं सर्पिषो घटान् । प्रत्यायातं युवां वेगा–द्वोपैरित्युच्यते बहु ॥२४॥
मयि सत्यपि किं राम–स्तिरश्चोऽस्योपरिं व्रजेत् । हक्कयामास तं कृष्णो, निजशौर्येण गर्जितः॥२५॥
हक्कामसहमानः स, सिंहवत्तस्य सन्मुखं । सशृंगं कंपयन्मौलिं, निहंतुं धावितो हरिं ॥२६॥
धर्तुर्मे पाणिनैकेन, माभूद् दुःखं द्वितीयके उभाभ्यामिति हस्ताभ्यां, शृंगे द्वे अपि सोऽग्रहीत् ॥२७॥
गृहीत्वा ते च पादाभ्यां, मर्दयित्वेव मृत्तिकां । चक्रवद्भ्रामयित्वा तं, दूरे स व्यकिरत्करात्॥२८॥
अरिष्टं तं तथा दृष्ट्वा, वृषं व्यापादितं तदा । पुपूजुरायतौ पूज्यं, गोपाः प्रत्यागतं हरिं ॥२९॥

કંસે શરદઋતુમાં અરિષ્ટ નામના બળદ(આખલા)ને વૃન્દાવન (ગેાકુળ)માં મેાકલ્યેા. ત્યાં મદેાન્મત્ત હાથીની જેમ ચારે બાજુ ધૂમતેા એ આખલેા ગેાવાળેાને ભય પમાડે છે. મણીકાર (ઝવેરી)જેમ મણીને વીંધે તેમ શીંગડા ભરાવીને કેાઈ ગેાપીઓને વીંધે છે તેા કેાઈના શરીરમાં ચાલણીની જેમ છિદ્રો પાડે છે. વળી ઘી–દહી–દૂધના મટકાને બે શીંગડામાં ભરાવી આકાશમાં ઉછાળીને ફેાડી નાખે છે. આ પ્રમાણે આખાયે ગેાકુળમાં આખલાએ ધમાચકડી મચાવી નાખી. 'હે કૃષ્ણ! હે પુંડરીકાક્ષ! હે બલભદ્ર! અમારૂં રક્ષણ કરેા!' આ પ્રમાણે ગેાવાળેાનેા શેાર-બકેાર મચી ગયેા! કેાલાહલને સાંભળી પરેાપકારી એવા કૃષ્ણ–બલભદ્ર દેાડતા આવી પહેાંચ્યા. ત્યારે 'આ આખલાએ અમારા ઘીના ઘડા, દહીના મટકા ફેાડી નાખ્યા છે.' એમ બેાલતી ગેાપીઓએ રાડારેાડ કરી મૂકી. 'મારી હયાતી હેાવા છતાં રામને શા માટે પશુમાત્રને હણવા જવું પડે?' એમ વિચારી કૃષ્ણે પેાતાના શૌર્યથી ગર્જના કરી બળદને તિરસ્કાર્યો! પેાતાનેા તિરસ્કાર સહન નહી થવાથી શીંગડા સહિત મસ્તકને ધૂણાવતેા આખલેા સિંહની જેમ કૃષ્ણને મારવા માટે સામે આવ્યેા. એક હાથે પકડું તેા બીજા હાથને દુખ થાય એમ માનીને જાણે કૃષ્ણે બે હાથે બે શીંગડા પકડીને આખલાને આકાશમાં ઉછાળીને નીચે પટકયેા અને તેના

ઉપર કુંભાર જેમ માટીને ખૂંદે તેમ બે પગ વડે ખૂંદીને પછી ચક્રની જેમ ગોળ ગોળ ઘુમાવી દૂર દૂર ફેંકી દીધો. આખલાને મરેલો જોઇને ગોવાળો પાછા ફરેલા પૂજ્ય કૃષ્ણના ગુણગાન કરવા લાગ્યા.

कंसस्य मदधीशस्य, वृषभोऽनेन मारितः। ग्रहीतुमिव वैरं द्रा—क्केशी तुरंग आगतः ॥३०॥
माभूदेकाकिनस्तस्य, दुःखं वृषस्य मारणात्। मन्ये सहायतां कर्तुं, हतः सोऽपि च जिष्णुना ॥३१॥
एक एकः समागाद्यः, स तु कृष्णेन मारितः। अन्येद्युः खरमेषाभ्यां, द्वाभ्यां तेन समागतं ॥३२॥
एकोऽपि हन्यते येन, दुष्टो भूरिपराभवः। तदीया जायते ख्याति—र्महीयसी महीतले ॥३३॥
अनेन बालकेनापि, खरमेषौ मदोद्धतौ। संतापकौ मनुष्याणां, जघ्नाते लीलयैव च ॥३४॥
विश्वस्यामपि विश्वायां, बलीयानयमेव हि। प्रसिद्धिः समभूदेवं वैकुंठस्यापि शैशवे ॥३५॥
शक्येतैकाकिनानेन, न द्वाभ्यां सह किंचन। चित्तेऽनयोर्मदो माभू—त्तौ द्वावपीति मारितौ ॥३६॥

'મારા સ્વામિ કંસના બળવાન બળદને મારી નાખ્યો,' તેનું વૈર લેવા માટે આવ્યો હોય તેમ કેશી નામનો ઘોડો આવ્યો. વૃષભ (બળદ)ને દુઃખ ના થાય કે હું એકલો જ મરાયો છું, એમ સમજીને જાણે કૃષ્ણે કેશીને પણ યમસદન પહોંચાડયો. તે પ્રમાણે એક પછી એક આવતા ગયા તે તે બધાને કૃષ્ણે પરલોકના યાત્રી બનાવી દીધા. હવે બાકી રહેલા ખર અને મેષ જે લોકોને સંતાપ કરનારા હતા, તે બન્ને મદોન્મત્તને પણ ઠેકાણે પાડી દીધા. કોઇથી પણ પરાભવ કરી શકાય નહી તેમાંના એકનો પણ કોઈ પરાભવ કરે તો તેની કીર્તિ ફેલાય તો બાલવયમાં જેમણે એ બધાને મારીને ફેંકી દીધા એવા બલવાન કૃષ્ણની વૈકુંઠમાં નહી પરંતુ સમસ્ત વિશ્વમાં પ્રસિદ્ધિ થઈ.

एतान्नैमित्तिकप्रोक्तान्, हतान् श्रुत्वा वृषादिकान्। रिपोः सम्यक्परीक्षायै, कंसः शार्ङ्गबलिं व्यधात्३७
सत्यभामां निजां जर्मि, तदधिष्टायिकामिव। संस्थाप्य संनिधौ कंसोऽकार्षीत्पूजोत्सवान् बहून्॥३८॥
गुणमारोपयेदस्मिन्, धनुषि यो महागुणी। सत्यभामां ददे तस्मै, कंस इत्युदघोषयत् ॥३९॥
विद्याकृष्टा इवानेके, निशम्योद्घोषणां च तां। आकारिताः समभ्येयुः, क्षितिपालाः कलाकुलाः॥४०॥
ग्रहीतुमपि केनापि, देवाधिष्ठितवस्तुवत्। तन्नाशक्यत शक्येत, समारोपयितुं कथं ॥४१॥

નૈમિત્તિકના કહેવા મુજબ વૃંદાવનમાં જે જે મોકલ્યા તે સર્વેને કૃષ્ણ મારી નાખ્યા છે, એમ સાંભળીને કંસે હજી પણ વધુ શત્રુની પરીક્ષા માટે શાર્ઙ્ગધનુષ્યની પૂજાનું આયોજન કર્યું. અને ધનુષ્યની અધિષ્ઠાયિકા દેવીની જેમ પોતાની બેન સત્યભામાને ધનુષ્યની પાસે રાખી અને ઉદ્ઘોષણા કરાવી કે 'જે કોઈ પરાક્રમી પુરૂષ શાર્ઙ્ગધનુષ્ય ચઢાવશે તેને મારી બેન સત્યભામા આપીશ.' આ પ્રમાણેની ઉદ્ઘોષણા સાંભળીને આકર્ષણી વિદ્યાથી આકૃષ્ટ હોય તેમ અનેક વીરમાની રાજાઓ આવ્યા, પરંતુ દેવાધિષ્ઠિત વસ્તુની જેમ કોઈપણ રાજા એક તસુમાત્ર પણ ધનુષ્યને ઉંચું કરી શકયા નહી.

वसुदेवमदनवेगा–सुतोऽनाधृष्णिनामकः । वीरंमन्यस्तदाकर्ण्य, प्राचलन्निजगेहतः ॥४२॥
अध्वन्यागच्छता तेन, समेतं नंदगोकुले । तत्र रामहरी दृष्ट्वा—वासैकां रजनीं मुदा ॥४३॥
आरुह्य स्यंदनं व्युष्टे [पृष्टे], विसृज्य हलिनं पुनः । विष्णुमेकाकिनं सार्धं, लात्वा स मथुरामगात्४४
संकीर्णे पादपैरध्व–न्यभून्न्यग्रोधपादपः । लग्नस्तत्र रथोगंतुं शक्तो नोपायकोटिभिः ॥४५॥
तावन्नारायणेनाशु, मूलादुन्मूल्य तं वटं । अध्वा स्यंदनयानाय, प्रांजलो जनितः क्षणात् ॥४६॥
बलं तस्य समालोक्य, तं चारोप्य रथे स्वयं । अनाधृष्णिश्चमत्कारं, बिभ्रत्तेनाध्वनाचलत् ॥४७॥
उत्तीर्य यमुनातो द्वा—वप्येत्य मथुरापुरीं । शार्ङ्गपूजोत्सवास्थान–मागातां भूपपूरितं ॥४८॥
सत्यभामाचितुं मुक्ता, समीपे शार्ङ्गधन्वनः । यस्या यस्माद्भवेत्कृत्यं, सैव तत्परिवारिणी ॥४९॥
अनाधृष्णिहरी वीक्ष्य, त्यक्त्वा तत्रादिमं गुरुं । मनसा सा परिवव्रे, विष्णुं स्त्री लघुवांछिनी॥५०॥

પોતાની જાતને વીર માનતો વસુદેવની મદનવેગા રાણીનો અનાધૃષ્ણિ નામનો પુત્ર પોતાના ગામથી મથુરા જવા માટે નીકળ્યો. ત્યાં જતા રસ્તામાં આવેલા વૃંદાવનમાં આવ્યો. ત્યાં કૃષ્ણ અને બલભદ્રને જોઈને એક રાત રોકાયો. રથ ઉપર ચઢેલા બલભદ્રને નીચે ઉતારી એકલા કૃષ્ણને સાથે લઈ મથુરા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં આવેલા વૃક્ષોને દૂર કરતો રથને આગળ ચલાવવાની કોશિષ કરે છે પરંતુ એક મોટું વડવૃક્ષ વચમાં પડેલું. કેમે કરી રથ આગળ ચાલે નહી. તેટલામાં કૃષ્ણે નીચે ઉતરી વડવૃક્ષને મૂળમાંથી ઉખેડીને દૂર ફેંકી દીધો અને રથનો માર્ગ સરલ બનાવી દીધો. કૃષ્ણનું આવું અચિંત્ય બલ જોઈને અનાધૃષ્ણિ આશ્ચર્ય પામ્યો! યમુનાનદી ઉતરી બન્ને ભાઈઓ મથુરાપુરી આવી પહોંચ્યા. જ્યાં અનેક રાજાઓ આવેલા છે તેવા શાર્ङ્ગધનુષ્યના પૂજામહોત્સવમાં આવ્યા. ધનુષ્યની પાસે પરિવાર સહિત રહેલી સત્યભામા, જે જે સ્થાને મૂકવા યોગ્ય હોય તે તે સ્થાને પૂજા સામગ્રી મૂકે છે. નવા આવેલા અનાધૃષ્ણિ અને કૃષ્ણને જોઇ રહી. મુગ્ધ બનીને કૃષ્ણને મનથી વરી ચૂકી. 'સ્ત્રીઓ પ્રાયઃ નાનાને ઇચ્છે છે.'

धनुरारोपणे याव—दनाधृष्णिः समुद्यतः । पपातांग्रे करौ कृत्वा, मिथ्यादृशां प्रणामवत् ॥५१॥
वीक्षमाणेषु भूपेषु, पतितोऽयं क्षितौ द्रुतं । शरीरेऽस्य तदस्माभिः, सौस्थ्येन स्थीयते कथं॥५२॥
मौलिमौलेः पपातेति, हारस्तुत्रोट कंठतः । द्वेधापि कटकैः पाणे–र्बभंजे चुक्षुभेऽपरैः ॥५३॥
कांतभोगार्तकांताव–द्भ्रष्ट शृंगारभूषणं । तत्स्वरूपं निरीक्ष्येशाः, सत्यभामादयोऽहसन् ॥५४॥

અનાધૃષ્ણિ ધનુષ્ય ચઢાવવા માટે તૈયાર થઈ જ્યાં બે હાથે ઉપાડવા જાય છે તેટલામાં જ તે સાષ્ટાંગદંડવત્ પ્રણામની જેમ નીચે પડી ગયો. 'રાજાઓના દેખતા પોતાના માલિકને જમીન ઉપર પડી ગયો જાણી, અમારે શરીર ઉપર સ્વસ્થ થઈને કેમ બેસી રહેવાય?" આ પ્રમાણે જાણે ના હોય તેમ મસ્તક ઉપરથી મુગટ, કંઠમાંથી હાર પડી ગયા અને બે હાથમાં રહેલાં

કરી ભાંગી ગયા. પતિની સાથેના ભોગ સમયમાં સ્ત્રીઓના આભૂષણો જેમ અસ્તવ્યસ્ત થઈ જાય તેમ અનાધૃષ્ણિનું અસ્તવ્યસ્ત સ્વરૂપ જોઈને, સત્યભામા સહિત બધા રાજાઓ હસવા લાગ્યા. (૫૨, ૫૩, ૫૪, ૫૫)

भूषाः स्वयमनारोपा–द्विलक्षवदना अपि। हसंत्येते न जानंति, बहुरत्नां वसुंधरां ॥५५॥
चिंतयित्वेति कृष्णेन, तेषां हास्यासहिष्णुना। धन्वाधिज्यं कृतं सद्यो, बालत्विाब्जनालवत्॥५६॥
बिडौजोधनुषा रम्या, कादंबिनीव पुष्करे। बभौ कृष्णतनुस्तस्यां, सभायां तेन धन्वना ॥५७॥

'પોતે ધનુષ્ય ચઢાવી શકયા નહિ, તેથી વિલખા બનવા છતાં પણ બીજાને હસે છે તે કેટલા મૂર્ખ કહેવાય! શું નહી જાણતા હોય કે બહુરત્ના વસુંધરા છે?' આ પ્રમાણે વિચારી અને અનાધૃષ્ણિની હાંસીને સહી નહિ શકવાથી કૃષ્ણ ઉભા થયા. અને કમલની નાલની જેમ ધનુષ્યને વાળીને ટંકારવ કર્યો તે વખતે જેમ ઘનઘોર વાદળમાં ઈન્દ્રધનુષ્યની સાથે વીજળી શોભે તેમ સભામાં ધનુષ્યની સાથે કૃષ્ણશરીરવાળા કૃષ્ણ શોભતા હતા. (૫૬, ૫૭, ૫૮)

विष्णुनारोपिते धन्व–न्याज्ञे जयारवे सति। अनाधृष्णिस्ततः स्थाना–द्रथमारुह्य निर्ययौ॥५८॥
स्यंदनस्थं हरिं द्वारि, मुक्त्वानाधृष्णिरंजसा। गत्वा च जनकागारं, व्याचष्ट स्पष्टवाचया ॥५९॥
एकाकिना मया तात, शार्ङ्गमारोपितं धनुः। शक्रधनुरिवाशक्यं, ग्रहीतुमपि पार्थिवैः ॥६०॥
श्रुत्वा तद्वचनं शौरिः, सहसोवाच तं प्रति। गच्छ हनिष्यति प्रोच्चैः, कंसो धन्वाधिरोपकं॥६१॥
पितुः साक्षेपवाक्येना–नाधृष्णिर्भयमुद्वहन्। गोविंदेन समं नंद–गोकुलेऽगच्छदिच्छया ॥६२॥
तत्र रामहरी पृष्ट्वा, स शौर्यपुरमाप्तवान्। धनुरारोपितं नंद–नंदनेनेत्यभूद्यशः ॥६३॥

કૃષ્ણના ધનુષ્ય ટંકારવથી બધે જયજયકાર થઈ ગયો ત્યારે અનાધૃષ્ણિ તરત જ કૃષ્ણને રથમાં બેસાડીને ત્યાંથી રવાના થઇ ગયો. નગરની બહાર કૃષ્ણને રથમાં રાખીને પોતે પિતાને મળવા ગયો. ત્યાં જઈને વસુદેવને અથથી ઇતિ સુધીની બધી વિગત કહી. વાત સાંભળીને વસુદેવ એકદમ બોલી ઉઠયા કે 'અરે તેં આ શું કર્યું? ધનુષ્ય ચઢાવનારને કંસ મારી નાખશે. માટે જા જલ્દી જા. તેને વૃન્દાવનમાં પહોંચાડી દે."

પિતાના સાક્ષેપ વચનથી ભયભીત બનેલો અનાધૃષ્ણિ, કૃષ્ણને લઈને જલ્દી ગોકુળમાં પહોંચી ગયો! ત્યા રામને કૃષ્ણની સોંપણી કરી પોતે શૌર્યપુરીમાં આવ્યો. ધનુષ્ય ચઢાવવાથી નંદગોવાળના પુત્ર કૃષ્ણનો ચારે બાજુ યશ ફેલાયો.

कोदंडारोपणात्कंसो, विदधाति महोत्सवं। उद्दिश्येत्यादिशद्भृत्यान्, मल्लयुद्धाय सोऽन्यदा॥६४॥
स आकार्य बहून् भूपान्, मंत्रिणश्च पुरोहितान्। मंचेष्वष्वस्थापयद्भाद्–दुर्विचारैकमानसः॥६५॥

ધનુષ્યના આરોપણથી ખિન્ન બનેલા કંસે આખરી દાવ તરીકે હવે મલ્લયુદ્ધનું આયોજન કર્યું. જેમાં ગામેગામના રાજાઓ મંત્રીઓ અને પુરોહિતોને બોલાવ્યા. મલ્લયુદ્ધ માટે વિશાલ મંડપમાં ચારે બાજુ ઉંચા ઉંચા મંચો ગોઠવ્યા. અને સૌથી ઉંચા મંચ ઉપર દુષ્ટ વિચાર કરી રહેલા દંભી કંસે પોતાનું સ્થાન રાખ્યું.

तद्दुष्टमानसज्ञेन, शौरिणा दीर्घदर्शिना । सार्थेऽक्रूरादिकान् सूनून् , लात्वा तत्र समागतं ॥६६॥
कंसेनोच्चतरे मंचे, वसुदेवो निवेशितः । अक्रूराद्यैः सुतैस्तत्र, देवैरिंद्र इवाबभौ ॥ ६७ ॥

કંસના દુષ્ટ વિચારોના જાણકાર વસુદેવ દીર્ઘદૃષ્ટિથી અક્રૂર આદિ પોતાના બધા પુત્રોને લઈને મલ્લયુદ્ધમાં ભાગ લેવા આવ્યા. પુત્રોની સાથે મંચ ઉપર વચમાં બેઠેલા વસુદેવ દેવેન્દ્રની જેમ શોભતા હતા.

मल्लयुद्धं निशम्योच्चैः, श्रीपती राममब्रवीत् । तदावामपि पश्यावो, व्रजित्वा तत्र पर्षदि ॥६८॥
अंगीकृत्य वचो विष्णो—र्यशोदां राम ऊचिवान् । यास्यावो मथुरामावां, स्नानं सज्जीकुरु द्रुतं६९॥
आलस्यं बिभ्रतीं वीक्ष्य, रामः साक्रोशमाह तां । केशवस्य पुरा बंधु—मारणज्ञापनाय च ॥७०॥
अरे किं ते विसस्मार, दासीभावः पुरातनः । उष्णोदकादिसामग्रीं, यद्विदधाति नांजसा ॥७१॥
विलक्षं वचसा तेनो—पादाय माधवं गृहात् । स्नानाय यमुनानद्या—मनयन्मुशली बली ॥७२॥
कारयित्वा बली स्नान—मपृच्छन्नरकांतकं । विलक्षो दृश्यसे किं त्व—मपमानितमर्त्यवत् ॥७३॥
सोऽवग्गद्गदया वाचा, बंधो मज्जननी त्वया । दासीति कथिता किं नु, सामर्षं खलु शत्रुवत्॥७४॥
कोमलाभिर्हली वाग्भि—रुवाच पुरुषोत्तमं । यशोदासौ न ते माता, नंदाख्योऽपि च नो पिता ॥७५॥
त्वदीया देवकी माता, देवराजांगजा समा । जनको वसुदेवस्ते, वसुदेवः क्षमातले ॥७६॥
मासे मासे व्यतिक्रांते, त्वदाननं निरीक्षितुं । निर्यत्स्तन्या ययावत्र, देवक्यतिप्रमोदिनी ॥७७॥
कंसस्याग्रहयोगेन, संस्थितो मथुरापुरि । आवयोर्वर्त्तते तातो, वसुदेवः प्रसिद्धिमान् ॥७८॥
गुरुभिरथ तैस्तातै—र्बालकस्नेहलालसैः मुक्तस्तेऽपायरक्षार्थं, ज्येष्टोऽहं च विमातृजः ॥७९॥
भो सहोदर तातो मे, यदि शौरिः प्रवर्तते । कथं तेनात्र मुक्तोऽहं, पप्रच्छेति हरिर्बलं ॥८०॥
पृष्टे तु वासुदेवेन, बंधुं हलधरो जगौ । आदितः कंसवृत्तांतं, स्ववांधववधादिकं ॥८१॥ ॥
श्रुत्वा राममुखात्सर्वं, कृष्णः कृष्णमनाः क्रुधा । कंसघातं प्रतिज्ञाय, कालंद्यां स्नातुमीयिवान्॥८२

મથુરામાં મલ્લયુદ્ધ સાંભળીને કૃષ્ણે રામને કહ્યું:—આપણે પણ મલ્લયુદ્ધ જોવા માટે જઈએ! કૃષ્ણના વચનથી બલભદ્ર પણ જવા માટે તૈયાર થયા. અને યશોદાને કહ્યું:—અમારે મથુરા જવું છે. માટે સ્નાન કરવા માટે જલ્દી ગરમ પાણીની તૈયારી કર! પોતાના બંધુઓના ઘાતની જાણ કરવા માટે અને સાચા માતાપિતાની ઓળખ કરાવવા માટે

કૃષ્ણને સાંભળતાં, વિલંબ કરતી યશોદાને રામે આક્રોશપૂર્વક કહ્યું :-'અરે યશોદા ! શું તારા પહેલાના દાસી ભાવને ભૂલી ગઈ છે? અમારા કહ્યા મુજબ કેમ જલ્દી કામ કરતી નથી?' આ પ્રમાણે કહી ઉદ્વિગ્ન બનેલા કૃષ્ણને લઈને બલભદ્ર ઘરમાંથી બહાર નીકળી ગયા. ઉદાસીન મુખવાળા કૃષ્ણને બલભદ્રે પૂછયું 'ભાઇ ! આમ ઉદાસ કેમ થઇ ગયા છો? કોઈએ તારું અપમાન કર્યું છે.?' ગદ્‌ગદ્ થઇને કૃષ્ણે કહ્યું :-બંધુ ! તમે મારી માતાને દાસી કહીને તેનું ઘોર અપમાન કર્યું. તેથી મને ખૂબ દુઃખ થયું છે!' કોમલવચનથી સાંત્વન આપીને બલભદ્રે કૃષ્ણને કહ્યું :-' યશોદા તારી માતા નથી અને નંદ તારા પિતા નથી. તારી માતા દેવાંગના સરખી દેવકી છે અને જગતમાં પ્રસિદ્ધ એવા તારા પિતા વસુદેવ છે. તારું મુખ જોવા માટે મહિને મહિને દેવકી ગોકુળમાં આવે છે. તને જોઇને એ ખૂબ આનંદ પામતી ચાલી જાય છે. મથુરામાં રહેલા કંસના ભયથી પિતાજીએ આપણને બંનેને અહીંયા રાખ્યા છે. પુત્ર પ્રત્યેના ગાઢ પ્રેમથી તારી રક્ષા માટે પિતા વસુદેવે મને તારી પાસે મૂકયો છે. મારા અને તારા પિતા જગતપ્રસિદ્ધ એવા વસુદેવ રાજા છે. મારી માતા રોહિણી અને તારી માતા દેવકી. આપણે બન્ને સગા ભાઇઓ છીએ !' આ પ્રમાણે સાંભળીને આશ્ચર્ય પામતાં કૃષ્ણે કહ્યું :-' મોટાભાઇ ! જો એમ જ છે તો પિતા વસુદેવે મને ગોકુળમાં કેમ રાખ્યો છે ?' કૃષ્ણની વાત સાંભળીને બલભદ્રે, પોતાના છ ભાઇઓનો ઘાત કંસે કેવી રીતે કર્યો તે વગેરે આદિથી અંત સુધીનો બધો વૃત્તાંત કૃષ્ણને કહ્યો'. જેમ જેમ સાંભળતા ગયા તેમ તેમ કૃષ્ણનો રોષ ભભૂકી ઉઠયો અને કંસનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી. ત્યારબાદ યમુનામાં સ્નાન કરવા માટે ગયા.

कालंद्यामेष्यति स्नातुं, कृष्णः कंसेन भूभुजा । कालियाहिस्वरूपेण, किं मुक्त इव सेवकः ॥८३॥
यद्यहं सेवकीकृत्य, कंसेन परिचिंतितः । तद्विष्णुं तद्‌द्विषं हन्मी—त्यधावत्तं सरीसृपः ॥८४॥
फणास्थितमणिश्रेणि–प्रद्योताद् द्योतयन् दिशः । गृहीत्वा नासिकायां स, नस्तितो नरकारिणा ॥८५॥
तत्पृष्टोपरि चोत्प्त्य, विध्वस्तसाध्वसेन सः । विष्णुना यमुनानीरे, तरंड इव वाहितः ॥८६॥
खेलितो हरिणा ताव—द्यावन्निर्जीव आस सः । ततस्तं वालयामास, कोदंडमिव शुद्धधीः ॥८७॥
निर्गतौ यमुनानद्या, यावद् द्वावपि तौ बहिः स्नानिकैर्वेष्टितौ ताव—तौनारायणकेशवौ ॥८८॥
यस्माद्‌बिभ्यति निःशेषा, बलिष्टा अपि मानवाः । जघान कालियव्यालं तं कुमारोऽपि केशवः॥८९॥
एतयोः सदृशः कोऽपि, वरीवर्ति न भूतले । शशंसुरिति गोपास्तौ, नागराश्च द्विजादयः॥९०॥
रामकृष्णौ बलीयांसौ, धरंताविति शंशिनैः । नरैः परिवृत्तौ प्राप्तौ, मथुरागोपुरं च तौ ॥९१॥

'કૃષ્ણ સ્નાન કરવા માટે યમુનામાં આવશે એમ સમજીને જાણે કંસે કાલિનાગ સ્વરૂપે પોતાનો સેવક રાખ્યો ના હોય!' 'કંસનો સેવક થઇને હું પણ માલિકની ઇચ્છા મુજબ શત્રુ

એવા કૃષ્ણને મારી નાખું !' એમ વિચારીને જાણે કાળીનાગ ધસમસતો કૃષ્ણને ડંખ દેવા માટે સામો ધસ્યો ! ફણા ઉપર રહેલા મણિના તેજથી ચારે દિશાને પ્રકાશ કરતાં ભયંકર નાગનું નાક પકડી તેની પીઠ ઉપર કૃષ્ણ બેસી ગયા અને નાવની જેમ તેને યમુના નદીમાં ઘુમાવી નિષ્પ્રાણ કરીને ધનુષ્યની જેમ વાળીને દૂર દૂર ફેંકી દીધો ! નદીકાંઠે ઉભેલા નાગરિકો બ્રાહ્મણો અને ગોવાળો સ્નાન કરીને બહાર આવેલા કૃષ્ણ અને બલભદ્રને વીંટળાઈને પ્રશંસા કરવા લાગ્યા કે 'જેનાથી બળવાન માણસો પણ ડરી જતા એવા ભયંકર નાગને આ નાનકડા કૃષ્ણે મારી નાખ્યો ! તે ખરેખર આ બાળક જેવો બળવાન જગતમાં બીજો કોઈ નહી હોય' ! આ પ્રમાણે નગરજનોથી પ્રશંસા કરાતા બંને ભાઇઓ મથુરા નગરીના દરવાજા આગળ આવ્યા. (૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨)

तयोरागमनं श्रुत्वा, कंसेनोक्तं निषादिनां। पद्मोत्तरचंपतेभौ, हंतुं तौ कुरुताग्रतः ॥९२॥

ચરપુરૂષો દ્વારા કૃષ્ણ અને બલભદ્રના આગમનને જાણીને તે બંનેને મારવા માટે કંસે પદ્મોત્તર અને ચંપક નામના બે હાથીઓને સામે દોડાવ્યા.

भित्तिकीलाविवामूला—दाकृष्य दशनौ हरिः। पद्मोत्तरं चंपकं तु धावमानमहन् हली॥९३॥
यशोदानंदयोरेतौ, यशोदानोचितौ सुतौ। बलिनौ विदितौ लोके, शत्रुघातमहाबलौ ॥९४॥
दिवो देवविमुक्तोरु—वनमालाविलासिनोः। एतयोः सन्मुखं कोऽपि, न हि तिष्ठति सर्वथा॥९५॥
गोपालैः स्तूयमानौ तौ, दर्श्यमानौ च नागरैः। रामकृष्णौ समायातौ; मल्लयुद्धास्पदं तदा॥९६॥

ભીંતમાંથી જેમ બીલી ખેંચી નાખે તેમ કૃષ્ણ પદ્મોત્તરના અને બલભદ્રે ચંપકના દાંત ખેંચીને મારી નાખ્યા. બળવાન શત્રુઓનો વધ કરનારા યશોદા અને નંદના બંને કિશોરોનો લોકોમાં ઘણો યશ ફેલાયો. દેવોએ પહેરાવેલી વનમાળાથી સુશોભિત આ બંનેની સામે ઉભા રહેવાની કોઇની તાકાત નથી' આ પ્રમાણે નગરજનો અને ગોવાળોથી પ્રશંસા કરાતા રામ અને કૃષ્ણ મલ્લયુદ્ધના મંડપ પાસે આવ્યા.

महामंचस्थितं तत्र, जनमुत्थाप्य निर्भयौ। उपविष्टौ स्वगोपाल—कलितौ हलिमाधवौ ॥९७॥
स्ववैरिदर्शितः कंसः, संज्ञया हलिना हरेः। विष्णोरुदलसद्वैरं, तं पृष्ट्वा तातघातिवत् ॥९८॥
तातपादाननुज्येष्टान्, बंधूंश्च स्वजनादिकान्। हरेर्गोपवृतस्य, रामः स्फुटमदर्शयत् ॥९९॥

મોટા મંચ ઉપર બેઠેલા માણસને ઉઠાડીને તે મંચ ઉપર ગોવાળ વેશધારી તે બન્ને નિર્ભય થઈને બેઠા. પોતાના શત્રુ કંસને ઈશારાથી બલભદ્રે કૃષ્ણને બતાવ્યો. પિતાના વૈરીને જોઇને કૃષ્ણ રોષિત બની ગયા. ત્યાર બાદ બલભદ્રે સમુદ્રવિજય આદિ વડીલજનોની પોતાના બંધુવર્ગની તેમજ સ્વજનોની એક પછી એક ઓળખાણ કરાવી.

अधिकामधिषेम्योऽपि, धरंतौ रूपसंपदं । एतौ देवकुमारौ का–वित्यशंकत भूमिपाः ॥३००॥

'રાજાઓથી પણ અધિક રૂપસંપત્તિવાળા દેવકુમાર સમાન આ બંન્ને કિશોરો કોણ હશે ?' આ પ્રમાણે ત્યાં બેઠેલા રાજાઓ સંકલ્પ-વિકલ્પ કરતા હતા. (૩૦૧)

यूयं मल्ला नियुध्यध्व–मिति कंसनियोगतः । अनेकेऽनेकधा युद्ध–मन्योन्यं ते प्रचक्रिरे ॥१॥
चाणूरमल्लामातंग ! त्वं समुत्तिष्ट सत्वरं । स्वाम्यादेशमवाप्याय–मुदतिष्ठद्बलोद्धतः ॥३०२॥
यः कश्चिद्वीरमानी स्या – दुमुष्यां प्रौढपर्षदि । नियुध्यतां मया सार्धं, तदानेन बलीयसा ॥३०३॥
पंचानन इवाहूतः, पुच्छाच्छोटं धरन्निति । भुजास्फोटं प्रकुर्वाण–श्चाणूर उत्थितोऽवदत् ॥३०४॥

'તમે અનેક મલ્લો, અરસ પરસ અનેક પ્રકારના મલ્લયુદ્ધ માટે તૈયાર થાઓ ! ચાણૂરમલ્લ ! તમે સત્વરે ઉઠો.' આ પ્રમાણેના કંસના આદેશથી બલવાન એવો ચાણૂર ઉઠ્યો અને બોલ્યો : 'આ સભામાં જે કોઈ વીરમાની હોય તે મારી સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થાઓ.' સિંહ જેમ પૂછડું પછાડીને ગર્જના કરે તેમ ભુજાસ્ફોટ કરતો ચાણૂર ઉઠ્યો.

तद्वाक्यमक्षमी जिष्णु—र्भुजास्फोटनपूर्वकं । कंसादशंकमानश्च, सभायां योद्धुमुत्थितः ॥५॥
विष्णुना च कृते बाहू वा–स्फोटे क्षोभात् त्रिधा जगत् । आसीत्स्वर्गनृपाताल–लोकत्रयव्यवस्थया ॥६॥

તેના અભિમાની વચનને સહન નહી કરતા કૃષ્ણ, કંસને શંકાશીલ બનાવતા સભામાં ઉઠીને યુદ્ધ કરવા માટે સજ્જ થયા. કૃષ્ણના પ્રચંડ ભુજાસ્ફોટથી ક્ષોભ પામેલી પૃથ્વી સ્વર્ગ મૃત્યુ અને પાતાલ એમ ત્રણ લોકમાં વહેંચાઈ ગઈ !

बहुशः कृतयुद्धोऽयं, युद्धशिक्षाविचक्षणः । चाणूरोऽस्ति प्रचंडांग, क्रूरकर्मैककर्मठः ॥७॥
अयं तु सुकुमारोऽस्ति, सुकुमारः सुमोरुरुक् । नैतस्य युज्यते युद्धं सहानेन दुरात्मना ॥८॥
केचिद्वदंति सिंहस्य, पुरस्तात् किं लघोरपि । प्रौढांगोऽपि द्विपः स्थातुं, प्रशक्नोति मनागपि ॥९॥
प्रेक्षणाय महीशेषु, सर्वेषु संस्थितेष्वपि । तदेति व्याकुलः शब्दः परस्परमजायत ॥१०॥
तुमुलश्रवणात्कंसो, रंगभंगं विदन्नवक् । केनाहूताविमौ गोपौ, गोपयःपानमेदुरौ ॥११॥

કોઈ કહેવા લાગ્યા 'અરે, ચાણૂરે તો ઘણા યુદ્ધો કર્યા છે માટે યુદ્ધકલામાં વિચક્ષણ છે, વળી, કસાયેલા શરીરવાળો તેમ જ ક્રૂર કાર્ય કરવામાં પાવરધો છે. તેની સાથે સુવર્ણ સમાન કાંતીવાળા આ સુકુમાર કિશોરનું યુદ્ધ કરાવવું યોગ્ય નથી.' ત્યારે કોઈ કહે : 'અરે ભાઈ, નાનું નાનું પણ સિંહનું બચ્ચું ! તો શું નાના પણ સિંહની સામે પહાડ સમાન હાથી ઊભો રહી શકે ખરો !' જોવા આવેલા સર્વે રાજાઓનાં આ પ્રમાણેનાં પરસ્પરના વાર્તા લાપથી શોરબકોર થઈ ગયો.

આવા ઘોંઘાટથી રંગમાં ભંગ પડતો જોઈને કંસ બોલ્યો : 'અરે ગાયનું દૂધ પીને પુષ્ટ બનેલા આ બે ગોવાળીઆને કોણે બોલાવ્યા છે'

प्रोचुस्तत्सेवकाः स्वामिन्, भूपान् विहाय गोदुहौ । आकार्येते इमौ केन ? स्वयमेव समागतौ ॥ १२॥
यद्यत्रैतावनाहूता—वुन्मत्तौ समुपस्थितौ । निषेध्येतामिमौ केन, तदा युद्धात्परस्परं ॥ १३ ॥
अनयोः कुर्वतोर्युद्धं, यस्य बाधा ततो भवेत् । रक्षायै वपुषस्तेन, कथनीयं पुरा मम ॥ १४ ॥

સેવકો કહે 'સ્વામિન્! રાજાઓ સિવાય કોઇને આમંત્રણ આપ્યું નથી. આ બે તો સ્વયં પોતે ચાલીને વગર બોલાવે આવેલા છે.' કંસે કહ્યું: 'તો વગર બોલાવે આવેલા આ બંન્નેને મલ્લની સાથે યુદ્ધ કરતા રોકો. નહીતર મલ્લયુદ્ધમાં આ બન્નેના શરીરે કંઈપણ બાધા થશે તો તેના માટે કોણ જવાબદાર છે? તેના શરીરની રક્ષા કરવા જે આવ્યા હોય તે મારી આગળ હાજર થાઓ.'

कंसवाक्यमिति श्रुत्वा, निःशेषाऽप्यपरो जनः । कृष्णमेवैक्षतैषाऽपि. स्मित्वाऽक्षवीदिदं वचः ॥१५॥
पीनोऽसौ राजभोज्येन, नित्याभ्यासविधायकः । चाणुरोस्ति महादेह—स्त्वया स्नेहेन पोषितः ॥१६॥
वज्रणेव मयैवायं, लघुनापि नगाकृतिः । खंडयमानो युगंधर्याः, कणवत्संप्रतीक्ष्यतां ॥१७॥

આ પ્રમાણે કંસના વચન સાંભળીને બધા લોકો કૃષ્ણને જોઈ રહ્યા. તે પણ હસીને કહે છેઃ 'અરે કંસ, હું મેશ મલ્લયુદ્ધની તાલિમ લેનારો, રાજભોગથી પુષ્ટ બનેલો પહાડ સમાન મોટી કાયાવાળો અને તારા સ્નેહથી પોષાયેલો આ ચાણુર છે ને? કદમાં નાનું પણ વજ્ર જેમ પર્વતને છેદી નાખે તેમ તેને હું બાજરાના કણની જેમ તમારા બધાના દેખતાં છેદી નાખીશ!'

कुरंग इव सिंहस्य, तस्य वाक्येन भीतिमान् । समुदस्थापयत्कंसो, मुष्टिकं हस्तिसन्निभं ॥१८॥

સિંહની ગર્જનાથી હરણ જેમ ભયભીત બને તેમ કૃષ્ણના વાકયથી ભયભીત બનેલા કંસે સ્થૂલ કાયાવાલા મૌષ્ટિક મલ્લને ચાણુરની સહાય માટે ઉઠાડયો.

विष्णोः पंचाननस्येव, द्वितीयो बंधुवद्बलः । भेत्तुं कुंभस्थलं तस्य, गजाभं तं विलग्नवान् ॥१९॥
वल्गंतौ कृष्णचाणूरौ, मिथो मुशलिमुष्टिकौ । बिभ्यंत इव देवाः खेऽद्राक्षुर्मंडलसंस्थिताः ॥२०॥
रौहिणेयमुकुंदाभ्यां, मुष्टिचाणूरमल्लकौ । बाससी रजकाभ्यां चा—कुटचेतां करमुद्गरैः ॥२१॥

ताभ्यामेवाहिपाशाभै–र्भुजैर्निर्यंत्र्य लीलया । उच्छालितौ च=तौ युद्ध–क्रीडाकंदुकवद् द्रुतं ॥२२॥
सर्वत्र जयिनावेव, विलोक्य राममाधवौ । दुष्टस्तौ मावधीत्कंस, इत्यभूच्छंकितो जनः ॥२३॥
आद्येन वासुदेवेन, भूयिष्ठबलशालिना । उदपाटि यथा कोटि–शिलोध्वर्वं निजमस्तकात् ॥२४॥
वैकुठबलभद्राभ्यां, संयुताभ्यां पराक्रमैः । तथैवोत्पाट्यमानौ तौ, समीक्ष्य तुतुषुर्जनाः ॥२५॥ युग्मं॥
चक्रिणा चरमेणैव, बलादुत्पाट्यते यथा । देवताधिष्ठिता सा भू–पीठादाचतुरंगुलं ॥२६॥
चाणूरमुष्टिकाभ्यां तौ, तथैवोत्पाटितौ भुवः।चक्रित्वमिवसादृश्य–मुभयोर्बुबुधुर्जनाः॥२७॥युग्मं॥

સિંહ જેમ હાથીના ગંડસ્થલને ભેદવા માટે વળગે તેમ કૃષ્ણ હાથી સમાન સ્થૂલ કાયા-વાળા ચાણૂરને વળગ્યા. અને બલભદ્ર મુષ્ટિકને વળગ્યા આ પ્રમાણે ચાણૂર અને કૃષ્ણ, મુષ્ટિક અને બલભદ્ર તેઓનું પરસ્પર યુદ્ધ દેવોની જેમ અનિમેષ નેત્રે જોઈ રહેલા રાજાઓ પણ ભયભીત બની ગયા. જેમ ધોણી કપડાને ધોકાથી કૂટે તેમ કૃષ્ણ ચાણૂરને, બલભદ્ર મુષ્ટિકને હાથથી કુટતા હતા.

નાગપાશ સમાન બંન્નેની ભુજાઓ વડે બન્ને મલ્લોને દબાવીને દડાની જેમ આકાશમાં ઉછાળ્યા. આ પ્રમાણે સર્વે દાવમાં વિજયી બનેલા રામકૃષ્ણને જોઇને દુષ્ટ કંસ શંકાશીલ બની ગયો. ત્યારે આ અવસર્પિણીમાં પહેલા વાસુદેવ ત્રિપૃષ્ટ પોતાના બળથી ક્રોડમણની શિલાને ટચલી આંગળીથી ઉઠાવીને મસ્તક સુધી લઈ ગયા હતા, તેમ કૃષ્ણ અને બલભદ્રે પોતાના પરાક્રમથી આ બન્નેને ઊંચે ઉછાળવાથી ત્યાં રહેલા રાજાઓ સંતોષ પામ્યા. છેલ્લા વાસુદેવ દેવાધિષ્ઠિત ક્રોડમણની શિલાને જમીનથી ચાર આંગળ ઉઠાવીને જમીન ઉપર મૂકે, તેમ કૃષ્ણ અને બલભદ્રે બન્ને મલ્લોને જમીન ઉપર પછાડ્યા. ત્યારે સજ્જન પુરૂષો આ બન્નેની તુલના બળમાં ચક્રવર્તી સાથે કરતા હતા.

कुमारौ रामगोविंदौ, माहाष्टाँ तौ मनागपि । एवं विचिंतयामासुर्विचारचतुरा नराः ॥२८॥
विष्णुवक्षसि चाणूरो, दत्तवान् स्वीयमुष्टिकां।तदाध्यानस्थयोगीव,कृष्णोऽभून्मीलिताक्षिकः॥२९॥
घातयैनं त्वमाभीरं, तदा छलोपलब्धिना । कंसेन संज्ञयाज्ञापि, चाणूरस्याभिमानिनः ॥३०॥
तत्संज्ञाप्रेरितः सोऽपि, दुरात्मा शोणितेक्षणः । द्विधापि, व्यालवक्त्रोऽभि–दधावे तं जिघांसया॥३१॥
बंधोर्जिघांसया रामो, धावमानं समीक्ष्य तं । जघान च महाध्वाने, पृष्टे मुष्ट्या शिलाभया ॥३२॥
पतंतं तेन घातेन, मल्लं चाणूरनामकं । विष्णुराश्वास्य हर्षेण, युद्धायाकारयत्पुनः ॥३३॥
भूयात्प्राणक्षयो माम–कीनो मा च स्मयक्षयः। विदन्नेष विभिन्नांग–शल्य इवोत्थितो मदात् ॥३४॥

गोदोहभांडवच्छीर्षे, क्षिप्त्वा जानुविचालके। युद्ध्यमानो हरिश्चक्रे, मुखोत्थरुधिरश्रवं ॥३५॥
शरीरे रुधिरं सारं, निर्गच्छेद्यदि तन्मुखात्। तत्कथं स्थीयतेऽस्माभिः, प्राणैरपीति निर्गतं ॥३६॥

રામ અને કૃષ્ણ બન્ને કિશોરો કેટલાં બળવાન છે ? બલિષ્ઠ મલ્લોને જરાપણ મચક આપતા નથી. આ પ્રમાણે સજ્જન માણસો જ્યારે વિચારે છે ત્યારે લાગ જોઇને ચાણૂરે વિષ્ણુની છાતીમાં પોતાની લોખંડી મૂઠીથી જોરદાર પ્રહાર કર્યો, ત્યારે વિષ્ણુ ધ્યાનસ્થ યોગીની જેમ આંખ બંધ કરીને સ્થિર થઈ ગયા. કે તરત જ દુષ્ટ કંસે 'ઈશારાથી અભિમાની ચાણૂરને સમજાવ્યું કે ગોવાળીયાને પૂરો કરી નાખ.' કંસની પ્રેરણાથી ખૂની આંખોવાળો દુરાત્મા ચાણૂર વાઘની જેમ મોઢુ ફાડીને કૃષ્ણને મારવા માટે જેવો દોડ્યો કે તરત જ તેની પીઠમાં બલભદ્રે પોતાની વજ્ર સમાન મૂઠીથી જોરદાર પ્રહાર કર્યો. અને વિષ્ણુને પ્રેમપૂર્વક આશ્વાસન આપીને યુદ્ધ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. 'પ્રાણ જાય તો ભલે પરંતુ માનભંગ ના થવો જોઇએ.' એમ જાણતા કૃષ્ણ તરત જ સ્વસ્થ થઈ ગયા, અને દહીંદૂધના મટકાની જેમ ચાણૂરનું મસ્તક બે પગ વડે જોરથી દબાવીને લોહી વમતો કરી નાખ્યો. શરીરના સારભૂત રૂધિર નીકળી જવાથી પ્રાણો પણ શરીરમાં કયાં સુધી ટકી શકે ? અર્થાત્ તે નિશ્ચેતન થઈ ગયો.

चाणूरं मृतमालोक्य, प्रकर्तुं तत्सहायतां। कोपाटोपारूणः कंस, इत्यादिशत्स्वसेवकान् ॥३७॥
अकार्यकारिणौ दुष्टौ, चाणूरमल्लघातिनौ। हन्येतां रामगोविंदौ, युष्माभिश्च दृढायुधैः ॥३८॥
येनैतौ वर्धितौ दुग्ध-पाननेव भुजंगमौ। तं नंदमपि हन्यास्त, यशोदायोषिदन्वितं ॥३९॥
पालितौ लालितौ येन, कुटुंबेन च खेलितौ। तत्सर्वमपि गोपाल-कुटुंबं हत वेगतः ॥४०॥
नंदस्य तस्य वा सर्वसेवकानां धनादिकं। गृहीत्वा भस्मसाद्वह्नौ, क्रियतां मन्नियोगतः ॥४१॥
चाणूरेण समं युद्ध्य-मानयो रामकृष्णयोः। यथा कलां प्रपद्येयु, सर्वेऽपि प्रेत्यजन्मनि ॥४२॥

ચાણૂરને મરેલો જોઇને અત્યંત રોષાતુર બનેલા કંસે તેની સહાય કરવા માટે સુભટોને આદેશ કર્યો. ચાણૂર મલ્લના હત્યારા અને અકાર્ય કરનારા આ દુષ્ટ પાપીઓને તીક્ષ્ણ શસ્ત્રોથી હણી નાખો. અને સર્પની જેમ આ બન્નેને દૂધ પાઇને ઉછેરનાર નંદ ગોવાળીઆને એની સ્ત્રી યશોદા સહિત મારી નાખો. અને જે જે કુટુંબે આ બન્ને પાપીઓનું લાલન-પાલન કર્યું છે તે બધા ગોવાળીઆના કુટુંબને પણ મારી નાખો. નંદ આદિ સર્વે ગોવાળીઆના ધનમાલને લૂંટી લ્યો અને મારી આજ્ઞાથી તે સમસ્ત ગોકુળને ભસ્મીભૂત કરી નાંખો.' એટલું જ નહી પરંતુ ચાણુર સાથે રામ અને કૃષ્ણના મલ્લયુદ્ધને જોવા માટે આવેલા અને આ બન્ને પાપીઓની પ્રશંસા કરનારને પણ હણી નાંખો.

समाकर्ण्येति गोविंदो, रक्ताक्षो भीषणाकृतिः । अमर्षात्तर्जयामास, कंसं सभाविधायकं ॥४३॥
रे कंस रे दुराचार, बालहत्यापरायण । तवैवास्ति रसो भूयान्, मल्लयुद्धविलोकने ॥४४॥
प्रेषयामि ततोऽहं त्वा–मेव तद्युद्धमीक्षितु । यद्यस्य पुरस्त्वं मे–ऽघातयिष्यस्तदा निजान् ॥४५॥
इत्युदित्वा महामंच–स्थितं कंसं च विप्रियं । उत्प्लुत्य सद्यस्तं कृष्णः केशाच्चौरमिवाग्रहीत्॥४६॥
तदा तस्य भयेनेव, बालहत्यापराधतः । अस्खलन्मुकुटो देहा–दन्यान्याभरणान्यपि॥४७॥
नवीनान्यपि वासांसि, श्रोत्रादीनींद्रियाण्यपि । तथा तनुस्थजीवोऽपि, कंसः शवमिवाभवत्॥४८॥

કંસનું વક્તવ્ય સાંભળીને ક્રોધથી લાલઘૂમ થઈ ગયેલા ભયંકર આકૃતિ ધારણ કરીને કૃષ્ણ આક્રોશ પૂર્વક બોલ્યા :–'અરે દુરાચારી, બાલ હત્યા કરનારા પાપાત્મા કંસ, મલ્લયુદ્ધ જોવાનો તો તને રસ છે તેથી તારા મલ્લનું યુદ્ધ જોવા માટે પહેલા તને જ મોકલી દઉં છું. ખબરદાર મારા દેખતાં કોઈને પણ કંઈ કરે તે પહેલાં તારો જ હિસાબ પતાવી દઉં !' એમ કહી કૃષ્ણે કૂદકો મારી ઉંચા મંચ ઉપર રહેલા કંસના માથાના વાળ પકડી તેને જમીન ઉપર પછાડ્યો. ત્યારે જાણે બાલહત્યાના અપરાધથી ધ્રુજી ગયેલા હોય તેમ તેના શરીર ઉપરથી મુગટ કુંડલ આદિ આભૂષણો પણ સરી પડ્યા.

શરીરમાં પ્રાણ હોવા છતાં પણ કંસ મડદા જેવો થઈ ગયો.

खट्वायां रक्षतेऽन्योऽपि, न मर्त्यो मृत्यवनेहसि। इतीव श्रीपतिः कंसं, मंचाद् भूम्यामपातयत्॥४९॥
स्मार्यते पुण्यपापानि, तस्मिन्नवसरे नृणां । इतीव बालहत्यादि, तस्यास्मारयदच्युतः ॥५०॥

લોકોમાં એવો રીવાજ છે કે અંત સમયે સ્વજનો ખાટલામાંથી ઉપાડીને નીચે જમીન પર સૂવાડે છે તેમ જાણે કૃષ્ણે પણ તે માટે જ કંસને મંચ ઉપરથી નીચે પટક્યો ન હોય ! અને મૃત્યુ સમયે માણસે પુણ્ય પાપને યાદ કરાવે છે, તેમ હરિએ કંસને બાલહત્યાદિ પાપોને યાદ કરાવવા માંડ્યાં.

भूतस्येव कचांस्तस्य, गृहीत्वा हरिरब्रवीत् । बालहत्या त्वयात्मीय–जीवरक्षाकृते कृता ॥५१॥
स्याज्जीवरक्षयान्यस्य, जीवरक्षात्मनः किल । घातेनं घात एव स्या–न्न ज्ञातं कंस रे त्वया॥५२॥
जिजीविषुरधर्मेण, त्वं प्रभूतमनेहसं । नरकादौ तदेदानीं, गत्वा जीव यदृच्छया ॥ ५३ ॥

ભૂતની જેમ કંસના માથાના વાળ ખેંચીને કૃષ્ણ બોલ્યા :–'પાપી કંસ તારા જીવની રક્ષા માટે બાલહત્યાઓ કરતાં તને કંઈ વિચાર આવ્યો હતો કે નહીં ? લોકોમાં કાયદો છે કે બીજાનું રક્ષણ કરો તો પોતાનું રક્ષણ થાય અને બીજાને મારો તો પોતાને મરવું

પડે છે. ગાળનો બદલો ગાળથી ને ખૂનનો બદલો ખૂનથી. તેની તને શું ખબર નથી ? તો હવે આવા અધર્મથી લાંબો સમય જીવવું તેના કરતાં નરક આદિ યોનિમાં જઇને ઇચ્છાપૂર્વક લાંબુ જીવન જીવજે.'

बंधेन यौत्रिकेणाथ, नियंत्र्य मल्लमुष्टिकं । चाणुराविरहीकर्तु—मिवाहन्मुशली द्रुतं ॥ ५४ ॥
इतश्चाणुरमल्लं च, मुष्टिकं प्रापिता मृतिः। विनिश्चित्यात्मनो भर्तु—रपि तां पार्श्ववर्तिनीं ॥ ५५ ॥
स्वकीयकायरक्षार्थं, ये च कंसेन रक्षिताः । सुभटा उत्थिताः कोपादिवेतय सहेतवः ॥५६॥ युग्मं॥
आगच्छेयुर्हरिं हंतुं, यावत्ते तावदुच्चकैः । रामस्तान् हक्कयामास, दौर्यष्ट्या कुर्कुरानिव ॥ ५७ ॥
समुच्छिद्यत एवाशु, वैरी व्याधिरिवेति हि । न्यस्य कंठे क्रमौ कंसं, श्रीपुरुषोत्तमोऽप्यहन्॥५८॥

પોતાની રક્ષા માટે કંસે રોકેલા જરાસંધના અને પોતાના સુભટો કંસના બચાવ માટે આવવા લાગ્યા. પરંતુ બલભદ્રે તે બધાને કૂતરાની જેમ હાંકી કાઢયા. વ્યાધિ અને વૈરીનો તત્કાળ ઉચ્છેદ કરવો જોઇએ એમ માની વિષ્ણુએ તેના ગળા ઉપર બે પગ રાખીને કંસનો વધ કર્યો, અને બલભદ્રે મુષ્ટિકને પણ તેના મિત્ર ચાણૂર પાસે મોકલી દીધો, અર્થાત્ મારી નાખ્યો.

ततः पुरा जरासंध—मुक्ताश्चारभटा हठात् । कंसस्य घातिविद्वेषा—त्सज्जीभूताः सितासयः॥५९॥
वर्मादिपरिधानेन, सज्जिता वीक्ष्य तान् भटान् । समुद्रविजयादीशाः, प्रससृ रविरश्मिवत्॥६०॥
तेषामायुधवृंदानां प्रभाभिः परिता भटाः । नष्ट्वा घूका इवादित्य—तेजोभिर्विवराण्यगुः॥६१॥

કંસના વધથી રોષે ભરાયેલા જરાસંધના સુભટો બખ્તરો અને શસ્ત્રોથી સજ્જ થઈને શત્રુને મારવા માટે તૈયારી કરવા લાગ્યા. તે જોઇને સમુદ્ર વિજય આદિ રાજાઓ સૂર્યના કિરણોની જેમ ચારે બાજુ ફેલાઈ ગયા. ઘુવડ જેમ સૂર્યના તેજને સહન ના કરી શકે તેમ સુભટો રાજાઓના રાજ તેજને સહન નહી કરી શકવાથી દૂર ભાગી ગયા.

ततोऽनाधृष्टिणरारोप्य, हलिविष्णू स्वके रथे । आनयद्वसुदेवौकः, समुद्रविजयाज्ञया ॥६२॥

સમુદ્ર વિજયના કહેવાથી અનાધૃષ્ણિ, કૃષ્ણ અને બલભદ્રને રથમાં બેસાડીને વસુદેવને ત્યાં લઈ ગયો.

इतस्तदा समागत्य, तत्र विश्वेऽपि यादवाः । मिलिताः कलिसंभ्रांता, मिथः प्रश्नविधित्सया॥६३॥
आबाल्यादपि गांभीर्य-शौर्यधैर्यादिकैर्गुणैः । युक्तोऽपि श्रीपतिः पुत्रो, मया बाल्ये न खेलितः ॥६४॥
इत्यर्धविष्टरे रामं, समारोप्यांकमच्युतं । उत्तमांगे चुचुंबाश्रु—पातैरानकदुंदुभिः ॥६५॥

હવે આ બાજુ લડાઈના સમાચાર જાણીને ચારે બાજુથી યાદવો ભેગા થઈ ગયા અને 'આ શું થયું ! આ શું થયું ?' એમ વારંવાર પૂછવા લાગ્યા.

વસુદેવ અર્ધા સિંહાસન ઉપર રામને અને ખોળામાં કૃષ્ણને બેસાડીને આંખમાંથી હર્ષના આંસુ વહાવતા બન્નેના મસ્તકને વારંવાર ચૂમવા લાગ્યા. તેઓ બોલ્યાઃ-'બાલપણથી ધીર, ગંભીર અને ઔદાર્ય આદિ ગુણોથી યુક્ત હોવા છતાં મારા પુત્ર કૃષ્ણને હું રમાડી શકયો નહીં.'

अज्ञातपूर्वमेतत् क–मकस्माज्जातमुत्कटं । पप्रच्छे सोदरैरेवं, वसुदेवाय धीमते ॥६६॥
पृष्टेन बांधवैः सर्वै—र्वसुदेवेन चोच्यत । सर्वोऽपि विष्णुवृत्तांता–ऽतिमुक्तेन निवेदितः ॥ ६७॥
विष्णुव्यतिकरं श्रुत्वा, समुद्रविजयेशिता । संस्थाप्य कृष्णमुत्संगे, रामं शशंस पालनात् ॥ ६८॥
समेत्य देवकी पुत्र्या, तत्रैकनासया समं । यदुभिर्ध्रियमाणं चा—दायालिलिंग माधवं ॥ ६९॥

ભૂતકાળની વાતથી અજાણ ભાઈઓએ વસુદેવને પૂછયુંઃ 'અરે, અકસ્માત્ આ શું બન્યું ?' ત્યારે વસુદેવે અતિમુક્ત મુનિએ કહેલ ત્યાંથી માંડીને અંત સુધીની બધી વાત બંધુવર્ગને કહી. સમુદ્રવિજયે કૃષ્ણનો વૃત્તાંત સાંભળીને અતિ ખુશ થઈને કૃષ્ણને પોતાના ખોળામાં લીધા. તેની તેમજ કૃષ્ણની રક્ષા કરનાર બલભદ્રની વારંવાર પ્રશંસા કરી. તેટલામાં છેદાયેલી નાસિકાવાળી પુત્રીને લઈને દેવકી આવી. યાદવો પાસેથી કૃષ્ણને લઈને ગાઢ આલિંગન કરતી વ્હાલ કરવા લાગી.

अवदन् वसुदेवं च, यादवाः साश्रुलोचनाः। स्वामिन्नेकाकिना योगे–ऽप्यजेयोऽसि जगज्जयी॥ ७०॥
ततः कंसेन दुष्टेन, जातमात्रान् स्वबालकान्। कथं त्वं मार्यमाणांस्तान्, ज्ञात्वोपेक्षितवानसि॥ ७१ ॥
अवादीद्वसुदेवोऽप्या—जननं सुनृतं व्रतं । अपालि मयका तेन, नात्र दुष्टं च किंचन ॥ ७२॥
देवकीवचसा कृष्णः, पालितौ नंदगोकुले । ततो लात्वा कुमारीयं, देवक्या अर्पिता मया ॥ ७३॥
सप्तमस्तनयागर्भस्तेनावगणितः खलु । कंसोच्छेदितनासा या, सास्त्येषा नंदनंदिनी ॥ ७४॥

વસુદેવે કહેલી વાત સાંભળીને રડતા રડતા યાદવોએ વસુદેવને કહ્યુંઃ-'સ્વામિન્, આપ એકલા જ જગતને જીતવાનું સામર્થ્ય ધરાવો છો, તો દુષ્ટ કંસે તરત જ જન્મેલાં તમારા બાળકોને મારતા જાણીને ઉપેક્ષા કેમ કરી ?' ત્યારે વસુદેવે કહ્યુંઃ-'ભાઈઓ ! મને દુષ્ટ કંસના ખરાબ ઈરાદાની બિલ્કુલ જાણ નહોતી. તેણે મારી પાસે પુત્રોનું પાલન કરવાની માગણી

કરેલી. હું વચનથી બંધાઈ ગયેલો. અમને બંનેને તેના કપટની જરાયે ગંધ આવી નહીં, ખેર, છતાં સારૂં થયું કે દેવકીના આગ્રહથી આ પુત્રને ગોકુલમાં નંદને ત્યાં મૂકી આવ્યો અને નંદની તરત જન્મેલી બાલિકાને લાવીને દેવકીની પાસે મૂકી. સવારે કંસે દેવકીની પાસે સાતમા ગર્ભ તરીકે બાલિકા જોઈ અને તેની અવગણના કરીને પુત્રીનું નાક છેદીને ચાલ્યો ગયો.' વસુદેવની વાત સાંભળીને સમુદ્રવિજય આદિ યાદવો આનંદ સાથે દુઃખી પણ થયા.

बांधवान् यादवांश्चाथा—नुज्ञाप्य निखिलानपि ॥ समुद्रविजयोऽकर्षदुग्रसेनं तु पंजरात् ॥७५॥
उग्रसेननृपेणाऽमा समुद्रविजयादिकाः । व्यापन्नकंसकृत्यानि चक्रिरे यमुनाजले ॥७६॥
कंसस्य जननी पत्न्यो, बांधवा स्वजना अपि । सशोका अप्यदुर्लोक—व्यवहाराज्जलांजलीन् ॥७७॥

હવે પોતાના બંધુવર્ગ તેમજ યાદવોની અનુમતિ મેળવીને સમુદ્રવિજયે ઉગ્રસેનને પાંજરામાંથી મુક્ત કર્યા. ઉગ્રસેન અને સમુદ્રવિજય આદિ સ્વજનોએ યમુના કિનારે કંસનું મૃતકાર્ય કર્યું. ત્યારબાદ કંસની માતા, બીજી પત્નીઓ, ભાઈઓ, સ્વજનોએ તેમજ યાદવોએ શોકપૂર્વક વ્યવહારથી કંસને જલાંજલિ આપી.

त्रिखंडभरतेशस्य, जरासंधस्य तेजसा । हृदाहंकारतो जीव—यशास्तु प्रददौ न तान् ॥७८॥
गोपालहलिविष्णुभ्यां, सर्वं तान् यादवानपि । प्रथमं भस्मासात्कृत्वा, पश्चाद्दास्ये जलांजलीन॥७९॥
वदंतीति स्ववक्त्रेण, रुदती विरहातुरा । प्रवेक्ष्याम्यन्यथा वह्नौ, प्रतिज्ञामिति सा दधौ ॥८०॥
प्रतिज्ञाय जरासंध—वप्तृ राज्यं प्रकुर्वतः । प्राप्ता राजगृहद्वंगं, सा देवविष्टपसन्निभं ॥८१॥

પરંતુ ત્રણખંડના અધિપતિ જરાસંધની હું પુત્રી છું.' એમ અહંકારથી જ જીવયશાએ જલાંજલિ આપી નહી. અને બોલી કેઃ 'કૃષ્ણ, બલભદ્ર, ગોવાળો અને બધા યાદવોને ભસ્મીભૂત કરાવીને જલાંજલિ આપીશ જલાંજલિ નહીં આપું તો હું અગ્નિમાં પડીને ભસ્મીભૂત થઈ જઈશ'. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને રૂદન કરતી જીવયશા ત્યાંથી નીકળીને જરાસંધની રાજધાની રાજગૃહી તરફ ચાલી ગઈ.

अथो स केशवादेशात्, समुद्रविजयाधिपः । उग्रसेनं नृपत्वेना—स्थापयन्मथुरापुरि ॥८२॥
उग्रसेनार्पिता सत्य—भामा यौवनसंयुता । उपयेमे मुकुंदेन, क्रोष्टुकिदत्तवासरे ॥८३॥

હવે કૃષ્ણના કહેવાથી સમુદ્રવિજયે મથુરાપુરીનું રાજ્ય ઉગ્રસેનને આપ્યું, ઉગ્રસેન રાજાએ ક્રોષ્ટુકિ (નિમિત્તજ્ઞે) આપેલા મુહૂર્ત પ્રમાણે સત્યભામાનુ લગ્ન કૃષ્ણની સાથે કર્યું.

इतो जीवयशा सापि, क्रमेण रुदती भृशं। विकीर्णचिकुरायाता, जरासंधेशसन्निधौ ॥८४॥
मुषिता मुषिता तात, जाताहं दुःखिता क्षितौ। मत्पतिर्मारितो राम–कृष्णाभ्यामभिमानतः ॥८५॥
सशल्य इव तद्वाक्या–ज्जरासंधनृपो जगौ। पुत्रिके भवतात्स्वस्था, वद वृत्तांतमादितः ॥८६॥
किं जातं मारितः केन, कारणेन पतिस्तव। पित्रा पृष्टातिमुक्तोक्तं, वृत्तांतं सादितोऽवदत् ॥८७॥
श्रुत्वा पुत्र्युदितां वार्तां, जरासंधोऽप्यवीवदत्। कंसेन षट् हता गर्भा–स्तद्भव्यं न मनाक्कृतं॥८८॥
एकस्यामेव देवक्यां, हतायां सुतसंभवः। नाभविष्यत्तरोर्मूले,ज्वालिते हि फलोद्भवः ॥८९॥
जरासंधोऽभ्यधाद्वत्से, मारोदीस्त्वमतः परं। रोदयिष्याम्यहं तेऽरि–स्त्रीरुच्छेद्य ससंततीः॥९०॥
करिष्यामि यदा पुत्रि ! यादवान् भस्मसादहं। अथवा समुद्रमर्यादि–देशत्यागविधायिनः॥९१॥
सत्यसंधो जरासंधो, ज्ञेयस्तदा त्रिखंडराट्। अन्यथा दुर्जराग्रस्त–संधोऽहं तु विचक्षणे ? ॥९२॥युग्मं॥

હવે અનુક્રમે જીવયશા માથાના વાળ છૂટા મૂકી રૂદન કરતી જરાસંધની પાસે પહોંચી 'પિતાજી, હું ચોરાઈ ગઈ, ચોરાઈ ગઈ, મારૂં સર્વસ્વ લુંટાઈ ગયું. પિતાજી, હું દુઃખી દુઃખી થઈ ગઈ.' આ પ્રમાણે પુત્રીના વિલાપપૂર્ણ વચન સાંભળીને જરાસંધ બોલ્યોઃ 'અરે, પુત્રી તું સ્વસ્થ થા. શું થયું તે મને પહેલેથી માંડીને વાત કર. તારા પતિ અને મારા જમાઈ કંસને કોણે કયા કારણે મારી નાખ્યો ?' પિતાના વચનથી સ્વસ્થ થઈને જીવયશાએ અતિમુક્ત મુનિએ કહેલી વાતથી માંડીને કંસવધ સુધીનો બધો વૃત્તાંત કહ્યો. પુત્રીની વાત સાંભળી જરાસંધે કહ્યું:–'કંસે છ ગર્ભની હત્યા કરી તે જરાયે સારૂ કર્યું નથી. એના કરતા એક દેવકીનો જ નાશ કર્યો હોત તો ? કારણ કે 'मूलं नास्ति कुतः शाखा ? ' એ ન્યાયે મૂળને બાળી નાખીએ તો ફૂલ કયાંથી થવાના હતા ? ખેર, જે થવાનું હતું તે થઈ ગયું હવે તું રડીશ નહીં. હું તારા શત્રુઓનો તેમના પુત્રો સહિત નાશ કરીને તેમની સ્ત્રીઓને રડાવીશ. વળી તે યાદવોને સ્ત્રી–બાળકો સહિત ભસ્મીભૂત કરીશ. અથવા સમુદ્ર પર્યંત ભૂમિની બહાર તે લોકોને દેશ નિકાલ કરીશ. તો તું જાણજે કે ત્રણખંડના અધિપતિ મારા પિતા જરાસંધ સત્ય પ્રતિજ્ઞાવાળા છે.

सबालस्त्रीविघातादे–र्न स्याच्चेत्पापिनी मतिः। प्रतिविष्णोः कथं तर्हि, नरकस्य गतिर्भवेत्॥९३॥
इतीव चित्तवाक्कायैः, कृत्वा त्रिधापि तुल्यतां।। जरासंधोऽब्रवीदंत–काले ज्ञापयितुं गतिं ॥९४॥

જો આ પ્રમાણે સ્ત્રી–બાળક સહિત માણસોની હત્યા કરવાની પાપિષ્ઠ બુદ્ધિ ના હોય તો પ્રતિ વાસુદેવની નરક ગતિ કેવી રીતે થાય ? જરાસંધ રૌદ્ર ધ્યાન પૂર્વક મનવચન કાયાથી જાણે પોતાની ગતિ જણાવવા માટે બોલ્યો ના હોય ! જેવી ગતિ એવી મતિ !

नाम्नाथ सोमको भूपो, जरासंधमहीभृता । समुद्रविजयाभ्यर्णे, प्रैष्यत त्वरितं रुषा ॥९५॥
मथुरापुरि गत्वा द्रा-ग्समुद्रविजयेशितुः । कथनीयं त्वया सम्य-क्साम-दामादिभेदतः ॥९६॥

રોષાતુર બનેલા જરાસંધે સોમક નામના રાજાને બોલાવીને કહ્યું:-તું મથુરાપુરીમાં સમુદ્રવિજય પાસે જા. ત્યાં જઈને સામ, દામ, ભેદ અને દંડનીતિથી તેની સાથે વાત કરજે.'

सोमकः स्वपतेः शिक्षा-मादाय चलितस्ततः । मथुरायां समेत्योचे, समुद्रविजयं नृपं ॥९७॥
समुद्रविजयाधीशाः, समुद्रविजयाश्रिताः । युष्मान् वदति नः स्वामी, जरासंधो नराधिपः ॥९८॥
मदीया प्राणतोऽपीष्टा, जीवयशाः सुता मता । तस्याः शस्याकृतेः कंस, पति कोऽपि न बुद्धवान्:९९
शिशुभ्यां सीरिशार्ङ्गिभ्या-मव्यक्ताभ्यां भुजौजसा। सर्वेषु वीक्षमाणेशु, कंसो योधोऽपि यद्धतः॥४००
अथ यूयं मदादेश-पालकाः सेवका वराः । सुखेन निजसाम्राज्यं, ततः पालयतानिशं ॥१॥
स्वकवंशमहाकक्षे, बृहद्भानुसमीरणौ । कित्वेतौ हलिगोविंदौ, मा वर्धयत सर्वथा ॥२॥
देवक्याः सप्तमो गर्भः, कृष्णो यः कथ्यते जनैः । स तु प्रागेव कंसेन, वसुदेवाद्धि मार्गितः॥३॥
ततो द्वावपि मत्पार्श्वं, प्रहेयावविलंबतः । रामकृष्णौ भवंतस्तु, राज्यं पांतु यदृच्छया ॥४॥
गोविंदगोपनाद्रामः, कंसघाताच्च केशवः । दीयतां मम गृह्णामि, यथा वैरं तदंतिकात् ॥५॥
जरासंधनृपोऽस्माकं, स्वाम्याज्ञापयतीति च । सोमकोक्तवचः श्रुत्वा, समुद्रविजयो जगौ ॥६॥

સોમક પણ પોતાના સ્વામિના આદેશ મુજબ અનુક્રમે મથુરાપુરી પહોંચ્યો. ત્યાં જઈને તેણે સમુદ્ર વિજયને કહ્યું:, 'સમુદ્ર વિજયી (જરાસંધ) ને આશ્રયીને રહેલા હે સમુદ્ર વિજય, તમારા અને મારા સ્વામિ જરાસંધ રાજાએ કહેવડાવ્યું છે કે:,'પ્રાણથી પણ અધિક વ્હાલી મારી પુત્રી જીવયશાને સુખી કરવા માટે મેં કંસને આપી હતી, તે કોણ જાણતું નથી ? તો તમારા બધાના દેખતા જ કૃષ્ણ-બલભદ્રે પોતાના બાહુબલથી કંસનો વધ કર્યો છે, તેમ છતાં તમને બીનગુનેગાર સમજીને કહુ છું કે, તમે મારી આજ્ઞાપાલનમાં એક અદના સેવક છો. તો તમે સુખેથી રાજ્ય કરો. પરંતુ તમારા વંશનો નાશ કરનાર અગ્નિ અને પવન સમાન રામકૃષ્ણનું પાલન કરવું તે સર્વથા યોગ્ય નથી,' વળી સહુ કોઈ જાણે છે કે કંસે વસુદેવ પાસેથી પહેલેથી જ દેવકીના સાતમા ગર્ભ તરીકે જે કૃષ્ણ કહેવાય છે, તેને માગી લીધો છે. તો તે કૃષ્ણને અને તેની રક્ષા કરનાર રામને વિના વિલંબે મને સુપ્રત કરો. અને તમો સ્વેચ્છાપૂર્વક રાજ્યનું પાલન કરો. કારણ કે કૃષ્ણની રક્ષા કરનાર રામ અને કંસનો વધ કરનાર કૃષ્ણ તે બન્ને પાસેથી મારા વૈરની વસુલાત કરી દઉં. આ પ્રમાણે અમારા સ્વામી જરાસંધ-રાજાનું ફરમાન છે. આમ કહીને સોમક ઊભો રહ્યો. (હવે સોમકની વાત સાંભળીને સમુદ્રવિજય કહે છે.)

आर्जवाद्वसुदेवेन, गर्भाः षडपि वाचया। दत्ताः कंसस्य तन्नूनं, न न्याय्यं प्रविनिर्मितं॥७॥
कंसेन निहता गर्भाः, षट् जाताः कृष्णबांधवाः। तद्वैरेण हतः कंसो, नात्र दोषो हरेर्मनाक्॥८॥
प्रद्योति पुष्पदंताभ्यां, यदुवंशघनाश्रय। बालाभ्यां हलिजिष्णुभ्या–मभ्यां शोभेऽहमुच्चकैः॥९॥
यद्भविष्यत्प्रजातं त–दज्ञातं पूर्वमेव तु। दीयेते नु कथं रामकृष्णौ, तौ जीवता मया ॥१०॥
मनुष्यैर्गालिदानेन, यदि गालिः प्रदीयते। किं षण्णामपि बंधूनां, वधवैरं न गृह्यते ॥११॥
सर्वथैव ततो राम–कृष्णयोर्नात्र दूषणं। दानमप्येतयोर्नास्ति, कदापि वधहेतवे ॥१२॥
दूषणं च तवैवात्र, जरासंधस्य भूभुजः। विनाशकालसंसूचि(चा), विपरीतमतिस्थितेः ॥१३॥
एतावन्मात्रमप्यंतः, स च वेत्ति न दर्पतः। एतयो रामविष्णवोः किं, स्वजामातृकृते वधः॥१४॥

'વસુદેવે સરળતાથી કંસને છ ગર્ભો આપવાનું વચન આપ્યું હતું અને તે આપી પણ દીધા હતા. ત્યારે દુષ્ટ કંસે એ છએ બાળકોની હત્યા કરી નાખી, તે શું તેણે વ્યાજબી કર્યું છે? પોતાના છ ભાઈઓના હત્યારા કંસનો વધ કર્યો, તેમાં કૃષ્ણનો જરાપણ દોષ નથી. અને આ રામ–કૃષ્ણ તો અમારા યદુવંશરૂપી આકાશમાં દેદીપ્યમાન ચન્દ્ર અને સૂર્ય સમાન છે. તેથી અમારી શોભારૂપ છે. વળી, જે કાંઈ બની ગયું તે બધુ મારી જાણ બહારનું હતું. હવે મારા જીવતાં મારવા માટે રામ–કૃષ્ણને કેવી રીતે આપું? લોકનીતિ પણ કહે છેઃ–'ગાળની સામે ગાળ અને ખૂનની સામે ખૂન.' તે રીતે કૃષ્ણે પોતાના છ ભાઈના વધનો બદલો કંસના વધથી લીધો છે, તેમાં શું ખોટું કર્યું છે? જરાસંધને કહેજે કે મારવા માટે કયારે પણ હું રામ–કૃષ્ણને આપવાનો નથી. આમાં જરાસંધનો જ દોષ છે. એને આ રીતે કંસનો પક્ષપાત લેવાય જ નહી. રામકૃષ્ણનો વધ કરવાનો વિચાર કર્યો છે તેથી મને લાગે છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ' આ રીતે નજીકમાં જરાસંધનો વિનાશ લાગે છે. નહીતર આવી દુર્બુદ્ધિ સૂઝે જ નહીં. સાદીવાત પણ અભિમાનથી જરાસંધ સમજ્યો નથી.

सोमकस्तद्वचः श्रुत्वा, समुद्रविजयं जगौ। मा वदिष्टा गिरो यूयं, सर्वथेत्यविचारिता॥१५॥
सेव्यसेवकभावः स्या–द्यत्र राजन् परस्परं। आज्ञाया एव तत्रास्ति, प्रामाण्यं केवलं नृणां॥१६॥
जनकांगजयोर्घाते, यं पत्योरनुरक्तयोः। यथा बंधुमतीसिद्ध–मित्रयोर्न विचारणा ॥१७॥
षण्णामपि तु गर्भाणां, ततो जातो यथा वधः। द्वयोरप्येतयोः सोऽस्तु, तथा स्वनायकेच्छया ॥१८॥
भवतां सर्वथाछिन्न–जननालयसंचयाः। एताभ्यां हि भविष्यंति, यादवाः सकला अपि॥१९॥
केन सूत्रकृते हार–स्त्रोट्यते बुद्धिशालिना। भूयो बंभज्यते केन, प्रासादः कीलिकाकृते॥२०॥
जीवितार्थी पुमान् को नु व्यालवक्त्रे करौ क्षिपेत्। को वा केसरिणं सुप्त–मुत्थापयेत्क्रुधान्वितः॥२१॥
बलिष्टेन समं मानोत्कर्ष–स्पर्द्धा च मत्सरः। सर्वथा तद्वचोलापः, शुभाय जायते न हि॥२२॥
ततोऽहमुपकाराय, युष्माकं कथयाम्यलं। जरासंधत्रिखंडेश–वाक्यं कुरुत सत्वरं ॥२३॥
हिमवद्दीपकत्वेन, वह्नेः शीतत्वसाधकाः। अनुमातुं यथाशक्ती–र्धरेत्प्रामाणिकाग्रणीः॥२४॥
धृत्वा सदनुमानेन, संमतेन मनीषिणां। निर्भर्त्सयेद्यथा चा, तमज्ञं स विचक्षणः॥२५॥युग्मं॥

સમુદ્ર વિજયના વચન સાંભળીને સોમકે કહ્યું:–તમારે આવું અનુચિત બોલવું ના જોઇએ રાજન્, તમારો જરાસંધ સાથેનો સેવ્યંસેવક ભાવ શું ભૂલી ગયા ? તમારે તો આપણા સ્વામીની આજ્ઞાનું પાલન કરવું જોઇએ, તેમાં જ આપણું હિત સમાયેલું છે. 'પતિવ્રતા બંધુમતીએ પોતાના સ્વામીના કહેવાથી પિતા–પુત્રનો વધ નહોતો કર્યો ? તેવી રીતે વિચાર કર્યા વિના સ્વામીની આજ્ઞા મુજબ કરવું એ જ આપણું કર્તવ્ય છે. જેમ છ ગર્ભનો વધ થયો તેમ સ્વામીની ઇચ્છાનુસાર આ બે રામ અને કૃષ્ણનો વધ થશે, તે તમારા બધા માટે શ્રેય રૂપ છે. અને આ બે ને આપવાથી ઘણા કાળથી સંચિત કરેલા યાદવોના જાન–માલ પણ સુરક્ષિત રહેશે.

એક સૂતરના તાંતણા માટે કયો બુદ્ધિશાળી મનુષ્ય હારને તોડી નાખે ? એક બીલ્લી માટે કોણ મોટો મહેલ ભાંગી નાંખે ? જીવિતનો અર્થી કયો પુરૂષ વાઘના મુખમાં હાથ નાખવા જાય અને સૂતેલા સિંહને જગાડે ? માટે બળવાનની સાથે બાથ ભીડવા જવું અને તેને માટે જેમ તેમ બોલવું, તે તમારા સારા માટે નહી થાય. માટે હજી સમજી જાવ. હું તમારા ભલા માટે કહું છું. ત્રણ ખંડના અધિપતિ જરાસંધ રાજાની આજ્ઞા મુજબ કરો. કોઈ પણ પ્રામાણિક પુરૂષ દીપકથી હિમનું અને ઠંડીના સાધનોથી અગ્નિનું અનુમાન કયારે પણ કરે ખરો ? સદ્ અનુમાનથી સાધ્યની સિદ્ધિ થાય છે. અસદ્ અનુમાનથી કયારે પણ સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી. તે તમો સારી રીતે સમજી શકો છો.

सोमकस्य तथा वाचः, श्रावं श्रावं जनार्दनः । तं तु निर्भर्त्सयामास, कुमारोऽपि स्वशक्तितः॥२६॥
अवध्यो दूतकर्मत्वा–त्पुरस्तान्मम गच्छतात् । रे किं भाषयसेऽस्मांस्त्वं, जरासंधात्तवेशितुः॥२७॥
वयं तु सुकुमाराः स्मः, कुमारा वर्धमानभाः । खादन् खादन् जरासंधो, जरासंधिमवाप्तवान्॥२८॥
तं प्रेषयामि चेत्कतु, स्वजामातुः सहायतां । सत्या दैत्यारिरित्याख्या, षष्ठीतत्पुरुषो तदा ॥२९॥
सा मे षष्ठीबहुव्रीहि–समासे संस्थिताऽन्यथा । ज्ञेया त्वया निजाधीशां–बुजसोमक सोमक॥३०॥

સોમકના વચન સાંભળી સાંભળીને રોષે ભરાયેલા કૃષ્ણે, નાના હોવા છતાં પોતાની શક્તિથી તેનો તિરસ્કાર કરીને કહ્યું:–અરે તું દૂત છે માટે અવધ્ય છે, તારૂં દૂત કાર્ય પતાવીને રવાના થઇ જા. તારા રાજા જરાસંધથી શું તું અમને બીવરાવે છે અમે બધા વર્ધમાન સરખા કુમારો ખાતાં ખાતાં તારા જરાસંધના સાંધાને જર્જરિત કરી નાખીશું. તેને જો તેના જમાઈની સહાય કરવા જવું હોય તો હમણાં જ મોકલી આપું. જેથી દૈત્યારિ= દૈત્યનો અરિ=શત્રુ–એમ ષષ્ઠી તત્પુરૂષ સમાસ સિદ્ધ થઇ શકે. આ રીતે દૈત્યનો અરિ અને દૈત્ય છે અરિ જેનો એવા, તત્પુરૂષ અને બહુવ્રીહી સમાસની મારી સત્યતા સિદ્ધ કરી બતાવું. તારા રાજાના ચરણ કમળનું પાન કરનારાં ભ્રમર સમાન હે સોમક, જા જલ્દી ચાલ્યો જા. અને આ મારો સંદેશો એને કહી દેજે.'

आकर्ण्य वचनान्येवं, विष्णुवक्त्रोत्थितानि च। समुद्रविजयं प्राह, कोपाटोपेन सोमकः॥३१॥
समुद्रविजया यूयं, वंशरक्षणतत्परा। युष्मद्वंशे परं विष्णु–र्विषवल्लिरिवास्त्ययं ॥३२॥
यूयं जीवत विद्वांसः, सदायतिसुखैणःषि। शीघ्रं युष्माभिरुच्छेद्यो, बाल्यादपि शिशुस्त्वसौ॥३३॥
जीवन्नलाद् द्वादशभिश्च हायनै, रामोऽपि राज्यं च नलोपि भूपतिः।
जीवन्महानंदपदं च साधये—ञ्जीवन् पुमान् पश्यति मंगलावलीः ॥ ३४ ॥

આ પ્રમાણે વિષ્ણુની આક્રોશપૂર્ણ વાણી સાંભળીને રોષે ભરાયેલા સોમકે સમુદ્રવિજયને કહ્યું:–'તમારા વંશની રક્ષા કરવાની ચિંતાવાળા સમુદ્રવિજય, તમારા વંશમાં આ છોકરો વિષનો વેલો છે. ભવિષ્યના સુખની ઇચ્છાવાળા તમારા જેવા વિદ્વાન પુરૂષે તેને તાત્કાલિક ઉખેડી નાખવો જોઇએ.

નલરાજા તથા રામચંદ્રજી જીવિત હતા તો બારે વર્ષે પણ રાજ્ય પ્રાપ્ત કરી શકયા. 'જીવતો નર ભદ્રા પામે' તો તમો પણ જીવતા હશો તો આવા અનેક પુત્રો ઉત્પન્ન કરી શકશો. માટે હજુ પણ વિચાર કરી જુવો.

सोमकोदितमाकर्ण्य, वचनं कोपसूचकं। अनाधृष्णिरमर्षेण, तमूचे विकलोऽसि किं ॥ ३५ ॥
एकवारं निषिद्धोऽपि, श्रीतातेन सुधागिरा। रामकृष्णावभीक्ष्णं त्वं, रंकवद्याचसे कथं ॥ ३६ ॥
पक्षपातविधातार–स्तस्य सर्वेऽपि बांधवाः। अक्रुराद्यास्ततोऽजल्पं–स्तं प्रति घोरुणेक्षणाः ॥ ३७ ॥
यथा जामातृघातेन, त्वत्स्वामी खेदवानभूत्। तथा किं न वयं खिन्ना, अस्मत्षट्बंधुघाततः ॥ ३८ ॥
अनेहसमियंतं तु, जरासंधपराभवः। सोढोऽस्माभिः सहिष्यामो, नातःपरं मनागपि ॥ ३९ ॥
याहि याहि मुखं लात्वा, त्वं कुशलेन सोमक! ब्रुहि ब्रूहि समाचार–मस्मदीयं विशेषतः॥ ४० ॥
रुषानाधृष्णिनेति द्राक्, तर्जितः सोमकोऽचलत्। समुद्रविजयेनाप्य–पमानितो निजं पुरं ॥ ४१ ॥

સોમકના વચન સાંભળીને અત્યંત ગુસ્સે થયેલા અનાધૃષ્ણિએ કહ્યું:– 'અલ્યા તું ગાંડો થઇ ગયો છે કે શું? એક વખત તો મીઠા વચનથી વડિલ પિતાએ તને ચોકખી ના કહી દીધી તેમ છતાં વારંવાર ભિખારીની જેમ રામકૃષ્ણની ભીખ માગી રહ્યો છે? રામકૃષ્ણના પક્ષ લેનારા તેના અક્રૂર આદિ બધા ભાઇઓ તને લાલ આંખ બતાવી રહ્યા છે, છતાં તું બકવાસ કરી રહ્યો છે? તારા સ્વામીને જમાઇના વધથી દુઃખ થાય છે. તો અમારા છ ભાઇના વધથી અમને શું દુઃખ નહી થતું હોય? કેવી વાત કરે છે? આટલા દિવસો સુધી જરાસંધનો પરાભવ સહન કરી રહ્યા છીએ, હવે અમારાથી તેનો ત્રાસ સહન નહી થઈ શકે. એ એના મનમાં શું સમજે છે? જા સોમક જા, તારૂં કાળું મોઢું લઇને અહીંથી કુશળપણે જા, અને અમારો સંદેશો તારા સ્વામીને મીઠું મરચું ભભરાવીને કહેજે.

આ પ્રમાણે અનાધૃષ્ણિના આક્રોશથી તિરસ્કૃત બનેલો તેમજ સમુદ્ર વિજયથી અપમાનિત થયેલો સોમક નીચું મોઢું રાખીને ત્યાંથી નીકળીને પોતાના નગરમાં આવ્યો.

मेलयित्वा द्वितीयस्मिन् ,वासरे स सहोदरान्।समुद्रविजयोऽप्राक्षीत् , किं कर्तव्यमथात्मभिः ॥ ४२ ॥
स्वत्वबुद्धया विचारो यः, समुत्पद्येत सुंदरः । कथनीयः समस्तोप्या–यतिसाधुर्विचार्य मे ॥ ४३ ॥

બીજા દિવસે સમુદ્ર વિજયે બધા ભાઇઓને ભેગા કરીને પૂછયું : બોલો, હવે આપણે શું કરવું છે ? કેમ કે હવે જરાસંધનો વરઘોડો આવવાનો ! માટે ભવિષ્યમાં હિતકારી જેની જે બુદ્ધિ સૂઝે તે બધા મારી સમક્ષ રજુઆત કરો.

कश्चिद्वक्ति जरासंधः कियन्मात्रः प्रवर्तते।न वाच्यमिति कश्चिच्च, त्रिखंडाधिपतिः स तु ॥ ४४ ॥
कश्चिद्वक्ति सहैतेन, मरिष्यंति युयुत्सवः । कश्चिद्वदति नाऽनेन, संग्रामेण प्रपूर्यते ॥ ४५ ॥
कश्चिद्ब्रवीति नश्यामो, जीवरक्षाकृतेऽधुना।कश्चिद्वदति नंष्ट्वा क्व, गमिष्यामो वयं भयात् ॥४६॥
इत्यालापे मिथः सर्वैः, क्रियमाणे सहोदरैः।समुद्रविजयोऽवादीत् पृच्छ्यते क्रोष्टुकिः पुरा॥ ४७ ॥
साधु साधु तदा सर्वेऽप्यवादिषुः सहोदराः। पृच्छ्यतां द्रुतमाकार्य, क्रोष्टुकिः स निमित्तवित् ॥४८॥

'કોઈ કહે : જરાસંધ કોણ માત્ર છે ? ત્યારે કોઈ કહે ભાઈ, એ ત્રણ ખંડનો રાજા છે.' કોઈ કહે : 'તેની સાથે યુદ્ધ કરીશું. મરવું પડશે તો મરી જવા તૈયાર છીએ' ત્યારે કોઈ કહે : 'તેની પાસે મોટું સૈન્ય છે. આપણે સમર્થ નથી.' વળી કેટલાક કહે : જીવ બચાવવા અહીંથી નાશી જઇએ.' ત્યારે બીજા કહે : 'ભાઈ, નાશીને કયાં જઇશું ? ભરતના ત્રણે ખંડમાં તેનું સામ્રાજ્ય વિસ્તરેલું છે.' આ પ્રમાણેનો ભાઇઓનો પરસ્પર વાર્તાલાપ સાંભળીને સમુદ્ર વિજયે કહ્યું : 'આપણે પહેલા ક્રોષ્ટુકિ (જ્યોતિષી) ને બોલાવીને પૂછી જોઇએ.' ત્યારે બધા ભાઇઓએ 'સારૂં, સારૂં !' એમ કહીને સમુદ્ર વિજયના વચનને ટેકો આપ્યો.

सकलैरेवमालोच्या–कारितः क्रोष्टुकिस्तदा । पृष्टो भावि किमस्माकं, हिताहितमतः परं ॥ ४९ ॥
सोऽवादीत्सर्वथा यूयं, चिंतां माकार्ष्ट मानसे।एताभ्यां रामकृष्णाभ्यां, युष्माकमुदयो महान्॥ ५० ॥
प्रतिविष्णुं जरासंधं, हत्वा तच्चक्रशक्तितः । तद्राज्यभोगिनौ राम–कृष्णावेतौ भविष्यतः ॥ ५१ ॥
प्रतिविष्णुविघाताय, धृतावतारिकाविमौ । क्ष्मावीरौ रामकृष्णौ स्त–स्त्रिखंडैश्वर्यधारिणौ ॥ ५२ ॥
पश्चिमांबुनिधेस्तीरं, यूयं सांप्रतं गच्छत । तत्र शत्रुक्षयो भावि, युष्माकं च महोदयः ॥ ५३ ॥
गच्छतां यत्र युष्माकं, सत्यभामा सुतद्वयं । जनयेत्तत्र संस्थेयं, वासयित्वा पुरीं मुदा ॥ ५४ ॥

આ પ્રમાણે બધા ભાઇઓની સાથે વિચાર-વિનિમય કરીને સમુદ્ર વિજયે ક્રોષ્ટુકિને બોલાવી પૂછયું : 'અમારૂં ભવિષ્ય કેવું છે? જેવું હોય તેવું કહો.' ત્યારે ક્રોષ્ટુકિએ કહ્યું : 'તમારે જરાયે ચિંતા કરવા જેવું નથી. રામ અને કૃષ્ણથી તમારો મહાન્ ઉદય થશે. પ્રતિવાસુદેવ જરાસંધને તેના જ ચક્રથી મારીને તેના સામ્રાજ્યના ભોક્તા રામ-કૃષ્ણ થશે. પ્રતિવાસુદેવને હણવા માટે જ આ બન્નેએ અવતાર લીધો છે. માટે મહાબલી શૂરવીર એવા રામકૃષ્ણ ભવિષ્યમાં ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ અને બલદેવ તરીકે જગતમાં પ્રસિદ્ધ થશે. માટે તમે હમણાં જ પશ્ચિમ સમુદ્રના કિનારે જાઓ. ત્યાં તમારા શત્રુનો ક્ષય થશે અને તમારો અભ્યુદય થશે. અને જ્યાં સત્યભામા બે બાળકોનો જન્મ આપે, તે સ્થાને નગરી વસાવીને રહેજો.'

प्रमाणीकृत्य तद्वाचं, समुद्रविजयस्ततः । अत्याक्षीन्मथुरामेका-दशभिः कुलकोटिभिः ॥ ५५ ॥
द्राक्शौर्यपुरमागत्य, ततोऽप्यादाय सप्त च । कुलकोटीः समुद्रांतं, समुद्रविजयोऽव्रजत् ॥ ५६ ॥
उग्रसेनोऽपि सार्थेऽगा-त्समुद्रविजयेशितुः।अंतर्विंध्याचलं मार्गे, चेलुः सर्वेऽपि यादवाः ॥ ५७ ॥

ક્રોષ્ટુકિની વાત સાંભળીને હર્ષિત થયેલા સમુદ્રવિજયે તેનું વચન પ્રમાણ કરીને અગીઆર કુલ કોટિ યાદવોની સાથે મથુરાપુરીનો ત્યાગ કર્યો અને શૌર્યપુર આવીને ત્યાંથી સાત કુલ કોટિ યાદવોને લઇને શૌર્યપુરથી નીકળી ગયા. ઉગ્રસેનરાજા પણ સમુદ્ર વિજયની સાથે ચાલ્યા. ચાલતા ચાલતા સર્વે યાદવો વિંધ્યાચલની નજીકમાં પહોંચ્યા.

सोमकोऽथ जरासंध-पार्श्वे गत्वा प्रकोपतः । वृत्तांतं कथयामास, निःशेषमपि मूलतः ॥ ५८ ॥
समुद्रविजयोपांते, गतः स्वामिंस्त्वदाज्ञया । घूकारिषु प्रभूतेषु, तत्र घूक इवाभवं ॥ ५९ ॥
एतावंतमहं कालं, जानन्नासं नरेश्वर ! । त्वं त्रिखंडाधिपस्तत्र, त्वदाज्ञा वरिवर्ति च ॥ ६० ॥
समुद्रविजयाभ्यर्णे प्रेषितस्तद्वरं कृतं । तवाज्ञापालनभ्रांति-र्निवृत्ता मम मानसात् ॥ ६१ ॥
स्वल्पराज्यधरा एते, समुद्रविजयादयः । न तेऽपि पालयंत्याज्ञां, पालयिष्यंति के तदा ॥ ६२ ॥

ક્રોધથી ધુંઆપુંઆ થયેલા સોમકે જરાસંધ પાસે જઇને મૂલથી સઘળો વૃત્તાંત કહ્યો. અને સાથે સાથે જરાસંધને ઉશ્કેરવા માટે બોલ્યો : 'સ્વામિન્, આપની આજ્ઞાથી સમુદ્ર વિજય પાસે ગયો. પરંતુ ત્યાં ઘણા સૂર્યોમાં મારી દશા ઘુવડ જેવી બની ગઈ! આટલા દિવસ સુધી હું જાણતો હતો કે ત્રણખંડના અધિપતિ એવા આપની આજ્ઞા સર્વોપરિ છે. પરંતુ સમુદ્રવિજય પાસે તો તેનાથી વિપરીત જાણવા મળ્યું. બોબા જેટલા રાજ્યના માલિક હોવા છતાં કેવા ઘમંડી છે? તેઓ તમારી આજ્ઞા પાળતા નથી અને પાળશે પણ નહી.'

क्रोधाग्निर्वर्धमानश्च, कुरुते विकृतित्रयं । आत्मतापं परतापं, प्रेत्य हानिस्वरूपकं ॥ ६३ ॥
इतीव वचनं सत्यं, विधातुं सोमकोऽरोत् । जरासंधं महाकोपं, तद्वृत्तांतनिवेदनात् ॥ ६४ ॥

વધતો ક્રોધાગ્નિ ત્રણ પ્રકારની વિકૃતિ કરે છે : પોતાને સંતાપ, બીજાને સંતાપ અને ત્રીજાનો નાશ. આ નીતિને સાચી પાડતા સોમકે એવી રીતે રજુઆત કરી કે જેથી જરાસંધનો ક્રોધાગ્નિ ચારે બાજુથી ભભૂકી ઉઠયો.

निष्कासनं मदाज्ञातः, किमेषां कारयाम्यहं । किं चक्ररत्नहोमाथ, यद्वाग्नौ भस्मसादमून् ॥ ६५ ॥
खंडं खंडं प्रकुर्वे किं, यादवान् सकलानपि।गृहीत्वा यदि वात्मीय–हस्ताभ्यां मर्दयामि किं ॥ ६६ ॥

સોમકના વચનથી ઉશ્કેરાયેલો જરાસંધ બે હાથની મુઠ્ઠીઓ વાળી દાંત કચકચાવીને સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો. 'શું યાદવોને મારી આજ્ઞાથી દેશ નિકાલ કરૂં ? અથવા ચક્ર રત્નની હોમાગ્નિમાં ભસ્મીભૂત કરી નાંખું ? કે સઘળાયે યાદવોને બે હાથથી મસળીને ટુકડે ટુકડા કરી નાંખુ ?'

सोमकोदितवृत्तांत–श्रवणान्मगधेश्वरं । विकल्पानिति कुवन्तं, दृष्ट्वा कालः सुतोऽभ्यधात् ॥ ६७ ॥
वराका यादवाः केऽमी, तात तन्मे समादिश।नभोनृलोकपाताला–नलेभ्यः कर्षयामि तान् ॥ ६८ ॥
आनयामि ततः कृष्ट्वा, सकलान् यादवान् यदि। समागच्छामि ते पार्श्व, तदाहं स्यां न चान्यथा ॥६९ ॥
प्रतिज्ञामिति कृत्वा स, पितृदत्तबलेन च । पंचशत्या महीशानां, समं तीव्रमदोत्कटः ॥ ७० ॥
बंधुना पवनेनापि, सहदेवेन चान्वितः । भवत्स्वशकुनेषूच्चैः कालश्चचाल कालवत् ॥ ७१ ॥

આ પ્રમાણે પોતાના પિતા જરાસંધનું રૌદ્રસ્વરૂપ જોઇને તેનો મોટો પુત્ર કાળ બોલ્યો : 'પિતાજી, રાંકડા એ યાદવો કોણ છે ? આકાશ પાતાલ કે મૃત્યુલોકમાં એ જ્યાં હશે ત્યાંથી ખેંચીને આપની પાસે લાવીશ. અને મારૂં નામ 'કાળ' સાર્થક કરીશ. જો એ યાદવોને લાવી શકુ નહી તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ.' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પિતાએ આપેલા સૈન્ય સહિત પાચસો પરાક્રમી રાજાઓ તેમજ પવન અને બીજા ભાઇઓ સાથે કાળની જેમ કાળે અપશુકનો થવા છતાં પણ, રાજગૃહથી પ્રયાણ કર્યું.

जरासंधभयत्रस्ता, नष्टाः सर्वेऽपि यादवाः । मार्गे प्रचलतानेन, श्रुतमेवं जनोक्तितः ॥ ७२ ॥
तेषामनुपदं गच्छन्, शुद्धिं लब्धुं ततो द्रुतं । यादवादित्स्या प्राप्तो, विंध्यगिरेरुपत्यकां ॥ ७३ ॥

'જરાસંધના ભયથી ત્રાસી ગયેલા યાદવો નાશી ગયા છે.' આ પ્રમાણે લોકોના મુખેથી સાંભળતો કાલ તીવ્રવેગે યાદવોને પકડવા માટે તેઓના પગલે પગલે વિન્ધ્યાચલની તળેટી પાસે આવી પહોંચ્યો.

अतिवेगेन तत्पृष्टे, समयांतमनंतरं कालं कालमिवाज्ञासू, रामकृष्णेष्टदेवताः ॥ ७४ ॥
दुष्टोऽसौ मावधीदेतान्, यदून् भाविमहोदयान्।ताभिरित्याशु चक्रेऽद्रि–रेकद्वारश्चितोपमः ॥ ७५ ॥

यदुसेना च सर्वात्र, वह्निना भस्मसादभूत । रुदतीं ताश्चितापार्श्वे, वशामेकां व्यकुर्वत।। ७६ ।।
तदा तदंतिके कालः, समायातो बलेन तां।अप्राक्षीत्किमिदं भद्रे; रोदिषि त्वं कथं पुनः ।। ७७ ।।
सोवाच मायया भूवन्, यादवा मम बांधवा।कुमारास्तरुणा वृद्धा, मत्प्राणतोऽपि वल्लभाः ।। ७८ ।।
जरासंधसुतं काल–मागच्छंतं च पृष्टतः। आकर्ण्य तेऽत्र सर्वेऽपि, ज्वलिता मारणद्रुताः ।। ७९ ।।
एकाकिन्यथ किं स्थित्वा, प्रकरिष्यामि तान् विना।अतोऽहमपि विक्ष्यामि, दुःखिन्यत्र चितामले ।।
विलपंती गदित्वेत्या–क्रंदंती तत्र शोकतः।मामाशब्दैर्निषिद्धापि, काले पइयति साऽविशत् ।। ८१ ।।
वर्धमानमहाज्वाला–व्याजेनेव स्वपाणिभिः।आकारयति तं काल–मातिथ्याय चिता द्रुतं ।। ८२ ।।

તીવ્રવેગથી પાછળ પડેલા કાળને જાણીને, તેને રોકવા માટે, અને યાદવોના અભ્યુદય માટે રામ–કૃષ્ણની અધિષ્ઠાયિકા દેવીએ પર્વતની તળેટી પાસે એક મોટી ચિતા વિકુર્વી. ભડ-ભડતી અગ્નિની જ્વાલાઓ ચારે બાજુ અને આકાશ સુધી ફેલાઈ ગઈ. ચિતા પાસે છાતી ફાટ રુદન કરતી, કરુણ સ્વરે વિલાપ કરતી એક વૃદ્ધ સ્ત્રીનું રૂપ વિકુર્વ્યું. ત્યાં સૈન્યસહિત કાળ આવી પહોંચ્યો. આક્રંદ કરતી ડોશીને પૂછ્યું:–માજી, તમે કોણ છો? આ ચિતા કોની છે? તમે આટલો બધો કલ્પાંત કેમ કરો છો?' માયાવિની વૃદ્ધા બોલી:–'ભાઈ, મારા પ્રાણથી પણ અધિક પ્યારા સ્વમાની નાના મોટા વૃદ્ધ યાદવો મારા બંધુઓ, પાછળ ધસમસ આવતા જરાસંધના પુત્ર કાળને સાંભળીને તેના ભયથી બાળકો અને સ્ત્રીઓ સહિત અહીંયા ચિતા બડકીને અગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયા. અરેરે, હું શું કરું? ઘરડી હોવાથી પહોંચી ના શકી. હવે મારા ભાઇઓ સિવાય મારાથી કેમ જીવાશે? દુખીયારી હું પણ આ ચિતામાં પડીને બળી મરું?' આ પ્રમાણે બોલીને કાળ ના–ના કહેતો રહ્યો ને વૃદ્ધાએ રુદન કરતાં કરતાં અગ્નિમાં ઝંપલાવ્યું. ત્યારે વધતી જતી અગ્નિની જ્વાલાઓ જાણે કાળનું આતિથ્ય કરવા બોલાવતી ના હોય, તેમ ભયંકર અગ્નિની જ્વાલાઓ ચારેબાજુ ફેલાઈ ગઈ.

अथोचे बांधवान् कालो, मदागमनभीतितः।गेहे नर्दिन एतेऽगु–र्नष्ट्वा शिखिनि यादवाः ।। ८३ ।।
आत्मनां भगिनीभर्तु–र्घातकौ राममाधवौ।कृष्ट्वा यदूश्च चित्याया, हत्वा (हृत्वा) यास्यामि वोंतिके।।
पूर्वं मयैव तातानां, पुरस्तादिति संश्रुतं । अतोऽहमेव मद्वाचा, प्रवेक्ष्यामि हुताशने ।। ८५ ।।

હવે કાળ પોતાના ભાઇઓને કહે છે:–'જોયું ને યાદવો કેવા ગૃહેશૂર (ઘરમાં જ પરાક્રમ બતાવનાર) છે? મારા આવવાના ભયથી નાશીને અગ્નિમાં પ્રવેશી ગયા. તો હું પણ મારા બનેવીનો વધ કરનાર રામ–કૃષ્ણ અને યાદવોને ચિતામાંથી ખેંચીને બહાર લાવીશ. મેં પિતાજીની આગળ પ્રતિજ્ઞા પણ કરી છે. તેથી હું અગ્નિમાં પ્રવેશ કરીશ.'

विनयात्पवनोऽवादि–द्भ्रातः कृत्यं तवात्र किं ।आनयिष्याम्यहं वह्नेर्–धृत्वा केशेषु यादवान् ॥ ८६॥
उवाच सहदेवोऽपि, कृत्यमेतत्तवापि न । अहमेव प्रविश्याग्ना–वानयिष्यामि तान् द्रुतं ॥ ८७ ॥
तथा परेऽपि सोदर्याः, सर्वेऽपि वसुधाधवाः।मंत्रिणोऽपि च कालं तं, कथयामासुरुच्चकैः ॥ ८८ ॥
कालस्तथाप्यमर्षेण, वार्यमाणोऽपि बांधवैः।प्रविवेशानले तूर्णं, विचारं च विना मृतः ॥ ८९ ॥

ત્યારે પવને કહ્યું :–ભાઈ, તમારે શા માટે અગ્નિપ્રવેશ કરવો પડે ? હું જ યાદવોના કેશ ખેંચીને અગ્નિમાંથી બહાર કાઢીશ ! ત્યારે સહદેવે કહ્યું :–'તમારે કોઇએ કંઈ કરવાનું નથી. હું જ અગ્નિમાં પ્રવેશીને તે લોકોને બહાર કાઢીશ.' આ પ્રમાણે બીજા ભાઇઓ, સર્વે રાજાઓ અને મંત્રિવર્ગે પણ ઘણું કહ્યું. ભાઇઓ વિગેરેએ નિષેધ કરવા છતાં પણ વિચાર કર્યા વિના કાળે અગ્નિમાં ઝૂકીને માર્યો, અને તરત જ મરણને શરણ થયો.

तादृशं देवताकृत्यं, मृत्यूत्पत्तिश्च तादृशी । यादृशं चाशुभं कर्म, शरीरिणां हि संभवेत् ॥ ९० ॥

માણસોનાં જેવા પ્રકારના શુભાશુભ કર્મો હોય છે તેવા પ્રકારે દેવકૃત્ય મરણ વિગેરે બધા સંયોગો મળી આવે છે.

देशांतरे सहस्रांशौ,गते चास्ताचले क्रमात् । शर्वर्यामुषितास्तस्यां, तत्रैव पवनादयः ॥ ९१ ॥

અનુક્રમે સૂર્ય પણ અસ્તાચલ તરફ ગયો. પવન વિગેરેએ રાત્રિવાસ ત્યાં જ કર્યો.

परेषां मारकः कालो, मृतिस्तस्यापि चेदभूत् । जीविष्यति तदा कोऽत्र, पुरुषो वसुधातले ॥ ९२ ॥

બીજાને મારનાર કાળ જ મૃત્યુ પામ્યો, તો આ પૃથ્વીમાં જીવશે કોણ ?

शोचंतः संस्मरंतश्च, कालस्यापि गुणानथ । मंत्रिणो भूभुजश्चापि,पवनाद्याश्च सोदराः ॥ ९३ ॥

ત્યાં કાળના ગુણોને યાદ કરતા, શોક કરતા, પવન આદિ ભાઇઓ, મંત્રીઓ, અને રાજાઓ ખિન્ન થઈ ગયા.

अथोदिते सहस्रांशौ, प्राचीमंडलमंडने । न चितां न गिरिं चापि, ददृशुस्ते चमत्कृताः ॥ ९४ ॥
देवताराचितं सर्व–मिंद्रजालमिवाभितः । सर्वेऽप्यैक्षंत कालस्य, किंतु सत्यतया मृतिं॥ ९५ ॥

પૂર્વ દિશામાં સૂર્યના કિરણો ધરતી ઉપર પ્રસરી રહ્યા ત્યારે પર્વત કે ચિતા કંઇપણ જોવામાં આવ્યું નહીં. તેથી આશ્ચર્ય ચકિત બનેલાં પવનો, દેવતાએ કરેલા ઇંદ્રજાલની જેમ

કંઈપણ નહી દેખાવાથી ચારે બાજુ જોઇ રહ્યા. ફક્ત કાળનું જ મૃતક દેખાયું. કાળના મૃત દેહને જોઇને કલ્પાંત કરવા લાગ્યા

सततं देवता भाग्यात् ,सांनिध्यं कुरुते ययोः।रामकृष्णौ सपुण्यौ तौ, हंतव्यौ कथमात्मभिः ॥ ९६ ॥
तयोरेव वृषेणेति, देवताभिर्विकुर्व्य च ।अकालेऽपि बली कालो, मारितः शौर्यभागपि ॥ ९७ ॥
स्वामिनो यादवा दूर–मगच्छन्नात्मवैरिणः।इत्येत्य कथयामासु–स्तेभ्यः स्वगूढपूरुषाः ॥ ९८ ॥
तद्गत्वाग्रे किमस्माभिः, कालं विना करिष्यते।इत्यालोच्य निवृत्तास्ते, यवनादिकभूमृतः ॥ ९९ ॥

'સ્વામિન્, જેના ભાગ્યથી દેવો નીરંતર સહાય કરી રહ્યા છે એવા પુણ્યશાળી રામ–કૃષ્ણને આપણે કેવી રીતે મારી શકીશું ? તે બન્નેના પુણ્યથી દેવે ચિંતા વિકુર્વીને બળવાન એવા કાળનો અકાલે ભોગ લીધો. આપણા વૈરી યાદવો દૂર દૂર નીકળી ગયા છે.' આ પ્રમાણે ચર પુરૂષોએ આવીને કહ્યું, ત્યારે ખિન્ન થયેલા યવન રાજાઓ કાળ વિના આપણે આગળ જઇને શું કરીશું ? આ પ્રમાણે વિચારીને બધા ત્યાંથી પાછા ફર્યા.

जरासंधाय ते चेत्य, यावत्कालमृतिं जगुः । पुत्रमृतिश्रुतेस्ताव–न्मूर्छया सोऽपतद्भुवि ॥ ५०० ॥
प्रभू तैरूपचारैः स, लब्धसंज्ञोऽभवद्यदा । व्यलपत्कालकालेति, कंसकंसेति च स्मरन् ॥ १ ॥
जामातुरेव चैकस्य, दुःखमासीत्पुरा मम । पुत्रस्य मरणात्तत्तु, द्विगुणं प्रत्युताभवत् ॥ २ ॥
स्वयं रूदन् परानप्या–रोदयन् स विलापतः । समेते हि महादुःखे, स्यान्महानपि कातरः॥ ३ ॥
एकस्य जायते दुःख–मन्यस्य परमं सुखं । अदृष्टानां हि वैचित्र्यात्, संसारस्थितिरीदृशी॥ ४ ॥

અનુક્રમે રાજગૃહી આવીને જરાસંધને કાળના મરણ સુધીનો બધો વૃત્તાંત કહ્યો. પુત્રનું મરણ સાંભળીને જરાસંધ મૂર્છિત થઇને જમીન ઉપર પડી ગયો. અનેક શીતલ ઉપચાર કરવાથી સ્વસ્થ થઇને કલ્પાંત કરવા લાગ્યો. 'હે કાળ, હે કાળ, હે કંસ–કંસ....' આમ પુત્ર અને જમાઇને વારંવાર યાદ કરતો જરાસંધ પોતે રડે છે અને બીજાને રડાવે છે. પહેલા તો એકલા જમાઇનું દુઃખ હતું. હવે પુત્રના મરણથી એ દુઃખમાં બમણો વધારો થયો. 'ખરેખર, જ્યારે દુઃખ આવે છે ત્યારે મોટા માણસો પણ કાયર બની જતા હોય છે.' એકને દુઃખ ત્યારે બીજાને સુખ થાય છે. ખરેખર કર્મની વિચિત્રતાથી જ આ સંસારની વિષમ પરિસ્થિતિ સર્જાય છે.

इति कर्तुं समीचीनं, कालस्य परिपंथिनः । ननंदुर्मरणं श्रुत्वा, समुद्रविजयादिकाः ॥ ५ ॥

પોતાના શત્રુ કાળના મરણને સાંભળીને 'જે થયું તે પોતાના સારા માટે થયું છે ? એમ વિચારી સમુદ્ર વિજય આદિ બધા યાદવો ખુબ ખૂશ થયા.

प्रशंससुस्तदा केऽपि महाभाग्यौ बलाच्युतौ । समुद्रविजयं केऽपि, केऽपि नैमित्तिकं पुनः ॥ ६ ॥
केऽपि श्रीजिननाथार्चां, प्रकुर्वते विशेषतः । एकशो विघ्नविध्वंसे, केऽपि दानं ददुर्मुदा ॥ ७ ॥
जगुः केचन गीतानि, ननृतुः केचनाद्भुतं । अवादयंश्च निःस्वाना–दिकवाद्यानि हर्षतः ॥ ८ ॥
ज्ञानीव सत्यवादी त्वं, क्रोष्टुकिं संस्तुवन्निति । कृतज्ञोऽपुजयत्प्रोच्चैः, समुद्रविजयो धनैः ॥ ९ ॥
निमित्तं सत्यतायुक्तं, यद्यस्माकमसावदात्।तदास्यातिधनं दत्वा, नैस्व्यं न्यक्रित्यतेंऽजसा ॥ १० ॥
इत्यालोच्य ततः सर्वै–र्वसुदेवादिभिर्नृपैः।स स्वर्णरूप्यमाणिक्या–दिकदानेन पूरितः ॥ ११ ॥

તેમાં કેટલાંક ભાગ્યશાળી રામ–કૃષ્ણની પ્રશંસા કરવા લાગ્યા તો કેટલાક સમુદ્રવિજયની, તો કેટલાક ક્રોષ્ટુકિ નિમિત્તજ્ઞની પ્રશંસા કરે છે. કેટલાક યાદવો ખુશાલીમાં જિનેશ્વર ભગવંતની વિશેષ પ્રકારે પૂજા કરે છે. કેટલાક વિઘ્નનાશ થવાથી યાચકોને ભરપુર દાન આપે છે. કેટલાક ગીતગાન અને અદ્‌ભુત નૃત્ય કરે છે. તો કેટલાક અનેક પ્રકારના વાજિંત્રો વગાડે છે. આ પ્રમાણે બધા યાદવો ખુશખુશાલીમાં મસ્ત થઇ ગયા.

સમુદ્રવિજયે જ્ઞાની અને સત્યવાદી તરીકે પ્રશંસા કરાતા ક્રોષ્ટુકિને ઘણું ધન આપીને તેનો સત્કાર કર્યો. અને 'અમારા માટે તારૂં નિમિત્ત બિલકુલ સત્ય પુરવાર થયું છે.' આ પ્રમાણે સ્તુતિ કરીને અઢળક ધન આપીને તેના દારિદ્રયને દૂર કરી નાખ્યું.

ત્યાર પછી વસુદેવ આદિ સર્વે રાજાઓએ પણ વિચારીને સુવર્ણ–રૂપુ માણેક અને મોતીનું દાન કરીને ક્રોષ્ટુકિને સંતુષ્ટ કર્યો.

मार्गेऽथ गच्छतां तेषा–मेकत्र तस्थुषां पदे । अतिमुक्तश्चारणर्षि–रागतोऽनभ्रवृष्टिवत् ॥ १२ ॥
अभ्युत्थानादिसत्कारैः, समुद्रविजयादिभिः । यादवैरपि निःशेषैः, पूजितस्तोषितस्तथा ॥ १३ ॥
स्वस्थीभूतोऽतिसंतुष्ट–स्तेषामादरयोगतः । क्षणमेकं स्थितस्तत्र, स्यादादरोऽजरामरः ॥ १४ ॥
समुद्रविजयेशेन, तदा पृष्टो मुनीश्वरः । भगवन्नायतौ नः किं, भावि प्रसद्य तद्वद ॥ १५ ॥
सोऽपि प्रोवाच युष्माकं, का चिंता तमसस्ततेः। द्वाविंशतितमो यत्रा–र्हन्नेमिर्भाति भानुवत् ॥१६॥
एतौ मुशलिगोविंदौ, जरासंधं निहत्य च । बलदेवासुदेवौ, त्रिखंडेशौ भविष्यतः ॥ १७ ॥
भरतार्धाधिपावेतौ–विख्यातवार्धचक्रिणौ । सुपर्ववासितद्वार–वत्यां राज्यं करिष्यतः ॥ १८ ॥
अतिमुक्तमुखादेवं, श्रुत्वा संतुष्टमानसः । विससर्ज मुनिं नत्वा, श्रीनेमिभगवत्पिता ॥ १९ ॥

માર્ગમાં જતા જતા કોઈ એક સ્થળે યાદવોની છાવણીમાં વાદળ વિનાની વૃષ્ટિની જેમ અચાનક ચારણમુનિ અતિમુક્ત પધાર્યા.

સમુદ્ર વિજય આદિ બધા યાદવોએ ઊભા થઈને તેમનો ઘણો આદર સત્કાર કર્યો. યાદવોના અતિ આદર સત્કારથી સંતોષ પામેલા મુનિ ત્યાં થોડી ક્ષણો રોકાયા. દરેકને આદર પ્રિય હોય છે.

સમુદ્ર વિજયે મુનિને પૂછયું :-'ભગવન્, અમારૂં ભાવી કેવું છે તે કૃપા કરીને જણાવો.

મુનિએ કહ્યું : તમારે શું ચિંતા છે ? જેના કૂળમાં અંધકારનો નાશ કરનાર સૂર્ય સમાન બાવીશમા તીર્થંકર શોભે છે. આ રામ-કૃષ્ણ જરાસંધનો વધ કરીને ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ અને બલદેવ તરીકે પ્રસિદ્ધ થશે અને એમના માટે ઇંદ્રોએ વસાવેલી દ્વારામતીમાં રામકૃષ્ણ અર્ધભરતનું સામ્રાજ્ય કરશે. આમ એક જ કૂળમાં ત્રણ ત્રણ પુણ્યશાળીઓનો 'ત્રિવેણી સંગમ' હોય તે કૂળનું સાન્નિધ્ય દેવો કરતા હોય છે. માટે તમારે ચિંતા કરવા જેવું નથી. આ પ્રમાણે અતિમુક્ત મુનિના શ્રીમુખે પોતાનું ઉજ્જવલ ભાવિ સાંભળીને સમુદ્ર વિજય આદિ યાદવો અત્યંત આનંદિત બની ગયા. અને સંતુષ્ઠ થઇ નમસ્કાર કરીને અતિમુક્ત મુનિને વિદાય આપી.

सर्वेष्वपि भरतेषु, सर्वेष्वैरवतेषु च। तुल्यत्वेऽपि विशिष्टं य-त्तीर्थशत्रुंजयस्थितेः ॥ २० ॥
भरतेऽत्रापि षट्खंडाः, वैताढ्यखंडितास्त्रयः। तत्रापि बहवो देशा, आर्यानार्यप्रभेदतः ॥२१॥
जननेन जिनादीनां, ते सार्धपंचविंशतिः। आर्याः स्युरपरेऽनार्या-स्तद्विपरीतलक्षणाः ॥२२॥
आर्यदेशेऽप्यतीवार्यः, सुराष्ट्रादेश उत्तमः। न दुर्भिक्षादिदुःखानि, यत्र लोकः सुखी सदा ॥२३॥
अयोध्यानगरीतश्च, यत्रैव समवासरत्। नवनवतिपूर्वाणि, वृषभः प्रथमः प्रभुः ॥२४॥

પાંચે ભરત અને પાંચે ઐરાવત ક્ષેત્ર સમાન હોવા છતાં શત્રુંજય તીર્થની અપેક્ષાએ આ ભરતક્ષેત્રની આગવી વિશેષતા છે. એવા આ ભરતક્ષેત્રના છ ખંડ છે. પરંતુ વચ્ચમાં વૈતાઢય પર્વત હોવાથી બે ભાગમાં વહેંચાયેલું હોવાથી દક્ષિણ દિશાના ત્રણ ખંડમાં (દક્ષિણાર્ધ ભરતમાં) આર્ય-અનાર્ય અનેક દેશો રહેલા છે. જિનેશ્વર ભગવંત આદિના જન્મ આદિથી પવિત્ર થયેલા સાડા પચ્ચીશ આર્ય દેશો છે. બાકીના અનાર્યદેશો છે. એવા આર્ય દેશમાં પણ અતિ ઉત્તમ સૌરાષ્ટ્ર દેશ છે. કે જ્યાં દુર્ભિક્ષ આદિ કોઈ ઉપદ્રવો હોતા નથી અને હંમેશા લોકો સુખી હોય છે. એવા સૌરાષ્ટ્ર દેશમાં આવેલા શત્રુંજય તીર્થ ઉપર અયોધ્યા નગરીથી ભગવાન ઋષભદેવ નવાણુ પૂર્વ (સીત્તોર લાખને સીત્તોર લાખે ગુણતા એક) પૂર્વ થાય. એવા નવાણું પૂર્વ) વખત સમોસર્યા હતા.

सर्वज्ञाः समवासार्षु-स्त्रयोविंशतिरादरात्। यत्र तीर्थे च धर्मस्य, वृद्धये नेमिनं विना ॥२५॥
अनंताः पुंडरीकाद्याः साधवः सममानसाः। यत्र सिद्धिपदं प्रापु-स्तिर्यंचोपि दिवं गता ॥२६॥
सच्चतुर्विंशतावस्यां, यन्माहात्म्यं निशम्य च। जनितः प्रथमोद्धारो, यात्रापि भरतेन तु ॥२७॥

इन्द्रस्य पुरतः ख्यातः, स सीमंधरशंभुना । तीर्थं शत्रुंजयो यत्र, घोरपापविनाशकः ॥२८॥
अतिमुक्तोक्तविश्वासा-दतिमुक्तभयः सुखैः । समुद्रविजयो राजा, सुराष्ट्राराष्ट्रमापतत् ॥२९॥

જે શત્રુંજય તીર્થ ઉપર શાસનની ઉન્નતિને માટે નેમિનાથ સિવાયના વર્તમાન ચોવીશીના ત્રેવીશ તીર્થંકરો સમવસર્યા હતા. તેમજ પુંડરીક આદિ અનંતા મુનિવરો આ શત્રુંજય તીર્થ ઉપર સિદ્ધિગતિને પામ્યા છે, અનેક તીર્થંચો પણ આ તીર્થની સ્પર્શના કરીને દેવગતિને પામ્યા છે, આ પ્રમાણે શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને તે પવિત્ર તીર્થનો પ્રથમ ઉદ્ધાર ભરત ચક્રવર્તીએ કરાવ્યો, ભગવાન સિમંધર સ્વામિએ પણ ઘોર પાપોનો નાશ કરવામાં સમર્થ એવા શત્રુંજયનું માહાત્મ્ય ઇન્દ્ર આગળ વિસ્તારથી વર્ણવેલું. આ પ્રમાણે અતિમુક્ત મુનિના કથનથી નિશ્ચિંત બનેલા સમુદ્ર વિજય યાદવોસહિત સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા.

श्रीशत्रुंजयतीर्थस्य, द्वितीयं शिखरं महत् । यत्रास्ति गिरिनाराख्यं सर्वसिद्धिनिबंधनं ॥३०॥
अभुक्तां कामिनीं मुक्त्वा, भूयो रूपवतीं सतीं । पालनं ब्रह्मचर्यस्य, यत्र तत्रातिदुष्करं ॥३१॥
इतीव ज्ञानवान्नेमि-र्विचार्य निजमानसे । आरुरोहज्जयंताद्रि-र्यत्र पर्वतभूषणं ॥३२॥
व्रतिश्रुतो मयैवायं, स्वीकृतं पालयेदबुधः । तत्रैवेतीव चक्रेऽर्हंस्त्रीणि कल्याणकानि सः॥३३॥
उज्जयंताचलात्तस्मा-त्प्रतीच्युत्तरभागके । यादवोऽष्टादश कुलकोट्याढ्याः शिबिरं न्यधुः॥३४॥

સૌરાષ્ટ્ર દેશમાં સર્વસિદ્ધિના કારણરૂપ ગીરનાર નામનું શત્રુંજયનું બીજું મોટું શિખર રહેલું છે. જે ગીરનાર પર્વત ઉપર રૂપવતી સતી રાજીમતીનો કુમારિકાપણામાં જ ત્યાગ કરીને નેમિકુમારે અતિ દુષ્કર એવા અખંડ બ્રહ્મચર્યનું પાલન કરેલું, 'જેમ મેં વ્રતને સ્વીકાર્યું તેમ બીજા પણ સ્વીકારશે,' એમ જ્ઞાનથી જાણીને જાણે નેમિનાથે પોતાના ત્રણ કલ્યાણકો (દીક્ષા-કેવલ-મોક્ષ) ગીરનાર ઉપર કર્યા ના હોય! આવા ગીરનાર પર્વતના પશ્ચિમ અને ઉત્તર ભાગમાં અઢાર કુલકોટિ યાદવોની શિબિરો નંખાઈ.

सत्यभामा हरेः कांता, तत्र द्वौ सुषुवेंगजौ । भानुभामरसंज्ञाकौ भानुभिर्भानुभासुरौ॥३५॥

અને ત્યાં કૃષ્ણની પત્ની સત્યભામાએ સૂર્યસમાન તેજસ્વી ભાનુ અને ભામર નામના બે પુત્રોને જન્મ આપ્યો.

दिवसे क्रोष्टुकिप्रोक्ते, स्नानं विधाय च बलिं । संप्रसादयितुं देव-मर्चयामास वारिधिं ॥३६॥
स्थित्वैकत्र पदे तत्र, पवित्रे पुरुषोत्तमः । उपवासत्रयं चक्रे, न सिद्धिर्हि तपोबिना ॥३७॥

अधिष्ठाता समुद्रस्य, लवणाख्यस्य निर्जरः । आराधितो मुकुंदेनो–पवासत्रितयेन तु ॥३८॥
तृतीयायां त्रियामाया–मष्टमस्य प्रभावतः। आसनक्षोभनात्तस्य, प्रसन्नोऽनिमिषोऽभवत् ॥३९॥
पांचजन्यं सुघोषं च, रत्नदाम मनोहरं । दिव्याशुकं ददौ देवो, वासुदेवाय तुष्टितः ॥४०॥
नंष्ट्वैतस्य मनुष्यस्या–वष्टंभः शरणार्थिनः । महते सुकृताय स्या–दितीयोवाच सोंजसा ॥४१॥
ध्यातः कथं स्मृतश्चाहं, गोविंद वद कारणं । सुस्थितो नामतो नाकी, किं ते कृत्यं करोम्यहं॥४२॥
तद्वाक्यात्स्नेहलात्सद्यः, प्रीतोऽवादीज्जनार्दनः । या दत्ता पूर्वविष्णूनां, वासाय द्वारिका पुरी ॥४३॥
सांप्रतं तदभावेना–च्छादिताब्धिजलैस्त्वया । प्रदेहि प्रकटीकृत्य त्वं वासाय ममापि तां ॥४४॥

કૌષ્ટુકિએ આપેલા શુભદિવસે સ્નાન બલિ, વિગેરે વિધિ કરીને સમુદ્રના અધિષ્ટાયિક સુસ્થિત દેવને પ્રસન્ન કરવા માટે કૃષ્ણે અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) નો તપ કર્યો. અને એક પવિત્ર જગ્યાએ ધ્યાનમાં સ્થિર રહ્યા. ખરેખર, 'તપ વિના કોઈ સિદ્ધિ મલતી નથી'

તપના પ્રભાવે પોતાનું આસન ચલિત થવાથી પ્રસન્ન થયેલા સુસ્થિત દેવ ત્રીજા દિવસની રાત્રિએ કૃષ્ણની સામે પ્રત્યક્ષ થયા, અને કૃષ્ણને પાંચજન્ય શંખ, સુઘોષ, રત્નમાલા, તેમજ દિવ્ય વસ્ત્ર આપ્યાં. 'દૂરદેશથી આવેલા માણસનું સ્વાગત કરવું તે મહાન પુણ્યને માટે થાય છે' એમ માનીને દેવે મધુર વાણીથી કૃષ્ણને પૂછયું :–'ગોવિંદ, 'કેમ મારૂં ધ્યાન અને સ્મરણ કરવું પડયું ?' દેવની આવી સ્નેહાળ વાણીથી ખૂશ થયેલા કૃષ્ણે કહ્યું :–જો આપ મારા ઉપર પ્રસન્ન છો તો મારી પહેલાના વાસુદેવને રહેવા માટે નગરી વસાવી આપેલી, તેવી મને પણ રહેવા માટે નગરી વસાવી આપો.'

ऊमिति प्रतिपन्नोपि, सोऽवक्पृच्छामि वज्रिणं । स्वस्वामिवचसा कृत्यं, संपूर्णफलदायि हि ॥४५॥
कृष्णेन वरमित्युक्तः, स देवः शक्रसन्निधौ । गत्वा च विनयादूचे, विनयो हि महाफलः ॥४६॥
मथुरात इहायातः, प्रभाऽस्ति नवमो हरिः । मत्पार्श्वे याचते द्वार–वतीं वासाय वासव ! ॥४७॥
ततः श्रीदस्य दत्ताज्ञा, हरिणा त्वं प्रदेहि तां । इत्याज्ञां प्राप्य संतुष्टोऽभवद्वैश्रमणो भृशं ॥४८॥
एकं तु विष्णुवासाय, दानमन्यद्विभोर्वचः । इति रत्नमयीं चक्रे, नगरीं तां सितोदरः ॥४९॥
द्वादशयोजनायामा, नवयोजनविस्तरा । कृता स्वशक्तितस्तेन, शोभाभूयस्त्वशोभना ।।५०॥

'સારું, તમારા કહ્યા મુજબ થશે. તેમ છતાં હું ઈન્દ્રને પૂછી લઉં. કેમ કે કંઈ પણ કરતાં પહેલાં પોતાના સ્વામિની આજ્ઞા લેવાથી તે કામમાં આપણને સંપૂર્ણ સફલતા મળે છે.'

એમ કહીને સુસ્થિત દેવે ઈન્દ્ર પાસે જઈ પ્રણામ કરીને વિનય પૂર્વક કહ્યું :–સ્વામિન્, મથુરાપુરીથી નવમા વાસુદેવ કૃષ્ણ આવેલા છે. તેમણે મારી પાસે પોતાના નિવાસ માટે દ્વારા-મતિ (દ્વારિકા) ની માગણી કરી છે. સાંભળીને તરત જ ઈન્દ્રે કુબેર ભંડારીને હુકમ કર્યો :–

'વાસુદેવના માટે દ્વારામતિ વસાવી આપો.' ઈન્દ્રની આજ્ઞાથી સંતોષ પામેલા કુબેર ભંડારીએ ઘણા હર્ષપૂર્વક બારયોજન લાંબી અને નવયોજનના વિસ્તારવાળી રત્નમયી નગરી પોતાની શક્તિથી ક્ષણ માત્રમાં બનાવી દીધી.

अष्टादशकरोत्तुंगं, नवहस्तमितं क्षितौ । द्वादशहस्तविस्तारं, प्राकारं तत्र सोऽकरोत् ॥५१॥
जरासंधबलं मागा–दितीव धनदो विदन् । परिखां परितस्तस्या–श्चक्रेऽब्धिजलपूरितां ॥५२॥

નગરીના ફરતો અઢાર હાથ ઊંચો, નવ હાથ પ્રમાણ જાડો, અને બાર હાથના વિસ્તારવાળો મોટો કિલ્લો (કોટ) બનાવ્યો. કિલ્લાની ચારે બાજુ સમુદ્રના જલથી પરીપૂર્ણ ખાઈ બનાવી. તે જાણે જરાસંધનું સૈન્ય આ નગરીમાં પ્રવેશી ના શકે તે માટે ધનદે ના બનાવી હોય !

तत्र केचन वृत्ताश्च, चतुरस्राश्च केचन । त्र्यस्राः केचिद्गिरिकूटाः, केचन स्वस्तिकोपमाः ॥५३॥
केचिच्च सर्वतोभद्रा, वर्धमानाश्च केचन । आयता मंदराः केचिदवतंसाश्च केचन ॥५४॥
प्रासादा इति नामानो लक्षशस्तत्र चक्रिरे । केचिदेकैकभूमाश्च, द्विभूमाः संति केचन ॥५५॥
त्रिभूमाश्च चतुर्भूमाः, पंचभूमाश्च केचन । षड्भूमाश्च तथा सप्त–भूमास्तेन विचक्रिरे ॥५६॥
जात्यस्वर्णमणिभिश्च, चैत्यानि श्रीमदर्हतां । चत्वरेषु च शृंगाटे–ष्वकार्षीत्स सहस्रशः ॥५७॥
समुद्रविजयेशस्या–ग्नेय्यां दिशि चकार सः । प्रासादं शातकौंभं स–प्राकारं स्वस्तिकाकृतिं॥५८॥
अक्षोभ्यस्तिमितप्रोद्य–त्प्रासादौ दक्षिणादिशि । नंद्यावर्तगिरिकूट–संज्ञावभवतां क्रमात् ॥५९॥
प्रासादः सागरस्यापि, नैर्ऋत्याख्याविदिश्यभूत्। पंचमस्य च षष्ठस्य, प्रासादौ वर्धमानकौ॥६०॥
वायव्यां धरणस्याभू–त्प्रासादः पुष्कराभिधः। पूरणस्य ततोऽप्यासी–दालोकदर्शनस्ततः॥६१॥
अभिचंद्रस्य तत्पार्श्वे, विमुक्तोऽभवदाख्यया । ऐशान्यां कृष्णतातस्य, कुबेरच्छदनामभृत् ॥६२॥
स्त्रीविहारक्षमः पृथ्वी–पालमार्गस्य सन्निधौ । उग्रसेनावनीनाथ–प्रासादस्तत्र राजते ॥६३॥
मंदारतरुसंदोह–युताः सर्वेऽपि सुंदराः । प्रासादास्तत्र राजंते,भृशं प्राकारकेतुभिः ॥६४॥

ત્યાં કેટલા ગોળાકારે, કેટલા સમચોરસ, કેટલા ત્રણ ખૂણીયા, કેટલા શિખર જેવા, કેટલા સ્વસ્તિક જેવા, કેટલાક સર્વતોભદ્ર આકારવાળા, કેટલાક વર્ધમાન આકારવાળા, કેટલાક સમાન લાંબા અને કેટલાક મુગટના આકારવાળા લાખો મહેલો બનાવ્યા. તેમાં એક-માળના, બે માળના, ત્રણમાળના, ચારમાળના, પાંચ માળના, છ માળના અને સાત માળના પ્રાસાદો લોકોને રહેવા માટે બનાવ્યા.

નગરીના મધ્યભાગમાં અને મહોલ્લાઓમાં જાત્યસુવર્ણના હજારો જિનચૈત્યો બનાવ્યાં. સમુદ્ર વિજયના માટે અગ્નિ ખૂણામાં સુવર્ણનો સ્વસ્તિકના આકારનો મહેલ બનાવ્યો. દક્ષિણ

દિશામાં અક્ષોભ્યનો નંદ્યાવર્ત, અને સ્તિમિતના માટે ગિરિકૂટ નામના મહેલ બનાવ્યા. સાગરનો નૈઋત્ય ખૂણામાં તેમજ પાંચમા અને છઠ્ઠા દશાર્હ માટે વર્ધમાન નામના જુદા જુદા મહેલો બનાવ્યાં. ધરણ માટે વાયવ્ય ખૂણામાં પુષ્કર નામનો અને પૂરણ માટે 'આલોક દર્શન' નામના મહેલ બનાવ્યો. અભિચંદ્ર માટે પૂરણની પાસે વિમુક્ત નામનો મહેલ બનાવ્યો. ઈશાન ખૂણામાં કૃષ્ણના પિતા માટે 'કુબેરચ્છદન' નામનો સુવર્ણ રૂપ્યમય મહેલ બનાવ્યો.

રાજમાર્ગની સમીપમાં ઉગ્રસેન રાજાનો ભવ્ય મહેલ બનાવ્યો. બધા પ્રાસાદો મંદાર, અશોક અને આમ્ર આદિ અનેક વૃક્ષોથી યુક્ત અને ચિત્ર-વિચિત્ર ધ્વજ પતાકાઓથી અત્યંત શોભતા હતા.

प्रासादः सर्वतोभद्रः सर्वतो भद्रभासुरः। सद्रष्टादशभूमोऽभूत्, स्वर्णरत्नमयो हरेः ॥६५॥
प्रासादो हलिनश्चापि, चतुरस्रोऽभवद्वरः। गवाक्षमंडितः स्वर्ण-रत्नराजिविराजितः ॥६६॥
सभैका सन्निधौ तस्य; राजतेऽतिमनोहरा। सुधर्मासखीसंकाशा, भूरिस्तंभमनोहरा ॥६७॥
आर्हतप्रतिबिंबाना-मष्टोत्तरशतेन तु। सिद्धायतनवत्तत्र, जिनेन्द्रायतनं कृतं ॥६८॥
शालिपांचालिकास्तंभं, जात्यहैमविनिर्मितं। तोरणं जालकैः रेजे, तत्सभागर्भगं वरं ॥६९॥
दीर्घिकासारकासार-चैत्यवापीवनानि च। कुबेरो रचयामास, द्रुतं दिव्यस्वशक्तितः त्रिभिर्विशेषकं॥
एकाकिनोऽपि कुर्वंति, नृलोकं स्वर्विमानवत्। देवाः स्वशक्तितरतूर्णं, सर्वशोभासमन्वितं ॥७१॥
देवलोके तु देवानां, विमानानि च भूरिशः। नृलोकेऽपि तथा कुर्वे, सांप्रतं निजशक्तितः॥७२॥
इतीव वासुदेवाय, कृत्वा, द्वारवती मुदा। दत्ता श्रीदेन संतुष्ट-मानसेन शुभास्पदा ॥७३॥

ચારે બાજુથી દેદીપ્યમાન અઢાર માળનો સુવર્ણ રત્નનો 'સર્વતોભદ્ર' નામનો મહેલ કૃષ્ણને માટે બનાવ્યો. અને બલદેવ માટે સુવર્ણ રત્નોની જાળીઓથી યુક્ત, ગવાક્ષોથી સુશોભિત સમચોરસ મહેલ બનાવ્યો.

તે મહેલની પાસે અનેક સ્તંભોથી મનોહર સુધર્માસભા જેવી સુંદર વિશાલ રાજસભા (સભાગૃહ) બનાવી. એ રાજસભામાં એકસો આઠ જિનબિંબોવાળું સિદ્ધાયતન જેવું સુંદર જિનાલય બનાવ્યું. રત્નજડિત સુવર્ણના સ્તંભે સ્તંભે (થાંભલે-થાંભલે) વિવિધ રત્નોથી જડિત સુંદર શાલભંજિકાઓ (પુતળીઓ) ગોઠવી. રત્નોની જાળીવાળાં તોરણોથી યુક્ત શ્રેષ્ઠ સભાગૃહમાં, ક્રીડાવાવ, વાવડીઓ, તલાવ, સરોવર તેમજ સુંદર ઉદ્યાનો વિગેરેની રચના કુબેરે પોતાની દિવ્ય શક્તિથી કરી. દેવો એકાકી હોવા છતાં પણ પોતાની દિવ્યશક્તિથી મનુષ્ય લોકને સર્વ પ્રકારની શોભાથી યુક્ત દેવ વિમાન જેવો બનાવી દે છે, તેમ કુબેરે પણ પોતાની દિવ્યશકિતથી દેવલોકના ઘણા દેવ વિમાનો મનુષ્ય લોકમાં ઉતારી દીધા ના હોય, તેવી દ્વારામતિની રચના કરી.

उज्जयंतः पुरस्तस्या, माल्यवान् दक्षिणादिशि। पश्चिमायां सौमनस, उदीच्यां गंधमादनः॥७४॥

દ્વારિકાની પૂર્વદિશામાં ઉજ્જયંત, દક્ષિણ દિશામાં માલ્યવાન, પશ્ચિમમાં સૌમનસ અને ઉત્તર દિશામાં ગંધમાદન એમ ચારે દિશામાં ચાર પર્વતો બનાવ્યા.

ततः पीतांबरे पीतां–बराय धनदो ददौ । वरं माल्यं किरीटं च, कौस्तुभाख्यं महामणिं॥७५॥
धनुः शार्ङ्गं च तूणीरा–वक्षय्यमार्गणौ गदां । कौमोदकीं नंदकं च, खड्गं तार्क्ष्यध्वजं रथं॥७६॥
नीलवस्त्रे च रामाय, रथं तालध्वजं तथा । मुशलं वनमालां च, तूणौ पूर्णशरौ हलं ॥ ७७ ॥
दशार्हेभ्यो दशभ्योऽपि, भूषणान्यपराणि च । धनदः प्रददौ प्रीत्यै, राममाधवयोस्तदा ॥ ७८ ॥
एकं तु कृष्णवासाय, प्रदानं द्वारिकापुरः।वात्सल्यमीदृशं चान्यद्, ब्रूमः श्रीदस्य कान् गुणान् ॥ ७९॥

ત્યાર પછી કૃષ્ણને પિતાંબર, શ્રેષ્ઠમાલા, મુગટ, કૌસ્તુભમણિ, શાર્ઙ્ગ ધનુષ્ય, અક્ષય્ય બાણોવાળા ભાથા, કૌમોદિકી નામની ગદા, નંદક નામનું ખડ્ગ (તલવાર) અને તાર્ક્ષ્યધ્વજ નામનો રથ આપ્યો. બલભદ્રને નીલ વસ્ત્ર, તાલધ્વજ રથ, મુશલ, વનમાલા, પૂર્ણ બાણોથી યુક્ત ભાથુ અને હલ આપ્યું. એ રીતે કૃષ્ણ બલદેવ તેમ જ દશે દશાર્હોને બીજા પણ ઘણા અલંકારો આપ્યા. 'કુબેરનું કેવું વાત્સલ્ય? તેના કયા કયા ગુણોનું વર્ણન કરીએ!'

जानंतो वासुदेवत्वं, कृष्णस्य यादवोऽखिलाः । पश्चिमांभोनिधेस्तीरे—ऽभिषेकं चक्रिरे मुदा ॥८० ॥
सिद्धसिद्धार्थसूतेन, रामस्य प्रेरितो रथः । हरेर्दारुकसंज्ञेन, द्वारिकाभिमुखं तदा ॥ ८१ ॥
अन्येऽपि यादवाः स्वान् स्वान्, सज्जीकृत्य रथांस्ततः।जग्मुरा इव वरेगात्रा–स्ताभ्यां सार्धं तदाचलन्॥
अमात्रैश्चित्रवादित्रै—श्चतुर्विधैः प्रमोदतः । वाद्यमानैर्महाध्वानै–र्गीतगानै र्मृगीदृशां ॥ ८३ ॥
गीयमानैर्जनैः प्रोच्य—मानैर्जयजयारवैः । दीयमानैर्महादानै —र्भूयमानैर्महोत्सवैः ॥ ८४ ॥
कुबेरेण समं राम–गोविंदौ प्रविवेशतुः।स्वविमाने मृगांकार्का–विव द्वारवतींपुरीं।त्रिभिर्विशेषकं॥८५॥

હર્ષિત થએલા બધા યાદવોએ પશ્ચિમ સમુદ્રના કિનારે કૃષ્ણનો વાસુદેવ તરીકેનો રાજ્યાભિષેક કર્યો. રથ ચલાવવામાં કુશળ સિદ્ધાર્થ નામના સારથિએ બલદેવનો અને દારુક નામના સારથિએ કૃષ્ણનો રથ દ્વારિકાની સન્મુખ રાખ્યા.

બીજા પણ યાદવોએ પોતપોતાના રથો તૈયાર કરીને વરની પાછળ જેમ જાન જાય તેમ રામ–કૃષ્ણની સાથે દ્વારિકા સન્મુખ ચાલ્યા. અનેક પ્રકારના વાજિંત્રોના અવાજથી ઉલ્લસિત બનેલા, સ્ત્રીઓ વડે મંગલ ગીતો ગવાતા, લોકોવડે જય જયારવ કરાતા, અને યાચકોને દાન આપતા, મહા મહોત્સવ પૂર્વક કુબેર ભંડારી સાથે ચંદ્ર સૂર્ય જેમ પોતાના વિમાનમાં જાય તેમ રામ–કૃષ્ણે દ્વારિકામાં પ્રવેશ કર્યો.

प्रदत्ताज्ञा सुरेंद्रेण, वासिता धनदेन तु।आश्रिता रामकृष्णाभ्यां, साऽधाच्छोभां वचोऽतिगां।। ८६ ।।

સુરેન્દ્રની આજ્ઞાથી ધનદે વસાવેલી અને રામ-કૃષ્ણથી આશ્રિત દ્વારિકાની શોભા ખરેખર વચનાતીત લાગતી હતી.

तत्रौकस्ववसन् कुबेररचितेषूच्चैर्दशार्हा हली।दैत्यारिस्त्वपरेऽपि सर्वयदवो, गोविंदनिर्देशतः।।
रूप्यस्वर्णमयैर्धनैश्च वसनैः पात्रैर्ववर्षांबुभिः-धान्यैः सार्धदिनत्रयं जनकृते तां पुरयन् यक्षपः।।८७ ।।

કુબેરે બનાવેલા સુંદર આવાસોમાં કૃષ્ણના આદેશથી દશ દશાર્હો, સર્વે યાદવો તેમજ રામ-કૃષ્ણે પોત પોતાના રાજમહેલોમાં પ્રવેશ કર્યો.

ત્યાર પછી કુબેરે લોકોના માટે સુવર્ણના, રત્નની, રૂપા, મોતી, ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, પાણી આદિ જીવન જરૂરીયાતની બધી ચીજોની સતત સાડા ત્રણ દિવસ સુધી વૃષ્ટિ કરી.

अलकास्ति पुरीयं किं, किं वा देवेन्द्रपूरियं । अन्यदेशागता लोका, यां वीक्ष्येति शशंकिरे ।। ८८ ।।
तर्कयंति पुनस्तेंत-र्न सा कैलाससंस्थिता । न साषि यतः सा तु, शाश्वतत्वेन शोभिता ।। ८९ ।।
इयं तु पृथिवीपीठे, वैषम्येण विवर्जिता । पारावारसमीपेऽस्ति, सुखमासुखमाश्रिता ।। ९० ।।
झात्कारिता लसत्कीर्ति-र्नवोढेयं वधूरिव । श्रीदेन स्वर्णमाणिक्यै-र्भूषितास्ति प्रमोदतः ।। ९१ ।।
तथा तत्र स्थिता देवाः, स्ववसूनि मनागपि । ददतेऽर्थिनृणां नैव, प्रसन्नाः प्रार्थिता अपि ।। ९२ ।।
देवी भुक्ता सुरैः प्राग् या, सा परैरपि भुज्यते।प्रत्यहं विषयासक्ता, न शीलं पालयंति ते ।। ९३ ।।
कृत्वा तपांसि भूयांसि, बुभुक्षिता इतो गताः । पौरुषीमात्रमप्येते, न कुर्वंति कदाचन ।। ९४ ।।
प्रभू तैश्वर्यभाक्त्वेन, सर्वदा तदवस्थया । जराधिव्याध्यभावात्ते, भावना भावयंति न ।। ९५ ।।
सप्तक्षेत्राविशेषेण, दीनादिकशरीरिषु । स्वभुजार्जितवित्तानि, ददत्यत्र स्थिता जनाः ।। ९६ ।।
संतोषिणः स्वदारेषु, परोपकृत्यतोषिणः । भोगिनोऽषि स्वसंतत्यै, शीलं च पालयंत्यमी ।। ९७ ।।
तपसा हन्यते कष्टं, तपसा सिद्धिराप्यते । तपसा क्षीयते व्याधि-स्तपांसि विदधत्यमी ।। ९८ ।।
उत्पद्यंते म्रियंते च, जीवाः संसारवर्तिनः । दुःखिनः सुखिनः केऽपि, भावयंत्यपि भावनां ।। ९९ ।।
न हि स्वार्थं विना माता, पिता भ्राता सुताः स्त्रियः । मत्वेति गुरुपार्श्वेऽत्र, दीक्षामाददतेंगिनः ।।६००
गृहूणंति तदसक्ताश्च, व्रतानि द्वादशानिशं। धरंति धरणीं धीरा, वीराः कुकर्मनाशने ।। १ ।।
आबाल्यादपि कंदर्प— दर्पजेतुर्जिनेशितुः । श्रीनेमेश्चरणांभोज-क्षरद्रेणुपवित्रिता ।। २ ।।
नवमो बलदेवोऽत्र, संजातो युवराजवत् । विमात्रेयोऽपि बिभ्राणः, स्नेहं कृष्णे सदाधिकं ।। ३ ।।
कृष्णोऽत्र राजते कृष्ण-कांतिरपीनपीनरुक् । प्रतापेन धरन् राज्यं, नवमो वासुदेवकः ।। ४ ।।
पुरंदरपुरीतोऽसा-वित्यधिका पुरी वरा।भूरिभूषणभूषाभिः,शक्रपूःसन्निभाषिच।अष्टादशभिःकुलकं।।

બીજા બીજા દેશોથી આવેલા લોકો દ્વારિકાની શોભા જોઇને જુદી જુદી કલ્પનાઓ કરતાઃ-" 'આ તો શું અલકાપુરી છે કે ઇંદ્રની અમરાવતી છે? અથવા કૈલાસનગરી છે.? ના ના એ બધી શાશ્વતી હોવા છતાં દ્વારિકાની તુલનામાં આવી શકે તેમ નથી. સમુદ્રના કાંઠે સુખદુઃખની વિષમતા વિનાની આ તો કોઇ અગોચર દુનિયામાંથી આવેલી, કોઇ સ્વર્ગીય નગરી હોવી જોઇએ. કેમકે કુબેરે સુવર્ણ, રત્ન અને માણેકથી શણગારેલી એવી આ નગરી નવોઢા (નવપરણિતા) સ્ત્રીની જેમ પોતાની શોભાથી તે બધી નગરીઓ (અલકાપુરી, અમરાવતી; કૈલાસપુરી) ને તિરસ્કાર કરીને દૂરદૂર હડસેલી મૂકી છે! તે દેવોની નગરીઓમાં રહેલા દેવો પોતાની સંપત્તિમાંથી માગવા આવેલા યાચકોને કંઈપણ આપતા નથી. અર્થાત્ ત્યાં **દાનધર્મ** નથી. પહેલાના દેવોએ ભોગવેલી દેવીઓને બીજા દેવો પણ ભોગવે છે, તેથી નીરંતર વિષયાસક્ત હોવાથી **શીલધર્મ** પણ પાળી શકતા નથી. અહીંથી ઘણો તપ કરીને ગયેલા ભૂખ્યા થયેલા દેવો એક 'પોરસી' માત્રનો પણ તપ કરી શકતા નથી. અર્થાત્ ત્યાં **તપધર્મ** પણ નથી. ત્યાં ઘણા ઐશ્વર્યના સ્વામી હોવાથી અને નીરંતર એક સરખી શરીરસ્થિતિ હોવાના કારણે જરા અને વ્યાધિનો અભાવ હોવાથી કોઇ ભાવના પણ ભાવી શકતા નથી. અર્થાત્ ત્યાં **ભાવધર્મ** પણ હોતો નથી. જ્યારે આ દ્વારિકાપુરીમાં તો દીન અનાથ યાચકોને તેમજ સાતે ક્ષેત્રમાં (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, જિનબિંબ, જિન ચૈત્ય) કોઇપણ જાતના ભેદભાવ વિના પોતાના બાહુબળથી મેળવેલી સંપત્તિનું દાન કરે છે, તેથી અહીંયા **દાનધર્મ** છે પરોપકાર કરવામાં રસિક દ્વારિકાવાસીઓ પોતાની સંતતિ માટે ભોગી હોવા છતાં પણ સ્વસ્ત્રીમાં સંતોષ માનનાર હોવાથી **શીલધર્મનું** પણ પાલન કરે છે. તપથી કષ્ટ નાશ પામે છે, તપથી સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને તપથી દરેક જાતના રોગોનો ક્ષય થાય છે, એમ માનીને આ નગરીમાં લોકો **તપધર્મનું** પણ પાલન કરતા હતા. સંસારમાં રહેલા જીવો જન્મે છે અને મરે છે તેમાં કોઈ સુખી, કોઈ દુઃખી. એ બધી કર્મની વિટંબનાઓ છે', આ પ્રકારની ભાવના પણ ભાવતા હતા અર્થાત્ દ્વારિકામાં લોકો **ભાવધર્મનું** પણ પાલન કરનારા હતા. 'માતા, પિતા, બંધુ, પુત્રો અને સ્ત્રીઓ આ સંસારમાં સ્વાર્થ વિનાના કોઈ હોતા નથી,' એમ માનીને ગુરૂ ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરનારા પણ હતા. ચારિત્ર ધર્મ લેવામાં અશક્ત એવા લોકો કર્મનો નાશ કરવા માટે શ્રાવકના બારવ્રતને પણ ગ્રહણ કરતા હતા.

આ દ્વારિકા, બાલ્યાવસ્થાથી જ કામદેવના અભિમાનને ધરાશાયી કર્યો છે એવા શ્રી નેમિનાથ ભગવાનના ચરણ રજથી પવિત્ર થયેલી છે. દ્વારિકામાં નવમા બલદેવ યુવરાજની જેમ શોભે છે જે બલદેવ વિમાતા (સાવકી માતા) નો પુત્ર હોવા છતાં કૃષ્ણ ઉપર હંમેશાં અધિકને અધિક સ્નેહ રાખે છે. વળી, આ નગરીમાં પોતાના કૃષ્ણવર્ણની અત્યંત કાંતિ વડે સુશોભિત દેહવાલા કૃષ્ણ નામના નવમા વાસુદેવ રાજ્ય કરે છે.' તેથી આ દ્વારિકાપુરી ઘણા આભૂષણોની શોભામાં ભલે ઇન્દ્રપુરી સમાન હોય પરંતુ ઉપર જણાવ્યાં મુજબની આ ગવી

વિશિષ્ટતાથી ઇન્દ્રની અમરાવતી કરતા કંઈ ગુણા ઉંચા દરજ્જે રહેલી છે. (આ પ્રમાણે બહારના લોકોની કલ્પનાનું વર્ણન કર્યું.)

अहोरात्रं प्रकाशित्वा-देवाधिकोऽर्कतेजसः । प्राक्षीसरत्प्रतापो द्रा-क्कृष्णस्य वसुधेशितुः ॥ ६ ॥
चित्रं कुवलयोल्लासी, विनाशी परिपंथिनां।उत्कटानां नृपाणां च, वधूवक्त्राब्जरोचिषां ॥ युग्मं ७ ॥

સૂર્યનો પ્રતાપ ફક્ત દિવસે જ પ્રકાશ આપે છે જ્યારે રામકૃષ્ણનો પ્રતાપ દિવસ અને રાત્રિને પ્રકાશિત કરનાર હોવાથી સૂર્ય કરતા પણ અધિક તેજસ્વી હતો. સૂર્ય જેમ અંધકાર-રૂપી શત્રુનો શના કરનાર અને સૂર્યવિકાસી કમલને વિકસિત કરનાર છે તેમ રામકૃષ્ણ બલવાન શત્રુરાજાઓનો નાશ કરનાર અને સ્વસ્ત્રીઓના મુખકમલને વિકસિત કરનારા છે.

यस्य दीप्रप्रतापस्य, पुरतो हारितो दिवा । रात्रावस्तमिवाप्नोति, तेजःपुंजोऽपि गोपतिः ॥ ८ ॥
यस्य वक्त्रस्य सौम्यत्वं, दृष्ट्वा कुमुदिनीपतिः।मन्ये स्वस्मिन् विदन्न्यूनं, रात्रावुदेति लज्जितः ॥ ९ ॥

હું માનુ છું કે સૂર્ય તેજનો પુંજ હોવા છતાં કૃષ્ણના તેજથી પરાજિત થવાથી રાત્રિએ ઉગતો નહી હોય ! અને ચંદ્ર પણ કૃષ્ણના મુખની સૌમ્યતા જોઇને તેનાથી પોતાની ઘણી ન્યૂનતાના કારણે શરમાઇને જ રાત્રિમાં આવતો હશે !

संग्रामस्य पुरो यस्यो-त्कटद्विद्दर्पमर्दिनः।सर्वेऽपि तत्यजुर्गर्वं विश्वेऽपि वीरमानिनः॥ १० ॥
परिध्वस्तेऽर्थिनां नैःस्व्ये, येन द्रव्यप्रदानतः।दानेच्छां तदभावेऽत्र, व्यस्मारयत्सितोदरः ॥ ११ ॥

રણ સંગ્રામમાં કૃષ્ણની આગળ બલવાન એવા વીરમાની રાજાઓનું અભિમાન ક્ષણમાત્રમાં ઓસરી જતું. કૃષ્ણ એવા દાનેશ્વરી હતા કે યાચકોને અઢળક દાન આપીને તેઓની દરિદ્રતાને દૂર કરી નાખતા. જેથી યાચકોને ફરીથી દાન લેવાની ઇચ્છા પણ થતી નહી. તેથી લોકો દાનેશ્વરી કુબેરને પણ ભૂલી જતા !

सत्यभामा प्रिया सत्य-भायुता तस्य शार्ङ्गिणः।पुण्यलावण्यनैपुण्य-धन्यानन्यवरेण्यहृत् ॥ १२ ॥
रतिप्रीती रतिप्रीते, रूपेण विजिते यया । पतिस्तयोरनंगोऽभू-न्मन्येऽस्याश्च चतुर्भुजः ॥ १३ ॥
अष्टाग्रमहिषीमध्ये, यथेंद्रस्य शचीवरा । रूपशीलेन विख्याता, सत्यभामा हरेस्तथा ॥ १४ ॥
भोग्यभोगान् यथा भुंक्ते, शच्या सह शतक्रतुः।सावित्र्या च यथा ब्रह्मा, पार्वत्या शंकरो यथा ॥ १५ ॥
मोहिन्या विद्ययेवोच्चैः, स मोहितः कलश्रिया।भोगान् भुंक्ते, तया सार्धं, महिष्या सत्यभामयायुग्मं॥
विषयव्याप्तचित्तोऽपि, महिष्या सह मानवः।न भुंक्ते प्रायशो भोगान्, भुंक्ते चेद्विरमेद् द्रुतं ॥ १७ ॥
प्रीतिपात्रं महिषीयं, सत्यभामा हरेरभूत् । तथापि न तया साकं, भोगेभ्यो व्यरमत्स हि ॥ १८ ॥

કૃષ્ણની, પુણ્ય લાવણ્ય નૈપુણ્ય આદિ શ્રેષ્ઠગુણોવાળી સત્યભામા નામની પટ્ટરાણી હતી. સત્યભામાનાં રૂપથી કામદેવની પત્નીઓ રતિ અને પ્રીતિના રૂપનો પરાભવ થવાથી લજ્જા-પામેલો કામદેવ અંગવિનાનો બની ગયો અને સત્યભામાનાં પતિ કૃષ્ણ ચતુર્ભુજ થયા ! (કૃષ્ણને ચતુર્ભુજ પણ કહેવાય છે)

પોતાની આઠ અગ્રમહિષી (પટ્ટરાણી)ઓમાંથી ઇંદ્ર શચીની સાથે વધારે પ્રેમ કરતા તેમ કૃષ્ણ પણ રૂપગુણથી શોભતી સત્યભામા પર વધારે પ્રેમ રાખતા.

જેમ ઇંદ્ર શચીની સાથે, બ્રહ્મા સાવિત્રીની સાથે, શંકર પાર્વતીની સાથે તેમ તેની કલાથી આકર્ષાયેલા કૃષ્ણ જેમ મોહિની વિદ્યાથી આકૃષ્ટ હોય તેમ સત્યભામા સાથે નીરંતર ભોગસુખ ભોગવતા. 'માણસ તીવ્ર વિષયાસક્ત હોવા છતાં પણ મહિષી (પાડી–અથવા ભેંસ) ની સાથે કયારે પણ ભોગ ભોગવતો નથી અને કોઇ અધમ કદાચ એવી ચેષ્ટા કરે તો પણ તરત જ ત્યાંથી વિરામ પામે છે, પરંતુ કૃષ્ણ તો પ્રીતિપાત્ર આ મહિષી (પટ્ટરાણી)ની સાથે ભોગથી કયારે પણ વિરમતા નહી.

कृष्णकांत्या लसद्रूप–वतीनां बहुयोषितां । संप्राप्यंते महाभोगाः, पुरुषेणाथवा न हि ॥ १९ ॥
इतीव तत्परीक्षार्थं, कृष्णरुपधरोऽपि च।भोगानभुंक्त कृष्णोऽप्य-न्यासां प्राज्येष्टयोषितां।युग्मं॥२०॥

રૂપવતી સ્ત્રીઓ કૃષ્ણવર્ણ (શ્યામ)ના પુરુષને ઇચ્છે કે નહી ! તેમ જાણે તેની પરીક્ષા કરવા માટે પોતે શ્યામરૂપ ધારણ કરી, બીજી પણ સુંદર રૂપસુંદરીઓ સાથે નીરંતર ભોગા-સક્ત રહેતા હતા.

कपोलमूलयोर्निर्य–द्दानलोलुपषट्पदाः प्रोत्तुंगा द्विरदा यस्या–धुरैरावतकल्पनां ॥ २१ ॥
मेयमध्या मुखे क्षामाः, पीना पश्चिमभागयोः।लघुकर्णा उरोऽमानाः, स्कंधोग्रा जविनो हयाः ॥ २२ ॥
क्वणंतीभिरदभ्राभिः, किंकिणीभिर्विभूषिताः। केतुभिश्चित्रयंतः खं, रथा यस्य सदाभवन् ॥ २३ ॥
एकाकित्वेति साहस्रा, लक्षाः शतनियोधिनः।विपत्तयो विपक्षाणां, पत्तयो यस्य भूरिशः ॥ २४ ॥
संख्यायां विद्यमानाया–मपि यस्य बलं सदा । असंख्याततया लोकै–र्निगद्यते प्रतापतः ॥ २५ ॥

કૃષ્ણના રાજ્યમાં ઐરાવણહાથી સમાન ગંડસ્થલમાંથી નીરંતર મદ ઝરતા ઊંચા મદગલ હાથીઓની સેના હતી. લક્ષણોપેતમુખ પાછળનો ભાગ પુષ્ટ, નાના કાન, વિશાલ છાતી અને ઉન્નત સ્કંધવાળા જાતિવંત પવનવેગી અશ્વોની સેના હતી.

મધુર અવાજ કરતી નાની નાની ઘુઘરીઓવાળી, આકાશ સુધી પહોંચેલી ધજાઓથી સુશોભિત રથોની સેના હતી. પોતે એકાકી હોવા છતા સેંકડો, હજારો, અને લાખો યોદ્ધાઓને જીતી શકે તેવા શતયોધિ, સહસ્રયોધિ અને લક્ષયોધિ સૈનિકોની સેના હતી. આ બધી સેનાની સંખ્યા પરિમિત હોવા છતાં કૃષ્ણના પ્રતાપથી લોકોમાં કૃષ્ણનું અગણિત સૈન્ય ગણાતું.

प्रामाण्यं राजधर्मे स्या–दाज्ञाया एव भूपतेः । समुद्रविजयादीशा, अप्याज्ञां तस्य चक्रिरे ॥ २६ ॥

રાજ્ય ધર્મમાં રાજાની આજ્ઞા જ પ્રમાણ રૂપ ગણાય છે. એમ માનીને સમુદ્ર વિજય આદિ વડીલો પણ કૃષ્ણની આજ્ઞાને શિરોધાર્ય કરતા.

कालेन कालधर्मस्य, जरायाश्चाप्यसंभवात् । यत्र यौवनसंपन्ना, यादवा निर्जरा इव ॥ २७ ॥
पुण्यलावण्यधारिण्यो, मोहिन्यो भर्तृचेतसां।हारिण्योऽपरचित्तानां, स्त्रियो देवांगना इव ॥ २८ ॥
यद्यपि तत्र दीनास्या, दानार्थिनो न याचकाः । तथापि परदेशेभ्यः, समेतानमयं विधिः ॥ २९ ॥
दीयंते यत्र दानानि, चीयंते सुकृतानि च । पीयंते गुरुवाक्यानि, धीयंते च गुणालयः ॥ ३० ॥
ब्राह्मी यत्र रमा तत्र, न स्यादिति विरोधिता।विद्वत्तासुखिताभ्यां सा, जनैर्यत्र निराकृता ॥ ३१ ॥
त्रिवर्गेऽपि रसाद्धर्मे, यशोऽभूद्भुवनत्रये । सर्वत्र ख्यैतिमत्तस्य, ख्यातिर्धर्माद्धि जायते ॥ ३२ ॥
धर्मेशराजधानीव, सौरव्यैरिंद्रपुरीव या । न्यायेन यास्त्ययोध्येव, द्रविणैरलकेव या ॥ ३३ ॥
राज्यं पालयतो हरेः सहलिनः श्रीद्वारिकायां तदा । पारावारतटे दशार्हयदुमिः सत्रा पवित्राकृतेः ॥
भूषाःकेचिदढौकयन्निजकनीः खानीः सुरूपश्रिया-मश्वान् केचिदिभांश्च केचिदवनौ वस्त्वद्भूतं केचन

इति पंडितचक्रचक्रवर्ति श्रीराजसागरगणि शिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचरित्रे रामकृष्णारिष्टनेमिजन्म–कंसवध=द्वारिकानिवेश-राज्यपालनवर्णनो नाम

तृतीयः सर्गः समाप्तः

કાળ (યમ) વડે કાળધર્મનો અને જરા (ઘડપણ) નો અસંભવ હોવાથી યાદવો દેવોની જેમ યૌવન સંપન્ન હતા. વળી, દેવાંગનાની જેમ રૂપ અને લાવણ્યવંતી નારીઓ પોતાના પતિના ચિત્તને મોહ પમાડતી અને અન્ય પુરૂષોના ચિત્તને હરણ કરનારી હતી.

જો કે દ્વારિકામાં દાન લેનારા કોઈ યાચકો હતા નહીં, છતાં પરદેશથી આવેલા હોય તેવા યાચકો પણ દીનમુખવાળા રહેતા નહીં.

એ દ્વારિકામાં નીરંતર દાન દેવાય છે, પૂણ્યોપાર્જન થાય છે. ગુરૂના વચનામૃતોનું પાલન કરાય છે અને ગુણોનો સમુદાય એકઠો કરાય છે.

લોકોમાં કહેવત છે કે 'સરસ્વતી અને લક્ષ્મી એક સ્થાને રહી શકતી નથી,' પરંતુ અહીંયા તો પંડિતો પણ શ્રીમંતો હતા ! આ પ્રમાણે પંડિતાઈ અને શ્રીમંતાઇનો સુમેળ હોવાથી લોકોની કહેવતને ખોટી ઠરાવાઈ હતી. ધર્મ અર્થ અને કામ આ ત્રિવર્ગમાંથી ધર્મની

જ મુખ્યતા હોવાથી દ્વારિકા નગરીનો યશ ત્રણે લોકમાં ફેલાયેા. તેની કીર્તિ ચારે દિશાએ ફેલાઈ હતી, ખરેખર ધર્મથી જ કીર્તિ મળે છે. દ્વારિકા-ધર્મ રાજાની રાજધાની, સુખમાં ઈન્દ્રપુરી. ન્યાયમાં અયેાધ્યા, અને ધન વૈભવમાં અલકાપુરી સમાન હતા. પશ્ચિમ સમુદ્રના કિનારે આવેલી શ્રી દ્વારિકામાં દશે દશાર્હ આદિ યાદવેાની સાથે બલદેવ સહિત કૃષ્ણ રાજ્યનું પાલન કરતા હતા. પુરૂષેાત્તમ પુરૂષ કૃષ્ણ રાજાને, કેાઈ રાજા રૂપ લાવણ્યવતી પેાતાની કન્યાએા, કેાઈ હાથીએા, કેાઈ ઘેાડાએા, કેાઈ ગામ-નગરેા આ પ્રમાણે દેશેા દેશના રાજા ભેટણા કરતા હતા.

આ પ્રમાણે પંડિતેામાં ચક્રવર્તી સમાન શ્રી રાજ સાગર ગણિના વિદ્વાન શિષ્ય શ્રી રવિસાગર ગણિએ રચેલા શ્રી શાંબપ્રદ્યુમ્ન ચરિત્રમાં રામ-કૃષ્ણ અને નેમિકુમારનેા જન્મ, કંસવધ, દ્વારિકામાં પ્રવેશ તેમજ સામ્રાજ્યપાલનનું વર્ણન કરતેા. ૬૩૪. શ્લેાક પ્રમાણ ત્રીજો સર્ગ સમાપ્ત થયેા.

શ્રી રસ્તુઃ

॥अथ चतुर्थ सर्गः प्रारभ्यते॥

अथान्यदा सभायां च, सुधर्मायामिव श्रिया । बभौ वज्रीव गोविंदो, यादवैर्निर्जरैरिव ॥ १ ॥
युवराजोपमं रामं, दशार्हान् सुदशान् दश।भूपान् सभ्यानमात्यांश्च, सोऽपरानप्यमूमुदत् ॥ २ ॥

सर्गः४

સુધર્મા સભામાં દેવોની સાથે જેમ ઈન્દ્ર શોભે તેમ યાદવોની સાથે કૃષ્ણ રાજસભામાં શોભતા હતા. યુવરાજ જેવા રામ, દશ દશાર્હો, રાજાઓ, મંત્રીઓ અને બીજા સભાસદોને કૃષ્ણ આનંદ આપતા હતા.

इतो विमानमाकाशा–दुत्तरद्ददृशे दृशा । सदस्यां हृद्यपार्श्वद्यै–स्तेजः पुंजविराजितं ॥ ३ ॥
इदं विद्याधराणां किं, किं वा सुपर्वणामिदं।तदित्यालोक्यमालोक्य, शशंकिरे सभासदः ॥ ४ ॥
अत्यासन्ने समायाते, ऊहापोहौ विमुच्य ते । ज्ञात्वा तं नारदस्यैव, चिच्छेदुर्निजसंशयं॥ ५ ॥

એક દિવસ સભાસદોએ રાજસભામાં તેજના પુંજ સમાન વિમાનને આકાશમાંથી ઉતરતું જોયું. જોઈને 'કોઈ વિદ્યાધરોનું હશે કે દેવનું હશે,' આ પ્રમાણે બધા વિચારવા લાગ્યા. નજીકમાં આવવાથી નારદને જોઈને બધા સભાસદો શંકારહિત થયા.

नारदस्तत उत्तीर्य, पवित्रचित्रवेषभृत् । शीलावधिर्निधिस्तत्र, गुणानां समुपेयिवान् ॥ ६ ॥

શીલવાન ગુણવાન, પવિત્ર અને વિચિત્ર વેષધારી નારદ વિમાનમાંથી ઉતરીને કૃષ્ણની રાજસભામાં આવ્યા.

નારદનું વર્ણન

स्त्रीसंसर्गपरित्यागात्, कश्चित् कश्चिच्च नैःस्व्यतः। पुमान् कश्चिद्रसत्यागात्, कश्चिद्वार्धक्ययोगतः॥७॥
गत्वा कश्चिदरण्ये च, स्थित्वा कश्चिच्छिलोच्चये।कश्चिदेकाकितां कृत्वा मुक्त्वा कश्चिद्गृहादिकं॥८॥
सामग्रीविरहात्कश्चि-त्कश्चिद् भूभीशसाध्वसात्।कश्चिल्लावण्यशून्यानां, स्त्रीणां रूपविलोकनात् ॥ ९ ॥
यस्मात्सिंहादिभीतिर्न, विद्यासिद्धिर्यतो भवेत्।यस्माच्च भाग्यसौभाग्ये, यस्मात्सिद्धिः शरीरिणां।१०॥

अंतःपुरेषु भूपानां, गत्वा स्त्रीरूपदर्शनं । कथाहास्यविनोदानां, करणं तासु निर्भयं ॥ ११ ॥
प्रवर्तनं यदृच्छाभिः, स्मरसंहारतः क्षणं । कुतूहलेन भूपाला–दिषु संग्रामकारणं ॥ १२ ॥
तथापि मानसब्राह्मी–वपुःशुद्ध्या स्वजन्मतः।अद्भुतं नारदस्यैत–त्तस्य शीलस्य पालनं ॥ १३ ॥

કોઈ સ્ત્રીના તિરસ્કારથી, કોઈ દરિદ્રતાથી, કોઈ વ્યાધિ કે કોઈ વૃદ્ધાવસ્થાથી સ્ત્રીનો સંગ કરી શકતા નથી. કોઈ જંગલમાં જઈને, કોઈ પર્વતની ટોચે, કોઈ એકલા રહીને, કોઈ ઘરબાર છોડીને, તો કોઈને સામગ્રી નહી મળવાથી તો કોઈ રાજદંડાણથી અથવા કોઈને સુંદર સ્ત્રી નહી મલવાથી બ્રહ્મચર્યને પાળે છે.

જ્યારે નારદ તો રાજાઓના અંતપુરમાં જઈને રાણીઓના રૂપને જોવા, તે લોકોની સાથે હાસ્ય-વિનોદ-વાર્તાલાપ વિગેરે નિર્ભય થઈને કરે છે. ઈચ્છા મુજબના ખાનપાન અને પોતાની કુતૂહલવૃત્તિથી રાજાઓને પરસ્પર ઝઘડા કરાવવા, આટલું હોવા છતાં મન વચન કાયાથી આજન્મ નિર્મલ અને અદ્‌ભુત બ્રહ્મચર્યનું પાલન કરે છે. ખરેખર બ્રહ્મચર્ય પાલનથી મનુષ્યોને સિંહાદિ શિકારી જાનવરોનો ભય હોતો નથી, વિદ્યાઓની પ્રાપ્તિ, ભાગ્ય-સૌભાગ્ય અને સર્વ પ્રકારની સિદ્ધિઓ મળે છે.

मत्वेति रामकृष्णाभ्या–मभ्युत्थानादिकं कृतं।तत्र तस्य समेतस्य, विहायोगतिविद्यया ॥ १४ ॥
कमंडलुजटाधारी, कलिकारी परस्परं । निजचेतस्यहंकारी सर्वचारी नभश्चरः ॥ १५ ॥
एवंविधोऽपि पूज्यः स, ग्राह्यः सर्वनृपाढ़िभिः। सिद्धिं यात्यल्पसंसारी, ब्रह्मचारी यतोऽनिशं॥१६॥
रक्तः श्रीजिनधर्मे च, विरक्तः कामिनीरते । आसक्तः स्वप्रतिज्ञाया–मनासक्तश्छलाशये ॥ १७ ॥

આકાશગામિની વિદ્યાથી આવેલા નારદ ઋષિનો રામ-કૃષ્ણે ઊભા થઈને આદરસત્કાર કર્યો. કમંડલ અને જટાધારી, કલિપ્રિય, અહંકારી અને સ્વર્ગ મૃત્યુ અને પાતાલ આ ત્રણે લોકમાં સર્વત્ર ફરનારા નારદને સર્વે રાજાઓ પૂજ્ય માનતા હતા. જિનધર્મમાં રક્ત, સ્ત્રીઓથી વિરક્ત, સ્વ પ્રતિજ્ઞા પાલનમાં આસક્ત, છલ કપટમાં નિરાસક્ત અને દૃઢ બ્રહ્મચારી નારદ અલ્પ સંસારી થઈને મોક્ષ ગતિને પામે છે.

स्वनिकेतनप्राप्तस्य, बहुमानं रिपोरपि । यदि प्रदीयते तर्हि, किं मुनेर्गुणिनां नृणां ॥ १८ ॥
विमृश्येति सरामेण, मुकुंदेन विवेकिना । अभ्युत्थाय निजे सिंहा–सने स उपवेशितः ॥ १९ ॥
निवेश्य तत्र तं कृष्णः, स्वागतप्रश्नपूर्वकं । उवाच विनयेनोच्चैः, स्वामिन्नद्य कृतार्थितः ॥ २० ॥
अद्यभाग्योदयो जातो–ऽवतारः सफलो मम । अद्य सर्वार्थसंसिद्धि–रद्य भद्राण्यनेकशः ॥ २१ ॥
अद्य मे परमा प्रीति–रद्य वा महती मतिः ।अद्य मे परमा ख्याति–रद्यानीतितमोहतिः ॥ २२ ॥

समायातः पुमान् गेह–मभ्युत्थानेन वा गिरा । यदि संतोष्यते तर्हि, स्वेस्यैव गौरवं भवेत् ॥ २३ ॥
इति स्तुतिमयैर्वाक्यैः, स्नेहलैर्विनयान्वितैः । नारदं प्रीणयामास, वासुदेवो मुदा तदा ॥ २४ ॥

'સજ્જન પુરૂષો પોતાને ત્યાં આવેલા શત્રુને પણ આદર આપે છે તો આ ઋષિમુનિનું વધારે બહુમાન કરવું જોઇએ.' એમ વિચારીને રામ-કૃષ્ણે ઊભા થઇને, હાથ જોડી વિનયપૂર્વક નારદને પોતાના સિંહાસન ઉપર બેસાડયા. તેમની સામે બેસી કુશલ-ક્ષેમ પૂછી વિનયપૂર્વક ઊંચે સ્વરે સ્તુતિ કરતા કૃષ્ણે કહ્યું:-સ્વામિન્, આજે હું કૃતાર્થ થયો. આજે મારો ભાગ્યોદય થયો. મારો અવતાર સફળ થયો. આજે મને સર્વ અર્થની પ્રાપ્તિ થઈ. અને આજે મારૂં કલ્યાણ થયું. આજે મને ઘણો હર્ષ થયો. મારી બુદ્ધિ સફળ થઈ. મારો મોહાંધકાર નષ્ટ થયો. સ્વામિન્, આપના દર્શનથી મારા રોમેરોમ વિકસિત બન્યા છે. જે લોકો ઘેર આવેલા અતિથિને આદર સત્કાર અને મીઠા વચનથી સંતોષ આપે છે. તેમાં પોતાનું જ ગૌરવ વધે છે. આ પ્રમાણે સ્નેહ અને વિનયયુક્ત કૃષ્ણની સ્તુતિથી નારદજી ખૂબ જ ખૂશ થયાં.

नारदोऽपि जगादोच्चै–र्मानितः सत्कृतोऽपि च । चेन्नागमिष्यमत्राहं, द्वेधापि पुरुषोत्तम ! ॥ २५ ॥
तदाह्लादप्रदानानां, सज्जनानां भवादृशां।रामादिपार्थिवानां चा–भविष्यद्दर्शनं कुतः ॥ २६ ॥युग्मं॥
उभयोरपि संतोषे, संजाते वाग्विलासतः । द्वितीये विष्टरे कृष्णः, स्थितोऽवग्नारदाज्ञया ॥ २७ ॥

કૃષ્ણની સ્તુતિથી પ્રસન્ન થયેલા નારદ બોલ્યા:- 'હે પુરૂષોત્તમ ! જો હું અહીં ના આવ્યો હોત તો બન્ને લાભથી વંચિત રહેત ! તમારા જેવા સજ્જન અને સદાનંદી પ્રતાપીપુરૂષના અને રામ આદિ સહૃદયી રાજાઓનાં દર્શન કયાંથી થાત ? ' આ પ્રમાણે અરસપરસની સ્તુતિ ગર્ભિત વાણીથી સંતુષ્ટ થયેલા નારદની આજ્ઞાથી કૃષ્ણ બીજા સિંહાસન ઉપર બેઠા.

कांताकाननसंमोहं, विनार्जिततपोनिधिः । अद्भुतं कामचारीह, शीलरत्नधरोऽप्यसि ॥ २८ ॥
भूयो भूपसभामध्ये, परदेशेषु गच्छसि । चारुचित्तचमत्कार–करं किंचिद्विलोकितं ॥ २९ ॥

કૃષ્ણે કહ્યું -સ્વામિન્, આપ સ્ત્રીઓ પ્રત્યેના અનુરાગથી રહિત છો. મહાતપસ્વી અને અદ્ભૂત શીલરત્નના ધારક છો. છતાં બધે જ સ્વેચ્છાપૂર્વક ફરનારા છો ! તો પરદેશમાં ઘણા રાજાઓની રાજસભામાં પણ જાવ છો તો ત્યાં બધે ઘણી ઘણી આશ્ચર્યકારી ઘટનાઓ જોઈ હશે ?

सोऽप्यूचे कृष्ण भूरिष्व–परदेशपदेषु च । महतामपि भूपानां, पर्षत्सु जग्मिवानहं ॥ ३० ॥
किंतु ते नगरीतुल्या, न दृष्टा नगरी मया । तव नीतिसमा नीति–र्न क्वापि ददृशे पुनः ॥ ३१ ॥
धर्मस्य स्थापको याद–ग्वर्तसे त्वं जनार्दन।धर्मसंस्थापकोऽन्यत्र, न दृष्टः क्वापि तादृशः ॥ ३२ ॥
यावदेवमुभौ वार्तां, प्रकुर्वातो मिथो मुदा । तावत्तत्र त्रिलोकेशः, क्रीडन् श्रीनेमिरागतः ॥ ३३ ॥

आगच्छंतं तमालोक्य, सभ्याः सर्वेऽपि पार्थिवाः।बलदेवो मुकुंदोऽप्यु–दतिष्ठन्नारदोऽपि च॥ ३४ ॥
निवेइय विष्टरे सौवे, श्रीमंतं तं जगद्गुरुं।संतुष्टो नारदः स्पष्टं, तुष्टावारिष्टनेमिनं ॥ ३५ ॥

નારદે કહ્યું:– કૃષ્ણ, પરદેશમાં મોટા મોટા રાજાઓની રાજસભામાં જાઉં છું. પરંતુ તારી નગરી જેવી નગરી, તારી નીતિ જેવી નીતિ મેં કયાંય જોઈ નથી, અને તારા જેવો રાજયધર્મમાં કુશળ રાજવી પણ દીઠો નથી. આ પ્રમાણે નારદ અને કૃષ્ણનો પરસ્પર વાર્તાલાપ ચાલી રહ્યો હતો, તેવામાં ક્રીડા કરતા શ્રી નેમિકુમાર ત્યાં આવ્યા. નેમિકુમારને આવતા જોઈને નારદ, કૃષ્ણ, બલદેવ આદિ બધા રાજાઓ ઊભા થઈ ગયા. ત્રણ જગતના ગુરૂ નેમિકુમારને સિંહાસન ઉપર બેસાડીને સંતુષ્ટ થયેલા નારદ ભગવાન અરિષ્ટનેમિની સ્તુતિ કરે છે.

नाथ ! त्वं सर्वगीर्वाणै–र्विश्वैरपि पुरंदरैः।बलदेववासुदेवै:, पूज्योऽसि चक्रवर्तिभिः ॥ ३६ ॥
तथापि हि स्मयाभावा–त्समचित्ततयापि च। मादृशामपि बालानां, पूजां गृह्णासि च स्तुतिं॥ ३७ ॥
गुरुभिः स्तुतिभिर्येन, संस्तुतस्तस्य देहिनः।अल्पाभिरपि ताभिश्च, भक्त्याप्तस्यापि भूस्पृशः॥ ३८ ॥
दुर्गस्वर्गापवर्गादि, ददासि सदृशं फलं । नाकाचित्रं भवेयुर्हि, महांतो नतवत्सलाः॥ ३९ ॥ युग्मं ॥
देवा विडंबिता येन, मनुष्याश्च कदर्थिताः । प्रसर्पद्दर्पकंदर्पः, सोऽप्यजीयत शैशवात् ॥ ४० ॥
त्वत्तस्ततः परो वीरो, धीरो न कोऽपि विष्टपे।स्वच्छनीरोपमः कर्म–पंके गांभीर्यवारिधिः ॥ ४१ ॥
नमो देवादिदेवाय, भव्यलोकौघतायिने । गीर्वाणकृतसेवाय, निःकारणोपकारिणे ॥ ४२ ॥
ब्रह्मज्योतिःस्वरूपाय, चिदानंदमयाय ते । नम ॐकाररूपाय, ह्रींकारपरमात्मने ॥ ४३ ॥
योगाभ्यासकृतां नृणां, पिंडस्थपदधारिणे । अर्हन् पदस्थरूपाय, रूपातीताय ते नमः ॥ ४४ ॥
रागद्वेषौ स्वयं मुक्त्वा, चात्मनः प्रथमं हृदः । परेषामपि चित्तात्व–मेव मोचयितुं क्षमः ॥ ४५ ॥
दद्याः शिवं हृदा ध्यातः, कीर्तिं च कीर्तितो गिरा।पूजितोंगेन संपत्ती–स्त्रिधापि च सुखावहः ॥ ४६ ॥
इति प्राज्यप्रकाराभिः, स्तुतिभिः शिवशांतिभिः। स्तुत्वास्थान्नारदो नेमे–राज्ञया विष्टरे परे ॥ ४७ ॥

‘ હે નાથ આપ દેવ–દેવેંદ્ર, બલદેવ, વાસુદેવ, અને ચક્રવર્તીઓ રાજાઓને પણ પૂજ્ય છો ! છતાં સપનામાં જરાય અહંકાર નથી. અને દરેક જીવો પ્રત્યે સમદ્રષ્ટિવાળા છો. તેથી જ મારા જેવા અજ્ઞાની બાળકની પણ પૂજા પ્રાર્થનાને સ્વીકારો છો. મોટી વધારે સ્તુતિ કરનારા મનુષ્યોને અને થોડી પણ સ્તુતિ કરનારા ભક્તોને સ્વર્ગ અપવર્ગ (મોક્ષ) આદિ સમાન ફળને આપનારા છો. એમાં કંઈ આશ્ચર્ય નથી. કેમ કે મહાપુરૂષો ભક્ત વત્સલ જ હોય છે. દેવ અને મનુષ્યોને વિડંબના અને કદર્થના કરાવનારા અભિમાની કામદેવને તો આપે બાળપણથી જ જીતી લીધો છે. તેથી આ જગતમાં આપ સમાન કોઈ વીર નથી, ધીર નથી, અને ગંભીર નથી. આપ તો કર્મરૂપી કાદવમાં નીર્મલ જલ સમાન છો. ભવ્યજીવોનું રક્ષણ કરનારા દેવો

વડે પૂજાયેલા, નિષ્કારણ ઉપકારી એવા હે દેવાધિદેવ આપને મારો નમસ્કાર થાઓ. બ્રહ્મજ્યોતિસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ, ઓંકારસ્વરૂપ, અને હ્રીંકારસ્વરૂપ હે પરમાત્મા આપને મારો નમસ્કાર થાઓ. યોગીપુરૂષોના ધ્યાન માટે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત અવસ્થાને ધારણ કરનારા એવા હે અરિહંત પરમાત્મા આપને મારો નમસ્કાર થાઓ.

પ્રથમ રાગદ્વેષથી સ્વયં મુક્ત થઈને બીજાઓને રાગદ્વેષથી મુક્ત કરાવનાર હે પરમાત્મા હૃદયમાં ધ્યાન કરનારને મોક્ષ આપો છો. વાણીથી કીર્તન કરાવનારને કીર્તિ આપો છો. અને અંગથી (કાયાથી) પૂજા કરનારને સંપત્તિ આપો છો. એમ ત્રણે પ્રકારથી આપ સુખને આપનાર છો. આ પ્રકારે સુંદર ભાવવાહી શિવશાંતિને આપનારી સ્તુતિ કરીને નારદજી નેમિનાથની આજ્ઞાથી સ્વસ્થાને બેઠા.

क्षेमं सर्वेऽपि पप्रच्छु–रितरेतरमादरैः । आनंदिताः स्थिता नेमि–रामकृष्णर्षिनारदाः ॥ ४८ ॥
नानादेशमयीर्वार्ताः, प्रकुर्वाणाः सभासदः । नारदं कियतीं बेलां, दृष्ट्वा स्थितममूमुदन् ॥ ४९ ॥
सौम्यास्यं विनयोपेतं, कलिकारमपीह तं । मुदिताः सकला लोका, अज्ञासुः साधुभूषणं ॥ ५० ॥
यत्र स्याद्विजयी राजा, वरेण्यविनयी नयी । तत्र प्रजापि तादृग्हि, यथा राजा तथा प्रजा ॥ ५१ ॥

નેમિકુમાર, રામ, કૃષ્ણ અને નારદ આદરપૂર્વક પરસ્પરને કુશળક્ષેમ પૂછતા બેઠા. નારદની અનેક દેશોની નવીનવી વાતો સાંભળીને સભાસદો નારદને જોઈને પણ ખુશ થયા.

સૌમ્ય ચહેરો, વિનયી, કલહ પ્રિય અને ઋષિમુનિઓમાં મહાન એવા નારદને માટે સહુને માન હોય છે. જેનો રાજા વિજયી, ન્યાય પ્રિય અને નીતિવાન હોય છે તેની પ્રજા પણ તેવી જ હોય છે. તેથી 'યથા રાજા તથા પ્રજા' 'જેવો રાજા તેવી પ્રજા' લોકોની એ કહેવત કૃષ્ણની રાજસભામાં બરાબર બંધ બેસતી છે.

ततः संसदि सर्वस्या–मप्युद्यद्विनयेक्षणात् । मुदितो नारदोऽवादी–दादरेण परेण तु ॥ ५२ ॥
अहं गोविंद गच्छामि, बहुषु स्थानकेषु च । करोमि जिनयात्रां च प्रणमामि मुनीश्वरान् ॥ ५३ ॥
किंतु मे मानसी प्रीति–स्त्वद्गुणैस्त्वयि यादृशी।न क्वाप्यन्यत्र तादृश्य–भवज्जानीहि सर्वथा॥५४॥
ततस्तव सुखी सौख्यै – र्दुःखैश्च दुःख्यतः परं।इत्यन्योन्याश्रयो जात–स्त्वदीयसुखदुःखयोः ॥ ५५ ॥
यद्यथ स्यात्त्वदादेशो, व्रजित्वांतःपुरेष्वहं । लावण्य सुंदरं रूपं, पश्यामि ते मृगीदृशां ॥ ५६ ॥
लावण्येन विवेकेन, पुण्येन विनयेन च।ते महिष्यादयः कांता–स्तद्योग्याः संति वा न हि ॥ ५७ ॥
विस्मयो नारदस्याभू–च्चातुर्यादीक्षणे यथा । कौतुकेन तथा विष्णो–रप्यसौ तद्विलोकने ॥ ५४ ॥
परीक्षा सहजेनैव, स्त्रीणां मम भविष्यति । चिंतयित्वेति कृष्णोऽवग्, नारदं हर्षेश्च सस्मितं ॥ ५९ ॥
हितैषी मम मित्रं च, ज्येष्टो गुरुः सहोदरः । वर्तसे परमामीष्ट–स्त्वं प्राणेभ्योऽपि वल्लभः ॥ ६० ॥
अतस्तत्तोऽस्ति किं गोप्यं, लोप्यं च वचनं तव । मदंतःपुरनारीणां, पश्य स्वरूपमिच्छया ॥ ६१ ॥

બધી રાજસભાઓ ફરતા આ સભાના સભાસદોનો વિનય જોઈને ખુશ થયેલા નારદે કહ્યુઃ 'ગોવિંદ હું ઘણા સ્થાનોમાં ફરું છું તીર્થયાત્રા પણ કરું છું, અને મહામુનિઓને વંદન પૂજન પણ કરું છું પરંતુ મારા મનમાં તારા ગુણોથી જેવો આનંદ થયો છે તેવો મને કયાંય થયો નથી, એ હું ચોક્કસપણે કહુ છું. તેથી તારા સુખે સુખી અને તારા દુઃખે દુઃખી એમ આપણે બંન્ને પરસ્પરના સુખદુઃખના સહભાગી બનીશું' આ પ્રમાણે મિત્રતાનો કોલ આપીને કૃષ્ણને કહ્યુંઃ જો તમારી આજ્ઞા હોય તો અંતઃપુરમાં જઈને સુંદર રૂપવંતી તારી પ્રિયાઓને હું જોવા માટે ઇચ્છુ છું કારણ કે રૂપ–લાવણ્ય, વિનય અને વિવેકથી પૂર્ણ એવી તારી પટરાણીઓ તને યોગ્ય છે કે નહીં.

કૃષ્ણને નારદની ચતુરાઈ જોઈને જેમ આશ્ચર્ય થયુ હતું તેમ તેમનો કૌતુક પ્રિય–સ્વભાવ જોઈને આશ્ચર્ય થયું. 'ભલે મારી સ્ત્રીઓની સ્વાભાવિક પરીક્ષા થશે.' એમ વિચારી કૃષ્ણે હસીને નારદને કહ્યુંઃ આપ તો પરમ હિતસ્વી મિત્ર છો. મારા જ્યેષ્ઠ બંધુ છો, પરમ પ્રિય છો અને મારા પ્રાણથી પણ મને અધિક પ્રિય છો. તો સ્વામિન, આપનાથી મારે કંઈ ગુપ્ત રાખવા જેવું નથી. આપનું વચન ઉલ્લંઘી શકાય નહીં. તો આપ ખુશીથી આપની ઇચ્છા મુજબ મારા અંતઃપુરમાં જઈ શકો છો !

શ્રુત્વેત્યસૌ મુકુંદસ્ય, વાક્યમંતઃપુરે ગતઃ । નિસ્પૃહાણાં ગતિઃ ક્વાપિ, નિષિદ્ધ્યતે ન કેનચિત્ ।।૬૨।।
અષ્ટાગ્રમહિષીમુખ્યા, સત્યભામા મુરારિણા । કૃતાસ્તિ પ્રથમં તેન, વીક્ષે તામેવ વલ્લભાં ।। ૬૩ ।।
વિમૃશ્યેતિ ગૃહે તસ્યાઃ, પૌરસ્ત્યં નારદો મુનિઃ કૌતુકાકુલિતોઽચાલી–શ્ચાતુર્યાદિ પરીક્ષિતું।। ૬૪ ।।

કૃષ્ણનું વચન સાંભળીને નારદ અંતઃપુરમાં ગયા. નિસ્પૃહ માણસો સર્વત્ર જઈ શકે છે. તેને કોઈ રોકી શકતું નથી. કૃષ્ણની આઠ પટરાણીઓ છે. તેમાં મુખ્ય પટરાણી સત્યભામા છે. તો પહેલા તેના ઘેર જ જવું' આમ વિચારી કૌતુક પ્રિય નારદ સત્યભામાના રૂપગુણ અને ચતુરાઈ જોવા માટે પહેલા સત્યભામાના મહેલે ગયા.

તાવત્પોડશશ્રૃંગાર–પરિધાનાય ભૂઘને । તયાદૌ મજ્જનં ચક્રે, શુદ્ધગંધોદકાદિભિઃ ।। ૬૫ ।।
નેત્રયોરંજનં કર્ણ–યામલે કુંડલે દધૌ । ચારુમુક્તાફલોપેતં, નાસિકાભૂષણં તથા ।। ૬૬ ।।
કલયા બિનિર્મિતં ચીન–દેશે ગુરૂપદિષ્ટયા । ચારુચીનાંશુકં ક્ષૌમં, સાધત્ત પ્રમદોત્તમા ।। ૬૭ ।।
આદર્શમેકહસ્તેન, ગૃહીત્વાનનસન્મુખં । પુઢ્ં લલાટપટ્ટે સા, મુદા વિરચયંત્યભૂત્ ।। ૬૮ ।।
પુષ્પમાલા ગલે હારો, હસ્તયોઃ કંકણે તથા।કિંકીણીમેખલા કટ્યાં, દેહે ચંદનચર્ચનં ।। ૬૯ ।।
લેપનં ગંધધૂલ્યાદ્યૈઃ, કુચયોઃ કુમિકુંભયોઃ । ક્વણન્નૂપુરમંઘ્રયોશ્ચ, ઘંટિકાજાલસંયુતં ।। ૭૦ ।।
એવંવિધાંશ્ચ શ્રૃંગારાન્, સહર્ષેણ મહીયસા । ચિકીર્ષુઃ સાસ્તિ સંમોહા–ન્મનો મોહયિતું હરેઃ ।। ૭૧ ।।

ત્યારે સત્યભામા સોળ શણગાર સજવામાં તલ્લીન હતી. પ્રથમ પવિત્ર સુગંધી જલથી સ્નાન કર્યું. બન્ને આંખમાં અંજન લગાડયું. બન્ને કાનમાં કુંડલ પહેર્યાં, સુંદર પાણીદાર મોતીની નુની (નથની) પહેરી. ચીન દેશમાં તૈયાર થતાં સુંદર અને સુંવાળા રેશમી વસ્ત્ર ધારણ કર્યાં, અને મુખની સામે એક હાથમાં દર્પણ લઇને લલાટમાં સૌભાગ્યના ચિહ્નરૂપ ચાંદલો કર્યો. ગળામાં પુષ્પમાલા અને સુંદર નવસેરો મોતીનો હાર ધારણ કર્યો, બે હાથમાં કંકણ, કટીપ્રદેશ (કમરે) કંદોરો, અને શરીરે સુગંધી ચંદનનો રસ લગાડયો, કળશ જેવા સુંદર બે સ્તન ઉપર સુગંધી પદાર્થનું વિલેપન કર્યું. બન્ને પગમાં ઝીણી ઝીણી ઘુઘરીઓથી યુક્ત ઝાંઝર પહેર્યાં, આ પ્રકારના સોળ શણગાર કૃષ્ણના મનને મોહ પમાડવા માટે સજ્યા.

तस्मिन्नवसरे तस्याः, पृष्टे नारद आगतः । भस्मधूसरितांगश्च, जटावान् वल्कलांशुकः ॥ ७२ ॥
नारदर्षिमजानंती, दर्पणे प्रतिबिंबितं । बीभत्सं किमिदं रूपं, वक्रीकृत्याह सा मुखं ॥ ७३ ॥
चंद्रः कलंकितायोगा–न्मादृशां वदने तुलां । कदाप्यलभमानः सन्, समुदेति ह्रिया निशि ॥ ७४ ॥
अतोऽत्र समये चेदं, कस्य रूपं भयंकरं । शृंगाररसघाताय, समजायत हा विधे ! ॥ ७५ ॥

તે અવસરે શરીરે ભસ્મ લગાડેલી, જટાધારી અને વલ્કલના વસ્ત્ર પહેરેલા નારદ તેની પાછળ આવીને ઊભા રહ્યા, ત્યારે નારદથી અજાણ એવી સત્યભામા દર્પણમાં પ્રતિબિંબ પડેલા રૂપને જોઈને છળી ઉઠી, 'અરેરે, આ શું ? આ ભયંકર રૂપવાળો કોણ છે ? મોઢું મચકોડીને એ બોલીઃ–મારા મુખરૂપી ચન્દ્રને કલંકિત કરનાર આ કોણ આવીને ઊભું છે ? ચંદ્ર પણ મારા મુખચન્દ્રની શોભાથી લજ્જિત થઈને કયારે પણ દિવસે આવતો નથી, રાત્રે જ ઉગે છે. તો સમયે આ ભયંકર રૂપધારી કોણ આવ્યો છે કે જે મારા શણગારને દોષિત કરી રહ્યો છે ? અરેરે વિધ તું પણ કેવો વિચિત્ર છે ? આવા કદરૂપાને કેમ બનાવતો હશે ?

स्वरूपमीदृशं तस्या, निरीक्ष्याकर्ण्य वाचया । विलक्षवदनो वेगा–न्मंदिरान्निरगान्मुनिः॥ ७६ ॥
श्रीदविलासकैलास सन्निभात्स्थानकात्ततः।निर्गत्य नारदः कोपा–ज्झंपां दातुमिवोद्यतः॥ ७७ ॥

સત્યભામાનું સ્વરૂપ અને તેની વાણીના ઉદ્‌ગારો સાંભળીને વિલખા થયેલા નારદ તેના મહેલમાંથી ઝટપટ બહાર નીકળી ગયા. કુબેર ભંડારીના કૈલાસ સમાન રાજમહેલમાંથી નીકળીને નારદ ક્રોધાતુર બની ગયા.

ये भवंति महात्मानो, विशुद्धाचारचारिणः । एकाकित्वेन कस्यापि, भवने तैर्न गम्यते ॥ ७८ ॥
विशेषतोऽतितारुण्य–रूपलावण्यसंपदा । उन्मत्ताया अबुद्धायाः, स्त्रियाश्च न हि धामनि ॥ ७९ ॥
न दोषः सत्यभामाया, अत्र दोषो ममैव हि । अज्ञातकुलशीलाया, गेहेऽस्या गमनं कृतं ॥ ८० ॥
प्रतापव्यापसंतापतापितारिनृपस्त्रियः । भूपपंक्तेः समज्याभिर्मान्योप्यहमनारतं ॥

यौवनेन च रूपेण, भर्तृमानेन मत्तया । एतस्मिन्नवतारेऽह—मनयैवापमानितः ॥ ८१ ॥
सर्वदाहं त्वहंकार—धनो हंसगतिः क्षितौ । अस्मि प्रद्योतनप्रोद्य—त्प्रद्योत इव हृद्यहृत्॥ ८२ ॥
मुग्धयाप्यविवेकिन्या—नया निस्त्रपया खलु।दृष्टेऽहं च नो दृग्भ्या—मुलूकीतुल्यया दिवा॥ ८३ ॥
तदास्या एव माहात्म्य—हानिः किल भविष्यति।सर्वत्रापि प्रपूज्यस्य किं मे मुनेर्गमिष्यति ॥ ८४ ॥
सत्यभामाथवा विष्णो—र्मुख्या देवी प्रवर्तते । तयापमानितस्तर्हि, किंचिन्नारददूषणं ॥ ८५ ॥
अतःपरं परा कापि, मानिनी मानयोगतः । माकार्षीदित्थमावासं, गतस्य मम शीलिनः ॥ ८६ ॥
प्रसन्नो नारदो यस्य, कल्पवृक्षस्तदंगणे । येन सार्धं विरोधित्वं, प्राप्तस्तस्यापदोऽखिलाः ॥ ८७ ॥
लोक आबालगोपाल—प्रतीतस्य गरीयसः । मां भूयात्प्रत्ययस्यापि, हानिर्मानवतो मम ॥ ८८ ॥
मत्तामेतामपायेऽहं कथंचित्पातयामि चेत्।तदा मे दुःखशांतिः स्या—च्छिक्षा तस्या अपि स्फुटं॥ ८९ ॥
सत्यभामागृहे जाता—पमानाद्दुःखितो मुनिः।एवं संकल्पयामास, तत्र गत्वा कलिप्रियः ॥ ९० ॥

વિશુદ્ધ આચરણ કરનારા મહાત્માઓએ એકાકી કોઈના ઘેર જવું ન જોઈએ. તેમાં પણ રૂપ લાવણ્યવંતી ગર્વિષ્ઠ એવી અબુધ સ્ત્રીના ઘેર તો જવું જ ન જોઈએ !' આમાં સત્યભામાનો કોઈ દોષ નથી મારો જ દોષ છે. તેના કૂલ અને શીલને જાણ્યા વિના હું તેના ઘેર ગયો. જેના પ્રતાપ અને સંતાપથી શત્રુ રાજાઓની સ્ત્રીઓ ત્રાસી ઉઠે છે, એવા મોટા મોટા રાજાઓની રાજસભાઓમાં પણ મારૂં કેટલું માન છે? જ્યારે આ પોતાના પતિની માનીતી રૂપગર્વિષ્ઠાએ આ જીવનમાં કોઇએ નથી કર્યું તેવું મારૂં અપમાન કર્યું. ધિક્કાર છે એને. હંસ જેવી ગતિવાળો સ્વમાની એવો હું જગતમાં તેજસ્વી સૂર્યની જેમ બધાને પ્રકાશિત કરૂં છું અને આનંદ આપું છું. પરંતુ નિર્લજ્જ અને અવિવેકી આ મુગ્ધાએ ઘૂવડની જેમ મને નજરથી જોયો પણ નહીં. (ઘૂવડ દિવસે જોઈ શકતો નથી. સૂર્ય હોય ત્યારે તેનાં નેત્ર બીડાઈ જાય છે.) એમાં એને જ નુકશાન થવાનું, એના જ માહાત્મયની હાની થશે. સર્વ ઠેકાણે પૂજ્ય એવા મારૂં શું જવાનું ? લોકોમાં પણ કહેવાશેઃ 'વિષ્ણુની અભિમાની પત્ની સત્યભામાએ નારદનું અપમાન કર્યું'. એમાં નારદનો કોઈ દોષ નથી. બસ હવે આજથી આજથી સ્વમાની અને શીલવાન એવા મારે કોઈપણ સ્ત્રીના આવાસમાં જવું નહી. 'પ્રસન્ન થયેલા નારદ તેના આંગણે કલ્પવૃક્ષ સમાન બને છે અને નારદની સાથે વિરોધ કરનારના માથે આફતોના ઓળા ઉતરી આવે છે આ વાત તો આબાલ ગોપાલ જાણે છે. તો શું એને એટલો પણ ખ્યાલ નહી હોય? 'મારૂં શું થશે?' બસ, હવે એ અભિમાનીને કોઈપણ ઉપાયે દુઃખમાં પાડીશ તો મને શાંતિ થશે અને એને પણ શિક્ષા મળશે કે 'નારદના અપમાનનું શું પરીણામ શું આવ્યું' આ પ્રમાણે સત્યભામાના ઘેરથી અપમાનિત થયેલા કલહ પ્રિય નારદ ત્યાંથી નીકળીને અનેક સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યા.

अथ केन प्रकारेण, तस्याः कष्टं ददाम्यहं। नारदो व्याकुलो जातः, सत्यभामार्तिचिंतनात् ॥ ९१ ॥

'હવે કોઈપણ પ્રકારે તેણીને કષ્ટ આપું.' આ પ્રમાણે સત્યભામાને દુખ આપવાની ચિંતામાં નારદ વ્યાકુલ બની ગયા.

अथ विद्याधरस्याहं, मिलित्वा कस्यचिद्वहु। अस्याः स्वरूपमालिख्य, फलके दर्शयामि च ॥९२॥
रूपमस्याः समालोक्य, स संमोहितलोचनः। अहंकारवतीमेता–मितोऽपहृत्य यास्यति ॥ ९३ ॥
पुरुषोत्तमसंभोग–वियोगेनैव विह्वला। स्वभावेनैव कष्टे सा, पतिस्यति स्मरातुरा ॥ ९४ ॥
तव दुःखेन मे दुखं, तव सौख्येन वा सुखं। प्रतिपन्नमपि चैत–त्समं नरकवैरिणा ॥ ९५ ॥
अस्या वियोगतो विष्णु–र्भविष्यत्यतिदुःखितः।तदपि स्वीकृतं भावि, मुधा दुर्जनवाक्यवत् ॥ ९६ ॥
चिंतयामि द्वितीयं तत्, किमपि स्फुटदुःखदं। तस्याश्च सत्यभामाया, एवं मनोरथश्च मे ॥ ९७ ॥
हावभावविलासेन, रममाणामतीव तां।सममन्येन मर्त्येन, दर्शयामि च विद्यया ॥ ९८ ॥
नैतदपि समीचीन–मेषा सतीशिरोमणिः।ज्ञास्यते तादवस्थ्यं च, विष्णु स्तस्या अपि ध्रुवं॥९९॥
नारदोऽलीकवादीति, मां मुकुंदोऽपि वेत्स्यति।प्रत्युतास्या यशोवादो, भविष्यत्यखिलेष्वपि॥ ७०० ॥
प्रसिद्धाया महासत्या, मूर्ध्न्यैभ्याख्यानमुत्कटं। तत्प्रदानभवं पापं, ममापि च लगिष्यति ॥ १ ॥
एवं संकल्पपाथोधिं, सुरारेरिव मथ्नतः। लक्ष्मीरिव समुत्पन्ना, नारदर्षेश्च शेमुषी ॥ २ ॥
दृष्ट्वा कुतश्चिदेतस्याः, सपत्नीमानयामि चासपत्नीजं स्त्रिया दुःखं, महाशल्यमिवास्ति हि ॥ ३ ॥

'સત્યભામાના રૂપને ચિત્રપટમાં આલેખી, વિદ્યાધરોને ત્યાં જઈને બતાવું તો કોઈ વિદ્યાધર એના રૂપથી મોહિત થઇને એ અભિમાનીનું અપહરણ કરી જશે, તો એના પતિ કૃષ્ણની સાથે તેનો વિયોગ થશે અને વિરહાકુલ બનેલી તે દુખી દુખી થઈ જશે. ના, ના, એ પણ મારાથી નહી બની શકે. કેમ કે 'તારા દુખે દુખી અને તારા સુખે સુખી' આ પ્રમાણે મેં કૃષ્ણને વચન આપ્યું છે. તો આની સાથેના વિયોગથી કૃષ્ણ પણ દુખી થશે, તો મારૂં વચન દૂર્જન માણસની જેમ ફોગટ થશે. તો હવે શું કરવું? એકલી સત્યભામા જ દુખી થાય એવું કંઈ કરૂં. મારા વિદ્યાપ્રયોગથી તે કોઈ પરપુરૂષની સાથે હાવભાવ વિલાસ કરતી કૃષ્ણને બતાવું. તો આપો આપ કૃષ્ણ તેનો ત્યાગ કરી દેશે અને તે ઝૂરી ઝૂરીને દુખી થશે ના,ના, એમ પણ ના કરી શકાય. કારણ કે 'આ સતીશીરોમણિ છે' એમ કૃષ્ણના દિલમાં પુરો વિશ્વાસ છે, અને આવો મંત્રપ્રયોગ વિષ્ણુ જાણી જાય તો વિષ્ણુ મારા માટે શું વિચારે? 'નારદ નરદમ મૃષાવાદી છે.' અને ઉલ્ટો તેણીનો લોકોમાં યશ ફેલાય. સતીશીરોમણિ આ મહાસતી ઉપર ખોટું આળ ચઢાવવાથી મને ઘણુ પાપ લાગશે.'

જેમ સમુદ્રના મંથનથી વિષ્ણુને લક્ષ્મી પ્રાપ્ત થઈ હતી તેમ. સંકલ્પ વિકલ્પ કરી

રહેલા નારદને સંકલ્પરૂપી સમુદ્રમાંથી એક બુદ્ધિ સ્ફુરાયમાન્ થઈ 'અહુ સરસ! બહુ સરસ !' નારદ નાચી ઉઠયા 'સત્યભામાના માથે શોકય લાવું ! કેમ કે સ્ત્રીઓને શોકયનું દુઃખ એ મોટા શલ્ય જેવું લાગે છે.'

संचिंत्येति ततः स्थाना–दुत्थाय नारदो मुनिः।स्फारताढयं च वैताढयं, जगाम तां बिलोकितुं ॥४॥
तस्मिंश्च दक्षिणश्रेण्यां, राजकन्या मृगीदृशः।राज्ञामाज्ञामवाप्याशु, नारदेन निरीक्षिताः ॥ ५ ॥
सत्यभामाक्रमांगुष्ठ–कलामपि न ता दधुः।कलां नार्हति चंद्रस्य, ताराणामिव कांतयः ॥ ६ ॥
उत्तरस्यां द्वितीयस्यां, भृशं तेन निरीक्षिताः।परं न धर्मिणाऽशुद्ध–क्रियेव क्वापि सेक्षिता ॥ ७ ॥
चाषनीडश्रुतां चित्र–लतामिवोद्यमेन तां।अप्राप्यातीवखिन्नोऽभू–न्नारदश्चिंतयान्वितः ॥ ८ ॥
यस्य स्थानस्य विश्वासो–ऽभवत्तत्प्रविलोकितं।अर्थसिद्धिर्न मे जाता, कुत्रापि किं करोम्यथ ॥ ९ ॥
उद्यमे स्यान्न दारिद्र्यं, चिंतयन्निति चेतसि। भूचराणां नरेशानां, स प्राप्तश्च सभांतरं ॥ १० ॥
भ्रांत्वा राज्ञां प्रभूतानां, शुद्धांतेषु च सद्मसु। सुसूक्ष्मेक्षिकया तेन, मानिना प्रविलोकितं ॥ ११ ॥
कुमारी तरुणी वार्ध–जरती कापि कामिनी।तस्या रुपाधिका क्वाप्य–नूढा तेन च नेक्षिता ॥ १२ ॥

એમ વિચારી ત્યાંથી ઉઠીને નારદ શોભાયમાન એવા વૈતાઢય પર્વત ઉપર રાજકુમારિકાને જોવા માટે ગયા. વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં રાજાઓની આજ્ઞાથી ઘણી રાજકન્યાઓ જોઈ, પરંતુ જેમ તારાનું તેજ ચન્દ્રની તુલનામાં ના આવી શકે તેમ સત્યભામાના રૂપની હરોળમાં મૂકી શકાય એવી એક પણ કન્યા જોવામાં ના આવી. સત્યભામાના અંગુઠામાત્ર જેટલું પણ રૂપ કોઈ કુમારીમાં જોયું નહીં. ત્યાર પછી વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં ગયા. ત્યાં પણ જેમ ધર્માત્મામાં અશુદ્ધ આચરણ જોવા ના મલે તેમ કયાંય કોઈ પણ સત્યભામા જેવું રૂપ જોવા મલ્યું નહી. ઉદ્યમ કરવા છતાં પણ જેમ ચાષ પક્ષીના માળામાં રહેલી ચિત્રાવેલી પ્રાપ્ત થાય નહી, તેમ નારદ રૂપવતી કન્યા નહી જોવાથી ખિન્ન થઈ ગયા. જે જે સ્થાનોમાં મને વિશ્વાસ હતો કે અહિંથી કોઈ રૂપવતી કન્યા મળી જશે, પરંતુ કયાંયથી પણ મારી અર્થ સિદ્ધિ થઈ નહી. હવે શું કરૂં ? કયાં જઉં ? ઉદ્યમ કરવાથી દરિદ્રતા જાય છે એમ બીજે કોઈ ઉદ્યમ કરૂં, તેથી મારી અભિલાષા સંતોષાશે. એમ વિચારી ભૂચર રાજાઓની રાજસભામાં ફરી આવ્યા. ઘણા ઘણા રાજાઓની રાજસભાઓમાં–અંતઃપુરોમાં ભમી ભમીને સૂક્ષ્મ બુદ્ધિથી જોયું, તો પણ કોઈ કુમારી, તરૂણી, પ્રૌઢ સ્ત્રી, પરણેલી કે નહી પરણેલી સત્યભામાના રૂપથી અધિક જોઈ નહી !

इतश्च भ्रमता तेन, प्राप्तं पद्मानिकेतनं । रत्नमिवास्तचिंताकं, श्रीकुंडं कुंडिनं पुरं ॥ १३ ॥
अहर्निशः प्रतापेऽपि, काकारीनिव वासरे।घुकारीनिव रात्रौ च विपक्षेशान् करोति यः ॥ १४ ॥

तत्रातिमात्रमाहात्म्य–दानशौर्यादिकैर्गुणैः।चित्रं कुर्वन्निदं राजा, यो वर्ण्योऽस्ति बुधैरपि ॥ १५ ॥
नाम्ना भीष्मोऽप्यभीष्मश्च स्वप्रजापालनोद्यमे । संतोषनाद्रिपुस्त्रीणां, नामसत्यार्थतां धरन् ॥ १६ ॥
राज्ञस्तस्य प्रिया राज्ञी, रुपलावण्यसंयुता । श्रीमती कुर्वत्यनारतं, पतिं प्रति ॥ १७ ॥
वर्यचातुर्यगांभीर्य–शीलौदार्यलसद्गुणैः।ख्याता सा रुक्मिरुक्मिण्यौ, लालयंती सुतांगजे ॥ १८ ॥

લક્ષ્મીના ગૃહ સમાન, લક્ષ્મીના કુંડ સમાન અને અચિંત્ય ચિંતારત્ન સમાન કુંડિનપુર નામનું નગર હતું. તે નગરના રાજાના પ્રતાપને શત્રુ રાજાઓ દિવસે ઘુવડની જેમ અને રાત્રિમાં કાગડાની જેમ જોઈ શકતા નહીં. આ રાજાના દાન, શૌર્ય, પરાક્રમ આદિ ગુણોના માહાત્મ્યનું વર્ણન પંડિત પુરૂષોથી પણ યથાર્થ થઈ શકતું નહીં. એવો ભીષ્મ નામનો રાજા હતો. જે પોતાની પ્રજાનું પાલન કરવામાં અભીષ્મ (સૌમ્ય) અને શત્રુ રાજાઓની સ્ત્રીઓ માટે તેનું 'ભીષ્મ' નામ સાર્થક હતું.

એવા તે ભીષ્મ રાજાની રૂપ લાવણ્ય આદિ ગુણોથી સંપન્ન પતિપરાયણા 'શ્રીમતી' નામની પટ્ટરાણી હતી. તે બંનેને ચાતુર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, સૌંદર્ય અને શીલ આદિ ગુણોથી પ્રસિદ્ધિને પામેલા 'રૂકિમ' નામનો પુત્ર અને 'રૂકિમણી' નામથી પુત્રી હતી.

तयामा देववद्दिव्यं, भुञ्जानो भोगमद्भुतं।साम्राज्यं पालयन् राजा, सभायां संस्थितोऽन्यदा॥१९॥
जनतापूरितामेतां, सभां तूर्णं समागतः । तस्य क्षमाधिनाथस्य, नारदः कलिदोहदः ॥ २० ॥
आगच्छंतं तमालोक्य, भूपादयः सभासदः । सर्वेऽप्युत्थितवंतो हि, विनयो महतामयं ॥ २१ ॥
सारसिंहासने सौम्ये, भूपालेन निवेशितः । स श्रीगुरुरिव प्रीत्या, ब्रह्मचर्यविभूषणः ॥ २२ ॥
अपरेऽपि क्षमापाला–दयः सर्वेऽपि पार्षदाः।विनयेन पुरस्तस्य, सुशिष्या इव संस्थिताः ॥ २३ ॥
क्षेमप्रश्नेन कुर्वंति, प्रवृत्तिं वाचनामिव।तावद्भीष्मपतेः पुत्रो, नारदेन निरीक्षितः ॥ २४ ॥
तं दृष्ट्वा तस्य हृष्टं हृत्, प्रफुल्लं नयनद्वयं।उच्छ्वसितं शरीरे च, रोम्णामध्युष्टकोटिभिः ॥ २५ ॥

દેવની જેમ દિવ્ય સુખોનો અનુભવ કરી રહેલા ભીષ્મ રાજા રાજ્યનું પાલન કરે છે. ત્યાં એક દિવસે સભાસદોથી ખીચોખીચ ભરેલી રાજસભામાં ગામે ગામ ફરતા ફરતા કલિપ્રિય નારદજી પધાર્યા. નારદને આવતા જોઈને રાજા આદિ સર્વે સભાજનો ઊભા થઈ ગયા. 'મહા પુરૂષોનો વિનય એ મુખ્ય ગુણ હોય છે. બ્રહ્મચર્યથી વિભૂષિત નારદને ગુરૂની જેમ મોટા સિંહાસન ઉપર બેસાડયા અને બધા સભાજનો તેમની આગળ શિષ્યની જેમ રહ્યા. જાણે ગુરૂ શિષ્યની વાચના ચાલતી હોય તેમ એક બીજાને ક્ષેમ કુશલ પૂછી રહ્યા છે, ત્યાં નારદે ભીષ્મ રાજાના પુત્રને જોયો. જોઈને નારદ હૃષ્ટ પુષ્ટ થઈ ગયા. બન્ને આંખો વિકસ્વર બની ગઈ મન પ્રફુલ્લિત બન્યું અને શરીરની સાડા ત્રણ કોડ રોમરાજી વિકસ્વર બની ગઈ.

उवाच पृथिवीनाथं, नारदर्षिः प्रहर्षतः । कस्यासौ विद्यते सूनु—र्भूपाशेषप्रमोदकः ॥ २६ ॥
उत्तमा मानिनो न स्यु—रित्यधोवदनोऽवदत्।क्षमाजानिस्तवैवायं, प्रसादो मम केवलं ॥ २७ ॥
संतुष्टः पृथिवीभर्तु—र्मृष्टवाक्येन नारदः।तच्चिरं जीवतादेष, इत्याशीर्वचनं जगौ ॥ २८ ॥
अस्य मातुरपत्यानि, कियंति संति ते नृप । पृष्टं तेनानुरुपायाः, सुताया ज्ञानहेतवे ॥ २९ ॥
अजल्पद् भूपतिः स्वामिं—स्तवादभ्रप्रसादतः । अपत्ययुग्ममेवास्ति, मातुरस्य सुतस्य तु ॥३०॥
एकोऽयं तनयो बालः, पुरस्ताद्यः स्थितस्तव । विद्यते तनया चैकै—तस्माद्बालकतो लघुः ॥३१॥

હર્ષ પામેલા નારદજીએ રાજાને પૂછયું :–'રાજા આદિ બધાને આનંદ આપનારો આ કોનો પુત્ર છે?' 'ઉત્તમ પુરૂષો લજ્જાળુ હોય છે.' રાજા નીચુ મુખ કરીને બોલ્યો :–સ્વામિન્, આ આપની કૃપા છે.' રાજાના આવાં મીઠાં વચનથી સંતોષિત થયેલા નારદે 'चिरंजीव' આ પ્રમાણે આશીર્વાદ આપ્યા. રાજાને પુત્રો છે કે નહી એ જાણવાના ઈરાદાથી પૂછયું :–'રાજન્, આ પુત્રની માતાને બીજા કેટલાં સંતાન છે?' રાજાએ કહ્યું : 'સ્વામિન્, આપના પ્રસાદથી આની માતાને આ પુત્ર અને એક પુત્રી એમ બે સંતાન છે. આ પુત્ર મોટો છે તેની બેન એનાથી નાની છે.'

रूपिणोऽस्य कुमारस्या—नुसारेण मनोज्ञता । सुतायां यदि रुपस्य, फलिष्यति मम स्पृहा ॥३२॥
ध्यात्वेत्यस्य पुनः पृष्टं, तेनापि नारदर्षिणा । परिणीतास्त्यनूढा वा, किं सा रुपवती सुता ॥३३॥
भूपोऽभाणीन्महाभाग, परिणीता न सा सुता । भूपालशिशुपालाय, किंतु चास्ति समर्पिता ॥३४॥
साधु साधु तदावादी—न्नारदो हृष्टवान् हृदि । सत्यभामापमानाय, सपत्न्येषाः भविष्यति ॥३५॥
परं वीक्षे कुमारीं तां, सा रुपेणास्ति कीदृशी । ध्यायन्निति कियत्या च, वेलया स समुत्थितः॥३६॥
उत्तिष्टन् सोऽवदद्भूपं, त्वदीयाज्ञा भवेद्यदि । गत्वा सद्मनि तां कन्यां, पश्याम्यंतःपुरं चते॥३७॥
बभाण धरणीजानिः पृच्छसीदं मुनीश किं । भाग्येनैव भवेद्गेहे, क्रमरेणुर्भवादृशां ॥३८॥
सद्यः प्रसद्य शुद्धात्मं—स्ततस्त्वं भो पवित्रय । मदीयगृहयानेन, शुद्धांतर्दर्शनेन च ॥३९॥

'આ કુમારને અનુસારે એની બેન પણ એટલી જ સુંદર હશે! તો તો મારી ઈચ્છા સફળ થશે.' એમ વિચારીને નારદજીએ પૂછયું : તે પરણેલી છે કે કુંવારી!' રાજાએ કહ્યું :–'સ્વામિન્, પરણેલી નથી, પરંતુ શિશુપાલ રાજાની સાથે તેનું વાગ્દાન કર્યું છે.' 'સારૂં–સારૂં એમ કહ્યું : નારદજીનાં હૃદયમાં ખૂબ જ આનંદ થયો. સત્યભામાના અપમાનનો બદલો વાળવા માટે આ શોકય બરાબર થશે. પરંતુ તે પહેલા આ કુમારિકાને જોઉં કે તે કેવી રૂપાળી છે?' એમ વિચારી ત્યાંથી ઉઠયા. અને ઉઠતાં રાજાને કહ્યું : 'જો તારી આજ્ઞા હોય તો તારી કન્યાને અને તારા અંતઃપુરને જોવા જઉં.' રાજાએ કહ્યું :–પ્રભો! એમાં પૂછવાનું

શું હોય ? અમારાં ભાગ્યથી અમારા ઘરમાં આપના જેવા મહા પુરૂષના ચરણ કમલની રજ મળે. તો આપ કૃપા કરીને મારા અંતઃપુરમાં પધારીને મારા ઘરને પવિત્ર કરો.'

भूभृद्वचनमासाद्य, संतुष्टिपुष्टमानसः । जगाम नारदो भीष्म—भूपालभवनं वरं ॥४०॥
तत्रास्ति भगिनी बाल—विधवा भूपतेर्नवा । मंडिता पंडितत्वेषु, पांडित्येन निजेन च ॥४१॥
तथा पंडितया वीक्ष्या—गच्छंतमृषिनारदं । विनयैर्बहुमानैश्च—भ्युत्थायासनमर्पितं ॥४२॥
सं विष्टरे स्थितो यावत्—पुरश्च स्थितया तया । तावदाकारिताः सर्वा अपि नंतुं नृपांगनाः॥४३॥
रुक्मिण्यपि समाहूता, तया ताभिः समं मुदा । रुपसौंदर्यवामाक्षी—प्रीतिकृद्रूपधारिणी॥४४॥
समा अपि समागत्य, प्रमोदभरपूरिताः । नेमुर्नारदपादौ हि, नम्यो मुनिः समैरपि ॥४५॥
नतानामपि सर्वासां, स आशीर्वादमग्र्यधात् । तस्याशीर्वचसा तेन समस्ता अप्यमूमुदन् ॥४६॥

રાજાના વચનથી સંતુષ્ટ થયેલા નારદ ભીષ્મ રાજાના અંતઃપુરમાં ગયા. ત્યાં ભીષ્મ રાજાની બાલવિધવા વિદુષી બેન 'મંડિતા' હતી તેણે નારદને આવતા જોઈને ઊભા થઈને વિનય અને બહુમાનથી સિંહાસન અર્પણ કર્યું. સિંહાસન ઉપર નારદને બેસાડીને રાજાની બધી રાણીઓને નમસ્કાર કરવા માટે બોલાવી. બેનના આદેશાથી રાણીઓ આવી-સાથે રૂક્મણી પણ આવી. રૂક્મણીના અદ્‌ભુતરૂપ સૌન્દર્યને જોઈને નારદ ખુબ ખૂશ થયા. કેમસર રાણીઓએ હર્ષ-પૂર્વક નમસ્કાર કર્યા. નારદે પણ રાણીઓને યથાયોગ્ય આશીર્વાદ આપ્યા. બધાં ખૂશ થઈ ગયાં.

शिशुपालाय दत्तास्ती—तीव भ्रांतिमपासितुं । रुक्मिण्यास्तु पृथत्वेन, तेनाशीर्वचनं ददे ॥४७॥
कृष्णाग्रमहिषी वत्से, भूयास्त्वं किल रुक्मिणि ! । महिलानां चक्षुःषष्टि—कलासुणविशारदे ॥४८॥
नारद वैरसंभाव्यं, निशम्य सहसा वचः । रुक्मिण्या विस्मयेनाशु, दृष्टं पितृस्वसुर्मुखं ॥४९॥
तन्मुखाभिमुखं वीक्ष्य, संज्ञया ज्ञापितं तया । किमुक्तं मुनिनानेन, पृच्छतात् त्वं पितृस्वसः ॥५०॥
रुक्मिण्या जनितां संज्ञा—मवगम्य नृपानुजा । विनयात्स्नेहलैर्वाक्यै, प्रपच्छ मुनिनारदं ॥५१॥
स्वामिन् सत्यवचोधारिन्, ब्रह्मचर्यातिवर्यहृत । रुक्मिण्याशीर्वादाने, त्वया यत्प्रतिपादितं ॥५२॥
तत्किं मुनिपते हास्या—त्सहसाकारतोऽथवा । किंवा सत्यतया प्रोक्तं त्वयैतस्याः प्रणामतः ॥५३॥
सोऽवादीत्सुभगे नैव, हास्यतः कथितं मया । सहसाकारतो नैव, किंतु सत्यतयोदितं ॥५४॥
अमोघं मुनिना प्रोक्तं जानती पार्थिवानुजा । तमेवार्थं दृढीकर्तुं, पुनरप्यवदन्मुनिं ॥ ५५ ॥
प्रणामावसरे नाथ, रुक्मिण्या यो न्यगद्यतास कोऽस्ति मयका त्वद्य—यावद्ज्ञातनामकः ॥ ५६ ॥
कुलं शीलं सनाथत्वं, विद्या वित्तं वपुर्वयः । एवं सप्तगुणान्वीतः, प्रायो वरो वरो भवेत् ॥ ५७ ॥
पितृभ्यां च विवेकेन, स्वकीयैः सुजनै पुनः । तस्यैव दीयते कन्या, पृष्टस्ततस्तया मुनिः ॥ ५८ ॥

तस्य का जनमी चास्ति, कल्याणजननी नृणां।कोऽथवा जनको हर्ष–जनको जनकोपमित् ॥ ५९ ॥
तस्य वा कीदृशं शीलं, पक्षः समस्ति कीदृशः । विद्या कीदृग्वयः कीद्द–ग्वपुः कीदृग्धनं पुनः ॥ ६० ॥
कटकं कदृशे तस्य, बलं धैर्यं च कीदृशं।अर्थिनां कीदृशं दानं, श्रुत्वेति निजगाद सः ॥ ६१ ॥
जननी देवकी तस्य, देवकीर्तितसद्गुणा । जनको वसुदेवस्तु, वसुदेवसमांगभृत् ॥ ६२ ॥
श्रीमन्नेमिजिनाधीशः, सहोदरो विवेकवान् । जैनधर्मरतैर्यस्य, शुद्धाचारप्रवृत्तयः॥ ६३ ॥
यस्य पक्षे प्रवर्तन्ते, दशार्हा बलिनो दश । सहस्रशोऽपरेऽनेके, कौटुंबिकाश्च यादवाः ॥ ६४ ॥
विनयाद्वर्यचातुर्य–युक्कलाचार्यसन्निधौ । द्वासप्ततिकलाभ्यासः, कृतोऽस्ति येन हर्षतः ॥ ६५ ॥
विभवानां प्रभूतानां, दानकीर्तिविधायिनां । वर्तते देवता यस्य, पूरका निजशक्तितः॥ ६६ ॥
कुलिशर्षभनाराच–संहननेन यद्वपुः । सत्समचतुरस्रेण, संस्थानेन च राजते ॥ ६७ ॥
भुंजानो यौवनावस्था–मेव देव इवावनौ । मानुषत्वेऽपि देवीमां, भोगसंयोगकारकः ॥ ६८ ॥
संति यत्कटके युक्ताः, शत्रुंजयसमुद्यताः । वीरा भूषयतः प्राज्याः, पत्तयश्च गजा हयाः ॥ ६९ ॥
एकतो लक्षशो वीरा, एकतः स जनार्दनः । उभयोरपि संग्रामे, जयश्रीर्वृणुते हरिं ॥ ७० ॥
उदपाटयत्पाणिभ्यां, बाल्ये गोवर्धनं गिरिं । जघान पूतनां चासौ, मल्लौ चाणूरमुष्टिकौ ॥ ७१ ॥
बबंध कालियं व्याल–मगाधे यमुनांबुनि।स दुष्टस्यापि कंसस्य, शिरः कोशमिवाच्छिदत् ॥ ७२ ॥
अचलोऽपि चलेच्चारु–रथो चामीकराचलः । न त्वसौ पुंडरीकाक्षः स्वकीयधैर्यवीर्यतः ॥ ७३ ॥
दशजातिभवाः कल्पा, युग्मिनो ददती हितं । पूर्णं दत्ते स एकोऽपि, भूयसामर्थिनामपि ॥ ७४ ॥
अदभ्रद्रव्यदानेन, सोऽकार्षीद्धनिनोऽर्थिनः ।आगाद्योऽन्यपदा कश्चि–त्तं बंधुमिव मानयेत् ॥ ७५ ॥
वासयित्वा निवासाय, द्वारिकानगरी वरा । सुराधीशाज्ञया यस्य, धनदेन समर्पिता ॥ ७६ ॥
एतत्सार्वजनानां च, प्रथितं कथितं मया।अन्यत्तस्यास्ति यत्किंचि–न्माहात्म्यं वर्ण्यते कथं ॥ ७७ ॥
धैर्यशौर्यादीकानन्यान्, गुणान् वर्णयितुं मया।नैकया जिह्वया विष्णोः, पुरस्तात्तव शक्यते ॥ ७८ ॥

'રૂક્ષ્મણી શિશુપાલને આપી છે,' એ ભ્રાન્તિને જાણે દૂર કરવા માટે હોય તેમ રૂક્ષ્મણિને પ્રણામ કરતી વખતે નારદે જુદા આશીર્વાદ આપ્યાઃ- 'સ્ત્રીઓની ચોસઠ કલામાં નિપુણ એવી હે રૂક્ષ્મણિ, તું કૃષ્ણની અગ્રમહિષી થા !' નારદના આવા અસંભવ્ય વચન સાંભળીને વિસ્મય પામેલી રૂક્ષ્મણીએ કૃષ્ણના સામું જોયું. સામું જોઈને રૂક્ષ્મણીએ કૃષ્ણને ઈશારાથી કહ્યું–મુનિએ આમ કેમ કહ્યું ?' રૂક્ષ્મણીના ઇશારાને સમજીને એને વિનયપૂર્વક પ્રેમાળ ભાષાથી નારદને પૂછ્યુંઃ- 'સ્વામિન્' અનુપમ સત્ય શીલને ધારણ કરનારા આપે રૂક્ષ્મણીને પ્રણામ કરતી વખતે જે આશીર્વાદ આપ્યા. તે હાસ્યથી, અકસ્માતથી, કે સાચે જ સત્ય વાત કહી ? નારદે કહ્યુઃ સુભગે, મેં હાસ્યથી કે અકસ્માતથી નથી કહ્યું પરંતુ સત્ય વાત કહી છે.' 'મુનિનું વચન

અમોઘ હોય છે' એમ જાણતી રાજાની બેને એ વાતને પુષ્ટ કરવા માટે ફરીથી પૂછયું:– કુલ-શીલ, પરિવાર, વિદ્યા,ધન,શરીર અને વય–એ સાતે વાના વરમાં જોવા જોઈએ, એ સાતે ગુણોથી યુક્ત હોય તે જ વર શ્રેષ્ઠ કહેવાય છે. તેવા વરને જ વિવેકી માતાપિતા પોતાની પુત્રી આપે છે. તો આપે જે નામ કહ્યું તે નામને પણ અમે જાણતા નથી. તો તેની કલ્યાણકારી માતા કોણ છે ? હર્ષ આપનાર પિતા કોણ છે ? તેનું શીલ, પક્ષ, વિદ્યા, શરીર વય, ધન, સૈન્ય, બલ, ધૈર્ય, દાન વગેરે કેવું છે ? આ બધા પ્રશ્નોનું સમાધાન કરતા નારદે કહ્યું: દેવાંગનાઓ જેના ગુણગાન કરી રહી છે, એવી તો તેની માતા છે, દેવકુમાર સમાન તેના પિતા છે. શ્રીનેમિનાથ ભગવાન જેના ભાઇ છે, વળી જૈનધર્મમાં રક્ત અને શુદ્ધ આચારનું પાલન કરનાર છે. જેના પક્ષમાં બલવાન એવા દશ દશાર્હો છે, હજારો કુટુંબીઓ તેમજ કોડો યાદવોનો અધિપતિ છે. વિનયપૂર્વક કલાચાર્ય પાસેથી પુરૂષની બહોંતેર કલાઓ મેળવીને પારંગત થયો છે. ઘણા વૈભવશાળી, ઘણું દાન આપનાર એવા કૃષ્ણને દેવો પણ પોતાની શક્તિથી સહાય કરનારા છે. વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનવાળું તેજસ્વી તેનું શરીર છે. આ પૃથ્વીમાં તે મનુષ્ય હોવા છતાં દેવોની જેમ દેવાંગના સમાન રાણીઓની સાથે નીરંતર ભોગ સંયોગ કરનારા છે. જેના સૈન્યમાં શત્રુઓનો નાશ કરનારા વીર પરાક્રમી બહાદૂર રાજાઓ છે. શ્રેષ્ઠ હાથીઓ, જાતિવંત ઘોડાઓ તેમજ લાખો અને કોડોનું પદાતિ સૈન્ય છે. એટલું જ નહી પણ એકબાજુ એકલા કૃષ્ણ હોય અને એક બાજુ લાખો વીર સુભટો હોય, તો પણ રણસંગ્રામમાં જયલક્ષ્મી તો કૃષ્ણને જ વરે. આવા મહાબલી કૃષ્ણે બાલ્યાવસ્થામાં ગોવર્ધન પર્વતને બે હાથે ઉંચકયો હતો. પૂતના રાક્ષસી, ચાણુરમલ્લને જેણે સહજતાથી હણી નાંખ્યો હતો. યમુનાના અગાધ જલમાં કાલિનામના ભયંકર નાગનો વધ કર્યો હતો તેમજ દુષ્ટ કંસનો શિરોચ્છેદ કર્યો હતો. અચલ એવો સોનાનો મેરૂપર્વત કદાચ ચલિત થાય પરંતુ પુંડરિકાક્ષ કૃષ્ણ પોતાના ધૈર્ય અને વીર્યથી કયારે પણ ચલિત થઇ શકે નહિ.

યુગલિકોના મનોરથોને દશજાતિના કલ્પવૃક્ષો પૂર્ણ કરે છે. જયારે આ કૃષ્ણ એકલા જ અનેક યાચકોના મનોરથો પૂર્ણ કરે છે. કૃષ્ણે યાચકોને એટલું બધું દાન આપેલું છે કે યાચકોના દિલમાંથી યાચક વૃત્તિ જ નાશ પામી ગઈ છે અને તે યાચકો પરદેશથી આવેલા બીજા યાચકોને બંધુ સમાન માની તેમની દરિદ્રતાને દૂર કરે છે.

કૃષ્ણને રહેવા માટે સુરેંદ્રની આજ્ઞાથી કુબેરભંડારીએ સુંદર દ્વારિકા નગરી વસાવી આપી છે. આ બધી વાત લોકોના મુખેથી સાંભળીને મેં યત્કિંચિત કહી, પરંતુ કૃષ્ણના માહાત્મ્યનું વર્ણન કોઇનાથી પણ થઈ શકે નહી. તેના ધૈર્ય, શૌર્ય આદિ ગુણોનું વર્ણન એક જીભેથી કહેવા માટે બ્રહ્મા પણ સમર્થ નથી.

नारदोक्तमिति श्रुत्वा, स्वरूपमद्भूतं हरेः।दधौ तन्मयतां चित्ते, पितृस्वसा च रुक्मिणी ॥ ७९ ॥
अभूदुत्कंठिता तस्य, दर्शनाय नृपानुजा। रुक्मिणी तु तदुद्वाह–करणाय समुत्सुका ॥ ८० ॥

નારદના મુખેથી કૃષ્ણના અદ્‌ભૂત સ્વરૂપને સાંભળીને રૂક્મણી તેમજ ફઇ બંને આશ્ચર્ય ચકિત થયા. રાજાની બેન કૃષ્ણના દર્શન માટે અને રૂક્મણી તેની સાથે વિવાહ કરવા માટે ઉત્સુક થઇ ગઇ.

मनागपि विहस्योचे, रुक्मिणी जनकानुजां।अन्यत्रैवास्मि दत्ताहं, मिलिष्यत्यस्य वाक्यं ॥ ८१ ॥
साप्यभ्यधत्त वत्से य–दनेन नारदर्षिणा। प्रत्यपादि च तत्सर्व–मपि जानाहि सूनृतं ॥ ८२ ॥
यतो वासर एकस्मिन्,भिक्षार्थमागतोऽभवत्।अस्मद्गृहेऽतिमुक्ताख्यो, मुनिर्ज्ञानी श्रुतान्वितः॥८३॥
दत्वा शुद्धान्नपानानि, गृहीत्वा सुकृतं च सः। मुनिमामंत्रयामासा–पवेशयितुमासने ॥ ८४ ॥
आगृह्य तव तातेन, संस्थाप्य चासने क्षणं। स्थित्वा च पुरतस्तस्य, वार्तारभ्यत सौकृती ॥ ८५ ॥
तावत्तस्य मुनेश्चक्षु–र्गोचरे सहसापतत्। वृंदारककुमारीव, रुपमादधती तनौ ॥ ८६ ॥
गौरवर्णयुतां मह्यां, वाणीमिव विपश्चितां। त्वामालोक्थ मुनिः प्रोचे, कस्येयं तनया नृप ! ॥ ८७ ॥
भूपालोऽभ्यदधत्स्वामिं-स्त्वत्प्रसादादियं सुता।ममास्ति परमेतस्या, विवोढा को भविष्यति ॥ ८८ ॥

કંઇક હસીને રૂક્મણીએ ફઇને કહ્યું:– 'પિતાએ મને તો બીજી જગાએ આપી છે. તો આ કૃષ્ણની સાથેનો મેળાપ કેવી રીતે થશે ?' ફઇએ કહ્યું:– દીકરી, આ નારદઋષિએ જે હકીકત કહી તે બરાબર સાચી છે. એક વખત ભિક્ષા માટે આપણે ઘેર જ્ઞાની અતિમુક્ત મુનિ આવ્યા હતા. તારા પિતાજીએ ઘણા આદરપૂર્વક તેમને શુદ્ધ અન્ન–પાણી વહોરાવ્યા હતા. ત્યારબાદ આસન ઉપર બિરાજમાન થયેલા મુનિ સાથે તારા પિતાજી ધર્મચર્ચા કરતા હતા. તેવામાં તું એકાએક ત્યાં આવી ચઢી. સાક્ષાત્ સરસ્વતી સમાન દેવકુમારી જેવી તને જોઇને ખૂશ થયેલા મુનિએ તારા પિતાજીને પૂછ્યું:–' આ પુત્રી કોની છે ? ' તારા પિતાજીએ કહ્યું:– સ્વામિન્ આ આપની કૃપાનું ફલ છે. આપ જ કહો તેનો ભાવિ પતિ કોણ થશે ?'

मुनिः प्रोवाच भूपाल, यदि मां पृच्छसि द्रुतं। आकर्णय सकर्ण त्वं, लब्धवर्णकृतस्तुतिः ॥ ८९ ॥
यदूनामन्वयांभोधि–समुल्लासे शशीव यः। चित्रं कलंकितामुक्तः, कृतारातिरपि स्फुटं ॥ ९० ॥
दुष्टानामपि दैत्याना–मन्वयैकप्रमाथनः।शिष्टानामपि मर्त्यानां, पालनं विदधाति यः ॥ ९१ ॥
दोषयुक्तः स्वकीयोपि, त्यज्यते येन शत्रुवत्। निर्दोषः परकीयोऽप्या–द्रियते च स्वमित्रवत् ॥ ९२ ॥
नवमो वासुदेवेशो, द्वारिकानगरीपतिः। एतस्याः परिणेता स, भावी भूपालभूषणं ॥ ९३ ॥
इत्यतिमुक्ततातास्यां, क्रियमाणा मिथो मुदा। किंवदंती समीपे तु, संस्थितया मयाताश्रु ॥ ९४ ॥

કૃત્વા વાર્તામિમાં તાવ–ત્તાતેન સહ તે શુભે ! । જગામ મુનિરધ્યાત્મ–તેજા નિજતપોવને ॥ ૯૫ ॥
દ્વિર્નિવદ્ધં સુબદ્ધં સ્યા–દિતિ ન્યાયં બુધોદિતં।વિદંત્યતો મયાઽવાદિ, સત્યં નારદભાષિતં ॥ ૯૬ ॥
યથાતથં વિજાનીહિ, તતસ્ત્વમપિ રુક્મિણિ ! લોકેઽપ્યસ્તિ પ્રસિદ્ધં હિ, નર્ષિભાષિતમન્યથા ॥ ૯૭ ॥

મુનિએ કહ્યું :– 'રાજન્, જે તું પૂછે છે તેા હું કહું તે બરાબર સાંભળ 'યદુવંશરૂપી સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન. (આશ્ચર્ય એ છે કે ચંદ્ર કલંકિત છે પરંતુ આ તેા શત્રુ હોવા છતાં કલંકથી રહિત છે.) દુષ્ટ દૈત્યોનેા નાશ અને શિષ્ટ પુરૂષોનું પાલન કરનાર પેાતાના દોષોનેા શત્રુની જેમ ત્યાગ કરનાર અને પારકાના ગુણેાને મિત્રની જેમ આદર કરનાર એવા દ્વારિકાનગરીના અધિપતિ નવમા વાસુદેવ, એ જ આ પુત્રીના ભાવિ પતિ થશે.' આ પ્રમાણે તારા પિતા અને અતિમુક્તમુનિ વાત કરી રહેલા હતા ત્યાં રહેલી મેં બરાબર તે વાત સાંભળી હતી. તારા પિતાની સાથે આ પ્રમાણે વાત કરીને અધ્યાત્મજ્ઞાની તપસ્વી મહામુનિ પેાતાના સ્થાને ચાલ્યા ગયા હતા.

'બે વખત બાંધેલું હેાય તે મજબૂત બને છે.' તેમ અતિમુક્તમુનિએ કહેલી અને નારદે કહેલી વાત બન્ને રીતે મળતી આવે છે. તેથી તને નારદે આશીર્વાદ આપ્યા તે સત્ય માન, રૂક્મણિ ! લેાકેામાં પણ કહેવત છે કે જેમ તેમ બેાલાયેલું પણ ઋષિમુનિઓનું વચન સત્ય ઠરે છે. કયારે પણ ફેાગટ જતું નથી.

રૂક્મિણી તુ તદાવાદીન્, સત્યં બ્રૂષે પિતૃસ્વસઃ।કિન્તુ ત્વમપિ જાનાસિ, શિશુપાલાર્પિતાસ્મ્યહં ॥ ૯૮ ॥
સોચે જાનામ્યહં પુત્રિ, માકાર્ષીશ્ચિત્તમાધિભાક્।પિતૃભ્યાં ત્વં ન દત્તાસિ, શિશુપાલમહીભૃતે ॥ ૯૯ ॥
શિશુપાલાવનિપાલ–પાર્શ્વેઽન્યેદ્યુર્ગતેન તુ।મુદિતેન ત્વદીયેન, ભ્રાત્રાર્પિતાસિ રૂક્મિણિ ! ॥ ૮૦૦ ॥

રૂક્મણીએ કહ્યું :–'ફઈ તમે જે વાત કહી તે સત્ય છે, પરંતુ તમે પણે જાણેા છેા કે મને શિશુપાલને અર્પણ કરી છે. ફઈએ કહ્યું: 'પરંતુ પુત્રી, તું ચિંતા કરીશ નહિ' તારા માતા-પિતાએ તને શિશુપાલને નથી આપી પરંતુ તારેા ભાઈ રૂક્મિકુમાર એક વખત શિશુપાલ પાસે ગયેલેા. ત્યાં ખૂશ થઇને તારા ભાઈએ તને આપી છે, માટે ચિંતા કરીશ નહી.'

રૂક્મિણ્યુવાચ મદ્બંધુ—ર્ગતસ્તત્રાભવત્કથં।તં સર્વમપિ વૃત્તાંતં, પ્રસાદય મમાદિતઃ ॥ ૧ ॥
પિતૃષ્વસાવદદ્વત્સે, શૃણુ તત્કથયામ્યહં। શિશુપાલેાઽન્યદાચાલી–જ્જેતુમુત્કટપાર્થિવાન્ ॥૨॥
તદા ત્વદીયતાતસ્ય, સ્વીકૃતસૌહૃદસ્ય ચ। પત્રિકા સહ દૂતેન, પ્રેષિતા તેન ભૂભુજા ॥૩॥
દ્રુતમત્ર સમેતવ્યં, યુષ્માભિઃ પ્રીતિધારિભિઃ। ભૂયેાબલેન સાકં હિ, પરીક્ષ્યેાઽવસરે સુહૃત્ ॥૪॥
પત્રિકાં વાચયિત્વા સ, તત્ર ગંતુમના નૃપઃ। રાજ્યેઽભિષેકયામાસ, રૂક્મિણં નિજનંદનં ॥૫॥
રૂક્મ્યપ્યભ્યધાત્તાત, સતેાઽપિ તવ ગેાપતેઃ। સત્વરમાસ્પદે સૂર્યા–ઽમેવ સ્થાપ્યે ત્વહં કથં ॥૬॥

भीष्मोऽवादीदभीष्मोत्क्या, समाकर्णय नंदन। कृत्ये प्रबलकालीने, नृपेण यदि गम्यते ॥७॥
तदा स्वकीयसाम्राज्ये, न्यस्यते निजनंदनः। महतामपि भूपानां, प्रायशो विधिरस्त्ययं ॥८॥
समाचख्यौ कुमारोऽपि, प्रभूतकालकर्मणि। यथा राज्ञां विधिस्तात, तथा मे त्वत्प्रसादतः ॥९॥
भूयिष्टे विषमे कार्ये, विनयी नंदनो भुवि। न दत्ते सर्वथा गंतुं, तातं मूर्धशिरोमणिं ॥१०॥
नंदनस्य विनीतस्य, सैव चास्ति विधिर्यतः। ततस्त्वं वद मे तात, किमस्ति कृत्यमीदृशं ॥११॥

રૂક્ષ્મણીએ કહ્યું: 'મારો ભાઈ ત્યાં કેમ ગયેલો ? તે બધી વાત મને માંડીને કરો.' ફઈએ કહ્યું: 'હું કહું તે સાંભળ, એક વખત શિશુપાલ દુશ્મન રાજાઓને જીતવા નીકળ્યો. ત્યારે તારા પિતાનો તે મિત્ર હોવાથી દૂતની સાથે પત્રિકા લખીને મોકલી. 'પરમસ્નેહી એવા હે મિત્ર, મોટા સૈન્યની સાથે મારી મદદે તમારે આવવું.' (ખરેખર, મિત્રની પરીક્ષા અવસરે જ થાય છે.) પત્રિકા વાંચીને તારા પિતા રૂક્મિકુમારનો રાજ્યાભિષેક કરીને યુદ્ધમાં જવા માટે ઉત્સુક થયા. ત્યારે રૂક્મિકુમારે કહ્યું:- 'પિતાજી, સૂર્ય સમાન આપ હોવા છતાં રાજ્ય ઉપર આ પથરાને કેમ સ્થાપન કરો છો ?' ત્યારે ભીષ્મરાજાએ મધુર વાણીથી કહ્યું:- 'પુત્ર, મોટું કાર્ય ઉપસ્થિત થાય ત્યારે રાજાએ જવું જોઈએ.' પોતાના પુત્રને રાજ્યસિંહાસન ઉપર સ્થાપીને રાજાઓ જાય છે. મોટા રાજાઓની આ વિધિ હોય છે, ત્યારે રૂક્મિકુમારે કહ્યું:-'એવું કયું મોટું કાર્ય ઉપસ્થિત થાય ત્યારે રાજાને આ વિધિ કરવી પડે ? તે કૃપા કરીને જણાવો. ગમે તેવું મોટું કાર્ય હોય પરંતુ જો વિનયી પુત્ર હોય તો પૂજનીય પિતાને જવું જરાયે યોગ્ય નથી. તો જેવી આપની વિધિ છે એવી વિનયી પુત્રની પણ આ વિધિ છે, તો આપ કહો કે એવું શું કાર્ય છે ?'

भीष्मभूपोऽवदद्वत्स, शिशुपालोऽस्ति मत्सुहृत्। दुर्धरं भूपतिं जेतुं, चलितः सबलो बली ॥१२॥
सौहार्देनैव तेनाह—माकारितोऽस्मि सत्वरं। यदा न गम्यते तत्र, किं सौहार्दं तदा मम ॥१३॥
ततस्त्वामभिषिच्याहं, कटकेन महीयसा। पुत्र ! तत्र प्रयास्यामि, पक्षपातविधित्सया ॥१४॥

ભીષ્મરાજાએ કહ્યું:- 'પુત્ર, શિશુપાલ મારો મિત્ર છે. તે મોટા સૈન્ય સહિત બલવાન શત્રુરાજાને જીતવા નીકળ્યો છે. તેણે મિત્રતાથી પોતાની મદદે મને બોલાવ્યો છે. તો મારે જવું જ જોઈએ. જો ના જઉં તો મારી મિત્રતા લાજે. તેથી તારો રાજ્યાભિષેક કરીને મોટા સૈન્ય સાથે તેની મદદ કરવા માટે જઈશ.'

समाकर्ण्य वचो वप्तुः, कुमारोऽपि व्यजिज्ञपत्। मयि सत्यपि हे तात, त्वया नूनं न गम्यते ॥१५॥
लोका अपि वदिष्यंति, तिर्यक्सिंहोऽपि सुन्दरः। य एकेनैव पुत्रेण, सुखी स्यात्सर्वजन्मनि ॥१६॥

ममादेशप्रदानेन, प्रकटीकुरु मां ततः । स्याद्वचनीयता वा न, यथा लोकेऽपि मे पितः ॥१७॥
भूपोऽभ्यधात्कुमार त्वं, सुकुमारश्च बालकः । कठोरं रणकर्मास्ति, येन तेन न जन्यते ॥१८॥
ततस्तवास्ति योग्यं न, कृत्यमेत्सुतोत्तम । गेह एव स्थितो राज्यं, पालय त्वमकंटकं ॥१९॥

પિતાના વચન સાંભળીને કુમારે કહ્યું:– 'પિતાજી, હું છું ત્યાં સુધી આપને બિલકુલ જવા નહી દઉં. લોકો પણ કહે છે. કે તિર્યંચ એવો સિંહ પણ એક જ પુત્રથી જીવનભર સુખી રહે છે, આપ મને આદેશ આપો. જેથી લોકોમાં મારી નિંદા ના થાય.' રાજાએ કહ્યું: 'તું સુકુમાળ બાલક છે, રણકાર્ય કઠોર હોય છે. ત્યાં જેવા તેવાનું કામ નહીં. તારામાં હજુ યુદ્ધ કરવા માટેની યોગ્યતા નથી, માટે તું ઘેર રહીને નિષ્કંટક રાજ્યનું પાલન કર.

प्रजजल्प कुमारोपि, विनयात्पितरं प्रति । प्रसादितं त्वया तात, तत्सर्वमपि सूनृतं ॥२०॥
कठिनाः पर्वताः प्रौढा, अभेद्याश्च यथा तथा । लघुनापि वज्रेण, भेद्यंते किं न हेलया ॥२१॥
शुंडादंडेन भूयिष्ट—मत्यान् भापयतां भृशं । भिनत्ति हस्तिनां कुंभ—स्थलानि किं न केसरी ॥२२॥
त्वया पुनः पितः प्रोक्तं, राज्यं धाम्न्येव पालय । लोकैस्तदपि नो साधु, सर्वथा कथयिष्यते ॥२३॥
पुत्रस्य कामना पित्रा, सुखार्थं प्रविधीयते । प्रस्तावे शर्मणि नाभूत्, किं सूतेन सूतेन तत् ॥२४॥
ततोऽकृशकृपां कृत्वा, दत्वा चाज्ञां पितर्मम । परीक्षस्व स्वरूपं च, योग्यायोग्यात्मकं पुनः ॥२५॥
सहजेनैव भूपाल—शिशुपालेन मां सह । प्रेषयित्वा रणे पश्य, पश्चाद्राज्यव्यवस्थितिः ॥२६॥

કુમારે વિનય પૂર્વક પિતાને કહ્યું: 'આપે જે તે કહ્યું બધું બરાબર છે, પરંતુ કઠીન અને અભેદ્ય એવા પણ પર્વતો નાનકડા વજ્રથી શું ભેદાતા નથી ?

પોતાની પ્રચંડ સૂંઢથી લોકોને ડરાવતા એવા હાથીના ગંડસ્થલને નાનકડો કેશરી સિંહ શું ભેદી શકતો નથી ? તો આપે ઘેર રહીને રાજ્ય પાળવાનું કહ્યું, પણ તેથી લોકોમાં જરાપણ સારૂં કહેવાશે નહી. અને પુત્રની ઇચ્છા પિતાને સુખી કરવાની હોય છે. તો જે પુત્ર અવસરે પિતાને સુખ ના આપે તો એ પુત્ર પુત્ર તરીકે કહેવાતો નથી. તો પિતાજી, આપ મારા ઉપર મોટી કૃપા કરીને આજ્ઞા આપો, અને મારામાં રહેલી યોગ્યતા–અયોગ્યતાની પરીક્ષા કરો. શિશુપાલ રાજાની સાથે મને યુદ્ધમાં મોકલીને પછીથી રાજ્યની વ્યવસ્થા વિચારશો.'

इत्यंगजवचः श्रुत्वा, संतुष्यन् भीष्मभूपतिः । एतस्याहो विनीतत्वं, मनस्येवं व्यचिंतयत् ॥२७॥
सर्वैरपि प्रवर्तव्य—मस्याज्ञायां विशेषतः । मेलयित्वा बलं सर्वं, शिक्षा दत्तेति भूभुजा ॥२८॥
अत्याग्रहप्रसंगेन, तातेनाज्ञा समर्पिता । कुमारस्यापि पुत्रस्य, विनयेन महीयसः ॥२९॥
प्रेषणाय ततो दत्ता, जनकेन वरूथिनी । भूयस्तरपदातीभ—तुरंगमरथैर्युता ॥३०॥

પુત્રના સંતોષ કારક વચન સાંભળીને ભીષ્મરાજા મનમાં વિચારે છે કે આ પુત્ર કેવો વિનયવંત છે. આ પ્રમાણે વિચારી ભીષ્મરાજાએ બધાં સૈનિકોને બોલાવીને શિખામણ આપીઃ 'તમારે સહુએ વિશેષ પ્રકારે, રુકિમકુમારની આજ્ઞા મુજબ ચાલવાનું છે' પુત્રના અતિ-આગ્રહથી રાજાએ વિનયી પુત્રને યુદ્ધભૂમિમાં જવા માટેની આજ્ઞા આપી, અને તેને હાથી ઘોડા રથ અને પાયદલ એમ મોટી ચતુરંગી સેના આપી.

शिरस्यारोप्य पित्राज्ञां, नत्वा पित्रोः पदद्वयं । शुभेऽह्नि शकुनैर्भव्यैः कुमारः प्रचचाल सः ॥३१॥
अविच्छिन्नप्रयाणेन, कुमारो वर्त्मनि व्रजन् । शिशुपालेशसेनायाः, सोऽचिरेणैव चामिलत्॥३२॥
कुमारे मिलिते भूरि, सान्निध्यं प्रविधायिनि । चचाल शिशुपालेश—स्तदनंतरमंजसा ॥३३॥

પિતાની આજ્ઞા મેળવીને ખૂશ થયેલા રુકિમકુમારે પિતાને નમસ્કાર કરી શુભ દિવસે શુભ શુકનો પૂર્વક પ્રયાણ કર્યું.

અવિચ્છિન્ન પ્રયાણે ચાલતાં રસ્તામાં જ તે શિશુપાલના સૈન્ય સાથે મળી ગયો. બંને રાજાના સૈન્યથી ઉત્સાહિત થયેલો શિશુપાલ થોડા જ સમયમાં શત્રુરાજાની સીમમાં પહોંચી ગયો.

कुमारेण समं मार्गे, प्रवर्तयंस्ततः सुखं । दुष्टपल्लीपतेः पल्ली—सीमनि समुपेयिवान् ॥३४॥
शिशुपालं समायातं, श्रुत्वा सीमनि वेगतः । मेलयित्वा बलं प्राज्यं, सोऽपि सन्मुखमागमत् ॥३५॥
समेतेऽभिमुखं तस्मिन्, शौर्यं दर्शयितुं निजं। शिशुपालः क्रुधा वह्नि—निर्यज्ज्वालो बभूव च॥३६॥
दुरात्मास्त्येष भूपालः, सावधानतया ततः । विशेषेण निशि स्थेयं, महीशोऽकथयद्बले ॥३७॥

રુકિમકુમારની સાથે સુખપૂર્વક ચાલતાં તેઓ દુષ્ટ પલ્લિપતિની પલ્લીની સીમામાં પ્રવેશ્યા. પોતાની હદમાં શિશુપાલને આવેલો સાંભળીને પલ્લીપતિ વિશાલ સૈન્ય લઈને સામો આવ્યો. પોતાની શૂરવીરતા દેખાડવા માટે સામા આવેલા પલ્લીપતિને જોઈને શિશુપાલનો ક્રોધરૂપી અગ્નિ વધારે પ્રજ્વલિત બન્યો. 'આ રાજા દુષ્ટ છે, તો સાવધાન થઈને રહેવું. તેમાં પણ રાત્રિએ તો વિશેષ સાવધાની રાખવી.' આ પ્રમાણે શિશુપાલે પોતાના સૈન્યને સાવધાન કરી દીધું.

वराकोऽयं कियन्मात्रं, स्वामिस्तवानुभावतः । समनह्यंत युद्धाय, ब्रुवाणा इति तद्भटाः ॥३८॥
गेहे शूरा भवंत्येके, तथैके चैव पंडिताः । अन्यस्य मिलिते पुत्रे, यस्तिष्ठेद्बलवानसौ ॥३९॥
ततो गंधेभसंकाशे, कटके समुपेयुषि । शिशुपालबलं जातं, निर्मदं परहस्तिवत् ॥४०॥
युध्यमानेषु वीरेषु—भयोरप्यभिमानतः । हारितं शिशुपालस्य नष्टं सैन्यं समंततः ॥४१॥
जयामि निखिलानेता—नित्यहंयुः समुत्थितः । तदग्रे शिशुपालोऽपि, शिशुपाल इवाभवत् ॥४२॥
तत्स्वरूपं समालोक्य, रुषा रुक्मी समुत्थितः । चक्रे पल्लीपतेः सैन्य—मर्यमेव तमोऽभितः ॥४३॥

दिनांधमिव काकारि–मेकाकित्वेन संस्थितं । बध्ध्वा पल्लीशमानिन्ये, नागपाशैर्नृपांतिकं ॥४४॥
गृहीत्वा शिशुपालोऽपि, प्राह रे किं करोम्यथ । सोऽवादीन्मार्गयेर्यत्त्वं, दद्यां मां किंतु मा वधीः॥४५॥
प्रतिवर्षमियान् दंडो, देय उत्क्वेति रुक्मिणा । शिशुपालसमीपात्स, मोचितः कृपया तदा ॥४६॥
भद्राणि जीवतां पुंसां, विमृश्येति प्रपद्य च । दंडे मुक्ताफलस्वर्ण–गजाश्वान् स प्रदत्तवान् ॥४७॥
रुक्मिसांनिध्यतो जित्वा, पल्लीस्वामिनमुत्कुटं । प्राज्यं च दंडमादाय, शिशुपालः प्रतीयिवान्॥४८॥

'स्वामिन् आपना प्रभाव आगळ आ रांकडो शुं मात्र छे ?' आ प्रमाणे बोलता पल्लीपतिना सैनिको युद्ध माटे तैयार थया. 'अरे, आ तो घरमां ज शूरवीर छे. हठपंडित छे. बीजनो पुत्र मळी गयो छे, एटले बळवान थई आव्यो छे, परंतु आपणा गंध हस्ति समान सैन्यनी आगळ सामान्य हाथीनी जेम, तेनो मद हमणां ज ओगाळी नांखुं छुं,'

आ प्रमाणे बोलता पल्लीपतिओ सैन्यने युद्ध करवानो आदेश आप्यो. बंन्ननुं सैन्य अभिमानथी लडी रह्युं हतुं, परंतु शिशुपालनुं सैन्य हारीने भागी गयुं. 'आ बधाने हुं एकलो ज जीती लईश', आवा अहंकारथी ऊभेला शिशुपालनी दशा तो खरेखर शिशु= बालकना पालक जेवी बनी गई ! शिशुपालना सैन्य हारी गयुं जाणी रुक्मिकुमार युद्धभूमिमां आव्यो, त्यारे पल्लीपतिना सैन्यनी दशा सूर्यना आववाथी अंधकार पलायन थई जाय तेवी थई. अर्थात् सैन्यमां नाशभाग थई गई. घुवडनी जेम एकला ऊभा रहेला पल्लीपतिने नागपाशथी बांधीने रुक्मिकुमार शिशुपाल पासे लाव्यो. शिशुपाले रोषथी पल्लीपतिने कह्युं: बोल, ताडुं शुं करुं !' ते बोल्यो :-'राजन्, तमे कहो ते करुं. तमे मागो ते आपुं, परंतु कृपा करीने मारो वध करशो नही.' रुक्मिकुमारे कह्युं :-'दर वर्षे तारे अमुक दंड भरवो' आ प्रमाणे कहीने शिशुपाल पासेथी तेने छोडाव्यो. 'जीवतो नर भद्रा पामे' एम विचारी पल्लीपतिओ रुक्मिकुमारनुं वचन प्रमाण करीने दंडमां हीरा, मोती, माणेक, हाथी, घोडा, सुवर्ण विगेरे आप्युं रुक्मिकुमारनी सहायथी बलवान पल्लीपतिने जीतीने दंड लईने शिशुपाल रुक्मिकुमार साथे त्यांथी पाछो फर्यो.

एकं निजवयस्यस्य, सूनुर्द्वितीयमस्य हि । साहाय्येनैव पल्लीश–जयोऽभूद्भुवि भूपतेः ॥४९॥
ततः सन्मानयामास, रुक्मिणं भूपतिर्भृशं । मिथश्चाकृत्रिमा प्रीति–स्तयोरध्वन्यजायत ॥५०॥

एक तो पोताना मित्रनो पुत्र, अने बीजुं एनी सहायथी ज उत्कट पल्लीपति उपर विजय मळ्यो. तेथी शिशुपाले रुक्मिकुमारनुं खूब ज सन्मान कर्युं. रस्तामां बन्ने वच्चे गाढ मैत्री–संबंध बंधायो.

एको दत्ते द्वितीयोऽपि, प्रतिगृह्णाति हर्षतः । एको–भुंक्ते एको भोज—यत्यादरविशेषतः॥५१॥
एको गुह्यं वदेदन्यः, प्रपृच्छति छलोज्झितं । इति षड्लक्षणैः प्रीति–स्तयोः समभवद् दृढा॥५२॥

'હર્ષ પૂર્વક એક બીજાને આપવું-લેવું, આદરથી એક બીજાને પ્રીતિ ભોજન કરવું કરાવવું, તેમજ અરસ પરસ એક બીજાથી કંઈ પણ ગુપ્ત રાખવું નહીં, આ પ્રમાણે પ્રીતિના છ લક્ષણો જ્યાં હોય ત્યાં ગાઢ મૈત્રી થાય છે.' રૂક્મિકુમાર અને શિશુપાલની આ રીતની ગાઢ મૈત્રી થઈ

जित्वा पल्लीपतिं दुष्टं, शिशुपालेश आगतः । इति ज्ञात्वा पुरे लोकैः, प्रवेशस्योत्सवः कृतः॥५३॥
कुमारेण समं भूपः, समागत्य पुरे निजे । परस्परविनोदैश्च, प्रीत्या कालमवाहयत् ॥५४॥
प्रारभ्याद्यदिनादंत्य—दिनसादृश्यमेव हि । जानन् प्रीतौ कियंतं स, कालं तत्र स्थितो मुदा ॥५५॥
गेहं जिगमिषू रुक्मी, मिलितुं पितरौ निजौ । संमदादन्यदादत्त, त्वां सुरूपवतीं कनीं ॥५६॥
विशेषेण ततोऽपीष्ट—गजाश्वादिप्रदेशनैः । संतोषितस्ततोऽचालीत्, कन्यादानं हि तुष्टये ॥५७॥

દુષ્ટ પલ્લીપતિ ઉપર વિજય મેળવીને આવેલા પોતાના રાજાને જાણીને નગરવાસી લોકોએ શિશુપાલનો ઘણા ઠાઠથી નગર મહોત્સવ કરાવ્યો. રૂક્મિકુમાર સાથે પોતાના નગરમાં આવીને પરસ્પરના વાર્તા વિનોદમાં ઘણો સમય પસાર થઈ ગયો. પહેલા દિવસથી છેલ્લા દિવસ સુધી એક સરખી પ્રીતિને ધારણ કરતા રૂક્મિકુમારે માતા પિતાને મળવા માટેની ઉત્કંઠાથી શિશુપાલને કહ્યું :-'હવે મારે અહીંથી ત્વરાએ જવું જોઇએ. માટે આપ મને આજ્ઞા આપો' એમ કહીને સંબંધને દૃઢ બનાવવા માટે પોતાની રૂપવતીએન રૂક્મણીને આપવા માટેનું વચન આપ્યું. અને શિશુપાલે પણ રૂક્મણીના દાનથી ખૂશ થઇને હાથી, ઘોડા, રથ, પાયદલ વિગેરે આપીને રૂક્મિકુમારને ખૂબ સંતોષ આપ્યો.

सन्मानितो महीशेन, यदा रुक्मी निकेतने । युद्धे जयं समादाय, दत्वा त्वां समुपागतः॥५८॥
तदा नत्वा पितुः पादान् , तस्थिवानुचितास्पदे । वृत्तांतं शिशुपालेश–मिलनाद्यमचीकथत् ॥५९॥
प्रवृत्तौ क्रियमाणायां, कुशलप्रश्नपूर्वकं । रुक्मिणी शिशुपालाय, मया दत्तेति सोऽवदत् ॥६०॥
साधु साधु त्वया रुक्मिन् , कृतमेतन्मनीषिणा । सर्वेऽपि बांधवास्ते चा–वीवदन्निति हर्षतः ॥६१॥

શિશુપાલથી સન્માનિત થયેલા રૂક્મિકુમાર પોતાના નગરમાં આવ્યા. વિજય પ્રાપ્ત કરીને આવેલા પુત્રને ભીષ્મ રાજાએ ઘણા સત્કાર અને સન્માનથી વધાવ્યો. રૂક્મિકુમાર પણ પિતાને નમસ્કાર કરીને ઉચિત સ્થાને બેઠા. ત્યાર બાદ રસ્તામાં શિશુપાલ સાથેના મીલનથી માંડીને પલ્લીપતિને કેવી રીતે જીત્યો, વિગેરે વૃત્તાંત વિસ્તારથી કહીને. પોતે પોતાની બેન રૂક્મણીને શિશુપાલને આપી તે પણ વાત કરી. આ વાતથી ખૂશ થઇને પિતાએ રૂક્મિકુમારને કહ્યું :-'સારૂં સારૂં, આ તે બહુ સારૂં કર્યું'. આ રીતે રાજા પ્રધાન-તેમજ બંધુવર્ગે પણ આ વાતને આનંદથી વધાવી લીધી.

संतुष्टेन तव भ्रात्रा, शिशुपालाय भूभृते । रुक्मिणैव प्रदत्ता त्वं, त्वत्पित्रा न तु रुक्मिणि ! ॥६२॥
अत एव पुरस्तात्ते, पुंडरीकाक्षचेतसः । असंभाव्यमपि प्रोक्तं, भावि नारदभाषितं ॥६३॥
पितृभ्यामेव कन्या तु, प्रदत्ता याति सर्वथा । सहोदरादिभिर्दत्ता, सतोस्तयोर्न हि व्रजेत् ॥६४॥
करिष्याम्यहमप्युच्चै—रभियोगं तथांगजे । भविष्यति यथा ताव—कीनचित्तविचिंतितं ॥६५॥

'રૂક્મણિ, સંતુષ્ટ થયેલા તારા ભાઇએ તને શિશુપાલને આપી છે. પરંતુ માતા-પિતાએ આપી નથી. આથી નારદે તને 'કૃષ્ણપતિ થજો.' એવા જે આશીર્વાદ આપ્યા, તે અસંભવિત નથી. કેમ કે માતા પિતાએ કરેલું કન્યાદાન સર્વપ્રકારે દૃઢ બને છે. પરંતુ ભાઈ વિગેરેએ આપેલું કન્યાદાન એટલુ ચોક્કસ હોતું નથી. માટે જો તારી તન્મયતા કૃષ્ણ પ્રત્યે હશે તો એને મેળવવા માટેના ઉપાયો વિચારીશું. તું ચિંતા કરીશ નહી.'

पितृष्वसुरिति श्रुत्वा, वचनं दुःखमोचनं । विष्णुमेव वहत्युच्चै—र्मानसे चैव केवलं ॥६६॥

આ પ્રમાણે દુઃખ દૂર કરનારા ફૂઈના વચન સાંભળીને ખૂશ થયેલી રૂક્મણી મનમાં કૃષ્ણનું ધ્યાન કરતી રહી.

योषितः पुरुषे चित्तं, पुंसश्च यदि योषिति । उभयोरपि विवाहः, समीचीनस्तदैव हि ॥६७॥
लात्वेति रुक्मिणी चित्तं, कृत्वा विष्णोश्च वर्णनं । निजापमानदुःखस्य, शांत्यर्थमुत्थितो मुनिः॥६८॥

'સ્ત્રીને પુરૂષની ચાહના અને પુરૂષને સ્ત્રીની ચાહના, આ પ્રમાણે એક બીજાને ચાહતા હોય તેવા સ્ત્રી પુરૂષનો વિવાહ સફલ બને છે.' એમ માનીને નારદજી રૂક્મણીનું ચિત્ત કૃષ્ણ પ્રત્યે આકર્ષીને હવે કૃષ્ણનું ચિત્ત રૂક્મણી પ્રત્યે આકર્ષવા માટે અને તેથી સત્યભામાના અપમાનનો બદલો લેવા માટે ત્યાંથી ઉઠયા.

कैलासशिखरे गत्वा, स्थित्वा कियदनेहसं । लिलेख रुक्मिणीरूपं, पटे स्वकलया मुनिः ॥६९॥
पटे लिखितमप्याशु, मनोहारि सतामपि । आदाय रुक्मिणीरूपं, चचाल नारदस्ततः ॥७०॥
आच्छाद्याध्वनि वस्त्रेण, धृत्वा भुजांतरे भृशं । विष्णोर्दर्शयितुं रूपं, सोऽचलद् द्वारिकां पुरीं ॥७१॥
चारणर्षिमिवाकाश—मार्गेणायातमादरात् । वीक्ष्याभ्युत्थितमात्मीय—सभास्थेन मुरारिणा॥७२॥
गुणान् वर्धयितुं सौवा—नभ्युत्थायासनादिभिः । मुनिमामंत्रयामास, विनयेन जनार्दनः ॥७३॥
आमंत्रितो मुनिस्तत्रा—सने दत्ते मुरारिणा । हर्षादाशीर्वचो दत्वो—पविष्टः सुस्थिरो यदा ॥७४॥
तदा पृष्टो मुकुंदेन, स्वामिन् विचरसीच्छया । वीक्षितं कौतुकं किंचित् , क्वापि भूमंडले त्वया॥७५॥

मया त्वं परमाभीष्ट–मित्रत्वेन विचिंत्यसे। ततो मदर्थमानीतं, किंचिदाश्चर्यकारणं ॥७६॥
इति प्रोक्ते मुनिर्मौन—माधाय संस्थितो मुदा। पटे लिखितमाकार–मदर्शयज्जनार्दनं ॥७७॥
तं समालोक्य गोविंद—श्चित्ते तन्मयतां धरन्। मेषोन्मेषाबंधकयो—र्नाधाच्चित्रपुमानिव ॥७८॥
अदृष्टचरविभ्राजि—कुतूहलिमनुष्यवत्। पटस्वरूपमालोक्य, सोऽभवच्च सविस्मयः ॥७९॥
तथा भूत्वा कियद्वेलां, दैत्यारिरपि तं मुनिं। पप्रच्छ विकलः किं च, स्त्री दृष्ट्वा विकलो न कः॥८०॥
स्वामिन्निदं किमालेख्य—मात्रमस्ति पटेऽत्र च। अथवा विद्यमानं किं, कलया चित्रितं त्वया ॥८१

રૂક્ષ્મણીને ત્યાંથી નીકળી નારદ કૈલાસ પર્વત ઉપર જઈ કેટલા દિવસ ત્યાં રહીને ખૂબ જ શાંતિ પૂર્વક એક પટ ઉપર રૂક્ષ્મણીનું ચિત્ર પોતાની કલાથી આબેહુબ બનાવ્યું. સંતોને પણ મોહ પમાડે તેવું ચિત્ર લઈને ત્યાંથી નીકળ્યા. રસ્તામાં વસ્ત્રમાં વિંટાળી ભુજામાં રાખીને કૃષ્ણને બતાવવા માટે દ્વારિકામાં આવ્યા.

ચારણઋષિની જેમ આકાશમાર્ગેથી આવતા નારદને જોઈને કૃષ્ણે ઊભા થઈને આદરપૂર્વક આસન આપ્યું. આસન ઉપર બિરાજી કૃષ્ણને આશીર્વાદ આપ્યા.

કૃષ્ણે પૂછયું :–'સ્વામિન્, આપ તો ઈચ્છા મુજબ ભૂમંડલમાં ફરો છો, આપે તો ઘણા આશ્ચર્યકારી કૌતુકો જોયા હશે ? હું તમારો ખાસ મિત્ર છું, તો મારા માટે આશ્ચર્ય કારી કોઈ વસ્તુ લાવ્યા છો ? વિષ્ણુનું વચન સાંભળી મૌનપૂર્વક પેલું ચિત્રપટ ખોલીને બતાવ્યું. અનિમેષ નયને ચિત્રને જોઈને ચિત્ર પુરૂષની જેમ કૃષ્ણ ચિત્રમાં તન્મય બની ગયા. જેમ કોઈ અલૌકિક વસ્તુને જોઈને વિસ્મિત થવાય તેમ કૃષ્ણને આશ્ચર્ય થયું. કેટલીવાર સુધી વિસ્ફારિત નેત્રે ચિત્રને જોઈને કૃષ્ણે પૂછયું :–મુનિ, શું આ કોઈ કલા છે ? આવી કલા હોય જ નહી. અર્થાત્ સ્ત્રીને જોઈને કોણ વિકલ (વિહવલ) ન બને ? સ્વામિન્, આ માત્ર પટમાં આલેખવા પુરતું જ આલેખ્યું છે કે વિદ્યમાન વસ્તુનું ચિત્ર પોતાની કલા બતાવવા માટે આલેખ્યું છે ?'

इति पृष्टेऽब्रवीत्सोऽप्या—लेख्यमात्रं हि नास्त्यदः। किंतु दृष्टं वरं रूपं, मया चित्रितामच्युत!।८२

નારદે કહ્યું:– 'કૃષ્ણ, આ ચિત્રનું કોઇ આલેખન પુરતું આલેખન કર્યું નથી પરંતુ જે સુંદર રૂપ મેં જોયું છે, તેનું જ મેં ચિત્રમાં આલેખન કર્યું છે.'

पुनरप्यच्युतः प्राहा—कर्णितं रूपमीदृशं। त्रिविष्टपेऽसुरीणां वा, सुरीणां वडवामुखे ॥८३॥
तावकीना गतिस्तत्र, प्रवर्तते न सर्वथा। मर्त्यलोके गतिस्तेऽस्ति, न तत्र रूपमीदृशं ॥८४
ततः सम्यक्प्रकारेण, ममाग्रे ब्रूहि सूनृतं। समानीतमिदं रूपं, कृतः कस्याः स्त्रियाः स्फुरत्॥८५॥

કૃષ્ણ કહે : 'સ્વર્ગમાં દેવકન્યાનું અથવા ગાંધર્વ લોકમાં ગાંધર્વ કન્યાનું આવા પ્રકારનુ કદાચ રૂપ હોય, તેવું સાંભળવામાં આવ્યું છે, પરંતુ આપનું ગમનાગમન ત્યાં તો હોતું નથી. મનુષ્ય લોકમાં જ મોટે ભાગે ફરો છો, ત્યારે મનુષ્ય સ્ત્રીનું આવું રૂપ તો હોય નહીં. તો મારી આગળ આપ સાચેસાચી વાત કહો કે આ રૂપ કઈ સ્ત્રીનું છે ?'

प्रतिबद्धं मनस्तत्र, रूपे मत्वा वृषाकपेः । माधवं नारदोऽवादी—द्विहस्य च मनागपि ॥८६॥
मनुष्यलोक एवास्ती—दृशं रूपं मनोहरं । चिंतारत्नमिवानीतं, ढौकनाय पुरस्तव ॥८७॥

વિષ્ણુનું ચિત્ત ચિત્રપટ ઉપર બંધાયેલુ જાણીને કંઇક હસીને નારદે કહ્યું :

આવું મનોહર રૂપ મનુષ્ય લોકનું જ છે. ચિંતામણી રત્ન સમાન આ ચિત્રપટને તમને ભેટ કરવા માટે જ લાવ્યો છુ"

दर्शं दर्शं च तद्रूपं, कृष्णः संस्थितलोचनः । कांतेयं चेन्मया नाप्ता, तदाहं मुषितोऽस्मि च॥८८॥
वर्तते मर्त्यलोकेऽपी—दृशं रूपं मृगीदृशां । न चेद् दृग्गोचरीभूतं. वंचितोऽस्मीत्यचिंतयत्॥८९॥

કૃષ્ણ સ્થિર નેત્રે જેમ જેમ રૂપને જુવે છે તેમ તેમ તે રૂપમાં તલ્લીન બની જાય છે અને વિચારે છે કે આવી સ્ત્રી મને મળી નથી, તો ખરેખર હું ચોરાઇ ગયો છું. મનુષ્ય સ્ત્રીનું આવા પ્રકારનું રૂપ આજ સુધી મને જોવા મલ્યું નથી. તો ખરેખર હું ઠગાઈ ગયો છું

वेणीदंडोऽप्यहो ह्यस्याः, कृष्णभुजंगमायते । दृष्टमात्रोऽपि चेतांसि, हरते कामिनां नृणां॥९०४॥
सत्षोडशकलाधारि—त्वेन माभूद्विधोः स्मयः । पार्वणेंदुकलाखंडं, धातेवास्यादधेऽलिके ॥९१॥
कंदर्पस्य धनुःशास्त्रे, श्रुयते दृश्यते न च । इतीव भ्रुमिषादस्या, धन्वकामेन दर्श्यते ॥९२॥
एतस्या नेत्रसौंदर्य—योगेनैव जिता इव । सारंग्यो नगरं त्यक्त्वा, वनवासं सिषेविरे ॥९३॥
यस्य नासा गता तस्य, न वक्त्रे किमपि स्थितं। अनया नासया कीराः, खे भ्राम्यंति जिता इव९४
बिंबस्य वा प्रवालस्य, माभूत्स्वशोणतास्मयः । धात्रैवास्याः कृतावोष्टौ, रक्तत्वेन द्वयोरपि ॥९५॥
अनयैव गृहीतः स्व—स्वरेण कोकिलध्वनिः । इतीव कालिकां देहे, दुःखेन प्रदधे पिकः ॥९६॥
स्वहृत्सरलतौज्ज्वल्य—सूचनार्थमिवानया । दंतपंक्तौ धृते कुंद—वत्सरलत्वशुभ्रते ॥९७॥
रात्रावेव कला मेऽस्ति,मुखस्यास्यास्त्वहर्निशं। इतीव लज्जया नूनं, न दिवा भाति चंद्रमाः॥९८॥
अस्या एव वरं रूपं, सर्वस्त्रीष्वित्यसौ गले । रेखां कंबुरिवादध्रे, हृदि किंतु न वक्रतां ॥९९॥
मध्ये काठिन्ययोगेन, सौकुमार्येण वा बहिः । एतस्या इव कल्याण—कुंभायेते पयोधरौ ॥३००॥
महाबाहुलते अस्या, विसायेते मनोरमे । अद्भूतं कंटकैर्मुक्ते, सौकुमार्येण संयुते ॥१॥

गंभीरत्वेन पाथोधि—समानं मानसं भृशं । एषा च प्रदधानापि, क्षारत्वेन विवर्जिता ॥२॥
सरसाहारसंप्राप्ता—वप्येषास्ति कृशोदरी । निखिलैरामयैर्मुक्ता, संयुक्ता संस्फुरद्गुणैः ॥३॥
कटिभागतनुत्वेन, सिंहीवासौ प्रवर्तते । नाभिकूपेन लावण्य—पानीयदीर्घिकेव च ॥४॥
नितंबयोश्च पुष्टत्वं, धरत्येषा समांसयोः । रंभास्तंभसमानत्व—मूर्वोर्जान्वोश्च मूढतां ॥५॥
कूर्मपृष्टसमाननौ–न्नत्येन च विशेषतः । पादाभ्यां राजमानाभ्या—मेतस्याः शोभते वपुः ॥६॥
पादपाणितलाशेष–नखेष्वेषा च शोणतां । सारमादाय पद्मादे–र्धत्ते मत्तेभगामिनी ॥७॥
आपादमस्तकं स्त्रीणां, दक्षलक्षणलक्षितं । अस्ति कस्या अदो रूपं, समस्तेंद्रियसुन्दरं ॥८॥
व्यंतरी किन्नरी वापि, राजत्सर्वसुरीवरा । पातालसुन्दरी विद्या–धरी रूपाधिकं त्विदं ॥९॥

ખરેખર, આ સ્ત્રીનો વેણીદંડ (ચોટલો) કાળાનાગ જેવો છે કે જેને જોવા માત્રથી કામીપુરૂષોના ચિત્તને હરી લે છે. ચંદ્રને પણ પોતાની સોળકલાથી સંપૂર્ણ હોવાનું અભિમાન છે. ધનુર્વિદ્યામાં કામદેવના બાણો કોઈએ જોયા નથી અને સાંભળ્યા પણ નથી. તેથી આ સ્ત્રીની બે ભ્રમરોના બ્હાને જાણે કામદેવના બાણો બતાવ્યા ન હોય!

આ સ્ત્રીના નેત્રોની સુંદરતાથી પરાભવ પામેલી બિચારી હરણીઓને નગર છોડીને જંગલમાં વાસ કરવો પડયો લાગે છે!

જેની નાસિકા બરાબર ના હોય તેના મુખમાં કંઈ રહેતું નથી. આ સ્ત્રીની નાસિકાની સુંદરતાથી પરાભવ પામેલા હોવાથી જાણે પોપટોને આકાશમાં ભમવું પડે છે!

બિંબફલ (ગીલોડા) અને પ્રવાલને પણ પોતાની રક્તતાનું અભિમાન ઓસરી ગયું છે. કેમ કે બ્રહ્માએ તે બંનેની રક્તતા (લાલાશ) ને લઈને આ સ્ત્રીના બે હોઠ બનાવ્યા લાગે છે!

પોતાનો મધુર અવાજ લુંટાઈ જવાથી દુઃખી થયેલી કોકિલા (કોયલ)એ તેથી જ પોતાના શરીરે કાળાશ ધારણ કરી નથી શું?

મચકુંદ પુષ્પની સરળતા અને શુભ્રતાને લઈને જ બ્રહ્માએ આ સુંદરીની દંતપંક્તિ બનાવી લાગે છે.

'મારી કલા તો રાત્રિમાં જ ખીલે છે, જ્યારે આ સુંદરીનું મુખ તો દિવસ અને રાત્રિએ નીરંતર ખીલી ઉઠે છે.' આમ શરમાઈને જાણે ચન્દ્ર દિવસે આવતો નહીં હોય?

'સર્વે સ્ત્રીઓમાં આનું રૂપ શ્રેષ્ઠ છે.' એ સૂચવવા માટે જ બ્રહ્માએ કંઠ (ગળા) ઉપર રેખા દોરી ના હોય! અર્થાત્ શંખ સમાન ડોક હોવા છતાં શંખના મધ્યભાગમાં વક્રતા છે જ્યારે આના હૃદયમાં વક્રતાનું નામ નિશાન નથી!

મધ્યમાં કઠીન અને બહાર સુકુમાળ એવા આ સ્ત્રીના બે સ્તન સુવર્ણ કલશ જેવા શોભે છે.

આ સ્ત્રીની બાહુલતા કમલની નાળ જેવી મનોહર છે. પરંતુ આશ્ચર્ય એ છે કે મૃણાલની નાળમાં કાંટા હોય છે, પરંતુ આની ભુજલતા કાંટા વિનાની છે.

આ સુંદરીનું હૃદય સમુદ્ર સમાન ગંભીર છે, પરંતુ સમુદ્ર ખારો છે, જ્યારે આમાં ખારાશનું નામ પણ નથી.

સરસ ભોજન કરનારી હોવા છતાં કૃશોદરિ (પાતળા પેટવાળી) છે અને રોગ-રહિત અને ગુણોથી સહિત છે.

આનો કટીભાગ સિંહણના જેવો મુષ્ટિગ્રાહ્ય છે. એની નાભિ જાણે લાવણ્યની કુપી (કુઈ) જેવી છે.

આના બંને નિતંબ પુષ્ટ અને બે બાજુ સરખા છે. એના સાથળ કેળના સ્તંભ જેવા સુકોમળ અને જાનુ ગૂઢ છે.

કાચબાની પીઠ સમાન ઉન્નત અને સુંદર બે પગની શોભાથી તેણીના શરીરની શોભામાં ઓર વધારો લાગે છે.

રક્તકમલમાંથી સાર તત્ત્વો (લાલાશ)ને લઈને જાણે વિધાતાએ ગજગામિની એવી આ સુંદરીના હાથ-પગના તળીયાં અને નખો બનાવ્યા ન હોય !

પગથી માથા સુધી લક્ષણોપેત આવું સર્વાંગસુંદરરૂપ કઈ સ્ત્રીનું હશે ? અથવા વ્યંતરી કિન્નરી, દેવકન્યા, પાતાલસુંદરી કે વિદ્યાધરીના રૂપથી અધિક રૂપ ધારી આ કોણ સ્ત્રી હશે !

अहो नारदपांडित्यं, कुत एतद्विलोकितं । वीक्षितं च पटेऽनेन, रूपमालिखितं कथं ॥ १० ॥
इति प्रत्यक्षमानेना-पीक्षमाणो मुहुर्मुहुः । संशयाश्रितचेतस्कः, केशवो विह्वलोऽभवत् ॥ ११ ॥

ખરેખર, નારદનું કેવું પાંડિત્ય છે કે જેને એક વખત જોઈને ચિત્રપટમાં સુંદર રૂપનું સરસ આલેખન કર્યું છે !

આ પ્રમાણે સુંદરીને સાક્ષાત્ જાણે જોતા ના હોય તેમ ચિત્રસુંદરીને વારંવાર જોતા શંકિત બનેલા શ્રીકૃષ્ણ વિહ્વલ બની ગયા.

पुनरप्यच्युतोऽवोच-त्कल्पनैः किं प्रयोजनं । हस्तैककंकणादर्श-प्रयोजनमिवावनौ ॥ १२ ॥
अत्याग्रहेण पृच्छामि, नारदमेव केवलं । चिंतयित्वेति गोविंद-स्तमपृच्छत्प्रयत्नतः ॥ १३ ॥
स्वामिन् रम्यमिदं रूपं, समानीतं कुतस्त्वया । सद्यः प्रसद्य हृद्यात्मन्, द्रुतं मे वद तुष्टये ॥ १४ ॥
पटस्थेनाप्यनेनाशु, रूपेण मम मानसं । अक्षोभ्यमपि केनापि, क्षोभितं हस्तिकर्णवत् ॥ १५ ॥
स्तंभितं स्तंभनेनेव, मोहनेनेव मोहितं । यंत्रितं यंत्रकेणेव, मंत्रकेणेव मंत्रितं ॥ १६ ॥

કૃષ્ણ વિચારે છે કે ખાલી કલ્પનાઓ કરવાનું શું પ્રયોજન ? કંકણની જેમ હાથમાં

અરિસો હોય તો પછી દુનિયામાં બીજે ક્યાં જોવા જવાની જરૂર ? માટે સામે જ નારદ છે, તો તેને બધું પૂછી લઉં. જેથી બધી કલ્પનાનો અંત આવી જાય.

એમ વિચારીને કૃષ્ણે પ્રયત્ન પૂર્વક નારદને પૂછયું: 'સ્વામિન્, આવું સુંદર રૂપ તમે કયાંથી લાવ્યા ? મારા સંતોષ માટે આપ કૃપા કરીને જલ્દીથી કહો.' કારણ કે આ ચિત્રપટના રૂપ દર્શનથી અક્ષોભ્ય એવું પણ મારું મન હાથીના કાનની જેમ ચંચળ બની ગયું છે. સ્તંભન વિદ્યાથી જેમ સ્તંભિત થઈ જાય, મોહિની વિદ્યાથી જેમ મોહિત થઈ જાય, યાંત્રિક વિદ્યાથી જેમ યંત્રિત બની જાય અને મંત્ર શક્તિથી જેમ મંત્રિત થઈ જાય તેમ મારું મન ક્ષુબ્ધ બની ગયું છે.'

पृष्टे सतीति भूदिष्ट–तुष्टिमरिष्टनाशिनीं । विभ्रददभ्रशुभ्रार्चि–रमदो नारदोऽवदत् ॥ १७ ॥
कृष्णनाम्नाप्यकृष्णास्य, समाकर्ण्य च निर्णयं । अपि दोलायमानात्त्वं, दुखतां चेतसस्त्यज ॥ १८ ॥
न नैर्जरं न गांधर्वं, न विद्याधरगं ननु । त्वं विजानीहि मानुष्य–रूपमेतद् वृषाकपे ॥ १९ ॥
श्रीकुंडनपुरे स्फरे, हारे क्ष्मायोषितो गले।विभाति भूपतिर्भीष्म–नामा धामाखिलश्रियां ॥ २० ॥
तस्य राज्ञी कलाप्राज्ञी, भूता नूता विशारदैः।तस्याश्चास्ति ह्यसौ पुत्री, पवित्रीकृतभूतला ॥ २१ ॥
रुक्मिणी नामतः ख्याता, प्रदधाति स्ववर्ष्मणि।आबाल्यादपि रूपेण, रेखां लेखांगनेव च ॥ २२ ॥
वैताढ्यपर्वते गत्वा, श्रेण्योर्द्वयोरपि खलु । रुपं विद्याधरस्त्रीणां, मयका प्रविलोकितं ॥२३॥
भूतलेऽपि च सर्वस्मि–न्निरीक्षिता नृपस्त्रियः।रुक्मिणीक्रमणांगुष्ठ–शोभां कापि बिभर्ति न ॥ २४ ॥

કૃષ્ણના અતિ આગ્રહથી તેના નિર્ણયને સાંભળીને નિર્મળ અને પવિત્ર હૃદયવાળા નારદ સંતોષકારી અને સંતાપને દૂર કરનારી વાણીથી કહે છે.

નામથી કૃષ્ણ પરંતુ ઉજ્જવલમુખવાળા હે કૃષ્ણ, ચિત્તની ચંચળતાનો ત્યાગ કરો અને દુઃખથી મુક્ત થાઓ. આ કોઈ દેવકન્યાનું, ગાંધર્વ કન્યાનું કે વિદ્યાધરી કન્યાનું રૂપ નથી. પરંતુ માનવ-કન્યાનું સૌંદર્ય છે.

આ પૃથ્વીતલ ઉપર પૃથ્વીના હાર સમાન અને લક્ષ્મીદેવીના ક્રીડાગૃહરૂપ કુંડિનપુર નામનું નગર છે. ત્યાં ભીષ્મ નામનો રાજા રાજ્ય કરે છે. તેની કલાસામ્રાજ્ઞી વિદૂષી શ્રીમતિ નામની પટ્ટરાણી છે.

તે બંને દંપતીને રૂકિમ નામનો રૂપવાન પુત્ર અને રૂપમાં જગતની સ્ત્રીઓના રૂપને ઓળંગી જાય તેવા અદ્‌ભૂત રૂપને ધારણ કરનારી રૂકિમણી નામની પુત્રી છે.

અરે મોરારિ, એ રૂક્ષ્મણીના રૂપનું વર્ણન કરવાની મારી શક્તિ નથી. ખરેખર, મેં વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં અને ઉત્તર શ્રેણીમાં જઈને વિદ્યાધરીઓનાં રૂપને જોયાં અને ભૂતલમાં લગભગ બધા રાજાઓની રાજરાણીઓ અને રાજકન્યાઓને જોઈ, પરંતુ તે બધીનું રૂપ રૂક્ષ્મિણીના એક અંગુઠા માત્રની શોભા જેવું પણ નથી.

किं तु सा पुण्यलावण्या, त्वया श्रुतवती हरे । तत्किं श्रुतं सभासद्भ्यः सभायां पुरुषोत्तम ॥ २५ ॥
दृष्टा कांता न सा येन, न सा श्रुतवती भुवि । अवतारो मुधा तेषा–मवतीर्णास्तु निष्फलाः ॥ २६ ॥

હે વિષ્ણુ, આની પુણ્યવંતી અને રૂપવતી કન્યા તમે જોઇ નહી હોય અને સાંભળી પણ નહી હોય ! આ સભાના કોઇ સભાસદે પણ જોઈ નહી હોય અને સાંભળી પણ નહી હોય ! ખરેખર, વિષ્ણુ ! આવી રૂપસુંદરીનું દર્શન અને સ્પર્શન જેણે કર્યું નથી તેનો જન્મ નિષ્ફળ છે અને ભૂમિપર તેનો અવતાર ફોગટ છે.

नारदोदितमाकर्ण्य, रुक्मिण्या रुपमद्भुतं । ऊढानूढास्त्यसौ नारी, माधवेनेति भाषितं ॥ २७ ॥
निशम्य नारदः प्रोचे, सोढा नास्ति परं हरे।शिशुपालमहीशाय, ख्यातायास्ति समर्पिता ॥ २८ ॥
शिशुपालेशितुः पार्श्वे, जेतुं जिग मिषो रिपून्।व्रजितं रुक्मिणा प्रेम्णा, पक्षपातचिकीर्षया ॥ २९ ॥
जित्वा प्रत्यर्थिनः प्रत्या–गच्छतोः स्वनिकेतने।भूभृत्कुमारयोः प्रीति–नीरंध्रं समजायत ॥ ३० ॥
शिशुपालाय तुष्टेन, बंधुना तत्र रुक्मिणा।अनापृच्छ्यैव पित्रादीन्, प्रदत्ता रुक्मिणी स्वसा ॥ ३१ ॥
शिशुपालोऽपि भूपालो, विशालकरवालभृत्। वैरिकालो मनःकालो, वीरमान्योऽस्ति सांप्रतं ॥३२॥
अचिंत्यशक्तिधाराणां, देवानामपि दुर्लभा । जीवता तु न सा तेन, मुच्यते रुक्मिणी कनी ॥३३॥

આ પ્રમાણે નારદના મુખે રૂકિમણીના અદ્‌ભૂત રૂપ–ગુણની પ્રશંસા સાંભળીને કૃષ્ણે પૂછયું :સ્વામિન્, આ સ્ત્રી વિવાહિત છે કે અવિવાહિત ?'

નારદે કહ્યું :– વિવાહિત નથી, પરંતુ શિશુપાલ રાજાની સાથે એનું વાગ્‌દાન થયેલું છે. એક વખત શિશુપાલે બલવાન શત્રુને જીતવા માટે ભીષ્મરાજાની મદદ માંગી. ભીષ્મપુત્ર રૂકિમકુમારની મદદથી શિશુપાલે શત્રુ પર વિજય મેળવ્યો. સંતુષ્ટ થયેલા શિશુપાલ અને રૂકિમકુમારની ગાઢ મૈત્રી બંધાણી. રૂકિમકુમારે સ્વદેશ પાછા ફરતી વખતે ઉત્સાહમાં આવીને પોતાની બેન રૂકિમણીને માતા પિતાને પૂછયા વિના જ શિશુપાલને આપી. શિશુપાલ રાજા પણ ખડ્‌ગયુદ્ધમાં (ભયંકર રીતે તલવાર ચલાવવામાં) અજોડ છે. શત્રુઓનો કાળ છે. અને વીરમાની છે.

શિશુપાલ જીવિત છે ત્યાં સુધી તો અચિંત્યશક્તિશાળી દેવોની પણ તાકાત નથી કે એના હાથમાંથી રૂકિમણીને મૂકાવી શકે.

समाकर्ण्येति वैकुंठो, रोमचांचल्यधारणात् । लोके यथार्थनामाभू–न्मतिचैचलतायुतः ॥३४॥
सुकृष्णवदनं कृष्णं, निरीक्ष्य नारदोऽभ्यधात् । सर्वथा मा कृथाश्चेत–श्चितयान्वितमच्युत ॥३५॥
सत्वमेवावलंबस्व, मुख्यः सत्ववता भव । यस्यावलबनेनैव, सिद्ध्यंत्यर्था हि देहिनां ॥३६॥
सत्वोद्यमविधातृणां, फलंत्यर्थाः समीहिता । तस्मात्सत्वोद्यमौ कार्यौ, सुखैषिणा मनीषिणा ॥३७॥

तत्पाणिग्रहणे विष्णो, कामना तव चेद्भवेत् । यावदूढा न सा ताव–त्त्वमेव तां वृणीष्व तत् ।।३८।।
कुमार्या हि विवोढृणां, शतानि पुनरोकसां । क्षमातले समस्तीद––मपि प्रसिद्धमच्युत ।।३९।।
तस्मात्त्वमेव गोविंद, सर्ववीरशिरोमणिः । द्राक्याणिग्रहणं तस्याः, कुरुष्वाश्रित्य साहसं ।।४०।।
एकतः शतशो नार्य, एकतस्ते सहस्रशः । रुक्मिण्याः पुरतो भाति, न काऽपि स्त्री मनागपि ।।४१।।
सर्वासामपि कांतानां, भोगा व्यर्थास्तथा तव । इंद्रियाणां यथा भोगा, जीवतामंतरेण तु ।।४२।।
बहुधा वर्णनैस्तस्या, मोहयित्वेति माधवं । समुत्थितस्ततः स्थाना––न्नारदः कलिकामुकः।।४३।।

નારદે કહેલી વિગત સાંભળીને કૃષ્ણની રોમરાજી ચંચળ બની ગઈ. લોકોક્તિ પ્રમાણે ચંચલતાના કારણે કૃષ્ણનું હરિ (વાનર) નામ યથાર્થ થયું !

કૃષ્ણ વદનવાળા કૃષ્ણને જોઈને નારદે કહ્યું : 'અચ્યુત, ચિંતાતુર ના થાઓ. સત્વનું આલંબન લઈને સત્ત્વશાળી બનો. જે સત્વના આલંબનથી મનુષ્યો સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરે છે. 'જ્યાં સત્વ છે ત્યાં જ સિદ્ધિ છે.' તો સુખના અભિલાષી બુદ્ધિમાન પુરૂષોએ સત્વશીલ અને ઉદ્યમી બની પોતાની ઇષ્ટ સિદ્ધિ માટે પુરૂષાર્થ કરવો જોઈએ.

વિષ્ણુ, જો તમારી ઈચ્છા રૂક્મિણી સાથે પાણિગ્રહણ કરવાની હોય તો જ્યાં સુધી તે કુંવારી છે ત્યાં સુધીમાં તમે પાણિગ્રહણ કરી શકો છો. કુંવારી કન્યાને સો વરને સો ઘર કહેવાય છે. તો વીર શિરોમણી કૃષ્ણ, સાહસ કરીને જલ્દીથી આની સાથે પાણિગ્રહણ કરી લ્યો. ખરેખર કૃષ્ણ, મારૂં માનવું છે કે એકબાજુ સેંકડો, હજારો સ્ત્રીઓ હોય તો પણ રૂક્મિણી આગળ તેઓનાં રૂપગુણની કોઇ વિસાત નથી. જીવિત વિના જેમ ઈન્દ્રિયોના ભોગો નિષ્ફલ છે તેમ સર્વે સ્ત્રીઓ સાથેના ભોગો રૂક્મિણી વિના ફોગટ છે. આ પ્રમાણે રૂક્મિણીના રૂપગુણની ઘણી ઘણી પ્રશંસા કરીને કૃષ્ણને મોહાસક્ત બનાવી કલિપ્રિય નારદ ત્યાંથી ચાલી નીકળ્યા.

समुत्थिते मुनौ तस्मिं––न्मूर्छामापत् त्रिविक्रमः । शीतलैरुपचारैश्च, यादवैः सा निराकृता।।४४।।
मूर्छायां विनिवृत्तायां, तस्याः संगममेव हि । सवांछत्विकलीभूतः, शून्यचित्त इव स्थितः।।४५।।

નારદના ગયા પછી કૃષ્ણ મૂર્છિત થઈ ગયા. યાદવોએ કરેલા શિતલ ઉપચારથી કઈક સ્વસ્થ થયા, પરંતુ રૂક્મિણીના સંગમની પ્રબલ ઇચ્છાથી વિહ્વલ બની ગયા, અને શૂન્ય ચિત્તની જેમ સમય પસાર કરવા લાગ્યા.

इतश्च शिशुपालेन समं नैमित्तिकं वरं । आपृच्छ्य रुक्मिणीलग्ने, पित्रादिभिरुपाददे ।।४६।।

આ બાજુ રૂકિમણીના માતાપિતાએ જ્યોતિષીને પૂછીને શિશુપાલ સાથે રૂકિમણીના લગ્ન નક્કી કર્યા.

रुक्मिण्यापि च तल्लग्नं, विनिश्चितं श्रुतं यदा । तदा चिंतातुरा जाता, सा कृष्णवरणेच्छया ॥४७॥
कृष्णस्य शरणं भूया—न्मरणं शरणं च मे । स्वचित्तालोचमात्रेण, निश्चिकायेति रुक्मिणी ॥४८॥
तथापि कथयामास, पुरतः सा पितृस्वसुः । कृष्णो गृह्णातु मां वाग्नि—र्नान्यः कोऽपि महीतले॥४९॥

કૃષ્ણને વરવાની ઇચ્છાવાળી રૂકિમણી પોતાના લગ્ન નક્કી થયેલાં જાણીને ચિંતાતુર બની ગઈ, અને 'આ જીવનમાં કૃષ્ણ જ મારા શરણ છે નહીતર મરણ એજ મારૂં શરણ છે. આ પ્રમાણે મનમાં દૃઢ સંકલ્પ કર્યો. તેણે ફઈની આગળ પોતાનો નિશ્ચય જણાવ્યો :–આ જગતમાં વિષ્ણુ જ મારા પતિ થાઓ. નહીતર અગ્નિ એ જ મારૂં શરણ હો.'

समाकर्ण्येति रुक्मिण्या, वचनं दुःखगर्भितं । पितृस्वसा जगौ वत्से, माकार्षीर्दुःखमुच्चकैः॥५०॥
यदि त्वं कथयेस्तर्हि, दुःखं त्वरितमेव ते । निराकर्तुमुपायं च, विदधामि मनीषया ॥५१॥
श्रुत्वा पितृस्वसुर्वाक्यं, वरमित्यभिधाय सा । रुक्मिण्युवाच तत्तूर्णं, कुरु त्वं मम शर्मणे ॥५२॥

રૂકિમણીનાં દુઃખ પૂર્ણ વચન સાંભળીને ફઈએ આશ્વાસન આપ્યું :–'બેટી, તું જરા પણ ચિંતા કરીશ નહી. જો તારો આ જ દૃઢ સંકલ્પ હોય તો દુઃખને દૂર કરવાનો ઉપાય વિચારૂં.' ફઈના આવાં આશ્વાસનનાં વચન સાંભળીને રૂકિમણીએ કહ્યું :–'મારા સુખને માટે આપ જલ્દીથી ઉપાય શોધો.'

उभाभ्यामपि गोविंद—संगृहद्भ्यां ततो मुदा । मिलित्वा लिखितं पत्रं, ज्ञापयितुं वृषाकपेः ॥५३॥
घनाश्रये सहस्रांशु—र्दुरे यद्यपि तिष्ठति । तथापि नलीनी भानोः, सरःस्था करमीहते ॥५४॥
द्वारिकायां तथा विष्णोः, संस्थितस्य तवैव हि । समीहते करस्पर्शं, रुक्मिणी कुंडिनस्थिता ॥५५॥
पत्रिकायां लिखित्वेति, ताभ्यां प्रेषयितुं ददे । नाम्ना च परिणामेन, दूताय वत्सलाय सा ॥५६॥

ત્યાર પછી બંનેએ મળીને રૂકિમણીના હૃદયંગત ભાવને જણાવતો પત્ર કૃષ્ણને લખ્યો. 'આકાશમાં દૂર રહેલા સૂર્યનાં કિરણોને (કર) જેમ અહીં સરોવરમાં રહેલી કમલિની ઇચ્છે છે, તેમ કુંડિનપુરમાં રહેલી રૂકિમણી દ્વારિકામાં રહેલા આપ વિષ્ણુના કર (હાથ) ની અંખના કરી રહી છે.' આ પ્રમાણે પત્ર લખી બંધ કરીને, તે બન્નેએ 'વત્સલ' નામના દૂતને પત્ર આપીને દ્વારિકા મોકલ્યો.

पत्रिकां तां समादाय, चचाल सोऽपि सत्वरं । अतिक्रम्य बहुं मार्गं, द्वारवतीमवाप्तवान् ॥५७॥

પત્રિકા લઈને દૂત પણ અતિત્વરાએ પ્રયાણ કરતો અનુક્રમે દ્વારિકા પહોંચ્યો.

संक्रंदनपुरी रम्यो—त्तीर्णास्ति किं त्रिविष्टपात् ।तस्याः शोभां समीक्ष्येति, दध्यौ संदेशहारकः॥५८॥
त्रिभूमान्निखिलेभ्योऽपि, प्रासादांश्च लघीयसः । समालोक्याभवत्तत्र, दूतो विस्मितमानसः॥५९॥
श्रीमुकुंदनरेंद्रस्य, प्रासादोऽयं भविष्यति । आशंक्य गमनात्तत्र, निषिद्धयते जनैस्ततः ॥६०॥
यत्र यत्र व्रजत्येष, उद्दीश्य स्वमनीषया । नेत्ययं कृष्णराजस्य, निषिद्धयते ततस्ततः ॥६१॥
एवं पर्यटतस्तस्य, तत्राभवद्दिनत्रयी । पृष्टं जिज्ञासया तेन, तदा मर्त्यस्य कस्यचित् ॥६२॥
तेन सार्धं समागत्य. प्रासादो नरकद्विषः । दर्शितो दूरतस्तस्य, दूतस्योदंतवादिनः ॥६३॥
राजद्वारं समायातो, यावत्संदेशहारकः । प्रतीहारेण तावत्स, जल्पितः कुत आगतः ॥६४॥
सोऽप्युवाच प्रतीहार—महं वैदेशिकोऽस्मि वा। दूरदेशात्समायातः, कृत्यमुद्दिश्य सुंदर ! ॥६५॥
ततस्तवाधिनाथस्य, द्रुतं परोपकारक । त्वं समागमनं गत्वा, मामकीनं निवेदय ॥६६॥

દ્વારિકાની શોભા જોઈને દૂત વિચારે છે :-'અરે, સ્વર્ગમાંથી ઇન્દ્રની-અલકાપુરી તો આ પૃથ્વી ઉપર ઉતરી આવી નથી ? ખરેખર આ તો કોઈ સ્વર્ગનો ટુકડો લાગે છે.' નાનામાં નાના ત્રણ માળના દરેક મહેલો જોઈને દૂત વત્સલ વિસ્મય પામ્યો. 'આવડી મોટી નગરીમાં મારે કૃષ્ણનો મહેલ કયાં શોધવો ?' જ્યાં જ્યાં પાંચ-સાત માળના પ્રાસાદો જુવે છે અને પૂછે છે :- 'આ કૃષ્ણમહારાજનો મહેલ છે ?' એમ પૂછતા પૂછતા અને નગરીમાં ભમતાં ભમતાં તેના ત્રણ દિવસ નીકળી ગયા, છતાં કૃષ્ણનો રાજમહેલ જડયો નહિ. નિરાશ થયેલા વત્સલને એક સજ્જને પૂછયું :-'ભાઈ તમારે કોનું કામ છે ?' વત્સલે કહ્યું :- 'મહાયશ, મારે અહીંયાના રાજાધિરાજ કૃષ્ણમહારાજને મળવું છે.' તે સજ્જન પુરુષ વત્સલને સાથે લઈ ગયા અને દૂરથી કૃષ્ણનો રાજમહેલ બતાવ્યો. રાજમહેલ જોઈને વત્સલ વિસ્મત બની ગયો. દરવાજે આવ્યો ત્યારે પ્રતિહારે રોકીને પૂછયું :-'આપ કયાંથી આવો છો ?' તેને કહ્યું :-'હું વિદેશી છું. દૂર દૂરથી કોઈ કાર્ય માટે આવ્યો છું. આપના મહારાજનાં દર્શન કરવાની મારી ઇચ્છા છે. તો પરોપકારી, મહારાજાને મારા આગમનના સમાચાર જણાવો અને મને મહારાજાનાં દર્શન કરાવો.'

उत्थाय बचसा तस्य, दूतो वैदेशिकः प्रभो ! । दिदृक्षुर्दर्शनं तेऽत्रा—यातोऽस्तीति व्यजिज्ञपत्॥६७॥
युष्माकं चेद्भवेदाज्ञा, ममादेशविधायिनः । युष्माकं दर्शनं द्रष्टुं, समागंतुं ददामि तं॥६८॥

પ્રતિહારી ઉઠીને રાજમહેલમાં ગયો. મહારાજાને પ્રણામ કરીને કહ્યું : 'મહારાજા કોઈ વિદેશી પુરુષ આવ્યો છે. તે આપનાં દર્શનની આશા રાખે છે. જો આપની આજ્ઞા હોય તો આપના માટે રાજસભામાં આવવાની અનુમતિ આપું.'

आकर्ण्य वचनं तस्य, जगाद पुरुषोत्तमः । देहि देहि समायातुं, तं वैदेशिकमुत्तमं ॥ ६९ ॥
शिरस्यारोप्य गोविंद–वचनं द्वारपालकः । प्रत्यागत्य च तं दूतं, समानयन्नृपांतिकं ॥ ७० ॥
द्वाभ्यामपि समागत्य, सत्रा कृत्वा शिरोञ्जलिं । देवेंद्र इव देवाढ्यः सभास्थः प्रणतो हरिः ॥ ७१ ॥
स्वामिन् वैदेशिकः सोऽयं, यो मया प्रतिप्रादितः।संसत्स्थपुंडरीकाक्षं, प्रतीहारोऽब्रवीदिति ॥ ७२ ॥
कृष्णस्तद्दर्शनेनैव समुल्लसितलोचनः । समेतस्त्वं कुतो दुतेत्यप्राक्षीत्स्वयमेव च ॥ ७३ ॥
कृष्णराजं तदीयां च पर्षदं प्रविलोक्य सः । दूतः क्ष्मासर्वमैश्वर्य–मत्रैवास्तीत्यचिंतयत् ॥ ७४ ॥
ज्ञः प्रस्तावोचितं जल्पे–न्नत्वेति विनयेन सः । श्रीकुंडिनपुरादेत, इत्यवोचत्स संसदि ॥ ७५ ॥
तदा कृष्णेन विज्ञानं, रुक्मिण्यभिधया जनः । अन्येन प्रेषितो माभू–न्मम ज्ञापयितुं द्रुतं ॥७६॥
स्वचेतसीति संकल्प्य, पृष्टुं तं विजने ततः । संसद्विसर्जनोपायं, चिंतयामास केशवः ॥७७॥
दूतेनाप्युदितं स्वामि–न्नेकांते किंचिदस्ति ते । कथनीयं महाह्लाद–विनिर्मितिपरायणं ॥७८॥
विसृज्य संज्ञया शीघ्रं, समस्तामपि संसदं । समादाय समं दूत–मुत्थितः सबलोहरिः ॥७९॥
विजने भवने गत्वा, स्थित्वा योग्यासने च तौ । अप्राष्टां रामगोविंदौ, तं योग्यासनसंस्थितं॥८०॥
दूत त्वं प्रेषितः केना–यातो वा केन हेतुना । द्वाभ्यामपीति पृष्टः संयोज्य द्वौ करौ जगौ ॥८१॥
निवेदयामि यत्स्वामि–न्नहं तव पुरो वचः । निःशेषमपि विज्ञेयं, त्वयका सत्यमेव तत् ॥८२॥

દ્વારપાલનાં વચન સાંભળીને પુરૂષોત્તમે કહ્યું :–આવવા દે, આવવા દે એ વિદેશી પુરુષને.' કૃષ્ણની આજ્ઞા શિરોધાર્ય કરીને દ્વારપાલ પાછો આવીને તે દૂતને રાજાની પાસે લઈ ગયો. તે બંનેએ સાથે રાજસભામાં આવીને, મસ્તકે અંજલિ કરીને, દેવસભામાં દેવેન્દ્રની જેમ સભાસદોની મધ્યમાં રહેલા કૃષ્ણને નમસ્કાર કર્યા.

દ્વારપાલે રાજાને કહ્યું : 'સ્વામિન્, મેં જે કહેલું તે આ વિદેશી પુરુષ આપના દર્શન માટે આવેલા છે. પ્રસન્ननેત્રે દૂત સામે જોઈને કૃષ્ણે પૂછયું : 'તમે કયાંથી આવો છો?' દૂતે કહ્યું :–'સ્વામિન્, આપને અને આપની રાજસભાને જોઈને વિચારૂં છું કે, 'પૃથ્વીનું સમસ્ત ઐશ્વર્ય જાણે અહીં આવીને વસ્યું છે.' આ પ્રમાણે અવસરોચિત ભાષણ કરી વિનયપૂર્વક બોલ્યો. 'હું કુંડિનપુરથી આવું છું.' કુંડિનપુરનું નામ સાંભળી કૃષ્ણના મગજમાં સ્ફુરણા થઈ: 'રૂકિમણીએ આ માણસ દ્વારા મને સંદેશો તો મોકલ્યો નહી હોય?' તેટલામાં દૂતે જ કહ્યું : 'સ્વામિન્, આપને આનંદપ્રદ સમાચાર આપવા આવ્યો છું.' તરત જ કૃષ્ણે ઇશારાથી સમસ્ત સભાનું વિસર્જન કર્યું દુતને સાથે લઇ, કૃષ્ણ અને બલભદ્ર મંત્રણાગૃહમાં ગયા. ત્યાં યોગ્ય આસન ઉપર બેસી કૃષ્ણે દૂતને પૂછયું : 'તમને કયા કારણે કોને અહીં મોકલ્યા છે?' બે હાથ જોડીને દૂતે કહ્યું : 'હું આપની પાસે જે કાંઈ વાત કરૂં તે આપ બિલકુલ સત્ય માનશો.

श्रीकुंडिनपुरे कुंडा–नुकारे संपदंबुभिः।राजते निजतेजोभि—र्भीष्मराजो जिताहितः ॥ ८३ ॥
तस्य प्रिया प्रियालाप–कलापाठविचक्षणा । वलक्षैर्लक्षणैर्देवी–वाऽस्ति किंनु पतिव्रता ॥ ८४ ॥
तया पतिव्रताधर्म—भाक्त्वेन सुषुवे ऽङ्गजः । समग्रोदग्रसंग्राम–राजद्विजयराजितः ॥ ८५ ॥
शंकरस्य यथा सूनुः, समभूच्छिखिवाहनः । यथेंद्रस्य जयंतश्च, तस्य रुक्मिसुतस्तथा ॥ ८६ ॥
अन्या च तनया न्याय–भूयो विनयसंयुता । योगिनामपि चेतांसि, कंपयती कलावतां ॥ ८७ ॥
पुरंदराद्यथोत्पन्ना, जयंती नामतोंगजा । पारावाराद्यथा लक्ष्मी–र्हिमाचलाद्यथा शिवा ॥ ८८ ॥
यथा सरस्वती धातु–श्चंद्रतश्चंद्रिका यथा। तथा भीष्मनृपाज्जाता, रुक्मिणी विश्रुता सुता॥ ८९ ॥

'સંપત્તિરૂપી જલથી પરિપૂર્ણ કુંડના આકારે રહેલા શ્રીકુંડિનપુર નગરમાં શત્રુઓને માટે ભયંકર એવો પરાક્રમી ભીષ્મ રાજા રાજ્ય કરે છે. તેની પ્રિયભાષિણી, લક્ષણવંતી, વિદૂષી અને પતિવ્રતા એવી શ્રીમતી નામની રાણી છે. તે દંપતીનો, શંકરનો જેમ કાર્તિક સ્વામી અને ઇન્દ્રનો જેમ જયંત નામે પુત્ર છે તેમ યુદ્ધ કલામાં વિશારદ રૂક્મિકુમાર નામનો પુત્ર છે. અને ઇન્દ્રની જેમ જયંતી, સમુદ્રની જેમ લક્ષ્મી, હિમાલયની જેમ પાર્વતી, બ્રહ્માની જેમ સરસ્વતી, ચન્દ્રની જેમ ચન્દ્રિકા તેમ કલાકાર અને યોગીપુરૂષોના પણ ચિત્તને ચંચળ બનાવી દે તેવી સુંદર રૂપવતી 'રૂક્મિણી' નામની પુત્રી છે.

शिशुपालाय सा दत्ता, सहोदरेण रुक्मिणा । गतेन भवनं तस्य, मानितेन मुहुर्मुहुः ॥ ९० ॥
मणीवात्यद्भूताभाभी, रुक्मिणी रमणीषु सा। अपृष्ट्वैव स्वपित्रादीन्, ददे संग्राममानतः ॥ ९१ ॥
तां दत्वा यावदागत्य, स्वजनानां पुरो जगौ । समस्तै रपि तत्ताव–त्स्वीकृतं योग्यतावशात्॥ ९२ ॥
मिथस्तयोर्विवाहाय, लग्नं पित्रादिभिः शुभं।पृष्टं नैमित्तिकस्यासा–वपि तद्वीक्ष्य दत्तवान् ॥ ९३ ॥
माधश्वेताष्टमीघस्रे, नक्षत्रेच शुभे विधौ । समस्ति लग्नमादत्तं, रुक्मिणीशिशुपालयोः ॥ ९४ ॥

એક વખત શિશુપાલની મદદે ગયેલા રૂક્મિકુમારે તેના શત્રુને વશ કરી આપવાથી શિશુપાલ રૂક્મિકુમારને આદરપૂર્વક પોતાને ત્યાં લઈ ગયો. ત્યાં શિશુપાલે રૂક્મિકુમારને ઘણું સન્માન આપ્યું. ઉત્સાહિત બનેલા રૂક્મિકુમારે માતા પિતાને પૂછયા વિના જગતની સ્ત્રીઓના રૂપ સૌન્દર્યમાં એક રેખા સમાન મણી જેવી તેજસ્વી પોતાની બેન રૂક્મિણીને શિશુપાલને આપી. કુંડિનપુર આવીને માતા પિતા સ્વજન વિગેરેને વાત કરી. રૂક્મિકુમારની વાતને બધાયે વધાવી લીધી. માતા પિતાએ શિશુપાલ અને રૂક્મિણીના લગ્ન જ્યોતિષીને પૂછીને નક્કી કર્યા. તે મહાસુદ અષ્ટમીના શુભ મુહૂર્તે લગ્ન નિશ્ચિત થયાં છે.

अत्रांतरे मुनिः प्राप्तो, नारदो नृपपर्षदं । तत्राशीर्वाददानेन, संतोष्य संस्थितः क्षणं ॥ ९५ ॥
स्थित्वा भूमिविभोः शीघ्र–मंतःपुरदिदृक्षया।पृष्ट्वा जिगमिषुस्तत्र, प्राविशन्नारदो मुनिः ॥ ९६ ॥
अंतःपुरेऽभवद्भीष्म–भूपस्य विधवा स्वसा । तयासनादिदानेन, मुनिः सन्मानितो भृशं ॥ ९७ ॥
सत्कारितः स्थितस्तत्रा—सने पुरस्थया तया । आकार्य निखिला राज्ञो, राज्योघ्र्योर्नामिता मुनेः९८
आशीर्वचःप्रदानेन. यावत्तास्तोषिता भृशं । पृथक्सा रुक्मिणी ताव—त्पातिता क्रमयामले ॥९९॥
प्रणतोऽहं पृथक्त्वेना—नया यदि पदद्वये । अस्याः पृथग्ददाम्याशी—र्वचस्तेनेति तद्दे ॥४००॥
द्वारवतीपुरीराजा, यदुकोटिनिषेवितः । त्रस्तसमस्तविद्वेषी, हरिर्बंशहरिर्हरिः ॥१॥
स स्तात्तव धवस्त्वं तु, तदग्रमहिषी भव । इत्याशिषमसंभाव्यां, श्रुत्वा सा विस्मिताऽभवत् ॥२॥
कथयित्वेति रुक्मिण्या, नारदर्षिः समुत्थितः । त्वदेकमनसा विष्णो, यत्तयाकारि तच्छृणु ॥३॥
न धान्यादि क्षुधा भुंक्ते, सखीभिः सह वक्ति न । न च स्नाति जलैर्देहे, परिधत्ते न सा स्रजं ॥४॥
स्वजने विजने वाप्यु—द्याने नैव च कानने । प्रासादे सा विषादेन, न कापि लभते रतिं ॥५॥
अंगारानिव शृंगारान्, विदत्यंगे दधाति न। भूमिलोठनतश्चेयं, धूलिलेपनधारिणी ॥६॥
राक्षसीवासिता रात्रि—स्तस्या अस्ति भयंकरी । शुक्लायां निशि चंद्रोऽपि, पादैरेव निहंति तां ॥७॥
ततो नान्नरुचिर्विष्णो, तस्याः समस्ति वासरे ।वियोगिन्याश्च योगिन्या, इव निद्रापि नो निशि॥८॥
चक्रवाकी रविं दृष्ट्वा, दिवसे लभते सुखं। चकोरी च विधुं सा तु, त्वां विना कमपीह न ॥९॥
तवैव नाम ध्येयेन, ध्यानेन च तवैव हि। दुःखिन्यपि मुकुंदासौ, कन्या जीवति केवलं ॥१०॥
ततः स्वदर्शनेनैव, पयोदेन लतामिव । तत्र गत्वा हरे त्वं तां प्रेम्णा पल्लवय द्रुतं ॥११॥

એક વખત નારદ મુનિ ભીષ્મ રાજાની રાજસભામાં પધાર્યા હતા. રાજાએ આદરસત્કાર કરી તેમનું સન્માન કર્યું હતું. થોડી ક્ષણો ત્યાં રહીને રાજાને પૂછી અંતઃપુર જોવા માટે નારદજી અંતઃપુરમાં ગયા હતા. ત્યાં રાજાની વિધવા બેન ભદ્રિતાએ અભ્યુત્થાનપૂર્વક સત્કાર કરી આસન આપીને સન્માન કર્યું હતું. રાજાની બધી રાણીઓએ નારદજીના ચરણ સ્પર્શ કરી નમસ્કાર કર્યા. નારદે તે બધાને અલગ અલગ આશીર્વાદ આપીને સંતુષ્ટ કરી. તેમાં રૂક્મિણીને ઘણા પ્રેમપૂર્વક જુદો જ આશીર્વાદ આપ્યો. "હરિવંશને વિષે સિંહ સમાન, શત્રુઓ માટે કાળ સમાન, કોડો યાદવો જેની સેવા કરી રહ્યા છે એવા દ્વારકાધિપતિ શ્રીકૃષ્ણ તારા પતિ થાઓ. તું તેમની મુખ્ય પટ્ટરાણી થા.' આ પ્રમાણેના અસંભવિત આશીર્વાદને સાંભળીને રૂક્મિણી આશ્ચર્યમુગ્ધ બની ગઇ. નારદ તો આશીર્વાદ આપી અને વિષ્ણુના ગુણગાન કરીને ત્યાંથી ચાલ્યા ગયા. પરંતુ રૂક્મિણી આપના પ્રત્યે ગાઢ અનુરાગિણી બની ગઇ. રાત ને દિવસ એક ચિત્તે વિષ્ણુનું ધ્યાન ધરતી રહી છે. રાજન્, રૂક્મિણીની સ્થિતિની શી વાત કરૂં ? ખાતી નથી, પીતી નથી, સખીઓ સાથે હાસ્ય વિનોદ કરતી નથી, શરીરની શુશ્રુષા કરતી

નથી. વિલેપન કે સ્નાન પણ કરતી નથી. પરિવારની સાથે હોય કે એકલી હોય, ઉદ્યાનમાં હોય કે સરોવરમાં હોય, તે જલક્રીડા કે આરામ ક્રીડા કરતી નથી. જંગલમાં હોય કે મહેલમાં હોય, આખો દિવસ વિષાદથી ઘેરાયેલી રહે છે. કયાંય એને ચેન પડતું નથી. કશાયમાં એને આનંદ નથી. અલંકાર તો એને અંગારા સમાન લાગે છે. શરીર પર એક પણ અલંકારને પહેરતી નથી. કોઈ જાતના શણગાર સજતી નથી. જમીન ઉપર સૂઇ જાય છે. ભૂમિ ઉપર આળોટે છે. શરીર ધુળથી ખરડાયેલું રહે છે. રાત્રિ રાક્ષસીની જેવી ભયંકર લાગે છે. પૂર્ણિમાનો ચન્દ્ર પણ તેને શિતલતા આપી શકતો નથી. વિયોગિની રૂકિમણીને દિવસે અન્ન રૂચિ થતી નથી અને રાત્રિએ યોગિનીની જેમ નિદ્રા રૂચી થતી નથી. અર્થાત્ નિદ્રા આવતી નથી. ચકવાકી સૂર્યને જોઇને આનંદ પામે છે, ચકોરી ચન્દ્રને જોઇને આનંદ પામે છે તેમ આપના દર્શનથી જ તેને આનંદ થશે. સુખ થશે. આપ સિવાય કોઈ એને સુખ આપી શકે તેમ નથી. ધ્યાન-ધ્યેય વિગેરે બધું તેને માટે એક આપ જ છો. ખરેખર, રાજન્, રૂકિમણી ફક્ત આપના ધ્યાનથી જ જીવિત રહી શકી છે. તો મેઘ વડે જેમ લત્તા પલ્લવિત થાય તેમ આપ આપના દર્શન વડે તેને પલ્લવિત કરો. જલ્દીથી ત્યાં પધારીને તેના પર પ્રેમવારિનું સિંચન કરો.

दूतप्रोक्तं वचः श्रुत्वा, शृण्वाने नीलवाससि। दूतं त्रिविक्रमः प्राह, वरीतुं तां यियासया ॥१२॥
श्रीकुंडिनपुरे तत्र, दूत व्रजाम्यहं कथं। कथंचिद्यदि गच्छामि, तदा सा मे मिलेत्कथं ॥१३॥

બલભદ્ર અને કૃષ્ણે દૂતનું કથન સાંભળીને રૂકિમણી સાથે પરણવાની ઇચ્છાવાળા શ્રીકૃષ્ણે કહ્યું : 'દૂત, કુંડિનપુર કેવી રીતે જવું ? ત્યાં આવું, પણ તે મને કેવી રીતે મળશે ?'

इति पृष्टे मुकुंदेन दूतो, विज्ञपयत्यलं। श्रीकुण्डिनपुरोपांते, प्रमदाख्यं बनं महत् ॥१४॥
सफलाः सहकाराश्च, सरसाः सुरपर्णिकाः। सुरंगा नागरंगाश्च, बकुला मातुलिंगकाः ॥१५॥
नागवल्लयः कदल्यश्च, कुवल्लयो गिरिमल्लिकाः।राजं तेऽनेकजातीया, वने तत्रेति शाखिनः ॥१६॥
प्रभूतैः पादपैस्तत्र, तमावृतः समंततः। अशोकनामधेयोस्ति, शाखी शोकविनाशकः ॥ १७ ॥
वैजयंती निबद्धास्ति, तस्योपरि महत्तमा। द्राक्त्वामाकारयंतीव, वायुना कंपनच्छलात् ॥ १८ ॥
भूपालस्वसुपुत्रीभ्यां, पूर्वमेव नरायण।त्वदर्थं स्थापिता तस्या—धस्तान्मूर्तिर्मनोभुवः ॥ १९ ॥
उपकाररतेनाथ, तत्रागम्यं त्वया द्रुतं ।तस्या जीवितदानार्थं, स्थेयं गुल्मांतरालके ॥ २० ॥
कामार्चापूजनव्याजा-त्स्वभ्रात्रादीन् प्रतार्य च।रुक्मिण्यपि विभो तत्र, संकेतेनाऽऽगमिष्यति॥२१ ॥
युवयोर्निर्भरं, स्वांत—स्नेहयोरुभयोरपि। मिलनं नाथ तत्रैव, भविष्यति सुखावहं ॥ २२ ॥
केनचित्कारणेनापि, यदि त्वं नागमिष्यसि।त्वद्वियोगेन सा बाला, मरणं तर्हि लप्स्यते ॥ २३ ॥
ममोपरि कृपां कृत्वा, त्वदागमनसूचकं।देहि देहि द्रुतं किंचि—द्यथा यामि निजे पुरे ॥ २४ ॥

એ સાંભળીને દૂતે કહ્યું :-'સ્વામિન્ કુંડિનપુર નગરની પાસે 'પ્રમદ' નામનું મોટું વન છે. તે પ્રમદ વનમાં આમ્રવૃક્ષ વટવૃક્ષ નારંગી, મોસંબી, બકુલ બિજોરા, નાગરવેલ, કદલી (કેળા) કમલવન અને ગિરિમલ્લિકા આદિ અનેક જાતના નવપલ્લવિત વૃક્ષોની ઘટા રહેલી છે. ચારે તરફ અનેક વૃક્ષોના સમૂહ વચ્ચે શોકનો નાશ કરનાર વિશાલકાય અશોક નામનું મહાવૃક્ષ છે. તેના ઉપર સુંદર ધજા રહેલી છે. તે પવનથી કંપાયમાન થવાના બ્હાને જતા આવતા મુસાફરોને જાણે પોતાના તરફ બોલાવતી ન હોય તેવી છે. રાજન્, રાજાની બેન રૂક્મિણીએ આપના માટે જ અશોકવૃક્ષની નીચે કામદેવની મૂર્તિ સ્થાપન કરી છે. તો પરોપકાર પરાયણ એવા આપ રૂક્મિણીને જીવિત દાન આપવા માટે ત્યાં જલ્દીથી પધારો. આપે વૃક્ષના ઝુંડ વચ્ચે રહેવું. સ્વામિન્, પોતાના માતા-પિતા બંધુ વિગેરે સ્વજનોને છેતરીને કામદેવની પૂજાના બ્હાને સંકેતને અનુસારે રૂક્મિણી ત્યાં આવશે. ત્યાં આપના બન્નેનું સુખદાયી સ્નેહપૂર્ણ મિલન થશે.

જો આપ કોઈ કારણવશાત્ ત્યાં નહી પધારો તો આપના વિયોગે તે બાળા મૃત્યુ પામશે. તો આપ મારા ઉપર કૃપા કરીને અવશ્ય આવવાની નિશાની રૂપે મને કંઇક આપો. તે લઈને હું હવે અહીંથી જલ્દી કુંડિનપુર પહોંચી જઉં.'

इत्युक्ते तेन दूतेन, पत्रं सुवर्णभूषितं । स्वहस्तमुद्रिकां दत्वा, श्रीपतिर्विससर्ज तं ॥ २५ ॥
वस्त्रालंकारदानेन, कृष्णेन तोषितो भृशं । प्रणत्य पुंडरीकाक्षं, स दूतश्चलितस्ततः ॥ २६ ॥

દૂતનું કથન સાંભળીને હર્ષિત થયેલા શ્રીકૃષ્ણે સુવર્ણભૂષિત પત્ર અને પોતાના નામની મુદ્રિકા આપીને, અને વસ્ત્ર અલંકાર વિગેરે બક્ષિસ આપીને, દૂતને વિસર્જન કર્યો. દૂત પણ કૃષ્ણને નમસ્કાર કરીને ત્યાંથી રવાના થઈ ગયો.

दूतेऽथ प्रस्थिते तत्र, तन्मयः पुरुषोत्तमः । अविलंबं स्वयं गंतु-मुपायं हृद्यचिंतयत् ॥ २७॥
चेद्बलेन युतो यामि, तद्वार्ता प्रसरिष्यति । दुःखिनी सत्यभामापि, भविष्यति च मत्प्रिया ॥२८॥
एकाकित्वेन वा यामि, न तदप्यायतिप्रियं । दुःखिताया अपि तस्याः सांत्वनेच्छा महीयसी॥२९॥
अहं संकर्षणश्चापि, द्वावेवात इतो द्रुतं । याबः स्यंदनमारुह्य, केनाप्यज्ञातगोचरौ ॥३०॥
समारुह्य रथं रंगत्तुरंगम-समन्वितं । निशीथे रामगोविंदौ,ससन्नाहौ प्रचेलतुः ॥३१॥

દૂતના ગયા પછી તન્મય બની ગયેલા કૃષ્ણ ત્યાં કેવી રીતે જલ્દીથી પહોંચવું, તેના ઉપાયો વિચારવા લાગ્યા. 'જો હું સૈન્ય લઈને જાઉં તો વાત બહાર પ્રસરી જાય અને મારી પ્રિયા સત્યભામાને પણ દુઃખ થાય. અને જો એકાકી જાઉં તો પરિણામ સારૂં ના આવે. અને દુઃખી થયેલી રીસાયેલી સત્યભામાને શાંત કરવી મુશ્કેલ થઇ પડે. બસ, હું અને બલભદ્ર કોઇ ન જાણે તે રીતે રથમાં બેસીને અહીંયાથી નીકળી જઈએ. એ જ માર્ગ શ્રેષ્ઠ

છે. " આ પ્રમાણે વિચારી કૃષ્ણ અને બલભદ્ર બંને ભાઇઓ શસ્ત્ર-સરંજામ સહિત વાયુવેગી રથમાં બેસીને મધ્યરાત્રિએ દ્વારિકામાંથી રવાના થઇ ગયા.

रहोयाने बलानीव, शस्त्राण्येव बलाच्युतौ । जानंतौ भूरिशः शीघ्रं, सार्थे तान्येव बभ्रतुः ॥३२॥
प्रद्योतनरथौपम्यं, धरंतं वेगतो रथं । समारुढौ बलोपेन्द्रा—वेयतुः कुंडिनांतिकं ॥३३॥
दृश्यते रिपुविस्तारो, महानावां तु रंहसा । द्वावेवात्र समायातौ, पद्धतिः का करिष्यते ॥३४॥
बिचारे क्रियमाणे च, समाचख्यौ हली हरिं । यत्रैकाकी भवेत्सिंह—स्तत्र किं श्वापदैः परैः ।३५॥
राममुवाच कृष्णोऽपि, भ्रातस्तवानुभावतः । मनागप्यावयोर्भीति—र्नास्ति कुतोऽपि वैरितः॥३६॥
द्वौ तौ च सत्वकलितौ बलधैर्यवर्या—वात्मीयशक्तिविजिताखिलदुष्टदस्यू ।
श्रीकुंडिनाभिधपुरस्य समीपवर्त्यु—द्यानं समेयतुरनोकहराजमानं ॥३७॥

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीसांबप्रद्युम्नचरित्रे रुक्मिणीपाणिग्रहणाय श्रीकृष्णराजस्य कुंडिनपुरोपांतकाननागमनकथनो नाम चतुर्थः सर्गः समाप्तः ॥ श्रीरस्तु ॥

'શસ્ત્રો એ જ એમનું વિશાલ સૈન્ય છે,' એમ જાણતાં બંને ભાઈઓ રસ્તામાં પોતપોતાના શસ્ત્રોને સંભાળી રહ્યા. સૂર્યના રથની જેમ તીવ્રગતિએ દોડતા રથ ઉપર આરૂઢ થયેલ ઈન્દ્ર અને બલીન્દ્રની જેમ કૃષ્ણ અને બલભદ્ર કુંડિનપુરની નજીકમાં આવી ગયા. દૂરથી જોયું તો ત્યાં કુંડિનપુરની ચારે બાજુ શત્રુસેના પથરાયેલી જોઈ વિચારવા લાગ્યા. 'અરે, આમાંથી આપણે રસ્તો કેવી રીતે કાઢીશું ?' વિચારી રહેલા કૃષ્ણને બલભદ્રે કહ્યું 'ભાઈ, મુંઝવણમાં કેમ પડી ગયા ? જ્યાં એક સિંહ હોય ત્યાં હજારો હરણિયાઓનું શું ગજું ?' કૃષ્ણે બલભદ્રને કહ્યું:-'ભાઇ, તમારા પ્રભાવથી મને કોઇ પણ શત્રુનો જરાપણ ભય નથી. આપણે બે છીએ પછી ભયને કોઇ સ્થાન નથી.' બલવાન, ધૈર્યવાન, સત્વશાલી, તેમજ પોતાના પરાક્રમથી સમસ્ત શત્રુઓને જેમણે જીતી લીધા છે એવા બંને ભાઇઓ—શ્રીકૃષ્ણ અને બલભદ્ર કુંડિનપુરની સમીપના અનેક વૃક્ષોથી સુશોભિત ઉદ્યાનની નજીકમાં આવ્યા.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગરગણીના વિદ્વાન શિષ્ય પંડિત રવિસાગરગણીએ રચેલા શ્રી શાંબ પ્રદ્યુમ્ન ચરિત્રમાં રૂક્મિણી સાથે પાણિગ્રહણ માટે શ્રી કુંડિનપુર નજીકના ઉદ્યાનમાં શ્રીકૃષ્ણના આગમન સુધીનું વર્ણન કરતો ૪૩૭ શ્લોક પ્રમાણ ચતુર્થ સર્ગ સમાપ્ત.

॥ अथ पञ्चम सर्गः प्रारभ्यते ॥

श्रीकुंडिनपुरे शिष्ट—त्रिविष्टपानुकारिणि। मेरुत्तीर्णमिदं किं नु, नंदनं नंदनं वनं ॥१॥
वृक्षैरनेकजातीयैः, सौरभ्यपरमैः सुमैः। औषधिभिरनेकाभि—रिदं हि राजते वनं ॥२॥

સર્ગ : ૫

દેવોની સ્વર્ગપુરી સમી કુંડિનપુરની બહાર વન જોયું. તે જાણે મેરૂપર્વતથી ઉતરીને આવેલું નંદનવન ન હોય, એવું લાગતું હતું. અનેક જાતના વૃક્ષોના સુગંધી પુષ્પો અને વિવિધ ઔષધીઓથી યુક્ત પ્રમદવન શોભી રહ્યું હતું.

स्वरुपेणाश्विनौ पुत्रा—विव तौ क्षितिराजिनौ। लसद्वनस्थलीं शोभां, द्रष्टुं विविशतुर्मुदा ॥३॥
प्रविश्य तत्र यावत्तौ, वीक्षेयातामितस्ततः। अशोकस्तावता दृष्टो, नृणामशोकताप्रदः ॥४॥
दूतोक्तचिह्नसंसूचा—प्रपचनपरायणा। वैजयंती तरोस्तस्यो—परि चारु विराजते ॥५॥
तस्याधो मान्मथी मूर्तिः, सारस्फूर्तिसमन्विता। कांतानां कामसंपूर्ति—दायिनी च तदा बभौ॥६॥
स्यंदनं छोटयित्वा च, तत्रान्यत्र तुरंगमौ। मुक्त्वा तौ संस्थितौ छन्नं, रुक्मिण्यागमकामुकौ ॥७॥

સાક્ષાત્ અશ્વિનીકુમાર સમા કૃષ્ણ-બલભદ્રે વનસ્થલીથી શોભાને જોવા માટે પ્રમદવનમાં પ્રવેશ કર્યો. પ્રવેશીને આમ તેમ જુવે છે ત્યાં મનુષ્યોનાં શોકને દૂર કરનાર અશોકવૃક્ષને જોયું. દૂતના સૂચન મુજબ તેના ઉપર સુંદર ધ્વજા ફરકતી જોઈ. તેની નીચે સ્ત્રીઓનાં મનોરથોને પૂર્ણ કરનાર દેદીપ્યમાન કામદેવની મૂર્તિ જોઈને ખૂશ થયેલા બંને બંધુઓ રથને છોડી અશ્વોને સુરક્ષિત સ્થલે મૂકી, રૂક્મણીનાં આગમનની રાહ જોતાં વૃક્ષોની ઘટા પાછળ સંતાઈને ઊભા રહ્યા.

इतश्च द्वारिकापुर्या, नारायणः करोति किं। गत्वा पश्यामि तं चेति, संजगामर्षिनारदः ॥८॥
राजलोके समागत्य, पप्रच्छे नारदर्षिणा। युष्माकं स्वामिनौ भद्रं, वर्तते क्व च केशवः ॥९॥
रामकृष्णावितस्तूर्णं, रथमारुह्य वेगिनं। चलितावितिं तत्रत्यै—स्तस्य प्रकथितं जनैः ॥१०॥
नारदोऽनुपविष्टोऽसौ, श्रुत्वेति चलितस्ततः। श्रीचेदिनगरे प्राप्तः, शिशुपालनिकेतनं ॥११॥
विनयासनदानेन, नारदस्तेन तोषितः। अजानन्निव पप्रच्छ, शिशुपालमहीपतिं ॥१२॥
शिशुपाल! भवत्पाणिग्रहस्य लग्नमंजसा। गृहीतमस्ति रुक्मिण्या, सार्धमिति श्रुतं मया ॥१३॥
तत्किं सत्यमसत्यं वा, वदतात्पुरतो मम। इत्युक्ते भूपतिः स्मित्वा, प्राह सूनृतमेव तत् ॥ १४ ॥

उवाच नारदस्तर्हि, त्वमेतल्लग्नपत्रकं । शुद्धाशुद्धविचाराय, प्रदर्शयाविलंबतः ॥ १५ ॥
मुनिनेत्युदिते भूमि—पाल आनाय्य पत्रकं । लपने लज्जमानोऽपि, प्रादर्शयन्मुनीशितुः ॥ १६ ॥
मुनिर्लग्नं समालोक्य, वाचयित्वा विचार्य च । भूपतेर्मानसे शंकां, प्रविधातुं शिरोऽधुनात् ॥ १७ ॥
कंपिते मस्तकेऽकस्मा—न्मुनिना नारदेन तु । समुभूच्छंकितस्वांत—स्त्वरितं वसुधाधवः ॥ १८ ॥
भूपोऽभ्यधान्मुने केन, हेतुना कंपितं शिरः।सोऽप्युवाच क्षमानाथ, किमप्यस्ति न कारणं ॥ १९ ॥
शिशुपालोऽवदत्तूर्णं, मुने कारणमंतरा । न भवेत्महतां चेष्टा, विशिष्टाचारधारिणां ॥ २० ॥
ततः प्रसद्य सद्यस्त्वं, निवेदय निबंधनं । प्रसद्येति नृपेणोक्ते, जगाद मुनिनारदः ॥ २१ ॥
मया विलोकितं लग्नं, भग्नं च मम मानसं । यतो लग्नेऽत्र यानेन, शरीरे कष्टमस्ति ते ॥ २२ ॥
अतो यत्नेन गंतव्यं, त्वयका कुण्डिने पुरे । अन्यथा ते महीनाथ, मृत्युरेव न संशयः ॥ २३ ॥
शरीरे विद्यमाने च, समस्तमपि संभवेत् । इन्द्रियाणां गणे नष्टे, निःशेषमपि नश्यति ॥ २४ ॥
ततस्तव हितायाहं, निरुपयामि भूरिशः । गंतव्यं महता तत्र बलेन भवता सह ॥ २५ ॥
रक्षणीयं शरीरं ते, महीपते यथातथा । आत्मीयं हि तदेवात्रा—वसरे कृत्यमेति यत् ॥ २६ ॥
इत्युदित्वा कलिं घोरं, समुत्पाद्य च नारदः।प्रचचाल ततोऽन्यत्र, धरित्र्यां क्लेशमीक्षितुं ॥ २७ ॥

આ બાજુ 'કૃષ્ણ શું કરે છે, દ્વારિકામાં જઈને જોઉં તો ખરો !' આમ વિચારી નારદજી દ્વારિકામાં આવ્યા. રાજમહેલના મંત્રીને પૂછ્યું. 'તારા બંને સ્વામી (કૃષ્ણ-બલભદ્ર) કુશલ છે ને ? કયાં છે ?' 'અમારા સ્વામિ કૃષ્ણ-બલભદ્ર પવનવેગી રથ ઉપર આરૂઢ થઈને કયાક ગયા છે.' આ પ્રમાણે મંત્રીના મુખે સમાચાર જાણી નારદજી ખૂશ થયા. 'વિષ્ણું બીજે કયાંઇ જાય નહી, નક્કી રૂક્ષ્મણીને લેવા માટે જ ગયા છે.' આમ વિચારી તરત જ નારદજી ચેદીનગરમાં શિશુપાલના રાજમહેલમાં પહોંચ્યા. શિશુપાલે ઘણા આદર સહિત નારદને સત્કાર્યા. પ્રસન્ન બનેલા નારદે જાણે જાણતાં જ ના હોય તેમ શિશુપાલને પૂછ્યું : 'રાજન્, મેં સાંભળ્યું છે કે તમારા લગ્ન રૂક્ષ્મણી સાથે થવાના છે, તે વાત શું સત્ય છે ?' હસીને શિશુપાલે કહ્યું :- 'સ્વામિન્, આપની પાસે શું છૂપાવાનું હોય ? આપે જે વાત કહી તે સાચી છે.' નારદે કહ્યું :- 'તારી લગ્ન પત્રિકા જોઉં. તે શુદ્ધ છે કે અશુદ્ધ ?' બોલવામાં લજ્જા આવવા છતાં શિશુપાલે તરત જ લગ્ન પત્રિકા નારદજીનાં હાથમાં મૂકી. લગ્ન પત્રિકા વાંચી વિચારીને રાજાના મનમાં શંકા ઉત્પન્ન કરવા માટે નારદે માથુ ધૂણાવ્યું. મસ્તકના કંપનથી શંકિત બનેલા શિશુપાલે નારદજીને પૂછ્યું :-'સ્વામિન્, આપે કયા કારણે માથુ ધૂણાવ્યું. ? મહાપુરૂષોની કોઈ પણ ચેષ્ટા કારણ વિનાની હોતી જ નથી. તો કૃપા કરીને જે કાંઇ હોય તે આપ જરૂર કહેશો.' 'રાજન્, લગ્ન પત્રિકા જોઈને મારૂં મન ભાંગી ગયું. ખરેખર, આ લગ્નમાં તારા શરીરે કષ્ટ પડશે. શરીર સારૂં હશે, વિદ્યમાન હશે તો બધું જ છે, જો પાંચે ઈંદ્રિયોનો જ નાશ થઇ જાય તો બધાનો જ નાશ છે, માટે કુંડિનપુર લગ્ન માટે જાવ તો

સાથે વિશાલ સૈન્ય લઇને જજો. તમારા હિતને માટે કહું છું તમે ગમે તેમ કરીને જાતની રક્ષા કરજો. સૈન્ય સાથે હશે તો અવસરે કામ લાગશે.' આ પ્રમાણે ભયંકર કલહ ઉપજાવીને ધરતીમાં બીજા બીજા સ્થળે કજીયા જોવા માટે નારદજી ત્યાંથી વિદાય થયા.

नारदर्षौ गते राजा, शिशुपालाभिधस्ततः । मेलयित्वा बलं प्रौढं, प्रतस्थे कुंडिनं पुरं ॥ २८ ॥
चलनानंतरं स्वल्प-कालेनागत्य तत्र सः । अवेष्टयत्स्वसैन्येन, समंतात्कुंडिनं पुरं ॥ २९ ॥
मागादत्र दूराह्वानः, कोऽपि भूपो रिपुर्मम । इतीव कटकेनैवा-कारयत्परितो वृतिं ॥ ३० ॥
लवणोदधिना जंबू-द्वीपो यथा समंततः । तारकैर्वा यथा मेरु-स्तत्पुरं वेष्टितं तथा ॥ ३१ ॥

નારદજીના ગયા પછી શિશુપાલે પોતાનું વિશાલ સૈન્ય એકત્ર કરીને કુંડિનપુર તરફ પ્રયાણ કર્યું. અલ્પ સમયમાં કુંડિનપુર આવી પહોંચ્યા. નગરની ચારે બાજુ પોતાના સૈન્યથી કુંડિનપુરને વીંટી લીધું. 'કોઇપણ મારો શત્રુ આ નગરમાં દાખલ થાય નહી, તેમ માનીને જેમ લવણ સમુદ્ર વડે જંબૂદ્વીપ, તારા ગણ વડે મેરૂ પર્વત વીંટળાય તેમ કુંડિનપુર નગર શિશુપાલના સૈન્યથી બેટ જેવું બની ગયું.

पुरं तद्वेष्टितं श्रुत्वा, रुक्मिणी चिंतयान्विता।कृष्णपाणिग्रहोत्कंठा, जाता च जनकानुजा ॥ ३२ ॥
आगम्यते मुकुंदेन, मां वरीतुं कथं द्रुतं । तमेव रमणं कर्तुं, मयापि गम्यते कथं ॥ ३३ ॥
ततो दीनमुखी साऽऽसी-द्विष्णुसंगमनेच्छया।स्नेहिन्यमिलिते प्रायः स्त्रीणां कष्टं महत्तनौ ॥ ३४ ॥

શિશુપાલના સૈન્યથી કુંડિનપુર ઘેરાયેલું સાંભળીને કૃષ્ણને પરણવાની ઉત્કંઠાવાલી રૂક્ષ્મણી તેમજ તેના કોઈ પંડિતા ચિંતિત બન્યાં. 'અરે, વિષ્ણુ મને લેવા કેવી રીતે આવશે ? હું તેમને મળવા કેવી રીતે જઈશ ?' આ પ્રમાણે રૂકિમણી દીન મુખ વાલી બની ગઈ. પ્રાયઃ સ્ત્રીઓ પોતાના પ્રેમી નહી મલવાથી ખુબ જ દુઃખી થતી હોય છે.

विच्छायवदनां वीक्ष्य, तामुवाच पितृष्वसा। पुत्रिके सर्वथा दुःखं, माकार्षीस्त्वं मनागपि ॥ ३५ ॥
पूर्वमेव मया प्रोक्तं, वर्तते पुरतस्तव । तथोद्यमं विधास्यामि, यथा भावि तवेप्सितं ॥ ३६ ॥
मदीयं वचनं किं नु, कथितं विस्मृतं तव । एकमेव वराणां तु वचनं दृढतायुतं ॥ ३७ ॥

ઉદાસીન બનેલી રૂકિમણીને જોઇને કોઈએ કહ્યું : 'બેટી, તું શા માટે દુઃખી થાય છે ? તારે જરાયે દુખ કરવું નહી. મેં તને પહેલા પણ કહ્યું છે કે ગમે તેમ કરીને તારૂં ઇચ્છિત કરીશ અને હજું પણ કહું છું તું જરાયે ચિંતા કરીશ નહી. મારા વચન પર વિશ્વાસ રાખ. ઉત્તમ માણસોનું વચન કયારે પણ નિષ્ફળ જતું નથી.

संतोष्यैवंविधैर्वाक्यैः, कोमलैर्दुःखिनीं कनीं । मुकुंदमिलनोपायं, पितृस्वसा व्यचिंतयत् ॥ ३८ ॥
एकाकिनीं त्रियामायां, लात्वैनां यदि याम्यहं। कलंकिता तदा गुर्वी, भविष्यत्युभयोरपि ॥ ३९ ॥
अनापृच्छ्यैव पित्रादी–नथवा सह केनचित । अहं किं प्रेषयाम्येतां, न तदप्यस्ति शोभनं ॥ ४० ॥
विचारे हृदयेनैवं, क्रियमाणे स्वबुद्धितः । प्रादुर्भुता मतिस्तस्याः, शस्या मार्गानुगामिनी ॥ ४१ ॥
ध्वस्तांगिदर्पकंदर्प–मूर्तिपूजनकैतवात् । वाद्येषु वाद्यमानेषु, समादाय व्रजाम्यमूं ॥ ४२ ॥
वादित्रेषु पवित्रेषु वाद्यमानेषु वादकैः। गीतेषु गीयमानेषु, तां लात्वा सा ययौ बहिः ॥ ४३ ॥

આ પ્રમાણે કોમલ વચનોથી દુખી બનેલી રૂકિમણીને સંતોષીને કૃષ્ણને મળવી આપવા માટે ફોઈ વિચારે છે. 'જો એકલી રૂકિમણીને રાત્રિમાં લઈને જાઉં તો અમારા બન્ને ઉપર ભારે કલંક આવે. જો તેના માતા–પિતાને પૂછ્યા વિના એને કોઇની સાથે મોકલું તે પણ સારૂં નહી. કેવી રીતે બંનેનો સંગમ કરી આપવો ? આ પ્રમાણે હૃદયમાં વિચાર કરતાં એક સરલ અને પ્રશસ્ત બુદ્ધિ ઉત્પન્ન થઇ.

કામદેવની પૂજાના બ્હાને વાદકો વાજિંત્રો વગાડી રહ્યા હોય, સોહાગણ સ્ત્રીઓ મંગલિક ગીતો ગાઈ રહી હોય,! હાથમાં પૂજની સામગ્રી હોય. સોળે શણગાર સજાવીને રૂક્ષ્મણીને આ પ્રમાણે નગરની બહાર લઈ જવાથી માર્ગ સરલ બનશે.

चित्रवादित्रसंगीत—गीतध्वानपुरस्परं । सुवासिनीवृता याव–न्निर्ययौ साथ रुक्मिणी ॥ ४४ ॥
तावता शिशुपालेश—सेवकैः समुपेत्य च। बहिर्गमनतः सर्वा, अपि कांता निवारिता ॥ ४५ ॥
निवार्य च चरा गत्वा, शिशुपालस्य सन्निधौ । द्रुतं विज्ञपयामासु, रुक्मिणीगमनं वने ॥ ४६ ॥
गीयमाना वधूटीभी, रुक्मिणी क्वापि कानने। याति नाथ यथाज्ञा ते, तथा वयं प्रकुर्महे ॥ ४७ ॥
यदि प्रसाद्यते स्वामिं—स्तदा गंतुं प्रदीयते।नो चेत्तदा तथास्माकं, त्वरितं त्वं प्रसादय ॥ ४८ ॥
सेवकैरिति विज्ञप्तो, जगाद वसुधाधवः । न देया सर्वथा गंतुं, युष्माभी रुक्मिणी वने ॥ ४९ ॥
इति श्रुत्वा निजस्वामि–मुखादेशं च सेवकाः । न्यवारयंत ते सद्यः, रुक्मिणीं गमनाद्वने ॥ ५० ॥

આ પ્રમાણે વિચારી પંડિતાએ રૂક્ષ્મણીને તૈયાર કરી. અનેક જાતના વાજિંત્રોના અવાજ સહિત સેંકડો હજારો સ્ત્રીઓના મંગલગીતો ગવાઇ રહ્યાં છે, એવા ઠાઠમાઠથી કૃષ્ણની સાથે રૂક્ષ્મણીનો વરઘોડો નગરના દરવાજા આગળ આવ્યો, ત્યાં જ શિશુપાલના સૈનિકોએ આવીને બહાર નહી જવા માટે બધી જ સ્ત્રીઓને ત્યાં જ રોકી રાખી, અને શિશુપાલ પાસે જઇને રૂક્ષ્મણી વાજતે ગાજતે સ્ત્રીઓની સાથે નગરની બહાર જઈ રહી છે, તો સ્વામિન્, આપની આજ્ઞા હોય તો રૂક્ષ્મણીને નગરની બહાર વનમાં જવા દઈએ, સૈનિકોનું નિવેદન સાંભળીને

શિશુપાળે કહ્યું: મારી સખ્ત મનાઈ છે કે કોઇપણ સ્ત્રી, પુરૂષ, બાલ કે વૃદ્ધ કોઇને પણ નગર બહાર જવા નહી દેવાં. તેમાં રૂક્મણીને તો સુતરાં જવાની રજા નથી. પોતાના સ્વામિના આદેશને સાંભળીને સૈનિકોએ રૂક્મણીને ત્યાં રોકી રાખી.

भीष्मभूपानुजाजल्प–दाक्रोशवचनैस्तदा।विना शुभं विचारं किं, भवद्भिः क्रियते त्विदं ।। ५१ ।।
ते प्रोचुः को विचारोऽत्र, स्वाम्याज्ञास्माकमीदृशी।ततो नूनं न चास्माभि–र्यातुमेषा प्रदास्यते ।।५२।।
भूपालभगिनी कोपा–टोपेन पुनरप्यवक्।रे कथं न यथाजाता, समस्त्यत्र विचारणा ।। ५३ ।।
यतोऽन्येद्युर्गता पूर्व–मेवाभूद् रुक्मिणी वने । रममाणा वयस्याभिः, समं शैशवचेष्टया ।। ५४ ।।
तदा तत्र वने दृष्टा, तया मूर्तिर्मनोभुवः । रागेण पूजयित्वा ता— मिदं वाक्यमभाष्यत ।। ५५ ।।
यदि स्वामिंश्च मे भर्ता, निशेषदुःखनाशकः । शिशुपालो भवेत्तर्हि, सेत्स्यति मम चेप्सितं ।। ५६ ।।
तदा लग्नदिनेऽवश्यं, स्वर्णरूप्यमयैः सुमैः । पूजयिष्यामि ते मूर्तिं, समस्तार्तिविनाशिनीं ।। ५७ ।।
ततोऽसौ मानितां पूजां, कर्तुं मूर्तेर्मनोभुवः । सुवासिनीयुता याति पादपाकीर्णकानने ।। ५८ ।।
वांछितोऽभूत्पतित्वेन, शिशुपालो नृपः पुरा।यस्य मूर्तेः प्रसादेन, याति साद्य तमर्चितुं ।। ५९ ।।
ततः कथं निषेध्यैषा—नंगयात्राविधानतः ।स्वनाथस्यापि युष्माभि–र्द्रुतं गत्वा निरूप्यतां ।। ६० ।।

ત્યારે ભીષ્મરાજાની બેન પંડિતાએ (કોઇએ) આક્રોશપૂર્વક સૈનિકોને કહ્યું: 'અરે, તમને કોઈ સારાસારનો વિચાર છે કે નહી ? તમે લોકો શું કરી રહ્યા છો' ?

સેવકો કહે :– 'અમે બીજું કંઈ જાણીએ નહી, અમારે તો અમારા સ્વામિની આજ્ઞાને અમલ કરવો જ રહ્યો. અમારાથી કયારે પણ રૂક્મણીને બહાર નહી જવા દેવાય.' ક્રોધિત બનેલી પંડિતાએ કહ્યું: 'શું કરવું જોઈએ શું ના કરવું તેની વિચારણા તમને કયાંથી હોય ? જાવ, તમારા સ્વામિને આટલો સંદેશો પહોંચાડો કે રૂક્મણિ પૂર્વે એક દિવસ પોતાની સખીઓની સાથે વનમાં બાલક્રીડા કરવા ગઈ હતી ત્યારે પ્રમદવનમાં કામદેવની મૂર્તિ જોઈ આનંદવિભોર બની કામદેવની પૂજા કરી અને વરદાન માગ્યું કે 'હે સ્વામિન્, સમસ્ત દુઃખનો નાશ કરનાર મારા મનને ઇચ્છિત એવા શિશુપાળરાજા જો મને પતિ તરીકે મળશે તો લગ્નના દિવસે હું સોનારૂપાના ફૂલ વડે સમસ્ત દુઃખને નાશ કરનારી આપની મૂર્તિની હું પૂજા કરીશ.' તેથી તે કામદેવની પૂજાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટે સોહાગણ સ્ત્રીઓની સાથે પ્રમદવનમાં જઈ રહી છે, આ પ્રમાણે પોતાની ઇચ્છાની પૂર્તિ થવાથી કામદેવની પૂજા માટે જાય છે, તો તેને કેમ નિષેધ કરી શકાય ? માટે તમે જલ્દી જઇને સઘળો વૃત્તાંત શિશુપાલરાજાને નિવેદન કરો.'

तया निगदितं श्रुत्वा, गत्वा च पार्थिवांतिकं । सेवकाः कथयामासुः, सर्वं वृत्तांतमादितः ।। ६१ ।।
रुक्मिणीमनुरक्तां च, स्वस्मिन् कुशलकामनात्।जानता शिशुपालेन, यात्राज्ञा प्रददे मुदा ।। ६२ ।।

प्रमाणीकृत्य निर्देशं, सेवकैर्वसुधाविभोः । कंदर्पमूर्तिपूजार्थं, दत्ता गंतुं च रुक्मिणी ॥ ६३ ॥

સેવકના મુખે સઘળા વૃત્તાંત જાણીને શિશુપાલે પોતાની કુશલકામના કરતી, પોતાના પ્રત્યે અનુરાગિણી માનીને રૂક્મણીને યાત્રા માટે પ્રમદવનમાં જવાની સંમતિ આપી. રાજાની આજ્ઞાને પ્રમાણ કરીને સેવકોએ કામદેવની પૂજાને માટે રૂક્મણી આદિ સ્ત્રીઓને નગર બહાર જવા દીધી.

अंतराले समुत्पन्न—प्रत्यूहव्यूहनाशनात् । मोदमाना चचालासा—वपि पूजनदंभतः ॥ ६४ ॥
गीयमाना मृगाक्षीभि—र्यावत्सा कानेन गता।स्थित्वान्यस्त्रीयुता ताव—देतां जगौ पितृस्वसा ॥ ६५ ॥
निकुंजे त्वरितं गत्वा, मनोभूमूर्तिपूजया । त्वमेवैकाकिनी भद्रे, साधयस्व समीहितं ॥ ६६ ॥

વચમાં આવેલા વિઘ્નોનો નાશ થવાથી ખૂશ થયેલી રૂક્મિણી આગળ ચાલી. સુહાગણ સ્ત્રીઓ વડે મંગલ ગીત ગવાતા પ્રમદ વનની નજીકમાં આવ્યા ત્યારે ફોઈ પંડિતા એ બધી સ્ત્રીઓને બહાર રોકીને રૂક્મિણીને કહ્યું : ' બેટી, તું નિકુંજમાં એકલી જા. ત્યાં કામદેવની પૂજા કરીને તારૂં ઇચ્છિત સાધ.'

प्रायः कामवशा कांता, परिवारमपि त्यजेत् । निर्यात्येकाकिनी चापि, करोति चित्तचिंतितं ॥ ६७ ॥
परित्यज्य ततः सर्व—मप्यात्मनः परिच्छदं । पूजोपहारमादाय, मंदं मंदं विनिर्गता ॥ ६८ ॥
ध्यायंती हृदि गोविंद—मितस्ततस्तमेव च।वीक्षमाणा दशागच्छ—त्सार्थभ्रष्टेव कामिनी ॥ ६९ ॥
जराभीरुस्फुरन्मूर्ति—पार्श्वे सा यावदागता । गुल्मांतरस्थितेनापि, तावन्मुरारिणैक्ष्यत ॥ ७० ॥
किं देवी किन्नरी किं वा, विद्याधरी समस्त्यसौ।शशंके तां निरीक्ष्येति, मानसे पुरुषोत्तमः ॥ ७१ ॥
श्यामधम्मिलचिह्नेन, पार्वणेन कलाभृता । सहाननेन तुल्यत्वं, प्रदधौ सा कुमार्यपि ॥ ७२ ॥
नेत्रयोः खंजनौपम्यं, कंठे कंबुसमानतां । कुचयोः कलशाकारं, बिभ्रती शुशुभे च सा ॥ ७३ ॥
सौकुमार्यं च रक्तत्वं, पाण्योः कोकनदोपमं । भूजयोर्मालतीमाल्य—समानत्वं दधार सा ॥ ७४ ॥
हंसगेन समादाय, स्थूलत्वं जठरादिव । नितंबौ विहितावस्या—स्ततोऽस्त्येषा कृशोदरी ॥७५ ॥
जंघयोः कदलीस्तंभ—सन्निभत्वमथातुलं । कूर्मपृष्टतुलामंघ्रयो—स्ताम्रस्निग्धच्छविं नखे ॥ ७६ ॥
यदा सा दूरतो दृष्टा, तदा देव्यादिकल्पना । जनिता पद्मनाभेन, रुक्मिण्यागमचेतसा ॥ ७७ ॥
पार्श्वे स्थितवती जाता, यदा च सा तदा हरिः । नारीयमिति निश्चित्य, तस्या रूपेण विस्मितः॥७८
देहे षोडशशृंगार—परिधानाय युक्तितः । किमीदृश्यप्यहो नारी, धात्रा रूपेण जन्यते ॥ ७९ ॥
रूपलावण्यचातुर्य, सर्वसामपि योषितां । समादाय विधातैता—मेव वा किमजीघटत् ॥ ८० ॥
सर्वलक्षणसंपूर्णा, तामालोक्येति माधवः । चित्ते विचिंतयन् याव—न्निकुंजतो विनिर्गतः ॥ ८१ ॥

પ્રાયઃ કામાસક્ત સ્ત્રીઓ પરિવારને પણ ત્યજી દે છે, અને પોતાનું મનોઇચ્છિત પૂર્ણ કરે છે. તે પ્રમાણે રૂક્મિણી પણ પોતાના સઘળા પરિવારનો ત્યાગ કરીને હાથમાં પૂજાપો લઈ મંદ મંદ પણે ચાલી નીકળી, સાર્થ ભ્રષ્ટ હરિણીની જેમ આમ તેમ જોતી હૃદયમાં વિષ્ણુનું ધ્યાન કરતી અશોક વૃક્ષની નીચે કામદેવની મૂર્તિ પાસે જ્યારે આવી ત્યારે નિકુંજની પાછળ રહેલા વિષ્ણુ રૂક્મિણીને જોઇને વિચારે છે :–શું આ કોઈ દેવી છે? કિન્નરી છે કે વિદ્યાધરી છે? આ કુમારીનું મુખ શ્યામ અંબોડાના ચિહ્નથી ખરેખર પૂર્ણિમાના ચન્દ્રની સમાનતાને ધારણ કરે છે. તેના કાજળયુક્ત નેત્રો ખંજન પક્ષીની જેમ શોભે છે. તેનો કંઠ શંખ સમાન છે. અને તેના બન્ને સ્તનો તે ખરેખર કુંભના આકારે શોભી રહ્યા છે. તેના સુકુમાળ હાથ–પગનાં તળીયાં તે કોકનદ સમાન લાલ છે. તેની ભુજાઓ માલતીની માલા જેવી સુંદર છે. રાજહંસ સમાન ગતિને કરનારી એવી આ કૃશોદરીના બન્ને નિતંબો એક સરખા શોભી રહ્યા છે. તેની બન્ને જંઘા કેળના સ્તંભ જેવી સુકોમળ અને તેના પગ કાચબાની પીઠ જેવા ઉભડક તેમજ તેલીના નખો કોમળ અને રક્ત રત્નોની જેમ શોભે છે. આ પ્રમાણે વિષ્ણુએ દૂરથી રૂક્મિણીને જોઈ ત્યારે મનમાં કોઈ દેવીની કલ્પના આવી ગઇ. જ્યારે નજીકમાં આવીને જોઈ ત્યારે જ કૃષ્ણને નિશ્ચય થયો કે 'નહી નહી આ કોઇ દેવી નથી પરંતુ માનવીય સ્ત્રી જ છે. ખરેખર બ્રહ્માએ જગતની સ્ત્રીઓના રૂપ લાવણ્ય એકઠા કરીને જ આવું સ્ત્રી રત્ન ઘડ્યું છે. ધન્યવાદ છે. બ્રહ્માના અપૂર્વ કૌશલ્યને! આ પ્રમાણે મનમાં વિચારતા કૃષ્ણ સર્વલક્ષણયુક્ત રૂક્ષ્મણિને જોઇને કુંજમાંથી બહાર નીકળ્યા.

यदि मत्सुकृतेनात्रा–गतः स्याद् द्वारिकेश्वरः । दीयतां च वनांतान्मे, सोंतर्हितश्च दर्शनं ॥ ८२ ॥
पत्यौ स्नेहसूचा र्थ–मेव यावज्जगाविति । विविक्ते मिलिता कांता, स्वमनो हि प्रकाशयेत् ॥ ८३ ॥
मामेवाभिलषत्येषा, नान्यमिति त्रिविक्रमः। निर्गत्य पुरतो भूत्वा, तस्थिवान् बलदेवयुक् ॥ ८४ ॥

'મારા મહાન પુણ્યથી પ્રેરાઇને દ્વારિકાધિપતિ શ્રીકૃષ્ણ જો અહીં આવ્યા હોય તો મને તાત્કાલિક દર્શન આપો.' આ પ્રમાણે પતિનાં સ્નેહને સૂચિત કરવા માટે ના હોય તેમ રૂક્મિણીએ પ્રાર્થના કરી. ખરે ખર એકાંતમાં સ્ત્રીઓ પોતાના મનને પ્રકાશિત કરે છે.

પોતાના પ્રત્યે અનુરાગિણી એવી રૂક્મિણીનું વચન સાંભળીને બલભદ્રની સાથે શ્રીકૃષ્ણ તેની સમક્ષ આવીને ઊભા રહ્યા.

सापि तं सुन्दराकारं, रूपेण स्मरसन्निभं । अनुमानेन वैकुंठं, रमणं तमकल्पयत् ॥ ८५ ॥
प्रकल्प्य रमणत्वेन, तमेव गुणसेवधिं । मत्वा स्वं तत्कलत्रत्वं, ह्रिया सास्थादधोमुखि ॥ ८६ ॥
मा लग्यात्तुष्टिदृष्टि र्मे, तस्याभीक्ष्णं निभालनात्। इतिवाधोमुखी भूमि–मंगुष्टेन लिखत्यभूत् ॥८७॥

કામદેવ સમાન સુંદર આકૃતિવાળા વિષ્ણુને જોઇને રૂકિમણીએ અનુમાન કર્યું કે 'નક્કી આ જ શ્રી કૃષ્ણ છે.' ગુણોના ભંડાર એવા શ્રીકૃષ્ણ પોતાના પતિ છે અને પોતે તેની ભાર્યા છે. એમ માની લજ્જાથી નીચુ મુખ કરીને ઊભી રહી. વારંવાર પતિના સામુ જોવાથી મારી નજર તેમને ના લાગી જાય, તે માટે જાણે નીચુ જોઈને અને અંગુઠા વડે ભૂમિને ખણતી ઉભી રહી ના હોય !

इयं प्रवर्तते कन्या, धन्या लावण्यशालिनी । एतया सह जल्पामि, दक्षोऽहं प्रथमं कथं ॥ ८८ ॥
इति संचित्य कृष्णेन, संस्थितेन महात्मना । प्रजल्पिता न सा बाला, वांछंत्यपि प्रजल्पनं ॥८९॥
अंगुष्टलिखनव्याजाद्, ज्ञापयंतीव जल्पनं।जल्पिता सा मुकुंदेना–तीवस्नेहलया गिरा ॥ ९० ॥
अहं त्वद्वचनेनात्रा–यातोऽस्मि द्वारिकाविभुः।ततः स्नेहलया दृष्ट्या, पश्य मां मृगलोचने ॥ ९१ ॥
इति प्रोक्तापि नापश्यत्, सन्मुखं तस्य लज्जया । शिशुपालेशभीत्येव, कंपमानतनूलता ॥९२॥

'રૂપવંતી ગુણવતી અને લાવણ્યશાલિની આવી સુંદર કન્યા સાથે પહેલા હું કેવી રીતે બોલું ?' એમ વિચારીને સામે ઉભેલા વિષ્ણુ બોલવાની ઇચ્છા હોવા છતા મૌન રહ્યા. અંગુઠાથી ભૂમિને ખોતરવાના બ્હાને પોતાને બોલવાનું જણાવતી ના હોય, એમ માનીને અતિ સ્નેહપૂર્વક કોમલ વાણીથી વિષ્ણુએ કહ્યું :–

'હે મૃગલોચના, તારા બોલાવવાથી હું દ્વારકાધિપતિ કૃષ્ણ તારી સમક્ષ આવ્યો છું. તો મારી સામે સ્નેહપૂર્ણ દૃષ્ટિથી તું જો.' આ પ્રમાણે કહેવા છતાં પણ રૂકિમણીએ લજ્જાથી સામે જોયું નહી તે જાણે શિશુપાલના ભયથી કંપતી ના હોય !

रामोऽप्यवग् रथं सज्जी–कृत्य तावत् त्रिविक्रम।स्वभावेन त्रपां कांताः, कुर्युः कन्यास्त्वतीव तां ॥९३॥
स्वयमेव समादाय, पाणिभ्यां त्वामिमां कनीं । सज्जीकृते रथे विष्णो, समारोपय सत्वरं ॥ ९४ ॥
अद्यापि कामिनीनाथ–स्वरूपं न हि वेत्सि यत् । गोपालेष्वधितो गोप–पद्धतिमेव वेत्सि तत् ॥९५
रामवाक्यं समाकर्ण्य, प्रौढप्रेमा जनार्दनः । रुक्मिणीमालीलिंगात्म–रथारोपणकैतवात् ॥ ९६ ॥
आरुह्य बलभद्रेण, द्राक् तावच्चालितो रथः । रथेऽथ चालितेऽजल्प–त्संकर्षणमधोक्षजः ॥ ९७ ॥
पूरयित्वामनो मान्यं, पांचजन्यं महाध्वनिं । ज्ञापयामि महीशादेः, स्ववृत्तांतं सविस्तरं ॥ ९८ ॥
अभ्यस्तान्यविचारेण, बिभ्यदप्यच्युताग्रजः । बंधुवाक्येन संतुष्ट, ओमिति प्रतिपन्नवान् ॥९९॥
प्रपन्ने बलभद्रेण, दशार्हेण बलीयसा। पूर्यमाणे महाशंखे, प्ररूपितमिदं वचः ॥ १०० ॥
शिशुपालबले ये स्युः, कुडिनपुःस्थिताश्च ये। वीरंमन्याः समुल्लासा–स्ते श्रृण्वंतु वचो मम ॥ १ ॥
पुराणपुरुषेणापि, मया हृतास्ति रुक्मिणी। यूनां येषां भवेच्छक्ति–स्ते मोचयंतु मत्करात् ॥ २ ॥
विद्यमानेषु वीरेषु, गृह्यते रुक्मिणी यदि । युष्माकं वीरमानित्वं, किं गेहेनर्दिनां तदा ॥ ३ ॥

सेवकीभूय वा सेवा-वृत्त्या किं कुर्कुरा इव । उपजीवयथ नृत्वं, विदंतो हृदि सेवकाः ॥ ४ ॥
प्रस्तावे यदि शूरत्वं, दर्श्यते न हि सेवकैः । तदा किं वृत्तिदानेन, तेभ्यः प्राप्तं सुखं नृपैः ॥ ५ ॥
शिशुपालमहीपाल, प्रदत्ता तव या कनी । त्वयि सा वर्तमानेऽपि, हठेन ह्रियते मया ॥ ६ ॥
जीवितव्येन तत्किं ते, हृत्कल्पिताभिमानिनः । शिशुपालेत्याख्यां लोका, वक्ष्यंति शिशुपालनात् ॥ ७ ॥
भो भीष्म तव पुत्री चे--ददत्ता ह्रीयते मया । तर्हि नाम्नैव भीष्मत्वं, न तु ते रणकर्मणा ॥ ८ ॥
रुक्मिन्नपि कुमारत्वे, स्वकीयशौर्यगर्वतः । शिशुपालेशसैन्ये चे--त्साहाय्यं जनितं त्वया ॥ ९ ॥
रुक्मिणी या स्वसा ते सा, मया हृता तथापि हि । तद्रक्षां न विधत्से तत्, किं बाल्यं पुनरप्यभूत् ॥ १० ॥
द्वावेवावामनेके च, भवंतो वीरमानिनः । तथापि ह्रियते ह्येषा, किं युष्माकं बलं तदा ॥ ११ ॥
कृत्वा कापट्यमेताभ्या--मपाह्रियत चेत्कनी । तदा किं क्रियतेऽस्माभि--र्वाच्यं केनाऽपि नो मनाक् १२
वीरमानित्वसामर्थ्य--मद्भुतं यदि वो हृदि । तदावाभ्यां समं युद्धं, कृत्वा तदपि दर्श्यतां ॥ १३ ॥
इत्युक्त्वा ज्ञापयित्वा च, सर्वेषामपि शृण्वतां । शंखनादं रथो निन्ये, ताभ्यां योद्धुं वनाद्बहिः ॥१४॥
संग्रामकृति योग्यायां, स्थापयित्वा क्षितौ रथं । किंभावीति वदंतीं स्त्री--माश्वास्य संस्थितौ च तौ ॥१५॥

બલભદ્રે કહ્યું:- 'કૃષ્ણ તું જલ્દી રથ તૈયાર કરી તેને બે હાથ વડે ઉપાડીને રથમાં બેસાડ. શું તને ખબર નથી કે સ્ત્રીઓ સ્વભાવથી લજ્જાળુ હોય છે અને આ તો કન્યા છે. એ તો વધુ શરમાળ હોય. ખરેખર, કૃષ્ણ, તું ગોકુળમાં વસ્યો હોવાથી ગોવાળીયાની જ રીતભાત જાણે છે. આટ આટલી સ્ત્રીઓનો પતિ થવા છતાં સ્ત્રીઓનાં મનને સમજી શકતો નથી.' આ પ્રમાણે બલભદ્રના રમુજી વચન સાંભળીને કૃષ્ણે રથ ઉપર ચઢાવવાના બહાને ગાઢ પ્રેમ પૂર્વક રૂકિમણીને આલિંગન કર્યું. અર્થાત્ રૂકિમણીને રથ ઉપર બેસાડીને પોતે પણ સાથે બેઠા, અને બલભદ્ર સારથિ થઈને વનમાંથી રથને બહાર લાવ્યા. કૃષ્ણે બલભદ્રને કહ્યું :- 'પાંચ જન્ય શંખ ફૂંકીને શિશુપાલ આદિ રાજાઓને આપણે વૃત્તાંત જણાવીએ. આપણે ચોરી છૂપીથી રૂકિમણીનું હરણ કરવું નથી. માટે આપની સંમતિ હોય તો શંખ ફૂંકું,' કૃષ્ણના વચનથી સંતુષ્ટ થયેલા બલભદ્રે પોતાની સંમતિ દર્શાવી. ભાઈની અનુમતિ મેળવીને શ્રીકૃષ્ણે જોરથી પાંચ જન્ય શંખ વગાડયો. અને બોલ્યા : 'શિશુપાલ અને તેના સૈનિકો તેમજ પોતાની જાતને શૂરવીર તરીકે માનતા કુંડિનપુરનગરમાં રહેલા વીરો, મારૂં આ વચન સાંભળો. પ્રૌઢ પુરુષ એવા મારા વડે રૂક્મણીનું હરણ કરાય છે. તો જે કોઈ યુવાનો તથા પુરૂષોમાં શક્તિ હોય તે મારા હાથમાંથી રૂક્મણીને મૂકાવે. તમારા જેવા વીરપુરૂષોની હાજરીમાં હું રૂકિમણીનું હરણ કરી જાઉં તો તમારી વીરતા કલંકિત થશે, ખરે, તમો ઘરમાં જ શૂરવીરતાનો ડહોળ કરતા હશો.

પોતાને સેવક તરીકે જાણતા અથવા સેવાવૃત્તિથી સેવક થઈને રહેતા મનુષ્યનું

(કૂતરા) કરતાં વધુ શું મહત્વ હોઇ શકે ? સેવકો જો અવસરે પોતાની શૂરવીરતા ના બતાવે તો તેનો સેવાધર્મ લાજે. રાજાઓની ખુશામત ફક્ત આજીવિકા પૂર્તિ જ કરી રહ્યા તો તેના વૃત્તિદાનનું શું પ્રયોજન ? (હવે શિશુપાલને ઉદ્દેશીને કહે છે.)

શિશુપાલ રાજા, તને આપેલી કન્યાનું તારી વિદ્યમાનતામાં હું હરણ કરી જાઉં છું, તો તારા જીવિતવડે શું ? તારા અભિમાનને ધિક્કાર થાઓ. લોકોમાં તારૂં શિશુપાલ (બાળકોનો પાલનાર) નામ સાર્થક બનશે.

હે ભીષ્મરાજા, તારી પુત્રી મને આપેલી નહી હોવા છતાં હું તેને તારા દેખતા જ લઈ જાઉં તો તારૂં નામ જ ભીષ્મ છે, બાકી રણસંગ્રામમાં તું ભીષ્મ (ભયંકર) નથી.

પોતાની શૂરવીરતાથી અભિમાની બનેલા રૂકિમકુમાર, તેં શિશુપાલને સહાય કરી પોતાની બેન શિશુપાલને આપી, એ જ તારી બેનનું હું હરણ કરી જાઉં છું. તો તેની જો તું રક્ષા નહી કરે તો હું માનું છું કે ખરેખર, હજી તું બાલક જ છે. તારા અને શિશુપાલના બંનેના સૈન્યની હાજરીમાં હું રૂકિમણીને લઈ જાઉં છું તો પોતાની જાતે વીરમાની એવા ઘેટા-બકરા સમાન તમારા સૈન્યનું બલ કયાં રહ્યું ? તમારા બંને રાજાની સાથે કપટ કરીને જો આ કન્યાનું હરણ કરવું હોત તો મારે કંઈ પણ કહેવાનું હતુ નહીં. પરંતુ વીરપુરૂષો પોતાના સામર્થ્યથી, પોતાનાં ભૂજબલથી જ કાર્ય કરે છે. માટે તમો બધા મારી સાથે યુદ્ધ કરીને તમારૂં પરાક્રમ બતાવો. આ પ્રમાણે કહી બધાને જણાવીને સહુ લોકો જાણે તે રીતે ફરીથી શંખનાદ કરી વનની બહાર સંગ્રામને યોગ્ય ભૂમિ પર રથને સ્થાપન કરીને, રૂકિમણીને આશ્વાસન આપીને બંને ભાઇઓ રથની પાસે ઊભા રહ્યા.

इतः स्नांतोदले केचि–द्देवार्चनचिकीर्षया। कृत्वा देवार्चनं भावा–दाहरंतश्च केचन ॥ १६ ॥
केचित्परस्परं वार्तां, कुर्वाणा सुखदुःखयोः । लीलया केचिदासीना, गच्छंतः केचिदध्वनि ॥ १७ ॥
दीव्यंतः शारिपाशाभ्यां, केचिन्मित्रैः समं मुदा।रमंते प्रमदासाकं, केचित्सुप्ताः प्रमीलया ॥ १८ ॥
उन्मत्तान् द्विरदान् केचि–त्क्रीडयंतो हयान् पुनः।रथांश्च सज्जीकुर्वंति, केचिद्युद्धाभिलाषिणः ॥ १९ ॥
तावदाकस्मिकं वाक्यं, श्रुत्वा हृत्क्षोभकारकं।रुक्मिण्याश्च हृतिं ज्ञात्वा, सर्वे ऽपि चुक्षुभुर्जनाः ॥ २० ॥

આ બાજુ કેટલાક દેવપૂજા માટે સ્નાન કરતા હતા, કેટલાક દેવાર્ચન કરતા હતા, કેટલાક ભોજન કરતા હતા, કેટલાક સુખદુઃખની વાતો કરતા હતા, કેટલા ક્રીડા કરતા હતા, કેટલાક નિરાંતે બેઠેલા હતા તો કેટલાક રસ્તામાં ફરતા હતા. કોઈક સોગઠાબાજી રમતા હતા, કોઈ પોતાની સ્ત્રીઓની સાથે વાર્તા-વિનોદ કરતા હતા, કેટલાક નિરાંતે નિદ્રા લેતા હતા, કેટલાક ઉન્મત્ત હાથીઓને અંકુશમાં રાખતા હતા, કેટલાક અશ્વક્રીડા કરતા હતા, કેટલાક પોત-પોતાના રથોને સજાવતા હતા, ત્યારે ક્ષોભકારી આકસ્મિક શંખનાદ સાંભળીને અને રૂકિમણીનું હરણ જાણીને બધા લોકો એકદમ ક્ષોભિત બની ગયા.

सन्नह्य स्वस्वशस्त्राणि, समादाय च वेगतः।येन तत्र श्रुतं श्रुत्यो–स्ततस्तेन विनिर्गतं ॥ २१ ॥
हृतवान् रुक्मिणीं कन्यां, दुरात्मा यो मलिम्लुचः।गृह्यतां तं च संग्रामात्, कांदिशीकमितिब्रुवत्॥२२॥
भागीरथ्याः प्रवाहः किं, वेला किं सरितां विभोः।निर्यद्दिशोदिशं सैन्यं, लोका दृष्ट्वेत्यचिंतयन् ॥२३॥
केचिद् द्विपांस्तथा केचि–द्वाजिनश्च मदोत्कटान् । प्रेरयंतो रथानेके, गच्छंत्येकेंघ्रिचारिणः ॥२४॥
अग्रगा अग्रतो यांति, मध्यगा मध्यतस्तथा।अंत्यगा अंत्यतो गच्छं–स्त्वेवं ते च मिलंति न ॥ २५ ॥
वीराणां शूरताधिक्यं, कातराणामशूरतां।कुर्वाणानां भूरिनिःस्वान–वादित्राणां महारवैः॥ २६ ॥
धनुष्टंकारवैः स्फारै–र्हेषाभिर्बृंहितैस्तथा।रथानां चित्रचित्कार–क्रंदनैस्तुमुलोऽभवत्॥२७॥ युग्मम्

જેણે જે બાજુથી સાંભળ્યુ તે તે લોક પોત પોતાનાં શસ્ત્રો લઇને દોડાદોડી કરતા બહાર નીકળવા લાગ્યા. 'યુદ્ધથી ગભરાતા લોકો 'પકડો એ દુષ્ટ પાપીને કે જે રૂકિમણીનું હરણ કરી જાય છે, તે દુરાત્માને પકડો,' આ પ્રમાણે બોલતો ચારે દિશામાંથી સૈન્યનો પ્રવાહ નગરની બહાર નીકળતો જોઇને પ્રજાજનો વિચારવા લાગ્યા કે 'આ તે શું ગંગાનો પ્રવાહ છે કે સમુદ્રના તરંગો ઉછળી રહ્યા છે ?'

કેટલાક મદોન્મત્તહાથીઓ ઉપર કેટલાક પવનવેગી અશ્વ ઉપર, કેટલાંક રથ ઉપર બેસીને તો કેટલાક પગે ચાલીને આ પ્રમાણે એક બીજાની આગળ દોડવા માટે પ્રયત્ન કરતું વચમાં વચમાં કે છેલ્લે એક બીજાને જોયા વિના દોડાદોડ કરતું સૈન્ય જઇ રહ્યુ છે, ત્યારે રણસંગ્રામના વાંજિંત્રોનો મહાધ્વનિ વીરપુરૂષોને શૂરાતન ચઢાવતો અને કાયર પુરૂષોને ડરાવતો તેમજ ધનુષ્યના પ્રચંડ ટંકારવ વડે અશ્વોના હેષાર વડે અને રથોના ચિત્કાર વડે સમસ્ત કુંડિનપુર ભયંકર કોલાહલરૂપ બની ગયું.

एकतःशिशुपालेशः, कटकेन महीयसा । निर्ययौ भीष्मभूपालो–रुक्मिकुमार एकतः ॥ २८ ॥
धावमानावदूरे च, संप्राप्य राममाधवौ । ते च संवेष्टयामासुः, मक्षिका मधुपिंडवत् ॥ २९ ॥
परितोऽतीवदुष्टेन, भूयः सैन्येन वेष्टितौ । द्वावेवैकाकिनौ वीक्ष्य, चुक्षोभ हृदि रुक्मिणी॥ ३० ॥
हाहा सकलकांतासु, मंदभाग्यास्मि सर्वथा।रहसि ग्रहणं मे हि, भाव्येतयोः क्षयोऽपि च ॥ ३१ ॥
सिंधुकल्लोलवत्त्वैतत्, कटकं शैशुपालिकं । सुकुमारौ कुमाराभौ, क्व चैतौ द्वौ सहोदरौ॥ ३२ ॥
मदर्थं जायते युद्धं, मदर्थं वानयोर्मृतिः।मत्तस्ततो न कापि स्त्री, भाग्यहीनास्ति सर्वथा॥३३॥
विचिंत्येति विषादं च, जनयंती स्वचेतसि । रुदंती रुक्मिणी प्रोच्चै–बलभद्रेण वीक्षिता ॥ ३४ ॥
तां तु तदावधिां वीक्ष्य, संकर्षणो जगौ हरिं । विषीदंतीमिमां पश्य, मुंचंतीं नयनोदकं ॥ ३५ ॥

प्रभूतं कटकं दृष्ट्वा, बलिनि त्वयि सत्यपि । बिभेति हृदि चेदेषा, तव शौर्येण किं वद ॥ ३६ ॥
कथंचिदपि तद्विष्णो! समाश्वासय सुंदरीं । एषापि प्रत्ययं विंद्या–त्तवातुलबलस्य च ॥ ३७ ॥
इत्युक्तोऽभ्यदधद्विष्णुः, समाश्वासयितुं हि तां । विखिन्ना सर्वथा माभूः, सुभ्रु त्वमपि संप्रति॥ ३८ ॥
अंधकारेण सादृश्यं, दधानं प्रबलं बलं । निरीक्ष्य सहसारीणां, हे देवि त्वं बि भेषि किं ॥ ३९ ॥
एतस्मिन् कटकाकाशे, मयि सूर्ये समुद्गते । सहसैव दिगंतेषु, तत्सर्वमपि यास्यति ॥ ४० ॥
यदीच्छा तव चित्ते स्यात्, पश्यंत्यामेव हि त्वयि।प्रेषयामि बलं चैत–त्सनायकं यमालये ॥ ४१ ॥
स्वार्थसिद्धिकृते चित्तो––न्नतिः कस्य समस्ति न।विदंतीति हरिग्रोक्ता–प्येषा खेदं मुमोच न ॥ ४२ ॥
तदादाय करात्तस्या, मुद्रिकावज्ररत्नकं । लीलयैव मुकुंदेन, चूर्णीचक्रे चिरंतनं ॥ ४३ ॥
तच्चूर्णेनातिसूक्ष्मेण, स्वस्तिकः स्वस्तिकल्पकः।तस्या हस्ते मुकुंदेना–लिलिखे प्रत्ययाप्तये ॥ ४४ ॥
एकपंक्तिगतान् सप्त, तालांश्च पुरतः स्थितान्।अर्धचंद्रेण गोविंद, ईक्षुखंडानिवाच्छिदत् ॥ ४५ ॥
लोकातिगं बलं वीक्ष्य, रुक्मिणी निजभर्तरि।प्राप्ता विस्मयतां चित्ते –ऽचिंतयच्छक्तिमद्भुतां ॥ ४६॥
ईदृग्समस्ति चेत्प्राण–वल्लभस्य पराक्रमः । कोपेन मावधीदेष, तर्हि मे तातबांधवौ ॥ ४७ ॥
चिंतयंतीति चित्ते सा, दुःखिनी पुनरप्यभूत्।प्रायसो हि भवेतत्स्त्रीणां, पितृबंधू अतिप्रियौ ॥ ४८ ॥
मच्छक्तिदर्शनेनापि, म्लानमुख्येव यद्यसौ । तत्पृच्छाम्यहमेतस्या, दुःखं किं वर्तते तव ॥ ४९ ॥
मत्वेति सा मुकुंदेन, पृष्टाद्यापि किमीदृशी।नूतनायाः स्त्रियाश्चित–स्थैर्यं कार्यं हि कोविदैः ॥ ५० ॥
उच्यमाने मया माभू–त्कांचिदस्य विचारणा।कल्पमानेति नाजल्प–त्सा प्रतिवाक्यमीशितुः ॥५१॥
पप्रच्छ पुनरप्येष, कथं प्रतिब्रवीषि न । इत्युक्ता सा विनीताश्रुः, पातयंती जगौ ह्रिया ॥ ५२ ॥
स्वामिंस्तवातुलं स्थाम, चमत्कारकरं भुवि।कारुण्येन त्वया मोच्यौ, युद्धे मे पितृबांधवौ ॥ ५३ ॥
एतावदेव याचेऽहं, सांप्रतं युष्मदंतिकात् । तयोरभयदाने मे, वचः प्रदीयतां प्रभो ! ॥ ५४ ॥
ख्यातिमंतं विहायापि, शिशुपालं मदोद्धतं । यदयमुररीचक्रे, मामेवानुपलक्षितां ॥५५ ॥
मय्यवैकांतरागिण्या, अस्या एवाद्यवासरात् । वचस्तर्हि मया मान्य––मिति ते नाप्यदायि तत् ५६॥
व्याचष्ट रुक्मिणी हृष्टा, प्रकुष्टा स्पष्टवाचया । जयो भूयाच्च ते नाथ, संग्रामे रिपुपूरिते॥ ५७॥

દોડતા આવી રહેલા એક બાજુ શિશુપાલના સૈન્યે અને બીજી બાજુ ભીષ્મરાજા અને રૂકિમકુમારના સૈન્યે, મધપૂડો જેમ માખીઓથી વીંટળાઈ જાય તેમ રામકૃષ્ણને ચારે બાજુથી ઘેરી લીધા.

આ પ્રમાણે પ્રબલ સૈન્યથી ઘેરાયેલા રામકૃષ્ણને જોઈને રૂકિમણીના હૃદયમાં ખૂબ ચિંતા થઈ. 'અરેરે, હું જગતની સ્ત્રીઓમાં કેવી મંદભાગી છું કે મને ગ્રહણ કરતાની સાથે જ આ

બંને ભાઇઓનો નાશ થશે. સમુદ્રના ઉછળતા તરંગો જેવું શિશુપાલનું સૈન્ય ક્યાં અને એકાકી સુકુમાળ એવા આ બે ભાઇઓ ક્યાં? મારા નિમિત્તે યુદ્ધ થશે અને મારા નિમિત્તે આ બંનેનું મરણ થશે. તેથી મારાથી વધીને દુર્ભાગિણી બીજી કોણ સ્ત્રી હોઈ શકે?' આ પ્રમાણે મનમાં ચિંતા અને વિષાદ કરતી રહતી રૂકિમણીને જોઇને બલભદ્રે કૃષ્ણને કહ્યું:- 'તારા જેવો બલવાન પુરુષ હોવા છતાં પણ, આવડુ મોટું સૈન્ય જોઇને વિષાદ કરતી અને અશ્રુપાત કરતી રૂકિમણી ભયભીત બની રહી છે? તો તારા શૌર્યનું શું કરવાનું? તુ તેના સામું તો જો, એ કેવું રૂદન કરી રહી છે? પહેલા તો તેને આશ્વાસન આપ અને તારા અતુલબલ અને તારી વિદ્યાની તેને ખાતરી કરાવ.'

આ પ્રમાણે બલભદ્રના કહેવાથી વિષ્ણુએ રૂકિમણીને આશ્વાસન આપવા માટે કહ્યું:- 'હે સુભ્રુ, તું જરાયે ખેદ કરીશ નહી. દેવી, અંધકાર સમાન મોટા સૈન્યને જોઇને સૂર્ય શું ભય પામે ખરો? મારી પાસે રહેલી એવી તું શા માટે ડરે છે? ગગનમાં સૂર્યનો ઉદય થવાથી અંધકાર જેમ ભાગી જાય તેમ અંધકાર જેવું આ પ્રબલ સૈન્ય મારાથી ચારે દિશામાં ભાગી જશે. વળી જો તારી ઇચ્છા હોય તો તારા દેખતા જ આ બધા સૈન્યને અને તેના સ્વામિઓને એક ક્ષણમાત્રમાં યમસદનમાં પહોંચાડી દઉં!'

પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે કોને ચિંતા ના હોય! માટે તું જરાયે ગભરાઇશ નહી.' આ પ્રમાણે કૃષ્ણે કહેવા છતાં પણ રૂકિમણી ખેદને મૂકતી નહિ હોવાથી પોતાના બળની ખાતરી કરાવવા માટે વિષ્ણુએ તેણીના હાથમાં રહેલી વજ્રરત્નની મુદ્રિકા લઇને બે હાથની હથેલીમાં ક્ષણમાત્રમાં ચોળી નાખી તેનું સૂક્ષ્મ ચૂર્ણ કરીને રૂકિમણીના હાથમાં સ્વસ્તિક (સાથીયા)નું આલેખન કર્યું. તેમજ એક શ્રેણીમાં દૂર રહેલા સાત તાલવૃક્ષોને અર્ધચન્દ્ર બાણવડે શેરડીના ટુકડાની જેમ લીલામાત્રમાં છેદી નાખ્યાં! પોતાના પતિનું આવું લોકાતીત બલ જોઇને આશ્ચર્ય પામી તેની અદ્ભુત શક્તિને મનમાં વિચારવા લાગી :- 'મારા પ્રાણ-પ્રિયનું આવું અદ્ભુત પરાક્રમ છે તો તે ક્રોધમાં આવીને મારા પિતા અને બંધુનો વધ કરી નાખશે. પાછી મનમાં આ ચિંતા થવાથી વધારે દુઃખી થઇ. પ્રાયઃ કરીને સ્ત્રીઓને માતા-પિતા બંધુ આદિ પિયરીયા વધારે વ્હાલા હોય છે.'

મારા બલ અને શક્તિની આટલી પ્રતીતિ કરાવવા છતાં હજુ આ કેમ ઉદાસીન રહી છે? તેની ઉદાસીનતાનું કારણ શું હશે? પૂછું તો ખરો. 'પંડિતોએ નવવધૂના ચિત્તને સ્થિર કરવા માટે પ્રયાન કરવો જોઇએ.' એમ માનીને વિષ્ણુએ કહ્યું: 'પ્રિયે, મેં તને મારા પરાક્રમની આટલી પ્રતીતિ કરાવવા છતાં તારા મનમાં બીજી કઈ ચિંતા છે? તું કેમ બોલતી નથી? તારા દિલમાં જે હોય તે તું કહી શકે છે.' આ પ્રમાણે વિષ્ણુએ વારંવાર કહેવાથી અશ્રુપાત કરતાં લજ્જાથી રૂકિમણીએ કહ્યું:-'સ્વામિન્, જગતમાં ચમત્કારી એવું આપનું

અતુલ બલ છે તો મારા પર કરૂણા કરીને યુદ્ધમાં મારા પિતા અને બંધુનો વધ કરશો નહી. તેઓને મુક્ત કરી દેશો. સ્વામિન્, હું આપની પાસે મારા પિતા અને બંધુની ભિક્ષા યાચુ છું. મને આપ વચન આપો કે તે બન્નેને અભયદાન આપશો.'

'પ્રસિદ્ધિમાન અને પરાક્રમી એવા શિશુપાલને છોડીને અપરિચિત અને અણજાણ એવા મારો જેણે સ્વીકાર કર્યો છે, મારા પ્રત્યે એકાંત અનુરાગિણી બની છે, એવી રૂકિમણીને મારે આ અવસરે વચન આપવું જ જોઈએ.' એમ વિચારી વિષ્ણુએ તેને વચન આપ્યું. તેથી હર્ષિત બનેલી રૂકિમણીએ કહ્યું :- 'નાથ, શત્રુઓની સાથેના સંગ્રામમાં આપનો સંપૂર્ણ વિજય થાઓ !' આ પ્રમાણે કોમલ અને મધુરવાણીથી કૃષ્ણને નવાજ્યા.

रिपुं सबलमालोक्य, जानतापि हरेर्बलं । जगदे बलदेवेन, ज्येष्टो हि लघुचितकः ॥ ५८ ॥
वरीवर्ति बृहत्सैन्यं, शिशुपालोऽपि दुर्धरः । भ्रातस्ततस्त्वया तूर्णं, कार्या काचिद्व्यवस्थितिः ५९ ॥
शिशुपालो दुरात्मास्ति, भ्रातस्त्वां च वदामि तत् । अहं तमेव जेष्यामि, समस्तामपि तच्चमूं॥६०॥
रामप्रोक्तं समाकर्ण्य, कृष्णोऽवादीदमर्षतः । वराकोऽयं कियन्मात्रः, शिशुपालः पुरस्तव ॥६१॥
परमेनं दुरात्मानं, मुधाभिमानमालिनं । अहमेव च जेष्याम्या—रोप्य स्यंदन एव तां ॥६२॥
संस्थाप्य रुक्मिणीं कांतां, शतांग एव वेगतः । योधुं वीराधिवीरौ तौ, सत्त्वमालंब्य निर्गतौ॥६३॥

'વડિલો હરપળે નાનાઓની ચિંતા કરતા હોય છે.' તેમ બલભદ્રે કૃષ્ણનું બળ જાણતા છતાં પણ કહ્યું:-'ભાઈ આપણી સામે સૈન્ય છે. અને શિશુપાલ પણ દુર્ધર યોદ્ધો છે, તો તારે જલ્દીથી કોઈ વ્યવસ્થા કરવી જોઇએ. શિશુપાલ દુરાત્મા છે, તો તું કહે તો હું શિશુપાલને અને તેની સમસ્ત સેનાને જીતી લઉં.' રામના વચન સાંભળીને ક્રોધથી કૃષ્ણ બોલ્યા: 'આ રાંકડો શિશુપાલ તમારી આગળ કોણ માત્ર છે ? એ મિથ્યાભિમાની દુરાત્માને તો હું જ જીતી લઇશ.' એમ કહી રૂકિમણીને રથમાં બેસાડીને સત્વનું આલંબન લઇ બંને મહાબલી યોદ્ધાઓ યુદ્ધ કરવા માટે વેગથી બહાર નીકળ્યા.

प्रचचाल बली विष्णुः, शिशुपालेशसन्मुखं । संकर्षणोऽप्यमर्षेणो—द्दिश्यापि निखिलां चमू॥६४॥
एकाकिनं समायांतं, समालोक्य त्रिविक्रमं । दर्शनादुल्लसद्भैरः, शिशुपालः समुत्थितः॥६५॥
युद्धं दृष्ट्वा तदा घोरं, मुकुंदशिशुपालयोः । सैनिका अपरे क्षुब्धा, नष्ट्वा दूरं स्थितास्तदा ॥६६॥
कंठीरवस्य गोर्विंदे, द्विपस्य शिशुपालके । समालोक्योभयोर्युद्धं, कल्पनां चक्रिरे जनाः ॥६७॥
अपरां श्वापदाकारां, बाहिनीं बलिनीमपि । चिंतयन्नात्मनः सिंह—साम्यं च युयुधे बलः ॥६८॥
क्ष्वेडयैव च हुंकार—वाचयैव तदीयया । प्रणष्टाः सर्वतः केचि—त्सुभटाः कातरा इव ॥६९॥

खड्गेन खंडिताः केचित् , केचिद्बाणेन मर्दिताः । अर्दितास्त्वर्धचंद्रेण, मर्दिता मुद्गरेण च॥७०॥
श्रोत्राभ्यां रहिताः केचि—त्केचिच्चक्षुर्विना कृताः । केचिन्नक्रविहीनाश्च, केचिदुच्छिन्नमस्तकाः७१
स्वीयेष्टदेवतां केचित् , केचित् स्मरंति मातरं । केचिच्च जनकं केचि—त्क्रंदंति करुणस्वरं ॥७२॥
दुष्टेनैकाकिनानेन, व्यापादिता वयं यदि । पुनर्युद्धयामहे केचि—ज्जल्पंति पतिता अपि॥७३॥
गोधिकापुच्छवद्वीरा, निर्जीवा अपि केचन । पाणीन् प्रकंपयंति स्वान् , विविधायुधसंयुतान्।७४।
सर्वस्यामपि वाहिन्यां, समीक्ष्य क्षोभमुत्कटं । क्रोधेन धावितो रुक्मी, हक्कारयन् स्वसेवकान् ॥ ७५ ॥
आकर्ण धनुराकृष्य, बलेनागत्य रुक्मिणा।मुमुचे निशितो बाणो, राममारणहेतवे ॥ ७६ ॥
यस्य पुण्यबलं तस्य, कस्यापि न पराभवः।शरेणेति तदीयेन, विघ्नो नाकारि तत्तनौ ॥ ७७ ॥
पर्वैशस्यापि वंशस्यो—द्घर्षणेऽग्निर्यथैधते । मुशलीरुक्मिणोर्युद्धे, क्रोधश्चंडस्तथैधत ॥ ७८ ॥
अतीववर्धमानेन, प्रकोपचित्रभानुना । ज्वालयामासतुः सैन्य—वनं तौ द्वावसन्निभौ ॥ ७९ ॥
तयोर्ज्वालयतोस्तत्तु, यावत्कालोऽभवन्महान् । तावद्रुषाहिपाशाढ्यं, शरं संकर्षणोऽमुचत् ॥ ८० ॥
पक्षपातकरेणापि, जनकेन समन्वितः । तेन संवेष्टितो रुक्मि—कुमारो बलवानपि ॥ ८१ ॥
यदा संवेष्टितौ तेन, कुमारजनकौ दृढं । तदारोप्य रथे तौ तु, रुक्मिणयै प्रददे बलः ॥ ८२ ॥
दत्वा रामोऽब्रवीद्भद्रे, बंधुतातावमौ तव । अथैतयोर्मुखान्मोहा—न्मक्षिकोऽङ्गायनं क्रियाः ॥ ८३ ॥
कृष्णोऽपि शिशुपालेन, बलिनापि समं तथा । चक्रे नानायुधैर्युद्धं, यथा क्षोभोऽभवद्भुवि ॥ ८४ ॥
क्रियमाणं रणं रौद्र—मुभाभ्यामपि कोपतः । दर्शं दर्शं ननर्तोच्चै—र्नारदो व्योमसंस्थितः ॥ ८५ ॥
विरमेन्न मिथो यावत्, संग्रामादेक एकतः । तावद्बाणः क्षुरप्राख्यो, मुमुचे नरकद्विषा ॥ ८६ ॥
शिशुपालशिरःश्मश्रु—भ्रूकेशान्निखिलानपि । आदाय तेन गोविंद—जयश्रीर्द्विगुणी कृता ॥ ८७ ॥
केशयानेन नो याताः, कुंतला एव केवलं । किंतु याताः रिपोः शौर्य—चैतन्यकांतयोऽखिलाः८८
देहाच्छौर्यादिकं नष्ट—मेतस्य यदि भूभुजः । तदा किं मारयाम्येनं, निर्वीर्यं गतचेतनं ॥८९॥
इति संचित्य गोविंदो, विच्छायं च दिवेंदुवत् । विमुच्य शिशुपालेशं, जीवंतं कृपयाऽचलत्॥९०॥

પરાક્રમી વિષ્ણુ ક્રોધથી શિશુપાલની સન્મુખ અને બલભદ્ર સમસ્ત સેનાને ઉદ્દેશીને આગળ વધ્યા. એકાકી કૃષ્ણ અને શિશુપાલનું ભયંકર યુદ્ધ જોઈને પરાક્રમી એવા સૈનિકો પણ ક્ષુબ્ધ બનીને દૂર દૂર જઈને ઊભા રહ્યા. સિંહ સમાન વિષ્ણુ અને હાથી સમાન શિશુપાલના યુદ્ધને જોઈને લોકો કલ્પના કરતા હતા : જંગલી પશુઓ જેવી સેનાની સાથે સિંહ સમાન બલભદ્ર યુદ્ધ કરી રહ્યા છે. તેના એક હુંકારાથી અથવા સિંહનાદથી સઘળા સૈનિકો કાયરની જેમ ચારે બાજુ નાસી ગયા. તેમાં કેટલાક તલવારથી ખંડિત થયા, કેટલાક બાણથી વિંધાઈ ગયા. કેટલાક અર્ધ ચન્દ્ર બાણવડે કપાઈ ગયા, કેટલાક મુદ્ગરથી ચૂરચૂર થઈ ગયા. કેટલાક

સૈનિકો કાન વિનાના, કેટલાક આંખ વિનાના, કેટલાક હાથ પગની આંગળીઓ વિનાના તો કેટલાક સૈનિકો મસ્તક વિનાના થઇ ગયા. તેમાંના કાયર સૈનિકો પોતાના ઈષ્ટ દેવને અથવા પોતાની માતાને કે પોતાના પિતાને યાદ કરતા કરૂણ સ્વરે આક્રંદ કરી રહ્યા હતા. 'દુષ્ટ એવા આ એકલાએ આપણને મારી નાખ્યા, છતાં મરતા મરતા પણ એની સાથે યુદ્ધ કરો.' આ પ્રમાણે બોલતા શૂરવીર યોદ્ધાઓ ગીરોળીના પૂંછડાની જેમ કપાઈ ગયેલા અંગોવાલા અથવા નિર્જીવ બની ગયેલા હોવા છતાં પણ પોતાના હાથમાં રહેલા શસ્ત્રોને કંપાવતા હતા. આ પ્રમાણે પોતાની સેનાની બેહાલી જોઇને ક્રોધિત બનેલો રૂક્મિકુમાર પોતાના સેવકોને ઉત્તેજિત કરતો આગળ આવ્યો. આવીને જોશથી ધનુષ્યને કાન સુધી ખેંચીને બલભદ્રને મારવા માટે તીક્ષ્ણ બાણ ફેંકયું. પરંતુ જેનું પુણ્યબલ હોય છે તેનો પરાભવ કોઈ કરી શકતું નથી. તેમ રૂકિમકુમારના બાણથી રામના શરીર પર કોઇ નુકશાન થયું નહી.

ગાંઠાવાળા વાંસનું પરસ્પર ઘર્ષણ થવાથી જેમ અગ્નિ પ્રગટ થાય છે તેમ બલભદ્ર રૂકિમકુમારના યુદ્ધમાં પ્રચંડ ક્રોધ ઉત્પન્ન થયો. તે બન્નેના વધતા ક્રોધરૂપી અગ્નિની પ્રચંડ જ્વાલાઓથી દૂર રહેલું સૈન્યરૂપી વન પણ બળવા લાગ્યું. જ્યાં સુધી સૈન્યરૂપી વનમાં ભયંકર અગ્નિ પેદા થાય ત્યાં સુધીમાં તો બલભદ્રે નાગપાશ નામનું બાણ ફેંકયું. તે નાગપાશ બાણમાંથી છૂટેલા વિકરાલ નાગો બલવાન એવા રૂકિમકુમારને વીંટળાઇ ગયા. તેનો પક્ષપાત કરવા આવેલા તેના પિતા ભીષ્મરાજાને પણ રૂકિમકુમારની જેમ નાગો વીંટળાઇ ગયા. આ પ્રમાણે દૃઢ નાગપાશથી બંધાઈ ગયેલા પિતા પુત્રને લઈને રૂકિમણીની પાસે રથમાં મૂકયા: અને રૂકિમણીને બલભદ્રે કહ્યું:- 'ભદ્રે, આ તારા પિતા અને બંધુના મુખ ઉપરથી માખીઓ ઉડાડવાનું કામ કર.' કૃષ્ણ પણ બલવાન એવા શિશુપાલની સાથે વિવિધ પ્રકારના શસ્ત્રોથી ભયંકર યુદ્ધ કરતા લોકોને ક્ષોભ પમાડતા હતા. શિશુપાલ અને કૃષ્ણને ક્રોધથી ભયંકર યુદ્ધ કરતા જોઈને આકાશમાં રહેલ નારદ ખૂશ થઇ નાચવા લાગ્યા.

શિશુપાલે યુદ્ધમાં જરાપણ મચક નહી આપવાથી કૃષ્ણે ક્ષુરપ્ર (અસ્ત્રા જેવું) નામનું બાણ મૂકયું. તે ક્ષુરપ્ર શસ્ત્રે શિશુપાલના દાઢી-મુછ ભ્રકુટી અને માથાના સમસ્ત વાળ (કેશ) લઈ લીધા. તેથી કૃષ્ણનો બધેણો જયજયકાર થયો.

દાઢી-મૂછ અને માથાના વાળ એકલા શિશુપાલના ગયા, પરંતુ તેથી શત્રુનું શૌર્ય, ચૈતન્ય અને સઘળું તેજ હરાઇ ગયું. ' રાજાના શરીરમાંથી જો શૌર્ય, બલ, વીર્ય અને તેજ ચાલ્યું જાય તો બાકી શું રહે ? તો આવા નિર્વીર્ય અને ચૈતન્યહીન એવા શત્રુને મારવાથી શું ? ' આમ વિચારી કૃષ્ણ દિવસે આકાશમાં નિસ્તેજ રહેતા ચન્દ્ર જેવા તેજહીન શિશુપાલને દયાવડે જીવતો છોડીને ત્યાંથી ચાલ્યા ગયા.

भवेद् द्वेधापि भूयिष्ट—बलोऽपि वसुधाधवः। नूनं पुण्यक्षये सोऽप्य—धिकपुण्येन जीयते॥९१॥
एकाकिनापि कृष्णेन, प्रभूतपुण्यधारिणा। शिशुपालो बलिष्टोऽपि, हेलयैव जितस्ततः ॥९२॥
कातराणां च वीराणां, राजिनां वाजिनां घुनः। कबंधैर्दंतिनां दंतैः, पूरिता रणभूरभूत् ॥९३॥
तीर्थंकराः क्षमाशूरा, दानशूराः सितोदराः। वासुदेवा रणे शूरास्तपशूरास्तपोधनाः ॥९४॥
रौद्रमेवं रणं कृत्वा, हत्वा चारिकदंबकं। इति सत्यापयन् कृष्णो, बलगर्वं न चाकरोत् ॥९५॥
ततो द्वावपि गोविंद—सान्वतौ जितकासिनौ। आगातां रुक्मिणीपार्श्वे, संग्रामाप्तजयश्रियौ॥९६॥

પુણ્યનો ક્ષય થાય ત્યારે અધિક પુણ્યવાળો જીતે છે તે રીતે મહાપુણ્યશાળી એવા કૃષ્ણે એકલા હોવા છતાં પણ બલવાન્ એવા શિશુપાલને એક હેલામાત્રમાં પરાજિત કર્યો. કાયર અને વીરપુરૂષોના, હાથી અને ઘોડાઓના મસ્તક વિનાના શબો વડે તેમજ હાથીઓના દાંતો વડે સંગ્રામભૂમિ ભરાઇ ગઇ. કહ્યું છેઃ– 'તીર્થંકરો ક્ષમામાં શૂરવીર, કુબેર દાનમાં શૂરવીર, અને સાધુપુરૂષો તપમાં શૂરવીર હોય છે તેમ વાસુદેવો યુદ્ધમાં શૂરવીર હોય છે.' આવું ભયંકર યુદ્ધ કરી, અનેક સુભટોનો નાશ કરીને પોતાની (વાસુદેવપણાની) શૂરવીરતા સાર્થક કરી. તેમ છતાં તેઓએ પોતાના બલનું જરાય અભિમાન કર્યું નથી.

राममाधवयोस्तत्र, जयं प्राप्य समेतयोः। विनयायाभितस्थौ सा ह्रियाधः कृतलोचना ॥९७॥
संप्राप्यावसरं प्रोचे, रुक्मिणी रमणं प्रति। बलेन बद्धं मे बंधुं, सतातं मुंच कष्टतः ॥९८॥
हसित्वा वक्रदृष्टिभ्यां, रुक्मिण्या वीक्ष्य सन्मुखं।मुमोच रुक्मिणं नाग—पाशबंधाज्जनार्दनः॥ ९९ ॥

યુદ્ધમાં જયશ્રી પ્રાપ્ત કરીને વિજયી એવા કૃષ્ણ-બલભદ્ર, રૂકિમણીની પાસે આવ્યા. જયશ્રીને વરેલા જોઇને રૂકિમણી વિનયપૂર્વક ઊભી થઇ અને લજ્જાથી નીચું જોઇ ગઇ. હવે અવસરને પામીને કોમલ વચનથી રૂકિમણીએ કૃષ્ણને કહ્યુંઃ–'સ્વામિન્ આ મારા પિતા અને બંધુને કષ્ટથી મુક્ત કરો.' વક્રદૃષ્ટિથી રૂકિમણીના સામું જોઈ હસીને કૃષ્ણે પિતા સહિત રૂકિમકુમારને નાગપાશથી મુક્ત કર્યો.

प्रोवाच च हरी रुक्मिन्, वर्तसे त्वमतः परं।मदीय एव बन्धुश्च, चिंता कार्या न च त्वया ॥१०० ॥
जगाद बलदेवोऽपि, तदा कोमलया गिरा। त्यज रुक्मिन् विरोधित्वं, कुरुष्व हृदि संमदं॥ १ ॥
त्रिविक्रमवृतेर्भव्यं, रुक्मिण्या विहितं यथा। तथा त्वमपि जानीहि, भव्यमेव स्वमानसे ॥ २ ॥
वीराणामेकतः कोटि—र्भवेच्च हरिरेकतः। तथापि हरिणा सार्धं, तया योधुं न शक्यते ॥३॥
ततः स्वसेवकीभावं प्रतिश्रुत्य वृषाकपेः। भगिन्या उपरि स्नेहं, चिंतय प्रत्युतातुलं ॥४॥
सकलाभ्योऽपि कांताभ्य-स्त्वदीया रुक्मिणी स्वसा। वरीवर्ति गुणज्ञा यद्—वृणोति रमणं हरिं॥५॥
एतस्या उपरि स्नेह—स्ततः कार्यो विशेषतः। इमां च मिलितुं प्रेम्णा, समेतव्यं त्वयाऽनिशं॥६॥

विष्णोर्देशे पुरे ग्रामे, स्खलना नास्ति ते मनाक् । प्रणामार्थं मुकुंदस्या—गंतव्यं च मुहुर्मुहुः।।७।।
वाक्यैर्बहुविधैरेवं, भूयःप्रेमरसालयैः । रुक्मिणीप्रीतितो रुक्मी, बलभद्रेण मोदितः ।।८।।
गोपावेतौ पुरा राम—गोविंदौ कथितौ जनैः । तयोश्च पुरतो रुक्मी, हारितः क्षत्रियोऽप्यहं।।९।।
नमन्महीमहीपाल—शिशुपालार्पिता मया । आभ्यामेव हठाद् द्वाभ्यां, गृहीता रुक्मिणी स्वसा।।१०।।
विलक्षवदनो रुक्मी, चिंतयन्निति चेतसि । भूयोऽभिमानलज्जाभ्यां, न प्रत्युत्तरमप्यदात्।।११।।
महत्त्वहानितो दुःखं, जानन्नासीदयं हृदि । मत्वेत्यमुंचतां राम—कृष्णो तत्रैव रुक्मिणं।।१२।।
मुक्त्वा च तत्र तं रामो, द्वारिकाभिमुखं रथं । मुकुंदरुक्मिणीराज—च्छोभं शीघ्रमवाहयत्।।१३।।

મુક્ત કરીને કૃષ્ણે રૂક્મિકુમારને કહ્યું :– 'રૂક્મિકુમાર, આજથી તમે મારા પ્રિય બંધુ છો. તમારે જરાયે ચિંતા કરવી નહી.' બલભદ્રે પણ મધુર વચનથી કહ્યું:–'રૂક્મિકુમાર, હવે તમે વિરોધીપણું છોડી દો. અને હૃદયમાં આનંદ પામો. રૂક્મિણી વિષ્ણુને પરણી એ બહુ સારૂ કર્યું છે. તમારા હૃદયમાં ખૂશી માનો. એક તરફ લાખો અને કોડો વીરપુરૂષો હોય અને બીજી તરફ કૃષ્ણ એકલા હોય, તો પણ કોઈની તાકાત નથી કે કૃષ્ણની સાથે યુદ્ધ કરી શકે. તેથી તમે પણ વિષ્ણુના અંગત સેવક બનીને પોતાની બેન રૂક્મિણી ઉપર સ્નેહ ધારણ કરો. અને મનમાં વિચારો :–'સઘળીયે સ્ત્રીઓ કરતા મારી બેન કેટલી ગુણદ્રષ્ટિવાલી કે જેણે વિષ્ણુને પતિ તરીકે સ્વીકાર્યા.' આથી રૂક્મિણી પર વિશેષ સ્નેહ રાખી તેને મળવા માટે નિરંતર તારે આવવું. વિષ્ણુના કોઈ ગામ નગર કે દેશમાં તને કોઈ રોકશે નહી. માટે વિષ્ણુને પ્રણામ કરવા માટે તારે વારંવાર આવવું.'

રૂક્મિણી તરફના પ્રેમથી આ પ્રમાણે પ્રેમરસથી ભરપુર મીઠા મધુરા વચનોથી રૂક્મિકુમારને ખૂશ કરવા માટે બલભદ્રે ઘણો પ્રયત્ન કર્યો. પરંતુ અભિમાની રૂક્મિકુમાર વિચારે છે કે હું ક્ષત્રિય થઇને ગોવાળીયા એવા આ બન્નેથી હારી ગયો. વળી, જેને હજારો રાજાઓ નમસ્કાર કરે છે, તેવા શિશુપાલને મારા હાથે આપેલી મારી બેન રૂક્મિણીને આ ગોવાળીઆઓ બલાત્કારે લઇ જાય છે !' આ રીતે લજ્જા અને અભિમાનથી વિલખો અને નિરાશ બનેલો રૂક્મિકુમાર નીચું જોઈને ઊભો રહ્યો, પરંતુ એક પણ શબ્દ બોલી શકતો નથી.

'પોતાના મહત્વની હાનિથી આ હૃદયમાં દુઃખી બની ગયો છે,' એમ માની તેને ત્યાંજ છોડીને રામ કૃષ્ણે રૂક્મિણીને લઇને દ્વારિકા સન્મુખ રથને હાંકી મૂકયો.

प्रत्यूहव्यूहयोगेऽपि, रुक्मिणीकन्यकाप्तितः । मेनाते रामगोविंदा—वात्मनोश्च कृतार्थतां।।१४।।
त्रिविक्रमपतिप्राप्त्या, रुक्मिण्यपि च चेतसि । धन्यंमन्या समस्तासु, कांतासु समबोभवीत्।।१५।।

રૂક્મિણી કન્યાની પ્રાપ્તિમાં ઘણુ વિઘ્ન આવવા છતાં વિઘ્નનો નાશ થવાથી પોતાની જાતને કૃતાર્થ માનતા બલભદ્ર અને કૃષ્ણ ખૂબ જ સંતોષ પામ્યા, અને રૂકિમણી પણ કૃષ્ણને પતિ તરીકે મેળવવાથી ખૂબ જ સંતોષ પામી. સઘળીયે સ્ત્રીઓ કરતાં પોતાની જાતને ધન્ય માનવા લાગી.

रामोऽवादीदिदं सर्वं, भाग्यतस्तव माधव । माधवोऽप्यवदद्भ्रातः, प्रासादोऽयं तवैव च॥१६॥
प्रशंसामिति कुर्वाणौ, परस्परं सहोदरौ । कौतुकं पथि पश्यंतौ, प्राप्तौ रैवतकाचलं ॥ १७ ॥
अदृष्टचरमालोक्य, प्रोत्तुंगं तं शिलोच्चयं । रुक्मिणीं पुंडरीकाक्षं, विनयेन व्यजिज्ञपत् ॥ १८ ॥
स्वामिन्नयं गिरिस्तुंगः, किमाह्वयः प्रवर्तते । स्वरुपमस्य कीदृक्षं, विस्तारः कीदृशस्तथा ॥ १९ ॥
दामोदरो जगौ देवी—मस्ति रैवतकाभिधः । निर्जराणामनेकेषां, क्रीडास्थानमयं गिरिः ॥ २० ॥
विमलाचलतीर्थस्य, द्वितीयं श्रृंगमस्त्यदः । शतयोजनविस्तार—समन्वितशिलोच्चयः ॥ २१ ॥
स्वरूपमुज्जयंताद्रे—रीदृगाकर्ण्य रुक्मिणी । अत्र यात्रां करिष्यामि, कल्पमानेत्यमूमुदत् ॥ २२ ॥

બલભદ્રે કૃષ્ણને કહ્યું : 'ભાઇ આ બધુ તારા ભાગ્યથી જ બન્યું છે.' ત્યારે કૃષ્ણ કહે : 'નહી નહી, બંધુ, આ બધો તમારો જ પ્રાસાદ છે.' આ પ્રમાણે એકબીજાની પ્રશંસા કરતા, રસ્તામાં નવ નવા કૌતુકોને જોતા રૈવતાચલ (ગીરનાર) પાસે આવ્યા. કયારે પણ નહી જોયેલા એવા ઊંચા પર્વતને જોઇને રૂકિમણીએ વિનયપૂર્વક કૃષ્ણને પૂછયું :-'સ્વામિન્ આ ઊંચા પર્વતનું નામ શું ? તેનું સ્વરૂપ શું ? તેમજ તેનો વિસ્તાર કેટલો છે ? કૃષ્ણે કહ્યું :-'દેવિ, આ રૈવતાચલ- નામનો પર્વત છે કે જે અનેક દેવોની ક્રીડાભૂમિ છે. વિમલાચલ તીર્થનું આ બીજુ શિખર કહેવાય છે. તેનો સો યોજન (૪૦૦ ગાઉ=૮૦૦ માઇલ) નો વિસ્તાર છે.

ઉજ્જયંતગિરિનું આવા પ્રકારનું સ્વરૂપ જાણીને રૂકિમણીએ ખૂશ થઈ અને મનમાં સંકલ્પ કર્યો કે 'હું અહીંની યાત્રા કરીશ.'

भुवनानंदनं तस्य, वनं नंदनसन्निभं । बहुजातितरुव्रात—फलपुष्पलतायुतं ॥ २३ ॥
चंद्रादिभिः शुभ लग्ने, तत्र पवित्रकानने । रामेण रुक्मिणीहर्योः, कारितं पाणिपीडनं ॥ २४ ॥
जातं तदादितस्तस्य, महत्त्वं निखिले वने।कस्य कस्य क्षितौ स्यान्न, महत्त्वं महिताश्रितेः ॥ २५ ॥

ફલ પુષ્પ અને લતાથી યુક્ત અનેક જાતના વૃક્ષોથી સુશોભિત નંદનવન સમાન તે પર્વતના ભુવનાનંદન નામના પવિત્ર વનમાં ચન્દ્ર આદિનો યોગ પ્રાપ્ત થતા શુભલગ્નમાં બલભદ્રે કૃષ્ણ અને રૂકિમણીનું પાણિ ગ્રહણ કરાવ્યું. ત્યારથી માંડીને ભુવનાનંદન વનનું મહત્વ જગતમાં પ્રસિદ્ધ થયું. ખરેખર મહાન્ પુરુષોની નિશ્રાથી કોને મહત્વ ના મળે ? અર્થાત્ એ પણ મહાન બને છે.

क्रीडां कर्तुं वने तत्र, रुक्मिणीरमणीयुतौ।कालं कियंतमानंदा—द्रामत्रिविक्रमौ स्थितौ ॥ २६ ॥
कृष्णेन बलभद्रोऽपि, बलदेवेन माधवः । रुक्मिणी विष्णुभर्त्रा च, कुटुंबं सर्वमप्यवेत् ॥ २७ ॥
वनेऽपि, वसतां तेषा—मरतिर्नाप्यजायत । प्रत्युतानंदसंदोह—प्रादुर्भावोऽभवद् भृशं ॥ २८ ॥
रुक्मिणीबलभद्राभ्या—मनेकतां विजानता । स्थितं तत्र मुकुंदेना—मंदसंमदसंपदा ॥ २९ ॥

ભુવનાનંદન વનમાં રૂકિમણી સાથે ક્રીડા કરતાં કેટલોયે સમય પસાર થઈ ગયેા. કૃષ્ણ-વડે બલભદ્ર અને બલભદ્રવડે કૃષ્ણ, તેમજ રૂકિમણી પતિની સાથે રહેલી તે એમજ માનતી કે 'આટલું જ મારૂં કુટુંબ છે.' આ રીતે ભુવનાનંદનવનમાં વસતા તેઓને કેાઈ રેાગ શેાક કે સંતાપ જેવી વસ્તુ જણાતી ન હતી બલકે આનંદરૂપી સાગરની લહરીઓમાં નીરંતર સ્નાન કરી રહ્યા હતા. કૃષ્ણ, રૂકિમણી અને બલભદ્ર સાથે રહેતા અત્યંત આનંદ અનુભવતા હતા.

द्वारवत्यां तदा लोकैः, शुश्रुवे स्वजनैरपि । उद्वाह्य रुक्मिणीं जित्वा, शत्रुं च हरिरागमत् ॥ ३० ॥
तोरणैश्चंदनांभोभि—र्नानाकुसुमकेतुभिः । जनार्दनप्रवेशार्थं, शृंगारिता पुरी नरैः ॥ ३१ ॥
गांभीर्यौदार्यचातुर्य—रुपयौवनसंयुता । भूषणैर्भूषिता भाति, कांतयोगेंगना यथा ॥ ३२ ॥
द्वारवत्यपि पूरेषा, तथोरुतोरणादिभिः । समन्विता तदा रेजे, नयनानंददायिनी ॥ ३३ ॥
पुरीशोभां विधायैवं, विस्तरेण महीयसा। विष्णोः सन्मुखमायाताः, सर्वेऽपि नागरा नराः॥ ३४ ॥
माधुर्यवर्यतूर्याणां, निर्घोषैः पूरितांबरैः । प्रमोदिबंदिवृंदानां, भूयो जयजयारवैः ॥ ३५ ॥
सुवासिनीमृगाक्षीणां, लसद्धवलमंगलैः। हर्षोत्कर्षेण पौराणां, प्रवेशं कृतवान् हरिः ॥३६ ॥ युग्मं ॥

'શત્રુને જીતીને રૂકિમણીને પરણીને કૃષ્ણ ભુવનાનંદન વનમાં આવી ગયા છે,' આવા સમાચાર સાંભળીને દ્વારિકા નગરીના લેાકેા અત્યંત હર્ષિત થયા.

સ્વજનવર્ગે અને મંત્રીવર્ગે કૃષ્ણનેા પ્રવેશમહેાત્સવ કરવા માટે ચંદન આદિના તેારણેા વડે અને નવી નવી જાતનાં પુષ્પેાની ધ્વજાપતાકા વડે દ્વારિકા નગરીને અદ્‌ભુત શણગારી. જેમ ગાંભીર્ય ઔદાર્ય, ચાતુર્ય અને રૂપ યૌવનથી યુક્ત, સેાળે શણગારથી સજ્જ રૂપયૌવના પતિને મળવા માટે ઉત્સુક થયેલી શેાભે તેમ જનાર્દન (કૃષ્ણ)ના પ્રવેશ માટે દ્વારિકાનગરી શેાભતી હતી, અનેક પ્રકારના ધ્વજા, પતાકા. વંદનમાલિકા અને તેારણેા વડે નયનને આનંદ પમાડે તેવી દ્વારિકાની શેાભા કરીને, સર્વે નગરજનેા સ્વાગત કરવા માટે વિષ્ણુની સામે આવ્યા.

મધુર વાજિંત્રેાના અવાજવડે અને હર્ષિત થયેલા બંદીજનેાના જયજયારવ વડે આકાશ મંડલ વ્યાપ્ત બની ગયું. હર્ષઘેલી બનેલી સેાહાગણ સ્ત્રીઓના મંગલ ગીતેા અને સાચા મેાતીના વધામણા સહિત નગરજનેાએ શ્રીકૃષ્ણનેા નગર–પ્રવેશ કરાવ્યેા.

हट्टे विक्रीयमाणानि, क्रयाणकान्यनेकशः । नाणकानि च वासांसि, केचिद्विमुमुचुस्तदा ॥ ३७ ॥
विहाय निर्ययुः स्नान–मर्धं पानं च भोजनं।मंडनं खंडनं ध्यानं, कश्चिद्गानं विलेपनं ॥ ३८ ॥
द्राग्मूर्धवेष्टनं कंठे, केचित् ग्रैवेयकं कटौ । मुद्रिकां करयोरंघ्र्योः, केयूराणि च पर्यधुः ॥ ३९ ॥
वादित्रध्वनिवाल्लभ्या–त्तस्मिन्नवसरे स्त्रियः । चक्रुश्चेष्टा विशेषेण, संक्षेपतो ब्रवीमि ताः ॥ ४० ॥
दधाना काचिदौत्सुक्यं, वधूवरदिदृक्षया । अक्ष्णोश्चिक्षेप पुंड्रार्थं घृष्टे कुंकुमचंदने ॥ ४१ ॥
ललाटपट्टके काचि—दंजनेन महीयसा । तिलकं रचयामास, काचित्कपोलमंडनं ॥ ४२ ॥
मुकुटस्थानके काचि—च्चूडामणिमुपादधत् । मुकुटं श्रवणस्थाने, काचिद्वैयग्र्ययोगतः ॥ ४३ ॥
कुचयोरुपरि स्फारे, कुंडले काचिदंगना । हारं चरणयोः काचि—न्निनदन्नूपुरं गले ॥ ४४ ॥
वस्त्राणां परिधानं तु, वैपरीत्येन यत्कृतं । उपहास्यकरं पुंसां, किमुच्यते मयाऽत्र तत् ॥ ४५ ॥
हावभावविलासान् स्व—भर्त्रा सत्रा वितन्वती । उभयोरपि वैकल्या—त्काचिदुत्थाय निर्गता॥४६॥
सीमंतं रचनावर्ज्जं, मुक्त्वा काचिद्विनिर्गता । मुखाग्र आगतैः केशै, राक्षसीव भयंकरी ॥४७॥
काचित्प्रकारयंती स्त्री, स्तन्यपानं निजांगजं । धृत्वा कटीप्रदेशे च, समायाता सकौतुका ॥४८॥
काचिन्निजसुतभ्रांतिं, दधानौत्सुक्यतो हृदि । स्वगेहे पालितं चौतु–पोतं धृत्वा समागता ॥४९॥
काचित् त्रुटितहारा च, काचित्स्फुटितकंकणा । प्रालंबरहिता काचि—न्नूपुरेण विवर्जिता ॥५०॥
काचित्स्फाटितवस्त्रा च, काचिद् घर्षद्वपुर्लता । प्राप्तमुक्ताफला काचि—ल्लोकसंमर्दतोऽभवत्॥५१॥
काचिज्जालांतरे स्थित्वा, वीक्षमाणा वधूवरौ । मुक्ताफलसमन्वीतै–रवर्धापयदक्षतैः ॥५२॥
रुक्मिणीकेशवालोके, वीक्ष्य पौरांगनाकृतं । चित्रं कुतूहलं लोका, जहसुर्हस्ततालकैः ॥५३॥

કરીયાણાના વેપારીઓએ કરીયાણાથી, ચોકસી લોકોએ સોના ચાંદીથી, ઝવેરીઓએ ઝવેરાતથી, અને કાપડીયાઓએ કાપડથી અલગ અલગ બજારોમાં પોતપોતાની દુકાનોને શણગારી, વાજિંત્રોના અવાજ સાંભળીને સ્નાન કરતી સ્ત્રીઓ અર્ધુ સ્નાન મૂકીને, ભોજનપાન કરતી અર્ધુ ભોજન મૂકીને, શણગાર કરતી સ્ત્રીઓ અર્ધો શણગાર પડતો મૂકીને, ધ્યાન કરતી ધ્યાન છોડીને તેમજ ગાન અને વિલેપન પણ પડતા મૂકીને વરઘોડો જોવા માટે દોડાદોડ કરતી હતી. તેમાં કેટલીક સ્ત્રીઓ તો અડધો ગૂંથેલો ચોટલો છૂટો મૂકીને, કેટલીક કંઠમાં પહેરવાનો હાર કેડમાં, હાથની મુદ્રિકાઓ પગમાં અને પગના ઝાંઝર હાથમાં તેમજ વર વહુ (કૃષ્ણ–રૂકિમણી)ને જોવા માટે ઉત્સુક થયેલી ઉતાવળમાં કેટલીક આંખનું અંજન કપાલમાં અને કપાલનો કુમકુમ ચાંદલો આંખમાં આંજતી દેખાતી હતી. કેટલીક તો મુગટના સ્થાને ચૂડામણિ (ઝોર) કાનના કુંડલ ગળામાં અને ગળાનો હાર કાનમાં નાખતી. વળી કેટલીક તો સ્તન ઉપર કુંડલ લગાવતી, હારને, પગમા પહેરતી, કંઠમાં ઝાંઝર પહેરતી આ રીતે જોવામાં તલ્લીન બનેલી સ્ત્રીઓ વિપરીત શણગારને કરતી પુરૂષોને માટે હાસ્યાસ્પદ બની ગઈ હતી.

ગ્રંથકાર કહે છે કે આ તો મેં સંક્ષેપમાં કહ્યું છે. વધારે શું કહું ? કેટલીક સ્ત્રીઓ તો પોતાના પતિ સાથે હાવભાવ વિલાસ કરતી ત્યારે વાજિંત્રનો અવાજ સાંભળીને પાગલની જેમ બધુ જ છોડીને જોવા માટે બહાર ભાગી જતી. કેટલીક માથાના કેશ સમારતી મૂકીને જોવા માટે બહાર આવેલી મુખ ઉપર આવેલા કેશ વડે ભયંકર રાક્ષસી જેવી દેખાતી. કેટલીક બાળકને સ્તનપાન કરાવતી કેડમાં બાલકને લઈને કૌતુક સહિત બહાર દોડી આવી. વળી કેટલીક તો એટલી ઉત્સુક થઈ ગઈ કે પોતાના બાળકને બદલે ભ્રાન્તિથી ઘરમાં પાળેલા બિલાડીના બચ્ચાને કેડમાં તેડીને આવેલી !

જોવા માટેની દોડાદોડીમાં કેટલીક સ્ત્રીઓના હાર તૂટી ગયા તો કેટલીકના કંકણ, કેટલીકના ઝાંઝર નીકળી ગયા. કેટલીકનાં વસ્ત્રો ફાટી ગયા તો કેટલીકના ચંદનના વિલેપનો પરસેવાથી રેબઝેબ થઇને પ્રવાહી બની ગયા. આ પ્રમાણે કેટલીક સ્ત્રીઓ ગવાક્ષમાં (ઝરૂખામાં) તો કેટલીક અગાશીમાં, તો કેટલીક બજારમાં, કેટલીક રસ્તા ઉપર ઊભી ઊભી વર વહુ (કૃષ્ણ રૂકિમણી) ને જોઇને સાચા મોતીથી અને અક્ષતોથી વધાવતી હતી, આ પ્રમાણે સ્ત્રીઓના વિપરીત શણગાર અને વિપરીત વેષભૂષા જોઇને પુરુષો એકબીજાને તાળીઓ આપતા હસવા લાગ્યા.

रुक्मिणीकृष्णयोर्योगं, दृष्ट्वा ब्रुवंति नागराः । अहो विवेकिना धात्रा, रत्नं रत्नेन योजितं ॥५४॥
अनंगमंगयुक्तं च, माधवं वीक्ष्य मानवाः । रुक्मिणीं च रतिप्रीत्या, प्रत्यक्षतोऽप्यचिंतयन् ॥५५॥
काचिद्ब्रवीति नारीषु, रुक्मिण्येव वरीयसी । यदर्थं पुंडरीकाक्षो, जग्मिवान् कुंडिनं पुरं ॥५६॥
काचित्समस्तमर्त्येषु, भाग्यवान् पुरुषोतमः । शिशुपालनृपं जित्वा, जग्राह यो हठादिमां ॥५७॥
काचिच्च बहुविघ्नेऽपि, फलितश्चेन्मनोरथः । महाभाग्यं वरीवर्त्य—चिंत्यं तदुभयोरपि ॥५८॥
काचित्तीर्थकृतां पूजा, या कृता पूर्वजन्मनि । सानयोः फलवत्यासी—दत्र जन्मनि सर्वदा॥५९॥
काचित्पूर्वकृतं दानं, ध्यानं च विविधं तपः । सफलं तद्बभूवात्र, दंपत्योरेतयोरलं ॥६०॥
लोकैः संस्तूयमानाभ्यां, दंपतीभ्यां प्रमोदतः । द्वारिकायां सशोभायां, प्रवेशो विहितस्तदा ॥६१॥

રૂક્મિણી અને કૃષ્ણનો યોગ જોઇને નાગરિકો કહેવા લાગ્યા : બ્રહ્મા કેટલો વિવેકી અને ચતુર છે કે રત્નની સાથે રત્નનો યોગ કરાવ્યો ! અર્થાત્ સરખે સરખી જોડી છે.

માધવ (શ્રીકૃષ્ણ) ને જોઇને નગરવાસીઓ વિચારતા કે અંગ વિનાનો અનંગ (કામદેવ) સાક્ષાત્ રતિ–પ્રીતિ સાથે જાણે આવ્યો ના હોય ! કેટલીક સ્ત્રીઓ કહેતી : જગતની સ્ત્રીઓમાં રૂકિમણી કેટલી ભાગ્યશાલિની છે કે જેને માટે શ્રીકૃષ્ણ કુંડિનપુર ગયા હતા. કેટલીક કહેતી : પુરૂષોત્તમ મહા ભાગ્યશાળી છે કે શિશુપાલ રાજાને જીતીને રૂકિમણીને પ્રાપ્ત કરી. કેટલીક કહેતી : બન્ને મહાભાગ્યશાળી છે કે ઘણું વિઘ્ન આવવા છતાં પોતાનો મનોરથ પૂર્ણ થયો.

વળી કેટલીક કહેતી : આ બંનેએ પૂર્વજન્મમાં તીર્થંકર ભગવંતની ભાવથી પૂજા કરી હશે કે જેથી આ જન્મમાં તેઓને પૂર્ણ સફળતા મળી છે, કેટલીક કહે : પૂર્વજન્મમાં આ બન્ને જણાએ ઘણું દાન પુણ્ય કર્યું હશે. ધ્યાન કર્યું હશે. વિવિધ પ્રકારનો તપ કર્યો હશે તેથી જ બન્નેનો સફલ સંબંધ થયો લાગે છે. આ પ્રમાણે નગરજનો વડે સ્તુતિ કરાતા દંપતિએ સુશોભિત એવી દ્વારિકા નગરીમાં પ્રવેશ કર્યો.

अस्त्येषा त्रिदशाधीश—नगरी किं गरीयसी । तां वीक्ष्य रुक्मिणी दध्यौ, सविस्मयमना इति।।६२।।
प्रासादांस्तत्र जैनेंद्रान् , समालोक्य च रुक्मिणी । मुमुदे भगवत्पूजा—धर्मकर्मचिकीर्षया।।६३।।
अहो भाग्यं महन्मे यत् , कृत्वा पूजनमर्हतां । अवतारं करिष्यामि, फलाढ्यमत्र मानुषं ।।६४।।

દ્વારિકાની શોભા જોઈને વિસ્મિત થયેલી રૂકિમણી વિચારે છે : આ તો કોઈ ઇન્દ્રની ઇન્દ્રાપુરી છે કે શું ? જિનેન્દ્રોના પ્રાસાદો (મંદિરો) જોઈને ભગવદ્પૂજા આદિ ધર્મકાર્ય કરવાની ઇચ્છાવાળી રૂકિમણી અત્યંત ખુશ થઈને વિચારવા લાગી : 'ધન્ય ભાગ્ય મારા કે હું અરિહંત પરમાત્માની પૂજા કરીને મારા માનવ અવતારને સફલ કરીશ.'

पाणिग्रहणमासाद्य, समेतस्य वरस्य तु । यादृग्विधीयते कृत्यं, मांगल्यं विघ्नशांतये ।।६५।।
तादक्कृत्यं कृतं प्राप्य, सुवासिनीभिरुत्सवैः । रुक्मिणीसंयुतः कृष्णः, प्राविशत्स्वनिकेतने।।६६।।
स्वप्रासादं गते विष्णौ, कृतकृत्योऽपि सान्वतः । रेवतीदर्शनोत्कण्ठः, प्रासादं प्राप्तवान्निजं।।६७।।
प्राप्य प्रासादमात्मीयं, रेवतीप्रियया समं । शशीव बुभुजे भोगान् , रामः कलंकवर्जितः ।।६८।।

પાણિગ્રહણ (લગ્ન) કરીને આવેલા વરવધૂનું વિઘ્નોની શાંતિ માટે જેવા પ્રકારનું મંગલ કાર્ય કરવું જોઈએ તેવા પ્રકારનું માંગલિક કાર્ય ઉત્સાહિત બનેલી સોહાગણ સ્ત્રીઓએ કર્યું. ત્યારબાદ રૂકિમણીની સાથે કૃષ્ણે પોતાના આવાસમાં પ્રવેશ કર્યો. આ રીતે કૃષ્ણને તેના મહેલમાં મૂકીને બલભદ્ર કૃતકૃત્ય બન્યા. પોતાની પ્રિયા રેવતીના દર્શન કરવા માટે ઉત્કંઠિત બનેલા બલભદ્ર પોતાના આવાસમાં પ્રવેશ કરી રેવતી પ્રિયાની સાથે નિષ્કલંક ચન્દ્રની જેમ ભોગોને ભોગવવા લાગ્યા.

प्रासादं नवभूमं च, वासाय रुक्मिणीस्त्रियाः । विचित्ररचनायुक्तं, ददौ च पुरुषोत्तमः ।।६९।।
दासीदासांश्च धान्यानि, गोकुलानि धनानि च।हस्तिनो वाजिनो ग्रामान् , रुक्मिण्यर्थं हरिर्ददौ।७०
जनार्दनप्रसादेन, प्रासादेन विलासिना । तथा रुक्मिण्यवेत् सौख्यं, पितृसद्मापि नास्मरत् ।।७१।।
लावण्येनाग्ररूपेण, गुणेन विनयेन च । शीलेनापि तथा विष्णो—र्मनः संमोहितं तया ।।७२।।
स्त्रियामन्यत्र कुत्रापि, पवित्रायामपि गुणैः । यथा वाचा शरीरेण, तस्य स्नेहो बभूव न ।।७३।।

કૃષ્ણે રૂકિમણીને રહેવા માટે ચિત્રવિચિત્ર રચનાથી યુક્ત નવમાળનો સુંદર મહેલ આપ્યો. વળી દાસ દાસી, ગોકુળ, હીરા, માણેક, મોતી, સુવર્ણ, ચાંદી આદિ ધન, ધાન્ય, હાથી, ઘોડા, રથો તેમજ ઘણા ગામો વિગેરે રૂકિમણીને ઘણું ઘણું આપ્યું.

કૃષ્ણના પ્રેમ અને મહેરબાનીથી રૂકિમણીને એટલું બધું સુખ મલ્યું કે જેથી પોતાના પિતાનું ઘર પણ યાદ આવતું નહી. પોતાના રૂપ-લાવણ્ય અને વિનય આદિ ગુણોથી તેમજ સ્વભાવની સરલતા અને નમ્રતાથી રૂકિમણીએ કૃષ્ણનું દિલ એટલું બધું જીતી લીધું કે કૃષ્ણને બીજી બધી પવિત્ર અને ગુણવાન્ પત્નીઓ હોવા છતાં વચન અને શરીરથી બીજે ક્યાંઇ તેમનો પ્રેમ જતો નહી. અર્થાત્ દિનરાત રૂકિમણીની પાસે જ રહેતા.

नवीनत्वेन रुक्मिण्या, यद्ययं तनुचेतसी । दत्तवान् प्रचुरं प्रीत्यै, दीयतां तर्हि दीयतां ॥७४॥
वृद्धाया धीप्रबुद्धाया, विशुद्धाया मुदे मम । वाङ्मात्रमपि नो दत्ते, धिग्धिगग्रेम वृषाकपेः॥७५॥
गतेषु दिवसेष्वेवं, कतिचित्स्वतिदुःखवतः । कांतालापवियोगेन, सत्याऽभवद्वियोगिनी ॥ ७६ ॥
स्नानं शरीरशुश्रूषां, परिधानं सुवाससां । न साकरोद्रमण्यो हि, भूषिताः कांतसंगमे ॥ ७७ ॥
रुक्मिणीमालतीपुष्प—माघ्रायाच्युतषट्पदः।ऐच्छत्कदीरपुष्पाभां, सत्यभामां हृदापि न ॥ ७८ ॥
रुक्मिण्या अधिकं मानं, श्रावं श्रावं जनोक्तितः।सत्यभामा सपत्नीत्वात्, दुःखिनी समभूद् भृशं॥७९॥
वियोगाद्दुःखिनीं पश्ये—त्सत्यभामां यथा यथा। तुष्येदभीष्टसंप्राप्ते-र्नारदोऽपि तथा तथा॥ ८० ॥

'રૂકિમણી નવી અને કોમલ દિલની હોવાથી કૃષ્ણ પ્રીતિથી તેને ભલે ઘણું ઘણું આપો. પરંતુ બુદ્ધિશાલિની પવિત્ર અને સહુથી મોટી એવી મને એક વચન માત્ર પણ દેતા નથી. એટલું જ નહીં. મારા સામે પણ જોતા નથી. ધિક્કાર હો કૃષ્ણના પ્રેમને. 'કહેવત છે કે 'નવું નવું નવ દિન.' જોઇએ, રૂકિમણી ઉપર પણ કૃષ્ણનો પ્રેમ કયાં સુધી ટકી શકશે ?' આ પ્રમાણેના વિરહમાં ઝુરતી વિયોગીની સત્યભામા રૂકિમણી પ્રત્યેનો કૃષ્ણનો પ્રેમ જોઇને દુઃખી દુઃખી થઈ ગઈ. સ્નાન, વિલેપન આદિ શરીરની સુશ્રુષા કરતી નથી, તેમજ સુંદર વસ્ત્રાલંકાર પણ ધારણ કરતી નથી. 'પતિવ્રતા સ્ત્રીઓ પતિના વિરહમાં કોઈ શણગાર સજતી નથી.' રૂકિમણી રૂપી માલતીના પુષ્પની સુવાસ પ્રાપ્ત કરીને કૃષ્ણ રૂપી ભ્રમરના હૃદયમાં કરમાયેલા કરીરના પુષ્પ સમાન સત્યભામાની સ્મૃતિ પણ આવતી નથી.

લોકોના મુખે રૂકિમણીના અધિક માન-પાન-સ્નેહ સાંભળી સાંભળીને સપત્ની (શોકય) એવી સત્યભામા અત્યંત દુખી થતી હતી. કૃષ્ણના વિરહથી સત્યભામાને જેમ જેમ દુઃખી થતી જુવે છે તેમ તેમ નારદ વધુ ને વધુ ખૂશ થાય છે. પોતાના અપમાનનો બદલો સત્યભામાને મલી રહેલો જાણી નારદને અત્યંત સંતોષ થયો.

एकस्य जायते दुःख—मेकस्य जायते सुखं । अहो पश्यत संसार–स्वरूपं विषमं जनाः ॥ ८१ ॥
कुलिनापि मुकुंदेन, सत्यभामापमानिता । सपत्नीमानसंश्रुत्या, समजायत दुःखिनी ॥ ८२ ॥
एकाकिनी समानीता, स्वयं गत्वा मुरारिणा । रुक्मिणी गुणयोगेन, प्रभुतैरपि पूजिता ॥ ८३ ॥
पूजनीया गुणा लोके, शरीरं न शरीरिणां । कर्तव्य उद्यमस्तस्मा—द्गुणानां समुपार्जने ॥ ८४ ॥

ગ્રંથકાર કહે છે : 'અહો, સંસારનું સ્વરૂપ કેવું વિષમ હોય છે, જ્યારે એકને દુઃખ થાય છે ત્યારે બીજાને સુખ થાય છે. કુલીન હોવા છતાં પણ કૃષ્ણે સત્યભામાને અપમાનિત કરી અને સત્યભામા શોક્યના માનપાન સાંભળીને દુખી થાય છે. કૃષ્ણ પોતે જઇને એકાકી રૂકિમણીને લાવેલા છતાં રૂકિમણીના ગુણો વડે તેને વધારે માન સન્માન મળે છે. લોકોમાં વ્યક્તિ પૂજાતી નથી પરંતુ વ્યક્તિના ગુણો પૂજાય છે. માટે ગુણોનું ઉપાર્જન કરવા માટે દરેકે ઉદ્યમ કરવો જોઇએ.

भवनाच्चित्तवाक्काये, स्वप्ने च जागरे हरेः । आसीदर्धांगसेविन्य—प्येषा सर्वांगसेविनी ॥ ८५ ॥
स्नानं च भोजनं धस्रे शयनं मोहनं निशि।रुक्मिण्या एव सद्मन्य—कार्षीन्नारायणो मुदा ॥ ८६ ॥

રૂકિમણીના ગુણોથી આકર્ષાઈને સ્વપ્નમાં અથવા જાગ્રત અવસ્થામાં કૃષ્ણની મન વચન અને કાયાથી અર્ધાંગના હોવા છતાં, રૂકિમણી સર્વાંગ સેવિની બની ગઇ.

સ્નાન, ભોજન, દિવસે શયન કે રાત્રિમાં રતિક્રીડા વિગેરે કાર્યો પ્રસન્ન થયેલા કૃષ્ણ રૂકિમણીના આવાસમાં જ કરતા હતા.

उग्रसेनसुता कांता, सत्यभामाख्यवल्लभा । केनानेनागुणेनैवं, परित्यक्ता मुरारिणा ॥ ८७ ॥
विज्ञायापगुणं चित्ते, परित्यजतु मां हरिः । तं पृच्छामि सति स्नेह, आजन्मस्नेहवांछिनी ॥ ८८ ॥
विशेषेणैकदोत्पन्न—रसस्य सुरतस्य तु । प्रांते त्रिविक्रमः पृष्टो, रुक्मिण्या चाटुवाचया ॥ ८९ ॥
स्वामिंस्तवोग्रचातुर्य—लावण्यरूपपारगा । मयाग्र महिषी पत्नी, सत्यभामा श्रुताऽभवत् ॥ ९० ॥
मया तव प्रिया सा तु, कदाचिदपि नेक्षिता।कथं त्वमपि तद्गेह–मद्य यावद् गतोऽसि न ॥ ९१ ॥
नारीत्वान्मानिनी माभू—देषापि मम मानतः।बिभृह्येत्यवदत्कृष्णः, सूनृतमेव तत्पुरः ॥ ९२ ॥
रूपवत्यपि सा देवि, प्राज्याहंकारधारिणी । अहंकारवती कांता, स्वप्रियाय न रोचते ॥ ९३ ॥
वपुर्भूषाकरं लोके, प्रभूतसुखकार्यपि । कर्णत्रुटिकरं स्वर्णं, केनापि परिधीयते ॥ ९४॥
एतद्वचः समाकर्ण्य, विष्णुना प्रतिपादितं।मानसे रुक्मिणी भीता, न का पत्युर्बिभेति हि ॥ ९५ ॥
एवं मामपि माकार्षी–त्कदाचिन्माननिर्मितेः।अहंकारो बलिष्ठोऽयं, बिभ्यतीति ह्युवाच सा ॥ ९६ ॥

यत्त्वया कथ्यते नाथ, तत्सर्वमपि सुंदरं। अहं जानामि नाथत्वात्, प्रमाणं हि प्रभोर्वचः ॥ ९७ ॥
त्रुटिः श्रवणयोर्येन, जातरूपेण जायते। केनापि यद्यपि श्रुत्यो–स्तन्नैव परिधीयते ॥ ९८ ॥
तथापि हस्तयोर्लग्नं, पूर्वकर्मानुभावतः । सर्वथा मुच्यते तन्न, सुवर्णं हि मनीषिणा ॥ ९९ ॥
अदो वचनमाकर्ण्य, रुक्मिण्या वदनोद्भवं । अमंदानंदसंदोह–स्तं जगाद जनार्दनः ॥ ३०० ॥
यदि ब्रवीषि देवीत्थं, स्नेहिनी तद्दिदृक्षया। त्वदीयवचसा तुष्ट–स्तस्या यास्यामि मंदिरं ॥ १ ॥

'ઉગ્રસેનરાજાની પુત્રી પટ્ટરાણી સત્યભામાનો મારા સ્વામિ કૃષ્ણે કયા અવગુણથી ત્યાગ કર્યો હશે ? મારે એ અવગુણ જાણવો જરૂરી છે. કેમકે મારામાં એ અવગુણ પ્રવેશે નહી. એ અવગુણથી શ્રીકૃષ્ણ મારો પણ ત્યાગ ના કરે।' આ પ્રમાણે જીવનપર્યંત કૃષ્ણના પ્રેમને ચાહનારી રૂકિમણી વિચારે છે. એવામાં એક વખત રતિક્રીડાથી વિશેષ આનંદિત બનેલા કૃષ્ણને રૂકિમણીએ મધુર અને પ્રેમાળ વચનથી પૂછયું: 'સ્વામિન્, રૂપલાવણ્ય અને સૌન્દર્ય-શાલિની એવી મારાથી મોટી સત્યભામા નામની અગ્રમહિષી (પટ્ટરાણી) સાંભળી છે. તે આપની પ્રિયાને મેં કયારે પણ જોઈ નથી. હજીસુધી આપ તેના ઘેર ગયા નથી ? 'આ પણ સ્ત્રી છે મારા માનપાન સ્નેહથી અભિમાની ન બની જાય,' એમ વિચારી કૃષ્ણ તેની આગળ સાચે સાચું બોલ્યા: 'પ્રિયે, તે સત્યભામા રૂપવતી હોવા છતાં ખૂબ અભિમાની છે. અભિમાની પત્ની પોતાના પતિને ગમતી નથી. લોકમાં પણ કહેવાય છે કે શરીરની શોભાને વધારનારૂ, સુખ દેનારૂ આભૂષણ હોવા છતાં કાનને તોડી નાખનારૂં હોય તો તેવું આભૂષણ કોણ પહેરે ? ' કૃષ્ણના વચન સાંભળીને રૂકિમણી ભયભીત બની ગઈ (ખરેખર પતિથી કોને ડર ના હોય ?) 'મારામાં અભિમાન આવી જાય તો મારી પણ એ દશા થાય. ખરેખર, અહંકાર મહાબલવાન હોય છે. અહંકાર કરવા જેવો નથી.' આ પ્રમાણે ભય પામેલી રૂકિમણીએ કહ્યું:– 'નાથ, આપે જે કહ્યું તે બરાબર છે આપ મારા સ્વામિ છો. આપનું વચન પ્રમાણ છે છતાં અવિનય માફ કરજો, હું એક વાત પૂછું છું:– કાનને તોડી નાખનારૂં આભૂષણ કોઈનાથી પણ પહેરી શકાય નહી, પરંતુ તે કાનનું આભૂષણ છે તો સુવર્ણ (સોનુ) ને ? તો પૂર્વપુણ્યના પ્રભાવથી મળેલા સુવર્ણનો કોઇપણ બુદ્ધિશાળી પુરુષ ત્યાગ કરી દેતો નથી' આ પ્રમાણે રૂકિમણીના મુખમાંથી નીકળેલાં કોમલ વચન સાંભળીને શ્રીકૃષ્ણ અત્યંત ખૂશ થઈને બોલ્યા:– દેવી, જો તારી ઇચ્છા હોય અને તારે તેને જોવાની ઇચ્છા હોય તો તારા વચનથી સંતુષ્ટ થયેલો હું કયારેક સત્યભામાને ઘેર જઈશ,

अन्यदा शुक्लशर्वर्यां, स्थितमस्ति शिरोगृहे। मिथः प्रेमप्रपूर्णाभ्यां, दंपतीभ्यां यदृच्छया ॥ २ ॥
परिपक्वान्यशुष्काणि, कीटकाभक्षितानि च। नागवल्लीदलानीह, तदा दासी वराणि च ॥ ३ ॥
एलालवंगकर्पुर—पूगीखदिरसारयुक् । वर्ण्यजातिफलाद्याढ्यं, द्रव्यमप्यानयद्वरं ॥ ४ ॥ युग्मं ॥

कृष्णेन निजहस्तेन, रुक्मिण्या मुक्तमानने । तांबूलमतिवाल्लभ्या—द्रुक्मिण्या च हरेर्मुखे ॥ ५ ॥
चर्वयित्वा रसालत्वा—त्तांबूलं, मुखमध्यतः । विकिरत्यवनीपीठे, यावता रुक्मिणी वधूः ॥ ६ ॥
विचालादेव तांबूलं, तावदादाय विष्णुना।बद्धं निजांचले शौचा–शौचधीः प्रेम्णि नास्ति हि ॥ ७ ॥
ग्रंथौ निबद्धय तत्तस्मात्, स्थानादुत्थाय माधवः।गत्या प्रोत्तुंगहस्तीव, सत्यभामागृहं ययौ ॥ ८ ॥
आगच्छंतं समालोक्य, पुंडरीकाक्षमीर्ष्यया । जजल्प सत्यभामापि, दग्धा विरहवह्निना ॥ ९ ॥
याहि याहि च वैकुंठं, तत्रैव धाम तावकं। यत्र दास इव प्रीत—स्तिष्ठसि त्वमहर्निशं ॥ १० ॥
सत्यभामावचः श्रुत्वा, वक्रोक्त्या हास्ययोगतः।जगाद पुंडरीकाक्षो, भ्रांत्यात्राहं समागतः ॥ ११ ॥
यदि त्वं प्रथमं मुग्धे, मम दासीव वर्तसे । तदाहं कथमायामि, भवत्या न निकेतनं ॥१२॥
इत्युक्त्वा सत्यभामाया, वासौको जग्मिवान् हरिः । शय्यासनादिदानेन, तयापि विनयः कृतः॥१३॥
वर्यौ शय्यां समासाद्य, कापट्येन जगौ हरिः । निद्रायाः पारवश्येन, समायातोऽस्मि संप्रति॥१४॥
भवेद्यदि त्वदीयाज्ञा, शय्यायामत्र सांप्रतं । प्रकरोमि तदा तंद्रां, प्रयासक्षयहेतवे ॥ १५ ॥
नास्ति भोगार्थमेतोऽयं, निद्राधूर्णितलोचनः । अत्यमर्षानुषंगेन, सत्यभामा जगौ हरिम् ॥१६॥
सत्यं सत्यं त्वया स्वामिन् , पुरस्तान्मम भाषितं । निद्रां कर्तुं न दत्तोऽसि, सीमंतिन्या नवोढया१७
निद्रां कर्तुमपीहेश, समेतव्यं त्वयानिशं । न सा तत्र नवीनत्वा—न्निद्रां कर्तुं प्रदास्यति ॥१८॥
त्वयैवाहं तु भुक्तास्मि, चिरकालं जनार्दन ! ततो भोगस्पृहा नास्ति, मम चित्ते मनागपि ॥१९॥
त्वयका सैव संतोष्या, परिणीता नवा वधूः । कर्तव्यं हि प्रबुद्धेन, नवीनायां मनः स्थिरं॥२०॥
परं निद्रां विनाहारो, नोपैति परिपाकतां।समाधिश्च शरीरे न, न च श्रमपरिक्षयः ॥ २१ ॥

કોઈ એક વખતે શુકલ પૂર્ણિમાની રાત્રિમાં પ્રેમરસમાં મગ્ન કૃષ્ણ અને રૂકિમણી, દંપતિ અગાસીમાં બેઠેલાં, ત્યાં ઈલાયચી, લવિંગ, કપૂર, સોપારી, ખારેક આદિ શ્રેષ્ઠ પદાર્થોથી યુક્ત અનેક જાતિનાં વર્ણ, અને સુગંધી પદાર્થવાળાં તાજા નાગરવેલનાં પાનનાં બીડાં દાસીએ બંનેની આગળ મૂકયાં. કૃષ્ણે પોતાના હાથે રૂકિમણીના મુખમાં અને રૂકિમણીએ પ્રેમપૂર્વક કૃષ્ણના મુખમાં તાંબૂલ મૂકયું. સુગંધીદાર તાંબૂલ ચાવીને રૂકિમણી મુખમાંથી પાનની પિચકારી નાખવા જાય છે ત્યાં કૃષ્ણે રૂકિમણીનું ચાવેલું તાંબૂલ લઈને પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડે બાંધ્યું. જ્યાં ઘણો પ્રેમ હોય ત્યાં પવિત્ર અપવિત્રનો વિચાર હોતો નથી !

ચાવેલું પાન ગાંઠે બાંધી, ત્યાંથી ઉઠીને શ્રીકૃષ્ણ મોટા હાથીની જેમ ગજગતિથી સત્યભામાના ઘેર ગયા. દૂરથી કૃષ્ણને આવતા જોઈને ઈર્ષ્યાથી અને વિરહાગ્નિથી દાઝેલી સત્યભામા બોલી—

'જા જા, તારૂં ધામ વૈકુંઠમાં જ હોય. દાસની જેમ ખૂશ થયેલો ત્યાંનો ત્યાં જ પડયો રહે' સત્યભામાનાં વચન સાંભળીને હાંસી પૂર્વક વક્રવચનથી કૃષ્ણે કહ્યું: 'અરે, હું અહીંયાં

કયાંથી આવી ચઢયો ? ખરે, ભ્રાન્તિથી જ અહીં આવી ગયો છું. મુગ્ધા, જો તું પણ મારી પ્રથમ દાસી હોય તો તો હું કહું છું કે આ ઘર તારૂં નથી'. આ પ્રમાણે કહીને કૃષ્ણે સત્યભામાના શય્યાગૃહમાં પ્રવેશ કર્યો. સત્યભામાએ કૃષ્ણને શય્યા આસન આદિ આપવા વડે વિનય કર્યો, શ્રેષ્ઠ શય્યા મેળવીને કૃષ્ણે ઢોંગ કરીને કહ્યું: 'મને હમણાં ખૂબ નિદ્રા આવે છે. તેથી અહીં આવ્યો છું. જો તારી આજ્ઞા હોય તો શ્રમને દૂર કરવા માટે આ શય્યામાં નિદ્રા કરૂં.' આંખોમાં ઊંઘ ઘેરાયેલી છે, તેથી આ ભોગ માટે આવ્યા નથી. એમ માનીને રોષથી સત્યભામાએ શ્રીકૃષ્ણને કહ્યું: 'સ્વામિન્, મારી આગળ આપે જે કહ્યું તે ખરેખર સાચું જ છે. કેમકે નવી પરણીને લાવ્યા છો તેથી ઊંઘ કરવા નહી દેતી હોય. તમારે જો નિદ્રા કરવાની ઇચ્છા હોય તો હંમેશ મારે ત્યાં આવવું, સુખપૂર્વક નિદ્રા લેજો. રૂકિમણી તાજી પરણેલી છે. એટલે આપને નિદ્રા લેવા નહી દે અને હું તો પુરાણી છું તમારી જ છું. મને ઘણો સંતોષ છે. મને એવી કોઈ ભોગની સ્પૃહા નથી અને એ તો નવી પરણેતર કહેવાય, એને તો તમારે સંતોષવી રહી. 'નવી વધૂનું મન સ્થિર કરવું એ પંડિતોનું કર્તવ્ય છે. પરંતુ હંમેશા ઉજાગરા થાય તો આહાર પણ પચે નહી. તેથી શરીર પણ સારૂં રહે નહી. આરામ પણ મલે નહિ. તેથી શરીર સ્વાસ્થ્ય બગડે, તેની ચિંતા મને તો રહે ને ?

ततो वच्मि हितार्थं ते समागत्य निरंतरं । अत्र निद्रा प्रकर्तव्या, समाधिविधये त्वया ॥ २२ ॥
मुकुंदोऽप्यब्रवीद्देवि, त्वं त्वग्रमहिषी मम।कथं न चिंत्यते भूयो, हितं त्वया प्रिये मयि ॥ २३ ॥
संतोष्य वचनेनेति, सत्यभामां मनस्विनीं । मुखमाच्छाद्य सुष्वाप, कृष्णः कपटनिद्रया ॥२४॥
कृष्णेन सुरभिद्रव्यं, यद्बद्धमुत्तरीयके। तस्य गंधेऽभितो लुब्धा—स्तावद्भृंगाः समागताः॥२५॥
द्राक्कुसुमवनादेतां, सुगंधौत्कटयलोभिनीं । भृंगालीं वीक्ष्य जालेषु, सत्यभामा त्वकुप्यत ॥२६॥
अहो पश्यंतु कामिन्यः, पुंसां संमोहमीदृशं । ज्येष्टाप्युपेक्ष्यते ह्येका, लघुरन्या च मन्यते ॥२७॥
मम धाम समागत्य, सुप्तस्याप्यस्य शार्ङ्गिणः । एतावानपि नो स्नेहो—ऽभवन्मयीदमर्प्यते ॥२८॥
तस्या एवातिलावण्य—रूपसौंदर्यसंपदे । इदं तु सुरभिद्रव्यं, गत्वाऽयं तत्र दास्यति ॥२९॥
चिंतयंतीति कोपेन, सत्यभामात्ममानसे । निद्रागतं हरिं मत्वा, ग्रंथिमच्छोटयच्छनैः ॥३०॥
छोटयित्वा च तद् द्रव्यं, सुरभिसंयुतं मुदा । कुंकुमचंदनोपेतं, मर्दयामास भामिनी ॥३१॥
मर्दयित्वा च तद् द्रव्यं, मस्तके च पदद्वये। रुक्मिणा अधिकं रूपं, धर्तुं लिप्तं वपुस्तया ॥ ३२॥
रुक्मिणीतोऽधिकं मेऽस्तु, सौभाग्यं च हरिर्वेशः।विलिपंती मुखं सोचे, पतिमानाभिलाषिणी ॥ ३३ ॥
सत्यभामां प्रजल्पंतीं, समाकर्ण्येति भारतीं।सहसामुखमुद्घाट्य, निजगाद जनार्दनः ॥ ३४ ॥
अये प्रिये ! परं मुग्धे, किं प्रारब्धमिदं त्वया। एतत्समस्ति तांबूलं, सपत्नीमुखसंभवं ॥ ३५ ॥

त्वया किमविचारेण, कलासंपूर्णयापि च।तेन लिप्तं वपुर्वक्त्रं, वंचितासि मनस्विनि ! ॥ ३६ ॥
कथयित्वेति गोविंदः, करतालान् ददद् बहून्।सत्यभामां जहासोच्चैः, कपोलाक्ष्णोः समुल्लसन्॥३७॥
पूगीफललवंगादि—सुरभिद्रव्यसंयुतं । चर्वितं च तया वक्त्रे, वांतं चैतन्मुखात्ततः ॥ ३८ ॥
द्रव्येण तेन निंद्येन, समस्तैरपि भूतले । त्वया लावण्यशालिन्या, लिलिपे स्वं वपुः कथं? ॥३९॥
पद्मिनीजातयः कांता—श्चित्रिणीजातयस्तथा । हस्तिनीजातयश्चापि, शंखिनीजातयो मम ॥४०॥
परं मम त्वमेवासि, सर्वाभ्योऽपि गरीयसी । त्वमेव पुण्यलावण्या, त्वमेव प्राणवल्लभा ॥४१॥
त्वमेव परमाभीष्टा, त्वमेवाग्रहमहिष्यसि । तांबूलस्य विलेपेन, दक्षापि वंचिता कथं ॥४२॥
अभीक्ष्णं कथन्नेवं, त्रिविक्रमोऽहसद्यदा । सत्यभामा तदोवाच, रे त्वं हससि मूढ किं ॥४३॥
पुरा भुक्ता चिरं कालं, रुक्मिणी या नितंबिनी। योग्यायोग्यविचारेणैकांते जल्पति नो हि सा।४४॥
अनुजा रुक्मिणी मेऽस्ति, भीष्मभूपालनंदिनी । शिशुपालाय दत्ता सा, हठेन जगृहे त्वया ॥४५॥
उत्तमा यो भवेल्लोके, कन्यां रूपवतीमपि । परादत्तां न गृह्णाति, सर्वथा हि हठेन सः॥ ४६ ॥
मयैव मलमूत्राणां, क्षालनेन पवित्रिता । लालिता मयका दुग्ध—पानकारणपालिता ॥ ४७ ॥
अध्यापिता चतुःषष्टि—स्त्रीगुणा वर्धिता मया । समीचीनं तदा जातं, साचेत्त्वया गुरुकृता॥ ४८ ॥
स्नेहात्तस्या मलेनापि, शरीरेण विभो त्वया । आनीतेन च चेद्देहो, विलिप्यतेतमां मया ॥ ४९ ॥
तदापि परमं सौख्यं, जायते मम विग्रहे । किं पुनर्मुखभूतेन, तांबूलेन हसस्यरे ॥५०॥
लज्जितापि मनोधार्ष्ट्यं, कृत्वा सत्या जगौ हरिं । सर्वथा न सतां युक्तं, हसनं कारणं विना॥५१॥
वचनं सत्यभामोक्त—मिति श्रुत्वा सनातनः । निजगाद हसित्वा तां, साधु साधु त्वयोदितं॥५२॥
मया देवि न विज्ञात—मेतावतमनेहसं । भगिन्या मुखतांबूल—मीदृशं तव वल्लभं ॥५३॥
यदीत्थं वर्तते तस्या—स्तांबूलं वल्लभं तव । आनीय प्रत्यहं तर्हि, तत्प्रदास्यामि भामिनि !॥५४॥
सत्योचे रुक्मिणीवक्त्र—संभूतं स्वांशुकांचले । बध्ध्वानीतं त्वया नाथ, तत्कथं न प्रियं मम॥५५॥
मिथो वार्तां विधायेति, दंपत्यां स्थितं क्षणं । तावत्सत्यावदद्विष्णुं, नवां दर्शय मे वधुं ॥५६॥
जगदे च मुकुंदेन, भगिनीदर्शनस्पृहा । वर्तते तव चित्ते चेत्, पूरयिष्यामि तां तदा ॥५७॥
इत्युक्त्वा कियतीं वेलां, यावत्स्थित्वा हरिस्ततः ।उत्थाय रुक्मिणीगेहे, ययौ स्नेहं वहन् बहुं ॥५८॥

માટે આપના હિતને માટે કહું છું કે આપ નિરંતર નિદ્રા લેવા માટે મારે ત્યાં આવજો.

સત્યભામાના વચન સાંભળીને કૃષ્ણે કહ્યું:–'દેવી, તું મારી સહુથી મોટી પટ્ટરાણી છે. મારા ઉપર તને ઘણો પ્રેમ છે, તો પ્રિયે, તારા સિવાય મારી ચિંતા બીજું કોણ કરે ?' આ પ્રમાણે મીઠા વચનથી બુદ્ધિશાલિની સત્યભામાને સંતોષીને માથેથી પગ સુધી ઓઢીને કૃષ્ણ કપટ નિદ્રા કરતા સૂઈ ગયા, ત્યારે કૃષ્ણે ઉત્તરીય વસ્ત્રના છેડે બાંધેલા પેલા સુગંધી દ્રવ્યવાળા

તાંબૂલની સુવાસ લેવા માટે ચારે બાજુથી ગંધના લોલુપી ભ્રમરો આવવા લાગ્યા. પુષ્પોના બગીચામાં પુષ્પોની ઉત્કટ સુગંધ લેવા માટે ભ્રમરોની પંક્તિ જેમ ગુંજારવ કરે તેમ ગુંજારવ કરતી ભ્રમરોની શ્રેણી જોઇને સત્યભામા ક્રોધિત બની. અને બોલવા લાગી :–'અરે, જુવો તો ખરા, કામિનીઓ પ્રત્યે પુરૂષોનું કેવું મોહાંધપણું હોય છે ? હું મોટી છતાં મારી ઉપેક્ષા કરીને પેલી રૂકિમણી નાની હોવા છતાં તેને કેટલું માન આપે છે. મારે ઘેર આવીને સૂતેલા કૃષ્ણને એટલો પણ સ્નેહ મારા ઉપર નથી કે આવું સુગંધી દ્રવ્ય મને નહી આપતાં રૂકિમણીના રૂપ લાવણ્ય અને સૌંદર્યની અભિવૃદ્ધિને માટે રૂકિમણીને ત્યાં જઈને એને આપશે.' આ પ્રમાણે બોલતી અને ક્રોધથી મનમાં અનેક જાતની કલ્પનાઓ કરતી. કૃષ્ણને ઉંઘી ગયેલા માનીને ધીમે ધીમે બેસના છેડે રહેલી ગાંઠ છોડીને કુંકુમચંદનથી યુક્ત સુગંધી દ્રવ્યને બે હાથે મસળવા લાગી. મસળીને રૂકિમણીથી અધિક રૂપ ધારણ કરવાની ઈચ્છાથી તે દ્રવ્યનું પોતાના મસ્તક અને બે પગે વિલેપન કરતી બોલવા લાગી કેઃ'રૂકિમણી કરતાં મારૂં રૂપ અને મારૂં સૌભાગ્ય અધિક થાઓ. ! જેથી કૃષ્ણ મારે વશ થાય.' આ પ્રમાણે પતિના માનની અભિલાષા કરતી સત્યભામાને બોલતી સાંભળીને કૃષ્ણ તરત જ મોઢું ઉઘાડીને હસતાં હસતાં બોલ્યાઃ– અરે પ્રિયે, અરે મુગ્ધા, તેં આ શું કર્યું ? આ તો તારી શોકયના મુખનું ચાવેલું તાંબૂલ છે. તું આટલી કલાવાન, હોંશીયાર અને ચતુર હોવા છતાં કેમ ઠગાઈ ગઈ ? તેં વિના વિચારે મોઢાનું ચાવેલું તાંબૂલ શરીરે ઘસ્યું ? ખરેખર, તારી પંડિતાઈ વખાણવા લાયક છે હોં !' આ પ્રમાણે બોલીને કૃષ્ણ બે હાથે તાલીઓ પાડતા, આંખ અને કપોલથી અભિનય કરતા સત્યભામાને ખૂબ જ હસવા લાગ્યા. તેની ઘણી ઘણી મશ્કરી કરતા બોલ્યાઃ– સોપારી, લવિંગ આદિ સુગંધી દ્રવ્યથી યુક્ત તાંબૂલ રૂકિમણીએ ચાવીને પીચકારીમાં નાખતાં વચમાંથી મેં લઇ લીધેલું. એવા નિંદ્ય દ્રવ્યથી જગતમાં પ્રસિદ્ધ લાવણ્યશાલિની એવી તેં શરીરે કેમ વિલેપન કર્યું ? જો મારે પદ્મિણી, ચિત્રિણી, હસ્તિની અને શંખિની એમ ચાર પ્રકારની પત્નીઓ છે, તે બધામાં તું મહા હોંશીયાર છે. સહુથી મોટી છે. તું સૌભાગ્યશાલિની છે. અને તું મારી પ્રાણવલ્લભા છે. મને તું પરમઈષ્ટ છે. તું મારી મુખ્ય પટ્ટરાણી છે, આવી ચતુર હોવા છતાં પણ બેંઠા તાંબૂલનું વિલેપન કરવાથી ખરેખરી ઠગાઇ ગઈ.' આ પ્રમાણે વારંવાર કહેતા અને હસતા કૃષ્ણ ઉપર ગુસ્સે થઇને સત્યભામા બોલીઃ– અરે, મૂઢ, એમાં હસે છે શું ? વર્ષો સુધી ભોગવેલી અને ઘણો સ્નેહ આપનારી પ્રિયાની યોગ્યાયોગ્યની વિચારણા એકાંતમાં કરાય છે. એમાં કંઇ બોલવાનું હોતું નથી ! શિશુપાલને આપેલી ભીષ્મરાજાની પુત્રી રૂકિમણીને બલાત્કારે તમે લાવ્યા છો તો મારે પણ તેને નાની બહેન તરીકે માનવી જ જોઈએ. જગતમાં જે ઉત્તમપુરૂષો હોય છે તે બીજાને આપેલી કન્યા ભલે રૂપવતી હોવા છતાં પણ તેનો સ્વીકાર કરતા નથી. અને તમો તો પેલા બિચારા શિશુપાલ પાસેથી આંચકીને લાવ્યા છો, એમાં શું તમારૂં ગૌરવ છે ? બેર, મારી, સરખામણીમાં તો તે એક નાની બાલિકા છે. તેણીના મલમૂત્રને સાફ કરી પવિત્ર કરા-

પેલી દુગ્ધપાનવડે તેણીનું લાલનપાલન કરાયેલું, તેમજ સ્ત્રીઓની ચોસઠકલાને શિખવાડવા વડે હોંશીયાર કરીને મોટી કરેલી, એવી છોકરીને જો તમે મોટું સ્થાન આપ્યું છે, તો મારે પણ તેનું ગૌરવ કરવું રહ્યું. સ્વામિન્, તે રૂકિમણી પ્રત્યેની ગાઢ આસક્તિથી તમે પોતે જ તેણીના બીજા પણ શારીરિક મળને પવિત્ર માનીને લાવો તેનું હું વિલેપન કરૂં તેમાં શું ખોટી વાત છે ? મને તેમાં પણ સુખ જ છે. આ તો ફક્ત તેનું ચાવેલુ તાંબૂલ જ છે. બીજા પણ મલ-મૂત્રને લાવોને ! વિલેપન કરવાથી મારા શરીરે સુખ થશે. તેમાં આટલુ બધુ હસવાની શું જરૂર ? સત્પુરૂષોને કારણ વિના હસવુ યોગ્ય નથી.' પોતે શરમાઈ ગઇ હોવા છતાં પણ મનને કઠોર કરીને સત્યભામાએ ઉપરોક્ત પ્રમાણે કૃષ્ણને ઠપકો આપ્યો. સત્યભામાના વ્યંગ વચનો સાંભળી કૃષ્ણે હસીને કહ્યું: 'અહોહો.... તેં સારૂં કહ્યું સારૂં કહ્યું: દેવિ, મેં આટલા દિવસ સુધી જાણ્યું નહોતું કે તારી બેનનું ચાવેલુ તાંબૂલ તને આટલું પ્રિય છે ! જો તને આટલું બધું પ્રિય હોય તો સત્યભામા, હું તને હંમેશાં તેનું ચાવેલું તાંબૂલ લાવી આપીશ. હોં ! ચિંતા ના કરીશ !' સત્યભામાએ કહ્યું:- 'નાથ રૂકિમણીનું ચાવેલુ તાંબૂલ તમારા કપડાના છેડે બાંધીને તમે લાવ્યા છો તો તે મને કેમ પ્રિય ના લાગે ?' આ પ્રમાણે બંને દંપતીએ પરસ્પર થોડી ક્ષણો વાતો કર્યા બાદ સત્યભામાએ વિષ્ણુને કહ્યું:- 'તમારી નવી વહુને તો મને બતાવો.' કૃષ્ણે કહ્યું:- 'તારી બેનને જોવાની જો તારી ઇચ્છા હશે તો જરૂર તારી ઇચ્છા પૂર્ણ કરીશ.' આ પ્રમાણે કહી થોડો સમય ત્યાં રહીને ત્યાંથી ઉઠી ઘણા સ્નેહને ધારણ કરતા રૂકિમણીના આવાસમાં ગયા.

विष्णुमायांतमालोक्य, जंगमं सुरशाखिनं । विनयात्सहसोत्थाय, रुक्मिण्या दत्तमासनं ॥५९॥
तत्र स्थित्वा क्षणं कृष्णो, बभाण रुक्मिणीं प्रति । परिधेहि प्रिये रम्य—वासांसि च सुकंचुकं॥६०॥
भूषणान्यपि निःशेषा—ण्याशिरश्चरणावधि । उचितानि विभूषार्थं, परिधेहितमां तनौ ॥६१॥
न ज्ञायते यथा भेदो, लक्ष्म्याश्च तव मूर्तितः । परिधत्तां तथा देहे, शृंगारान् सुभ्रु षोडश ॥६२॥
परिधायां हुकार्दं नि, शोभनानि मया सह । ज्येष्टायाः सत्यभामाया, एहि प्रमदकाननं ॥६३॥
प्रमाणं स्वामिनो वाक्य—मित्यभिधाय रुक्मिणी । देहं शृंगारयित्वोच्चै—र्निर्ययो हरिणा समं।६४।

સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન કૃષ્ણને આવતા જોઈને રૂકિમણીએ તરત જ ઉઠીને વિનયપૂર્વક આસન આપ્યું. ત્યાં થોડી ક્ષણો રહીને કૃષ્ણે રૂકિમણીને કહ્યું: 'પ્રિયે, તું સુંદર કંચુકી અને વસ્ત્રો ધારણ કર. અને માથાથી પગ સુધીના સંપૂર્ણ અલંકારો પહેર. શરીરે એવા યોગ્ય વસ્ત્રાલંકારો ધારણ કર કે તારામાં અને લક્ષ્મીદેવીની મૂર્તિમાં જરાપણ તફાવત ના લાગે. તે રીતના સોળે શણગારો ધારણ કર. આ પ્રમાણે વિભૂષા કરીને મારી સાથે પટ્ટરાણી એવી સત્યભામાના પ્રમદવનમાં ચાલ. સ્વામિનાં વચનને પ્રમાણ કરી રૂકિમણી સોળે શણગાર સજી કૃષ્ણની સાથે પ્રમદવનમાં જવા નીકળી.

रुक्मिणी यावदागच्छेद्वने नानाद्रुमान्विते। तावता दक्षिण श्रेण्या भृंगाल्या तोरणायितं ॥६५॥
दलैः फलैश्च नीरंध्रैः कुसुमैर्मण्डपायितं, । कूजितैर्विविधै रम्यैर्जयजयारवायितं ॥६६॥
समीरचालिताशेष—शाखाग्रैः शाखिसंचयैः । पवित्रचित्रवादित्रा—यितं कोमलनिःस्वनैः ॥६७॥
कोकिलैर्मधुरध्वानै—र्गीतगानायितं भृशं । ऊर्ध्वीकृत्य कलापांश्च, मयूरैर्नर्तकायितं ॥६८॥
रुक्मिणीहृषीकेशाभ्यां, शोभितं काननं च तत् । यथेंद्राणीसुरेशाभ्यां, वनं हि नंदनाह्वयं ॥६९॥

રૂકિમણી અને કૃષ્ણે પ્રમદવનમાં પ્રવેશ કર્યો, ત્યારે દક્ષિણ દિશામાં ભ્રમરોની શ્રેણિથી જાણે તોરણ બની ગયું, ગીચ પુષ્પ, ફૂલ અને પાંદડાઓ વડે મંડપ જેવુ બની ગયું. મનોહર ગુંજારવવડે જાણે જય જયારવ થઈ રહ્યો, મંદમંદ વાયુથી કંપાયમાન થયેલા સમસ્તવૃક્ષોનાં અગ્રભાગ ઉપર રહેલી ડાળીઓના કોમલ અવાજ વડે જાણે વિધ વિધ પ્રકારના વાજિંત્રોનો અવાજ આવી રહ્યો. કોયલોના મધુર અવાજથી ગીતગાન કરાઈ રહ્યાં. પીંછાઓ ઊંચા કરીને મયૂરો વડે નાટક કરાઈ રહ્યું: ઇન્દ્ર ઇન્દ્રાણી વડે જેમ નંદનવન શોભી રહે તેમ રૂકિમણી અને કૃષ્ણ વડે પ્રમદવન શોભી રહ્યું.

पुष्करिणीव देवानां, भूरिवारिसमन्विता । तत्रैका वापिका चास्ति, पुंडरीकैर्मनोरमा ॥७०॥
वेदिकां जातरूपस्य, वररत्नमहीतला । शातकौंभानि सोपाना—न्याधत्ते परितश्च या ॥७१॥
विराजिराजहंसाद्यै—र्द्वन्द्ववचारैर्विहंगमैः । स्वेच्छया क्रियते क्रीडा, भयव्रीडाविनाकृतैः ॥७२॥
तस्य शस्यांतिके भास्व—दशोकस्तत्र पादपः । छायानिषेविणां पुंसा—मशोकताविधायकः॥७३॥
अधस्तस्य तरोरस्ति, स्फटिकस्योज्ज्वला शिला। निवेश्य रुक्मिणीं तत्र, साक्षाद्देवीमिवावनौ॥७४॥
तालवृंतं प्रसूनानां, स्वहस्ताभ्यां विधाय च । वारणायैव भृंगाणां, तत्करे प्रददौ हरिः ॥७५॥
कृत्वा श्रीदेवतारूपं, दत्वा च व्यजनं करे । तत्र तु स्थापयित्वा तां, सत्यासद्म गतोऽच्युतः ॥७६॥
तत्र गत्वावदद्विष्णुः, प्रिये चेत्तव चेतसि । रुक्मिणीमिलनोत्कंठा, मेलयामि तदा द्रुतं ॥७७॥
सोवाचैका स्वसा मे सा, त्वया या चातिमानिता। मेल्यते यदि सा नाथ, प्रसादस्तन्महान् मम७८
इति प्रोक्ते हरिः प्राह, यद्येवं हरिणेक्षणे । आगच्छ प्रथमं तर्हि, वने त्वमेव सत्वरं ॥७९॥
पश्चान्निकेतने तस्या, गत्वाहमबिलंबितं । भगिनीमानयिष्यामि, मेलनार्थं तव प्रिये ॥८०॥
कृष्णोक्तमेवमाकर्ण्य, सत्यभामाब्रवीदथ । यथा प्रसादयस्यार्य, प्रमाणं मे वचस्तथा ॥८१॥
सत्यभामोदितं श्रुत्वा, निर्ययौ श्रीपतिर्बहिः। सत्यभामापि रुक्मिण्यै, कृष्णेन सह निर्गता॥८२॥
आगंतव्यं त्वया देवि, तामाह्वातुं प्रयाम्यहं। इत्युक्त्वा पुरतो भूत्वा, गुल्मांतर्गतवान् हरिः॥८३॥
कां कां करिस्यतश्रेष्टां, सपत्न्यौ मिलिते उभे। इति कौतुकतः कृष्ण—स्तत्रैव रहसि स्थितः॥८४॥

वने यावत्समागत्य, सत्यभामा विलासिनी । एकाकिन्यपि नो भीता, समीक्षत इतस्ततः॥८५॥
दर्शनीयां प्रसन्नां चा—शोकक्षितिरुहादधः । श्रीदेवीं रुक्मिणीरूपां, साकस्मात्तावदैक्षत ॥८६॥
किमेषास्त्यसुरी देवी, किमेषा व्यंतरी तथा । एषा ज्योतिषिकी किंवा, किंवा वैमानिकी सुरी॥८७॥
यदा भाग्यं भवेद्भूरि, देवतादर्शनं तदा । प्रसन्नं तदपि प्रोच्चैर्दृश्यते तन्महोदयः ॥८८॥
बहुशः पूजिता पूर्व–माराधिता च भूरिशः । एवंविधा प्रसन्नैषा, मया दृष्टा न जातुचित् ॥८९॥
तां स्फूर्तिसहितां मूर्तिमालोक्य सत्यभामया । हृदि विचिंतयामास दक्षत्वयुक्तयाऽपि च ॥९०॥
देवाश्च गुरवो देव्यः, पूजिता मानिताः स्मृताः । समस्तचिंतितार्थानां, पूरणाय भवंत्यलं ॥ ९१ ॥
ततोऽहमप्यमूं देवीं, पूजयामि सुखाप्तये । चिंतयित्वेत्यगच्छत्सा, वापिकावारिसन्निधौ ॥ ९२ ॥
पूतं वापीजलं लब्ध्वा, हस्तांघ्रिमुखधावनैः । तस्या पूजाकृते तूर्णं, सा देशस्नानमाचरत् ॥ ९३ ॥
देशस्नानं विधाय द्राग्, गृहीत्वा जलजानि च।तां मूर्तिं पूजयामास, नार्थिनी विदधाति किं ॥ ९४ ॥
शतपत्रैः सहस्राग्र—पत्रैश्च सरसीरुहैः । तामर्चित्वा जगौ साश्रु, रुक्मिण्यागमभीतितः ॥ ९५ ॥
दुर्लभं पुण्यहीनानां, देवतादर्शनं भुवि । देवतादर्शनं प्रायः, पुण्येनैव प्रजायते ॥ ९६ ॥
यद्यद्य विद्यते प्रोद्य—द्योग्यं भाग्यं ममामलं । तदा ते दर्शनं जातं, देवि ! लोचनगोचरे ॥ ९७ ॥
पूजयित्वा स्मितांभोजै—स्तस्याः पादौ प्रणम्य च।स्तुवंती सत्यभामापि, संयोज्योचे करद्वयं ।। ९८ ॥
दर्शनं देवदेव्योश्च, मुधा स्यान्न कदाचन । ततः प्रसद्य देवि ! त्वं, मे प्रसन्नं हरिं कुरु ॥ ९९ ॥
स्वामिन्या वचनं सर्वं, मानयेत्किंकरः पुमान्। त्वं विधेहि तथा नाथो, यथा मे कुरुते वचः॥ ४०० ॥
रुक्मिण्या उपरि स्नेहरक्तत्वेन करोति न। मय्येव स्नेहमासक्त्या, कुर्याद्देहि तथा वरं ॥ १ ॥
तं रुक्मिण्यामनासक्तं, विरक्तं भक्तवर्जितं । मय्येव रक्तमासक्तं, भक्तपानकरं कुरु ॥ २ ॥
मंत्रेण यंत्रितो मत्तो, यथा याति न कुत्रचित् । मत्प्रेमरसमंत्रेण, बद्धं कुरुष्व केशवं ॥ ३ ॥
देहि देहि वरं मात–र्देवि सत्वरमर्तिभित् । रुक्मिणी च सपत्नी मे, पश्चात्समाग मिष्यति ॥ ४ ॥
इत्युदित्वा मुकुंदस्य, वशीकरणवांछया । रुक्मिण्यधिकसौभाग्यं, याचितुं सालुठद् भुवि ॥ ५ ॥
उक्त्वेत्यतीवचाटूनि, वचनानि पुनः पुनः । सत्यभामालुठद्याव–द्रुक्मिणीपादपंकजे ॥ ६ ॥
गुल्ममध्यान्मुकुंदस्तु, तावन्निर्गत्य कौतुकी।हस्ततालान् ददद्धास्या—त्सत्यभामामवीवदत् ॥ ७ ॥
साधु साधु प्रिये प्रोक्तं, रुक्मिणीचरणार्चनात्।भविष्यति सुसौभाग्य—वशस्ते केशवोऽपि च ॥ ८ ॥
ततस्त्वं पूजयैतस्याः, शस्यं चरणवारिजं । मुहुर्मुहुर्नमैतां च, माकार्षीर्मनसि मदं ॥ ९ ॥
मुकुंदोदितमाकर्ण्य, ज्ञात्वा च तस्य चेष्टितं।सत्यभामा प्रबुद्धापि, चकिता लज्जिता भृशं ॥ १० ॥
अहो दुरात्मनानेन, गोपालेन मुरारिणा । वंचिताहं कुलीनापि, सपत्नीपादपातनात् ॥ ११ ॥
विषादं प्रदधानेति, क्रोधं संवृत्य चेतसि । प्रसन्नवदनेवोचे, शृणु मातृमुखाच्युत ! ॥ १२ ॥

यशोदास्तनपानेन, गोपालो गीयसेतमां । यादृश एव गोपाल—स्तादृश एव वर्तसे ॥ १३ ॥
गोपालेन विना दुष्टां, चेष्टामीदृशमुत्तमः । न नरः कुरुते कश्चि—त्तथा हास्यमपीदृशं ॥ १४ ॥
सत्यं मयाद्य विज्ञातं, गोपालो वर्तते भवान् । कुचेष्टा योषिता साकं, गोपालेनैव जन्यते ॥ १५ ॥
दीयते किमुपालंभो, दुष्टस्य तस्य वेधसः । त्रिखंडाधिपतिर्येन, कृतो मूर्खस्त्वमीदृशः ॥ १६ ॥
मूर्खत्वं यदि ते स्यान्नो, तदपि ज्ञायते न तत्।समस्ति समयः कोऽयं, मम हास्यविनिर्मितौ ॥१७॥
पूर्वं मया पुरस्तात्ते, वर्त्तते प्रतिपादितं । इयं तु मयका मान्या, रुक्मिण्यस्ति ममानुजा ॥ १८ ॥
अनुजायाश्च मान्यायाः, प्रणामेनार्चनेन चाको दोषो मे विनीतायाः, किं हास्यते मुधा हरे ! ॥ १९ ॥
देवतापूजया यत्र, द्राग्यार्चितोपयाचिते । मृगीदृशः प्रकुर्वंते, तत्र नैति विवेकवान् ॥ २० ॥
वैरिणी तरुणी नैव, प्रकर्तव्या विचक्षणैः।इति सत्यां विलक्षां च, ज्ञात्वाऽगात्स्वास्पदं हरिः॥ २१ ॥

વનમાં દેવોની ક્રીડાવાવની જેવી કમલો અને જલથી પરિપૂર્ણ એવી એક સુંદર વાવ છે. તે વાવમાં સુવર્ણની વેદિકા, શ્રેષ્ઠરત્નોનું ભોંયતલીયું તેમજ ચારે બાજુ સુવર્ણના પગથીયા હતા.

તે વાવ ભય અને લજ્જાથી રહિત સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરી રહેલા હંસ અને ચક્રવાક આદિ પક્ષીઓના યુગલ વૃંદોથી સુશોભિત હતી, તે વાવડીની નજીકમાં જેની છાયામાં આશ્રય કરી રહેલા મુસાફરોના શોકને નાશ કરનાર અશોક નામનું સુંદર વૃક્ષ હતું. તે વૃક્ષની નીચે સ્ફટિક રત્નની એક ઉજ્વલ શિલા હતી. તે શિલા ઉપર રૂકિમણીને બેસાડીને કૃષ્ણે તેના બંને હાથમાં પુષ્પના પંખા આપ્યા. તે જાણે ભ્રમરોને ઉડાડવા માટે ના હોય ! ત્યારે રૂકિમણી રૂપે પૃથ્વી ઉપર ઉતરી આવેલી સાક્ષાત્ લક્ષ્મીદેવી ના હોય ! આ પ્રમાણે હાથમાં વીંજણો આપી શ્રીદેવીનું રૂપ કરાવીને વિષ્ણુ સત્યભામાના મહેલે ગયા. ત્યાં જઇને સત્યભામાને કહ્યું:– 'પ્રિયે, જો તારે રૂકિમણીને મળવાની ઇચ્છા હોય તો તને લઇ જાઉં.' ત્યારે સત્યભામાએ કહ્યું:– 'તે મારી એક નાની બેન અને તમારી માનીતી છે. જો તેનું મિલન કરી આપો તો તમારી મોટી કૃપા.' કૃષ્ણે કહ્યું:– 'મૃગાક્ષિ, પહેલા પ્રમદવનમાં તું જલ્દીથી મારી સાથે આવ. પછી હું તેણીના ઘેર જઇને તને મલવા માટે જલ્દીથી બોલાવી લાવીશ' વિષ્ણુનું વચન સાંભળીને સત્યભામાએ કહ્યું:– 'આપની કૃપાની સાથે આપનું વચન પણ મારે પ્રમાણુરૂપ છે.' સત્યભામાનું કથન સાંભળીને શ્રીકૃષ્ણ બહાર નીકળ્યા, સત્યભામા પણ રૂકિમણીને જોવા માટે કૃષ્ણની સાથે બહાર નીકળી. પ્રમદવનની સમીપે આવ્યા ત્યારે કૃષ્ણે કહ્યું:–'દેવિ, તું વનમાં જા, હું રૂકિમણીને બોલાવવા માટે જઉં છું.' આ પ્રમાણે કહી કૃષ્ણ આગળ નીકળીને વૃક્ષોની કુંજમાં સંતાઇ ગયા. બંને શોકયો ભેગી થઇને શું શું ચેષ્ટા કરે છે, એ જોવા ત્યાંજ એકાંતમાં છૂપાઇ રહ્યા.

નિર્ભયપણે આમતેમ જોતી વિલાસિની એવી સત્યભામા વનમાં આવી, ત્યાં અકસ્માત્ તેની નજર અશોકવૃક્ષ નીચે દર્શનીય અને પ્રસન્ન મુદ્રામાં રહેલી રુકિમણી રૂપે શ્રીદેવી ઉપર પડી. જોઈને વિચારે છે કે 'અરે, આ કોણ ? આ કોઈ નાગકન્યા છે ? વ્યંતરી છે ? જ્યોતિષી દેવી છે કે વૈમાનિક દેવી છે ? જ્યારે માનવીનું મહાન્ પુણ્ય હોય ત્યારે જ સાક્ષાત્ દેવનું દર્શન થાય છે તેમાંયે વળી આવી પ્રસન્નમુદ્રાવાળી દેવીનું દર્શન એ તો મહાન્પુણ્યને કરનારૂં હોય છે. મેં અત્યાર સુધીમાં ઘણા દેવદેવીઓને પૂજ્યા અને ઘણાની આરાધના કરી છે, પરંતુ આવી પ્રસન્નમુદ્રા કયારે પણ જોઇ નથી.' આવી સ્ફુર્તિવાળી મૂર્તિને જોઈને ચતુર એવી પણ સત્યભામા હૃદયમાં વિચારે છેઃ-' દેવદેવીઓ અને ગુરૂઓનું પૂજન, સન્માન, સ્મરણ કરવાથી મનુષ્યોનાં સમસ્ત ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થાય છે. તો હું પણ સુખને માટે આ દેવીનું પૂજન કરૂં.' આ પ્રમાણે વિચારી સત્યભામા પવિત્ર થવા માટે વાવડી પાસે ગઈ. વાવના પવિત્ર જલથી હાથ પગ અને મુખ ધોઈને ત્વરાથી દેશસ્નાન કર્યું. દેશસ્નાન કરીને જલ્દી જલ્દી પૂજા માટે હાથમાં કમલ પુષ્પો લઇને મૂર્તિ પાસે આવી. 'અર્થી માણસો શું શું નથી કરતા ?' રુકિમણીના આગમનના ભયથી જલ્દી શતપત્ર અને સહસ્રપત્રના કમલોથી મૂર્તિની પૂજા કરીને આંખમાં આંસુ લાવીને બોલીઃ ' આ જગતમાં પુણ્યહીન મનુષ્યોને દેવનું દર્શન દુર્લભ હોય છે. પ્રાયઃ મહાન્ ભાગ્ય હોય તો જ દેવદર્શન મલે છે. તો ખરેખર, આજે મારૂં મહાન્ ભાગ્ય જાગૃત થયું કે દેવિ, આજે મને આપનું દર્શન મલ્યું. આજે મારા નેત્રો સફલ થયાં. આજ મારૂં જીવન ધન્ય બની ગયું.' આ પ્રમાણે બોલી, વિકસ્વર પુષ્પો વડે દેવીની પૂજા કરી. તેણીના પગમાં પ્રણામ કરી બે હાથ જોડીને સત્યભામા પ્રાર્થના કરવા લાગીઃ-' દેવદેવીનું દર્શન કયારે પણ ફોગટ જતું નથી, તો હે દેવિ, તમે મારા પર પ્રસન્ન થાઓ. મને વરદાન આપો. મારા સ્વામિ કૃષ્ણ મને વશ થાઓ ! ચાકરની જેમ મારા સ્વામિ મારૂં વચન માનનારા બનો. હે દેવી, તમે તેવા પ્રકારનું કરો કે મારો નાથ હું કહું તે પ્રમાણે કરે. રુકિમણી ઉપરના સ્નેહથી મારૂં કહ્યું તે કરતા નથી તો મારા ઉપર સ્નેહાસક્ત કરો, જેથી મારૂં બધું કહ્યું માને. રુકિમણી ઉપર વિરક્ત બની જાય અને મારા ઉપર આસક્ત બની મારે ત્યાંજ મારા સ્વામિ ભક્તપાન, શયન વિગેરે કરે. મંત્રથી મંત્રિત બને તેમ મારાથી એટલા બધા બંધાઈ જાય કે બીજે કયાંય ન જતાં કૃષ્ણ મારા પ્રેમરસમંત્રથી મંત્રિત થઇ જાઓ. હે માત, હે દેવી, તું જલ્દીથી મારા દુઃખને દૂર કર અને જલ્દી જલ્દી મને વરદાન આપ. કેમ કે મારી શોકઘ્ન રુકિમણી હમણાં આવશે. માટે જલ્દી કર ' કૃષ્ણને વશ કરવાની ઇચ્છાવાળી સત્યભામા આ પ્રમાણે પ્રાર્થના કરીને રુકિમણી કરતાં અધિક સૌભાગ્ય મેળવવા માટે દેવિના ચરણમાં આળોટી પડી. વારંવાર અત્યંત ચાટુ વચનો બોલતી સત્યભામા રુકિમણીના ચરણ કમલમાં જ્યારે આળોટી ત્યારે નિકુંજની બહાર નીકળીને કૌતુકી એવા કૃષ્ણ તાલીયો પાડતા અને ખુબ હસતા હસતા બોલ્યાઃ-' સત્યભામા, તેં બહુ સારૂ કર્યું', રુકિમણીના ચરણની પૂજા કરવાથી તને સૌભાગ્યની પ્રાપ્તિ થશે અને કૃષ્ણ તને વશ થશે. તેથી તારે હંમેશ રુકિમણીના

ચરણની કમલોથી પૂજા કરવી અને તેને વારંવાર નમસ્કાર કરવા. હવે તારે મનમાં અભિમાન કરવું નહીં.' આ પ્રમાણે એકાએક કૃષ્ણનો અવાજ સાંભળીને અને આ બધી ચેષ્ટા કૃષ્ણની જાણીને વિદ્રૂપી એવી સત્યભામા આશ્ચર્ય ચકિત બની ગઇ અને લજ્જા પામી. 'અરે, આ દુરાત્મા ગોવાળીયા કૃષ્ણે કુલીન એવી મને શોકયના પગમાં પડાવીને મને ઠગી !' આ પ્રમાણે વિષાદને ધારણ કરતી ઘણો ગુસ્સો આવવા છતાં, ગુસ્સાને દબાવી પ્રસન્નમુખે કહ્યું:-'અરે, જડ ગોવાળીયા ! યશોદાનું દૂધ પીને તું બરાબરનો ગોવાળીયો બન્યો છે. ગોવાળીયા જેવું જ તારૂં વર્તન છે. ગોવાળીયા સિવાય કોઇ પણ ઉત્તમ પુરૂષ આવી કુચેષ્ટા તેમજ આવી હાંસી કરે નહી. આજે મને સત્ય પ્રતીતિ થઈ ગઈ કે તું સાચે જ ગોવાળીયો છે. કે સ્ત્રીઓની સાથે આવી કુચેષ્ટા કરી રહ્યો છે. અરે, પેલા દુષ્ટ બ્રહ્માને શું ઠપકો આપવો કે તારા જેવા આ મૂર્ખાને ત્રણખંડનો અધિપતિ બનાવ્યો. મૂર્ખ સિવાય બીજો કોઇ આવું કામ કરે નહી. માટે સાચે જ તું મૂર્ખ છે. પહેલાં મેં તને નહોતું કહ્યું: રૂકિમણી મારી નાની બેન અને તમારી માનીતી છે, તેથી મારે પણ તેને માનવી જોઈએ. તમારી માનીતી અને નાની બેન હોવાથી તેને પ્રણામ તેમજ તેની પૂજા કરવી તે વિનીત એવી મારે માટે યોગ્ય છે. એમાં શું મારો કોઈ દોષ છે કે તું ઉભો ઉભો હસે છે ? દેવોની પૂજા પ્રાર્થના વિગેરે દરેક સ્ત્રીઓ કરે છે, એમાં કંઈ તેનો વિવેક જતો નથી.' આ પ્રમાણે ગુસ્સામાં વ્યંગ વચનો બોલતી ભોંઠી પડેલી સત્યભામાને જાણીને ('પંડિત પુરૂષોએ સ્ત્રીઓને શત્રુ નહી બનાવવી જોઇએ') શ્રીકૃષ્ણ ત્યાંથી ચાલ્યા ગયા અને પોતાના સ્થાને આવી ગયા.

पूर्वं मत्तोऽप्यसौ मान्या, वृद्धा, वाभूत्वृषाकपेः।प्रपूज्या विनयेनेयं, सत्यभामा ममापि च ॥ २२ ॥
विज्ञायेति समुत्थाय, रुक्मिणी विनयान्विता।ननाम सत्यभामांघ्री, विनीता हि कुलोद्भवा ॥ २३ ॥
इयं मम सपत्नीति, विजानत्यपि चेतसि।रुक्मिणीं सत्यभामाप्या–लिंगि व्यवहारतः ॥ २४ ॥
सावीवदच्च कल्याणि, कुशलं तव वर्ष्मणि।रुक्मण्यप्यवदत्क्षेम—मेवास्ति त्वत्प्रसादतः ॥ २५ ॥
परस्परं मिलित्वा च, निरीक्ष्य रूपसंपदं । बाह्यप्रेमरसान्विते, गते ते निजमंदिरं ॥ २६ ॥
रुक्मिण्या बहुमानात्स्व–भर्तुश्चात्मन्यमानतः।सत्यभामा तु वृद्धापि, दुःखिनी संस्थिता गृहं ॥ २७ ॥
मुदिता विष्णुमानेन, रुक्मिणी भवेन स्थिता । स्वभर्तुर्बहुमानेन, कस्या न स्यादमंदमुत् ॥ २८ ॥
प्रभूतदुःखसौख्याभ्यां, पत्यपमानमानतः । प्रायो गमयतः कालं, ते द्वे अपि मृगीदृशौ ॥ २९ ॥

'આ મારાથી મોટી છે અને શ્રીકૃષ્ણની અગ્રમહિષી (પટ્ટરાણી) છે. તો મારે તેનો વિનય કરવો જોઇએ. મારા માટે તે પૂજ્ય છે. એમ માની રૂકિમણી ત્યાંથી ઉઠીને વિનય-પૂર્વક સત્યભામાના પગમાં પડી. 'કુલીનોમાં સ્વાભાવિક વિનયગુણ હોય છે.' 'આ મારી શોકય છે' મનમાં વિચારીને ક્રોધથી ધુંઆપુંઆ થયેલી હોવા છતાં સત્યભામાએ વ્યવહારથી

સ્મિત કરીને રૂક્મિણીને આલિંગન આપ્યું. અને બોલીઃ-'હે કલ્યાણી, તારા શરીરે કુશલ છે ને ?' રૂક્મિણીએ કહ્યુંઃ-'આપની કૃપાથી મને કુશલક્ષેમ છે.' આ પ્રમાણે બંને પરસ્પર મહી રૂપસંપત્તિને જોઇને બહારથી પ્રેમ બતાવીને બંને પોત પોતાનાં સ્થાને ગઈ. પોતાના પતિના બહુમાન અને પ્રેમથી રૂક્મિણી સુખસાગરમાં ઝીલતી રહી, ત્યારે મોટી હોવા છતાં પણ સત્યભામા દુઃખ દાવાનલમાં જલતી રહી.

કૃષ્ણના પ્રેમ અને બહુમાનથી રૂક્મિણીના દિવસો સુખમાં પસાર થઇ રહ્યા છે. પોતાના પતિના માન સન્માનથી કોને આનંદ ના થાય ! આ પ્રમાણે પતિના બહુમાનથી રૂક્મિણીના સુખનાં તેમજ પતિના અપમાનથી સત્યભામાના દુઃખના દિવસો પસાર થઇ રહ્યા છે.

इतश्चैश्वर्ययुक्तेन, दुर्योधनमहीभुजा । लिखित्वा प्रेषितो लेखो, दूतेन सह शार्ङ्गिणः ॥ ३० ॥
अनेहसाचिरेणैव, दूतोऽपि द्वारिकापुरि । एत्य नत्वा हरिं लेख—मर्पयामास मंत्रिणः ॥ ३१ ॥
मंत्रिणापि समादाय, द्रागुन्मुद्य च पाणिना । विनयात्प्रददे लेखः, सभास्थस्य वृषाकपेः ॥ ३२ ॥
सचिवस्य प्रदानेन, गृहीत्वा पाणिनात्मनः।कृष्णोऽप्यवाचयत्तं कः, शुभोदंते हि नोद्यमी ॥ ३३ ॥
वाचयित्वा स्वयं लेखं, मंत्रिणोऽर्पयदच्युतः । आनंदकारको लेखो, द्वितीयस्य हि दीयते ॥ ३४ ॥
सचिवोऽपीशचित्तज्ञः, श्रावणार्थं सभासदः । वाचयामास तं लेखं, स्फुटार्थं प्रमदं वहन् ॥३५॥
स्वस्तिश्रियां महागा। रं, वस्त्याणवलशं स्तां । निर्मलवेवलालोका—लोकितालोकलोककं ॥३६॥
श्रीमंतं तं जिनं नत्वा, तत्त्वातत्त्वार्थवादिनं । श्रीमत्यां द्वारवत्यां च, हस्तिनागाभिधात्पुरात्॥३७॥
दुर्योधनो भवद्भृत्यः, सप्रणामं ससंमदः । लिखति प्रबलप्रेम—पूरेण प्रीतिपत्रिकां ॥३८॥
यथा काये समस्तयत्र, कुशलं कृपया तव । तत्रत्यो नः समस्तोऽप्यु—दंतो ज्ञाप्यो विशेषतः॥३९॥
अत्र स्थितोऽप्यहं यौष्माकेण एवाऽस्मि सेवकः । यूयं तु परमाभीष्टा, वर्तध्वे बांधवा मम॥४०॥
ततो विज्ञपयाम युच्चैः, संबंधं कर्तुमावयोः । महद्भिरपि युष्माभिः, स्वीकर्तव्यं वचो मम ॥४१॥
चिकीर्षुरिह संबंधं, प्रायः सर्वजनो वदेत् । अभिमान्यपि वाक्यं हि, विनयेनात्र नाद्भुतं ॥४२॥
अपत्ये भाविनी वर्ये, वर्तेते आवयोर्यदि।तयोर्विवाहयोगेन, मैत्री भूयान्मिथो दृढा ॥ ४३ ॥
मिथो भवंति संबंधा, लोकेऽपि बहवो नृणां। पुत्रपुत्रीप्रदानं हि, संबंधं न विना दृढं ॥ ४४ ॥
युष्माकं जायते पुत्र—रतनया च यदा मम।अथवा दैवयोगेन, पुत्रो मे श्रीमतां सुता ॥ ४५ ॥
तदोभयोरपि प्रौढो—त्सवेन पाणिपीडनं। विधेयमावयोः प्रीति—प्रबुद्धये परस्परं ॥ ४६ ॥
अनेनापि प्रकारेण, संबंधं आवयोर्यदि। दूरस्थयोरपि प्रीति—रर्काब्जयोरिवैधते ॥ ४७ ॥

હવે આ બાજુ-ઐશ્વર્યશાલી દુર્યોધન રાજાએ એક પત્ર લખીને દૂત મારફતે કૃષ્ણને મોકલ્યો. થોડા જ દિવસોમાં દૂતે દ્વારિકામાં આવી, કૃષ્ણને નમસ્કાર કરી પત્ર આપ્યો. કૃષ્ણના

આદેશથી મંત્રીશ્વરે પત્ર લઇ તેને ફોડીને વાંચ્યો. વિનયપૂર્વક રાજસભામાં રહેલા શ્રીકૃષ્ણને આપ્યોઃ કૃષ્ણ મહારાજે પણ ત્વરાએ પત્ર લઈને વાંચ્યો, 'શુભસમાચાર જાણવા માટે કોણ ઉત્સુક ના થાય ?' કૃષ્ણે પત્ર વાંચીને ફરીથી મંત્રીશ્વરને આપ્યો. 'બરેબર' આનંદદાયક સમાચાર બીજા માણસોને જલ્દી પહોંચાડાય છે.

પોતાના સ્વામિના ચિત્તને જાણનાર મંત્રીએ સભાસદોને સંભળાવવા માટે મોટેથી પત્ર વાંચ્યો..... "કલ્યાણ અને બાહ્યઅભ્યંતર લક્ષ્મીના સ્થાનરૂપ, સત્પુરૂષોમાં કલ્યાણના કલશ-રૂપ, નિર્મલ કેવલજ્ઞાનના પ્રકાશ વડે ચરાચર જગતને હાથમાં રહેલા આંબળાની જેમ જોનારા, તેમજ તત્ત્વ અતત્ત્વ પદાર્થોને કહેનારા એવા શ્રી જિનેશ્વરભગવંતને નમસ્કાર કરીને હસ્તિ-નાગપુર નામના નગરથી આપનો સેવક દુર્યોધન, શ્રીદ્વારિકામાં બિરાજમાન શ્રી કૃષ્ણમહારાજ ને હર્ષસહિત પ્રણામ કરીને, ઘણા પ્રેમપૂર્વક પ્રીતિને જોડનારી પત્રિકા લખી રહ્યો છું. આપની કૃપાથી અહીંયા બધાને કુશળ છે. ત્યાં પણ સહુ કોઈને કુશલ હશે. આપના કુશલક્ષેમના સમાચાર વિશેષથી જણાવવા કૃપા કરશોજી. અહીયાં રહેલો હું આપનો અદનો સેવક છું આપ મારા પરમ પ્રિય બાંધવ છો. તેથી આપણા બંનેનો સંબંધ દઢ કરવા માટે એક વિજ્ઞપ્તિ કરૂં છું. આપ મહાપુરૂષ મારા વચનને જરૂર સ્વીકારશોજી.

પ્રાયઃ સંબંધ કરવાની ઇચ્છાવાળા અભિમાની પુરુષનું પણ વાકય નમ્ર અને કોમલ હોય છે. એ સર્વજન વિદિત છે. એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી. જો આપણા બંનેને ભાવિ સંતાન થાય તો તે બંનેનો પરસ્પર વિવાહ કરવો. જેથી આપણી મૈત્રી દઢ બને. જગતમાં પરસ્પરના સંબંધો ઘણા હોય છે, પરંતુ પુત્રપુત્રીના આદાન-પ્રદાન સિવાય તે સંબંધો ટકી શકતા નથી. માટે જો આપને ત્યાં પુત્ર જન્મે અને મારે ત્યાં પુત્રી થાય તો આપના પુત્રની સાથે મારી પુત્રીને પરણાવવી. કદાચ દૈવયોગે આપને ત્યાં પુત્રી જન્મે ને મારે ત્યાં પુત્ર જન્મે તો આપની પુત્રીનો મારા પુત્ર સાથે વિવાહ કરવો. જેથી આપણા બંનેનો પ્રેમ સંબંધ દિનપ્રતિદિન વૃદ્ધિ પામે, દૂર રહેલા સૂર્ય અને કમલિનીની પ્રીતિ જેવી પ્રીતિ દૂર રહેલા એવા આપણા બંનેની દઢતમ બની રહેશે."

लेखमध्ये समालोक्य लिखितं चैवमच्युतः। मुमुदे हृदि संबंध—निर्मितौ को न मोदते ॥ ४८ ॥
सभायामपि गोविंदो, जगादामंदसंमदः। एवमप्युभयोर्योग्ये, संबंधे हानिरस्ति का ॥ ४९ ॥
श्रावयित्वेति पार्षद्या—न्निखिलानपि सादरं। वस्त्राभरणदानेन, दूतः संतोषितो भृशं ॥ ५० ॥
दुर्योधनोक्तविज्ञप्ति—स्वीकारसूचनाय च। संतोष्योच्चैर्निजैर्दूते—स्तं विससर्ज माधवः ॥ ५१ ॥
हरिणा प्रेषितैर्दूतैः, समं निश्चयसूचकैः। सोऽपि दुर्योधनोपांते, गत्वा निश्चयमब्रवीत् ॥ ५२ ॥
केशवप्रेषितैर्दूतैः, सममालाप्य तुष्टितः। दुर्योधनोऽपि संबंधं, निश्चिकाय स्वचेतसि ॥ ५३ ॥

ततो वस्त्रादिदानेन, दुर्योधनेन भूभुजा । विसृष्टाश्च गता दूताः, पुरुषोत्तमसन्निधौ ॥ ५४ ॥
समागमेन दूतानां, हर्षपूरितचेतसां । अत्यंतं पुंडरीकाक्षो—ऽप्यभून्मुदितमानसः ॥ ५५ ॥

પૂર્વોક્ત દુર્યોધનનો પત્ર વાંચીને કૃષ્ણના હૃદયમાં ઘણો જ આનંદ થયો. 'સંબંધ બાંધવામાં કોને ખૂશી ના હોય ?' હર્ષિત બનેલા કૃષ્ણ મહારાજે રાજસભામાં કહ્યું:–'આ સંબંધ યોગ્ય છે. એમાં આપણે કોઈ નુકશાન નથી.' સર્વે સભાસદોએ પણ ઘણા ઉત્સાહથી કૃષ્ણની વાતને સમર્થન આપ્યું, અને ઘણાં વસ્ત્ર–આભૂષણોના દાન વડે દૂતને સંતોષિત કર્યો. કૃષ્ણે દુર્યોધનની વિજ્ઞપ્તિની સ્વીકૃતિની સૂચના કરવા માટે પોતાના દૂતોને પણ રવાના કર્યા, શ્રી કૃષ્ણે મોકલેલા દૂતોએ પણ દુર્યોધન પાસે જઈને કૃષ્ણ મહારાજનો નિર્ણય જણાવ્યો. કૃષ્ણ મહારાજના દૂતોની સાથે શાંતિથી વાત કરીને દુર્યોધને પણ પોતાના મનમાં સંબંધનો નિર્ણય કર્યો, અને વસ્ત્રાલંકાર આદિના દાન વડે દૂતોને સંતોષીને કૃષ્ણ પાસે જવા રવાના કર્યા. સંતોષ પામીને આવેલા દૂતોની સાથે વાતચિત કરીને કૃષ્ણ અત્યંત ખૂશ થયા.

वार्तां तां दूतसंभूतां, न विजानाति रुक्मिणी।सत्यभामा विजानात्य–नुसारेण मनागपि ॥ ५६ ॥
विचक्षणापि मर्त्यानां, मनश्चौर्यविनिर्मितौ।सत्यभामां विना काचि–न्नान्या तां वेत्ति कामिनी ॥५७॥

દુર્યોધનના દૂતે કહેલી વાત, રૂક્મિણીએ જાણી નહી પરંતુ સત્યભામાએ અનુસારે સઘળીએ વાત જાણી. ચતુર માણસોનું મન બધું જ જાણવામાં તત્પર હોય છે. સત્યભામા સિવાય કૃષ્ણની કોઈ પણ સ્ત્રી કંઇ પણ જાણતી ન હતી.

रुक्मिण्या सह भुञ्जानो, भोगान् पंचद्रियोद्भवान् । यादवैर्यादवेशश्च, धृताज्ञः सुखमन्वभूत्॥५८॥
शिशुपालेशदानेन, संकटे पतितापि हि । हरिणा पुण्ययोगेनो—पयेमे रुक्मिणी कनी॥५९॥

कंडुक्षोणीनाथहस्तात्प्रजाता, वंध्या यष्टिः पुण्ययोगेन विद्युत् ।
पुण्याढ्यस्याधीश्वरस्याथवाभू—त्मर्त्यक्षोभोत्पादि वज्रं तृणं तु ॥ ६० ॥

पुण्याद्विष्णोर्द्वारिकां वासयित्वा, यक्षेणाहोरात्रमात्रेण दत्त्वा ।
पुण्याज्जित्वा वैरिवारं प्रचंडं, गोविंदोऽसौ रुक्मिणीमाससाद ॥ ६१ ॥
वयं कार्यं सुकृतमकृतारंभसंभारदंभैः, प्रोक्तं मुक्तप्रतिघघनतासंगमैस्तीर्थनाथैः ।
तस्मात्तत्तत् सुकृतवरणात्स्वर्गलोकापवर्ग—प्रादुर्भूतं भवति भविनां शर्म कर्मापहारं ॥ ६२ ॥

રૂક્મિણીની સાથે પાંચે ઇન્દ્રિયોનાં વિષયોનો ઉપભોગ કરતા યાદવોના અધિપતિ શ્રીકૃષ્ણ સુખનો અનુભવ કરતા હતા.

રૂકિમણી શિશુપાલ રાજાને આપેલી હોવાથી સંકટમાં પડેલી હોવા છતાં, કૃષ્ણ પોતાના પુણ્ય પ્રતાપે રૂકિમણી કન્યાને પરણ્યા.

પુણ્યના પ્રતાપે કંડુરાજાના હાથના સ્પર્શમાત્રથી વાંસની લાકડી વિજળી રૂપે બની ગયેલી તેમજ પુણ્યાઢય રાજાનું એક તણખલું પણ મનુષ્યોને ક્ષોભ પમાડનાર વજ્ર રૂપે બનેલું. તેવી રીતે કૃષ્ણના પુણ્ય પ્રતાપે રહેવા માટે એક અહોરાત્રમાં જ કુબેર ભંડારીએ દ્વારિકા વસાવી આપી. અને પુણ્યથી જ પ્રબળ શત્રુઓના સમુહને જીતીને વિષ્ણુએ રૂકિમણીને પ્રાપ્ત કરી. આરંભ સમારંભના પ્રપંચથી રહિત અને કઠોર કર્મોની જાળથી મુક્ત બનેલા તીર્થંકર ભગવંતોએ તેથી જ કહ્યું છેઃ– ‘ દરેક મનુષ્યોએ શ્રેષ્ઠ એવું પુણ્ય ઉપાર્જન કરવું જોઈએ. તે તે સુકૃતના કરવાથી આ લોકમાં સુખશાંતિ મલે અને પરલોકમાં સ્વર્ગીય સુખો પ્રાપ્ત કરી પરંપરાયે ભવ્ય જીવો કર્મમલને દૂર કરી શાશ્વત સુખના ભોક્તા બને છે.

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते श्रीशांबप्रद्युम्नचरित्रे कृष्णरुक्मिणीपरिणयन–शिशुपालजय–सत्यभामाविडंबन–अजातसुतविवाहमेलन–वर्णनो नाम पंचमः सर्ग समाप्तः ॥श्रीरस्तु॥

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી સમા શ્રી રાજસાગર ગણિના વિદ્વાન શિષ્ય રવિસાગર ગણીએ રચેલા શ્રી શાંબ–પ્રદ્યુમ્ન ચરિત્રમાં કૃષ્ણ અને રૂકિમણીનું પાણિગ્રહણ, શિશુપાલનો પરાજય, સત્યભામાની વિડંબના, દૂર્યોધન સાથેની વચનબધ્ધતા આદિનું વર્ણન કરતો ૪૬૨ શ્લોક પ્રમાણ પંચમસર્ગ સમાપ્ત થયો.

॥ अथ षष्ठः सर्गः प्रारभ्यते ॥

સર્ગ–૬

अथ श्रीपतिमानेन, रुक्मिणी रमणी वरा । केवलं सुखपाथोधौ, मग्ना तिष्ठति सर्वदा ॥१॥
यथा यथा सुखांभोधौ, मग्नां पश्यति रुक्मिणीं । तथातथेर्ष्यया सत्य–भामा भवति दुःखिनी॥२॥
हा मत्तो लघुरप्येषा, वभूव कृष्णमानिनी । अहं वृद्धापि संजाता, स्वामिनश्चापमानिनी ॥ ३ ॥
तेन केनाप्युपायेन कष्टमस्या भवेद्यदि । तदैव पुंडरीकाक्ष—माननीया भवाम्यहं ॥ ४ ॥
व्यधत्त सत्यभामाथ, रुक्मिण्यपायचिंतनं । सपत्न्याश्च सपत्नी हि, प्रायोऽपायं विचिंतयेत् ॥ ५ ॥

શ્રીકૃષ્ણ તરફથી મળતા માનથી રૂપસુંદરી રૂકિમણી હંમેશા સુખરૂપી સમુદ્રમાં મગ્ન રહેતી. જેમ જેમ રૂકિમણીને સુખસમુદ્રમાં ડુબેલી જુવે છે તેમ તેમ ઈર્ષ્યાથી સત્યભામા દુઃખી દુઃખી થતી જાય છે. એના બધા જ દિવસો દુર્ધ્યાનમાં પસાર થાય છે.....'અરેરે, મારાથી નાની હોવા છતાં રૂકિમણી કૃષ્ણની માનિતી બની ગઈ. હું મોટી છતાં મારા સ્વામીથી અપમાનિત બની તો કોઈપણ ઉપાયથી તેણીને કષ્ટમાં નાખું, તો જ હું કૃષ્ણની માનિતી થઈ શકું"!

આ પ્રમાણે સત્યભામા રૂકિમણીને કષ્ટમાં નાખવા માટેના અનેક ઉપાયો વિચારે છે. પ્રાયઃ સપત્ની (શોકય) પોતાની સપત્ની કેમ દુઃખી થાય તેની જ સતત વિચારણા કરતી હોય છે.

अपायं चिंतयंत्यापि, सपत्नीभावतस्तया । न लब्धस्तादृशः कोऽप्य–पायोपायो मनागपि ॥ ६ ॥
सत्याया इति जानंत्या, गतः कालः कियानपि । तावद्दुर्योधनेशस्य, सा लेखागममस्मरत् ॥ ७ ॥
स्मृत्वा लेखागमं सत्य—भामा मनस्यमोदत।दुग्धसिक्ते बिड़ालीव, रुक्मिण्यं चिंतयंत्यलं ॥८ ॥
यावत्पुण्योदयः पुंसो, योषितोऽप्यथवा भवेत् ।केनापि वैरिणा ताव—त्तदपायो न चिंत्यते ॥९॥
यद्यपीति विजानंती, सत्यभामा मनीषिणी । तथापि महिषीत्वेन, तदपि व्यस्मरत्समं ॥१०॥
विस्मार्य मनसश्चेति, रुक्मिण्या मानहानये । उपायो मयका लब्धः, सत्यभामेत्यमूमुदत् ॥११॥

દ્વેષભાવથી રૂકિમણીના અપાયને વિચારવા છતાં સત્યભામાને તેવો કોઈ ઉપાય મલ્યો નહી. વિચારતાં વિચારતાં સત્યભામાનો ઘણો સમય પસાર થઈ ગયો. તેવામાં એક દિવસે દુર્યોધનનો પત્ર યાદ આવ્યો ! પત્રનું લખાણ યાદ કરીને બિલાડી દૂધ જોઇને ખુશી થાય તેમ સત્યભામા ખુશ થઈ ગઇ. 'બસ, આ જ રૂકિમણીને દુખી કરવા માટેનો સમર્થ ઉપાય છે.' જ્યાં સુધી પુરુષ અથવા સ્ત્રીનો પુણ્યનો ઉદય હોય છે ત્યાં સુધી કોઈ પણ શત્રુ તેનું કંઇપણ અહિત કરી શકતો નથી,

આ સિદ્ધાંતને જાણવા છતાં અહંકાર અને દ્વેષથી પ્રેરાયેલી, બુદ્ધિશાળી હોવા છતાં સત્યભામા ઉપરોક્ત સિદ્ધાંતને ભૂલી જઈ. રૂકિમણીને દુખી કરવાનો એક ઉપાય મલવાથી ખૂશ થઈ ગઇ.

संतानमपि जायेत, वयोयोगेने योषितां । रुक्मिणी वर्तते मत्तो, लघुस्तुच्छवयोयुता ॥१२॥
ततोऽस्यास्तनयस्तूर्णं, भविष्यत्यथवा न वा । वृद्धाया वयसा भावी, मम त्ववश्यमंगजः ॥१३॥
वृद्धत्वात्प्रथमं भावी, यदि मम सुतोत्तमः । परिणेष्यति भूयिष्टो–त्सवात्कृष्णविनिर्मितात् ॥१४॥
एतस्याः सहजेनैव, दुखं हृदि भविष्यति । मम च प्रचुरं सौख्यं, दुखमस्या विलोकनात् ॥१५॥
ततोऽपि प्रकटीकुर्वे, कला कामपि बुद्धितः ।लो कहास्याद्यथा सा स्या–द्विशेषेण विडंबिनी ॥१५॥
साक्षिणौ रामगोविंदौ, योग्यायोग्यविचारिणौ । कृत्वा प्रथमतः पश्चा–त्कुर्वे बुद्धिविचारणां ॥१७॥
सत्यभामा विमृश्येति, दूतिमाकारयज्जवात् । स्वामिन्याकारणेनैव, प्रीत्या सापि समागता ॥१८॥
आगतां कथयामास, सत्याः संदेशहारकां । याहि त्वं रुक्मिणीगेहे,गत्वा वद वचो मम ॥ १९ ॥
तव पुण्यप्रसादेन, यदि पुत्रः प्रजायते।स एव प्रथमं पाणि—ग्रहणं विदधाति च ॥ २० ॥
विवाहसमये तस्य, विशुद्धे लग्नवासरे । शीर्षादुत्तार्य सर्वेऽपि, देया मया शिरोरुहाः ॥ २१ ॥
पुण्यान्मम भवेत्सूनु—र्विवाहो यदि तस्य च । त्वयापि च समर्प्यास्ते, तदा मे रुक्मिणि!ध्रुवं।२२
अतीवकृष्णवाल्लभ्या—द्रुपसौन्दर्ययोगतः । अभिमानो भवेद्यर्हि, तदैतदुररीकुरु ॥२३॥
मया प्रोक्तमिदं सर्व–मपि त्वं रुक्मिणीं प्रति। दूति! ममकृते गत्वा, गेहे तस्या निवेदय ॥२४॥

'વય (ઉંમર) પ્રમાણે સ્ત્રીઓને સંતાન થાય છે. રૂકિમણી મારાથી નાની છે એની ઉંમર પણ હજી સંતાન યોગ્ય નથી. તેથી તેણીને જલ્દી પુત્ર થશે નહી. અને ઉંમરમાં હું મોટી છું તો મને અવશ્ય પુત્ર થશે. અને તે મારો પુત્ર મોટો હોવાથી પહેલો તે પરણશે. કૃષ્ણ તેનો ઠાઠથી વિવાહ મહોત્સવ કરશે એટલે સ્વાભાવિક જ તેણીના હૃદયમાં દુખ થશે. રૂકિમણીને દુખી જોઇને મને ઘણું સુખ થશે. બુદ્ધિથી એવી કોઇ કલા અજમાવું કે લોકમાં તેની હાંસી થાય. તેથી તેની ઘણી ઘણી વિડંબના થાય. તેના સાક્ષીરૂપે યોગ્યા યોગ્યનો વિચાર કરનાર રામ અને કૃષ્ણને રાખું. પહેલેથી જ બધું પાકું કરી લેવું સારૂં. એમાં જ બુદ્ધિમત્તા છે.' આ પ્રમાણે વિચારીને સત્યભામાએ જલ્દીથી એક દાસીને બોલાવી પોતાની સ્વામિનીના બોલાવાથી ખુશ થયેલી દાસી આવી. સંદેશો લઇ જવા માટે આવેલી દાસીને સત્યભામાએ કહ્યું:– 'તું રૂકિમણીના ઘેર જા, ત્યાં જઈને મારો સંદેશો કહેજે કે 'પુણ્યયોગે જો તમને પુત્ર થાય તો તેનો વિવાહ પહેલો થશે. વિવાહ મહોત્સવમાં લગ્નના દિવસે મારા માથાના બધા વાળ ઉતારીને મારે તમને આપવા અને જો પુણ્યથી મને પુત્ર થાય તો તેનો વિવાહ પહેલો થશે. તો તે પ્રમાણે લગ્નના દિવસે તમારે તમારા માથાના બધા વાળ ઉતારીને મને આપવા. કૃષ્ણના અતિ પ્રેમનું અને રૂપ સૌંદર્યનું અભિમાન હોય તો આ વાતનો સ્વીકાર કરો.'

હે દૂતિ તું આ પ્રમાણે જે મેં કહ્યું તે સર્વે વાત રૂક્મિણીના ઘેર જઈને તેને નિવેદન કર.'

रुक्मिण्याः कृष्णमानेन, गर्वितायाः ब्रुवे कथं। इति भीतापि सत्यायाः, वचःस्वीकृत्यस ाऽचलत्॥२५
प्रभूतवातयोगेन, कंपमानेन सा भयात्। गत्वा च रुक्मिणीगेहे, मौनमालंब्य संस्थिता ॥२६॥
मौनेन संस्थितामग्रे, तां समालोक्य दूतिकां। रुक्मिणी जल्पयामास,कौटिल्यरहितोज्ज्वला॥२७।
यत्कारणं समुद्दिश्य, समागता मदंतिके । तत्कारणं ममाग्रे त्वं, जल्पथा निर्भया सती ॥२८॥
रुक्मिण्येत्युदिते दूती, बिभ्यती प्रस्खलद्वचाः।सत्यभामोदितं सर्व–मपि वृत्तांतमभ्यधात् ॥ २९ ॥
समाकर्ण्य समाचारं, तया स्वमुखभाषितं।हसित्वा रुक्मिणी प्रोचे, किमत्र प्रश्नकारणं ॥ ३० ॥
भगिनी सत्यभामा मे, तस्या रुचिर्यथा भवेत्।तद्वचनं तथैवास्तु, प्रमाणगोचरं मम ॥ ३१ ॥
गच्छ गेहे च सत्यायाः, सत्यायासविधित्सया।मद्वचः कथयित्वेति, विधेहि तां मुदन्वितां ॥ ३२ ॥
रुक्मिण्या वाक्यमादाय, सांतःसतोषकारणं।गत्वा गेहे नमस्कृत्य, सत्यभामामवीवदत् ॥ ३३ ॥
सत्यभामापि तत्प्रोक्तां, वार्तामाकर्ण्य कर्णयोः।चिंते विचिंतयामास, कुटिलत्वसमन्विता ॥ ३४ ॥
साक्षिणौ च प्रकुर्वेऽहं, बलदेवसनातनौ।तस्या विसंस्थलीभूतं, वचनं न भवेद्यथा ॥ ३५ ॥
विचार्येति निजे चित्ते, दूतिका सत्यभामया। प्रेषिता पुंडरीकाक्ष—बलभद्रकयोः पुरः ॥३६॥
तयापि स्वामिनीवाक्या–दूगत्वा संसदि भूपतेः । यादवानां समक्षं च, विस्तरेण निरूपितं ॥३७॥
बलभद्रमुकुंदाभ्यामपि श्रुत्वा च तद्वचः। कुतूहलप्रसंगेन वरं वरमितीरितं ॥३८॥
द्वयोरपि सपत्न्योश्च; मिथो विवदमानयोः । प्रविलोकनतोऽस्माकं कुतूहलं भविष्यति ॥३९॥
ज्ञात्वेति बलभद्रेण, दूत्या हासेन भाषितं । अस्थिन्नर्थे वयं सभ्याः स्मः सकेशवयादवाः॥४०॥
स्वस्वामिन्या पुरो गत्वा, दूतिके! त्वं निरूपय।साक्षिणौ बलदाशार्हौकृताविति गताऽपि सा॥४१॥
तव कृत्यं मया स्वामिन्यन्यूनमपि निर्मितं। गत्वा सा निवेद्येति, सत्यभामाममोदयत् ॥४२॥
सत्यया प्रेपितां दूतीं, विज्ञाय चापि रुक्मिणी । निजां तां प्रेषयामास, संकर्षणाच्युतांतिके॥४३॥
यथा सर्वसमाचारो ज्ञापितो सत्यभामया । रुक्मिण्याप्यात्मनो दूत्या तथैव योर्निरूपितं ॥ ४४ ॥
मयैव ज्ञापितं पूर्वं, विज्ञप्तमिति भामया।मयाऽपि चेति रुक्मिण्या, ते द्वे अपीत्यतुष्यतां ॥ ४५ ॥
अथाऽन्यदा निशाशेष, इति सा स्वप्नमैक्षत।सुश्वेतवृषभस्थाष्णु-विमानेन व्रजाम्यहं ॥ ४६ ॥

કૃષ્ણના પ્રેમથી ગર્વિત થયેલી રૂક્મિણીને આવી વાત કેવી રીતે કરું ?' આ પ્રમાણે ભયભીત બની હોવા છતાં સત્યભામાના વચનથી દાસી ત્યાંથી ચાલી. જેમ પ્રચંડ પવનથી વેલડી કંપે તેમ ભયથી ધ્રૂજતી દૂતી (સંદેશવાહિકા) રૂક્મિણીના ઘેર જઈને રૂક્મિણી આગલ

મૌનપણે ઊભી રહી. મૌનપણે ઉભેલી દાસીને જોઈને સરલહૃદયા રૂક્મિણી બોલી :–'હે દૂતી, તું જે કારણથી મારી પાસે આવી છું તે કારણ મારી આગલ નિર્ભય થઈને કહે.' રૂક્મિણીના વચનથી કંઈક આશ્વાસન પામી ભયથી તુટક તુટક શબ્દથી સત્યભામાનો સઘળો સંદેશો કહ્યો દાસીના મુખે બધી વાત સાંભળી હસીને રૂક્મિણીએ કહ્યું:– 'એમાં મને પૂછવાનું શું કારણ ? સત્યભામા મારી મોટી બેન છે. તેમની ઇચ્છા તેમનું વચન એ મારા માટે પ્રમાણ છે. દાસી તું સત્યભામાને ત્યાં જઈને સત્યભાની ખાત્રી પૂર્વકનું મારૂં વચન તેમને જઈને કહે અને તેઓને ખૂશી સમાચાર આપ.' દાસીએ રૂક્મિણીના સંતોષકારક વચન સત્યભામાને નમસ્કાર કરીને કહ્યા. સત્યભામા પણ સાંભળીને ખુશ થઈ. પરંતુ કુટિલતાથી ફરીથી વિચારવા લાગી:– આ બાબતમાં રામ કૃષ્ણને સાક્ષી તો રાખુ જ. કારણ કે રૂક્મિણી કદાચ ફરી જાય તો ? માટે વાત પાકી કરવી સારી.' આ પ્રમાણે વિચારી સત્યભામાએ રામ કૃષ્ણ પાસે દાસીને મોકલી. દાસીએ રાજસભામાં જઈને યાદવોની સમક્ષ રામ કૃષ્ણને પોતાની સ્વામિની સત્યભામાનો સંદેશો વિસ્તારથી કહ્યો. સાંભળીને રામ કૃષ્ણ આદિ યાદવો આનંદ પામ્યા :– 'સારૂ સારૂં, બે શોકયોનો પરસ્પરનો વિવાદ જોવા મલશે. અમોને મોટું કુતુહલ જોવા મલશે.' આ પ્રમાણે હસીને બલભદ્રે દાસીને કહ્યું:– 'દાસી જા તારી સ્વામિનીને કહેજે કે યાદવો સહિત રામ કૃષ્ણ તારી આ વાતમાં સાક્ષીરૂપ છીએ.' દાસીએ જઇને સત્યભામાને કહ્યું. સત્યભામા ખૂશ ખૂશ થઇ ગઇ. રૂક્મિણીએ પણ સત્યભામાની વાત જાણીને સાક્ષી માટે પોતાની દાસીને રામ કૃષ્ણની પાસે મોકલી તેને પણ તે પ્રમાણે કહ્યું: રૂક્મિણી પણ સંતુષ્ટ થઇ. આ પ્રમાણે રૂક્મિણી સત્યભામા બંને સમયની રાહ જોતા સંતોષ પૂર્વક રહ્યાં હવે એક વખત રાત્રિના ચોથા પ્રહરે સ્વપ્નમાં રૂક્મિણીએ બલવાન શ્વેત વૃષભ જોડેલા વિમાનમાં બેસીને પોતાને જતી જોઈ.

देवलोकान्महाशुक्रात्तदैव च महर्द्धिकः।सुरश्च्युत्वा समुत्पन्नो रुक्मिण्या जठरे वरे ॥ ४७ ॥
तं स्वप्नं सा समालोक्याऽ–जागरीत्प्रीतिपूरिता।समुत्थाय गता साऽपि, पत्ये स्वप्नमुदाहरत् ॥४८ ॥
पत्यापि शास्त्रबुद्धिभ्यां विचार्याख्यायि हे प्रिये !।स्वप्नेनानेन ते भावि, विक्रमी मोक्षगः सुतः ॥४९॥
कृष्णेन कथितां श्रुत्वा, स्वप्नोचितां विचारणां। रुक्मिणी सुमणीवाभूत्, मान्या निजगुणेन च॥५०

ત્યારે સાતમા મહાશુક્ર નામના દેવલોકમાંથી એક મહર્ધિક દેવ ત્યાંથી ચ્યવીને રૂક્મિણીના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. શુભ સ્વપ્ન જોઇને ખૂશ થયેલી રૂક્મિણીએ પતિના શયનખંડમાં આવીને પતિને સ્વપ્ન કહ્યું: પતિ શ્રીકૃષ્ણે શાસ્ત્ર અને બુદ્ધિથી વિચારીને કહ્યું:– 'પ્રિયે, આ શુભ સ્વપ્નને અનુસારે તને મહાપરાક્રમી એવો મોક્ષગામી પુત્ર થશે.' કૃષ્ણે કહેલી સ્વપ્ન યોગ્ય વિચારણા સાંભળી આનંદિત થયેલી રૂક્મિણી ગર્ભવતી બની, અને પોતાના ગુણો વડે વિશેષ પ્રકારે માન્ય બની.

रुक्मिणी स्वप्नमालोक्य, प्रतिबुद्धा निशात्यये । गत्वा चतुर्भुजोपांतेऽकारयत् तद्विचारणां ॥५१॥
दासीमुखादिति श्रुत्वा, सत्यभामाऽपि वैतदात् । गजद्रोऽद्य मया स्वप्ने, दृष्टो रात्रौ हरेरवक् ॥५२॥
हरिणाकारचेष्टाभ्यां, तदसूनृतभाषणं । जानताऽपि मुधा मा, भूत्सक्रोधेयमितीरितम् ॥५३॥
अस्य स्वप्नस्य, शुद्धस्य प्रभावेण प्रभावरः । प्रधानभूधनः सूनुस्तव सुभ्रु ! भविष्यति ॥५४॥
कूटोक्तमपि मद्वाक्यं, सत्यत्वेन विजानता । विष्णुनेदृक् कृतार्थश्चेत्फलिष्यत्येव मे तदा ॥५५॥
असत्यमपि सत्यं च, विष्णुवाक्याद्भविष्यति । महता सहजनैव जल्पितं न मुधा भवेत् ॥५६॥
हरिप्रोक्तविचारेण, सत्यभामाप्यमुमुदत् । पुत्रप्रसववार्त्तापि, कामिनीनां हि वल्लभा ॥५७॥
कृष्णवाक्यं मुधा माभू—द्भामा क्रोधातुराथवा । इतीव दैवतस्तस्या, अप्यासीद्गर्भसंभवः ॥५८॥

રાત્રિનાં ચોથા પ્રહરે સ્વપ્ન જોઇને જાગી અને વિષ્ણુ પાસે જઈને રૂક્મિણીએ સ્વપ્ન સંબંધી વિચારણા કરી. તે વાત દાસીના મુખેથી સાંભળીને સત્યભામાએ પણ કપટથી બીજી રાત્રિના ચોથા પ્રહરે કૃષ્ણ પાસે જઈ ને કહ્યું:- 'સ્વામિન્, આજે રાત્રિમાં મેં સ્વપ્નમાં હાથી જોયો. તેણીના આકાર-વિકાર અને ચેષ્ટાથી 'આ નરદમ જૂઠું બોલે છે,' તેવું જાણતા હોવા છતાં ફોગટ તેને ક્રોધાતુર નહી કરવી, એમ સમજીને કૃષ્ણે કહ્યું:-'સુભ્રુ, આ શુદ્ધ સ્વપ્નના પ્રભાવથી તને પ્રભાવશાલી શ્રેષ્ઠ પુત્ર થશે, 'મારા અસત્ય વચનને પણ સત્યરૂપે જાણીને વિષ્ણુએ મને આવા પ્રકારનો સુંદર આશીર્વાદ આપ્યો છે, તો જરૂર મને તેમનું વચન ફલીભૂત થશે. અસત્ય હોવા છતાં પણ વિષ્ણુનું વચન સત્ય બનશે. મહાન પુરૂષનું સહજતાથી બોલાયેલું વચન પણ નિષ્ફલ જતું નથી.' હરિના વચનથી સત્યભામા ખૂબ ખુશ થઈ ગઇ. ખરેખર, સ્ત્રીઓને પુત્ર પ્રાપ્તિની વાત અત્યંત પ્રિય હોય છે. કૃષ્ણનું વચન ફોગટ ના થાઓ, અથવા સત્યભામા ક્રોધિત ના થાઓ. જાણે એમ માનીને જ ના હોય ! તેમ દૈવયોગે સત્યભામા પણ ગર્ભવતી બની.

पीतातितक्रबत्सत्य—भामाभूदकृशोदरी । अत्युत्तमेन गर्भेण, गूढगर्भा तु रुक्मिणी ॥५९॥
मात्सर्येण ततोऽन्येद्युः, सत्यागत्याच्युतांतिकं । यावज्जल्पति रुक्मिण्या, वितथं जल्पितं विभो !६०
मद्वचने प्रतीतिर्न, यदि तेऽथ जनार्दन ! । प्रपश्य जठरं नाथ, द्वयोरपि मृगीदृशोः ॥६१॥
तावत्तद्वाक्यमेवात्र, वितथं कर्तुमंजसा । रुक्मिण्या सुषुवे सूनु-र्दासीति कृष्णमभ्यधात् ॥६२॥
तद्वर्धापनिकां स्वामिन् प्रदेहि मम भूयसीं । सूर्योद्योते सुते जाते, कः कुर्यान्न धनव्ययं ॥६३॥
राजचिह्नं विना भूरि—द्रव्याभरणचीवरैः । सद्वर्धापनिकां दास्यै, प्रददे मधुसूदनः ॥६४॥
स्वकान् बौद्धिकान्मंत्रि-नाकारितान् समागतान् । श्रीपतिः कथयामास, कुर्वतां नागरीं श्रियं ६५
हट्टे हट्टे ध्वजारोपो, गेहे वंदनमालिका । स्थाने स्थाने च नृत्यानि, विधीयंतां मदाज्ञया ॥६६॥
पूजयंतु जिनाधीश—प्रतिमांश्च विशेषतः । अष्टप्रकारया सप्त—दशप्रभेदयार्चया ॥६७॥

दीयंतां दीनदानानि, याचकेभ्योऽयि भूरिशः । मांगलिकानि कृत्यानि, निष्पाद्यंतामनेकधा॥६८॥
लघ्व्या अपि सपत्न्या मे, संजातस्तनयोंजसा । वृद्धत्वान्मे न जातोऽसौ, सत्यपि गर्भसंभवे॥६९॥
इति चिंतातुरा श्रुत्वा, सपत्नीजं सुतं क्रुधा । यातौकः सत्यभामापि, प्रासूत भानुकं सुतं ॥७०॥

જાણે અતિ છાશ પીધી ના હોય તેમ સત્યભામા ફીકી અને મોટા પેટવાળી બની. અને ઉત્તમ ગર્ભના પ્રભાવે રૂકિમણી ગૂઢગર્ભા બની. ત્યાર પછી એક દિવસ સત્યભામાએ ઈર્ષ્યાથી કૃષ્ણની પાસે જઈને કહ્યું:– 'સ્વામિન્ જુઓ તો ખરા, રૂકિમણી કેટલું જુઠું બોલે છે. એને ગર્ભ રહ્યો નથી છતાં કહે છે કે હું ગર્ભવતી છું, જો મારા વચન ઉપર આપને વિશ્વાસ ના હોય તો નાથ, અમારા બંનેનાં પેટ જુઓ,' તેટલામાં તો જાણે સત્યભામાના વચનને જૂઠું પાડવા માટે જ ના હોય તેમ દાસીએ આવીને કૃષ્ણમહારાજને વધામણી આપી 'મહારાજા રૂકિમણી દેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. તો સ્વામિન્, પુત્રરત્નની વધામણીની ખુશાલીમાં આપ યોગ્ય કરશો.' સૂર્યસમાન તેજસ્વી પુત્રરત્નના જન્મ પ્રસંગે કોણ ધનવ્યય (ખર્ચ) ના કરે ? ત્યારે કૃષ્ણે રાજચિન્હ (રાજમુગટ) સિવાય ઘણું દ્રવ્ય, અલંકારો અને સુંદર વસ્ત્રો વધામણી આપવા આવેલી દાસીને આપ્યા. પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવીને કૃષ્ણે દ્વારિકા નગરીને શણગારવા માટે આજ્ઞા કરી. અને કહ્યું કે દુકાને દુકાને ધ્વજારોપણ કરાવો. દરેક ઘર આગળ સાથિયા પૂરાવો, અને સ્થાને સ્થાને નાટક કરાવો. તેમજ જિનેશ્વર ભગવંતની વિશેષ પ્રકારે અષ્ટપ્રકારી અને સત્તરભેદી પૂજા રચાવો. દીન, અનાથ યાચકોને ઘણું ઘણું દાન આપો તેમજ નગરીમાં અનેક પ્રકારના માંગલિક કાર્યો કરાવો. મારી આજ્ઞા પ્રમાણે કરાવીને મને તરત જ સમાચાર આપો.' કૃષ્ણની ખુશાલીપૂર્વકની આજ્ઞા સાંભળીને સત્યભામા દુઃખી દુઃખી થઈ ગઈ. 'અરેરે, મારી શોકય રૂકિમણી નાની હોવા છતાં એને મારી પહેલા પુત્ર જન્મ્યો. હું મોટી હોવા છતાં મને હજુ પુત્ર પ્રસવ થયો નહીં'. આ પ્રમાણે ચિંતાતુર બનેલી સત્યભામા પોતાના ઘેર જઈને ગુસ્સાથી પેટ કુટવા લાગી. ત્યારબાદ થોડા સમયમાં તેણે પણ 'ભાનુક' નામના પુત્રને જન્મ આપ્યો.

रुक्मिणीनिलये गत्वा, कृष्णः पुत्रदिदृक्षया । सिंहासने समासीन, आनाययत्स्वनंदनं ॥७१॥
समानाय्य कुमारं तं, गृहीत्वा च स्वहस्तयोः । आसेचनकमानंद—संदोहाद्रुपमैक्षत ॥७२॥
किं जयंतोऽश्विनीपुत्रः, किं वा बिंबमहर्पतेः । दर्शं दर्शं कुमारं तं, मुकुंद इत्यचिंतयत् ॥७३॥
प्राच्या प्रजनितो राज—त्तेजःपुंजमयोऽर्यमा । सर्वा अपि दिशो विष्वक्, प्राद्योततेतमां यथा॥७४॥
रुक्मिण्यापि प्रसूतोऽसौ, बालोऽप्यतीवतेजसा । अधिकेनाखिलेभ्योऽपि, प्राद्योतताभितो गृहं॥७५॥
श्रीप्रद्युम्नकुमारोऽयं, तदेत्यूचे मुरारिणा । तत्प्रद्युम्नकुमारोऽसौ, प्रोक्तमित्यखिलैरपि ॥७६॥

પુત્રને જોવાની ઈચ્છાથી કૃષ્ણ રૂકિમણીના ઘેર જઈને સિંહાસન ઉપર બેઠા અને પુત્રને જોવાની માગણી કરી. રૂકિમણીએ આપેલ પુત્રને બે હાથમાં લઈને અત્યંત આનંદથી રોમાં-

ચિત બનેલા કૃષ્ણ પુત્રના રૂપને એકીટસે જોઇ રહ્યા છેઃ– 'શું આ તે કંઈ ઇન્દ્રનો પુત્ર જયંત છે? અશ્વિની પુત્ર છે? કે આ તો કોઈ સૂર્યનું પ્રતિબિંબ છે? આ પ્રમાણે પુત્રને વારંવાર જોતા કૃષ્ણ વિચારી રહ્યા છે:– પૂર્વદિશામાં ઉદય પામેલો તેજપુંજ સૂર્ય જેમ સર્વે દિશાઓને પ્રકાશિત કરે છે, તેમ રૂક્મિણીથી ઉત્પન્ન થયેલો આ બાળક પોતાના અધિક તેજ વડે આ સમસ્ત રાજમહેલને ચારે તરફથી પ્રકાશિત કરી રહ્યો છે. તેથી 'હું આ પુત્રનું નામ 'પ્રદ્યુમ્નકુમાર' રાખું છું. આ પ્રમાણેના શ્રીકૃષ્ણના વચનથી ત્યાં રહેલા બધા લોકોએ શ્રીપ્રદ્યુમ્નકુમારનો જય પોકાર્યો.

रामयित्वा स्वकं सूनुं, कियद्वेलां प्रमोदतः । रुक्मिण्या अर्पयामास, यत्नतो धरणीधरः ॥७७॥
इतश्च धूमकेत्वाख्यो, विभंगज्ञानयोगतः । स्मृत्वा प्राग्जन्मवैरं च, क्रुद्धस्तत्रागतः सुरः ॥७८॥
आगत्य रुक्मिणीवेषं, कृत्वा चापि जिहीर्षया । दीयमानं मुकुंदेन, रुक्मिण्यै स तमग्रहीत् ॥७९॥
अंतरालाद् गृहीत्वा तं, प्रयुंज्य करलाघवं । प्रतिवैताढ्यमायातो, धूमकेतुर्जिघांसया ॥ ८० ॥
तत्रागत्य ययौ भूत—रमणं काननं घनं । तत्र टंकशिला चैका, प्रवर्तते महत्तरा ॥८१॥
खंडशः खंडशः कृत्वा, बालस्यैतस्य वर्ष्मणः । चतसृष्वपि दिक्ष्वुच्चै—र्बलिं दद्यां सुपर्वणां॥८२॥
शिलायां चाथवास्फाल्य, ह्येनं व्यापादयाम्यहं।तत्र स्थित्वा क्रुधा ध्मातः,सुरःस इत्यचिंतयत्॥८३॥
बालहत्याभवं पापं, शास्त्रे महत्प्ररूपितं । बालहत्या न कर्तव्या, स्वहस्ताभ्यामतो बुधैः ॥८४॥
अस्यास्ततः शिलाया श्चो—परि मुंचाम्यमुं शिशुं । क्षुधाक्रांतो निराहारः, स्वयमेव मरिष्यति॥८५॥
स्वचेतसीति संचिंत्य, नाविना धृष्टहेतुना । तत्र मुक्तः शिशुः सैष, सहजान्मरणेच्छया॥८६॥
कृतं मया समीचीनं, यद्वैरमाददेऽधुना । जानन्निति वरं तत्र,मुक्त्वा स्थानं गतः सुरः ॥८७॥
शिशुस्तु चरमांगत्वा—त्सोपक्रमायुरुज्झितः । पपातामात्यपत्राढ्ये, प्रदेशे न पुनर्मृतः ॥८८॥

આનંદિત બનેલા કૃષ્ણે થોડા સમય સુધી પોતાના પુત્રને રમાડીને યત્નપૂર્વક રૂકિમણીને આપવા જાય છે ત્યાં ધૂમકેતુ નામનો દેવ, વિભંગજ્ઞાનથી પૂર્વજન્મના પોતાના શત્રુને જોઇ, પૂર્વજન્મનું વૈર યાદ કરી, ક્રોધિત બનેલો ત્યાં આવ્યો. પુત્રને હરી જવાની ઇચ્છાથી રૂકિમણીનું રૂપ કર્યું અને જ્યારે કૃષ્ણ રૂકિમણિને આપવા જાય છે ત્યાં વચ્ચમાંથી જ દેવે લઘુલાઘવીકલાથી પુત્રને લઇ લીધો. તેને મારી નાખવાની ઇચ્છાથી ત્યાંથી લઇને વૈતાઢય પર્વત ઉપર આવ્યો. ત્યાં આવીને ભૂતરમણ નામના ભયંકર જંગલમાં રહેલી ટંકશિલા નામની મોટી શિલા ઉપર મૂકીને વિચારે છે. 'આ બાળકના શરીરના ટૂકડે ટૂકડા કરીને ચારે દિશામાં દેવોને બલિદાન આપી દઉં? કે આ શિલા ઉપર પછાડીને મારી નાખું? ના,ના, શાસ્ત્રમાં બાળહત્યાનું પાપ મોટું બતાવ્યું છે. આથી પંડિતપુરુષોએ પોતાના હાથે બાલહત્યા કરવી ના જોઇએ, તેથી

શિલા ઉપર આ બાળકને મૂકી દઉં. ક્ષુધાતુર બનેલો આહાર પાણી વિના સ્વયં પોતે જ મરી જશે. ક્રોધાંધ બનેલો ધૂમકેતુ દેવ બાળકને શિલા ઉપર મૂકીને 'મેં સારૂં કર્યું'. તેની સાથે મારૂં વેર લેવાયું, એ બહુ સારૂં થયું. 'એમ વિચારી ત્યાંથી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

ચરમશરીરી (એ જ ભવમાં મોક્ષ જનારો) હોવાથી, નિરૂપક્રમી આયુષ્યવાળો બાળક પત્થરની શિલા ઉપર પાંદડાના ઢગલામાં પછાડવા છતાં પણ મરણ પામ્યો નહીં.

अग्निज्वालपुरात्प्रातः, स्वकीयनगरं प्रति । हृद्यविद्याधराधीश—श्चचाल कालसंवरः ॥८९॥
मार्गे विमानमारूढः, सार्धं कनकमालया । कुर्वन् वार्तां विनोदेन, याति प्रमोदमेदुरः ॥९०॥
तस्य प्रचलतस्तूर्णं, विमानं यावदद्भुतं । बालकस्योपरि प्रौढं, समेतमस्खलद् द्रुतं ॥ ९१ ॥
तावत्तत्स्खलयामास, वायुवेगमपि स्फुटं । स्खलितं च विमृश्यादो—ऽचिंतयत्कालसंवरः॥९२॥
अधस्ताज्जगदीशस्य, किं प्रासादः प्रवर्तते । कायोत्सर्गेण वा कश्चित्, संस्थितः किं मुनीश्वरः ॥९३॥
अथवा पुण्यवान् कश्चि—दधश्चरमविग्रहः । वर्तते पुरुषः स्त्री वा, शिशुर्वादभ्रकष्टभाक्॥९४॥
अत एव विमाने मे, स्खलनां समजायत।अन्यथा मद्विमानं हि, स्खल्यते नापि केनचित् ॥ ९५ ॥
विमानादहमुत्तीर्य, प्रपश्यामि ततो द्रुतं।अस्मिन् शैले स्वरूपं किं, समस्ति द्वापरच्छिदं ॥ ९६ ॥
ज्ञात्वेति द्वापरोच्छित्त्यै, समुत्तीर्य विमानतः । यावत्समंततः पश्येत्, क्षितौ पतितरत्नवत् ॥ ९७ ॥
आदराद्वीक्षमाणेन, निरीक्ष्य तेन बालकं । पर्वतप्राप्तरत्नेन, पुंसेव मुमुदे हृदि ॥ ९८ ॥
महर्घ्यमणिसंघाता—द्रत्नं लब्ध्वा परीक्षकः।यथा समीक्षतेऽभीक्ष्णं, तं बालं स तथैक्षत ॥ ९९ ॥
भ्रमरीकालिमोपेत–स्निग्धसूक्ष्मकचावलि—भ्राजदुष्णीकसंयुक्तं, विभ्राजतेऽस्य मस्तकं ॥ १०० ॥
अष्टमीचंद्रमस्तुल्यं, भालमेतस्य वर्तते । भ्रुवौ च दर्पिकंदर्प—वरकोदंडसन्निभे ॥ १ ॥
दोलौपम्यं शिशोरस्य, दधात्ति श्रवणद्वयं । अतिविस्मेररराजीव—पवित्रं नेत्रयामलं ॥ २ ॥
पार्श्वयोरुभयोरस्य, कपोलौ दर्पणाविव । विभ्राजेते विभूषामि—र्ज्ञात्कारप्रविधायिनौ ॥ ३०
तिलप्रसूनसंकाशा, नासौष्ठौ हेमकंदलौ । कुंदवृंदेंदुपाथोधि—कल्लोलधवला रदाः ॥ ४ ॥
कंबुकंठो घटौपम्यं, धत्ते भुजशिरोनुगः । मृणालीयति दोर्दंडः, पत्रीयति करांगुलीः ॥ ५ ॥
कपाटपाटवं बिभ्र—द्वक्षःस्थलं विराजते । आवर्त इव गंभीरो, नाभिरेतस्य दृश्यते ॥ ६ ॥
हस्तिहस्तोपमे जंघे, निगूढे जानुनी पुनः । कूर्मपृष्टसमावंघ्री, तले रक्तोत्पले इव ॥ ७ ॥
दर्शं दर्शं शिशोरस्य, रूपं लक्षणलक्षितं । स्वमानसे चमत्कार—मधरत्कालसंवरः ॥ ८ ॥
पार्वणेंदुरिवैतस्य वदनं तु प्रशस्यते । स्वकीयकायतेजोभिः, पूषेव द्योततेऽभितः ॥ ९ ॥
तत्प्रद्युम्नकुमारोऽय—मित्याख्यास्य प्रभूयतां।परितो द्योतमानस्य, स्वद्योतैश्च दिशः समाः ॥ १॥

विद्यायोगात्कुतश्चिद्वा, विज्ञायैव तदाह्वयं।कृष्णदत्तैव तेनाख्या, दत्ता प्रद्युम्नसंज्ञिता ॥ ११ ॥
प्रदाय नाम संपाद्य—माने महोत्सवे सति।गूढगर्भाभवन्मे स्त्री—त्यभ्यधात्स्वजनेषु सः ॥ १२ ॥
स्वजातस्येव पुत्रस्या—तुलस्तस्योत्सवः कृतः।विद्याभृत्स्वामिना काल—संवरेण प्रमोदिना ॥ १३ ॥
पुण्यवंतो नरा यत्र, गच्छंति शैशवादपि।तत्रैव संपदस्तेषां, सत्यीकृत्येति संस्थितः ॥ १४ ॥

વિદ્યાધરોનો અધિપતિ કાલસંવરરાજા પ્રભાતમાં અગ્નિજ્વાલા નામના નગરથી પોતાની પટ્ટરાણી કનકમાલાની સાથે આનંદથી વાર્તાવિનોદ કરતો આકાશમાર્ગે વિમાનમાં પોતાની રાજધાની તરફ જઇ રહ્યો હતો. વિમાન ત્વરાએ ચાલી રહ્યું હતું. જ્યારે બાલક ઉપર થઇને પસાર થાય છે ત્યારે વિમાન એકાએક સ્તંભી ગયું, કાલસંવર વિચારે છેઃ– અરે, પવનવેગી મારૂં વિમાન કોણે સ્ખલિત કર્યું ? નીચે કોઈ જિનેશ્વર ભગવાનનું મંદિર છે શું ? કે કાયોત્સર્ગમાં રહેલા તપસ્વી કોઈ મુનીશ્વર છે ? અથવા ચરમશરીરી કોઇ સ્ત્રી પુરુષ કે બાળક સંકટમાં હશે ? આવા કોઈ કારણથી મારૂં વિમાન સ્ખલિત થાય. બાકી કોઇ પણ રીતે મારૂં વિમાન સ્ખલિત થાય નહી તેથી વિમાનમાંથી ઉતરીને જલ્દી જઇને જોઉં કે આ પર્વત ઉપર શું શું છે ? તીવ્ર જિજ્ઞાસા છે. તો જિજ્ઞાસાને સમાવવા માટે રાજા વિમાનમાંથી ઉતરીને ચારે બાજુ જુવે છે. ત્યાં પૃથ્વી ઉપર પડેલા રત્નની જેમ બાળકને આદરથી જોઇને જેમ રત્નની પ્રાપ્તિથી માણસ ખૂશ થાય તેમ રાજા અત્યંત ખૂશ થયો. પરીક્ષક (ઝવેરી) જેમ મૂલ્યવાન મણીઓના સમૂહમાંથી રત્નને મેળવી લે છે, તેમ કાલસંવરરાજા વારંવાર એકીટસે બાળકને જોઇ રહ્યો.

ઓહો, કાળીકાળી ભ્રમરથી યુક્ત સ્નિગ્ધ અને સૂક્ષ્મ કોમળ કેશાવલિથી એનું મસ્તક કેવું શોભી રહ્યું છે ? અષ્ટમીના ચંદ્ર જેવું નિર્મલ એનું લલાટ છે. અભિમાની કામદેવના ધનુષ્ય જેવી તો એની બે ભ્રકૂટી છે ! હિંડોળા જેવા આ બાળકના બે કાન છે. વિકસ્વર કમલ જેવા તો એના બે નેત્ર છે. તેજથી ઝગારા મારતા બે બાજુના કપોલ નિર્મલ દર્પણ જેવા શોભી રહ્યા છે ! પુષ્પ સમાન મુખ ઉપર રહેલ તલ કેવો શોભે છે ! આ બાળકની નાસિકા અને હોઠ તો જાણે બે સુવર્ણના કંદલ ના હોય ! મચકુંદપુષ્પનો સમુહ ચંદ્ર અને સમુદ્રના તરંગો જેવી ઉજ્જવલ તેની દંતપંક્તિ છે ! શંખ જેવી ડોક તેમજ ઘડાની ઉપમા સમાન છાતીનો ભાગ છે. મૃણાલ જેવા કોમલ બાહુદંડ છે, તેમજ પાંદડીઓ સમાન તેના હાથની આંગુલીઓ છે. કપાટ સમાન વિશાલ છાતી છે અને આવર્ત જેવી તો ગંભીર તેની નાભિ દેખાય છે ! હાથીની સૂંઢ જેવી તેની બંને જંઘા છે અને ગૂઢ જાનુ છે. કાચબાની પીઠ સમાન તેના પગના પંજા છે. રક્તકમલ જેવા લાલ તેના હાથપગના તળિયાં શોભે છે. આ પ્રમાણે બત્રીશ લક્ષણથી લક્ષિત આ બાલકનું અદ્‌ભુત રૂપ જોઇ જોઇને કાલસંવરરાજા મનમાં આશ્ચર્ય-

ચકિત બની ગયો. ખરેખર આ બાળકનું મુખ તો પૂર્ણિમાના ચંદ્ર કરતાં પણ વધુ આલ્હાદક છે. પોતાના શરીરના તેજથી સૂર્યની જેમ ચારે બાજુ પ્રકાશ રેલાયો છે. પોતાની કાંતિથી ચારે દિશાઓને પ્રકાશિત કરતા આ બાલકનું નામ 'પ્રદ્યુમ્નકુમાર' રાખવું યથાર્થ છે. આ પ્રમાણે વિચારીને અથવા તો વિદ્યાના પ્રભાવે કૃષ્ણે તેનું 'પ્રદ્યુમ્નકુમાર' નામ આપેલું છે, એ જાણીને કાલસંવરરાજાએ પણ 'પ્રદ્યુમ્નકુમાર' નામ આપ્યું. શિલા ઉપરથી કોમલ હાથે બાળકને લઈને પોતાની પ્રિયા કનકમાલાને આપ્યો. પોતાના નગરમાં આવી સ્વજન વિગેરે આગળ જાહેર કર્યું કે 'મારી પ્રિયા કનકમાલા ગૂઢગર્ભા હતી આજે જ તેણે પુત્રને જન્મ આપ્યો છે.' આમ કહીને તેમને મહામહોત્સવપૂર્વક જન્મમહોત્સવ કર્યો અને પ્રદ્યુમ્નકુમાર નામકરણ કર્યું ખરે, પુણ્યશાલી પુરુષો બાલ્યાવસ્થાથી જ જ્યાં જાય ત્યાં તેને નવી નવી સંપત્તિ મળે છે, એ વાત પ્રદ્યુમ્નના જીવનમાં સત્યરૂપે પૂરવાર થઈ છે.

अथैत्य रुक्मिणी कृष्ण—मूचे क्वास्ति तवांगजः।विष्णुराख्यत्प्रिये तुभ्यं, संप्रत्येव ददे मया ॥ १५ ॥
रुक्मिण्यभ्यदधत्स्वामिन्, मां च त्वं किं वितर्कसे।नास्ति वितर्कणावेला, दुःखदात्री ममाधुना ॥ १६ ॥
हरिरप्यभ्यधाद्देवि, मया त्वं न वितर्क्यसे।तवैव हस्तयोर्दत्तो, वीक्ष्येषदपि बालकः ॥ १७ ॥
विष्णोर्निष्कपटं वाक्य—मेवं निशम्य रुक्मिणी। हस्तयोरपि शय्याया—मपइयंती च मूर्छिता१८
जातपुत्रवियोगेन, मूर्छितां पतितां भुवि । निरीक्ष्य रुक्मिणीं कृष्ण—श्छलितोऽस्मीत्यवीवदत्१९॥
मया येन जिता देवा, देत्यो विद्याधरा अपि ।व्यंतर्योऽन्येऽपि भूपाश्च, सोऽप्यहो केन वंचितः २०॥
रुक्मिण्यै दीयमानोऽसौ, हृतश्चेन्मम बालकः । तदा कोऽपि दुरात्मायं, मत्तोऽपि सबलः खलु२१॥
प्रत्यक्षीभूय दुष्टोऽसौ, पृथिव्या जितकासिना । किं न कुर्यान्मया साकं, युद्धं दर्शयितुं बलं ॥२२॥
हरिणेत्युच्यमानेन राजलोकोऽखिलोऽपि च । रुक्मिणीकृष्णदुःखेन, सदुःखः समभूत्तमां॥२३॥
ततः प्रधानमर्त्यैन, सर्वत्रापि गवेषणा।कारिता निजदूतौघ–प्रेषणेन समंततः ॥ २४ ॥
दूतैरप्यभियोगेन, भरतस्य त्रिखंडके । नगरे नगरे विष्वक्, हट्टे हट्टे गृहे गृहे ॥२४॥
शैले शैले च सर्वस्मिन्, दर्यां दर्यां विशेषतः । प्रपायां च प्रपायां च, ग्रामे ग्रामे वने वने॥२५॥
बहुशः शोधनेनापि, चिंतारत्नमिवार्भकः । श्रीप्रद्युम्नकुमाराख्यो, भाग्यहीनैरकाषि न ॥२६॥
शुद्धिं विधाय सर्वत्र, स्वकीयोद्यमयोगतः । आगत्य कथयामासु–र्दूता अतीवदुःखिताः ॥२७॥
प्राप्यते न यथा प्रायो, नष्टो गतो मृतो द्रुतं । तथायमपि नो लब्धो–ऽस्माभिस्तावकनंदनः॥२८॥
दूतैरित्युक्तमाकर्ण्य, कृष्णः सर्वेऽपि यादवाः । रुक्मिणीदासिका दासा, विशेषाद् दुःखिनोऽभवन्

હવે આ બાજુ, રૂક્મિણી કૃષ્ણને કહે છેઃ– સ્વામિન્ કયાં છે આપણો પુત્ર ? કૃષ્ણ કહે : પ્રિયે. મેં તને હમણાં જ તારા હાથમાં આપ્યો ને ?' રૂક્મણિ કહે 'સ્વામિન્ શું તમે મારી

મશ્કરી કરેા છેા ? આવી દુખદાયી મશ્કરી કરાતી હશે ! હમણાં મશ્કરીનેા સમય છે ! સ્વામિન્, મારા પુત્રને મને જલ્દી આપેા.' કૃષ્ણ કહેઃ– 'દેવી, હું હાંસી નથી કરતેા બાળકને તારા હાથમાં મેં હમણાં જ આપ્યેા છે. તું બરાબર જો.' ! વિષ્ણુની સરલવાણી સાંભળીને રૂક્મણી શય્યામાં બે હાથે જોવા લાગી. પુત્રને નહી જોવાથી પુત્રના વિયેાગથી આઘાત પામેલી રૂકિમણી મૂર્છિત થઈને ભૂમિ ઉપર પડી ગઈ. રૂકિમણી ને મૂર્છિત થયેલી જોઈને કૃષ્ણ સ્તબ્ધ બની ગયા :– 'અરે, હું ઠગાઇ ગયેા. મેં દેવ દેવીઓ વિદ્યાધરેા–વ્યંતરેા અને અનેક રાજાઓને જીતી લીધા છે. તેા મને ઠગનારેા આ કેાણ ? રૂકિમણીને આપતાં વચમાં મારા પુત્રને જ હરી ગયેા છે તે દુરાત્મા મારાથી પણ શું વધારે બલવાન છે ? હે દુષ્ટ, ! તું જો ખરેખર બલવાન છે તેા આ પૃથ્વી ઉપર મારી સાથે યુદ્ધ કરવા કેમ નથી આવતેા ? પાપી, તારું બલ મને પ્રત્યક્ષ થઇને બતાવ.' ? હરિને આ પ્રમાણે જોરજોરથી આક્રેાશ પૂર્વક બેાલતા સાંભળીને સમસ્ત રાજલેાક સ્તબ્ધ બની ગયેા. રૂકિમણી અને કૃષ્ણના દુઃખે દુઃખી થઇ ગયેા. ? ત્યાર પછી મહાઅમાત્યે પેાતાના દૂતેા મેાકલીને ચારે બાજુ તપાસ કરાવી. દૂતેા પણ ભરતના ત્રણે ખંડના દરેક નગરેા, દુકાનેા, હરકેાઇ ઘરેા, પ્રત્યેક પર્વતેા, દરેક ગુફાઓ બધી વાવડીઓ, ગામે ગામ, વને વન, જંગલે જંગલ એમ ચારે બાજુની ધરતીને ખૂંદી વળ્યા. પરંતુ ભાગ્યહીનને જેમ ચિંતામણી રત્ન ના મળે તેમ પ્રદ્યુમ્નકુમારની કેાઇપણ જગાએ ભાળ મળી નહી. પેાતાનેા અથાગ પ્રયત્ન નિષ્ફૂલ જવાથી વિલખા બનેલા દૂતેા આવીને દુઃખથી ગદ્ગદ્ સ્વરે કહેવા લાગ્યા :– 'સ્વામિન્, નાશ પામેલેા, ભાંગી ગયેલેા કે મૃત્યુ પામેલેા માનવી પ્રાયઃ ફરીથી મળી શકતેા નથી. તેમ આપનેા પુત્ર અમે ચારે બાજુએ જીણવટથી તપાસ કરવા છતાં અમને પ્રાપ્ત થયેા નહી.' દૂતેાના વચન સાંભળીને કૃષ્ણ આદિ સર્વે યાદવેા, રૂકિમણી આદિ બધી રાણીઓ સર્વે દાસ દાસીઓ આદિ સમસ્ત રાજકૂલ દુઃખી દુઃખી થઈ ગયું

पुण्यं विजृंभतेऽद्यापि, मदीयं च महाबलं। स्त्रीपु सर्वास्वपि प्रीतिं, सत्यभामा त्विति व्यधात् ॥३०॥
यथानया मया सार्धं, कृष्णस्य विरहः कृतः। तथास्या जातमात्रस्या–प्यभवत्तनयस्य सः ॥३१॥
भाषितमस्ति लोकेऽपि, यादृग्विधीयते परे। अल्पेनैव च कालेन, तादृगात्मनि जायते ॥३२॥
रुक्मिणीदुःखमाकर्ण्य, पुत्रापहारजं घनं। अरिष्टनिलये सुप्ता—प्यभूत्सत्याभिनंदिता ॥३३॥
प्रद्युम्नस्य कुमारस्या—पहारदुःखदुःखितः। सत्यां तत्परिवारं च, विना लोकोऽपि तिष्ठति ॥३४॥
मम पुत्रापहारश्चे—दूबभूव दुःखदायकः। पुत्रस्य सत्यभामाया, माभूच्च जननोत्सवः ॥३५॥
इतीव रुक्मिणी शोकं, लोकं शोकसमन्वितं। जनयंति नयंती च, पुत्रदुःखान्निजं मनः ॥३६॥
मुक्तं स्वकीयया रुच्या, सरसाहारभक्षणं। पानं मनोज्ञपानानां, रुक्मिण्यांगजदुःखतः ॥३७॥

'બધી સ્ત્રીઓમાં હજુ પણ મારું પુણ્યબળ જાગતું છે, મારી સાથે રૂક્મિણીએ કૃષ્ણનો વિરહ કરાવ્યો તો તેણીને જન્મજાત પુત્રનો કેવો વિયોગ થયો ? ખરે, લોકોમાં કહેવાય છે :- 'બીજાનું જે બૂરૂ કરાવે તેનું પોતાનું થોડા સમયમાં જ બૂરૂ થાય છે સારા ખોટાનું પ્રત્યક્ષ ફલ મળે છે.' 'અરિષ્ટ નિલય' નામના મહેલમાં સૂતેલી સત્યભામા રૂક્મિણીના દુ:ખને સાંભળીને ઉપરોક્ત પ્રમાણે વિચારતી ખૂબ જ ખૂશ થઇ. ખૂબ જ આનંદિત બની. પ્રદ્યુમ્નકુમારના અપહરણના દુ:ખથી સમસ્ત રાજલોક, પ્રજાજન બધાને ઘણું ઘણું દુ:ખ થયું પરંતુ સત્યભામા અને તેનો પરિવાર ઘણો હર્ષિત બન્યો.

'મારા પુત્રનું અપહરણ દુ:ખદાયક છે. તેથી સત્યભામાના પુત્રનો જન્મ મહોત્સવ ના થાઓ.' આ પ્રમાણે મનમાં વિચારતી ના હોય તેમ પુત્રના દુ:ખથી પોતે દુ:ખી થતી સમસ્ત પ્રજાજનોને પણ શોકાકુલ બનાવી દીધા. પુત્રના અપહરણથી દુ:ખી થયેલી રૂક્મિણી પોતાની રૂચિ અનુસાર સરસ અને મનોજ્ઞ આહાર પાણી કરતી નથી.

शरीरे मज्जनं त्यक्तं, कबरीरचनं पुनः । परिधानं सुवस्त्राणां, कज्जलेनांबुकांजनं ॥३८॥
हारः पाशोपमाकार—स्तिलकेन तिलायितं । कुंडलं कुंडलीभूतं, मुक्तमाला च सर्पिणी ॥३९॥
पुष्पमालां गले नैव, धत्तें ध्रयोर्नूपुरं पुनः । शरीरे चंदनालेपं, लेपनं कुचयामले ॥४०॥
न धत्ते मेखलां कट्यां,करयोः कंकणे अपि । तांबूलभक्षणं नैव, करोति सा शुचाकुला ॥४१॥
एतैः षोडशभिः शस्यैः, शृंगारै रहिताभवत् । रुक्मिणी पुत्रदुःखेन, योगिनीव वियोगिनी ॥४२॥
तुंदं निपीडयेज्जग्ध, एकोऽपि कवलोऽधिकः । अधिकान्नवमासांश्च, न स स्थितोऽप्यपीडयत् ४३॥
हे कृष्ण पुंडरीकाक्ष, हे जनार्दन माधव । हे प्राणनाथ दत्तस्ते, संप्रत्येव करेऽभवत् ॥४४॥
नाथ त्वत्पार्श्वतो मेऽथ. यावन्नायात्स बालकः। न्यासापहारजं पापं, तावत्तव लगिष्यति ॥४५॥
न्यासापहारपापेभ्य, उत्तमाः किल बिभ्यति । ततस्त्वमुद्यमं कृत्वा—नीय प्रदेहि मत्सुतं ॥४६॥
उत्कटाः शिशुपालाद्या, विजिता लीलया पुरा । पुत्रकृतेऽधुना स्थाम, न किं दर्शयसे प्रभो ! ॥४७॥
एकशः पूजयत्यत्र, या प्रमदैकमानसा । तव पादांस्त्वदीयाख्या—महामंत्रं च यो जपेत् ॥४८॥
फलं सापि मनोऽभीष्टं, लभते पुत्रसंपदा । सर्वथा पापशांतिं च, भास्वत्सौ रव्यपरंपरा ॥४९॥
त्वय्येव स्थापितस्वांत—त्राकायाहमहर्निशं । तथापि मम पुत्रस्य, विप्रयोगोऽभवत् कथं ॥५०॥
वर्तसे सत्यभामा मे, ज्येष्ठा च भगिनी मम । कनिष्ठा परमामीष्टा, रे रे जांबवति स्वसः ॥५१॥
रेऽस्या दूतिका दास्यो, धात्र्यस्तयांगसेविकाः । खेऽनायापि युष्माभि-र्हृीतः स्यान्ममार्भकः ५२॥
तदैकशो मुखं तस्य, शिशोर्दर्शयत द्रुतं । युष्माभिः खेलनीयः स, पुनरप्यविलंबतः ॥५३॥
रे नंदन मया पूर्वं, ज्ञातमासीत्स्वचेतसि । प्रथमं कारयिष्यामि, स्तन्यपानमहं तव ॥५४॥

न ज्ञायते मदीयोऽस्ति, पूर्वजन्मरिपुः सुरः । अथवा तावकः कश्चि—द्योऽहरत्त्वां गुणालय!॥५५॥
पापिना तेन देवेन, त्वामपहृत्य वैरतः । मूलादुन्मूलितो माम—कीनो मनोरथद्रुमः ॥५६॥
मनोमोहन रे नारी, स्तन्यपानमथादरात् । कारयिष्यति का पुत्र, भूत्वात्र जननी तव ॥५७॥
रे कुलदेवता युयमागच्छथ बलीच्छया। पुत्रशुद्धिविधानस्या—वसरे क्वाधुना गताः ॥५८॥
मया तेऽबलया देवाऽ—पराद्धं नास्ति सर्वथा। अपराद्धं च भवेत्तर्हि, प्रकटीभूय मे वद॥५९॥
अंतर्दाह इव त्वं किं, जातमात्रेण सूनुना। विप्रयोगविधानेन, मुधा दहसि मां मृदुं ॥ ६० ॥
यद्वादाय सखी कापि, पुत्रं मे कि वने गता।खेलयितुं स्वगेहे वा जिनालये गताथवा ॥ ६१ ॥
मम कृत्यविधानार्थं, सख्यः पश्यत पश्यत।अन्यथा किं सखीत्वेन,यौष्माकीनेन साधनं ॥ ६२ ॥
भाषमाणेति वैकल्यं, धरंती मानसे भृशं।अस्वास्थ्येन शरीरस्य, वार्तामप्यकरोन्न सा ॥ ६३ ॥
साकुट्टयत्क्षणं वक्षः—स्थलं चापि ललाटकं।हस्ततालान् क्षणं दद्यौ, जघर्ष क्रमयामलं ॥ ६४ ॥
त्रोटयंति शिरःकेशान्, मोटयंती निजां तनूं।स्फाटयंती च वस्त्राणि, भांडानि स्फोटयंती च ॥ ६५ ॥
विलिपंती मृदा वक्त्रं, विलुठंती भुवस्तले।हसंती रुदती चापि, ग्रथिलेव बभूव सा ॥ ६६ ॥
योगिनीव गृहं मुक्त्वा, विचरामि वने वने।भूत्वाहमथवा साध्वी, देशे देशे व्रजाम्यहं ॥ ६७ ॥
एवं चैव भ्रमंत्या मे, कदाचिन्मिलति स तु।भवेत्तर्हि समीचीन—मित्यप्याशां बबंध सा ॥ ६८ ॥

શરીરે સ્નાન, વેણી બંધ, સુંદર વસ્ત્રોનું પરિધાન, આંખમાં અંજન વિગેરે કંઈપણ કરતી નથી, કંઠમાં પહેરેલો હાર તેને પાશ જેવો લાગે છે, ભાલ પરનું તિલક તિલ જેવું, કાનનાં કુંડલ સર્પના ગુંચડારૂપ અને મોતીની માળા નાગણ જેવી ભયંકર લાગે છે. ગળામાં પુષ્પમાલા, પગમાં ઝાંઝર, શરીરે ચંદનનું વિલેપન, સ્તનયુગલ પરનું લેપન, કેડમાં કંદોરો, હાથમાં કંકણ તેમજ તાંબૂલ ભક્ષણ તે સોળે શણગારથી રહિત બનેલી પુત્રના વિયોગથી દુઃખી બનેલી રૂક્મિણી યોગિનીની જેમ વિરાગણ બની ગઇ. એક કવલ અધિક ખાવાથી પેટમાં પીડા થાય પરંતુ નવમહિનાથી અધિક પુત્રને પેટમાં રાખવા છતાં પીડા થતી નથી. પરંતુ માતાને વધુ આનંદ થાય છે. માતા બનેલી રૂક્મિણી પુત્રના દુઃખથી પાગલના જેવી ચેષ્ટા કરે છે:–'હે કૃષ્ણ, હે હે પુંડરી કાક્ષ ! હે જનાર્દન ! હે માધવ ! હે પ્રાણનાથ, મારો પુત્ર હમણાં તમારા હાથમાં જ હતો તે હે નાથ તમે જ્યાં સુધી તમારી પાસે રહેલા મારા પુત્રને નહી આપો ત્યાં સુધી તમને થાપણ ઓળવવાનું મહા ભયંકર પાપ લાગશે. ઉત્તમ પુરુષો કયારે પણ પારકી થાપણ ઓળવવાનું પાપ કરતા નથી. તો ગમે તે પ્રયત્ને મારા પુત્રને લાવીને મને આપો. હે સ્વામિન્ ,શિશુપાલ જેવા પરાક્રમી યોદ્ધાઓને એક લીલામાત્રમાં તમે જીતી લીધા. તે તમારું બળ હમણાં પુત્રના માટે કેમ બતાવતા નથી ?

જે સ્ત્રી એક ધ્યાનથી એક વખત તમારા ચરણની પૂજા કરે છે, તમારા નામનો મહામંત્ર જપે છે, તે સ્ત્રીનાં મનોવાંછિત ફળે છે. તેને પુત્રની પ્રાપ્તિ થાય છે. સર્વપ્રકારના પાપની

શાંતિ થાય છે, અને ઘણા સુખની પરંપરા વધે છે. તો હું તો તમારૂં મન વચન અને કાયાથી નિરંતર ધ્યાન કરી રહી છું. છતાં મને પુત્રનો વિયોગ કેમ થયો ? અરેરે, બધા કેમ મુંગા બની ગયા ? સત્યભામા, તમે મારી મોટી બેન છો, જાંબવતી, તું મારી નાની પ્રિય ભગિની છે, રે રે દાસીઓ, દૂતીઓ, ધાવમાતાઓ, અંગરક્ષિકાઓ જે કોઇ મારા પુત્રને રમાડવા માટે લઈ ગયા હોય તે મને જલ્દી લાવી આપો.

એક વખત પુત્રનું મુખ દેખાડો. પછી તમારે રમાડવા લઈ જવો હોય તો લઈ જજો. વિલંબ ના કરો. મારા પુત્રને જલ્દી લાવી આપો. હે પુત્ર, મેં મારા મનમાં પૂર્વે વિચાર્યું હતું:- પ્રથમ તને સ્તનપાન કરાવીશ ! ન જાણે મારા પૂર્વજન્મનો કોણ શત્રુ પાકયો કે હે ગુણનિધિ તને જન્મતાં જ હરી ગયો. એ પાપી દૈવે વૈરથી તારૂં હરણ કરીને મારા મનોરથરૂપી વૃક્ષને મૂલમાંથી ઉખેડી નાંખ્યું. હે મનમોહન, એ કોણ નારી હશે કે તારી માતા બની તને પ્રેમથી સ્તનપાન કરાવશે ? હે કુલદેવતા, તમે બલિની ઇચ્છાથી આવો. મારા પુત્રની શોધ કરવાના અવસરે તમે કયાં જતા રહ્યાં ? અબલા એવી મેં દેવનો કોઈ અપરાધ કર્યો નથી. કદાચ કર્યો હોય તો પ્રત્યક્ષ થઇને મને કહો. હે કુલદેવી, જન્મતાની સાથે જ મારા પુત્રનો વિયોગ કરાવીને અંતર્ધાનની જેમ કોમલ એવી મને કેમ દઝાડી રહ્યા છો ? અથવા કોઈપણ સખી મારા પુત્રને ખેલાવા માટે વનમાં લઇ ગઇ હોય, કે રમાડવા માટે પોતાના ઘરે લઇ ગઇ હોય અથવા જિનમંદિરમાં દર્શન કરાવવા લઇ ગઇ હોયતો હે સખીઓ, તમે જાવ, જુઓ જુઓ, મારા પર આટલો ઉપકાર કરો. નહીતર તમારૂં સખીપણું લાજશે.' આ પ્રમાણે ગાંડાની જેમ જેમતેમ બોલતી મનમાં અત્યંત દુઃખને ધરતી રૂક્મિણી પોતાના શરીરની પણ ચિંતા કરતી નથી. એક ક્ષણમાં છાતી કૂટે છે, ક્ષણમાં કપાળ કૂટે છે. ક્ષણમાં તાલીઓ પાડે છે. ક્ષણમાં પગ પછાડે છે. તો કયારેક માથાના વાળ તોડે છે. શરીરને મચકોડે છે. વસ્ત્રો ફાડી નાંખે છે. વાસણો ફોડી નાખે છે, ક્ષણે ક્ષણે નિઃશાસા નાખે છે. ભૂમિ ઉપર આળોટે છે, હસે છે, રડે છે. આ રીતે તે સાવ વિકલ બની ગઈ.

'ઘરનો ત્યાગ કરી યોગિનીની જેમ જંગલે જંગલે ફરૂં ? અથવા સાધ્વી થઇને દેશોદેશ વિચરૂં ? આ પ્રમાણે ઘૂમતાં ઘૂમતાં કયારેક તો મારો પુત્ર કોઇક વખત મને મલશે. આ રીતે આશાઓ બાંધે છે.

जातमात्रांगभूद्दुःखा—द्विकलां बहुदुःखिनीं।दासीभ्यो रुक्मिणीं श्रुत्वा, मुकुंद इत्यचिंतयत् ॥ ६९ ॥
या चास्ति महिषीमुख्या, सत्यभामा मम प्रिया।रूपलावण्यसंयुक्ता, साप्येतया विनिर्जिता ॥ ७० ॥
तस्या अपीदृशी चेष्टा—भवत्सूनोर्वियोगतः।गतस्य मम हस्ताभ्यां, किं करोम्यथ पातकी ॥ ७१ ॥
अथ किं जीवितव्येन, राज्येनापि ममाथवा।सोऽपि शोकातुरो भूत्वा, चिंतामग्न इवाभवत् ॥ ७२ ॥

દાસીના મુખે જન્મજાત પુત્રના વિયોગથી ખુબ દુઃખી અને વિકલ થયેલી રૂક્મિણીની દશા સાંભળીને કૃષ્ણ ચિંતા કરવા લાગ્યાઃ-'મારી અગ્રમહિષી રૂપલાવણ્યથી યુક્ત એવી સત્યભામાને પોતાના ગુણો અને સૌંદર્યથી જેણે જીતી લીધી છે, એવી મારી પ્રાણપ્રિયા રૂક્મિણીની આવી દશા ? ખરેખર હું જ પાપી છુંઃ- મારા જ હાથમાંથી પુત્રનું હરણ થયું. તો મારે આ રાજ્ય અને આ જીવનથી શું ? આ પ્રમાણે કૃષ્ણ શોકાતુર થઈને ચિંતામગ્ન બની ગયા.

सर्वेऽप्याकारिताः पौरा, बांधवा यादवा अपि । नरकारातिना सूनु—विप्रयोगानुषंगिना॥७३॥
तान् समाकार्य गोविदः, कथयामास दुःखतः । युष्माभिरपराधो मे, क्षंतव्यः सकलोऽपि च॥७४॥
मया सार्धं वियोगश्चे—द्दैवेन सूनुना समं । जनितस्तन्मरिष्याम्य—वश्यं भो यादवाद्रुतं॥७५॥
इत्युक्ते हरिणा पौराः, सर्वेऽपि शोकसंगिनः । समभूवन् विशेषेण, लोकाः स्युर्हि नृपानुगाः ॥७६॥
दंतानां धावनं पौरै—रुष्णैरेव तदादितः । निःश्वसैर्विदधे नित्यं प्रत्यंतरविनिर्मितैः ॥७७॥
निजपुत्रवियोगेन, क्वापि रत्यनवाप्तितः । संज्ञयैव ब्रुवन् कृष्णो—ऽप्यायान्नास्थानसंसदं॥७८॥

પુત્રના વિયોગથી ચિંતાતુર બનેલા વિષ્ણુએ સર્વે બંધુઓ, યાદવો અને નગરવાસીઓને બોલાવ્યા. બોલાવીને કૃષ્ણે બધાને દુઃખથી કહ્યુંઃ- 'તમારા પ્રત્યે થયેલા મારા અપરાધોની તમે બધા મને ક્ષમા આપો. મારી સાથે દૈવે જન્મજાત પુત્રનો વિયોગ કર્યો તે દુઃખ મારાથી સહી શકાતું નથી. હે યાદવો, મને લાગે છે કે હું મરણ પામીશ.' આ પ્રમાણેના કૃષ્ણના વચનથી સર્વે લોકો શોકાતુર બની ગયા. ખરેખર, વિશેષ પ્રકારે લોકો રાજાને અનુસરનારા હોય છે. ત્યારથી નગરવાસીઓએ ગરમપાણીથી દંતધાવન કરતા હોય તેમ ગરમ ગરમ નિશ્વાસા નાખ્યા. પુત્રના વિયોગે કયાંય પણ ચેન પડતું નહી હોવાથી કૃષ્ણ રાજસભામાં દિગ્મૂઢ બનીને બેસતા.

बांधवा यादवाश्चान्ये, सर्वाण्यंतःपुराणि च । असीदन् राज्यकार्याणि, मुकुंदे दुःखिते सति ॥७९॥
तावन्नियोगिनो वृद्धाः, समेत्य माधवांतिके । दुःखाद्गदगदया वाचा, स्वामिभक्ता व्यजिज्ञपन्॥८०॥
पुरुषोत्तम हे नाथा—चिंत्यशक्तिसमन्विताः । ये शतक्रतवो देवा, व्यंतरा भवनाधिपाः ॥८१॥
ये ज्येष्ठा वासुदेवेभ्यो, बलीयांसोऽच्युताग्रजाः । ये त्रिखंडोपभोक्तारो, ये च षड्खंडनायकाः ॥८२॥
हलिनो वासुदेवाश्च, महांतश्चक्रवर्तिनः । विद्याधरा नराधीशा, मंत्रिणः श्रेष्टिनश्च ये ॥८३॥
मर्त्यास्तेजस्विनोऽन्येऽपि, रूपवत्यो मृगीदृशः । बाल्येऽपि यौवने वार्धे, गतास्तेऽपि यमालये ८४॥
जानन्नपि मुकुंदेति, ह्यनुभूतं समैरपि । एनं किं शोचसि प्रोच्चै—र्जातमात्रं त्वमर्भकं ॥८५॥
त्वमेकस्यापि पुत्रस्य, वियोगं सोढुमक्षमः । षष्टिसहस्रसूनूनां, स सोढः सगरेण तु ॥८६॥

બંધુઓ, યાદવો, પ્રજાજનો અને સઘળુ અંતઃપુર (રાણીવાસ) કૃષ્ણના દુઃખે દુઃખી બની ગયું. રાજ્યકાર્યો પણ સીદાવા લાગ્યાં; ત્યારે સ્વામિભક્ત વૃદ્ધજનો કૃષ્ણની પાસે આવીને ગદ્ગદવાણીથી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા :- 'હે નાથ, હે પુરુષોત્તમ, અચિંત્યશક્તિશાલી ઈન્દ્રો, દેવો, દાનવો, વ્યંતરો, ભવનપતિઓ, વાસુદેવોથી પણ બળવાન અચ્યુતો (બલદેવો) ત્રણખંડના અધિપતિ વાસુદેવો, ષટ્‌ખંડના અધિપતિ ચક્રવર્તીઓ, વિદ્યાધરો, રાજાઓ, માંડલિકો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને બીજા પણ મહાન તેજસ્વી મહારથીઓ, સ્વરૂપવંતી મૃગનયનાઓ તે વિગેરે મનુષ્યો બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં આયુષ્ય પૂર્ણ થતાં સહુ યમસદનમાં પહોંચી જાય છે. સંસારની આ વિષમતાને જાણવા છતાં પણ હે મુકુંદ, હે મહારાજા, જાતમાત્ર પુત્રનો આટલો બધો શોક શા માટે ? આપ એક પણ પુત્રનો વિયોગ સહી શકતા નથી. તો સગરચક્રવર્તીએ સાઠ હજાર પુત્રોનો વિયોગ કઈ રીતે સહન કર્યો હશે ?

तदा जगाद गोविंदः, स्थविरांस्तान्नियोगिनः । कः सगरोऽभवत्पुत्र-वियोगं सोऽसहत्कथं ॥८७॥
इत्युदिते मुकुंदेन, स्थविरैः को बभाण च । अत्रैव भरते ह्यासी—दयोध्याख्या, महापुरी॥८८॥
जितशत्रुर्महीशश्च, तत्रासीद् भरतान्वये । राज्ञी च विजयाख्यास्य, वर्यचातुर्यसगुणा ॥ ८९ ॥
युवराजोऽभवत्तस्य, सुमित्रविजयोऽनुजः । पत्नी यशोमती तस्य, कांतकांतिर्यशोमती ॥ ९० ॥
उभाभ्यां सह भार्याभ्यां, भुंजानौ भोगमद्भुतं।राज्यं पालयतस्तौ द्वा—वपि धर्मपरायणौ ॥ ९१ ॥
जितशत्रुमहीशस्य, विजयायोषितोऽन्यदा।चंचच्चतुर्दशस्वप्न—संसूचितः सुतोऽभवत् ॥ ९२ ॥
पुत्रजन्मोत्सवान् प्राज्यान्, प्रविधाय तदाहूवयं।श्रीमानजितनाथेति, पितृभ्यां प्रविनिर्मितं ॥९३॥
मेरौ कल्प इवागारे, वर्धमानो बभूव सः । तावत्प्राप्ता यशोमत्या, स्वप्नाश्चापि चतुर्दश ॥ ९४ ॥
तैः स्वप्नैः सूचितः सूनुः, समभूत्सगराभिधः।सुलक्षणो यशोमत्या, वलक्षकुक्षिसंभवः ॥ ९५ ॥
राजकन्याः सलावण्या, धन्या रूपेण सुंदराः।तौ द्वाबुद्वाहितौ पुत्रौ, पितृभ्यां यौवनागमे ॥ ९६ ॥
एकस्मिन्नेव गेहे किं, पुष्पदंतौ समागतौ।तौ द्वावपि समालोक्या—चिंतयन्निति मानवाः ॥ ९७ ॥
विषाणि विषयाः प्राय, सज्यंते यौवने जनैः।वार्धके ते तु मुच्यंते, बुधैः कामविमुक्तये ॥ ९८ ॥
विमृश्येति विजेतुं तान्, जितशत्रुर्महीपतिः । सत्यीकर्तुमिवात्माख्यां, ददौ राज्यं सुतेऽजिते।९९॥
सगरे यौवराज्यं च, दत्वा कर्मजिगीषया । सुमित्रविजयेनाथा, प्राव्राजीद्बंधुना नृपः ॥१००॥
दीक्षां गृह्णाम्यहं राज्यं, पालयन्नजितप्रभुः । द्वितीयतीर्थकृन्नाम—कर्मोदयादवेदिति ॥१॥
तावल्लोकांतिकैर्देवैः, समयो ज्ञापितो विभोः । सोऽपि स्वं सगरे राज्यं,न्यस्य दीक्षामुपाददे॥२॥
दीक्षां लात्वाजितेशेन, तीर्थं प्रावर्त्यत स्वकं । आज्ञा च सगरेणापि, चक्रवर्तित्वकर्मणा ॥३॥

ત્યારે કૃષ્ણે સ્વામિભક્ત પોતાના પ્રૌઢ અનુચરોને પૂછયું: એ સગરચક્રવર્તી કોણ ? અને તેને સાઈઠ હજાર પુત્રોનો કઇ રીતે વિયોગ થયો ?'

કૃષ્ણના પૂછવાથી સ્થવિરો સગરચક્રવર્તીનું કથાનક કહે છે.

"આ ભરતક્ષેત્રમાં અયોધ્યા નામની મોટી નગરી હતી, ત્યાં ભરતચક્રવર્તીના વંશમાં જિતશત્રુ નામનો રાજા હતો. તેને સૌંદર્યાદિગુણોથી યુક્ત વિજયા નામની મહારાણી હતી. તે જિતશત્રુ રાજાનો સુમિત્રવિજય નામનો નાનો યુવરાજ ભાઇ હતો. તેની શ્રેષ્ઠ કાંતિવાલી યશોમતી નામની પ્રિય પત્ની હતી. બંને ભાઇઓ પોત પોતાની ભાર્યાઓ સાથે પાંચે ઇન્દ્રિયોના અદ્‌ભુત વિષય સુખનો ઉપભોગ કરતા રાજ્યનું પાલન કરતા ધર્મકાર્યમાં તત્પર હતા. એક દિવસે જિતશત્રુરાજાની વિજયા રાણીએ મનોહર ચૌદ સ્વપ્નસૂચિત પુત્રરત્નનો જન્મ આપ્યો. પુત્રરત્નનો ઠાઠમાઠથી જન્મમહોત્સવ કરીને માતાપિતાએ પુત્રનું 'અજિત' નામ આપ્યું. મેરૂપર્વત પર જેમ કલ્પવૃક્ષ વૃદ્ધિને પામે તેમ રાજમહેલમાં અજિત મોટા થયા, તેવામાં સુમિત્રવિજયની યશોમતી રાણીએ પણ ચૌદ સ્વપ્ન સૂચિત પુત્ર રત્નનો જન્મ આપ્યો. મહોમહોત્સવપૂર્વક લક્ષણોપેત પુત્રનું માતા-પિતાયે 'સગર' નામ રાખ્યું. અજિત અને સગર યુવાવસ્થામાં આવ્યા ત્યારે માતા-પિતાએ સુંદર રૂપવતી અને ગુણવતી શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું.

અજિતનાથ તીર્થંકર અને સગરચક્રવર્તિ બંને એક જ કુળમાં જન્મેલા જોઈને માણસો કલ્પના કરતા કે શું એક જ ઘરમાં સૂર્ય અને ચન્દ્રનો વસવાટ રહ્યો છે?

'પ્રાયઃ યુવાવસ્થામાં મનુષ્યો વિષસમાન વિષયોનો ઉપભોગ કરે છે પરંતુ પંડિતપુરૂષો કામરહિત થવા માટે વૃદ્ધાવસ્થામાં વિષયોપભોગથી વિરામ પામે છે. આ પ્રમાણે વિચારી કામશત્રુને જીતવા માટે જિતશત્રુરાજાએ અજિતનાથને પોતાનું રાજ્ય આપ્યું. પોતાનું જિતશત્રુ નામ સાર્થક કર્યું. સુમિત્રવિજયે પણ સગરને યુવરાજ-પદ આપી પોતાના ભાઈની સાથે દીક્ષા અંગીકાર કરી. સંયમના અભિલાષી અજિતનાથ રાજ્યનું પાલન કરે છે. ત્યાં તીર્થંકર નામ કર્મના ઉદયથી પ્રેરાઈને લોકાંતિક દેવોએ આવી પ્રભુને તીર્થપ્રવર્તન માટેની વિજ્ઞપ્તિ કરી. અજિતનાથે સગરને પોતાના રાજ્ય ઉપર સ્થાપી એકવર્ષ સુધી સાંવત્સરિક દાન આપી. પ્રવજ્યાને ગ્રહણ કરી. અને તીર્થપ્રવર્તાવી બીજા તીર્થંકર તરીકે પ્રસિદ્ધ થયા.

सगरः साधयित्वा च, षट्खंडान् भारतान् क्रमात् । सत्रा स्त्रीणां चतुःषष्टि—सहस्रैःसुखमन्वभूत्।४
भुंजानस्य सुखं तस्य, पुत्राः षष्टिसहस्रकाः । शूराः समभवन् वीरा, विक्रमाक्रान्तभूमयः ॥५॥
ज्येष्टो जन्हुकुमारस्तु, समभूत्तेषु सूनुषु।प्रासादोद्धारयात्रादि—धर्मकर्मपरायणः ॥ ६॥
तेन जन्हुकुमारेण, गुणैश्च विनयादिकैः । कथंचित्तोषितोऽन्येद्यु—रतीव सगरः पिता ॥७॥
हर्षेण जनकेनोचे, पुत्र त्वदीयभक्तितः । अहं प्रमोदितो वर्ते, वरं वृणु तदिच्छया ॥८॥
जन्हुर्व्यजिज्ञपत्तात, तुष्टश्चेत्त्वं ममोपरि । तदा कारुण्यमाधाय, मत्कामनां प्रपूरय ॥९॥

जगाद जनकेो वत्स, सा काऽस्ति कामना तव। परिपूर्णा न जाता या, जनके मयि सत्यपि ॥१०॥
प्रसन्नवदनेनेति, तातेन प्रतिपादिते। जजल्प पितरं जन्हु–कुमारेा विनयान्वितः ॥११॥
श्रीतात चेत्प्रसन्नोऽसि, स्वरत्नानि चतुर्दश। समस्तं कटकं सर्वा—मपि बंधुंश्च देहि मे ॥१२॥
तैः साकं पर्यटन्नन्य—देशतीर्थवसुंधरां। निरीक्ष्य त्वत्प्रसादेन, स्वां वांछां पूरयाम्यहं ॥१३॥
मयि सत्यपि चेदस्य, नेयं पूर्णीभविष्यति। कामना मानसी तर्हि, मयका जनकेन किं ॥१४॥
विचार्येति पिता प्राह, जन्हुकुमार तावकी। या या स्पृहा भवेत्सा सा, पूर्णीकार्या त्वयेच्छया॥१५॥
प्रसन्नं वचनं वप्तु—र्निशम्य श्रवणामृतं। कुमारोऽमूमुदत्सर्वं, शीतलीभूतविग्रहः ॥१६॥

સગર પણ ચક્રવર્તી નામકર્મના ઉદયથી અનુક્રમે ભરતના છ ખંડ સાધી ચેાસઠ હજાર રાણીઓની સાથે સાંસારિક સુખનેા અનુભવ કરતાં તે સગર ચક્રવર્તીને શૂરવીર, પરાક્રમી અને તેજસ્વી એવા સાઠ હજાર પુત્રેા થયા. તે સાઠ હજારમાં મેાટા જન્હુકુમાર નામના પુત્ર, જિર્ણોદ્ધાર, યાત્રા આદિ ધર્મકાર્યમાં તત્પર હતા. એક દિવસે જન્હુકુમારે પેાતાના વિનયાદિ ગુણેાથી પિતા સગર ચક્રવર્તીને ખૂબ ખૂશ કર્યા. હર્ષિત થયેલા પિતાએ પુત્રને કહ્યું:–'પુત્ર, તારી ભક્તિથી હું પ્રસન્ન થયેા છું તારી ઇચ્છા પ્રમાણે વરદાન માગ !' જન્હુકુમારે કહ્યું:– પિતાજી, જો આપ મારા પર સંતુષ્ટ થયા છેા તેા કૃપા કરીને મારી એક ઇચ્છાને પૂર્ણ કરેા. સગરચક્રવર્તીએ કહ્યું:– બેટા, (૧) મારા જેવેા પિતા શું પુત્રની મનેાકામના પૂર્ણ ના કરે ?' (૨) તારી જે ઇચ્છા હેાય તે કહે ! પિતાના સંતેાષકારક વચન સાંભળીને જન્હુકુમારે વિનયપૂર્વક પિતાને કહ્યું:–'પિતાજી, આપ મને આપના ચૌદરત્નેા સહિત ચક્રવર્તી સૈન્ય આપેા. હું મારા બધા બંધુઓની સાથે સમસ્ત ભારતનું પર્યટન કરવા માટે જાઉં. ભારતમાં રહેલા દેશેા, તીર્થભૂમિઓ જોઈને મારી મનેાકામના પૂર્ણ કરૂં.' 'મારા જેવેા ચક્રવર્તી પિતા હેાવા છતાં મારા પુત્રની ઇચ્છાપૂર્ણ ના કરૂં તેા પિતા એવા મારૂં શું મહત્વ ?'આ પ્રમાણે વિચારીને સગરે કહ્યું:–'જન્હુકુમાર, તારી જે જે ઇચ્છા હેાય તે બધી ઇચ્છાઓ પૂર્ણ કર.' પિતાના પ્રેમપૂર્ણ અમૃત સમાન વચન સાંભળીને જન્હુકુમાર આનંદ વિભેાર બની ગયા.

ततः प्राज्यैर्गजैश्च—पदातिभिस्ततः समं। प्रणम्य तातपादांश्च, जन्हुर्ययौ शुभे दिने ॥१७॥
नगराणामनल्पानां, ग्रामाणामध्ववर्तिनां। काननानां च पश्यन् स, कुतूहलान्यमोदत ॥१८॥
अनुक्रमप्रसंगेन, प्राप्याष्टापदपर्वतं। तस्यैवोपत्यकायां स सर्वं बलं न्यवेशयत् ॥१९॥
निवेश्य कटकं तत्र, परिवारेण भूयसा।आरुरोहोपरिष्टात्स, जिनेंद्रानभिवंदितुम् ॥ २०॥
जिनप्रासादबिंबानां, रचनामवलोक्य च। अर्चित्वा तानि वंदित्वा, कुमारो हृद्यमूमुदत् ॥ २१॥
जन्हुः प्रमुदितः प्राह, भो धिसखा विशारदाः।प्रासादरचना केनै—ता जिनार्चाश्च कारिताः ॥२२॥
इति पृष्टे कुमारेण, विनयान्मंत्रिणोऽवदन्। यथा त्वमंगजो ज्येष्टः, सगरस्य बभूविथ ॥२३॥

तथा श्रीवृषभस्याभू—द्भरतो धर्मकर्मकृत् । तीर्थयात्राकृते सर्व—मप्येतत्तेन कारितं ॥२४॥
पुनरप्यवदन्जन्हु—कुमारः सचिवान्प्रति । अन्यमेतादृशं शैलं, यूयं पश्यत सादरं ॥२५॥
यथाहमपि तत्रैव, यथाशक्ति शिलोच्चये । प्रासादान् प्रतिमाश्चार्ह—न्नाथानां कारयाम्यलं ॥२६॥
भृत्यैर्जन्हुकुमारस्या—ज्ञया विष्वग्विलोकितं।तथापि क्वापि तेऽद्राक्षु—र्नान्यमष्टापदोपमं ॥२७॥
समेत्य कथयामासुः, परितः प्रविलोक्य ते।स्वामिन्नेतादृशः शैलो—ऽपरः कोऽपि न दृश्यते ॥२८॥
श्रुत्वेति कथितं जन्हु—कुमारेण मनीषिणा । यद्येवं क्रियते तर्ह्य—स्यैव रक्षा विशेषतः ॥२९॥
शास्त्रेऽपि हि नवीनानां, प्रासादानां विनिर्मितेः । फलमष्टगुणं प्रोक्तं, जीर्णचैत्योद्धृतौ जिनैः ॥३०॥
एवमेवास्त्विति प्रोचे, सर्वै रप्यनुचारिभिः । उद्यमो विहितस्तेन, तीर्थरक्षाकृते ततः ॥३१॥
खानिता दंडरत्नेन, सहस्रयोजनावनिः । यथा निपतिता धूलि—र्भवनाधिपधामसु ॥३२॥
अज्ञातपूर्विणो नाग—कुमारा भीतिभाजिनः । शरणं मार्गयंतोऽगु—र्ज्वलनप्रभसन्निधौ ॥३३॥
तेषां वचनमाकर्ण्य, महोद्वेगनिबंधनं । प्रयुंज्य चावधिज्ञानं, ज्ञातवान् ज्वलनप्रभः ॥३४॥
उत्पातं भावयन् सोऽपि ज्वलन् कोपेन वह्निवत् । विकुर्व्य विकृताकारं- तत्रागाद्रक्तलोचनः॥३५॥
एत्य च प्रेक्ष्य जन्हवादीं—श्चक्रिणस्तनुजान् जगौ । दुरात्मनः किमारब्धं, कर्मेदं सुखहानये॥३६॥
खातिकाकरणं ह्येवं, भूमेश्च खननं तथा। अद्यप्रभृति न ज्ञातं, न श्रुतं वा कदाचन ॥३७॥
कोपो नागकुमाराणां, भवेद्भूयान् भयावहः । भवेयुः पूजनीयास्ते, मनुष्येण सुखैषिणा ॥३८॥
अर्हणाप्रविधानार्थं, युष्माभिः किं दुरात्मभिः । तेषां मूर्ध्न्यभियोगेन, धूलिः प्रक्षिप्यतेऽतुलाः॥३९॥
ज्वलनप्रभमालोक्य, कोपाटोपोपटंकितं । जगाद विनयाज्जन्हु—कुमारो मृष्टया गिरा ॥४०॥
स्वामिन्नज्ञानतोऽस्माभि—र्जनितं यत्क्षमस्व तत् । नातःपरं करिष्यामः, कथयित्वेति तोषितः४१
असौ संतोषितो यावत्, स्वकीयं स्थानकं गतः । परिखा जनिता किंतु, न वरा सलिलंविना।४२।

ત્યાર પછી શ્રેષ્ઠ હાથી, ઘોડા, રથ, પાયદલ આદિ ચતુરંગી સેનાની સાથે જન્હુકુમારે પિતાને પ્રણામ કરી શુભ દિવસે પ્રયાણ કર્યું. માર્ગમાં આવેલા ઘણાં ગામ, નગર, અને જંગલોના કુતૂહલોને જોતા હર્ષિત થયેલા જન્હુકુમાર અનુક્રમે અષ્ટાપદ પર્વતની તલેટીમાં સમસ્ત સૈન્યનો પડાવ નાખ્યો. સૈન્યને તલાટીમાં રાખી, પરિવારની સાથે અષ્ટાપદ પર્વત ઉપર રહેલા જિનમંદિરોના દર્શન કરવા માટે પર્વત ઉપર આરોહણ કર્યું. ત્યાં મંદિરોમાં રહેલા જિનબિંબોની રચના જોઈ પૂજન કરી. વંદન કરીને કુમારને ખૂબ જ આનંદ થયો. આનંદિત બનેલા જન્હુકુમારે બુદ્ધિનિધાન મંત્રીશ્વરોને પૂછયું:– 'આવાં મોટા સુંદર જિનમંદિરો અને જિનબિંબો કોને કરાવ્યાં ?' મંત્રીશ્વરે વિનયપૂર્વક કહ્યું:– 'આપ જેમ સગર ચક્રવર્તીના જ્યેષ્ઠ પુત્ર છો તેમ શ્રીઋષભદેવ પ્રભુના ભરતચક્રવર્તી નામના ધર્મકાર્યમાં રક્ત જ્યેષ્ઠપુત્ર હતા. તે ભરતચક્રીએ તીર્થયાત્રાને માટે આ સઘળા મંદિરો અને જિનબિંબો કરાવ્યાં છે.' ફરીથી

જન્હુકુમારે મંત્રીને કહ્યું:-'આ પર્વત સરખો બીજો કોઈ પર્વત હોય તો તપાસ કરો. તેથી હું પણ તે પર્વત ઉપર જિનેશ્વર ભગવંતના મંદિરો અને પ્રતિમાઓ કરાવું.' આ પ્રમાણે જન્હુકુમારના આદેશથી સેવકોએ ચારે બાજુ તપાસ કરી પરંતુ અષ્ટાપદ પર્વત જેવો બીજો કોઇ પર્વત જોવામાં આવ્યો નહી. તેથી પાછા ફરીને જન્હુકુમારને કહ્યું:- 'સ્વામિન્, અષ્ટાપદ સરખો બીજો કોઈ પર્વત ભારતમાં દેખાતો નથી.' આ સાંભળીને બુદ્ધિશાળી જન્હુકુમારે કહ્યું કે 'તો એમ કરીએ-આ તીર્થની વિશેષ પ્રકારે રક્ષા કરીએ. શાસ્ત્રમાં જિનેશ્વર ભગવંતે કહ્યું છે કે 'નવા મંદિરોના નિર્માણ કરતાં જિર્ણોદ્ધાર કરવાનું આઠગણું ફલ હોય છે.' જન્હુકુમારની વાત સાંભળીને બધા બંધુઓ, મંત્રીઓ અને અનુચરોએ અનુમોદન આપ્યું:- 'બરાબર છે એમ જ કરીએ. તીર્થરક્ષા માટે ઉદ્યમ કરીએ.' આ પ્રમાણે સર્વેની સંમતિથી જન્હુકુમારે દંડરત્ન વડે એક હજાર યોજન નીચે સુધીની ભૂમિ ખોદાવી, જેથી ભુવનપતિદેવોના આવાસોમાં ધૂળ (માટી) પડવા લાગી. આ વાતથી અજાણ નાગકુમારના દેવો ભયભીત બનેલા શરણને શોધતા પોતાના ઈન્દ્ર જ્વલનપ્રભની પાસે ગયા. અને પોતાના ભયનું કારણ બતાવ્યું. મહાઉદ્વેગના કારણરૂપ દેવોની વાત સાંભળીને જ્વલનપ્રભે અવધિજ્ઞાનથી બધું જાણી લીધું. ક્રોધથી ધુંઆપુંઆ થયેલો જ્વલનપ્રભ લાલનેત્રો અને ભયંકર નાગનું રૂપ વિકુર્વી ઉત્પાતને કરતો ચારે બાજુ અગ્નિકણોને વેરતો આવ્યો, આવીને જન્હુકુમારને કહ્યું:-'અરે, દુરાત્મા, પાપી,આ તેં શું આદર્યું છે! તારા સુખનો નાશ કરવાની ચેષ્ટા કરી રહ્યો છેઃ- આ રીતે ભૂમિ ખોદવાનું અને ખાઇ બનાવવાનું કાર્ય આજ સુધી કયાંય જોયું નથી અને સાંભળ્યુ પણ નથી. વળી નાગકુમાર દેવોનો ક્રોધ ઘણો ભયાનક છે. સુખાભિલાષી મનુષ્યે તો તેઓની પૂજા કરવી જોઇએ ત્યારે તમે દુરાત્માઓ તો પૂજાના બદલે નાગકુમારના માથા ઉપર ધૂળનો વરસાદ વરસાવી રહ્યા છો.' આ પ્રમાણે ક્રોધની જ્વાલાઓથી ભભૂકી રહેલા જ્વલનપ્રભને જોઇને વિનયપૂર્વક મધુરવાણીથી જન્હુકુમારે કહ્યું:-'સ્વામિન્, અજ્ઞાનપણાથી અમારાથી જે કાંઈ થયું તેની અમે વારંવાર ક્ષમા માગીએ છીયે. હવેથી આવું નહી કરીએ.' આ પ્રમાણે મધુર વચનથી જ્વલનપ્રભને શાંત કર્યો. શાંત થયેલો જ્વલનપ્રભ પોતાના સ્થાને ગયો.

बिमृद्ग्येति कुमारेण, दंडरत्नेन तावता।मंदाकिन्याः प्रवाहोऽपि, समानीतोऽवनीतले ॥ ४३ ॥
एकांते मिलिता प्रायः, पुरुषेण सहांगना । यथाद्रवीभवेद्वेगाद्, दृढत्वेनापि संगता ॥ ४४ ॥
अद्भुतं परिखामध्ये, नपुंसकेन वारिणा। मिलिता च द्रवीभूता, खरापि पृथिवी तदा॥ ४५ ॥
मूर्ध्नि नागकुमाराणां, धूलिचूर्ण गतं पुरा । तैर्जनितुं विलेपस्य, कृतये प्रेषितं जलं ॥ ४६ ॥
देहे लिप्ते यथा तापो, निर्गच्छेद्बहिरंजसा । धूलिजलविलेपेन, कुत्तापो न्यसरत्तथा ॥ ४७ ॥
अहो दुरात्मनामेषा--मपराधो मयैकशः।क्षांतस्तथापि नो शांता-स्तत्फलं दर्शयाम्यथ ॥ ४८ ॥
विचिंत्येति भुजंगेशो, ज्वलन् ज्वलनसन्निभः। विचक्रे दृग्विषान् सर्पान् , दृष्टमात्रेण घातकान्॥४९॥

अवलोकनतस्तेषां, दृष्टमात्रोपघातिनां । सगरस्य सुताः षष्टि—सहस्रा अप्यदीदहन् ॥५०॥
तेषां मरणसंप्राप्तेः, सर्वेऽपि सचिवादयः । अरोदिषु शिरःस्फोटै—रुरःस्थलविकुट्टनैः ॥५१॥
नाथ नाथेति जल्पंत्यो, विलपंत्यो मुहुर्मुहुः । कामिन्यः सार्थवर्तिन्यो, मुमूर्च्छुः सहसैव च ॥५२॥
त्रोटयंत्यो गले हारान् , स्फोटयंत्यस्व कंकणान् । लोटयंत्यः स्वगात्राणि, मूर्छिता न्यपतन् भुवि॥५३॥
विरूपं च स्वरूपं तद् , दृष्ट्वा कटकवर्तिनां । बिभ्यद् व्यचिंतयन्मंत्री तदुपद्रवतः पुनः ॥५४॥
वचनैस्तीर्थनाथानां, सामुदायिककर्मभिः । कुमारा युगपन्मृत्युं, प्राप्ता एते तु दैवतः ॥५५॥
अमी तीर्थमहायात्रां, कृत्वा रक्षोद्यमं मुदा । कुर्वाणा मरणं प्राप्ता, ज्ञायंते स्वर्गभाजिनः॥५६॥
चतुःषष्टिसुराधीश—सेवितांघ्रिसरोरुहां । बभूव कालधर्मो यत् , सर्वेषामर्हतामपि ॥५७॥
यो भवितव्यतायोगा—त्पदार्थो भाव्यभूदिह । स विधातृविलासेन, निष्पन्नो दुःखदायकः॥५८॥
अथ सर्वं बलं लात्वै—कशो यामि नृपांतिके । आज्ञया स यथा वक्ति, तथा कुर्मोऽखिला वयं॥५९॥
इत्युद्दिश्य बलं सर्व—मप्यादाय स धीसखः । उत्पातकारकात्स्थाना—च्चचाल स्वपुरं प्रति॥६०॥
प्रचलत्कटकं याव—दयोध्यापुरसीमनि । समायातं तदा वक्ति, कश्चिन्मंत्री नियोगिनः ॥६१॥
वल्लभानपि तत्पुत्रान् , दग्ध्वाष्टापदभूमिषु । वयं सर्वेऽपि जीवंतो, यास्यामः पार्थिवांतिके॥६२॥
भस्मीभूता यथा मे ते, तनया अतिवल्लभाः । रे पापिष्टास्तथा यूय—मपि जाताः कथं न हि॥६३॥
इति वक्ष्यति भूपालो. यदास्मान्प्रति जीवतः । जातमेव तदा मृत्यु, ह्यस्माकं जीवतामपि ॥६४॥
लघवस्तरुणा वृद्धाः, कातरा याश्च योषितः । कटकाद्यदि ते यांति, यांतु सर्वेऽपि मंदिरे ॥६५॥
म्रियते ध्रुवमस्माभिः किंतु लज्जासमन्वितैः । रचयित्वा चितां प्रौढा—मत्रैव स्वयशःकृते ॥६६॥
वरं वरमिति प्रोचु—र्वीरा लज्जालवो जनाः । अन्येऽपि च तथैवोचु—र्भयेन कातरा अपि ॥६७॥
संमतेनैव सर्वेषा—मपि निष्पादिता चिताः । लोकास्ताम्रग्निदानेन, मर्तुकामाः समागताः ॥६८॥

'ખાઇ તો ઓદાઇ ગઇ, પરંતુ પાણી વિના જતે દિવસે ખાઈ પૂરાઈ જવાની.' આ પ્રમાણે વિચારી જન્હુકુમાર દંડરત્નવડે ગંગાનદીનો પ્રવાહ પૃથ્વીતલ ઉપર લઈ આવ્યો. પુરુષની સાથે સ્ત્રીનું એકાંતમાં મિલન થાય અને સ્ત્રી જેમ દ્રવી જાય તેમ કઠીન એવી ભૂમિ પણ પાણીના સંગથી દ્રવી ગઇ, ભીંજાઇ ગઇ. નપુંસક જલવડે ખાઇની મધ્યમાં રહેલી કઠીન પૃથ્વી જલબંબાકાર બની ગઈ. નાગકુમારદેવોના માથે પહેલા ધૂળનું ચૂર્ણ ફેંકાયું હતું. હવે તે ધૂળનું વિલેપન કરવા માટે જલ મોકલ્યું ! શરીર પર ચંદન આદિના વિલેપનથી જેમ ગરમી બહાર નીકળી જાય તેમ ધૂળ અને જલના વિલેપનથી નાગકુમારોની ક્રોધરૂપી ગરમી બહાર નીકળી અર્થાત્ ક્રોધ ભભૂકી ઉઠયોઃ- 'અહો, આ દુરાત્માઓના અપરાધની મેં એક વખત ક્ષમા આપી છતાં અમને હેરાન કરતા વિરામ પામ્યા નહી. તેથી હવે તો તેઓના પાપનું બરાબર ફળ ચખાડું'. આ પ્રમાણે વિચારીને નાગકુમારના અધિપતિ જ્વલન-પ્રભદેવે, જ્વાલાઓને

છોડતા નજર પડતાંની સાથે જ ભસ્મીભૂત કરી નાખે તેવા અસંખ્ય–દૃષ્ટિ વિષ સર્પો વિકુર્વ્યા. તે દૃષ્ટિ વિષ સર્પોના દૃષ્ટિપાતથી એક ક્ષણ માત્રમાં સગરચક્રવર્તીના સાઠ હજાર પુત્રો એકી સાથે ભસ્મીભૂત થઇ ગયા. સાઠ હજાર કુમારોના મૃત્યુથી આઘાત પામેલા મંત્રીઓ, સૈનિકો અને અંતઃપુર છાતીફાટ કલ્પાંત કરવા લાગ્યું. માથા પછાડતી, છાતીઓ કૂટતી–'હે નાથ, હે નાથ....' આ રીતે વારંવાર વિલાપ કરતી સઘળી રાણીઓ આઘાતથી મૂર્છિત થઇને ભૂમિ ઉપર પડી ગઈ. મૂર્છા વળ્યા પછી ગળામાંથી હારો તોડતી, હાથના કંકણો ફોડતી અને જમીન પર આળોટતી કરૂણ સ્વરે રૂદન કરવા લાગી. સૈન્યમાં રહેલા સર્વે લોકોનું આવું ભયંકર સ્વરૂપ જોઇ અને તે ઉપદ્રવથી ભયભીત બનેલા મંત્રીશ્વર વિચારવા લાગ્યાઃ– 'તીર્થંકર ભગવંતે કહેલા સામુદાયિક કર્મ વડે આ બધા કુમારો દૈવયોગે એકી સાથે મૃત્યુ પામ્યા. પરંતુ કુમારો આ મહાતીર્થની યાત્રા કરીને હર્ષિત થયેલા, તીર્થરક્ષા માટે ઉદ્યમ કરતા મરણ પામ્યા છે તો તે બધા નક્કી સ્વર્ગલોકમાં જ ગયા હશે. ચોસઠ ઇન્દ્રો જેના ચરણ–કમલની સેવા કરે છે, એવા તીર્થંકર ભગવંતોનો પણ કાળ ધર્મ (નિર્વાણ) થાય છે. ખરેખર જગતનું આ એક સનાતન સત્ય છે. ભવિતવ્યતાના યોગે જે પદાર્થનું જે ભાવિ હોય તેનું તે પ્રમાણે બન્યા જ કરે છે, ખરે, વિધાતાનો આ વિલાસ દુઃખદાયક બનાવાયો છે.

હવે તો આ સઘળું સૈન્ય લઇને ચક્રવર્તી પાસે જઉં. સ્વામિ જેમ આજ્ઞા કરશે તેમ કરીશું.' આ પ્રમાણે વિચારી મહામંત્રીએ ઉપદ્રવ કરનારા તે સ્થાનથી સૈન્ય લઇને અયોધ્યા નગરી પ્રત્યે પ્રયાણ કર્યું, અયોધ્યાની હદમાં આવ્યા ત્યારે એક મંત્રીએ મહામંત્રીને કહ્યું:– 'આપણે ચક્રવર્તી પાસે કેવી રીતે જઈ શકીશું ? અષ્ટાપદની તળેટીમાં ચક્રવર્તીના બધા પુત્રો ભસ્મીભૂત થઈ ગયા અને આપણે જીવતા રહ્યા તો રાજા આપણને નહી કહે કે 'દુષ્ટો, પાપીઓ, મારા પ્રાણ પ્રિય પુત્રો જેમ મરી ગયા તેમ તમે કેમ મરી ન ગયા ?' આ પ્રમાણે આપણને રાજા કહેશે તો આપણે જીવતા રહેવા કરતા મરણ સારૂં, આપણા સૈન્યમાં નાના બાળકો, તરૂણો, વૃદ્ધો, સ્ત્રીઓ અને કાયરો હોય તેમને પોત પોતાના ઘેર જવું હોય તો જઇ શકે છે. બાકી અમને તો જીવતા રહેવામાં શરમ આવે છે, આબરૂ સાચવવા માટે અમે તો અહીંયા જ મોટી ચિતા સળગાવીને અમારા પ્રાણોની આહુતિ આપીશું. પ્રધાન પુરુષોની વાત સાંભળીને લજ્જાળુ એવા વીરપુરુષો એક અવાજે બોલી ઉઠ્યા :– 'સારૂં, સારૂં, બરાબર ! અમો તૈયાર છીએ.' બીજા પણ કાયર પુરૂષો ભીરૂ હોવા છતાં પણ બળી મરવા માટે તૈયાર થઇ ગયા. આ રીતે સર્વેની મરવા માટેની સંમતિથી બધાયે મળીને એક મોટી ચિતા તૈયાર કરી.

तस्मिन्नवसरे वज्री, द्विजरूपः समागतः। तेन पृष्टं कथं यूयं, व्याकुलीभूतचेतसः ॥६९॥
इत्युक्ते तेन विप्रेण, लोकाः कटकवर्तिनः । प्राहुर्जन्हुकुमारादि—मृतिस्वरूपमश्रुभिः ॥७०॥
वीराः षष्टिसहस्राश्च, सुताः सगरचक्रिणः। तीर्थरक्षां प्रकुर्वाणा, देवेन भस्मसात्कृताः ॥७१॥

अष्टापदस्य शैलस्य, क्षितौ ते मृतिमाप्नुवन् । भूपभीत्या मरिष्यामो, वयमप्यत्र सांप्रतं ॥७२॥
तदा जगाद भूदेवो, मा कुरुध्वं मरणोद्यमं । द्राक् प्रतिबोधयिष्यामि सगरं पुत्रदुःखितं ॥७३॥
कथयित्वेति सर्वेषां, निवार्य सहसामृतिं । अनाथं मृतकं लात्वा, नगरे प्रविवेश सः ॥७४॥
आक्रंदंश्च शिरःकेशां—स्त्रोटयन् कुट्टयन्नुरः । रुदंश्च पुत्र पुत्रेति, गतः स सगरांतिके ॥७५॥
ममैक एव पुत्रोऽभूत्, सोऽपि दष्टोऽहिना मृतः।त्वदीयैर्भेषजैर्मंत्रै—र्जीवय त्वं चिकित्सकै ॥७६॥
श्रुत्वेति सार्वभौमेना—कारिता भिषजोऽखिलाः।आकार्य तान् अमुं पुत्र–मस्य जीवयथेत्यवक् ॥७७॥
जीवयिष्यथ नो यद्ये—तस्य यूयं च नंदनं । प्रकरिष्यामि युष्माक—मप्यस्यैव सहायितां॥७८॥
न जीवति मृतः कोऽपी—ति जानंतोऽपि वैद्यकाः।सद्यो बुद्धिं समासाद्य, भूपालं प्रत्यबीभणन्॥७९॥
यस्य गेहे मृतः कोऽपि, न स्यात्तस्य निकेतनात्।रक्षामानय नाथैनं, जीवयामो वयं यथा ॥८०॥
भूपा दुर्बलकर्णाः स्यु—रिति सत्यापयन्नयं।तथैवाभ्यदधद्भृत्यान्, रक्षामानयतालयात् ॥८१॥
भृत्यैरपि प्रभोवाक्या—द्गतं सर्वेषु सद्मसु। सर्वेषामपि लोकानां, नाप्ता तादृक्कथापि सा ॥८२॥
मातुः पितुश्च पत्युश्च, बंधोः स्वसुर्निजस्य च । प्रत्युत स्मारणं जातं, चिरदुःखस्य मृतस्य च ॥८३॥
निरीक्ष्य नगरं सर्वं, समीपे चक्रवर्तिनः । जनितांजलयो मौलौ, जगुः समेत्य सेवकाः ॥८४॥
स्वामिन्निकेतनं तन्न, किमप्यत्र पुरेऽखिले।यत्र कोऽपि मृतो नास्ति, वृद्धो वा बालकोऽथवा ॥८५॥
यस्य यस्य निवासे चा—स्माभिर्गतं त्वदाज्ञया।तस्य विस्मरितं दुःख—मिव स्मारितमंजसा ॥८६॥
ततः क्वापि पुरे ग्रामे, नगरे पत्तनेऽथवा।अमृत्युसद्मनो रक्षा, न मिलिष्यति सर्वथा ॥८७॥
विना वैद्योदितां रक्षा—मुपचारैः परैरपि।यदि जीवेदसौ तर्हि, जीवय त्वमिमं विभो ॥८८॥
इत्युक्ते सेवकैर्भूप—स्तं भूदेवमभाषत । यो जातो म्रियते चेत्स, तर्हि कुर्मो वयं च किं ॥८९॥
संसारस्थितिरेषास्ति, जन्मिनां मृतिरेव च । ततः शोकं विमुंच त्वं, पुत्रस्य मृतिसंस्मृतेः ॥९०॥
चक्रवर्तिवचः श्रुत्वा, दुःखी भूय द्विजो जगौ।यःसुखी दुःखिनो दुःख—वार्तां वेत्ति न स प्रभो ॥९१॥
संति षष्टिसहस्रास्ते, पुत्रा ये च धुरंधराः । त्वया किं कालतस्तेऽपि, शक्यंते रक्षितुं न हि॥९२॥
भूपः प्राह महाभाग, नास्ति शक्तश्च कोऽपि हि । यः कालधर्मतो रक्षे—त्कमपि जन्मिनं भुवि॥९३॥
किं मत्पुत्रा यदा देव—कुमाराणामपीदृशः । कालधर्मो भवेत्तर्हि, शक्यते केन वारितुं॥९४॥
वाडवोऽभ्यदधत्स्वामिन् , यद्येवं तर्हि ते सुताः । सामुदयिककर्माणः, सर्वेऽपि युगपन्मृताः॥९५॥
आकस्मिकमसंभाव्यं, श्रुत्वैवं च द्विजोदितं । कथं मे ते मृता ब्रूहि, पृच्छेद्यावदिति प्रभुः ॥९६॥
संकेतात्तावदाक्रंद—शब्दं विदधतः खरं । मंत्र्यादयः समायाता, रोदयंतोऽपरानपि ॥९७॥
राजलोके बभूवुर्याः, स्त्रियो येऽपि च पुरुषाः । सर्वेऽपि रुरुदुस्तत्रा—स्तोकशोकाकुला भृशं॥९८॥
भूपालोऽपि तदा तत्र, वज्रघातादिव स्वयं । मूर्छया सहसा मह्यां, पपाताऽतीवदुःखभाक् ॥९९॥

ततः शीतोपचारैश्च, सेवकैर्विहितैर्द्रुतं । स्वस्थीभूतं नृपं प्रेक्ष्य, वाडवोऽभ्यदधन्नयं ॥३००॥
परोपदेशदायित्वं, संभवेत्सुलभं भवे । स्वस्मिन् समागते दुःखा—दिके स्याद् दुस्सहं नृणां ॥१॥
असारस्य भवस्यास्ये—दृशमेव स्वरूपकं । ततो धैर्यं धर स्वांते, कुरु धर्मे महोदयं ॥२॥
संसारेऽनेकशो जाता, मातरः पितरः सुताः । सहोदराः स्वसारश्च, स्त्रियः कौटुंबिकास्तथा ॥३॥
कस्मिन् जाते ततो हर्षः, कस्मिन् मृते विषण्णतां । क्रियतेऽनित्यतां चित्ते, भावयता मनीषिणा॥४॥
प्रभूतैर्वचनैरेवं, प्रतिबोध्य द्विजन्मना । स्वस्थता प्रापिता भूपो, भवस्वरूपदर्शनात् ॥५॥
नीते महीपतौ स्वास्थ्यं, निवेदितं द्विजातिना । यूयं नियोगिनो ब्रूत, स्वरूपं च यथास्थितं ॥६॥
इत्युक्ते साश्रुनेत्रास्ते, दुःखातुराः सगद्गदं । वृत्तांतं च यथाभूतं, कथयामासुरीश्वरे ॥७॥
वहंतो हृदये शल्यं, विलपंतो मुहुर्मुहुः । पुनरप्यश्रुपातैस्ते, ह्यरुदन्मुक्तकंठकं ॥८॥
तदा विप्रेण वैराग्य—चंचद्वचनसंचयैः । आश्वासिताः समे तेऽपि, पार्थिवादिनियोगिनः ॥९॥
सर्वं निवार्य शोकं च, नृपं संस्थाप्य पर्षदि । बाडवो मंत्रिणश्चान्ये—ऽप्यात्मीयस्थानकं गताः॥१०॥

તે અવસરે દેવરાજ ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ કરીને ત્યાં આવ્યા. આવીને મહામંત્રીને પૂછ્યું:– 'તમે બધા આમ વ્યાકુલ કેમ બની ગયા છો? આ ભડભડતી ચિતા શાની? આમ શોકાતુર કેમ દેખાઓ છો!' બ્રાહ્મણના પૂછવાથી મંત્રી આદિ બધાયે જન્હુકુમાર આદિ સાઠ હજાર કુમારોના મરણનો સઘળો વૃત્તાંત ગદ્‌ગદસ્વરે કહ્યો. અષ્ટાપદની ભૂમિ ઉપર એ સગર ચક્રવર્તીના સાઠ હજાર વીરપુત્રો તો તીર્થની રક્ષાના ભાવથી ભસ્મીભૂત થયેલા મરીને દેવ-લોકમાં ગયા, પરંતુ રાજાના ભયથી અમે હમણાં મરીશું ત્યારે બ્રાહ્મણે કહ્યું:– 'તમે હમણાં મરવાની ઉતાવળ ના કરો. 'હું હમણાં જઈને પુત્રના દુઃખથી દુઃખી થયેલા ચક્રવર્તીને પ્રતિ-બોધ કરીશ.' આ પ્રમાણે કહી બધાને મરતા રોકીને બ્રાહ્મણવેષે ઇન્દ્રે એક અનાથમૃતક (પુત્રનું શબ)ને લઈને નગરમાં પ્રવેશ કર્યો. આક્રંદ કરતો છાતી અને માથું કુટતો 'હે પુત્ર, હે પુત્ર, આ પ્રમાણે કલ્પાંત કરતો સગર ચક્રીની પાસે ગયો અને કહ્યું:– 'રાજન્, મારો એકનો એક પુત્ર સર્પદંશથી મૃત્યુ પામ્યો છે, તો તારા વૈદ્યો, જાંગુલીઓ, માંત્રિકોના મંત્ર તંત્ર અને ઔષધથી મારા પુત્રને સજીવન કર!' સાંભળીને રાજાએ તરત જ વૈદ્યો, માંત્રિકો આદિને બોલાવીને કહ્યું:–'આ ભૂદેવના પુત્રને યેનકેન પ્રકારે સજીવન કરો. જો આ બ્રાહ્મણના પુત્રને સજીવન નહિ કરો તો તમને બધાને એની (પુત્રની) સાથે યમસદનમાં મોકલી આપીશ.' રાજાની વાત સાંભળીને ભયથી કંપી ઉઠેલા વૈદ્યો જાણે છે કે 'મરેલો માણસ કયારે પણ જીવતો થતો નથી.' છતાં પણ પોતાના બચાવ માટે બુદ્ધિપૂર્વક રાજાને કહ્યું:–'મહારાજ! જે-ના ઘરમાં કયારેય કોઇનું પણ મૃત્યુ ના થયું હોય તેના ઘરની રાખ (ભસ્મ) લાવીને આપો તો અમો બ્રાહ્મણ પુત્રને સજીવન કરીશું.'

'રાજાઓ દુર્બલ કાનના હોય છે,' વૈદ્યોની વાત સાચી માનીને તરત જ સેવકોને રાખ લેવા માટે ચારેબાજુ દોડાવ્યા. રાજાના હુકમથી લોકોના સઘળાયે ઘરોમાં તપાસ કરી પરંતુ તેવા પ્રકારનું એક પણ ઘર જોવામાં ના આવ્યું કે જેમાં કોઈની માતા, કોઈના પિતા કે કોઈના બંધુ, બેનો ના મરી હોય. ઉલ્ટું સેવકો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં મરેલાં પોતાના સ્વજનોને યાદ કરી રૂદન કરવા લાગ્યા. સર્વે નગરોનું આવું કરૂણ સ્વરૂપ જોઇને સેવકોએ ચક્રવર્તી પાસે આવી હાથ જોડી નમસ્કાર કરીને કહ્યું:-'સ્વામિન્ ,સમસ્ત નગરોમાં એવું કોઈ ઘર નથી કે જ્યાં કોઈ બાલ, વૃદ્ધ કે યુવાન કોઈ મર્યું ના હોય. આપની આજ્ઞાથી અમે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પૂર્વે મરણ પામેલા પોતાના સ્વજનોને યાદ કરી કરી રોકકળ કરી મૂકી. કોઈ એવું ગામ, નગર, પુર કે પત્તન નથી કે જ્યાં સાતપેઢીમાં પણ કોઇનું મરણ ના થયું હોય. એવા ઘરની રાખ આપણને કયાંથી મલી શકે? વૈદ્યે કહ્યા મુજબ કયાંય પણ અમૃત ઘરની રાખ મલશે નહી. તો બ્રાહ્મણપુત્રને જીવાડવા માટેનો બીજો કોઇ ઉપાય વિચારવાનો રહ્યો.'

સેવકોની વાત સાંભળીને રાજાએ ભૂદેવને કહ્યું:-'જે જન્મ્યો છે તેનું મરણ અવશ્ય થાય છે જ, તેમાં આપણે શું કરી શકીએ ? સંસારની પરિસ્થિતિ જ એવી છે જન્મ- પાછળ મરણ રહેલું જ છે, માટે ભૂદેવ, પુત્રના મરણનો શોક હવે મૂકી દો.'

'ચક્રવર્તીના વચન સાંભળીને બ્રાહ્મણ દુઃખી થઈને બોલ્યોઃ- 'પ્રભો ! જે સુખી હોય તે દુખીયાના દુઃખની વાત જાણતો નથી. રાજન્ , સ્કંધનો ભાર વહન કરનારા ધુરંધર એવા તમારા સાઠ હજાર પુત્રોનું શું કાલરાજાથી તમે રક્ષણ ના કરી શકો ?'

રાજા કહે 'મહાભાગ, ! આ જગતમાં એવો કોઇ સમર્થ નથી કે જે યમરાજથી કોઇનું પણ રક્ષણ કરી શકે, તો દેવકુમાર સમા મારા પુત્રોનું કાલરાજાથી રક્ષા કરવાની મારી શું ગુંજાસ છે ? ત્યારે બ્રાહ્મણે કહ્યું:-'જો એમ જ છે તો તમારા સાઠ હજાર પુત્રો સામુદાયિક કર્મના ઉદયથી એકી સાથે મરણને શરણ થયા છે.' આવું આકસ્મિક અને અસંભાવ્ય બ્રાહ્મણનું વચન સાંભળીને રાજા પૂછે છેઃ-'શું મારા પુત્રો મરણ પામ્યા ?' એવામાં ઇન્દ્રના સંકેતથી મંત્રીઓ, રાજાઓ, સ્ત્રીઓ આદિ બીજા બધા માણસો કરૂણ આક્રંદ કરતા ત્યાં આવ્યા અને રાજમહેલમાં રહેલ સ્ત્રી-પુરુષો બધાય ગાઢસ્વરે વિલાપ કરવા લાગ્યા. સગર ચક્રવર્તી આવી દુઃખદ ઘટના જોઇને હા-હા-પુત્રો ! એમ બોલતા વજ્રના ઘાથી હણાયા હોય તેમ મૂર્છા પામીને ભૂમિ ઉપર પડી ગયા સેવકોના શીતોપચારથી કંઈક સ્વસ્થ થયેલા રાજાને બ્રાહ્મણે કહ્યું:-'મહારાજા, આ જગતમાં માણસો પરોપદેશે જ પંડિત હોય છે. જ્યારે પોતાના ઉપર દુઃખ આવી પડે છે ત્યારે તે સહન કરી શકતો નથી. માટે આ સંસારનું અસાર સ્વરૂપ જાણી, મનમાં ધૈર્યનું અવલંબન કરી કલ્યાણકારી એવા ધર્મને અનુસરો. આ સંસારમાં એક જીવને અનેક વખત માતા, પિતા, બંધુ, પુત્રો, ભાઇઓ, બેનો, પત્નીઓ, સ્વજનો વિગેરેનો સંબંધ થયો છે. તો કોના જન્મમાં હર્ષ કરવો અને કોના મરણમાં ખેદ કરવો ?' **जातस्य ध्रुवं**

મૃત્યુઃ'–જન્મે તેનું અવશ્ય મૃત્યુ થાય છે, માટે બુદ્ધિશાળી પુરૂષોએ મનમાં જગતની અનિત્યતાનું ચિંતન કરવું જોઈએ.' આવા પ્રકારનાં વૈરાગ્યપ્રેરક અનેક વચનોથી સંસારની અસ્થિરતાને દેખાડી ઇન્દ્રે રાજાને પ્રતિબોધ કરી કંઈક સ્વસ્થ કર્યા. ત્યારબાદ મંત્રીઓને કહ્યું:–'જે વાત બની તે વિસ્તારથી રાજાને કહો.' શોકાતુર બનેલા મંત્રીઓ ચોધાર આંસુએ રડતા ગદ્‌ગદ્‌સ્વરે સાહજાર કુમારોનું જેવી રીતે મૃત્યુ થયું હતું તે બધો વૃત્તાંત ચક્રવર્તીને કહી સંભળાવ્યો અને દુખથી વારંવાર કલપાંત કરતા મુક્તકંઠે રૂદન કરવા લાગ્યા. તે બધાને પણ ઇન્દ્રે વૈરાગ્ય પૂર્ણ વચનોથી ખૂબ આશ્વાસન આપ્યું. આ પ્રમાણે રાજા મંત્રી, પરિવાર વિગેરે બધાનો શોક નિવારણ કરીને ઇન્દ્ર તેમજ રાજાઓ વિગેરે પોતાના સ્થાને ગયા.

इतोऽन्येद्युः सभासीनं, सगरं चक्रवर्तिनं । अष्टापदाचलासन्न—वर्तिन आगता नराः ॥११॥
समेत्य कथयामासुः, स्वामिन् जन्हुसुतेन तेऽगंगाप्रवाह आनीतः, प्लावयेन्नगरादिकं ॥१२॥
तदुपद्रवतः स्थातुं, लोकैर्न शक्यते मनाक् । येन केनाप्युपायेन, वारणीयः स तु त्वया ॥१३॥
लोकैरित्युदिते राज्ञा, परदुःखविनाशिना । विचिंतितं क एतेषां, कष्टध्वंसी भविष्यति ॥१४॥
अपरेषामसामर्थ्यं, विजानन् नरनायकः । भगीरथं कुमारं च, पुत्रमाज्ञापयद् द्रुतं ॥१५॥
आकार्य कथितं राज्ञा, ह्यष्टापदगिरेरधः । वसति वत्स नागेंद्रो, ज्वलनप्रभनामकः ॥१६॥
तत्र प्रथमतो गत्वा, कृत्वाऽष्टमतपस्त्वया । पश्चाद्वालयितुं पुरमाराध्यो ज्वलनप्रभः ॥१७॥
प्रोच्चैर्नागकुमारेशं, समाराध्य तदाज्ञया । प्रक्षेप्यो जान्हवीपूरो, दंडरत्नेन सागरे ॥१८॥
पितामहस्य वाक्यानि, प्रमाणीकृत्य भक्तितः । परिवारयुतस्तूर्णं, सुमुहूर्ते चचाल सः ॥१९॥

એક દિવસે રાજસભામાં બેઠેલા સગર ચક્રવર્તી પાસે અષ્ટાપદપર્વતની નજીકમાં રહેલા લોકોએ આવીને વિજ્ઞપ્તિ કરી:–'સ્વામિન્, આપના પુત્ર જન્હુકુમાર ગંગાનદીનો પ્રવાહ લાવેલા, તેથી નજીકમાં રહેલા ગામ–નગરો–ખેતરો પાણીના પ્રવાહમાં ડુબી રહ્યા છે. તેથી લોકોને ત્યાં રહેવા માટે દુઃશક્ય છે તો આપ કોઈને કોઇ ઉપાયે તેનું નિવારણ કરો!'

પરદુઃખભંજન રાજા લોકોની ચિંતા સાંભળી ચિંતિત થયો:–'અરે, આ કષ્ટનું નિવારણ કેવી રીતે થશે? બીજા કોઈની શક્તિ નથી કે ગંગાના પ્રવાહને બીજી દિશામાં વાળી શકે,' એમ વિચારી જન્હુના પુત્ર ભગીરથકુમારને બોલાવી આજ્ઞા કરી કહ્યું:–'બેટા, અષ્ટાપદ પર્વતની નીચે જ્વલનપ્રભ નામનો નાગોનો અધિપતિ નાગેંદ્ર વસે છે. ત્યાં જઈને પહેલાં તું અઠ્ઠમનો તપ કરી જ્વલનપ્રભ દેવની આરાધના કરી, તેને સંતુષ્ટ કરજે. પછી તેની આજ્ઞા મેળવીને ગંગાનદીનો પ્રવાહ દંડરત્નવડે સમુદ્રમાં વાળજે.' આ પ્રમાણેના પિતામહ (દાદા)નાં વચનોને પ્રમાણરૂપ કરીને ભક્તિપૂર્વક નમસ્કાર કરી, પરિવાર સહિત શુભમુહૂર્તે ભગીરથકુમારે અયોધ્યાથી પ્રયાણ કર્યું.

पितामहोक्तविधिनाऽऽ—राधितो ज्वलनप्रभः । भीषणः पन्नगो हार—केयूरभाक्समागतः॥२०॥
ततः सद्गीतनादेन, पुष्पैश्च तेन पूजितः । प्रसन्नीभूतवान् सोऽपि, तस्य भक्तिप्रसंगतः ॥२१॥
ततः प्रभृति संजाता नागपूजा तु विष्टपे । महद्भिः सहजाकृत्यं, यत्कृतं तत्प्रवर्तते ॥२२॥
प्रोक्तं नागकुमारेण, वयमाराधिताः कथं ? । हेतुनाराधितो येन, तं हेतुं मे निरूपय ॥२३॥
प्रीत्या नागकुमारेण, कथिते च कुमारकः । विनयात्तमभाषिष्ट, स्पष्टं वाचातिमृष्टया ॥२४॥
अष्टापदस्य शैलस्य, तलहट्टिप्रवर्तिनी—मंदाकिनीप्रवाहोऽय—मुपद्रवति मानवान् ॥२५॥
तदा नागकुमारोवक्—त्वदीयचित्तकामना । यथा भवेत्तथा कार्यं, त्वया निर्भयचेतसा ॥२६॥
आज्ञां नागकुमारस्य, समादाय कुमारकः । दंडरत्नेन पूर्वाब्धौ, गांगौघं क्षिप्तवानसौ ॥२७॥
भगीरथेन गांगौघः, समानीतः पयोनिधौ । गंगासागरसंग त—त्तीर्थं व्यक्तीकृतं जनैः ॥२८॥
ततो भागीरथी गंगा, जाता भागीरथानयात् । गंगासागरसंज्ञं च, ख्यातं तीर्थमजायत ॥२९॥
प्रीतितः पूजितो नाग—कुमारैश्च भगीरथः । कृत्वा पितामहस्याज्ञा—मयोध्यापुरमाप्तवान् ॥३०॥
मदाज्ञया कृतं भव्यं, पौत्रेणैतेन धीमता । ध्यात्वेति सगरः पुर्यां, प्रावेशयन्महैरमुं ॥३१॥
सगरश्चक्रवर्ती च, दत्वा राज्यं भगीरथे । समीपेऽजितनाथस्य, वैराग्याच्चरणं दधौ ॥३२॥
चक्रवर्ती भवेद्यः स, राज्यं पालयति प्रियं । चित्रं भगीरथस्तद्व—त्साम्राज्यं पात्यकंटकम् ॥३३॥

અષ્ટાપદ પર્વત પાસે જઈ પિતામહની સૂચના મુજબ વિધિપૂર્વક જ્વલનપ્રભદેવની આરાધના કરી. હાર અને મુગટ સહિત ભયંકર આકૃતિવાળો નાગ ત્યાં આવ્યો. ફલફૂલ નૈવેદ્ય વડે તેની પૂજા કરી ગીતનાદ વાજિંત્ર વડે તેનો સત્કાર કર્યો. ભગીરથકુમારની આવી ભક્તિથી દેવ પ્રસન્ન થયો. ત્યારથી માંડીને જગતમાં 'નાગપૂજા' નામનું પર્વ પ્રવર્ત્યું. ખરે, મહાપુરૂષોનું સ્વાભાવિક કરેલું કાર્ય પણ એક પર્વરૂપે બની જતું હોય છે. પ્રસન્ન થયેલા નાગેંદ્રે ભગીરથકુમારને કહ્યું:– 'બોલો, ? કેમ મને યાદ કર્યો ?' વિનયપૂર્વક મધુરવાણીથી ભગીરથકુમારે કહ્યું:–'સ્વામિન્, અષ્ટાપદપર્વતની તળેટીમાં રહેલો જાન્હવી (ગંગા)નો પ્રવાહ લોકોને ઉપદ્રવ કરે છે. જો આપની આજ્ઞા હોય તો તે પ્રવાહને દંડરત્નવડે સમુદ્રમાં લઇ જઉં.' તેની ભક્તિને વશ થઈને નાગેંદ્રે કહ્યું:–'તારી મનની ઇચ્છા તું ખૂશીથી નિર્ભયપણે પૂરી શકે છે.' આ પ્રમાણે નાગકુમારની આજ્ઞાથી સંતુષ્ટ થયેલા ભગીરથકુમારે દંડરત્નવડે ગંગાના પ્રવાહને પૂર્વ સમુદ્રમાં વહેતો કર્યો. આ રીતે ગંગા અને સાગરનો જ્યાં સંગમ થયો તે સ્થાનને લોકોએ તીર્થરૂપે માની લીધું. અને તે સ્થલ **'પ્રયાગ તીર્થ'** તરીકે પ્રસિદ્ધ થયું. ત્યારથી માંડીને ગંગાનું બીજું નામ ભાગીરથી કહેવાય છે, આ પ્રમાણે પ્રેમ–પૂર્વક નાગકુમારોવડે પૂજાયેલો ભગીરથકુમાર પિતામહની આજ્ઞાનું પાલન કરીને અયોધ્યા નજીક આવ્યો. 'આ બુદ્ધિશાલી પૌત્રે મારી આજ્ઞાનું બહુ સારી રીતે પાલન કર્યું.' આમ

વિચારી સગર ચક્રવર્તીએ ભગીરથકુમારનો નગર પ્રવેશ ઘણા મહોત્સવપૂર્વક કરાવ્યો. અને પોતાનું રાજ્ય ભગીરથકુમારને આપીને સગર ચક્રવર્તીએ શ્રી અજિતનાથ ભગવાન પાસે વૈરાગ્યથી ચારિત્ર અંગીકાર કર્યું. ચક્રવર્તીની જેમ ભગીરથ રાજાએ પણ સામ્રાજ્યનું નિષ્કંટકપણે પાલન કરીને પ્રજાનો અપૂર્વ પ્રેમ સંપાદન કર્યો.

अन्यदा समवासार्षीत्, सद्ज्ञानातिशयी गुरुः । तत्र संदेहहर्ता चो--पकर्ता भूरिदेहिनां ॥३४॥
तदीयागमनं श्रुत्वा, क्षमानाथो भगीरथः । प्रचचाल प्रभूतद्ध्यां, वंदितुं श्रमणोत्तमं ॥३५॥
वंदित्वा परया भक्त्या, शुश्राव तस्य देशनां । सोऽप्राक्षीद्देशनाप्रांते, स्वसंदेहं चिरंतनं ॥३६॥
स्वामिन् जन्हुकुमाराद्याः, पुत्राः सगरचक्रिणः । कथं षष्टिसहस्राश्च, संप्राप्ता युगपन्मृतिं ॥३७॥
इति पृष्टे मुनिस्तेषां, पूर्वं जन्मस्वरूपकम् । ज्ञानेन पुरतो राज्ञो, जगौ वैराग्यहेतवे ॥३८॥
पूर्वे भवे समेऽप्यास--न्नटव्यां ते पुलिंदकाः । एकश्च कुंभकारश्च, तेषां मित्रमभूत्प्रियं ॥३९॥
सम्मेतगिरियात्रायै, गच्छत्संघस्य लुंटनं । चिंतितं क्रूरकर्माणि, कुर्वद्भिरेभिरुच्चकैः ॥४०॥
समभूत्कुंभकारो य--स्तदा तेन निवारितं । महापापकरं तीर्थ--यात्रायात्रिकलुंटनं ॥४१॥
लुंटयित्वाऽतितुष्यंतो, ग्राम एकत्र ते गताः । तत्रागतैर्जनै राज्ञो, निरुद्धय भस्मसात्कृताः॥४२॥
चौराणां शुभशिक्षाया, दानोत्थसुकृतेन तु । स्वजनाऽऽमंत्रितो गेहे, कुंभकारो गतोऽभवत्॥४३॥
कोद्रबीषु ततो मृत्वो--त्पन्नाः षष्टिसहस्रकाः । तत्रायातो भ्रमन् हस्ती, मर्दितास्ता तदंघ्रिणा॥४४॥
ततो योनिष्वनेकासु, भ्रांत्वा स्वकृतकर्मणा । कृतश्चित्सुकृतादासन्, सुताः सगरचक्रिणः ॥४५॥
यत्कृतं समुदायेन, तत्सार्थेनैव भुज्यते । अतस्तेऽपि मृताः सर्वे, संगताश्चक्रिणोंगजाः ॥४६॥
विपद्य कुंभकारोऽपि, वणिक्समृद्धिमानभूत् । ततश्च भूपतिस्तत्र, धर्ममाराध्य निर्जरः ॥४७॥
सुरलोके प्रपूर्णायु--र्भुक्त्वा दिव्योचितैः सुखैः । कुंभकारस्य जीवस्त्वं, जन्हुसुनुर्बभूविथ॥४८॥
इति ज्ञानिगुरोर्वाणीं, श्रुत्वेशोऽपि भगीरथः । प्राप्नुवन् भवसंवेगं, नत्वा च स्वर्गृहं ययौ॥४९॥

કોઇ એક વખતે જગતના જીવોને ઉપકાર કરનારા, લોકોના સંદેહને દૂર કરનારા એવા વિશિષ્ટ જ્ઞાની મુનિરાજ અયોધ્યાનગરીમાં પધાર્યા, ગુરૂભગવંતનું આગમન સાંભળી ભગીરથ રાજા ઘણી ઋદ્ધિ સિદ્ધિ પૂર્વક ગુરૂભગવંતને વંદન કરવા માટે ગયા અપૂર્વ ભક્તિપૂર્વક વંદના કરી, દેશના સાંભળવા બેઠા. દેશનાના અંતે ઘણા સમયથી પોતાના મનમાં રહેલા સંશયને પૂછયોઃ-'સ્વામિન્, જન્હુકુમાર આદિ સગરચક્રીના સાઠ હજાર પુત્રો એકી સાથે કેમ મરણ પામ્યા ? મુનિરાજે રાજાના સંશયનું નિવારણ કરવા માટે અને તેના વૈરાગ્યની પુષ્ટિ કરવા માટે તેમનાં પૂર્વ જન્મનું સ્વરૂપ બતાવ્યુંઃ- પૂર્વે કોઇ એક ભવમાં આ સાઠહજાર

પુત્રો એક જંગલમાં ભીલ લુંટારા તરીકે હતા. તેઓનો એક પ્રિય મિત્ર કુંભાર હતો. ક્રૂર કર્મને કરનારા સાઠહજાર લુંટારાઓ હંમેશા લુંટફાટ કરી રહ્યા હતા, એવામાં 'સમેત શિખરની યાત્રા માટેનો એક સંઘ આ રસ્તે થઈને પસાર થવાનો છે. એમ જાણી લુંટારાઓએ સંઘને લુંટવા માટેની યોજના ઘડી. તેઓના મિત્ર કુંભારે તેઓને સલાહ આપી કે 'ભાઈઓ તીર્થયાત્રા કરવા નીકળેલા યાત્રિકોને લુંટવાથી મહાપાપ થાય માટે સંઘને લુંટવો નહીં.' આ પ્રમાણેની મિત્રની સલાહને અવગણી લુંટારાઓએ સંઘની લુંટફાટ અને ખાનાખરાબી કરી, પોતાની જાતને સંતુષ્ટ માનતા એક ગામમાં છૂપાઈને રહ્યા. નજીકના ગામના માણસોએ આવીને ગામને આગ લગાડી. તેમાં સાઇઠે હજાર લુંટારાઓ ભસ્મીભૂત થઈ ગયા. ચોરોને સાચી શિખામણ આપવાથી અને દાનપુણ્ય કરવાથી કુંભારને સ્વજનો પોતાના ઘેર લઈ ગયા. આગમાં ભસ્તીભૂત બનેલા લુંટારાઓ ત્યાંથી મરીને સાઇઠે હજાર કોદ્રવા (ધાન્ય વિશેષ)રૂપે ઉત્પન્ન થયા. ખલામાં પડેલા કોદ્રવાના દાણા ઉપર ફરતો ફરતો એક હાથી આવ્યો. હાથીના પગતલે બધા કોદ્રવા ચગદાઈ ગયા. ત્યાંથી મરીને પોતાના પાપકર્મના ઉદયથી અનેક યોનિઓમાં ભટકી, અકામનિર્જરાથી ઘણા કષ્ટો સહન કરી કોઇ પુણ્યકર્મના ઉદયે એ સાઇઠે હજાર લુંટારાઓ સગરચક્રવર્તીના પુત્રો તરીકે ઉત્પન્ન થયા. બધાયે સાથે મળીને કરેલું સમુદાયિકકર્મ સાથે જ ભોગવવું પડે છે. તેથી આ ભવમાં પણ સાથે જ મરણ પામ્યા અને તીર્થરક્ષાની શુભ ભાવનાથી મરીને દેવલોકમાં પણ સાથે જ ગયા. પેલો કુંભાર સમૃદ્ધિશાળી બની ધર્મની આરાધના કરી ત્યાંથી મરીને દેવલોકમાં ગયો. દેવલોકના દિવ્યસુખો ભોગવી કુંભારનો જીવ તું જાન્હુકુમારનો પુત્ર ભગીરથ તરીકે ઉત્પન્ન થયો. આ પ્રમાણે જ્ઞાની ગુરૂની વાણી સાંભળી સંવેગરસમાં ઝીલતા ભગીરથરાજા અયોધ્યામાં આવી વૈરાગ્યપૂર્વક રાજ્યનું પાલન કરી, પુત્રને રાજ્ય આપી, ચારિત્ર ધર્મની આરાધના કરી દેવલોકમાં ગયા.

मृतषष्टिसहस्रांग—भुवः सगरचक्रिणः । दृष्टांतं दर्शयित्वेत्य—मात्या विष्णुमबोधयन् ॥५०॥
त्वत्पुत्रस्य न निर्णीति—र्जीवन्नास्ते मृतोऽथवा । किं त्वं शोकविधानेन, विडंबयसि विग्रहं॥५१॥
स्यादसौ चेन्मृतो बालो, देहस्तत्रावतिष्टते । स नास्ति ज्ञायते तर्हि, केनापि पापिना हृतः॥५२॥
अतः शुद्धिं विधास्याम—स्त्वदीयस्यांगजन्मनः । महांतमुद्यमं कृत्वा, शीघ्रं वयमतः परं॥५३॥
स्याद्वादोऽर्हत्प्रणीतोऽस्ति, यद्यप्यार्हतशासने । तथापि नियतत्वेन, त्वं विजानीहि केशव !॥५४॥
प्रायो वंशे यदूनां ये, संभवंति शरीरिणः । तुच्छायुषो न निर्भाग्या, भवेयुः सर्वथैव ते ॥५५॥
ततोऽनुमानयोगेन, जानीमस्तेंऽगजो हरे । कियतानेहसा भूयः, समृद्धिभाक् समेष्यति ॥५६॥
नानोपदेशदृष्टांतैः, सूनोर्वियोगदुखिनं । तं समाश्वासयामासु—र्धीसखाः पुरुषोत्तमं ॥५७॥
वचनैर्मंत्रिणां तेषां, सूनोर्विरहदुःखतः । स्वस्थीभूतो हरिः किंचि—द्व्यवहरच्छून्यचेतसा ॥५८॥

આ પ્રમાણે સગરચક્રવર્તીના સાઠહજાર પુત્રોનું એક સાથેના મરણનું દૃષ્ટાંત બતાવીને વૃદ્ધજનોએ વિષ્ણુને પ્રતિબોધ કરતા કહ્યું:- 'રાજન્, આપનો પુત્ર જીવે છે કે મરણ પામ્યો છે, તેનો કોઈ નિર્ણય નથી, તો શા માટે શોક કરીને શરીરને વિડંબના આપવી ? અને જો બાળક મરણ પામ્યો હોય તો તેનો મૃતદેહ તો અહીંયાં હોયને ? એનો મૃતદેહ નથી, તેના શરીરનો કોઇ અવશેષ નથી, માટે નક્કી થાય છે કે કોઈ પાપીએ તેનું હરણ કર્યું હોય. આથી ગમે તે પ્રયત્ને તેની શોધ કરી આપને બાતમી આપીશું, જો કે જૈનશાસનમાં જિનેશ્વર ભગવંતે સ્યાદ્વાદ (અનેકાંત) નો સિદ્ધાંત કહેલો છે, એમ છતાં પણ અમે એટલું ચોક્કસ કહીશું કે યદુવંશમાં ઉત્પન્ન થયેલા સ્ત્રી કે પુરૂષ અલ્પઆયુષ્યવાળા નિર્ભાગી હોતા નથી. તેથી હે વિષ્ણુ, અમે અનુમાનથી જાણીએ છીએ કે આપનો પુત્ર થોડા સમયમાં ઘણી સમૃદ્ધિસાથે આપને મલશે.' આ રીતે ઘણો ઉપદેશ અને દૃષ્ટાંતો આપીને પ્રધાન પુરૂષોએ પુત્રના વિયોગથી દુખી થયેલા વિષ્ણુને આશ્વાસ્ત કર્યા. મંત્રીઓના વચનથી કંઈક સ્વસ્થ થયેલા વિષ્ણુએ શૂન્યમનથી રાજ્યકાર્યમાં ચિત્ત પરોવ્યું.

तावत्समस्तलोकाना—मशर्मसंजिहीर्षया । द्वारवत्यां रमावत्यां, नारदर्षिरथागमत् ॥५९॥
वादित्रवादनैर्गीत—गानैरर्थिप्रदेशनैः । सुवर्णभूषणैर्नव्य—वसनैरुपशोभिता ॥६०॥
कन्यायाः पुण्यपुण्याया, धन्याया रूपसंपदा । पाणिग्रहणवेलेव, द्वारिकेयमभूत्पुरा ॥६१॥
सापि संप्रति संजात—विधवत्वसमन्विता । कथं कन्येव दृश्येत, मयका द्वारिकापुरी ॥६२॥
मत्वेति द्वारिकापुर्याः, स्वरूपं विपरीतकं । समीक्ष्य पुरुषं कंचित्, पप्रच्छ नारदो मुनिः ॥६३॥
नारदप्रश्नमाकर्ण्य, वाचा गद्गदया भृशं । सोऽपि शोकातुरो भूत्वा, निजगाद मुनीश्वरं ॥६४॥
रुक्मिणीकुक्षिसंजातो, जातमात्रो हरेः सुतः । हृतो न ज्ञायते केना—पहृत्य मारितोऽथवा॥६५॥
ततः शोकमयी द्वार—वत्येषा वर्तते मुने ! । मया ज्ञातं परं नास्ति, किमप्यन्यन्निबंधनं ॥६६॥
निशम्य वचनं तस्य, श्रवणाश्रव्यमात्मनः । नारदः स्थिरचित्तोऽप्य—स्थिरात्मा समभूत्तदा॥६७॥
हा हा येन समं मैत्र्या, दुःखेन दुःखितानिशं । सुखेन सुखिता याव—ज्जीवमंगीकृता मया ॥६८॥
तस्यापि मम मित्रस्य, कृष्णस्य धीरताजुषः । पुत्रापहारजं दुःखं, जायते मयि सत्यपि ॥६९॥
तदा किं जीवितव्येन, वाङ्मात्रसारताभृतः । लोकापवादशंकातः, परिध्वस्तभयस्य मे ॥७०॥
नारदः परिकल्पेत्या—गतो नारायणालये । प्रीत्या नारायणेनापि, तस्य प्रदत्तमासनं ॥७१॥

સમસ્ત લોકોના દુઃખોને દૂર કરવાની ઇચ્છાવાળા નારદજી ફરતા ૨ દ્વારિકામાં આવ્યા. 'ગીતગાન નાટક ચેટક અને વાજિંત્રોના નાદથી ભરી ભરી. હીરા મોતી અને સુવર્ણના અલંકારો તેમજ સુંદર રેશમીવસ્ત્રોથી શોભતી રૂપ સૌન્દર્યવતી પુણ્યશાળી કુમારિકા પાણિગ્રહણની વેળાએ

જેમ શોભે તેમ કલ્લોલ કરતી દ્વારિકાનગરી પહેલાં હું આવતો ત્યારે શોભતી હતી. પરંતુ અત્યારે તો વિધવા જેવી ઉદાસીનતાથી ભરેલી દ્વારિકા આંખો કેમ લાગે છે ?' દ્વારિકાનું આવું વિપરીત સ્વરૂપ જોઈને નારદમુનિએ કોઈ માણસને પૂછયું. નારદનો પ્રશ્ન સાંભળી શોકાતુર બનેલા માણસે ગદ્‌ગદ્‌સ્વરે નારદજીને કહ્યું:-'સ્વામિન્, કૃષ્ણના રૂક્મિણીથી ઉત્પન્ન થયેલા તરતના જન્મેલા પુત્રને ન જાણે કોઈ હરણ કરી ગયું કે તેને મારી નાખ્યો, ઘણી ઘણી શોધ કરવા છતા બાળકનો ક્યાંયથી પત્તો મલ્યો નથી. તેથી આખી દ્વારિકાનગરી શોકાતુર બની ગઇ છે. એ સિવાય બીજું કોઈ જ કારણ નથી' તે માણસ પાસેથી નહી સાંભળવા લાયક સમાચાર સાંભળીને સ્થિર ચિત્તવાળા નારદ પણ અસ્થિર ચિત્ત (અસ્વસ્થ)વાળા બની ગયા. 'અરેરે, મેં જેની મૈત્રી કરી છે, 'તારા દુખે દુખી અને તારા સુખે સુખી.' એવું મેં જેને વચન આપ્યું છે. એવા મારા મિત્ર ધીરપુરૂષ કૃષ્ણને મારી હયાતીમાં પુત્ર હરણનુ દુઃખ થાય ? તો તા મારૂ જીવિત શા કામનું ? આપેલા વચનનું પાલન કરનારો, લોકાપવાદની શંકાથી રહિત અને નિર્ભય એવા મારા આ જીવિત વડે શું ?' આ પ્રમાણે મનમાં અનેક પ્રકારની કલ્પના કરતા નારદ કૃષ્ણના રાજમહેલમાં ગયા. નારદને જોઈને કૃષ્ણે ઉભા થઇ નમસ્કાર કરી બેસવા માટે આસન આપ્યું.

अनेन पुत्रदुःखेऽपि, प्रदत्तं मम विष्टरं। अहो विनय एतस्य, महात्मपुरुषोचितः ॥७२॥
इति संतुष्टचित्तोऽसौ, संस्थितस्तत्र विष्टरे। मानी हि मानदातृणां, तुष्टो भवति चेतसि ॥७३॥
पूर्वमज्ञातवृत्तांत, इव भूत्वा स नारदः।पप्रच्छ श्रीपतिं विष्णो!, दुःखी त्वं दृश्यसे कथं ? ॥७४॥
अभीष्टे मिलिते मित्रे, सुखदुःखे वदेत्सुहृत्।मिलितेऽपि वदेन्नो य—स्तन्मैत्री दंभतां भजेत् ॥७५॥
ततः स्वे सुखदुःखे त्वं, निशंकं पुरतो मम।कथय श्रीपतेऽभीष्ट—सख्येन स्वीकृतो मया ॥७६॥
नारदोक्तं समाकर्ण्य, वचनं पुरुषोत्तमः। दुःखाद्विसंस्थूलीभूत—मानसः पर्यकल्पत ॥७७॥
तस्याग्रे कथनीयं स्याद्, दुःखिना दुःखमात्मनः।यो दुःखं शमयेद्यद्वा, यस्य स्यात्तेन दुःखिता॥७८॥
स्तोऽस्मिन् द्वे अपि सामर्थ्ये, दुःखितादुःखनाशने। ततोऽहं कथयाम्यस्य, दुःखं विरहसंभवं ॥७९॥
जनार्दनो विमृश्येति, नारदर्षेः पुरोऽब्रवीत्। विजितातुलसंग्रामो—ऽप्यभवं विरहाक्षमः ॥८०॥
मुनीश भीष्मभूपाल—पुत्रीप्रसूतनंदनं। केनापि सोऽरिणा जह्रे, देवेन दानवेन वा ॥८१॥
ततो भूरितरं दुःखं, विद्यते मम मानसे।क्व व्रजामि प्रकुर्वे किं, दिङ्मूढतां गतोऽस्म्यहं ॥८२॥
त्वयि च मिलिते स्वामि—न्नेतावदपि जल्पितं।प्रोक्तमेवान्यथा नास्ति, वचसा सह केनचित् ॥८३॥
धीरस्यापि मुकुंदस्य, श्रुत्वा दुःखमयं वचः।निःसंगोऽपि च नीरागो, दुःखी बभूव नारदः ॥८४॥
कथिते दुःखिना दुःखे, श्रोता स्याद्यदि दुःखभाक्।तदैव तन्मनो दुःखे—निवृत्तिर्भवति क्षणं ॥८५॥
सधर्मी त्वं कृतज्ञोऽसि, परोपकारकारकः। तव पुण्यप्रभावेण, शुभमेव भविष्यति ॥८६॥

संसारे यत्र संयेागो, वियोगस्तत्र संभवेत्।यस्य जन्म मृतिस्तत्र, यस्य संपच्च तद्विपत् ॥८७॥
यस्य सौख्यं भवेत्तस्य, महादुःखपरंपरा । यत्र मोहो भवेत्तत्र, द्रोहो दुःखविधायकः ॥८८॥
क इत्यनित्यताभावं, नितांतमवधारयेत् । सर्वेषामपि भावानां, संसृत्यनित्यतां धर ॥८९॥
स्नेहेन प्राप्यते पीडा, स्नेहेन दुःखसंभवः । तिलोऽपि स्नेहयोगेन, सहते लोकपीडनं ॥९०॥
स्नेहयोगान्न निर्वाणं, योगींद्रैरपि लभ्यते । पश्य दीपोऽपि निर्वाणं, स्नेहक्षयादवाप्नुयात् ॥९१॥
कस्य माता पिता कस्य, कस्याथवा सहोदराः।कस्य पुत्र्यः सुताः कस्य, कस्य कांता मनोहराः ॥९२॥
प्रोत्तुंगाः कस्य मातंगा, जविनः कस्य वाजिनः।कस्य पादातिकाः कस्य,रथाः कस्य धनानि च॥९३॥
हे त्रिविक्रम निःशेष—मप्येतत्क्षणभंगुरं । दृशोर्मीलितयोः स्वीयं, वर्तते किमपीह न ॥९४॥
मामकीनमिदं माम—कीनमेतत्स्वचेतसि । रूप्यभ्रांतिरिवाभाति, शुक्तिकाशकले दृशोः ॥९५॥
तन्मुंच शोकमस्तोक—मनल्पकालदुःखदं । प्रजां स्नेहलया दृष्टया, निरीक्षस्व नरायण ! ॥९६॥
यावन्मुंचसि शोकं न, त्रिखंडभरताधिप ! । तावन्ममापि दत्तः स, तव दुःखेन दुःखिनः ॥९७॥
यतिष्ये जातमात्रस्य, त्वत्सूनोः शुद्धिनिर्मितौ । तथाहमपि गोविंद ! यथा शुद्धिर्भविष्यति ॥९८॥
मातुः पितुश्च पुत्राणां, बांधवानां च योषितां । सर्वसंगपरित्यागी, कमपि स्मरतीह न ॥९९॥
इत्युपदेशदानेन, नारदप्रतिबोधितः । शोकान्न्यवर्ततोपेंद्र, इंद्रैश्वर्यविभूषितः ॥४००॥
मुनिनारदवाक्येन, त्यक्त्वा शोकं जनार्दनः । स्मरन्नपि सुतं चित्ते, व्यवहारमपालयत् ॥१॥

'અહેા, આનેા કેટલેા વિનય છે ? પેાતે પુત્રવિયેાગના દુઃખથી દુઃખી હેાવા છતાં મને જાતે આસન આપ્યું. ખરે, કુળવાન પુરૂષેામાં જ આવેા વિનય હેાય છે.' ખરેખર, માની પુરૂષેા માન આપનાર ઉપર પ્રસન્ન હેાય છે. કૃષ્ણે આપેલા સન્માનથી સંતુષ્ટ થયેલા નારદે આસન ઉપર બેસીને જાણે જાણતા ના હેાય તેમ અજાણ્યા થઇને કૃષ્ણને પૂછયું:– 'અરે, વિષ્ણુ, તમે દુઃખી કેમ લાગેા છેા ? બંને પ્રિય મિત્રેા મળે ત્યારે એકબીજાએ પરસ્પર સુખ દુઃખની વાત કરવી જોઈએ, અને જો ના કરે તેા એ મિત્રતામાં દંભ કર્યો કહેવાય. મેં તમને મારા પ્રિય મિત્ર બનાવ્યા છે, તેા તમારા સુખદુઃખની જે વાત હેાય તે મારા આગળ નિશંકપણે કહેા.' નારદનું કથન સાંભળીને પુરૂષોત્તમ દુઃખથી વિહ્વળ બની ગયા ને વિચારવા લાગ્યાઃ–'દુઃખી માણસે પેાતાનું દુઃખ તેની આગળ કહેવું જોઈએ કે જે આપણા દુઃખનું શમન કરે અથવા આપણા દુઃખે દુઃખી થાય.' 'દુઃખી થવાની અને દુઃખને નાશ કરવાની આ બે શક્તિ નારદમાં છે, તેથી હું મારા દુઃખને કહું.' આ પ્રમાણે વિચારી વિષ્ણુએ નારદજીને કહ્યું:–'અરે ઋષિ, મેં ઘણા સંગ્રામેા કર્યા, પરંતુ આ પુત્ર વિરહનું દુઃખ મારાથી સહી શકાતું નથી. ભીષ્મરાજાની પુત્રી રૂક્મિણીના જન્મજાત પુત્રને કેાઇ દેવ-દાનવ શત્રુ હરી ગયેા

છે. તેનું મને ઘણું દુઃખ થાય છે. હું કયાં જઉં ! શું કરૂં ? કોને કહું ! હું સાવ દિશા-શૂન્ય બની ગયો છું. સ્વામિન્,તમે મને મલ્યા તો આટલું હું બોલ્યો, બાકી આજ સુધી કોઇની સાથે એક અક્ષર પણ હું બોલ્યો નથી. મને કોઇની સાથે વાત કરવી પણ ગમતી નથી.' ધૈર્યવાન એવા પણ કૃષ્ણના દુઃખપૂર્ણ વચન સાંભળીને નિઃસંગ અને નીરાગી હોવા છતાં પણ નારદ દુઃખી થયા. કહ્યું છે કે 'દુઃખી માણસનું દુઃખ સાંભળીને શ્રોતા જો દુઃખી થાય તો દુખી માણસનું દુઃખ થોડી ક્ષણો માટે કંઇક હળવુ થાય છે.' દુઃખી બનેલા નારદે કહ્યું:-'હરિ, તમે મારા સહધર્મી છો ! કૃતજ્ઞ છો, પરોપકારી છો. તમારા પુણ્ય પ્રભાવે સહુ સારૂં થશે. ચિંતા ના કરો.' બાકી, આ સંસારમાં જેનો સંયોગ તેનો વિયોગ છે જ. જેનો જન્મ તેનું મરણ અને સંપત્તિની પાછળ વિપત્તિ પણ રહેલી છે. સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ, મોહ ત્યાં દ્રોહ અને દ્રોહ ત્યાં મોહ. આ રીતે સુખદુઃખ રાગદ્વેષ, આદિ દ્વન્દ્વોની પરંપરા દુઃખને આપનારી છે. આ સંસારના સર્વે પદાર્થો નાશવંત છે.અસ્થિર અને અનિત્ય છે, તો જો સુખી થવું હોય તો હંમેશા સંસારની અનિત્યતાનું ચિંતન કરવું. માણસો સ્નેહ (રાગ) થી વેદના ભોગવે છે, અને સ્નેહથીજ દુઃખી થાય છે. જુઓને તલમાં પણ સ્નેહ (તેલ) હોવાથી જ તેને ઘાણીમાં પીલાવું પડે છે, ઋષિમુનિઓમાં પણ જ્યાં સુધી સ્નેહ હોય છે ત્યાં સુધી તેઓને નિર્વાણ (મોક્ષ)ની પ્રાપ્તિ થતી નથી. જુઓ તો ખરા, પેલો દીપક જ્યારે તેમાંથી સ્નેહ (તેલ) ચાલ્યું જાય છે ત્યારે જ તેનું નિર્વાણ (બુઝાઈ જવું) થાય છે ! આ સંસારમાં કોણ માતા ? કોણ પિતા ? કોના બંધુઓ ? કોની પુત્રીઓ ? કોના પુત્રો ? કોની સ્ત્રીઓ ? કોના મદોન્મત હાથીઓ ? કોના વેગવંત અશ્વો ? કોનું સૈન્ય ? કોના રથો અને કોના ધન-વૈભવ ? હે ત્રિવિક્રમ. આ બધું ક્ષણભંગુર છે, ક્ષણિક છે. આપણી આંખ મીંચાયા પછી કંઈ જ નથી. છીપના ટુકડામાં જેમ રૂપાની ભ્રાન્તિ થાય છે તેમ જીવ મારૂ મારૂ કરી કરીને ખોટી ભ્રમણાઓમાં મુંઝાઈ રહ્યો છે. વાસ્તવિકતામાં આપણું કંઈ જ નથી માટે આટલો બધો શોક અને દુઃખ મૂકી પ્રજાને સ્નેહાળ દૃષ્ટિથી જુઓ.ત્રણ ખંડના અધિપતિ હે કૃષ્ણ,જો તમે શોક નહી મૂકો તો મારે પણ તમારા દુઃખે દુખી થવાનું રહેશે. જો કે માતા-પિતા પુત્ર-બંધુ-સ્ત્રીઓ વિગેરે, છોડ્યા પછી સર્વસંગના ત્યાગી સાધુઓ કોઇને પણ યાદ કરતા નથી, છતાં તમારા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને હું તમારા જન્મજાત પુત્રની શોધ માટે બધો જ પ્રયત્ન કરીશ, અને બનશે ત્યાં સુધી તેની ભાળ મેળવીને જ રહીશ. પરંતુ તમે હવે શોક ના કરશો. પ્રસન્નચિત્ત બની જાઓ. ઇન્દ્રના ઐશ્વર્યથી વિભૂષિત બનેલા ઉપેન્દ્રની જેમ નારદના ઉપદેશથી કૃષ્ણનો શોક દૂર થયો. મનમાં પુત્રનું સ્મરણ હોવા છતાં પણ નારદના વચનથી શોકને દૂર કરી કૃષ્ણ વ્યવહારથી રાજ્યનું પાલન કરવા માટે તત્પર બન્યા.

तदा च पुंडरीकाक्षो, नारदर्षिमभाषत । अहं तु भवतो वाक्ये, स्थितोऽस्मि सर्वदा मुने ! ॥२॥
किंतु त्वया पटे यस्या, रूपमालेख्य दर्शितं । पुत्रीत्वेन प्रपन्नाया, या च मत्प्राणवल्लभा ॥३॥
साधिकान्नवमासांश्च, कुक्षावूढो यया सुतः । गत्वा तस्याः गृहे पुत्र—दुःखिनीं तां प्रबोधय॥४॥
नारदोऽपि हरेर्वाचं, प्रमाणीकृत्य सत्वरं । जगाम रुक्मिणीगेहं, वाचंयमशिरोमणिः ॥५॥
आगच्छंतं समालोक्य, रुक्मिणी नारदं मुनिं । विनयात्सहसोत्थाय, तस्यासनमथार्पयत् ॥६॥
अहो पुत्रवियोगेऽपी—यं विनयं न मुंचति । यद्वा महानुभावा या, सा समा सुखदुःखयोः ॥७॥
नारदश्चिंतयन्नित्थं, रुक्मिणीं वीक्ष्य दुःखिनीं।वत्से तुभ्यं शुभं भूया—त्तिष्ट तिष्टेत्यभाषत ॥८॥
सुसीमवाक्यपानीयै—र्ज्वलल्लोह इवोच्चकैः।दग्धांगी रुक्मिणी तावत्, सिक्तेति नारदर्षिणा ॥९॥
सूनोर्वियोमदुःखाग्नि—ज्वालोषशांतयेंजसा।निःश्वासैः रोदनैर्यावद्, दुःखमुक्ता बभूव सा ॥१०॥
तदोचे रुक्मिणी दुःखात्, किं वारयसि रोदनात्।त्वयि पश्यति मत्प्राणान्, परित्यक्षाम्यहं जवात्॥११
यया मात्रा धृताधाने, समुत्पन्ना यतः पितुः । एकस्मादुदराज्जातो—ऽभवद्यश्च सहोदरः ॥१२॥
असौ मातापिताऽसौ वा, बांधवः स च दुःखभाक्।मम ये दुःखवेत्तारो, दूरे सर्वे ऽपि ते स्थिताः॥१३॥
जननीतातसौदर्य—मयो मेऽचिंत्यशक्तिमान्।परोपकारिणां धुर्यो—ऽधुना त्वमेव मे पिता ॥१४॥
त्वयि सत्यपि चेत्कश्चिद्—दुष्टो मेऽपहरेत्सुतं । तात किं मे तदैतेन, जीवितेन, प्रयोजनं ॥१५॥
प्राणत्यागं करिष्यामि, शुचाथोऽहं मुनीश्वर ! मैषाकार्षीददोऽकार्यं, भीतो जगाद नारदः॥१६॥
तव पुत्रो हृतो नास्ति, वत्से केनापि पापिना । ममैव जीवितं किंतु, हृतं तेन दुरात्मना ॥१७॥
तवैव केवलं नास्ति, ततो दुःखं बृहत्तरं । शल्यमिव प्रजातं तद्, दुःखं ममापि मानसे ॥१८॥
अल्पेनानेहसा ताव—कीनस्य तनयस्य तत् । जनयिष्याम्यहं शुद्धि—मुद्यमेन च विद्यया॥१९॥
तदोचे रुक्मिणी तात, भरतस्य त्रिखंडके । द्रंगे ग्रामे पुराद्येषु, शुद्धिः कृता घनैर्जनैः ॥२०॥
तथापि राजमर्त्यैस्तैः, स्वसेवादर्शनोद्यमैः । अद्यापि न स कुत्रापि, चिंतामणीरिवार्भकः ॥२१॥
रुक्मिणीवाचमाकर्ण्य, जगाद मुनिनारदः । निवेदितं त्वया यत्तत्, समीचीनं विचक्षणे !॥२२॥
परं यथातथा शुद्धिं, त्वत्सूनोर्नानयामि चेत्।मदीया बिफला वाचो, विज्ञेयास्त्वयका तदा ॥२३॥
कथिते नारदेनेति, दुःखिन्यप्याह रुक्मिणी । भूयात्ते सफला वाणी, मम चिंताविधायिनः ॥२४॥
सत्यं शीलं वचः सत्यं, सत्यां परोपकारितां । नारदस्य विजानंती, शुद्धिशक्तिं व्यचारयत् ॥२५॥
सूनुशोकनिवृत्त्यर्थं, नारदः पुनरप्यवक् । दुःखं पुत्रवियोगोत्थं, जातमस्ति तवैव न ॥२६॥
पुरापि जातमात्रस्य, भामंडलविराजिनः । पित्राभोमंडलादेस्त—ज्जातमस्त्यपहारजं ॥२७॥
कियतापि च कालेन, समृद्धिवृद्धिसंयुतैः । समेत्य पितरौ स्वीयौ सुतैस्तैरपि तोषितौ ॥२८॥
विद्याषत्नीप्रभूतर्द्धि—युक्तस्तवापि नंदनः । करिष्यत्येत्य संतोषं, चिंता त्वं मा व्यधा हृदि ॥२९॥

असि त्वं जजनी यस्य, पिता यस्य चतुर्भुजः । यो जातो यदुवंशे च, भाग्यवानेव भाव्यसौ ३०॥
मारितो म्रियते नासौ, जितोऽपि जीयते न च । यस्मिन् भविष्यति स्थाने, सौख्यवानेव तत्र सः३१
पुत्रदुःखनिराकारि, श्रुत्वा नारदभाषितं । बभाण रुक्मिणी स्वामिन् ! प्रमाणं वचनं तव ॥३२॥
किंचिच्छोकनिवृत्तां तां, ज्ञात्वा वचनचेष्टया । प्रत्ययोत्पादनार्थं च, जजल्प नारदो मुनिः॥३३॥
समभूदतिमुक्तर्षि–र्ज्ञानी निखिलवस्तुवित् । कंसस्य सोदरः सोऽपि, महानंदपदं दधौ ॥३४॥
श्रीमन्नेमिजिनो ज्ञान–त्रयीयुक्तोऽत्र सांप्रतं । नासौ तं भाषते सत्य–वचनोपि गभीरधीः ॥३५॥
ततस्तव तनूजस्य, शुद्धिप्रश्नाय रुक्मिणि ! । यास्यामि प्राग्विदेहेऽहं, दुर्लंघ्ये पादचारिणा ॥३६॥
नगरी पुंडरीकिण्य—स्ति तत्र नगरीवरा । श्रीमान् सीमंधरस्वामी, तत्रास्ते विहरन् जिनः ॥३७॥
तत्र गत्वा समाचारं, तव पुत्रस्य शुद्धिजं । समानीय प्रदास्यामि, ज्ञेयमत्र दृढं वचः ॥३८॥
तदाह रुक्मिणी तात परोपकारकर्मठः । तव वाक्यं हि कल्याणं, भूयात्तेन ममापि तत् ॥३९॥

ત્યાર પછી કૃષ્ણે નારદજીને કહ્યું:–'મુનિવર, હું તો આપના વચનથી કંઇક સ્વસ્થ બન્યો છું પરંતુ જેના રૂપનું આલેખન કરી એ ચિત્રપટ મને બતાવેલો, એ તમારી માનેલી પુત્રી અને મારી પ્રાણવલ્લભા રૂકિમણી, કે જેણે નવમાસથી અધિક દિવસો સુધી કુક્ષિમાં પુત્રને ધારણ કરેલો, એ પુત્રના વિયોગથી હાલ દુઃખી દુઃખી બની ગઈ છે. માટે ત્યાં જઇને એને તમે પ્રતિબોધ કરો.' કૃષ્ણનું વચન પ્રમાણ કરીને પંડિત શિરોમણી નારદ તરત જ ત્યાંથી ઉઠીને રૂકિમણીના મહેલે ગયા. નારમુનિને આવતા જોઈ રૂકિમણી તરત જ ઉઠીને વિનયપૂર્વક આસન આપી પ્રણામ કરીને ઉભી રહી. 'અહો, પુત્રનો વિયોગ હોવા છતાં આ સ્ત્રી વિનય મૂકતી નથી. 'ખરેખર, મહાપુરૂષો સુખદુખમાં સમચિત્તવાળા રહે છે.' આ પ્રકારે વિચારતા નારદ ઉદાસીન રૂકિમણીને જોઇને બોલ્યા:–'દિકરી, કેમ તને સારૂં છે ને ? બેસ, નીચે બેસ !' વિરહાનલથી દાઝેલી રૂકિમણી નારદના પીયુષપૂર્ણ શિતલ વચનોથી સિંચાણી. પુત્ર વિયોગની દુખરૂપી આગને શાંત કરવા માટે નિસાસા મૂકતી ગાઢ સ્વરે રૂદન કરવા લાગી. 'હે મુનિ, મને રૂદન કરતી અટકાવો નહી. હું તમારા દેખતાં જ મારા પ્રાણોનો ત્યાગ કરૂં છું. કેમ કે જે માતાએ મને ગર્ભમાં રાખી જે પિતાથી હું ઉત્પન્ન થઈ, અને એકજ માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલો ભાઈ, તે માતા–પિતા બંધુ મારા દુખમાં ભાગ લેનારા, મારા દુખને સમજનારા બધા દૂર રહ્યા છે. અહીંયા મારૂં કોણ છે ! હાલ તો માતા–પિતા-બંધુ જે ગણો તે તમે જ છો. અચિંત્યશક્તિમાન અને પરોપકાર કરવામાં અગ્રેસર એવા આપ હોવા છતાં મારા પુત્રને કોઈ દુષ્ટ હરી ગયો તો હે ! પિતા હવે મારે આ જીવિતનું શું પ્રયોજન છે ? માટે હે મુનીશ્વર, મને મરતી ના રોકો. હું હમણાં જ મારા પ્રાણનો ત્યાગ કરૂં છું.' રૂકિમણીની આવી ખેદયુક્ત વાણી સાંભળીને નારદને ભય લાગ્યો : 'રખેને

આ આવું કંઈ અકાર્ય કરી બેસશે તો !' એટલે તેને શાંત કરવા માટે બોલ્યા:–'બેટી, એ પાપાત્માએ એક તારા પુત્રને નથી હર્યો પરંતુ મારા જીવિતને હરી લીધું છે, એકલું તને જ દુઃખ નથી, મારા મનમાં પણ એ દુઃખ શલ્યની જેમ ભોંકાઇ ગયું છે, પરંતુ હું મારા આત્મવિશ્વાસથી કહું છું કે મારી વિદ્યા શક્તિથી થોડા દિવસોમાં જ તારા પુત્રની ખબર લઇ આવીશ.' ત્યારે રૂકિમણીએ કહ્યું:–'પિતાજી, વિષ્ણુએ પુત્રની શોધમાટે ઉદ્યમ કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. ભરતક્ષેત્રના ત્રણે ખંડમાં ગામ, નગર, વાવ, તલાવ, કુવા, પહાડો... પર્વતો ગુફાઓમાં રાજસેવકોને મોકલીને ઘણી ઘણી તપાસ કરાવી છતાં ચિંતામણી રત્નની જેમ પુત્રની પ્રાપ્તિ થઇ નહી.' રૂકિમણીની વાત સાંભળીને નારદે કહ્યું:–'તું કહે છે તે બરાબર છે. પરંતુ હવે મને પ્રયત્ન કરવા દે. ગમે તેમ કરીને પણ હું તારા પુત્રની ખબર ના લાવું તો તું માનજે કે નારદ ખોટા બોલા છે. મારૂ વચન નિષ્ફલ છે.' રૂકિમણીએ કહ્યું:– નહી નહી પિતાજી, આપ તો મારી સતત ચિંતા કરનારા છો. આપનું વચન સત્ય જ છે આપનું શીલ સત્ય અને આપની પરોપકારી બુદ્ધિ પણ સત્ય છે. પુત્રના શોકને દૂર કરવા માટે ફરીથી નારદજીએ કહ્યું:–'બેટી પુત્રના વિયોગનું દુઃખ એકલું તને જ આવ્યું છે એમ નથી, પહેલા પણ જનક-રાજાના સુંદર જન્મજાત ભામંડલ નામના પુત્રનું આ રીતે હરણ થયેલું. કેટલાંક વર્ષો બાદ ઋદ્ધિ-સિદ્ધિથી યુક્ત ભામંડલે સ્વયં આવીને માતા પિતાને સંતુષ્ટ કર્યા હતા. તેવી રીતે તારો પુત્ર પણ સમૃદ્ધિ, વિદ્યાઓ અને પત્ની સાથે આવીને તને સંતુષ્ટ કરશે. માટે તું હૃદયમાં જરાપણે ચિંતા કરીશ નહી.'

જેની માતા રૂકિમણી, જેના પિતા વિષ્ણુ અને જેનો વંશ યદુ, આવા ઉત્તમ માતા–પિતા અને યદુવંશમા ઉત્પન્ન થયેલો બાળક અવશ્ય પુણ્યશાલી જ હોય. એને કોઇ મારવા પ્રયત્ન કરે તો મારી શકે નહીં. જીતવા પ્રયત્ન કરે તો જીતી શકે નહી. આવો ભાગ્યશાળી પુત્ર જ્યાં હશે ત્યાં સુખમાં જ હશે. પુત્રના દુઃખને દૂર કરવામાં સમર્થ એવા નારદના વચન સાંભળીને રૂકિમણીએ કહ્યું:–'સ્વામિન્, આપનું વચન પ્રમાણરૂપ છે. આપના વચનથી મને ઘણું આશ્વાસન મળ્યું" રૂકિમણીના વચનથી તેના શોકની નિવૃત્તિ જાણીને, વધારે પ્રતીતિ માટે નારજીએ કહ્યું:–'પહેલા તો સમસ્ત વસ્તુને જાણનારા કંસના ભાઇ અતિશયજ્ઞાની અતિ મુક્ત મહામુનિ આ ભૂમિ પર હતા, પરંતુ તે પણ નિર્વાણપદને પામ્યા, હાલમાં નેમિનાથ ભગવાન ત્રણ જ્ઞાનવાળા છે. પરંતુ તે સત્ય જાણવા છતાં પણ કહે નહી. તેથી રૂકિમણી, તારા પુત્ર અંગે પૂછવા માટે હું પૂર્વમહાવિદેહમાં જઇશ. ત્યાં પગે ચાલીને જઈ શકાય નહી. મારી વિદ્યાના બળે વિમાન વિકુર્વીને જઇશ. પૂર્વવિદેહમાં મોટી પુંડરિકિણી નગરી છે. ત્યાં ભગવાન સીમંધર સ્વામી સદેહે વિચરી રહ્યા છે. ત્યાં જઈને ભગવાનને તારા પુત્ર અંગે પૂછીને બધા સમાચાર તને આપીશ, આ મારા વચન ઉપર વિશ્વાસ રાખજે. રૂકિમણીએ કહ્યું:– પિતાજી, આપ તો પરોપકાર કરવામાં અગ્રેસર છો, આપનું વચન મારા માટે કલ્યાણકારી બનો.'

इत्युक्तवचनां किंचि—न्मुक्तशोकां च रुक्मिणीं। आश्वास्य वचनैमृष्टै—र्नारदस्तत उत्थित :॥४०॥
समुत्थाय विमानं च, कृतमारुह्य विद्यया।मार्गे कुतूहलं पश्यन्, सोऽचलद्गगनाध्वना ॥४१॥
विमानं गच्छदाकाश—मार्गे दृष्टं समैरपि । सहसादृश्यतां प्राप्तं, वृंदारकविमानवत् ॥४२॥
स्वकीयेन विमानेन, गच्छतस्तस्य वर्त्मनि । सुरस्थानं समायात—श्चंचचामीकराचलः ॥४३॥
शर्वरीभवनात्तत्र, निशायां नारदः स्थितः । प्रातर्देवान्नमस्कृत्य, चारणर्षिश्च सोऽचलत् ॥४४॥
शीघ्रं गच्छन्विमानेन नगरी पुंडरीकिणीं । संप्राप्तो नारदर्षिः श्री—सीमंधरांघ्रिपावितां ॥४५॥
तत्र श्रीतीर्थनाथानां, केवलज्ञानधारिणां । मनःपर्यायसद्ज्ञाना—वधिज्ञानविराजिनां ॥४६॥
अन्येषामपि साधूनां, तपोज्ञानक्रियावतां। साध्वीनां श्रावकश्राद्धी—वर्गस्य धर्मिणस्तथा ॥४७॥
चक्रवर्तिवासुदेव—बलदेवान्यभूभुजां। कदापि विरहो नास्ति, प्रभूतानां च शर्मणां ॥४८॥
यत्र सीमंधरस्वामी, यावत्तत्र गतो मुनिः । तेनेक्षिता समवसृ—त्यपूर्वरचना दृशा ॥४९॥

આ પ્રમાણે રૂક્મિણીને કંઈક શોકમુક્ત કરી, મીઠા વચનોથી આશ્વાસન આપીને નારદજી ત્યાંથી ઊઠયા. ઉઠીને પોતાની વિદ્યાશક્તિથી એક સુંદર વિમાન બનાવીને આકાશમાર્ગે ધરતી પરનાં અનેક કુતૂહલોને જોતા દેવવિમાનની જેમ આકાશમાર્ગમાં અદૃશ્ય થઈ ગયા. આ રીતે પોતાના વિમાનમાં જતાં અનુક્રમે દેવોના સ્થાનરૂપ મેરૂપર્વત ઉપર આવ્યા. રાત્રિ થવાથી રાત્રિમાં ત્યાં રહી સવારે જિનેશ્વર ભગવંતની પ્રતિમાને નમસ્કાર કરી ચારણઋષિ નારદ ત્યાંથી આગળ ચાલ્યા, વિમાનમાર્ગે શિઘ્રપણે જતા ભગવાન શ્રી સિમંધરસ્વામીના ચરણકમલથી પવિત્ર બનેલી પુંડરીકિણી નગરીમાં આવ્યા, ત્યાં તીર્થંકરો, કેવલજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની તેમજ બીજા પણ તપસ્વી જ્ઞાની ચારિત્રવાન સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા, ચક્રવર્તી, વાસુદેવ બલદેવ અને બીજા માંડલિક રાજાઓ, તે બધાનો કયારે પણ વિરહ હોતો નથી. અને ત્યાં હંમેશાં સુખ, સુખ ને સુખ જ હોય છે. પુંડરીકિણી નગરીમાં નારદજીએ ત્યાં પહોંચીને ભગવાન શ્રી સીમંધર સ્વામીના સમવસરણની અપૂર્વ રચના જોઈ.

आयोजनं क्षमा वायु—कुमारै र्निजभक्तितः। संवर्तनसमीरेण, शोधिता भाति सर्वतः ॥५०॥
सुगंधमुदकं तत्र, वर्षत्यब्दकुमारकाः । ऋतुदेवाः सुमव्यूहं, रत्नानि व्यंतरासुराः ॥५१॥
वप्रा अभ्यंतरे मध्ये, बहिस्त्रयो विभांति च । मणिरत्नसुवर्णानां कपिशीर्षसमन्विताः ॥५२॥
रत्नसुवर्णरूप्यानां, संदोहरचनान्विताः । कृता वैमानिकामर्त्य—ज्योतिष्कभवनामरैः ॥५३॥
द्वात्रिंशदंगुलत्रिंश—द्धनुःपृथुलतान्विताः । वृत्ते समवसरणे, धनुःपंचशतोच्छ्रयाः ॥५४॥
षडधनुःशतमानैक—त्रिंशत्प्रजनितांतरा। धनुर्भी रत्नि संयुक्तै—र्द्वारैर्वप्रा विराजिताः ॥५५॥
एकधनुःशतस्फाराः, प्राकाराश्चतुरस्रके । सार्धक्रोशांतरान्वीताः, प्रमाच्च द्वितीयाद्यतः ॥५६॥

द्वितीयाच्च तृतीयस्मा—त्क्रोशांतरं प्रवर्तते । स्वरूपं पूर्ववच्छेष—मन्यद् ज्ञेयं विचक्षणैः॥५७॥
सोपानैर्दशसहस्रैः, प्रथमो भाति वप्रकः । यो निःश्रेणिरिव ख्यातो, लोकानां मुक्तिगामिनां॥५८॥
पञ्चाशद्धनुभिर्गत्वा, समा भूमिः प्रवर्तते । पंचसहस्रसोपानै—र्द्वितीयो भाति वप्रकः ॥५९॥
गत्वा धनूंषि पंचाश—त्प्रतरः प्रविराजते । पंचसहस्रारोहणै-स्तृतीयोऽप्यस्ति वप्रकः ॥६०॥
षडधनुःशतकैरेकं, शोभनं पीठमद्भुतं । चतुर्द्वारं ससोपानं, मध्ये पीठं मणीमयं ॥६१॥
जिनदेहप्रमाणेन, समुत्थितं विराजते । धनुःशतं पृथुदीर्घं सार्धक्रोशद्वयान्वितं ॥६२॥
द्वादशगुणमुच्च स्या—ज्जिनेश्वरशरीरतः । अधिकयोजनपृथुरशोकपादपारुणः ॥६३॥
देवच्छंदो भवेत्तत्र, चतुःसिंहासनान्वितः । पादपीठसमन्वीतः, संस्थातुं जगदीशितुः ॥६४॥
रेजे तदुपरिछत्र—चतुष्टयं ध्वजान्वितं । प्रतिरूपत्रिकं चाष्ट, द्वे द्वे चामरधारिणः ॥६५॥
पुरो हेमारविंदस्थं, धर्मचक्रचतुष्टयं । सच्छत्राः कलशाः केतु-पांचाल्यादिविभूषणाः ॥६६॥
प्रतिद्वारं मणिभ्राज—त्तोरणत्रितयं ततः । कुर्वंति व्यंतरास्तत्र, धूपघटीत्रयं तथा ॥६७॥
सहस्रयोजनदंडा—श्चत्वारः संति केतवः । वर्धमानगजसिंह—सत्कुंभादिसमन्विताः ॥६८॥
मानमेतदशेषं च, ज्ञेयं सूत्रोदितं बुधैः । प्रभुः प्रदक्षिणावर्तं—स्तिष्टत्येवासने वरे ॥६९॥
श्रीतीर्थाधिपतिः पाद—पीठस्थापितपादकः । तीर्थाय नम उक्त्वेति, धर्मं वदति पर्षदि॥७०॥
मुनिर्वैमानिकी साध्वी, ह्याग्नेय्यां विदिशि स्थिताः । भवनज्योतिर्व्यंतर—योषित्तिष्टति नैऋतौ।७१।
भवनव्यंतरज्योति—र्देवा वायुदिक् श्रिताः । वैमानिकेशमर्त्यस्त्री—वर्ग ईशानकोणके ॥७२॥
साध्व्यो देव्यश्चतस्रोऽपि, शृण्वंत्यूर्ध्वस्थिता वृषं । साधुमर्त्यस्त्रियो देवाः, स्थिताः प्रथमवप्रके।७३।
तथा द्वितीयवप्रांते—तिर्यंचः सकला अपि। अधस्तृतीयवप्रांते, तिष्टेति वाहनादिकं ॥७४॥
भवेतां चतुरस्रे च, द्वे वाप्यौ च मनोरमे । एकैका वापिका वृत्ता, विभाति कोणसंस्थिता॥७५॥
पीतवर्णाः सुराः श्वेता, व्यंतरास्तत्र वप्रके । ज्योतिष्का भवनाधीशा, रक्तश्यामलवर्णकाः ॥७६॥
धनुर्दंडसमन्वीतौ, सोमयमौ च निर्जरौ । पाशगदाकरौ भातः, पाशवैः श्रमणाभिधौ ॥७७॥
नामतो जयविजयौ, देवौ जितपराजितौ । वलक्षारुणपीताग्र—श्यामद्युतिविराजितौ ॥७८॥
देवी युगलसंयुक्ता, अभयांकुशधारिणी । पाशमकरहस्ता च, तिष्ठंति हैमवप्रके ॥७९॥
सुरतुंबरुखट्वांग—कपालिनःसमौलयः । तृतीयवप्रतो बाह्ये, तिष्ठंति द्वारपालकाः ॥८०॥
प्रोक्ताया रचनायाश्च, स्वनेत्राभ्यां प्रदर्शनात् । शोभां समवसरणे, व्यजानादधिकां मुनिः॥८१॥
धन्योऽहं भरतक्षेत्रे, मया येन समेत्य च। दृष्टादृष्टचरी चारू, रचनेयमिहाद्भुता ॥८२॥
वरं दैत्यारिणा सार्धं, मैत्री मे समजायत । वरं तस्यापि पुत्रस्या—पहारो दुःखकारकः ॥८३॥
यतस्तस्य विशुद्ध्यर्थ—महमत्र समागतः । समेतेन मया दृष्टः, श्रीसमवसृतौ प्रभुः ॥८४॥
प्रदक्षिणात्रयीं दत्वा, कृत्वा च मस्तकेंजलिं । सीमंधरजिनाधीशं, मुनिः स्तोतुं प्रचक्रमे ॥८५॥

સમવસરણ ભૂમિનું વર્ણન

વાયુકુમાર દેવો પોતાની ભક્તિથી સંવર્તક વાયુ વડે ચારે બાજુ એક યોજન સુધીની ભૂમિને સાફ કરે છે. **મેઘકુમાર દેવો** સુગંધી જલનો છંટકાવ કરે છે. **ઋતુદેવો** સુગંધી પુષ્પોને વરસાવે છે. **વ્યંતરદેવો** મણિ રત્ન અને સુવર્ણના કાંગરાસહિત બહાર અંદર અને મધ્ય એમ રત્નના ત્રણ ગઢ બનાવે છે. તેમાં **વૈમાનિક, જ્યોતિષી** અને **ભવનપતિના દેવો** ચાંદી સુવર્ણ અને રત્નોની નવી નવી રચનાઓ કરે છે, ત્રીસ ધનુષ્ય બત્રીશ આંગુલ પહોળા અને પાંચસો ધનુષ્ય ઊંચા ગોળાકાર સમવસરણમાં છસો ધનુષ્યના પ્રમાણવાળા એકત્રીસ ધનુષ્યના અંતરવાળા રત્નમય ચાર દરવાજા બનાવે છે. બીજાથી ત્રીજા દરવાજાનું અંતર એકેક ગાઉનું હોય છે. પહેલા અને ત્રીજા દ્વારનું સ્વરૂપ પહેલાની જેમ જાણવું, ચારે પ્રાકારો સો સો ધનુષ્યના અને અર્ધા ગાઉના અંતરવાળા હોય છે. પ્રથમ ગઢના દશ હજાર પગથિયાં હોય છે. તે જાણે ભવિજીવોને મોક્ષમહેલમાં ચઢવાની નિસરણી (સીડી)ના હોય ! ત્યાંથી પાંચસો ધનુષ્ય જઇએ ત્યારે સમતલ ભૂમિ આવે છે. ત્યારબાદ બીજો ગઢ કિલ્લો પાંચ હજાર પગથિયાનો હોય છે. ત્યારપછી પાંચસો ધનુષ્ય જઇએ ત્યારે પ્રતર આવે. ત્યારબાદ પાંચ હજાર પગથિયાનો ત્રીજો ગઢ આવે છે. તેના ઉપર એક ગાઉ અને છસો ધનુષ્યના પ્રમાણવાળી અદ્‌ભુત અને સુંદર મણીમય પીઠ રહેલી છે. તે પીઠની ચારે દિશામાં પગથિયાં સહિત ચાર દ્વાર (દરવાજા) હોય છે. તે મણીમય પીઠ અઢી ગાઉ અને સો ધનુષ્ય લાંબી પહોળી અને મધ્યમાં જિનેશ્વર ભગવાનના શરીર પ્રમાણે ઉપસેલી હોય છે, તેના ઉપર જિનેશ્વર ભગવાનના શરીરથી બાર ગણું ઊંચું અને એક યોજનથી અધિક વિસ્તારવાળું અશોક વૃક્ષ હોય છે. તેમાં સિંહાસન અને પાદપીઠથી યુક્ત ચાર દેવછંદા [વિશ્રામગૃહ] તીર્થંકરભગવંતને રહેવા માટે હોય છે. તેના ઉપર ધ્વજ સહિત ત્રણ ત્રણ છત્રો ચારે દિશામાં રહેલા હોય છે. અને મુખ્ય સિંહાસન ઉપર ત્રણ દિશામાં તીર્થંકર ભગવંતનાં ત્રણ પ્રતિબિંબ અને ચારે દિશામાં બે બે એટલે કુલ આઠ ચામરધારીદેવો હોય છે. તેની આગલ સોનાનું કમલ, ચાર ધર્મચક્ર, છત્રો, કલશો, ધજાઓ અને સુવર્ણરત્નમય શાલભંજિકા (પુતળીઓ) સુશોભિત હોય છે. અને સમવસરણના દરેક દરવાજે વ્યંતરદેવો મણિરત્નનાં ત્રણ ત્રણ તોરણો અને ત્રણ ત્રણ ધૂપદાનીઓ મૂકે છે. વર્ધમાન, ગજ (હાથી) સિંહ અને કલશ આદિના ચિત્રોથી સુશોભિત એક હજાર યોજનાના દંડવાળી ચાર ધજાપતાકા ચારે દિશામાં રહેલી હોય છે.

તીર્થંકરભગવંત ત્રણ પ્રદક્ષિણા દઈ પાદપીઠ ઉપર પગસ્થાપન કરી **તીર્થાય નમઃ** કહીને શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજે છે અને બાર પર્ષદામાં ધર્મદેશના આપે છે.

[બાર પર્ષદા]

સાધુ, સાધ્વી અને વૈજ્ઞાનિક દેવીઓ અગ્નિખૂણામાં; ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવીઓ નૈઋત્યખૂણામાં, ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવો વાયવ્યખૂણામાં, વૈજ્ઞાનિકદેવો અને મનુષ્ય અને મનુષ્યનો સ્ત્રી વર્ગ ઇશાનખૂણામાં. આ પ્રમાણે બારે પર્ષદા પ્રથમ ગઢમાં હોય છે. તેમાં સાધ્વીજીઓ અને ચારે નિકાયની દેવીઓ ઊભી ઊભી ધર્મદેશના સાંભળે, સાધુઓ, મનુષ્યો, મનુષ્યની સ્ત્રીઓ અને દેવો બેઠા બેઠા ધર્મદેશના સાંભળે છે.

બીજા ગઢમાં સઘળાયે તિર્યંચો અને ત્રીજા ગઢમાં દેવ અને મનુષ્યનાં વાહનો રહે છે.

સમવસરણની ચાર દિશામાં ચાર સુંદર વાવડીઓ હોય છે. તેમાંની એકેક વાવડી ગોળાકારે અને સમચોરસ હોય છે. પ્રથમગઢમાં પીળા વર્ણવાળાં વૈમાનિકદેવો, શ્વેતવર્ણવાળા વ્યંતરો, લાલ વર્ણવાળા જ્યોતિષી દેવો અને શ્યામવર્ણવાળાં ભવનપતિ દેવો રહેલા હોય છે. સોમનામનો દેવ ધનુષ્ય, યમનામનો દેવ દંડ, પાશવદેવ પાશ અને શ્રમણ નામનો દેવ હાથમાં ગદા લઈને ઉભા રહે છે. તેની સાથે ઉલેલા લક્ષવર્ણવાળો જય, રક્તવર્ણનો વિજય, પીતવર્ણનો જિત અને શ્યામવર્ણનો પરાજિત દેવ શોભે છે. સુવર્ણના ગઢમાં હાથમાં પાશ લઈને અભયાંકુશા અને ધારિણી નામની બે દેવીઓ ઉભેલી છે. સુરતુબરૂ, ખટ્વાંગ, કપાલિ અને સમૌલય નામના ચાર દેવો ત્રીજાગઢની બહાર ચારે દિશામાં ચાર દ્વારપાલ તરીકે ઉભા રહે છે. જાણ્યા કરતા અધિક આવા પ્રકારની સમવસરણની સુંદર રચના પોતાની સગી આંખે જોઈને નારદજી હર્ષથી રોમાંચિત બની ગયા. ખરેખર હું ધન્ય છું કે ભરતક્ષેત્રમાંથી અહિં આવીને આવી અદ્‌ભુત સમવસરણની રચના મને જોવા મળી. સારૂં થયું કે કૃષ્ણની સાથેની મારી મૈત્રી અને તેના પુત્રના હરણનું દુઃખ....એ બધું સારા માટે થયું કે જેથી પુત્રની ખોજ માટે અહીં આવ્યો, તો સમવસરણની અદ્‌ભુત રચના અને સાક્ષાત્ સીમંધર-સ્વામિના મને દર્શન થયાં ! આ પ્રમાણે હર્ષાન્વિત બનેલા નારદજી ત્રણ પ્રદક્ષિણા દઈ, મસ્તકે અંજલિ કરીને ભગવાન શ્રી સિમંધર સ્વામીની સ્તુતિ કરવા લાગ્યા.

श्रीसीमंधरसार्वाय, सार्वापायनिवारिणे । स्मरगर्वविनाशाय, सुपर्वसुखदायिने ॥८६॥
संसारस्थितिमुक्ताय, विविक्ताय भवावनेः । प्रभूतज्ञानयुक्ताय, संसिक्ताय शमामृतैः ॥८७॥
भूयो देवाधिदेवाय, कृतसेवाय वासवैः । प्रणमन्नरदेवाय, श्रितदेवाय ते नमः ॥८८॥
यद्यपि ज्योतिषामिंद्र, कलावानस्ति चंद्रमाः।तथापि स्वकलंकं न, मूर्ध्नः स्फेटियितुं क्षमः ॥८९॥
मनुष्यलोकजातोऽपि, त्वं भवान्नींद्रतोज्झितः । देवासुरमनुष्याणां, कलंकं हरसे द्रुतं ॥९०॥
निःशेषदोषसंहारी हारी, त्वं वर्तसे गुणैः । सदोषवस्त्वानाहारी, विहारी भूरिभूमिषु ॥९१॥
दीनानामुपकारी त्वं, विकारी न मनोभुवा । आकारीरूपिमर्त्येष्वपकारी निर्दयांगिषु ॥९२॥
निर्वाणपदसंचारी, विचारी सुकृताध्वनः । आचारी धर्मिलोकेषूपचारी मदनामये ॥९३॥
[निःशेषदोषसंहारी वर्तसे सद्‌गुणैः सह । स तु दोषाकरो ज्ञातो ह्युपमीयेत किं त्वया ॥९४॥]
प्रकाशी सूक्ष्मवस्तूनां, विकाशी नृसरोरुहां । उदासीनः समस्तेऽपि—दासीकृतसुरोऽसि च ॥९५॥
निःशरण्यस्य मर्त्यस्या—सि त्वं शरणकारणं । अतीतानागतवर्त—मानसंशयहारकः ॥९६॥
संसारे बहवो देवा, देवशब्दस्य वाचकाः । लोकसंतापकत्वेन, जाता एकारवर्जिताः ॥९७॥
संसारतारणान्नाथ, देवस्त्वमेव वर्तसे । दीनोद्धारविधानेन, त्वमेव करुणापरः ॥९८॥

देवानां देवनाथानां, वृंदारकगुरोरपि । असुराणां तदीशानां, नासन् स्तुतिगोचराः ॥९९॥
तान् गुणान् योगीनमप्य—नवकाशान् महीयसः।मंदधीरेकजिह्वोऽपि,कथं स्याद्वदितुं क्षमः॥५००॥
अनंतगुणयुक्तोऽप्य—नंतज्ञानधरोऽपि च । अनंतदर्शनाढ्योपि चित्रं धरसि मत्स्तुतिं ॥१॥
इति नानाप्रकारेण, स्तुत्वा नत्वा च तीर्थपं । तस्थितवानुचितस्थाने, नारदो विनयान्वितः ॥२॥
अत्रत्यानां मनुष्याणां, धनुषां पंचभिः शतैः । प्रमितानि शरीराणि, वर्तंते सुंदराणि च ॥३॥
वर्ते दशधनुर्मान—शरीरोऽहं तु मानवः । ततोऽमीषां पदाहत्या, मरिष्याम्यत्र कीटवत् ॥४॥
एषां वा पदघातेन, सीमंधरजिनांतिके । म्रिये यदा तदा सम्य—गाराधको भवाम्यहं ॥५॥
कथयिष्याम्यहं शुद्धिं, युवयोस्तनयस्य हि । दत्ता गोविंदरुक्मिण्यो—रिति वाचा मुधा भवेत् ॥६॥
विमृश्येति ततस्तीर्थ—नाथसिंहासनादधः । स्वकीयजीवरक्षार्थं, प्राविशन्नारदो मुनिः ॥७॥

'હે ભગવાન શ્રી સિમંધર સ્વામી ! આપ સર્વજ્ઞ છો, સર્વપ્રકારના સંકટોને દૂર કરનારા છો, મદ અને મદન (કામદેવ)નો નાશ કરનારા છો, દેવી સુખને આપનારા છો, સંસારની સ્થિતિથી મૂકાયેલા છો, ભવાટવીથી બહાર નીકળેલા છો, કૈવલ્ય જ્ઞાનથી યુક્ત છો. શમરૂપી અમૃતનું સિંચન કરનારા છો. દેવ દેવેંદ્રો-દાનવ-દાનવેન્દ્રો-મનુષ્યો અને ચક્રવર્તી રાજાઓ આપના ચરણકમલની સેવા કરી રહ્યા છે. હે દેવાધિદેવ ! આપને મારા ઘણા ઘણા નમસ્કાર થાઓ.

જો કે જ્યોતિષી દેવોનો ઇન્દ્ર કલાવાન્ ચન્દ્ર છે છતાં પણ માથે રહેલું પોતાનું કલંક દૂર કરવા માટે સમર્થ નથી ! જ્યારે હે પરમાત્મા, આપ તો મનુષ્ય લોકમાં ઉત્પન્ન થવા છતાં પોતે નિષ્કલંક અને દેવ મનુષ્ય તથા અસુરોના કલંકને દૂર કરનારા છો ચન્દ્ર દોષા (રાત્રિ)નો કરનાર છે, જ્યારે આપ પોતાના સદ્ગુણો વડે સમસ્ત દોષોને હરનારા છો ! ચન્દ્ર દોષા (રાત્રિ) સહિત છે જ્યારે આપ સદોષ-દોષિત આહારને ખાનારા નથી. ચન્દ્ર ગગનમંડલનો વિહારી છે આપ તો સમસ્ત પૃથ્વીમંડલમાં ફરનારા છો. આપ દીન અનાથોના ઉપકારી છો. કામદેવ માટે નિર્વિકારી છો. રૂપસ્થ-રૂપવાન મનુષ્યોમાં રૂપના ભંડાર છો. (પિંડસ્થ) ધ્યાન કરનાર મનુષ્યો માટે સાકાર છો. નિર્દયજીવો માટે અપકારી છો. નિર્વાણ પંથે ચાલનારા, સુકૃતમાર્ગના વિચારી, ધર્મી લોકો માટે આચારી અને કામરૂપી રોગનો નાશ કરવા માટે ઉપચારી (વૈદ્ય) સમાન છો. આપ પોતાના સદ્ગુણો વડે સમસ્ત દોષોનો નાશ કરનાર હોવાથી દોષા (રાત્રિ) કારી એવા ચન્દ્રની ઉપમા આપને કેવી રીતે આપી શકાય ?

સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુઓના પ્રકાશ કરનાર, મનુષ્યોરૂપી કમળોને વિકસિત કરનાર, દેવેન્દ્ર દાનવેંદ્ર માનવેંદ્ર આપના ચરણકમલમાં દાસરૂપે રહેવા છતાં તેઓ ઉપર પણ ઉદાસીન-ભાવને ધારણ કરનારા વળી, હે ભગવંત આપ અશરણ મનુષ્યોને શરણ આપનારા અને અતીત અનાગત અને વર્તમાનકાલીન સંશયોને હરનારા છો. સંસારમાં ઘણા દેવોને 'દેવ'

શબ્દથી બોલાવાય છે પરંતુ તે દેવો 'એ' કાર વિનાના એટલે દેવ નહિ પણ દવ (અગ્નિ) ની જેમ લોકને સંતાપ કરનારા છે, તેથી કરૂણાના ભંડાર, દીનોનો ઉદ્ધાર કરનાર, અને સંસાર સાગરથી તારનાર હે નાથ, દેવ તો એક આપ જ છો ! દેવ દેવેંદ્ર અને અસુર-અસુરેન્દ્રના ગુરૂ બૃહસ્પતિ તેમજ મહાન યોગીપુરૂષો પણ આપના ગુણોનું વર્ણન કરવા માટે કે સ્તુતિ કરવા માટે સમર્થ નથી, તો મંદબુદ્ધિવાળો એવો હું એક જીભથી આપની સ્તુતિ કરવા માટે કઇ રીતે સમર્થ થઈ શકું ? છતાં આશ્ચર્યની વાત એ છે કે અનંતજ્ઞાની, અનંતદર્શની અને અનંતગુણના ભંડાર હોવા છતાં હે નાથ, મારી તૂટી-ફૂટી સ્તુતિને આપ સ્વીકારો છો. આ પ્રમાણે અનેક પ્રકારે સ્તુતિ કરી તીર્થંકર ભગવંતને નમસ્કાર કરી, વિનય-પૂર્વક નારદજી યોગ્ય સ્થાને ઉભા રહીને વિચારે છેઃ-'અહીંના મનુષ્યો પાંચસો ધનુષ્ય (ગાઉ) ની કાયાવાળા અને સુંદર છે. અને હું તો ફક્ત દશ ધનુષ્યની કાયાવાળો છું, તો તે લોકોના પગ નીચે આવીને કીડાની જેમ કદાચ કચરાઈને મરી જઇશ તો ? ભગવાન સીમંધર સ્વામીની નિશ્રામાં એ લોકોના પગ નીચે કચરાવવાથી કદાચ મરણ આવે તો તો ઘણું શ્રેષ્ઠ છે. હું આરાધક થઈશ. પરંતુ કૃષ્ણ અને રૂક્મિણીને તેના પુત્રની શોધ કરી આપવાનું જે વચન આપ્યું છે, તે મારૂં વચન ફોગટ (નિષ્ફળ) જાય ને ?' આ પ્રમાણે વિચારીને નારદ પોતાના જીવની રક્ષા માટે તીર્થંકર ભગવંતના સિંહાસન નીચે લપાઇને બેઠા.

तावत्तत्र समायातो, निजधर्मपरायणः । पद्मनाभश्चक्रवर्ती, पार्श्वे सीमंधरप्रभोः ॥८॥
नत्वा च देशनां श्रोतुं, यावत्तत्र स्थितो मुदा । सिंहसनादधस्ताव--दद्दष्टचरमैक्षत ॥९॥
चक्रवर्ती तमालोक्या--दृष्टचरशरीरिणं । विस्मयाकुलितस्वांत—श्चिंतयामास चेतसि ॥१०॥
देवो वा मानवो वासौ, किं तिर्यग्नारकोऽथवा । चतुर्गतिविचालेषु, कीदृग्स्वरूपकोऽस्त्यसौ ॥११॥
एवं विमृशता तेन, विस्मयव्याप्तचेतसा । मनुष्योऽपि गृहीतोऽसौ, पक्षीव स्वकरांबुजे ॥१२॥
समादाय करे बाल, इव तं शालभंजिकं । तस्य सर्वमपि देहं, भूपतिस्तु व्यलोकयत् ॥१३॥
अस्ति का जातिरेतस्य, का योनिर्वास्य कथ्यते । इति चिंतयतस्तस्य, प्रादुर्भूता मतिर्वरा ॥१४॥
त्रिकालसंशयानां च, हारके सति बोधिदे । मयका मूढभावेन, कल्पना क्रियते मुधा ॥१५॥
चित्ते तेन विमृश्येति, प्रपच्छे जगदीश्वरः । चतसृणां गतीनां च, मध्ये किंगतिकोऽस्त्यसौ॥१६॥
इत्युक्ते सार्वभौमेन, बभाण भगवान् वचः । स्वरूपं श्रोतुकामश्चे—देतस्य त्वं तदा शृणु ॥१७॥

એવામાં ધર્મમાં તત્પર એવા પદ્મનાભ નામના ચક્રવર્તી ભગવાન સીમંધર સ્વામીને વંદન કરવા માટે આવ્યા. નમસ્કાર કરી ધર્મદેશના સાંભળવા માટે યોગ્ય સ્થાને બેઠા. ચક્રવર્તીની નજર એકાએક સિંહાસન નીચે પડી, અને પોતે કયારે પણ જોયું ના હોય તેવું પ્રાણી જોઇને આશ્ચર્ય પામ્યા. મનમાં વિચારવા લાગ્યાઃ-'અરે, દેવ, માનવ, તિર્યંચ,કે નારક-આ ચાર

ગતિમાંહેનો આ કયો જીવ હશે ? તેનું કેવા પ્રકારનું સ્વરૂપ હશે ?' આ પ્રમાણે આશ્ચર્યથી વિચારતા મનુષ્ય હોવા છતાં પણ પક્ષીની જેમ નારદને પોતાના એક હાથમાં લીધા. બાળક જેમ રમકડા (પૂતળા)ને રમાડે તેમ પોતાના હાથમાં આમ તેમ ફેરવતા રાજા નારદના શરીરને જોવા લાગ્યા. ફરી વિચારે છેઃ-'અરે, આની જાતિ કયી હશે ? કઇ યોનીનો આ જીવ હશે ? એમ વિચારતા વિચારતા મનમાં ઝબકારો થયો. 'રે, ત્રણેકાળના સંશયોને હરનારા અને બોધિબીજને આપનારા સાક્ષાત્ ભગવાન મારી સામે હોવા છતાં હું મૂઢ ખોટી કલ્પનાઓ કરું છું. પરમાત્માને જ પૂછી જોઉં.' આમ વિચારી ભગવંતને પૂછે છેઃ- 'ભગવન્, ચારગતિમાંથી આ કઇ જાતિનો જીવ છે ?' ભગવંતે કહ્યુંઃ-રાજન્, તેનું સ્વરૂપ જાણવાની ઇચ્છા હોય તો સાંભળ—

मनुष्ययोनिसंभूतो, नाम्नायं नारदो मुनिः । विख्यातो ब्रह्मचर्यस्य, गुणेन व्रजतीच्छया ॥१८॥
तपस्वी च विरक्तोऽपि, विष्णुना सह तुष्टिमान् । चित्रं तस्य तनूजस्य, शुद्धिं प्रष्टुमिहागतः॥१९॥
समाकर्ण्यार्हतो वाक्यं, सार्वभौमो व्यजिज्ञपत् । ईदृशाः संति किं मर्त्या, भरतक्षेत्रसंभवाः॥२०॥
केवलज्ञानविज्ञात—लोकालोकस्वरूपकः । तदा जगौ जिनो राजन् , स्वरूपं भारतं शृणु ॥२१॥
तत्र कालोऽवसर्पिण्यु—त्सर्पिणी भेदतो द्विधा । विंशत्या कोटिकोटीनां सागराणां स पूर्यते॥२२॥
अराः षडवसर्पिण्या—मुत्सर्पिण्यां षडेव ते । विपरीता इति काल—चक्रं द्वादशभिस्त्वरैः ॥२३॥
एकांतसुखमारोऽत्र, स्याच्चतुःकोटिकोटिमान् । सुखमा सागराणां तु, त्रिकोटिकोटिटंकितः ॥२४॥
निवृत्तः सुखदुःखाभ्यां सुखमादुःखमारकः । द्वाभ्यां च कोटिकोटिभ्यां सागराणामजायत ॥२५॥
एकया कोटिकोट्याढ्यश्चतुर्थः संभवेदरः । द्विचत्वारिंशताब्दानां सहस्रैरुनता युतः ॥२६॥
दुःखमा त्वेकविंशत्या, सहस्रैः शरदां भवेत् । एकांत दुःखमारोप्ये—कविंशतिसहस्रकैः ॥२७॥
तत्रारे प्रथमे मर्त्या—स्त्रिपल्योपमजीविनः । त्रिगव्यूतितनूत्सेधा, दिनत्रितयभोजिनः ॥२८॥
द्वितीयस्मिन् भवेयुस्ते, द्विपल्यप्रमितायुषः । द्विगव्यूतिशरीराश्च, वासरद्वयभोजिनः ॥२९॥
तृतीयस्मिन्नरे मर्त्या, एकपल्योपमायुषः । एकगव्यूतिमानांगा, एकवासरभक्षिणः ॥३०॥
एवं जनाश्चतुर्थारे, कल्पद्रुमफलाशनाः । पूर्वकोटिमितायुष्काः, पंचधनुःशतोच्छ्रयाः ॥३१॥
वृषभश्चतुरशीति—लक्षपूर्वायुरीश्वरः । पंचधनुःशतोच्छ्रायः, शरीरेण व्यभासतः ॥३२॥
द्वासप्ततिपूर्वलक्षा—युरासीदजितो जिनः । सार्धचतुःशतधनुः, प्रमाणवपुरन्वितः ॥३३॥
पूर्वाणां षष्टिलक्षेण, प्रतितं जीवितं दधौ । चतुःशतधनुर्मान—वपुश्च संभवो विभुः ॥३४॥
पंचाशत्पूर्वलक्षायुः—समन्वितोऽभिनंदनः । सार्धत्रिशतकोदंड—प्रमाणदेहधारकः ॥३५॥
चत्वारिंशल्लक्षपूर्वा—युष्कः सुमतिबोधिदः । धनुस्त्रिशतमानांगो, बभूव सुमतिप्रभुः ॥३६॥
त्रिंशल्लक्षपूर्वजीवि—तव्यः पद्मप्रभः प्रभुः । सार्धद्विशतकोदंड—प्रमाणदेहधारकः ॥३७॥

विंशतिपूर्वलक्षायु—र्मितः सुपार्श्वतीर्थपः । धनुर्द्विशतमानांगो, विरराज महीतले ॥३८॥
दशलक्षपूर्वायुष्को—ऽभवच्चंद्रप्रभः प्रभुः । सार्धशतधनुस्तुंग—शरीरेण समन्वितः ॥३९॥
सुविधिः सुविधिः सार्वो, द्विलक्षपूर्वजीवितः । धनुःशतप्रमाणांग—मुच्चत्वेन दधार च ॥४०॥
एकलक्षपूर्वायुष्कः, शीतलः शीतलद्युतिः । धनुर्नवतिमानांग—स्त्रानभूदर्हदुत्तमः ॥४१॥
वर्षाणां चतुरशीति—शतसहस्रजीवितः । अशीतिधनुर्मानांगः, श्रेयांसः श्रेयसान्वितः ॥४२॥
द्वासप्ततिवर्षलक्ष—जीवितव्यो जगत्प्रभुः । सप्ततिधन्वमानांगो, वासुपूज्यो जिनो बभौ॥४३॥
षष्टिवर्षलक्षायुष्को, विमलो विमलोदयः । षष्टिकोदंडमानांगो, बभूव जगदीश्वरः ॥४४॥
त्रिंशल्लक्षशरन्मान—जीवितोऽनंततीर्थपः । पंचाशद्धन्वमानेन, शरीरेण व्यभासत ॥४५॥
दशहायनलक्षायु—र्धारको धर्मबोधिदः । अशोभततरां पंच—चत्वारिंशद्धनुस्तनुः ॥४६॥
एकवर्षलक्षायुष्कः, शांतिकृच्छांतितीर्थपः । चत्वारिंशद्धनुर्मानं, शरीरमदधत्तमां ॥४७॥
कुंथुर्नवनवत्यब्द—सहस्रायुर्जिनाधिपः । पंचत्रिंशद्धनुर्मान—वपुषा शोभयद्भुवं ॥४८॥
अरोऽर्हश्चतुरशीति—शरत्सहस्रजीवितः । त्रिंशद्धनुःप्रमाणेन, शरीरेण विराजितः ॥४९॥
श्रीमल्लिः पंचपंचाश—द्वर्षसहस्रजीवितः । पंचविंशतिकोदंड—मानेन वपुषा बभौ ॥५०॥
त्रिंशद्वर्षसहस्राणां, मानेन जीवितान्वितः । विंशतिधन्वमानांगः, सुव्रतो मुनिसुव्रतः ॥५१॥
दशवर्षसहस्राणां मानेन जीविताश्रितः । पंचदशधनुस्तुंगो, नमिर्जिनोऽजनि क्षितौ ॥५२॥
अब्दैरेकसहस्रेण, मितेन जीवितेन च । दशधन्वप्रमाणेन, देहेन नेमिराबभौ ॥५३॥
एकशतशरन्मान—जीवितव्येन संयुतः । नवहस्तप्रमाणांगः, श्रीपार्श्वः समजायत ॥५४॥
द्वासप्ततिशरदायु—र्बभूव त्रिदशार्चितः । सप्तहस्तप्रमाणांगः, श्रीवीरश्चरमो जिनः ॥५५॥
एतेभ्यः सर्वसार्वेभ्यः, आयुषा वपुषा पुनः । विज्ञेया इतरे लोकाः, किंचिदाधिक्यधारिणः ॥५६॥
मर्त्याशतायुषः सप्त—हस्तोच्चाः पंचमे त्वरे । षष्टे षोडशवर्षायु—र्धरा द्विहस्तकोच्छ्रयाः ॥५७॥
तीर्थस्य नेमिनाथस्य, वर्तमानतया त्वयं । दशधनुःप्रमाणांगो, विद्यते मुनिनारदः ॥५८॥

'મનુષ્યયોનિમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મચર્યના ગુણવડે પ્રસિદ્ધ અને સ્વેચ્છાચારી (પોતાની ઇચ્છા મુજબ ફરનારા) નારદ નામના આ ઋષિમુનિ છે. પોતે તપસ્વી અને વૈરાગી હોવા છતાં પણ કૃષ્ણ સાથેના મૈત્રી સંબંધથી તેના પુત્રની ભાળ પૂછવા માટે અહીં આવ્યા છે, ભગવંતની વાણી સાંભળીને ચક્રવર્તીએ પૂછ્યું : 'ભગવન્, ભરતક્ષેત્રમાં શું આવા મનુષ્યો હોય છે ? ત્યારે કેવલજ્ઞાનથી લોકાલોકના સ્વરૂપને હાથમાં રહેલા આંબળાની માફક જોતા અને જાણતા અરિહંત પરમાત્માએ કહ્યું : 'રાજન્, ભરતક્ષેત્રના સ્વરૂપને તું બરાબર સાંભળ. ભરતક્ષેત્રમાં વીશકોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્સર્પિણી અને અવસર્પિણી નામના બે પ્રકારના

કાળ હોય છે. તેમાં છ આરા અવસર્પિણીના અને છ આરા ઉત્સર્પિણીના— એમ બાર આરા વડે એક કાલચક્ર થાય છે. (અવસર્પિણી–બલ, બુદ્ધિ, આયુષ્ય, શરીર વિગેરે દિનપ્રતિદિન ઘટતું ઘટતું જાય, ઉત્સર્પિણી–બલ–બુદ્ધિ–આયુષ્ય–શરીર વિગેરે દિનપ્રતિદિન વધતું વધતું થાય.) **૧. સુષમસુષમ**–એકાંતે સુખ હોય તેવો ચાર કોટાકોટિ સાગરોપમનો પહેલો આરો. **૨. સુષમ**—સુખ હોય તેવો ત્રણ કોટાકોટિ સાગરોપમનો બીજો આરો. **૩. સુષમદુષમ** સુખ વધારે અને દુઃખ ઓછું એવો બે કોટાકોટિ સાગરોપમનો ત્રીજો આરો. **૪. દુષમસુષમ**— જેમાં સુખદુઃખ સમાન હોય તેવો એક કોટાકોટિ સાગરોપમનો ચોથો આરો. **૫. દુષમ**— જેમાં દુઃખ વધારે અને સુખનો કંઈક આભાસ હોય તેવો એકવીશ હજાર વર્ષનો પાંચમો આરો. **૬. દુષમદુષમ**—જેમાં નર્યું દુઃખ દુઃખને દુઃખ જ હોય, તેવો એકવીશ હજાર વર્ષનો છઠ્ઠો આરો. આ પ્રમાણે અવસર્પિણીના છ આરા હોય. તેમાં પ્રથમ આરામાં મનુષ્યો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રણ ગાઉ ઊંચાઈના શરીરવાળા અને ત્રણ દિવસે ભોજન કરનારા હોય છે, એ રીતે બીજા આરામાં મનુષ્યો બે પલ્યોપમના આયુષ્યવાળા બે ગાઉના શરીરવાળા અને બે દિવસે ભોજન કરનારા હોય છે ત્રીજા આરામાં મનુષ્યો એક પલ્યોપમ (અસંખ્યાતવર્ષો)ના આયુષ્યવાળા, એક ગાઉના શરીરવાળા અને આંતરે દિવસે ભોજન કરનારા હોય છે. ચોથા આરામાં મનુષ્યો પૂર્વકોડ વર્ષના આયુષ્યવાળા (૭૦લાખને ૭૦ લાખથી ગુણતા જે સંખ્યા આવે તેને પૂર્વકોડવર્ષ કહેવાય છે,) પાંચસો ધનુષ્યની કાયાવાળા (પાંચસો ધનુષ્ય-૦ા ગાઉ) અને કલ્પવૃક્ષના ફળોનું ભોજન કરનારા હોય છે.

—૨૪ તીર્થંકરોનું શરીરપ્રમાણ અને આયુષ્ય—

૧–ઋષભદેવ ભગવાનનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય અને ૫૦૦ ધનુષ્યની ઊંચાઇનું શરીર.
૨–અજિતનાથ ભગવાનનું ૭૨ લાખ પૂર્વનું આયુષ્ય અને ૪૫૦ ધનુષ્યનું શરીર.
૩–સંભવનાથ ભગવાનનું ૬૦ લાખપૂર્વનું આયુષ્ય અને ૪૦૦ ધનુષ્યનું શરીર.
૪–અભિનંદન સ્વામીનું ૫૦ લાખ પૂર્વનું આયુષ્ય અને ૩૫૦ ધનુષ્યનું શરીર.
૫–સુમતિનાથ ભગવાનનું ૪૦ લાખ પૂર્વનું આયુષ્ય અને ૩૦૦ ધનુષ્યનું શરીર.
૬–પદ્મપ્રભ સ્વામીનું ૩૦ લાખ પૂર્વનું આયુષ્ય અને ૨૫૦ ધનુષ્યનું શરીર.
૭–સુપાર્શ્વનાથ પ્રભુનું ૨૦ લાખ પૂર્વનું આયુષ્ય અને ૨૦૦ ધનુષ્યનું શરીર.
૮–ચન્દ્રપ્રભ સ્વામીનું ૧૦ લાખ પૂર્વનું આયુષ્ય અને ૧૫૦ ધનુષ્યનું શરીર.
૯–સુવિધિનાથ ભગવાનનું ૨ લાખ પૂર્વનું આયુષ્ય અને ૧૦૦ ધનુષ્યનું શરીર.
૧૦–શીતલનાથ ભગવાનનું ૧ લાખ પૂર્વનું આયુષ્ય અને ૯૦ ધનુષ્યનું શરીર.
૧૧–શ્રેયાંસનાથ ભગવાનનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય અને ૮૦ ધનુષ્યનું શરીર.
૧૨–વાસુપૂજ્ય સ્વામીનું ૭૨ લાખ વર્ષનું આયુષ્ય અને ૭૦ ધનુષ્યનું શરીર.

૧૩-વિમલનાથ ભગવાનનું ૬૦ લાખ વર્ષનું આયુષ્ય અને ૬૦ ધનુષ્યનું શરીર.
૧૪-અનંતનાથ ભગવાનનું ૩૦ લાખ વર્ષનું આયુષ્ય અને ૫૦ ધનુષ્યનું શરીર.
૧૫-ધર્મનાથ ભગવાનનું ૧૦ લાખ વર્ષનું આયુષ્ય અને ૪૫ ધનુષ્યનું શરીર.
૧૬-શાંતિનાથ ભગવાનનું ૧ લાખ વર્ષનું આયુષ્ય અને ૪૦ ધનુષ્યનું શરીર.
૧૭-કુંથુનાથ ભગવાનનું ૯૯ હજાર વર્ષનું આયુષ્ય અને ૩૫ ધનુષ્યનું શરીર.
૧૮-અરનાથ ભગવાનનું ૮૪ હજાર વર્ષનું આયુષ્ય અને ત્રીશ ધનુષ્યનું શરીર.
૧૯-મલ્લીનાથ ભગવાનનું ૫૫ હજાર વર્ષનું આયુષ્ય અને પચ્ચીસ ધનુષ્યનું શરીર.
૨૦-મુનિસુવ્રત સ્વામીનું ૩૦ હજાર વર્ષનું આયુષ્ય અને વીશ ધનુષ્યનું શરીર.
૨૧-નમિનાથ ભગવાનનું ૧૦ હજાર વર્ષનું આયુષ્ય અને પંદર ધનુષ્યનું શરીર.
૨૨-નેમિનાથ ભગવાનનું ૧ હજાર વર્ષનું આયુષ્ય અને દશ ધનુષ્યનું શરીર.
૨૩-શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ૧૦૦ વર્ષનું આયુષ્ય અને નવ હાથનું શરીર.
૨૪-શ્રી મહાવીર સ્વામીનું ૭૨ વર્ષનું આયુષ્ય અને સાત હાથનું શરીર.

એ સર્વે તીર્થંકર ભગવંતના આયુષ્ય અને શરીર પ્રમાણ બીજા મનુષ્યો કરતા કંઈક અધિક જાણવા. પાંચમા આરામાં મનુષ્યોનું સો વર્ષનું આયુષ્ય અને સાત હાથની ઊંચાઈનું શરીર પ્રમાણ. છઠ્ઠા આરામાં મનુષ્યોનું સોળ વર્ષનું આયુષ્ય અને બે હાથનું શરીર પ્રમાણ હોય છે. વર્તમાન ચોવીસીમાં બાવીશમા તીર્થંકર નેમિનાથના તીર્થમાં આ દશ ધનુષ્યના શરીરવાળા નારદમુનિ છે.

जिनमभ्यदधच्चक्र—वर्ती स्वामिन्नसौ मुनिः । कथमत्र समायातो दुर्लध्ये पादचारिणां ॥५९॥
उवाच भगवान् जंबू—द्वीपदक्षिणभारते । नवमो वासुदेवोऽस्ति, कृष्णाख्यो धर्मध्यानवान् ॥६०॥
तत्पुत्रो जातमात्रश्च, केनापि वैरतो हृतः । तस्य शुद्धिं समादातु—मयमेतोऽस्ति मेंतिके ॥६१॥
शुद्धस्य ब्रह्मचर्येण, देशवैरत्यधारिणः । एतस्य विद्यते विद्या, विहायोमार्गगामिनी ॥६२॥
परिभ्रमति सर्वत्र, हृद्यया विद्यया तया । अस्यार्गला न भूपानां, वर्ततेंतःपुरेष्वपि ॥६३॥

ભગવાન સિમંધર સ્વામી પાસેથી ભરતક્ષેત્રનું વર્ણન સાંભળીને પદ્મનાભ ચક્રવર્તીએ પૂછયું:-'સ્વામિન્, દુર્લંઘ્ય એવા આ મહાવિદેહક્ષેત્રમાં આ મુનિ ભરતક્ષેત્રથી પગે ચાલીને કેવી રીતે આવ્યા હશે? અને કયા કારણે આવ્યા છે?' ભગવંતે કહ્યું:-રાજન્, જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં ધર્મધ્યાનમાં તત્પર નવમા કૃષ્ણ નામના વાસુદેવ છે. જન્મતાની સાથે તેના પુત્રનું કોઈ વૈરીએ અપહરણ કર્યું છે. મારી પાસેથી તેની ભાળ મેળવવા માટે અહીં આવ્યાછે. દેશવિરતિને ધારણ કરનારા શુદ્ધ બ્રહ્મચારી એવા આ નારદમુનિ પાસે આકાશગામિની વિદ્યા છે. મનોહર એવી વિદ્યાના બળે તેઓ સર્વત્ર પરિભ્રમણ કરી શકે છે, રાજાઓના અંતઃપુરોમાં જતા પણ તેઓને કોઇ રોકી શકતું નથી.

भगवद्भाषितं श्रुत्वा, वचनं रचनांचितं । स्थिति कृष्णस्य शुश्रूषुः, सार्वभौमो व्यजिज्ञपत् ॥६४॥
नवमो वासुदेवोऽयं, त्रिखंडप्रभुतायुतः । महाबाहुर्बलोपेतः संभवेद्विष्णुभावतः ॥६५॥
किं नामका पुरी तस्य, तत्सुतोऽपहृतः कथं । केन प्राग्जन्मवैरेण, तत्सर्वं मे प्रसादय ॥६६॥

ભગવંતે ભાખેલા મધુર વચનોનું શ્રવણ કરીને કૃષ્ણની સ્થિતિને જાણવાની ઇચ્છાથી ચક્રવર્તીએ ભગવંતને વિજ્ઞપ્તિ કરીઃ-'ભગવન્, તે ત્રણખંડના અધિપતિ નવમા વાસુદેવ મહાબળવાન અને તેમનું વાસુદેવપણું કેવું હોય? તેની નગરી કેવી હોય? અને તેના પુત્રનું અપહરણ તેના પૂર્વ જન્મના કયા વૈરીએ કર્યું છે તે સઘળો વૃત્તાંત જણાવવા આપ કૃપા કરો.'

पृष्टे सतीतिः षट्खंड—भर्त्रा शुश्रूषया तदा । जिनेन जगदे यर्हि, शुश्रूषा ते तदा शृणु ॥६७॥
कृष्ण इत्याख्यया ख्यातो, द्वारवतीपुरीपतिः । तस्यास्ते रुक्मिणी देवी, देवीरूपाधिकद्युतिः॥६८॥
तया प्राप्तयतादित्य—प्रद्योतप्रस्फुरद्वपुः । तनयो विनयोपेत, आजन्मतोऽपि भाग्यवान् ॥६९॥
तद्वर्धापनिकां दातु—मागुर्दास्यस्तदंतिके । तेन तासां ददेऽदभ्रं, द्रविणं निरुपद्रवं ॥७०॥
संजाते दिवसे षष्टे, निजांगजदिदृक्षया । रुक्मिणीनिलयं प्रीत्या, जग्मिवान् पुरुषोत्तमः ॥७१॥
विनयः प्रतिपत्तिश्च, विष्णोस्तयापि निर्मिता । स्थित्वा सोऽपि सुतं तत्रा—नाययद्दर्शनोत्सुकः॥७२॥
रुक्मिण्यापि स्वहस्ताभ्यां, पुंडरीकाक्षहस्तयोः । चिंतामणिरिवात्मीयः, सुतो दत्तः समीक्षितुं॥७३॥
द्योतयंतं दिशः स्वांग—द्युतिभिर्वीक्ष्य भानुवत् । भूयात्प्रद्युम्ननामाय—मित्युक्त्वा तं ददौ हरिः७४
द्राक् प्रतिदीयमानः सः, रुक्मिणीकरयोः शिशु ।जहे प्राग्जन्मवैरेण, विचालाध्वूमकेतुना॥७५॥
हृत्वा विद्वेषतस्तेन, गते वैताढ्यपर्वते । टंकाख्यायाः शिलायाश्चो—परि मुक्तः स मृत्यवे ॥७६॥
तस्यायुषा शिशोस्तत्रा—गमद्विद्याधराधिपः । कालसंवरसंज्ञाको, युक्तः कमलमालया ॥७७॥
विद्याधराधिपेनात्म—नगरंप्रति गच्छता । विमानस्तंभनात्प्रात—स्तेजस्वी ददृशे शिशुः॥७८॥
विमानात्स समुत्तीर्य, तं समादाय बालकं । पत्न्याः कमलमालाया, अपुत्रिण्याः समर्पितः॥७९॥
वर्ततेऽस्य सुताः पंच—शतानि शौर्यशालिनः । तेभ्योऽयं पालकत्वेन, हीनो किंचित्भविष्यति८०॥
भविष्यति तदा दुःखं, मदीये मम मानसे । तत्सोढुं शक्ष्यते नैव, ततोऽस्याग्रहणं वरं ॥८१॥
चितयंतीति दुःखेन, पुत्रस्यात्मन्यसंभवात् । पतिना दीयमानं तं, बालकं नाग्रहीदियं ॥८२॥
तदा जगाद तां पत्नीं, विद्याभृत्कालसंवरः । कथं प्रिये न गृह्णासि, बालकमेनमद्भुतं॥८३॥
ततः कमलमालोचे, स्वामिंस्तव सुता मताः । संति पंचशतीमानाः, पुरस्तेषामयं च किं॥८४॥
मया स्वीकृतमेतं च, पुत्रं त्वं मन्यसे न हि । तदा तु प्रत्युत क्लेशः, स्वीकृत एव केवलं ॥८५॥
श्रुत्वेत्यूचे स यद्येवं, त्वच्चित्तेऽस्ति विचारणा । भूयादद्यप्रभृत्यस्य यौवराज्यं मयार्पितं ॥८६॥

उक्त्वेति मुखतो बालं, तिलकेन समर्च्य च । यौवराज्यसुतत्वेन स्वस्त्रियस्तेन सोऽर्पितः ॥८७॥
लात्वा तं पुत्रवत्तत्र पाल्यमानस्तया मुदा । सुखेन वर्धते भामि—राबाल्यादपि सोऽर्कवत्॥८८॥
पुण्यात्संकेतमात्रेण, ख्यातं नाम क्षितौ सतां । प्रद्युम्न एव तत्रापी—तीव तया ददेऽभिधा॥८९॥
युक्तः षोडशभिर्लाभैः, षोडशभिश्च हायनैः । हृद्यविद्याद्वयीप्रोद्य—त्स्त्रीभृत्पित्रोर्मिलिष्यति ॥९०॥
लक्षणानि भविष्यंत्य—मूनि तस्य समागमे । चमत्कारकराणि च तान्याकर्णय भूपते ! ॥९१॥
उद्यानफलदातारो, येऽभविष्यन्न पादपाः । फलानि तेऽपि दास्यंति, महांति तत्समागमे ॥९२॥
तानि ये ददतोऽभूवन् , दास्यंति ते विशेषतः । फलदा इति सौवाख्यां, सत्यीकर्तुमिवावनौ॥९३॥
सौख्यानि वर्धमानानि, भविष्यंति पुरीनृणां । न्यायव्यापारयोगेन, वर्धिष्यंते धनानि च॥९४॥
चित्तं चंचलमप्युच्चै—श्चित्तादपि विलोचने । लोचनाभ्यां मुखं तस्या—तुच्छं सा लप्स्यते तदा९५
मेघवृष्ट्याहतपुष्प—कदंबशोखिनो यथा । उच्छ्वसिष्यति तद्रोम—राजीरध्युष्टकोटिकाः ॥९६॥
चंद्रं दृष्ट्वा समुद्रस्य, वेलायाः संभवो यथा। रुक्मिण्याः स्तनजो भावी, प्रस्रावो वीक्ष्य तं तथा९७
प्रवर्तते पुरा येषां, प्रीतिः कुत्रिमतान्विता । पयसि ता स्थितिरिव, तन्मिलिता भविष्यति ॥९८॥
विरोधो जायमानोऽभू—द्येषां प्रीतौ परस्परं । स एव विलयं तेषां, प्रयास्यत्यविलंबितं ॥९९॥
नवपल्लववत्त्वेन सर्वेऽपि फलिनो द्रुमाः । तेषां च भक्षणत्वेन, तिर्यचोऽपि सपुष्टयः ॥६००॥
तेषां दधिपयःपान—सर्पिः स्वादनतो द्रुतं । आधिदुर्व्याध्यभावेन, पुष्टिमद्देहधारिणः ॥१॥
काणाः कुब्जाः कुरूपाश्च, ये भविष्यंति देहिनः । द्विनेत्राः सुंदराकाराः, सुरूपा वररोचिषः ॥२॥
नागरा वरनागर्यो, मोदमेदुरमानसाः । विस्फुरिष्यंति गोविंद—राज्यादपि विशेषतः ॥३॥
रूपवती सचातुर्या, धनाढ्या कामिनीव हि । पत्यागमे तथा द्वार—वती नूनं तदागमे ॥४॥
सचैतन्या अचैतन्याः, पदार्थाः सकला अपि । सुभगत्वं धरिष्यंति, त्यक्त्वा दुर्भगतां निजां ॥५॥
वैरेणापहृतस्याशु, सुरेण धूमकेतुना । शुद्धचै कृष्णकुमारस्य, स्नेहेन मुनिरागतः ॥६॥

ચક્રવર્તીની કૃષ્ણનો વૃત્તાંત જાણવાની ઇચ્છાથી ભગવંતે કહ્યું:-'રાજન્ દ્વારિકાનગરીના અધિપતિ કૃષ્ણની દિવ્યરૂપને ધારણ કરનારી રૂક્મિણી નામની પટ્ટરાણી છે. તેણીએ સૂર્ય-સમાન તેજસ્વી, શરીરની કાંતિને ધારણ કરનારા પુત્રને જન્મ આપ્યો. તે જન્મથી જ ભાગ્યશાળી છે. પુત્રજન્મની વધામણી આપવા માટે દાસી કૃષ્ણ પાસે ગઈ અને કૃષ્ણે વધા-મણી લાવનાર દાસીને ખૂબ દ્રવ્ય આપ્યું, પુત્રને જોવાની ઉત્કંઠાથી છઠ્ઠે દિવસે પુરૂષોત્તમ પ્રીતિથી રૂક્મિણીના રાજમહેલમાં ગયા, રૂક્મિણીએ વિનયપૂર્વક વિષ્ણુને બેસવા માટે આસન આપ્યું. પુત્રને જોવાની ઉત્સુકતાથી રૂક્મિણી પાસેથી પુત્રને માગ્યો, રૂક્મિણીએ પણ બે હાથથી ચિંતામણી રત્નની જેમ પુત્રને શ્રી કૃષ્ણના હાથમાં આપ્યો. પોતાના શરીરની કાંતિથી

દશે દિશાને પ્રકાશિત કરતા પુત્રને જોઈને હરિએ કહ્યું : 'આ પુત્રનું નામ આપણે પ્રદ્યુમ્નકુમાર રાખીશું.' એમ કહીને જ્યાં રૂકિમણીના હાથમાં આપવા જાય છે ત્યાં વચમાંથી જ પૂર્વજન્મનો વૈરી ધૂમકેતુદેવ બાલકનું અપહરણ કરી ગયો. મારી નાખવાની ઇચ્છાથી વૈરી ધૂમકેતુએ વૈતાઢય પર્વતની ટંકશિલા ઉપર બાળકને મૂકી દીધો. તેના આયુષ્યબળથી વિદ્યાધરનો અધિપતિ 'કાલસંવર' નામનો રાજા પોતાની પટ્ટરાણી કમલમાલાની સાથે પોતાની રાજધાની તરફ જતો હતો તેનું વિમાન આકાશમાં સ્તંભી ગયું, વિમાનમાંથી નીચે ઉતરીને જોતાં તેજસ્વી બાળકને જોયો. બાળકને લઈ અપુત્રિણી એવી પોતાની પત્ની કમલમાલાને આપવા માંડ્યો પરંતુ કમલમાલા લેતી નથી. નહી ગ્રહણ કરવાનું કારણ પૂછવાથી કમલમાલા એ કહ્યું : 'સ્વામિન્, આપના પરાક્રમી બીજા પાંચસો પુત્ર છે. આ બાળકનું હું પાલન કરું, પરંતુ આ પુત્ર તમારા પાંચસો પુત્રોથી નાનો કહેવાય. એને રાજ્ય મળે નહી તો ભવિષ્યમાં આ દુઃખ મારાથી સહન થઈ શકે નહી. એના કરતાં આ બાળકને ગ્રહણ નહી કરવો એ જ સારૂં.' ત્યારે કાલસંવરે કહ્યું : 'પ્રિયે, આવા અદ્ભુત બાળકને તું ગ્રહણ નહી કરે ? જો તો ખરી કેટલો તેજસ્વી છે. કમલમાલા કહે એને હું ગ્રહણ કરું પરંતુ તમે એને રાજ્ય ના આપો તો ઉલ્ટો મને કલેશ થાય. માટે જ એને હું સ્વીકારતી નથી,' સાંભળીને કાલસંવર રાજાએ કહ્યું : 'જો તને એમ જ છે તો આ પુત્રને હું આજથી જ યુવરાજપદવી આપું છું એમ કહી તેના કપાલમાં યુવરાજનું તિલક કરી પોતાની પત્ની કમલમાલાને આપ્યો. કમલમાલા તેને લઈને પુત્રની જેમ પાલન કરવા લાગી. તે પ્રદ્યુમ્ન સુખવડે અને સૂર્યની જેમ શરીરની કાંતિવડે દિવસે દિવસે વધવા લાગ્યો, તેના પુણ્યના સંકેતથી પૃથ્વીતલમાં પ્રદ્યુમ્નતરીકે પ્રસિદ્ધ થશે ! તે પ્રદ્યુમ્નકુમાર મનોહર એવી બે વિદ્યાઓ, પત્ની અને અદ્ભુત એવા સોળલાભ સહિત સોળેવર્ષે તેના માતાપિતાને મળશે. એના જન્મદાતા માતા પિતાને જ્યારે મળશે ત્યારે દ્વારિકામાં ચમત્કારી લક્ષણો થશે તે સાંભળ, ઉદ્યાનોમાં ફળને નહી આપનારા વૃક્ષો નવપલ્લવિત થઈ ઘણા ફળો આપનારા બનશે. વૃક્ષોનું 'ફલદા' વિશેષણ સાર્થક થશે. નગરવાસી મનુષ્યોમાં સુખની વૃદ્ધિ થશે. ન્યાય નીતિપૂર્વકના વ્યાપારથી ધનની વૃદ્ધિ થશે. ચિત્તની ચંચળતા હોવા છતાં પણ પ્રદ્યુમ્નના અનુપમ મુખને જોવા માટે ચિત્તની અત્યંત વ્યગ્રતાથી અંધજનોને પણ નેત્રો પ્રાપ્ત થશે. મેઘની વૃષ્ટિથી કદંબવૃક્ષના પુષ્પો અંકુરિત થાય તેમ પ્રદ્યુમ્નને જોઈને રૂકિમણીની સાડાત્રણ કોડ રોમરાજી વિકસ્વર થશે, ચન્દ્રને જોઈને જેમ સમુદ્રમાં ભરતી આવે છે તેમ પ્રદ્યુમ્નને જોઈને તેણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટશે. જેઓની પ્રીતિ પહેલા કૃત્રિમ હશે તે પણ પાણીમાં રહેલી રેખાની જેમ એકમેક બની જશે, જેઓની પ્રીતિમાં પરસ્પર વિરોધ હશે તેઓનો પણ વિરોધ તરત જ શમી જશે. સર્વે વૃક્ષો નવપલ્લવિત થશે. તેના ભક્ષણથી તિર્યંચો (પશુઓ) પણ પુષ્ટ બનશે. તે પશુઓના દહી, દૂધ અને ઘીના ભક્ષણથી મનુષ્યોની આધિવ્યાધિઓ નાશ પામશે અને શરીરને પુષ્ટિકારી બનશે. કાણા મનુષ્યો બે નેત્રવાળા કુબ્જમાનવો સુંદર આકૃતિવાળાં અને કુરૂપ મનુષ્યો સુંદર અને શ્રેષ્ઠ રૂપવાળા

થશે. કૃષ્ણના રાજ્યથી પણ અધિકતર નગરવાસી નરનારીઓના મન આનંદિત બનશે. પતિના આગમનથી જેમ સ્ત્રી રૂપવતી, ચાતુર્યવંતી અને ધનાઢ્યા બને છે તેમ પ્રદ્યુમ્નના આગમનથી દ્વારિકા રૂપવતી, ચાતુર્યવંતી અને ધનાઢ્યા બનશે. જડ અને ચેતન-સઘળાયે પદાર્થો પોતાની દુર્ભાગતાનો ત્યાગ કરી સુભગતાને ધારણ કરશે. આવા પ્રકારના પુણ્યશાળી પ્રદ્યુમ્નકુમારની ભાળ મેળવવા માટે કૃષ્ણના સ્નેહથી પ્રેરાઈને અહીં નારદ આવ્યા છે.

हर्षाहर्षकरं तस्य, श्रुत्वा स्वरूपमद्भुतं । प्रजजल्प जिनाधीशं, सार्वभौमः सविस्मयः ॥७॥
त्वया प्रोक्तं समासेना-कर्णितं तन्मया विभो ! । विस्तरेण प्रजल्पास्य, स्वरूपं पूर्वजन्मनः ॥८॥
ईदृग्भाग्योदयस्तस्या-बाल्यादप्यभवत्कथं । कथं वा तेन देवेन, सार्धं वैरं दुरासदं ॥९॥

હર્ષ અને વિષાદ કરનારૂં પ્રદ્યુમ્નનું અદ્‌ભુત સ્વરૂપ સાંભળીને વિસ્મય પામેલાં ચક્રવર્તીએ ભગવાન સિમંધરસ્વામીને પૂછ્યું : ભગવન્, આપે સંક્ષેપથી પ્રદ્યુમ્નનું સ્વરૂપ મને બતાવ્યું, હવે તેના પૂર્વજન્મનું વિસ્તૃત સ્વરૂપ સમજાવવા કૃપા કરો.

ભગવન્, મને એક વાતનું આશ્ચર્ય થાય છે કે આવા પ્રકારના ભાગ્યશાળી બાળકને જન્મતાની સાથે દેવની સાથે કેવી રીતે વૈર બંધાયું હશે ?

पुनरप्युदिते सार्व—भौमेनेति मनीषिणा । जिनोऽवद् नरदेव त्वं, यदिच्छसि तदा शृणु ॥१०॥
जंबूद्वीपे क्षितिख्याते, समाश्रिते सुपर्वभिः । पवित्रे भरतक्षेत्रे, देशोऽस्ति मगधाभिधः ॥११॥
शालिनिष्पत्तिर्भूयस्त्व-शालिलक्ष्मीश्च देशके । वशालिगीतगानेन, शालिग्रामोऽस्ति शोभनः ॥१२॥
ब्रह्मबीजप्रसूतोऽहं, जातिर्ज्येष्टा ततो मम । वह्निति स्मयं तत्र, सोमदेवोऽस्ति वाडवः ॥१३॥
अग्निलेत्यभिधानेन, प्रसिद्धा तस्य कामिनी । मानिनीमाननाशाय, रूपेण विधिना कृता ॥१४॥
भुंजानयोर्मुदा भोगा—ननल्पद्रव्यपूर्णयोः । कार्यं हि कारणैः साध्यं, तद्भर्यांधानमादधत् ॥१५॥
आधानसमये पूर्णे,सुषुवाते सुतौ तया । अग्निभूतिर्वायुभूति-रित्याख्या च कृता तयोः ॥१६॥
निर्गंधानि प्रसूनानि, यथा किंशुकशाखिनां । न राजंते तथा विद्या-विहीनाः पूरुषा भुवि ॥१७॥
ध्यात्वेत्यध्यापनार्थं ता-वुपाध्यायसमीपके । विमुक्तौ तनयौ ताभ्यां, दूरामोच्यावपि क्षणं ॥१८॥
पूर्वजन्मैकसंस्कार-वशेनापठतां च तौ । बहून्यन्यानि शास्त्राणि, वेदान् विशेषतः पुनः॥१९॥
कन्ययो रुपवत्योश्च, द्विजातिजातयोस्तयोः । पितृभ्यां यौवने काले कारितं करपीडनं ॥२०॥
एकं रुपं द्वितीयं तु, प्रभूतद्रव्यगर्विता । ब्राह्मणेषु तृतीयं च वेदादिपारगामिता ॥२१॥
चतुर्थो भ्रातृसंयोगः, पंचमं यौवनं वरं । षष्टं ब्राह्मणजातिश्च, सप्तमं लोकमानिता ॥२२॥
एतेष्वपि पदार्थेषु, ह्येकोपि दुस्सहो भवेत् । किं पुनर्मिलिताः सप्त, न कस्य मदहेतवे ॥२३॥
ततस्तौ द्वौ मदोन्मत्तौ, गभीरवेदिनाविव । भ्रमंतावभिमानेन, सर्वत्र ग्राम इच्छया ॥२४॥

બુદ્ધિશાળી એવા ચક્રવર્તીના કથનથી ભગવંતે કહ્યું : 'રાજન્, સંસારી જીવોને રાગ-દ્વેષનું કારણ પ્રાયઃ પૂર્વજન્મના ઋણાનુબંધને અનુસરીને હોય છે, તો હવે પ્રદ્યુમ્નના પૂર્વ-જન્મના વૃત્તાંતને કહું છું તે તું સાંભળ.'

જંબૂદ્વીપમાં પૃથ્વીતલને વિષે પ્રખ્યાત અને દેવો વડે આશ્રિત એવા ભરતક્ષેત્રમાં મગધ નામનો દેશ છે. જેમાં શાલિ (ડાંગર-ચોખા)ની વધારે પ્રમાણમાં ઉત્પત્તિ છે અને લક્ષ્મીવંત-નો વાસ છે, તેમજ સદૈવ ગીતગાનો વડે ઉલ્લસિત વાતાવરણ છે તેવું સુંદર શાલિગ્રામ નામનું નગર છે. તે શાલિગ્રામમાં 'બ્રહ્માના બીજ સ્વરૂપ મારી ઉત્તમ જાતિ છે,' એવા પ્રકારના અહંકારને ધારણ કરતો સોમદેવ નામનો બ્રાહ્મણ રહે છે. પોતાના રૂપ વડે જગતની સ્ત્રીઓને તુચ્છ ગણનારી અગ્નિલા નામની તેની પત્ની છે, સાંસારિક સુખોને ભોગવતા ભોગના ફલરૂપ અગ્નિલાએ ગર્ભધારણ કર્યો. તેણીએ પૂર્ણ સમયે અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના બે પુત્રોને જન્મ આપ્યો. 'કિંશુકવૃક્ષ (કેસુડા)ના નિર્ગંધ પુષ્પો જેમ શોભતા નથી તેમ જગતમાં વિદ્યા વિનાના પુરુષો શોભાને પામતા નથી.' આ પ્રમાણે વિચારીને સોમદેવે પોતાના વ્હાલસોયા બંને પુત્રોને ઉપાધ્યાય પાસે ભણવા માટે મૂક્યા. પૂર્વજન્મના સંસ્કારથી તે બંને ભાઈઓએ અલ્પકાલમાં જ સઘળાંયે શાસ્ત્રો ભણી લીધાં. તેમાં વિશેષથી વેદોના પારંગત બન્યા. વિદ્યા-ધન પ્રાપ્ત કરી ઘેર આવેલા તે બંને યુવાન પુત્રોનું બ્રાહ્મણ જ્ઞાતિની રૂપવતી કન્યાઓની સાથે માતાપિતાએ પાણિગ્રહણ કરાવ્યું. એક તો રૂપ, બીજી **દ્રવ્યસંપત્તિ**, ત્રીજી **વેદાદિ શાસ્ત્રોની પારંગતતા**, ચોથું **ભાઈઓનો પરસ્પર પ્રેમ**, પાંચમું **યૌવન**, છઠ્ઠું **બ્રાહ્મણ જ્ઞાતિ** અને સાતમું **લોકમાન્યપણું**. આ સાતમાંથી એકેક વસ્તુ જેની પાસે હોય તેને અભિમાની બનાવે છે. વળી, આ બંનેમાં સાતે વસ્તુનું મિલન હોવાથી મદોમન્ત કેમ ના બનાવે ? મદોમન્ત બનેલા તે બંને ભાઈઓ નગરમાં સર્વત્ર ઘૂમતા હતા. સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરતા હતા. કોઈ તેને રોકી શકતું નહી.

वासुपूज्यजिनेंद्रस्य द्वादशस्य जिनेष्वपि । भ्राजमानं तदा तीर्थं, समभूत्पापनाशनं ॥२५॥
इतश्च महतस्तस्य, शालिग्रामस्य सन्निधौ । आस्ते मनोरमोद्यानं, हृद्यानंदप्रदं नृणां ॥२६॥
सुमना इति नाम्नाभूद्, यक्षो रक्षोपकारकः । तत्रैव समवासार्षी-दाचार्यो नंदिवर्धनः॥२७॥
याचित्वावग्रहं योग्यं, वनपालस्य सन्निधौ । विनेयैर्विनयानम्रै-स्तत्रोत्तीर्णो मुनीश्वरः ॥२८॥
शिक्षयाशिक्षितांगानां, शिष्याणां सौख्यशालिनां । अधीत्यध्यापने दृष्ट्वा, वनपालोऽप्यमूमुदत् २९॥
मोदमानेन नत्वा तं, श्री गुरुं भक्तिपूर्वकं । तेन पौरमनुष्याणां, तद्वर्धापनिका ददे ॥३०॥
तदाननात्समाकर्ण्य, श्रीगुर्वागमनं वरं । संमतं धर्मिलोकानां, श्राद्धवर्गो मुदं दधौ ॥३१॥
प्रभूतं वनपालस्य, दत्वा द्रव्यं पुरीजनाः । द्राग् विवंदिषवोऽभूवन् भक्तिरागानुषंगतः ॥३२॥

आकर्णितं यतो येन, ततः सोऽपि समुत्थितः । निवासे स्वे समागत्य, प्रचक्रे विधिमात्मनः३३॥
स्नात्वा स्वसद्मदेवानां कृत्वा च विधिनार्चनं । कुंमकुमचंदनाभ्यां च कृतपुंढ्रा विनिर्ययुः ॥३४॥
गजारुढा नराः केचित्, केचिद्वाजिनमाश्रिताः । रथारुढास्तथा केचित्, केचित्पादविहारिणः॥३५
धर्मेण वंदितुं केचित्, केचित्कूलक्रमेण च । प्रमदाप्रेरिताः केचित्, केचित्सौहार्दयोगतः॥३६॥
वंदनौत्सुक्यतो लोकाः. पथि संघट्टभीभृतः । नभोयानकृतेऽवांच्छन्, स्वविद्याधरतां भृशं ॥३७॥
दृष्टारका इव प्रोद्य-द्वेषभुषणभूषिताः । नरास्तथा च कामिन्यो, देवांगना इवाबभुः ॥३८॥
एकतो मर्त्यवृंदं च, कामिनीवृंदमेकतः । गन्तुमौत्सुक्यतो याति, प्रीतिवत्तचेतसा ॥३९॥
लोकान् मनोज्ञनेपथ्या-भरणैर्भारितांस्ततः । बहिस्तौ गच्छतो वीक्ष्य, श्राद्धं कंचिदपृच्छतां ॥४१
किमद्येंद्रमहः किं वा, ! तडागस्य महो महः । कौमुदियो महः किं वा, वर्तते नगराद् बहिः॥४०
यत एते जना यांति भूपरूपाणि बिभ्रतः । धन्यंमन्याश्च कामिन्यः स्वामिन्य इव भूषिताः॥४२॥
तेनोक्तं किं युवां मूढौ, पतितौ नभसोऽधुना । अथवा स्फोटयित्वोर्वीं किं वा ग्रामात् समागतौ
सुरासुरनरैः पूज्यं त्रिज्ञानध्यानयोगिनं । नंदिवर्द्धनमाचार्यं यन्न वित्थो वनागतं ॥४४॥
कथिते श्रावकेनेति क्षिप्ताज्याग्निशिखे इव । प्रवर्द्धयन्नकोपौ तावजल्पतां द्विजातिजौ ॥४५॥
मंत्रतंत्रप्रयोगेण विप्रतारितमानसः । कदाग्रहग्रस्तः किं प्रजल्पसि मूढधीः ॥४६॥
एतावानुत्सवैर्लोको येनाऽस्ति विप्रतारितः । आवाभ्यां यश्च न ज्ञातः, स कोऽस्ति नन्दिवर्द्धनः
नैषां श्वेताम्बराणां त्वं स्वरूपं वेत्सि मायिनां । आवामेव विजानीवो, धूर्तविद्याविशारदौ ॥४८॥
यादशा मलिना बाह्येतरंगेऽपि तादृशाः । उभयोः पक्षयोरेषां, शौचं मालिन्यतो नहि ॥४९॥
होमपूजनयागाद्या, दुरे सत्वपराः क्रियाः । जगदीश्वरनामापि, शौचं विना न शुद्धयति ॥५०॥
विना तन्नामजापेन, पापव्यापप्रणाशिना । अन्योपायेन केनाऽपि, न मुक्तिर्भविनांभवेत् ॥५१॥
अन्यच्च वेदशास्त्रेभ्योऽपि बाह्या मलिनांबरा । नैते ब्राह्मणजातीया अप्यग्राह्याभिधानकाः ॥५२॥
लोहगोला इवैते तु, स्वयं तरीतुमक्षमा । तारणायान्यलोकानां, संभवेषुः क्षमाः कथं ॥५३॥
अपुत्रगतिवन्नृणा-मेषां स्वर्गोऽपि नोदितः । तदा मुक्तिः क्व निःशेष-कर्ममर्मक्षयंकरी ॥५४॥
ब्रह्मवक्त्रसमुद्भूता, ब्रह्मज्ञानविशारदाः । तारका ब्राह्मणा एव, संति, ब्राह्मणजातिजाः ॥५५॥
कथितानां जगतसृष्टि-कर्त्रा वक्त्रेण वेधसा । चतुर्णामपि वेदानां संतताभ्यासकारिणः ॥५६॥
अमलिना यथांगे च परिधानांशुके यथा । पूतास्तथांतरंगेऽपि, ब्राह्मणाः शुचिकर्मणा ॥५७॥
पुंस्त्रीवेदसमुत्पन्न-विकारसमनाय च । संतत्यै सुरतं कृत्वा सन्यासव्रतधारिणः ॥५८॥
यजनं याजनं चैवाध्ययनाध्यापने पुनः । दानं प्रतिग्रहश्चेति, नित्यं षट्कर्मकारकाः ॥५९॥
ऐहिकामुष्मिकासंख्यसौख्य-संस्पृहयालुना । त्वया सेव्या द्विजा एव, स्वर्गापवर्गदायकाः॥६०॥

આ સમયે બારમા વાસુપૂજ્ય ભગવાનનું સમગ્ર પાપને નાશ કરનારું તીર્થ પ્રવર્તતું હતું. શાલિગ્રામની નજીકમાં મનુષ્યોને આનંદ આપનારું મનોરમ નામનું ઉદ્યાન છે, તે ઉદ્યાન સુમન નામના યક્ષથી અધિષ્ઠિત છે. એક દિવસે તે ઉદ્યાનમાં બારમા વાસુપૂજ્ય સ્વામીના તીર્થમાં રહેલા નંદીવર્ધન નામના આચાર્યભગવંત પાંચસો સાધુઓની સાથે પધાર્યા. વનપાલકની પાસે વસતિની યાચના કરીને વિનયી એવા પોતાના શિષ્યોની સાથે ત્યાં રહ્યા. મુમુક્ષુ શિષ્યોને અધ્યાપન કરાવી રહેલા પ્રશાંત મૂર્તિ આચાર્ય ભગવંતને જોઈને વનપાલક ઘણો ખૂશ થયો. ખૂશ થયેલા વનપાલે ગુરૂભગવંતને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને નગરવાસીઓને વધામણી આપી. ગુરૂભગવંતનું આગમન સાંભળીને શ્રાવકવર્ગ આદિ ધર્મીલોકને ખૂબજ આનંદ થયો. નગરવાસીઓએ વધામણી આપનાર વનપાલકને ઘણું દ્રવ્ય આપીને વંદન કરવાની ઇચ્છાવાળા નગરવાસીઓએ એક બીજાને સમાચાર આપી, ભક્તિપૂર્વક ઉદ્યાનમાં આવીને ગુરૂભગવંતને વંદના કરી ધર્મદેશના સાંભળી, પોતાની જાતને કૃતાર્થ માની, પોત પોતાના ઘેર જવા લાગ્યા.

આ રીતે નગરવાસીઓ સ્નાન કરી પોતાના ગૃહચૈત્યની પૂજા અર્ચના કરી કેશર ચંદનના તિલક કરી કેટલાક હાથી ઉપર, કેટલાક ઘોડા ઉપર, કેટલાક રથમાં તો કેટલાક પગે ચાલી પોતાનો ધર્મ સમજી, કેટલાક સ્વજનોની પ્રેરણાથી તો કેટલાક મિત્રોની, તો કેટલાક પત્નીઓની પ્રેરણાથી વંદન કરવા આવવા લાગ્યા. વંદન કરવાની ઉત્સુકતાથી રસ્તામાં જતા લોકોની એટલી બધી ભીડ જામી ગઇ કે જાણે તેઓ વિદ્યાધરોની જેમ આકાશમાં ચાલતા ના હોય ! તેમ માનવા લાગ્યા. વિધવિધ પ્રકારની વેષભૂષાથી સજ્જ પુરૂષો દેવની જેમ તેમજ સોળે શણગારથી સજ્જ સ્ત્રીવર્ગ દેવાંગનાની જેમ શોભતો હતો. સુંદર વસ્ત્રાલંકારથી શોભતો એક બાજુ પુરૂષ વર્ગને અને બીજી બાજુ સ્ત્રીવર્ગને ગુરૂભગવંતના દર્શન વંદન કરવાની ઉત્સુકતાથી પ્રસન્નતા પૂર્વક જતો આવતો જોઈને અગ્નિભૂતિ અને વાયુભૂતિ બંને ભાઈઓ પૂછવા લાગ્યાઃ– 'અરે, આજે નગરની બહાર કોઈ ઇન્દ્રમહોત્સવ છે ? તડાગ મહોત્સવ છે કે કૌમુદી મહોત્સવ છે ? જેથી લોકો નવા નવા કપડાં પહેરી, શણગાર સજીને આનંદપૂર્વક દોડાદોડી કરી રહ્યા છે. તે શા માટે ?' આ પ્રમાણે અગ્નિભૂતિ અને વાયુભૂતિના પૂછવાથી એક શ્રાવકે કહ્યું:– 'અરે, તમે લોકો મૂઢ છો કે શું ? આકાશમાંથી પડયા છો કે ધરતી ફોડીને બહાર નીકળ્યા છો ? ગામમાં રહો છો છતાં તમને એટલી પણ ખબર નથી કે દેવ દેવેંદ્ર અને મનુષ્યોથી પૂજાયેલા ત્રિકાળજ્ઞાની, ધ્યાની અને મહાનયોગી એવા નંદિવર્ધન આચાર્ય ભગવંત આપણા નગરની બહારના ઉદ્યાનમાં સપરિવાર પધાર્યા છે ! તમો સાવ અજ્ઞાની છો !' પ્રજ્વલિત અગ્નિમાં ઘી હોમવા સમાન શ્રાવકનું વચન સાંભળીને બંને બ્રાહ્મણો અત્યંત ક્રોધાતુર બની બબડાટ કરવા લાગ્યાઃ–'અરે, મૂઢબુદ્ધિવાળો તો તું છે. તે સાધુના મંત્રતંત્રના પ્રયોગથી તું ઠગાઇ ગયો છે. એટલે જ કદાગ્રહી બનીને જેમ તેમ બબડી

રહ્યો છે. એકલો તું ઠગાઇ ગયો છે, એટલું જ નહીં પરંતુ આ બધા લોકોને આ સાધુએ ઠગી લીધા છે અમે નથી જાણતા કે તે નંદીવર્ધન કોણ છે! તમે લોકો તો સાવ મૂર્ખ છો. કંઈ સમજતા નથી. માયાવી એવા આ શ્વેતાંબરોના સ્વરૂપને જાણતા નથી. તેથી અમને ધૂર્તવિદ્યાના વિશારદ માનો છો. આ સાધુઓ જેવા બહારથી મેલા છે તેવા અંદરથી પણ મેલા છે. બંને પ્રકારે મલિન હોવાથી તેમનામાં જરાયે પવિત્રતા નથી. હોમ-પૂજન, યજ્ઞ-યાગાદિ સાત્ત્વિક ક્રિયાઓ તો દૂર રહી પરંતુ જગત્કર્તા ઈશ્વરને પણ તેઓ માનતા નથી. પછી તેમની અંદર શૌચ (પવિત્રતા) રહે કયાંથી ? ઈશ્વરના નામ સ્મરણ-જાપ વિના પાપનો નાશ થાય નહી અને પાપના નાશ સિવાય મુક્તિ મેળવવા માટેનો બીજો કોઇ ઉપાય નથી. વળી, આ શ્વેતાંબરીઓ વૈદિક શાસ્ત્રથી બહાર છે. અને બ્રાહ્મણ જાતિના નથી. તેથી મેલાં કપડાવાળા આ સાધુઓનું નામ પણ લેવા જેવું નથી. લોઢાના ગોળા જેવા પોતે ભવસમુદ્રથી તરી શકવા સમર્થ નથી તો બીજાને તારવાની શક્તિ તેમનામાં કયાંથી હોય? શાસ્ત્રમાં કહ્યું છે કે **'अपुत्रस्य गतिर्नास्ति'** પુત્ર વિહૂણા વાંઝીયાઓને સ્વર્ગ પણ મળતું નથી, તો સમસ્ત કર્મનો ક્ષય કરવાવાળી મુક્તિ તો કયાંથી મલે ? ખરેખર, બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મજ્ઞાનમાં વિશારદ બ્રાહ્મણજાતિના બ્રાહ્મણોમાં જ સંસાર સમુદ્રમાંથી તારવાનું સામર્થ્ય છે. જગતકર્તા બ્રહ્માએ સ્વમુખે કહેલા ચારે પ્રકારના વેદોનો હંમેશાં અભ્યાસ કરતા પવિત્ર શરીર અને પવિત્ર વસ્ત્રોને ધારણ કરનારા, જેવા બહારથી પવિત્ર છે તેવા અંતરંગમાં પણ પવિત્ર શુચિકર્મને કરનારા બ્રાહ્મણો, સ્ત્રી પુરૂષ વેદથી ઉત્પન્ન થયેલા વિકારોને શમન કરવા માટે અને સંતતિ માટે મૈથુનક્રિયા કરી સંતતિ પેદા કર્યા પછી સંન્યાસ વ્રતને ધારણ કરનારા યજ્ઞ-યાગ, અધ્યયન- અધ્યાપન, દાન-આદાન અને હંમેશ ષટ્કર્મ કરવામાં તત્પર એવા બ્રાહ્મણો જ સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ)ને આપનારા છે. માટે આ લોક અને પરલોકનાં હિતની ઇચ્છાવાળા માણસોએ બ્રાહ્મણોની જ સેવા કરવી જોઇએ.

तदाऽवोचद् गृहस्थाः रे, दर्पिणौ द्विजतिजौ । येषां स्याद् दर्शने पुण्यं, साधूंस्तान्निंदथः कथं॥६१॥
येषां पुत्रकलत्रादि, स्यादारंभ परिग्रहः । तस्याजीवनपोषार्थं तैरेव विप्रतार्यते ॥६२॥
निष्पुत्रा निःकलत्राश्च, निरारंभपरिग्रहाः । साधवः कथमुच्यन्ते, युवाभ्यां विप्रतारकाः ॥६३॥
बाह्यक्षालनतो यर्हि नैर्मल्यं स्याच्छरीरिणां । मत्स्यादीनां तदा ज्ञेयमशौचं न कदाचन ॥६४॥
विशुद्धा ब्रह्मचर्येण, य एव निर्मला हि ते । कथमुच्यते मालिन्यं—साधूनां शीलशालिनां ॥६५॥
ये लाघवसमन्वीता—स्त एव तारका नृणां । साधवो वहनप्राया, घोरसंसारवारिधौ ॥६६॥
वेदबाह्यास्त एव स्यु—र्ये यज्ञहिंसनोद्यताः । मतिकल्पनया ये च, सम्यगर्थं विदंति न ॥६७॥
दयादमयुता जैनाः, संयमांचितचेतसः । कथं जीवदयाधर्मं, ब्रुवाणा वेदतो बहिः ॥६८॥

मिथोऽभवत्कियद्वेला, विवादं कुर्वतोस्तयोः । मूर्खेण तेन किं ब्रुवो, विप्राभ्यामिति चिंतितं।।६९।।
एतेन माननीयेना—चार्येण गुरुणा समं। जयावो यदि वादेन, तदावयोर्यशो महत् ।।७०।।
हृदये चिंतयित्वा तौ, सोमदेवद्विजांगजौ । जिनधर्मानुरक्तं तं, सुश्रद्धं श्राद्धमूचतुः ।।७१।।
कदाग्रहेण चेत्ताव—कीना मतिर्द्विजेषु न । तदा याहि त्वया सार्धं, मुधा प्रलपनेन किं ।।७२।।
वदित्वेत्यभिमानेन, विसृज्य श्रावकं च तं । अग्निभूतिवायुभूती, जग्मतुः स्वनिकेतने ।।७३।।

અગ્નિભૂતિ અને વાયુભૂતિનું 'ઉપર્યુકત ભાષણ સાંભળી ગૃહસ્થો કહેવા લાગ્યા:-'રે, અભિમાની બ્રાહ્મણો, જેના દર્શનથી પણ પવિત્ર થવાય છે, એવા સાધુપુરૂષોની નિંદા કેમ કરો છો ? જે લોકો સ્ત્રી પુત્ર પરિવારને લઇને બેઠેલા આરંભ પરિગ્રહમાં ચકચૂર અને આજીવિકાના પોષણ માટે જ પોતાની વિદ્યાનો ઉપયોગ કરનારા છે એવા બ્રાહ્મણો તો લોકોને ઠગે છે. જ્યારે આ સાધુઓ તો પુત્ર કલત્ર આદિ સંસારી પરિવાર વિનાના, નિરારંભી અને અને નિષ્પરિગ્રહી છે. તેઓને ઠગારા કેમ કહી શકાય ? વળી, તમે કહ્યું કે 'સ્નાન કરતા નથી માટે મલિન છે.' પરંતુ જો સ્નાન કરવાથી જ પવિત્ર થવાતું હોય તો નદી-તળાવ સરોવરમાં રહેલા માછલાં આદિ જલજંતુઓ જ ખરેખર શુદ્ધ અને પવિત્ર કહેવાય પરંતુ એવું નથી. બ્રહ્મચર્ય વડે જે વિશુદ્ધ છે, તે જ ખરેખર નિર્મલ અને પવિત્ર કહેવાય છે. આ સાધુઓ નિર્મલ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરનારા હોવાથી મહા પવિત્ર છે. તેને મલિન કેમ કહી શકાય. સમુદ્રમાં તે જ તરી શકે અને બીજાને પાર કરાવી શકે કે જેઓ વજનમાં હલકા હોય. આ સાધુઓ લઘુકર્મી હોવાથી ભયંકર સંસાર સમુદ્રને પોતે તરે છે અને બીજાને તારવા માટે સમર્થ છે.

તમે જે કહ્યું કે 'સાધુઓ વેદબાહ્ય છે.' પરંતુ તમે યજ્ઞ-યાગ, હિંસા આદિમાં તત્પર એવા મતિકલ્પનાથી કરેલા અર્થને જાણો છો પરંતુ વેદના સમ્યગ્ અર્થને જાણતા નથી. તેથી દમ, દયા અને દાન, આ ત્રણ પ્રકારથી યુક્ત સંયમમાં રકત અને અહિંસા એ જ પરમ ધર્મ એમ કહેનારા એવા જૈનસાધુઓને વેદબાહ્ય કેવી રીતે કહી શકય ?

આ પ્રમાણે સદ્ગૃહસ્થોની સાથે વિવાદ-ચર્ચા કરતા ઘણો સમય થઇ જવાથી, અગ્નિ-ભૂતિ-વાયુભૂતિએ વિચાર્યું કે 'આ મૂર્ખાઓની સાથે શું ચર્ચા કરવી ? એ લોકોના માનેલા ગુરૂ આચાર્યની સાથે ચર્ચા કરવી શ્રેષ્ઠ છે. અને જો આચાર્યની સાથે વાદ વિવાદમાં આપણી જીત થશે તો લોકોમાં આપણો ઘણો યશ ફેલાશે, અને જયજયકાર થશે.' આ પ્રમાણે વિચારી તે બંનેએ જૈનધર્મમાં ચુસ્ત એ શ્રાવકને કહ્યું : 'તમે લોકો કદાગ્રહી છો. તમારા મનમાં બ્રાહ્મણો પ્રત્યે તિરસ્કારની ગ્રંથી છે. તમારી સાથે વાત કરવી એ એક પ્રલાપમાત્ર છે. માટે જાવ, તમારી સાથે ખોટી માથા પચ્ચી કરવી નથી. આ પ્રમાણે કહીને તે બંને પોતાના ઘેર ગયા.

अथैतौ स्वगृहं गत्वा, नत्वा च पितरौ मुदा । विनयेन विनयोपेतौ, कथयामासतुः स्मयात्।।७४।।
उद्यन्मनोरमोद्याने, दंभेन यतिवेषवान् । आचार्यो नाममात्रेण,—गतोऽस्ति नंदिवर्धनः।।७५।।
धवलांबरधारित्वा—ज्जैनमतप्ररूपिणा । सर्वोऽपि नागरो लोक—स्तेनास्ति विप्रतारितः।।७६।।
क्षमावहे तमावां न, व्रजित्वा युष्मदाज्ञया । वादं विधाय जेष्यावो, मायाविनं सितांबरं ।।७७।।
अयं संस्थास्यति द्वित्रा—ण्यहान्यत्र पुरे यदि । तदानेन जनः सर्वो, विभ्रमे पातयिष्यते ।।७८।।
आवां ततो वने गत्वा, वादेन सर्वसाक्षिकं । तथा निर्भर्त्सयावस्तं, पाखंडिनमखंडितं ।।७९।।
यथापमानितो ग्रामा—दस्मात्प्रयाति सत्वरं । स्याद्वादवादिनो जैना, अपि म्लाननना यथा।।८०।।

તે બંનેએ પોતાના ઘેર આવી વિનયપૂર્વક માતાપિતાને પ્રણામ કરીને કહ્યું : 'પિતાજી આપણા મનોરમ ઉદ્યાનમાં યતિ વેષધારી, દંભી અને નામ માત્રથી આચાર્ય કહેવાતો કોઈ નંદીવર્ધન નામનો શ્વેતાંબરી સાધુ આવ્યો છે. પોતે શ્વેતાંબરી હોવાથી જૈનધર્મની પ્રરૂપણા કરીને નગરના લોકોને ઠગી રહ્યો છે. તે અમારાથી સહી શકાતું નથી. જો આપની આજ્ઞા હોય તો ત્યાં જઈને તેની સાથે વાદ કરીને માયાવી એવા તે શ્વેતાંબરીને હરાવીને વિજય મેળવીએ. આ સાધુઓ જો ગામમાં બે-ચાર દિવસ વધારે રોકાશે તો આખાયે ગામને વિભ્રમમાં પાડી દેશે. તેની અમે ઉદ્યાનમાં જઈ સર્વલોકોની સાક્ષીએ વાદ કરી તે પાખંડીનો તિરસ્કાર કરી ગામમાંથી તગેડી મૂકીએ ગામમાંથી અપમાનિત થયેલો પાખંડી ગામ છોડી જશે ત્યારે બીજા સ્યાદ્વાદી જૈનો પણ મ્લાનમુખવાળા બની જશે.'

पितरावूचतुः पुत्रौ, युवां कलायुतावपि । वादं श्वेतांबरैः सार्धं, मा कार्ष्टं हि कदाचन ।।८१।।
विद्यंते मंत्रतंत्रादि—विद्यास्तेषां किलार्हतां । कौटिल्यमन्यदप्येषां, जीवतव्यविनाशनं ।।८२।।
वेदशास्त्रपरिभ्रष्टाः, सिद्धांताध्यायिनोऽनिशं । निपुणाः परदेशेषु, परिभ्रमणनिर्मितैः ।।८३।।
तावूचतुरहंकारात् , किं युवां पितरौ मुधा । बिभीथो मलिनांगेभ्यो, धूर्तेभ्यस्तेभ्य उच्चकैः।।८४।।
युष्माकं च प्रसादेन, यत्रैकोऽपि सुतो व्रजेत् । ततो विवादिनो यांति, सिंहादिव मतंगजाः।।८५।।
यत्रैतौ किं पुनर्दक्षौ, सुतौ द्वावपि गच्छतः । श्वेतांबरोऽथवा तत्र, दिगंबरोऽस्तु दंभभाक्।।८६।।
अस्मदग्रे कियन्मात्रो, वराको नंदिवर्धनः । दक्षौ ताविति जल्पित्वा, निर्गतौ वारितावपि।।८७।।

પુત્રોની વાત સાંભળી માતાપિતાએ કહ્યું : 'બેટા, તમે વિદ્વાન અને કલાવાન છો. છતાં કયારે પણ શ્વેતાંબરીઓની સાથે વાદ કરવો નહી, કેમકે મંત્રતંત્ર આદિ વિદ્યાઓના જાણકાર સ્યાદ્વાદીઓ બહુ કપટી હોય છે. તેમાં કયારેક આપણા જીવિતનો પણ નાશ થાય, વેદશાસ્ત્રથી ભ્રષ્ટ જૈન સાધુઓ હંમેશાં પોતાના સિદ્ધાંતનું અધ્યયન કરનારા અને ગામોગામ પરિભ્રમણ

કરનારા હોવાથી મહાચાલાક હોય છે. તે લોકોને આપણે પહોંચી શકીએ નહીં.' પિતાના વચન સાંભળી અહંકારથી અગ્નિભૂતિ અને વાયુભૂતિ બોલ્યા : 'પિતાજી, એ મેલાઘેલા ધુતારાઓથી શું આપણે ડરી જવાનું હોય ? તમારી કૃપાથી તમારો એક પુત્ર પણ તેને જીતવા માટે સમર્થ છે. આ તો અમે બંને સમર્થ વિદ્વાન છીયે, ભલેને શ્વેતાંબર હોય કે દિગંબર હોય. હાથીઓના જુથને ભગાડવા માટે એક સિંહ બરાબર છે. માટે પિતાજી આપ ચિંતા ના કરો. એ રાંકડો નંદીવર્ધન અમારી આગળ કોણ માત્ર છે ? આ પ્રમાણે કહીને માતાપિતાએ વાર્યા છતાં તે બે ભાઈઓ અભિમાનથી ઘરેથી નીકળી ગયા.

निर्गच्छतोस्तयोः सार्थे, बट्वाद्या मिलिता जनाः । तैर्युतौ तौ निजोत्कर्षा–द्वार्तयंतौ च गच्छतः।८८
कश्चिद्वदति दर्पांधः, प्रक्ष्याम्यहं षडंगिकां । कश्चिच्च चतुरो वेदान् , मीमांसामपि कश्चन ॥८९॥
आन्वीक्षिकीं पुनः कश्चि—द्धर्मशास्त्रं च कश्चन । कश्चित्पुराणमित्याद्या, हृद्या विद्याश्चतुर्दश॥९०॥
विद्याविनोदवार्ताश्च, प्रकुर्वतां परस्परं । अध्वन्या गच्छतां तेषां, न्यग्रोध एक आगतः ॥९१॥
तत्र मनोरमोद्यान—पार्श्ववर्तिवटद्रुमे । श्रीनंदिवर्धनाचार्य—शिष्यः स्थितोऽस्ति सत्यकिः॥९२॥
श्रुतकेवलिवद् ज्ञानी, ध्यानी मौनी क्रियापरः । दृष्टोऽयं प्रथमं मुंड—स्तं दृष्ट्वेत्यूचतुश्च तौ॥९३॥
साधुस्तदाह के यूयं, युष्माभिः कुत्र गम्यते । तावाहतुर्द्विजावावां, यावोऽनूचानसन्निधौ ॥९४॥
सत्यकिः सत्यकीर्तिश्च, सत्यवाचा विचार्यवक् । यदि वादोन्मुखौ तर्हि, किंचित् स्थः पठितौ युवां९५
तावुचतुर्विशेषेण, वेदाभ्यासविधायिनौ । अपराण्यपि शास्त्राणि, विजानीवस्तपोधन ! ॥९६॥
मुनि पुनरपि प्रोचे, धनयौवनगर्वितैः । श्रीआचार्यसमीपे च, भवद्भिर्गम्यते कथं ? ॥९७॥
तावाख्यातामर्षेण, सार्धं त्वन्नंदिवर्धनैः । विद्यायाः कौशलं द्रष्टुं, यावो वादचिकीर्षया॥९८॥
उवाच सत्यकिर्दूरे, यदर्थं गम्यते जनैः । यद्यर्वागेव तत्सिद्धि—र्दूरे तद्गमनेन किं ॥९९॥
सद्यो भविष्यतीहैव, युष्मत्प्रत्युत्तरं यदि । तदानूचानपादांते, यानेन किं प्रयोजनं ? ॥७००॥
ततो ममैव युष्माभिः, पृच्छ्येतां प्रश्नसंशयौ । गुरौ सति वदेच्छिष्य—श्चेत्तत्प्रश्नोत्तरं वरं ॥१॥
जनके सति चेत्पुत्रो, भूपाले सति वा बलं । श्वश्र्वां सत्यां स्नुषा यद्वा, कृत्यं करोति तद्वरं ॥२॥
इति श्रुत्वा हसित्वा तौ, व्याचक्षातां मदोद्धतौ । वर्तसे त्वं कियन्मात्रो, दक्षयोरावयोः पुरः॥३॥
त्वद्गुरूणां गुरुर्यः स्या-त्तेनापि प्राज्यबुद्धिना । अस्मत्प्रश्नोत्तरं दातुं न शक्यते मनागपि ॥४॥
ततस्तवैव संदेहो, यः कश्चित्स्याच्चिरंतनः । वितंडावादमुज्झित्वा—स्माकं त्वं पृच्छ तच्छठ!॥५॥
मुनिरूचे द्विजातीयौ, माकार्ष्टमतिमानितां । मदीयप्रश्ननिर्वाहो, युवाभ्यां न भविष्यति ॥६॥
कोपाटोपेन तौ विप्रा—वूचतुर्यतिवेषभृत् । न भवेत्प्रश्ननिर्वाहो, भवेद्वा विदितं कथं ॥७॥
चित्ते स्यात्तव संदेहः, प्रश्नोत्तरविनिर्मितौ ।कश्चिद्विधीयतां तर्हि, पणः समस्तसाक्षिकं ॥८॥

वाचंयमस्तदाचख्यौ, ये भवंति मुमुक्षवः । समस्ति सर्वथा नैव, तेषां पणप्रयोजनं ॥९॥
यदा कदाग्रहग्रस्तौ, हठात्कथयथो युवां । एवमेवास्तु तद्विप्रौ, युवाभ्यामेव कथ्यतां ॥१०॥
इतः श्वेतांबरो याति, यथाऽयं विप्रतारकः । समक्षं सर्वलोकानां, पणस्तथा विधीयते ॥११॥
विमृश्येत्यूचतुर्विप्रौ, त्वं हारयसि चेन्मुने । तदा निर्भर्त्स्यमानोऽसि, निष्कास्यो गुरुणा सह॥१२॥
हारयावो यदावां वा जैनस्य पुरतस्तव । भवावो भवतो नूनं, शिष्यौ ब्राह्मणजावपि ॥१३॥
साधुः सागरवच्छश्व––द्गभीरो मतिवारिधिः । ऊरीचक्रे तयोर्वाक्यं, स्वं ज्ञानमप्रकाशयन् ॥१४॥

પોતાના ઉત્કર્ષની વાતો કરતા રસ્તામા જતા તે બંનેની સાથે બાળકો આદિ ઘણા માણસો સાથે ચાલ્યા. અભિમાનમાં અંધ બનેલા તે બંને પરસ્પર વાતો કરે છેઃ–'છ અંગ, ચાર વેદ, મિમાંસા, આન્વીક્ષિકી, ધર્મશાસ્ત્ર અને પુરાણ આદિ આપણી પાસે મહાન ચૌદ વિદ્યાઓ છે. વળી આપણે ષડ્ દર્શનના પારંગત છીએ. તો આપણી સામે આ રાંકડો નંદીવર્ધન કયાં સુધી ટકી શકવાનો ? ક્ષણમાત્રમાં તો એને બોલતો બંધ કરી દઈશું.' આ પ્રમાણે વાર્તા વિનોદ કરતા અનુક્રમે એક વટવૃક્ષ પાસે આવ્યા. મનોરમ ઉદ્યાનની પાસે રહેલા તે વટવૃક્ષ નીચે શ્રીનંદીવર્ધન આચાર્યના શ્રુતકેવલિ જેવા જ્ઞાની, ધ્યાની, મૌની અને ક્રિયામાં તત્પર એવા સત્યકિ નામના શિષ્યને બેઠેલા. જોયા જોઈને તે બંને બોલ્યા :– 'અરે, આપણી નજરમાં પ્રથમ જ આ મુંડીયો કયાંથી ભટકાઇ ગયો ?' સાધુએ પૂછયું:–'તમે કોણ છો ? કયાં જઈ રહ્યા છો ?' ત્યારે તેઓએ કહ્યું:–'અમે આચાર્ય પાસે જઇએ છીએ.' સત્યવાણી, સત્ય વિચાર અને સત્ય કીર્તિવાળા સત્યકિ મુનિએ કહ્યું:–'આચાર્ય ભગવંતની સાથે તમો વાદ કરવા માટે જતા હોય તો એક ક્ષણ ઊભા રહો. તમે શું ભણ્યા છો ?' તેઓએ કહ્યું:– 'હે તપોધન, અમે તો ચૌદ વિદ્યાના પારંગત છીએ. તેમજ બીજા પણ અનેક શાસ્ત્રોના જાણકાર છીએ.' ધન, યૌવન અને વિદ્યાથી ગર્વિત બનેલા તે બંનેને મુનિએ કહ્યું:–'તમારે આચાર્ય ભગવંત સમીપે શા માટે જવું પડે ? જો તમે તમારી વિદ્યાચાતુરી બતાવવા માટે વાદ વિવાદ કરવાની ઇચ્છાથી જતા હો તો મારી સાથે જ વાદ કરોને ? જો પ્રયોજનની સિદ્ધિ નજીકમાં જ થતી હોય તો દૂર જવાની શી જરૂર ? તમારા પ્રશ્નોના જવાબ મારી પાસેથી મળી શકશે. તો નાહક આચાર્ય ભગવંતને તકલીફ આપવાની શી જરૂર ? તેથી તમારે જે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછો. તેના બધા જવાબો હું આપીશ. નીતિશાસ્ત્ર પણ કહે છેઃ– 'શિષ્ય છતાં ગુરૂને, પુત્ર હોતે છતે પિતાને, સૈન્ય હોતે છતે રાજાને અને વહુ હોતે છતે સાસુને તકલીફ આપવી જોઇએ નહી. માટે તમારા પ્રશ્નોનું નિરાકરણ હું કરીશ. તેથી શ્રી આચાર્ય પાસે જવાની જરૂર નથી.' મુનિના ઉપર્યુકત વચન સાંભળીને મદાંધ બનેલા તે બંને ભાઇઓ હસીને મુનિને કહે છેઃ– 'હે મૂઢ, તું અમારી આગળ શું માત્ર છે ? તારા ગુરૂના ગુરૂ ગમે તેવા બુદ્ધિશાળી હોય તો પણ અમારા એક પણ પ્રશ્નનો જવાબ આપવા

માટે સમર્થ નથી. તને કોઇ પુરાણો સંદેહ હોય તો વિતંડાવાદને મૂકીને અમને પૂછ. તેનો તત્કાલ અમે જવાબ આપીશું, બાકી ખોટી બડાઇઓ હાંકવાની મૂકી દે.' મુનિએ કહ્યું:- 'અરે બ્રાહ્મણો,મિથ્યાભિમાન શા માટે કરો છો ? મારા એક પણ પ્રશ્નનો જવાબ આપવાની તમારી શક્તિ નથી માટે તમારા દિલમાં કંઇ સંદેહ હોય તો ખૂશીથી મને પૂછી શકો છો. અને હા, મારી સાથે વાદ-વિવાદ જ કરવો હોય તો આ બધાની સાક્ષીએ કંઈને કંઇ શરત રાખવી જોઇએ. જો કે મુમુક્ષુ સાધુઓને સાક્ષી કે શરતની કંઈ જરૂર હોતી નથી, કારણ કે સાધુઓ તો આત્મકલ્યાણમાં જ રક્ત હોય છે, પરંતુ તમારા જેવા કદાગ્રહીઓ માટે શરતની જરૂર ખરી, માટે વિચાર કરી જુઓ.' મુનિના વચન સાંભળી તે બંને વિચારે છે:- 'બરાબર શ્વેતાંબરીઓ વિશ્વાસપાત્ર નથી. ઠગારા એવા તે લોકોને બોલીને ફરી જતાં વાર, લાગે નહી. માટે તેણે કહ્યું છે તે ઠીક જ કહ્યું છે. આ બધા નગરવાસીઓની સમક્ષ શરત જૂકીએ !' આ પ્રમાણે વિચારી તે બે ભાઈઓ મુનિને કહે છે -' હે મુનિ, જો તું હારી જાય તો તારા ગુરૂની સાથે તારો તિરસ્કાર કરીને આ નગરમાંથી તમને બૂરા હાલે હાંકી કાઢીશું. અને જો અમે હારીશું તો ભલે અમે બ્રાહ્મણ હોવા છતાં પણ તારા શિષ્ય બની જઇશું અર્થાત્ જૈન દીક્ષા લઇશું. બોલ છે કબુલ ?' સાગરસમા ગંભીર બુદ્ધિનિધાન વિશિષ્ટજ્ઞાની સત્યકિ મુનિએ તે બંનેના વચનનો સ્વીકાર કર્યો. તેઓએ પણ નગરવાસી સમક્ષ શરતનો સ્વીકાર કર્યો.

उभाभ्यामपि कृत्वेति पणं तावाहतुर्द्विजौ । अथ त्वं पृच्छ भो साधो, त्वदिष्टं प्रश्नमावयोः ॥१५॥
साधुना भाषितं पूर्वं, प्रश्नं पृच्छामि भो द्विजौ । ओमित्यभिहितं ताभ्यां स्वोत्कर्षोच्चित्तकल्पितात्
ततो वाचंयमोऽप्यूचे, निश्चेतुं पुरतो नृणां । आवयोर्हि विवादेऽत्र, भवंत एव साक्षिणः ॥१७॥
पुरैव पण एताभ्यां, कृतोऽस्ति भवतां पुरः । तस्य निर्मित्यनिर्मित्यो—र्यूयमेव सभासदः१८।
कथयित्वेति निश्चित्य, पौराणां पुरतो भृशं । साधुस्त्रैकालिकज्ञान—विचक्षणोऽभ्यधत्तमां॥१९॥
यदि ब्रुथो द्विजौ तर्हि, लोके पंडितमानिनौ । युवां कुतः समायतौ, पृच्छामि युवयोः पुरः।२०॥
तदोक्तं किमिदं पृष्टं, ज्ञातचरं समेष्वपि । शालिग्रामात्समायातौ, नैतावदपि बुध्यते ॥२१॥
ताभ्यामित्युदिते साधु—रवदन्मृष्टभाषया । निवेदितं युवाभ्यां यत्, तत्तु सत्यं द्विजोत्तमौ॥२२॥
परं मम मनःप्रश्न—भावो गूढप्रभावकः । युवाभ्यामपि दक्षाभ्यां, सर्वथा नावसीयते ॥२३॥
लोकरूढेरहमपि, जानाम्यकथितामपि । अग्निलाकुक्षिसंभूतौ, सोमदेवद्विजात्मजौ ॥२४॥
अग्निभूतिवायुभूती, नाम्ना द्वावपि बांधवौ । वर्तेथे हृद्यविद्याढ्यौ, शालिग्रामनिवासिनौ ॥२५॥
मया पृष्टं परं तत्व—ज्ञानं हि युवयोः पुरः । तत्त्वज्ञाता जनो लोके, प्रोच्यते विदुषां वरः२६
तत्वज्ञानेन मोक्षः स्या—त्तत्वज्ञानान्महोदयः । तत्वज्ञानार्जने तस्मा—त्कर्तव्यो ह्युद्यमो जनैः२७

अध्येतृभ्यामपि चतु—र्वेदान् शास्त्राणि भूरिशः । तत्वज्ञानस्य लेशोऽपि, युवाभ्यां नावगम्यते२८
यदैकशो मया पृष्टं, गदितुं तन्न शक्यते । प्रश्नस्यान्यस्य निर्वाहः, किं भवद्भ्यां भविष्यति॥२९॥
इत्युक्ते मुनिना तेना—जल्पतां तौ रुषारुणौ । रे मूर्ख यत्त्वया पृष्ट—मावाभ्यामुक्तमेव तत्॥३०॥
वेदान्यशास्त्रपठने, वर्तमानः सुधीरिव । ज्ञापयितुं स्वपांडित्यं, लोकेषु किं प्रजल्पसि ॥३१॥
मुनिः प्रोचे कुधीध्मातौ, माभूतं वेदवेदिनौ । पृष्टं मया समायातौ, युवां कुतो भवादिह॥३२॥
मुनिनोक्तमिति श्रुत्वा, हसंतावाहतुर्द्विजौ । अयं पृष्टा महान् यस्तु, स्वरूपं तस्य पृच्छति ॥३३॥
भवांतरस्वरूपस्य, वेत्ता कोऽप्यस्ति भूतले । अस्य बुद्धिपरिभ्रंशो—ऽथवा किं ग्रथिलोऽस्त्ययं।३४
इत्युक्ते वेदगर्भाभ्यां, सर्वेऽप्यज्ञानिनो नराः । हस्ततालं ददानाश्च, सशब्दं जहसुर्भृशं ॥३५॥
तेष्वेके पंडितप्रज्ञा, अब्रुवंस्तत्वबुद्धयः । मूर्खा अज्ञानतो यूयं, किं हसथाऽधमा इव ॥३६॥
अस्यैव पृच्छ्यतां किं त्वं, गतजन्मस्वरूपकं । वचोमात्रेण तत्वज्ञ सम्यग् जानासि हे! मुने!॥३७॥
सत्यं चेति वचस्तेषां, स्वीकृत्य सकला अपि । स्वस्वतर्कणया प्राक्षुः, पौरा वक्त्रविकारिणः॥३८॥
स्वकीयमानरक्षायै, विशेषेण द्विजन्मजौ । उपहास्यं प्रकुर्वाणा—वपृच्छतां मदोत्कटौ ॥३९॥
यदि वेत्सि स्वकीयं वा, परकीयं भवांतरं । ब्रूहि ब्रूहि तदा शीघ्रं, स्वविद्वत्त्वं प्रदर्शय ॥४०॥

આ પ્રમાણે પરસ્પર શરત મંજુર કરીને અગ્નિભૂતિ-વાયુભૂતિએ મુનિને કહ્યું:-'હે સાધુ, તને જે ઈષ્ટ હોય તે પ્રશ્ન અમને પૂછ.' સાધુએ કહ્યું:-'ઠીક ત્યારે, હું તમને બંનેને પ્રથમ પ્રશ્ન કરીશ.' પોતાની બુદ્ધિ ઉપર વિશ્વાસ મૂકીને તેઓએ સ્વીકાર કર્યો. હવે મુનિ કહે છે કે 'જુઓ ભાઈ, આપણા બનેના વિવાદમાં આ નગરવાસીઓ સાક્ષીરૂપ છે. અને તમે જે શરત મૂકી તે આ સભાસદોની સમક્ષ નિશ્ચિત છે.' આ પ્રમાણે નગરવાસીઓને સાક્ષી રાખીને ત્રિકાળજ્ઞાની વિચક્ષણ એવા મુનિવરે પોતાને પંડિત માનનારા તે બંનેને પ્રશ્ન કર્યો 'હું તમને પૂછું છું કે **તમે કયાંથી આવ્યા છો?**' મુનિનો પ્રશ્ન સાંભળી તે બંને બોલ્યા:-'અરે અબુધ, તને એટલી પણ ખબર નથી કે અમે કયાંથી આવ્યા છીએ? સૌ કોઇ જાણે છે કે અમે શાલિગ્રામથી આવ્યા છીએ. આ તો કંઇ તારો પ્રશ્ન છે?' ત્યારે મુનિએ મધુરવચનથી કહ્યું: 'હે દ્વિજોત્તમ, હું તમને સાચે જ પૂછું છું કે તમે કયાંથી આવ્યા છો! મારા પ્રશ્નનો ગૂઢાર્થ તમો પંડિત હોવા છતાં સમજી શકતા નથી, લોક વ્યવહારથી હું પણ જાણું છું કે તમે શાલિગ્રામના રહેવાસી છો અને સોમદેવ અને અગ્નિલા નામના માતાપિતાના અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના પુત્રો છો પરંતુ મારો પ્રશ્ન તો તાત્ત્વિક છે. તત્વજ્ઞાનને જાણે એ જ લોકોમાં શ્રેષ્ઠ પંડિત નરીકે પંકાય છે, તમે ચારે વેદો અને ચૌદવિદ્યાના પારંગત હોવા છતાં મને લાગે છે કે તમને લેશમાત્ર પણ તત્વજ્ઞાનનો બોધ નથી. મારા આ સામાન્ય

પ્રશ્નનો જવાબ આપી શકતા નથી, તો બીજા તાત્ત્વિક પ્રશ્નના જવાબ કેવી રીતે આપશો? અને તમારા વચનનું પાલન કેવી રીતે કરશો?' મુનિના વચન સાંભળીને ક્રોધાંધ બનેલા તે બંને બોલ્યા:- 'અરે મૂર્ખ. તેં જે પ્રશ્ન કર્યો તે શું યોગ્ય છે? આવો તો કોઇ પ્રશ્ન હોતો હશે? વેદ બાહ્ય શાસ્ત્ર ભણીને જાણે લોકોમાં પોતાની પંડિતાઈનું પ્રદર્શન કરવા માટે લવારો કરે છે.' ક્રોધાતુર બનેલા તે બંનેને મુનિરાજે કહ્યું : 'ભલે હું વેદ ભણેલો ના હોઉં, પરંતુ તમે પણ કયાં વેદને જાણો છો?' 'તમે કયાંથી આવ્યા છો?' આટલા પ્રશ્નનો પણ ઉત્તર આપી શકતા નથી.' મુનિનું વચન સાંભળી તે બંને હસવા લાગ્યા. 'ઓ હો જાણે મોટો મહાન પ્રશ્ન પૂછયો! જન્માંતરના સ્વરૂપનો જાણકાર તો આ જગતમાં કોઇ છે નહીં અરે લોકો, આ મુનિ બુદ્ધિથી ભ્રષ્ટ લાગે છે. અથવા તો પાગલ લાગે છે.' એમ કહીને તે બંને ભાઈઓ જોર જોરથી હસવા લાગ્યા, સાથે સાથ અજ્ઞાની લોકો પણ હસવા લાગ્યા અને તાલીઓ પાડવા લાગ્યા. તે બધામાં કોઇ ગંભીર અને સ્થિતિપ્રજ્ઞ ડાહ્યા માણસે કહ્યું:- 'અરે મૂર્ખાઓ અધમની જેમ તમો લોકો શું હસો છો? સાધુની આ રીતે હાંસી કરાતી હશે? એ મુનિને જ પૂછોને કે તમે જન્માંતરના સ્વરૂપને જાણતા હો તો કહો. ખાલી વાગ્વિડંબણા યોગ્ય નથી.' તે ડાહ્યા માણસની વાત સાંભળીને બધાએ કહ્યું:-'હા, હા, બરાબર છે આ બંનેને ભવાંતરની જાણ નથી, તો આ મુનિને જ પૂછી લો ને !' આ પ્રમાણે નગરવાસીના વચન સાંભળીને પોતાના સ્વમાનની રક્ષા માટે ઉપહાસ કરતા તે બંનેએ મુનિને કહ્યું:-'હે મુનિ, પોતાના અને બીજાના ભવાંતરને તમો જાણતા હો તો બોલો, બોલો, જલ્દી બોલો અને તમારી વિદ્વત્તાનું પ્રદર્શન કરો.'

पौरलोकैरिति प्रोक्ते, विप्राभ्यामपि चादरात् । मुनिः स कथयामास, तेषां मधुरया गिरा ॥४१॥
सभ्या भो मे भवं वच्मि, युष्माकमथवानयोः । विनिश्चित्य मिथो यूयं, निवेदयत सत्वरं॥४२॥
श्रुत्वेत्यवदतां विप्रा—वुच्छृंखलौ कुतूहलात् । वद त्वमावयोरेव, जन्मांतरस्वरूपकं ॥४३॥
ताभ्यां निरूपिते साधु—रवदद्भो सभाजनाः । आग्रहाद्वाडवावेतौ, पृच्छतः पूर्वजन्म चेत् ॥४४॥
तर्हि मयोच्यमानं प्रा—ग्जन्मस्वरूपमेतयोः । सावधानं मनः कृत्वा, यूयं शृणुत चित्रकृत् ॥४५॥
शालिग्रामेऽग्रिमेऽब्दौ, प्रवरः प्रवरद्विजः । धनी वनीपकत्यागी, ख्यातोऽभूत्क्षेत्रकारकः ॥४६॥
तस्य शस्यमतेः क्षेत्रो—पांतेऽभवद्वटद्रुमः । तदधः शिवया सूतं, चित्रं शृगालयामलं ॥४७॥
तृणभक्षणतः शीत—पानीयपानतः पुनः । तत्तत्र निर्भयं तिष्ट—द्वपुषा वृद्धिमाप्तवान् ॥४८॥
निर्भयत्वेन तत्रैव, ससुखं तत्य तिष्ठतः । कियंतो वासरा याताः, क्रीडतश्च परस्परं ॥४९॥
अथैकदा समादाय, सार्थे कर्मकरान् नरान् । जगाम धीमतः क्षेत्रं, प्रवरः सहलादिकः ॥५०॥
तदा दूरनभोमार्गा—दागच्छंतं घनाघनं । मातंगमिव गर्जंतं, श्यामं प्रवरमैक्षत ॥५१॥
मदवारि झरन् राज—लोकसन्मानितागमः । उच्छालितरजा मेघो, वायुना सममीयिवान् ॥५२॥

कथं मयि सति ग्रीष्म—राजस्तापयति क्षमां । शोषयति तडागांश्च, नदीद्रहमहीरुहान् ॥५३॥
दीर्घाहर्विरहोद्भूत-तापायाः पृथिवीस्त्रियाः । कामतापं निराकर्तु—मिवाधस्तात्समागतः॥५४॥
कांतासंगोत्सुका जाता, निखिलाश्च प्रवासिनः । क्रमोपि निखिलं मुक्त्वा, ययुः स्वं स्वं निकेतनं५५
कामोद्भूतप्रतापेन, कंपमानशरीरकः । हलोपकरणं सर्वं, मुक्तवागात्प्रवरो गृहे ॥५६॥
भामिनीभोगभंयोगे, विजनं मृग्यते पदं । इतीव जलदेनापि, कृतं विजनकाननं ॥५७॥
बहुकालवियोगित्वा-द्भुक्त्वा च वसुधांगनां । स सप्तभिरहोरात्रै—स्तत्संगाद्विरतोऽभवत् ॥५८॥
तेन मेघेन जंतूनां, दुःखव्याकुलताभवत् । गोमाययुग्ममप्यासी—दतीव क्षुधयाकुलं ॥५९॥
अष्टमे दिवसे वृष्टे—र्विरतौ च क्षुत्पीडितौ । कृशांसौ च शृगालौ तौ, निःसृतौ गुल्मतो बहिः।६०
पृथ्वी हलादिसंबद्धा, दुश्चर्मरज्जवोऽपि च । द्रवीभूतास्मया वृष्ट्या—तिभोगादित्थमेव हि ॥६१॥
पीडिताभ्यां क्षुधा ताभ्यां, क्षेत्रे तत्रैव संस्थिताः । हलादियंत्रिता आर्द्रा, भक्षिताश्चर्मरज्जवः॥६२॥
आर्द्राणां चर्मरज्जूना, भक्षणेनोदरेऽभवत् । शूलव्यथा तयोस्तीव्रा, तौ मृतौ बाधया तया ॥६३॥
केनचिद्विधियोगेन, तौ द्वावपि शृगालकौ । जातौ सुतौ युवां मृत्वा—त्र विप्रसोमशर्मणः ॥६४॥
अल्पकालोज्झितां पूर्वां, जातिं न स्मरथो युवां । ब्राह्मणजातिमासाद्या-भिमानं कुरुथो घनं ॥६५॥
समस्तैरपि यद्वर्ज्यं, युवाभ्यां तत्तु भक्षितं । तथापि निंदथः साधून्, पौराणां पुरतो युवां ॥६६॥
स्वरूपमीदृशं सौवं, समाकर्ण्यान्यजन्मनः । सुकृती पुण्यकृत्यानि, करोति पापपिष्टये ॥६७॥
पुण्येन रहितो जंतु—र्दुष्टां जातिमवाप्नुयात् । तुच्छं कुलं कुरूपं च, कुबलं कुत्सितं श्रुतं ॥६८॥
कुत्सितं च तपःकर्म, कुलाभं मंदनिर्मितेः । इह लोके परलोके, निंदनीयोऽखिलैरपि ॥६९॥
यो भवेत्पुण्यवान् प्राणी, जात्यादि मदवर्जितः । प्रोक्तान्येतानि भव्यानि, लभते भविनां वरः७०
द्वितीयं च दशांगानि, भवेयुर्यत्र नित्यशः । लभते मानुषं जन्म, तत्र स्थाने स पुण्यवान् ॥७१॥
कामस्कन्धश्चतुर्भिः स्या-दंगमेकं सुखान्वितं । क्षेत्रवास्तुहिरण्यौघ—पशुदासैः समन्वितं ॥७२॥
पुत्रपौत्रादिसंयुक्तो, मित्रवान् वर्णवान् पुनः । अल्पातंको महाप्रज्ञो, बुद्धिमान् कीर्तिमान् बली
पूर्वोक्तेन किलैकेन, युतो वा सकलांगकैः । द्व्यादितो वा नवांगैश्च, सुखं भुंक्ते महोदयी ७४॥
ततो हितैषिणा प्राण—धारिणा पुण्यसंग्रहः । पाथेयाय प्रकर्तव्य, एहिकामुष्मिकाय च ॥७५॥
मदुक्तेऽन्यभवे चेन्न, विश्वासो युवयोर्भवेत् । तदा समक्षं सर्वेषां, प्रत्ययं कमपि ब्रुवे ॥७६॥
यो विप्रः प्रवरः प्रोक्तः, पूर्वं स हालिकैः सह । वृष्टिव्यपगमात्क्षेत्र—शुद्धेश्चिकीर्षया गतः ॥७७॥
तत्र गतेन तेनैव, हलोपकरणं समं । वातेनतस्ततः क्षिप्त-मदर्शि प्रवरेण तत् ॥७८॥
हलस्य पुरतो रज्जू—मर्धं मुक्त्वा मृतिं गतौ । तौ शृगालौ समालोक्य, पतितौ प्रचुकोप सः७९॥
प्रतिघेन (प्रयत्नेन) तयोस्तन्वा, विधाय भस्त्रिके उभे । मेटकस्योपरिष्टात्ते, मुक्ते तेन द्विजन्मना॥८०॥

वर्त्तेते ते गृहेऽद्यापि, मुकस्यास्य द्विजन्मनः । कौतुकं युवयोश्चेत्त–त्तत्र गत्वा प्रपश्यतं ॥८१॥
निशम्य वचनं साधो–रुक्तवंतौ सहोदरौ । व्रतिन्नेतस्य विप्रस्य, मूकत्वं वर्तते कथं ॥८२॥
उवाच वचनं वाचं-यमो यः प्रवरो द्विजः । मया निगदितः पूर्वं, तज्जीवोऽयं प्रवर्तते ॥८३॥
प्रवराख्येन विप्रे ण, कृत्वा यज्ञादिकं बहु । ततो मृत्वातिमोहेन, समुत्पेदे स्नुषोदरे ॥८४॥
परिपूर्णे दिने जाते, प्रसूतं स्नुषया तया । एधितो वीक्ष्य गेहं स्वं, जातिस्मरणमाप सः ॥८५॥
जातिस्मृतिप्रसंगेन, स्वस्वरूपमवेदसौ । इदं मे सदनं चैषा, वधूरेष सुतो मम ॥८६॥
अथ स्नुषां कथं वच्मि, मातरं पितरं सुतं । इति संचित्य चित्तेऽसौ, मौनमाश्रितवान् सदा ८७
आवयोर्वादमाकर्ण्य समागतोऽत्र संसदि । स्थित एतेषु लोकेषु, मौनेनाऽस्ति प्रसिद्धिमान् ८८॥
उक्त्वेति वीक्षमाणेषु, मनुष्येषु मुमुक्षुणा । शत्रुमित्रसमानेना–कारितो मौनवान् द्विजः ॥८९॥
प्रवर प्रवरस्वांत–स्त्वमत्रागच्छ तुच्छतां । विमुच्य निजयोः पित्रो–र्मुंच मौनं महामते ! ॥९०॥
मौनं मुक्त्वा पितरौ च, त्वमाश्वासय बोधवान् । व्यवहारप्रजल्पे हि, न दोषो महतामपि ॥९१॥
अस्मिन्नेव भवे जंतो, कस्यचित्कर्मयोगतः । भवंति भूरिसंबंधा, भवांतरे तु का कथा ? ॥९२॥
वृंदारकोऽपि तिर्यक्त्वं, चक्री नारकतां व्रजेत् । वासुदेवोऽप्यविष्णुत्वं, बलदेवोऽपि देवतां॥९३॥
नृपतिः सेवकश्चापि, सेवको नृपतिर्भवेत् । संयोगी च वियोगी स्यात्, पुत्रवान् पुत्रवर्जितः ॥९४॥
बहुकांतोऽप्यकांतः स्या–त्सकुटुंबोऽकुटुंबकः । दुःखी सुखी सुखी दुःखी, निरोगी चापि रोगवान्
माता प्रिया प्रिया माता, पिता सुतः सुतः पिता । माता स्नुषा स्नुषा माता, स्नुषा स्वसा स्वसा स्नुषा
सांसारिकमिदं रूपं, कर्मवैचित्र्यचित्रितं । भावयन् भाविकः पुण्यं, कुर्याद्भवविरक्तधीः ॥९७॥
कार्यो यत्नस्तथा देन, निंद्यः संबंध ईदृशः । अवाच्यो वचनेनापि, सर्वथा लभ्यतेऽत्र न ॥९८॥

નગરવાસીઓ અને બ્રાહ્મણોના કહેવાથી મધુરવાણીથી મુનિએ કહ્યું;– 'હે સભાજનો, તમે સાંભળો, હું આ બંને ભાઇઓના પૂર્વજન્મને કહું છું:– મુનિના વચન સાંભળીને ઉદ્યત બનેલા તેઓએ કહ્યું: –'બોલ બોલ જલ્દી કહે. અમારા જન્માંતરના સ્વરૂપને જાણતો હોય તો પ્રતીતિ પૂર્વક સત્ય કહેજે. જો તારી વાત સાચી નીકળશે તો અમારી શરત મંજૂર છે.' આ પ્રમાણેના તેઓના આગ્રહથી મુનિએ સભાજનોને ઉદ્દેશીને કહ્યું: –'આ બ્રાહ્મણોનો આગ્રહ છે તો તે બંનેના આશ્ચર્યકારી પૂર્વજન્મને હું કહું છું. તે સાવધાન થઈને મન સ્થીર કરીને સાંભળજો. પહેલા આ શાલિગ્રામમાં ધનાઢય અને દાનેશ્વરી 'પ્રવર' નામનો એક બ્રહ્મદત્ત બ્રાહ્મણ હતો. તેના ખેતરમાં એક વડના વૃક્ષ નીચે શિયાળીયણે બે બચ્ચાને જન્મ આપ્યો. તે બચ્ચાઓ તૃણભક્ષણ અને નહેરના ઠંડા પાણીનું પાન કરતા નિર્ભયપણે ક્રીડા કરતા ચારે બાજુ ફરતા મોટાં થતાં જાય છે. કેટલાય દિવસો સુધી આ પ્રમાણે ક્રીડા કરતા

સુખપૂર્વક રહે છે. પ્રવર પણ પોતાના માણસોને સાથે લઈને ખેતરમાં ખેતી કરવા માટે અવરનવર આવે છે અને પોતાના હલ વિગેરે ખેતરમાં મૂકીને ઘેર જાય છે. એવામાં એક દિવસ પ્રવર ખેતરમાં ખેતી કરતો હતો ત્યાં આકાશમાં ઘનઘોર વાદળ ઘેરાઈ આવ્યાં મેઘની ગર્જના થવા લાગી. હાથીની જેમ ગર્જના કરતો વરસાદ તૂટી પડ્યો. ચારે બાજુ વિજળીના ચમકારા અને સૂસવાટા કરતો પવન વહેવા લાગ્યો. જાણે–મારૂં અસ્તિત્વ હોવા છતાં ગ્રીષ્મ ઋતુરાજ આ પૃથ્વીને શા માટે તપાવે ? નદીઓ સરોવરો, અને વૃક્ષોને શા માટે શોષાવું પડે ? એમ માનીને જાણે વર્ષા ચાલુ થઈ ન હોય ! અથવા લાંબા સમયના વિરહથી તપ્ત થયેલી પોતાની પ્રાણપ્રિયા પૃથ્વીરૂપી સ્ત્રીના કામસંતાપને દૂર કરવા માટે જાણે ના આવ્યો હોય ! આ પ્રમાણે ધોધમાર વરસાદ થવાથી પોતાની પત્નીને મળવા માટે ઉત્સુક બનેલા પ્રવાસીઓ પોતાના કામ અડધા મૂકીને પોત પોતાના ઘેર આવી ગયા તે રીતે પ્રવર પણ કામાસક્ત બનેલો અને વર્ષાથી ભીંજાઇ ગયેલો હલ વિગેરે બધા સાધનો ખેતરમાં મૂકીને ધ્રૂજતો ધ્રૂજતો ઘેર પહોંચી ગયો.

પત્ની સાથેના ભોગ-સંયોગમાં જેમ એકાંત શોભાય છે તેમ વરસાદે પણ જંગલને એકાંત કરી દીધું ! ચિરકાલની વિયોગી પૃથ્વીરૂપી પત્નીને સાત દિવસ–રાત ભોગવીને મેઘ તેના સંગથી વિરામ પામ્યો. અર્થાત્ સાત દિવસ રાત્રિ સુધી વરસીને વરસાદ શાંત થયો. સતત વર્ષાથી જીવો દુખી થયા. તે શિયાળણીનાં બે બચ્ચાં પણ ક્ષુધાતુર થઈ ગયાં. આઠમે દિવસે જ્યારે વરસાદ શાંત થઈ ગયો ત્યારે ક્ષુધાતુર બનેલાં શિયાળનાં બચ્ચાં વૃક્ષના કોટરમાંથી બહાર નીકળ્યાં જમીન અને હલની સાથે બાંધેલી વરસાદથી ભીંજાઈ ગયેલી ચામડાની દોરીને ક્ષુધાતુર થયેલા બચ્ચાઓ ભક્ષણ કરી ગયા. ચામડાની દોરીનું ભક્ષણ કરવાથી તે બંનેને પેટમાં શૂળ ઉત્પન્ન થયું. શૂળની તીવ્ર વ્યથાથી તે બંને બચ્ચાઓ મરીને કોઈ પૂર્વના પુણ્યે આ જ શાલિગ્રામના સોમશર્મા બ્રાહ્મણને ત્યાં અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામે પુત્રો થયા. તો હે અગ્નિભૂતિ વાયુભૂતિ, થોડા જ વર્ષો પહેલા ત્યજેલી પોતાની જાતને શું ભૂલી ગયા ? બ્રાહ્મણ જાતિ પામીને મિથ્યાભિમાન કરો છો ? અને સમસ્ત લોકોથી વર્જ્ય એવું ચામડું થોડા જ સમય પહેલાં તમોએ ખાધેલું હોવા છતાં નગરજનો સમક્ષ સાધુ પુરૂષોની નિંદા કરો છો ? આવા પ્રકારનાં પૂર્વજન્મના સ્વરૂપને સાંભળી પાપકર્મોનો નાશ કરવા માટે ડાહ્યા માણસોએ પુણ્ય કાર્ય કરવું જોઈએ. પુણ્ય વિનાના પ્રાણીને દુષ્ટ જાતિ, તુચ્છકુલ, કુરૂપતા, દૌર્ભાગ્ય, અજ્ઞાનતા, અજ્ઞાનકષ્ટ, અને નીચકુલ આદિ નિંદનીયફલ આ લોક અને પરલોકમાં મળે છે, જાતિમદ, કુલમદ, આદિ આઠે પ્રકારના મદથી રહિત પુણ્યવાન પ્રાણીને આલોક અને પરલોકમાં પ્રશંસનીય વસ્તુની પ્રાપ્તિ થાય છે. પુન્યશાળી પ્રાણીને જ્યાં દસ પ્રકારની સુખસામગ્રી હોય તેવા સ્થાનમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ થાય છે. (૧) પાંચે

ઇન્દ્રિયના અનુકૂળ વિષયો, (૨) ક્ષેત્ર, મકાન, સુવર્ણ આદિ ધનધાન્યથી ભરપુર, પશુ, નોકરચાકરથી યુક્ત, (૩) પુત્રપૌત્રાદિ અનુકૂળ પરિવાર, (૪) સારા મિત્રો, સુંદર શરીર. (૫) ઉચ્ચ ગોત્ર, શ્રેષ્ઠજાતિ, (૬) નિરોગીપણું (૭) પ્રજ્ઞા, (૮) સદ્‌બુદ્ધિ, (૯) યશકીર્તિ અને (૧૦) શ્રેષ્ઠ બળ આ પ્રમાણે દસે પ્રકારનું સુખ, મહાન, પુણ્યશાળી પુરુષોને મળે છે. પુણ્યની તરતમતામાં કોઈને એક પ્રકારની તો કોઈને બે થી નવ પ્રકારની પુણ્યસામગ્રી મળે છે. તેથી હિતેચ્છુ મનુષ્યોએ આલોક અને પરલોકના પાથેય રૂપ પુણ્યનો સંગ્રહ કરવો જોઈએ. મારા કહ્યા મુજબ આ બંને ભાઈઓના પૂર્વજન્મની વાતનો વિશ્વાસ ના પાડતો હોય તો તમારા બધાની સમક્ષ તેની પ્રતીતિ કરાવું છું. પૂર્વે મેં કહેલો ખેતરનો માલિક પ્રવર બ્રાહ્મણ વરસાદ બંધ થયા પછી પોતાના ખેતરની તપાસ કરવા માટે ખેડૂતોની સાથે ખેતરમાં ગયો ત્યાં પવનથી જ્યાં ત્યાં પડેલા હળ વિગેરે જોયા. અધીં આંધેલી ચામડાની દોરી જોઈ. અને તેની પાસે પડેલા શિયાળના બચ્ચાઓનાં બે મૃતક જોઇને ગુસ્સે થયેલા પ્રવરે તે શિયાળીયાનાં શરીરની બે ધમણ બનાવીને પોતાના ઘરના મેડા ઉપર મૂકી. હજુપણ તેના ઘરમાં ધમણ પડી છે તે પ્રવરનો પુત્ર મુંગો છે. તમારે પ્રતીતિ કરવી હોય તો ને મુંગાના ઘેર જઇને જુઓ. આ પ્રમાણે મુનિના વચન સાંભળીને તે બંને ભાઇઓએ પૂછયું:-'હે સાધુ, તે બ્રાહ્મણનો પુત્ર મુંગો કેમ છે ?' મુનિએ કહ્યું:-'તે પ્રવર બ્રાહ્મણ યજ્ઞ-યાગાદિ કરી મોહવશથી મરીને તેની પુત્રવધૂની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો, પૂર્ણમાસે તેનો જન્મ થયો. જન્મ થતાની સાથે પોતાનું પૂર્વભવનું ઘર પુત્ર વિગેરે જોઇને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણથી પોતાનું સ્વરૂપ જાણ્યું -'અરે, આ મારૂં ઘર, આ મારો પુત્ર, આ તેની વહુ. હવે તે પુત્ર, પુત્રવધૂને માતાપિતા કહીને મારાથી કેમ બોલાવાય ?' આ પ્રમાણે મનમાં વિચારીને એણે જન્મથી જ મૌન ધારણ કર્યું છે. આ પ્રમાણે કહીને શત્રુમિત્ર પ્રત્યે સમાન દૃષ્ટિ રાખનારા મુનિવરે બધા માણસોને જોતા મૌની બ્રાહ્મણને બોલાવ્યો 'શ્રેષ્ઠઅંતઃકરણવાળા હે પ્રવર તું અહીંયા આવ ! તુચ્છતાને દૂર કરી તારા માતાપિતાની સાથે મૌનવ્રતનો ત્યાગ કર. મૌનને છોડીને માતાપિતાને નમસ્કાર કર. તેઓને આશ્વાસન આપીને સમજાવ. વ્યવહારભાષામાં મહાપુરૂષોને કોઇ દોષ લાગતો નથી, આ વર્તમાન ભવમાં પણ કોઇ કર્મના યોગથી અનેક સંબંધો કરવા પડે છે. તો ભવાંતરની તો શું વાત કરવી ? દેવ પશુ બને છે, ચક્રવર્તી નારક બને છે, વાસુદેવ પણ નરકમાં જાય છે. બલદેવ દેવ બને છે. રાજા સેવક અને સેવક રાજા થાય છે. સંયોગ વિયોગમાં પરીણમે છે, કોઇ પુત્રવાન તો કોઈ અપુત્રીઓ બને છે. કોઇને ઘણી સ્ત્રીઓ હોય છે તો કોઇને એક પણ સ્ત્રી હોતી નથી. કોઇ એકાકીતો કોઈને ઘણો પરિવાર હોય છે. દુઃખી સુખી થાય છે, અને સુખી તે દુઃખી થઈ જાય છે. નિરોગી રોગી અને રોગી તે નિરોગી બને છે. માતા પ્રિયા અને પ્રિયા તે માતા બને છે. પુત્ર પિતા અને પિતા તે પુત્ર બને છે. તેમજ માતા પુત્રવધૂ અને પુત્રવધૂ માતા

બને છે. ક્યારેક પુત્રવધૂ તે બેન અને બેન તે પુત્રવધૂ બને છે. આ પ્રમાણે કર્મની વિચિત્રતાથી સંસારના સ્વરૂપને વિચારી વૈરાગી એવા ભવિ જીવે પુણ્યનો સંચય કરવો જોઈએ. પુણ્ય સંચય માટે તેવા પ્રકારનો પ્રશસ્ય યત્ન કરવો કે જેથી આ સંસારમાં ફરીથી નિમ્નકોટિના અવાચ્ય સંબંધો કરવા ના પડે.

मुनिवाक्यमिति श्रुत्वा, मौनवान् ब्राह्मणाग्रणीः । साधुपादौ नमस्कृत्य, विनयेन न्यवेदयत् ॥९९॥
स्वमिस्त्वद्वचनेनाहं, विरोक्तोऽस्मि भवोदधेः । पितृ–स्वजनबंधूनां, संबंधे न प्रयोजनं॥८००॥
संसारतारिणीं सद्यो, नरकापत्तिवारिणीं । कल्याणकारिणीं दीक्षां, ततः प्रसद्य देहि मां ॥१॥
उवाच मुनिनाथोऽपि, तं प्रति मधुरं वचः । यदि दीक्षाजिघृक्षा ते तर्हि मद्वचनं कुरु ॥२॥
एकश पितरौ बंधून्,स्वजनान्निखिलानपि । स्पष्टया मृष्टया वाचा, प्रजल्पय द्विजोत्तम ! ३॥
स मौनी साधुवाक्येन, कुटुंबं तत्र संस्थितं । दृष्ट्वा गत्वामिलत्तूर्णं, गुरुवाक्यं न लंघयेत् ॥४॥
अद्य यावत्पितर्मात—रवज्ञा या कृता मया । क्षंतव्या सा कुटुंबेन, समस्तेन मनीषिणा ॥५॥
कोमलानि विनीतानि, श्रुत्वा वचांसि कर्णयोः । कुटुबं सकलं, पित्रा—दिकं रुरोद दुखतः ॥६॥
अद्य यावत्त्वया वत्स, किं वयं विप्रतारिताः । रुदंतः कथयामासुः सर्वेऽपि स्वजना जनाः ॥७॥
सोऽजल्पत्स्वजना यूयं, मा रोदिषुर्मुहुर्मुहुः । अनंतशः सुतत्वेन, संजातो भवतामहं ॥८॥
मत्कुटुम्बतया यूय—मपि जाता अनंतशः । कस्मिन् कस्मिन् भवे मोहो, विधीयते विचक्षणैः ९॥
यदि कौटुम्बिका यूयं, वर्तध्वे मम वल्लभाः । तथा कुरुत नाप्नोम्य–वतारं निंद्यमीदृशं ॥१०॥
स्वजना जगदुर्वत्स, स उपायः समस्ति कः । येनेदृशो न संबंधः, संप्राप्यते शरीरिभिः ॥११॥
सोऽवादीद्विनयेनैव, दीक्षां जैनेश्वरीं यदि । आदायाराध्यते सम्य–ग्विरूद्धाः स्युर्न ते तदा॥१२॥
ततो यदि ममाभीष्टाः शिष्टाचारपरायणाः । सद्यः प्रसद्य दीक्षां मे, समर्पयत शर्मणे ॥१३॥
श्रुत्वा तद्वाचमूचुस्ते, वयं ब्राह्मणजातिजाः । अस्माकं जनने जैनी, दीक्षा न सर्वथोचिता ॥१४॥
संसारसुखतो यर्हि, विरक्तस्त्वं भविष्यसि । सान्यासिकं तदा शुद्धं, दास्यामः समहं तव ॥११॥
स प्राहागामिकालस्या—पेक्षा का प्रविधीयते । अस्थिरेण यतः केना—गामि कालः समीक्षितः६५
यदि सौख्यं कुरुध्वं मे, वल्लभाः स्वजना मम । दत्त जैनेश्वरीं दीक्षां,महामोहविनाशिनीं ॥१७॥
शुभाशुभानि कार्याण्ये—कांतत्वेन करोति यः । न कोऽपि भूतले तस्य, प्रेरकश्च निषेधकः॥१८॥
स्वीकृत्येति वचस्तस्य, पितृभ्यां स्वजनैरपि । दत्ता जैनेश्वरी दीक्षा, तत्रैवाघनिवारिणी ॥१९॥
वाडवं तं भवोद्विग्नं, क्षणात्समीक्ष्य दीक्षितं । केचनानित्यतां चित्ते, जानंतः प्राव्रजन् जनाः॥२०॥
केचित्सम्यक्त्वमूलानि, सद्द्वादशव्रतानि च । सम्यक्त्वं केवलज्ञान–दायकं केऽपि केवलं ॥२१॥
केचिद्वैरंगिकाः संतः, सप्तक्षेत्र्यां धनं धनं । वपंतः प्रक्षिपंतश्च, कर्माणि सुखमासदन् ॥२२॥

ઉપર્યુક્ત મુનિના વચન સાંભળીને મૌની બ્રાહ્મણે સાધુના ચરણમાં નમસ્કાર કરીને વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરી :- સ્વામિન્, હું આપના વચનથી સંસાર સમુદ્રથી વિરક્ત બન્યો છું. મારે હવે માતા-પિતા આદિ સ્વજન બંધુઓના સંબંધનું કોઈ પ્રયોજન નથી. તો મારા ઉપર કૃપા કરીને સંસારતારિણી, નરકની આપત્તિને વારણ કરવાવાળી, કલ્યાણકારિણી એવી પ્રવજ્યા આપો. મુનિએ તેને મધુર વચનથી કહ્યું: 'જો તારે દીક્ષા લેવાની ઇચ્છા છે તો હું કહું તે પ્રમાણે કર. એક વખત તારા માતા-પિતા, બંધુવર્ગ અને સ્વજન સંબંધીઓને મીઠી વાણીથી બોલાવ. ગુરૂમહારાજનું વચન અલંઘનીય હોય છે. એમ સમજી મૌની બ્રાહ્મણે ત્યાં રહેલા પોતાના કુટુંબીજનોને જોઈ તેઓને મળીને બોલ્યોઃ- 'હે માતા-પિતા, મેં આજ સુધીમાં જે જે આપની સૌની અવજ્ઞા કરી છે, તેની આપ સહુ મને ક્ષમા આપો. પુત્રના કોમલ વચનો સાંભળીને માતા-પિતા આદિ કુટુંબીજન દુઃખથી રૂદન કરતા કહેવા લાગ્યાઃ- 'હે પુત્ર, આજ દિન સુધી મૌનધારણ કરીને તેં અમને બધાને ઠગ્યા.' તેણે કહ્યું કે 'શા માટે તમો રૂદન કરો છો તમારા પુત્રરૂપે હું અનંતી વખત થયો છું. અને મારા પુત્ર આદિ સંબંધે તમે પણ બધા મને અનંતી વખત મળ્યાં છો. તો કયા કયા ભવના સંબંધોનો મોહ કરવો ? જો તમારા બધાનો મારા પ્રત્યે પ્રેમ હોય તો હવે એક કામ કરો કે જેથી આ સંસાર સમુદ્રમાં મારે નવો અવતાર લેવો ના પડે.' સ્વજનાએ કહ્યું:-'પુત્ર, એવો કયો ઉપાય છે કે જેથી જીવોને નવા નવા સંબંધો બાંધવા ના પડે ? ત્યારે તેણે વિનયપૂર્વક કહ્યું:-'જો ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને તેની સમ્યક્ પ્રકારે આરાધના કરાય તો આ સંસારનો અંત આવી શકે. માટે મારા હિતને માટે શિષ્ટાચારમાં તત્પર એવા આપ સહુ મને દીક્ષા લેવાની અનુમતિ આપો.' પુત્રના વચન સાંભળીને માતાપિતા આદિ સ્વજનોએ કહ્યું:-'આપણે બ્રાહ્મણજાતિના કહેવાઇએ, તેથી આપણે જૈનીદીક્ષા લેવી બિલકુલ યોગ્ય નથી. જો તું સંસારસુખથી વિરકત હોઇશ તો તને મહોત્સવપૂર્વક શુદ્ધ સંન્યાસધર્મ અપાવીશું. પુત્રે કહ્યું:-'ભવિષ્ય કાલની અપેક્ષા રાખવા જેવી નથી. અસ્થિર સંસારમાં કાલે શું થશે તેની ખબર નથી. એક ક્ષણનો પણ વિશ્વાસ કરવા જેવો નથી. માટે શુભ કાર્યમાં વિલંબ કરવો જોઈએ નહી. આ સંસારમાં શુભાશુભ કાર્યના પ્રેરક અને નિષેધક કોઈ નથી, સૌ સૌની ભવિતવ્યતા પ્રમાણે બધુ બને છે. માટે મને રોકવા માટે તમારે કોઈ પણ પ્રયત્ન કરવો નહી.' આ પ્રમાણે સંસારથી ઉદ્વિગ્ન બનેલા પુત્રના વચન સાંભળીને માતાપિતા આદિ સ્વજનોએ તેને જૈનીદીક્ષા લેવાની અનુમતિ આપી. અને તેણે ત્યાંજ પાપનાશિની દીક્ષા અંગીકાર કરી. દીક્ષિત થયેલા બ્રાહ્મણને જોઈને બીજા કેટલાક લોકો પણ સંસારની અનિત્યતાનું ચિંતન કરતા દીક્ષિત બની ગયા, કેટલાંક લોકોએ સમ્યક્ત્વમૂલ બારવ્રતને અંગીકાર કર્યા. કેટલાકે કૈવલ્યને આપનારૂં સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. અને વૈરાગી બનેલા કેટલાક લોકોએ સાતે ક્ષેત્રમાં વિપુલ ધનનો સદ્ઉપયોગ કરી પોતાની જાતને કૃતકૃત્ય માની.

केचन कौतुकाक्रांता, आनीय भस्त्रिके गृहात् । प्रत्ययं यतिवाक्यस्य, दर्शयामासुरंजसा ॥२३॥
दृग्भ्यां ते द्वे समालोक्य, जाताः श्रद्धालवो जनाः । संजातौ भ्रातरौ तौ द्वौ, जात्यांजनाविलाननौ
युवयोः पितरौ जन्म, धिग् वाचापि मनीषितां । यदत्र मुनिनानेना-गतौ वादचिकीर्षया ॥२५॥
निंद्यमानौ जनैरेवं, विलक्षीभूतदर्शनौ । अग्निभूतिवायुभूती, जग्मतुर्निजमंदिरं ॥२६॥
पठितावपि मूर्खौ हा, हारितौ यद्यतेः पुरः । कथं सदनमायातौ, पित्रा तत्रेति तर्जितौ ॥२७॥
युवयोः पठनार्थं यद्, द्रविणं व्ययितं मया । छारिकाया उपरिह्वा—देतल्लेपनवत्कृतं ॥२८॥
पुनः कोपात्पिता प्रोचे, दुरात्मानौ सुतौ युवां । मया निवारितौ पूर्वं, गमने मुनिसन्निधौ ॥२९॥
यदि मद्वाचमुल्लंघ्य, गतौ च हारितौ युवां । वक्त्रं दर्शयथः कृष्णं, कथं तर्हि मम स्वयं ॥३०॥
हारितौ यदि शास्त्रेण, भवंतौ तुच्छचेतनौ । शस्त्रेण विजितस्तर्हि, युवाभ्यां स कथं न हि ? ॥३१॥
सत्यं वक्त्यावयोस्तातो, विदंताविति तावुभौ । रुषाऽचिंतयतां घातं, साधोस्तस्य निरागसः॥३२॥
अर्थसिद्धिः कथं भावि—न्यावयोरिति चिंतया । पातकाध्यवसायौ तौ, गमयामासतुर्दिनं॥३३॥
त्रियामायां प्रजातायां, चौरवेषं च बिभ्रतौ । कृपाणधन्वबाणादि, शस्त्रमादाय निर्गतौ ॥३४॥

ત્યાર પછી કેટલા કૌતુકી લોકોએ પ્રવરના ઘરમાંથી શિયાળીયાના ચામડાની બનાવેલી એ ભસ્ત્રિકા (ધમણ) લાવીને બધાને બતાવી. આ પ્રમાણે સાધુના વચનની બરાબરની પ્રતીતિ થવાથી ઘણા લોકો શ્રદ્ધાવાન બની ગયા. અગ્નિભૂતિ અને વાયુભૂતિ પણ પોતાના પૂર્વજન્મની વસ્તુને નજરો નજર જોઈને ગ્લાનમુખવાળા બની ગયા. લોકો તેઓનો તિરસ્કાર કરવા લાગ્યાઃ-'અરે, જુઓ તો ખરા કેવા મૂર્ખના સરદાર, આવા વિશિષ્ટજ્ઞાની મુનિની સાથે વાદ કરવા નીકળી પડયા! ધિક્કાર છે તેઓને અને તેઓના માબાપને. તેઓનું ભણેલું ધૂળમાં ગયું, ભણ્યા પણ ગણ્યા નહી.' આ પ્રમાણે લોકોથી નિંદાતા ગ્લાન મુખવાળા બંને ભાઈઓ ઘેર આવ્યા, ત્યારે તેમના પિતાએ પણ તર્જના કરી :-'અરે, મુર્ખાઓ તમે હારી ને કેમ ઘેર આવ્યા ? તમને ભણાવવા માટે જે ધન ખર્ચ્યું તે બધુ નકામું ગયું. છાર ઉપર લિપણ જેવું થયું. અરે પાપીઓ, મેં તમને ના કહી છતાં મુનિની સાથે વાદ કરવા ગયા, મારૂં વચન માન્યું નહી, અને હવે હારીને ઘેર આવ્યા. જાઓ, તમારૂં કાળુ મોઢું મને દેખાડશો નહી, સાવ મૂર્ખા, શાસ્ત્રથી હાર્યા પરંતુ શસ્ત્ર નહોતાં ? શસ્ત્રથી તેનો પરાભવ કેમ ના કર્યો' આ પ્રમાણે ક્રોધાયમાન થયેલા પિતાના વચન સાભળી બંને ભાઈઓ પિતાના ચરણમાં માથું મૂકીને કહેવા લાગ્યાઃ-પિતાજી, આપે કહ્યું તે સત્ય છે. બસ, હવે તે મુનિનો અમે શસ્ત્રથી ઘાત કરીશું, પછી જ ઘેર આવીશું.' આ પ્રમાણે કહીને ઘેરથી નીકળી ગયા અને વિચારવા લાગ્યા :-'મુનિને કેવી રીતે મારવા ?' આ રીતે વિચારતા વિચારતા દિવસ પસાર થયો અને

રાત્રિના અંધકારમાં ચોરનો વેષ ધારણ કરી હાથમાં ધનુષ્યબાણ કૃપાણ-તલવાર વિગેરે લઈને લપાતા છૂપાતા સાધુના સ્થાન ભણી આવ્યા.

इतश्च विप्रपुत्राभ्यां, साकं वादं विजित्य च । गुरूणां गदितुं वाद--स्वरूपं सत्यकिर्गतः ॥३५॥
गुरूणामंतिके गत्वा, नत्वा च तत्क्रमाम्बुजं । विनयाद्वचनं प्रोचे, शिष्यो हि विनयी प्रियः॥३६॥
विभो ! वाडवसूनुभ्यां समं वादोऽद्य निर्मितः । तत्करणेन मेऽभूद्यत् , प्रायश्चित्तं तदर्पय ॥३७॥
शिरो धून्वन् गुरुः प्राह, वत्सैताभ्यां समं त्वया । यो विवादः कृतस्तीव्र--स्तद्वरं न विनिर्मितं ३८
वर्तेते पापिनावेतौ, दुरात्मानौ दुराशयौ । यतिघातविधाने हि, निर्दयत्वसमन्वितौ ॥३९॥
निर्भर्त्सितौ च, पितृभ्यां रात्रावस्यां समेत्य तौ । मरणांतमुपसर्गं च, साधूनां प्रविधास्यतः॥४०॥
गुरुवाक्यप्रतीतिं हि, संदधानः स्वमानसे । साधूपसर्गतो भीतो, जजल्प सत्यकिर्व्रती ॥४१॥
मुनीनामुपसर्गश्चे-ज्जायते मयि सत्यपि । क्षणभंगुरशीलेन, तदा किं जीवितेन मे ॥४२॥
किंतु कश्चिदुपायोऽस्ति, दुष्टाभ्यां प्रविनिर्मितः । उपसर्गः किलैताभ्यां, येन न स्यात्तपस्विनां॥४३
गुरुर्जगाद श्रुत्वेति, यत्र वादः कृतस्त्वया । गच्छ स्वच्छमना वत्स, प्रदोषे तत्र कानने ॥४४॥
वर्तते क्षेत्रपालः स--प्रत्ययस्तदधिष्ठितः । यत्पार्श्वे मार्गयित्वाज्ञां, स्थेयं ध्यानैस्त्वया निशि॥४५॥
श्रीजिनाख्यामहामंत्र--ध्यानेन संस्थिते त्वयि । क्रोधांधौ तौ समागत्य, स्थास्यतस्त्वज्जिघांसया४६
चतुर्विधस्य संघस्य, तदा रक्षा भविष्यति । विधातव्यं त्वया वत्स, वचनं भाषितं मया ॥४७॥
एवं श्रीगुरुवाक्येन, क्षामयित्वाखिलानपि । निर्गतः स ततः स्थाना-द्धर्मध्यानपरायणः ॥४८॥
आगत्य विधिना तत्र, याचित्वा तदवग्रहं । क्षेत्रपालांतिके तेन, स्थितं ध्यानैकचेतसा ॥४९॥
तावत्तत्र समायातौ, दुष्टौ तौ वाडवांगजौ । निरीक्ष्यैकाकिनं ध्यान--लीनं तौ तोषमापतुः॥५०॥
वल्लभं पुरुषं वीक्ष्यै--काकिनं वैरिणं पुनः । तन्मानसा हि मोदंते, निजकृत्यविधित्सया॥५१॥
ततोऽमुं मारयित्वाथो, दुरात्मानं तपोधनं । वैरमावां ग्रहीष्यावः, पौरलोकापमानजं ॥५२॥
एतदेव वरं जातं, यदयं दृग्पथेऽभवत् । दृग्पथेऽयं यदा जातो, तदार्थसिद्धिरावयोः ॥५३॥
आवयोर्वर्तते वैर--मेतेनैव दुरात्मना । प्रथमं मारणीयोऽयं, ततो वैरजिघृक्षया ॥५४॥
विचार्येति निजे भाले, भृकुटिं ज्यां च धन्वनि । आरोप्य प्रोचतुर्दुष्टा--ध्यवसायौ द्विजात्मजौ५५
रे पापिष्ट मनोदृष्ट, विशिष्टाचारवर्जितः । यः पौराणां पुरो वादे, मन्तुः कृतोऽस्ति तं स्मर॥५६॥
सत्यकिर्ध्यानलीनत्वा-न्न जल्पति मनागपि । तदाविर्भूतकोपौ ता-वूचतुश्च द्विजांगजौ ॥५७॥
मौनं कृत्वा स्थितोऽसि त्व-मेकाकित्वेन रे शठ ! । मानभंगं च कृत्वा नौ, मौनं वा सर्वसाधनं५८
उदित्वेति कनिष्टश्च, ज्येष्टं जगाद बांधवं । वृद्धत्वात्प्रथमं देहि, प्रहारं त्वं सहोदर ! ॥५९॥
सोऽप्याह पूर्वमेवामुं, न हनिष्यामि सर्वथा । यतिहत्याभवं घोरं, पापं शास्त्रेऽस्ति भाषितं ॥६०॥

अनुजोऽपि जगौ भ्रात--श्चेत्पापं न ग्रहीष्यसि। अहं कथं ग्रहीष्यामि, पापं तद्घातजं ननु ॥६१॥
एवं विवदमनौ ता--वाकृष्य धन्वसंस्थितौ। विचारणां प्रकुर्वंतौ, शास्त्राध्ययनयोगतः ॥६२॥
शास्त्रभ्यासकरो मर्त्यो, विपक्षोऽपि वरो भुवि। हितकर्ता परं नूनं, माभून्मूर्खो जनः क्वचित् ॥६३
प्रविधाय ततः प्रोच्चै--र्विचारणां परस्परं। आगत्य मुनिपार्श्वे तौ, युगपद्धंतुमुद्यतौ ॥६४॥
तावूर्ध्वीकृत्य कोदंडं, समाकृष्य च मार्गणं। प्रतिघेन मुनिं हंतु--कामौ यावदधावतां ॥६५॥
तावत्तत्पुण्ययोगेन, रक्षां कर्तुमिवोद्यतः। क्षेत्रपालः समायातः, पुण्ये रक्षा ह्यचिंतिता ॥६६॥

આ બાજુ બ્રાહ્મણ પુત્રોની સાથે વાદ કરી, વિજય મેળવી વાદના સ્વરૂપને ગુરૂને કહેવા માટે સત્યકિ મુનિ ગુરૂ પાસે આવ્યા. ગુરૂના ચરણે મસ્તક ઝુકાવી વંદન કરીને વિનયપૂર્વક ગુરૂમહારાજને કહે છે :-'ભગવંત, બ્રાહ્મણપુત્રો સાથે આપની અનુમતિ લીધા વિના આજે વાદ કર્યો, તેનું આપ પ્રાયશ્ચિત્ત આપો.' ગુરૂદેવે મસ્તક ધૂણાવીને કહ્યું:-'વત્સ, બ્રાહ્મણપુત્રો સાથે તેં જે વિવાદ કર્યો તે સારૂં ના થયું કારણકે તે બંને પાપાત્મા, દુરાત્મા અને દુષ્ટ આશયવાળા છે, સાધુની હત્યા કરવામાં તે નિર્દય છે. તેના માતાપિતાએ તેઓને તિરસ્કાર કરીને કાઢી મૂકયા છે, તેથી રાત્રિમાં આવીને સાધુઓને મરણાંત ઉપસર્ગ કરશે.' ગુરૂના વચન ઉપર અડગ વિશ્વાસ ધારણ કરતા સત્યકિ મુનિ સાધુઓ ઉપર થનારા ઉપસર્ગથી ભયભીત બની ગયા. 'અરે, મારા નિમિત્તે આ બધા સાધુઓને ઉપસર્ગ થશે તો ક્ષણભંગુર એવા આ જીવિતવડે શું ?, 'ગુરૂભગવંત, કોઈ ઉપાય છે કે એ બે દુષ્ટોથી સાધુઓના ઉપસર્ગનું નિવારણ થઇ શકે ?' 'ગુરૂમહારાજે કહ્યું:- 'વત્સ, જે જગ્યાએ વાદ કર્યો હતો ત્યાં રાત્રિમાં તું જા એ જંગલમાં વડવૃક્ષ નીચે ત્યાંના અધિષ્ઠાતા ક્ષેત્રદેવની અનુમતિ લઈને, ધ્યાનાવસ્થામાં કાયોત્સર્ગ ધ્યાનમાં શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરજે. ક્રોધાંધ બનેલા તે બંને તને મારવા માટે આવશે. આ રીતે મારા વચન પ્રમાણે તું કરીશ તો ચતુર્વિધ સંઘની રક્ષા થશે.' આ પ્રમાણે ગુરૂભગવંતની આજ્ઞાથી સમસ્ત જીવરાશિને ખમાવીને ધર્મ-ધ્યાનમાં તત્પર સત્યકિ મુનિ ત્યાંથી નીકળી એ જંગલમાં આવી ક્ષેત્રપાલની અનુજ્ઞા મેળવી વડવૃક્ષ નીચે વિધિપૂર્વક ધ્યાનમાં એકાગ્રચિત્તે રહ્યા. તેટલામાં મધ્યરાત્રિએ તે બન્ને દુષ્ટ બ્રાહ્મણો ત્યાં આવ્યા અને ધ્યાનમાં લીન સત્યકિ મુનિને જોઇને ખુશ થયા પછી પોતાના ઈષ્ટ શત્રુને એકલા જોઈ પોતાનું કાર્ય સિદ્ધ થયું માની, અતિહર્ષિત બની વિચારવા લાગ્યા :- 'દુરાત્મા એવા આ સાધુને મારીને નગરજનો સમક્ષ આપણું અપમાન કરેલું, તેનો બદલો બરાબર લઇશું. આ સારૂં થયું કે આપણી નજરમાં એ જ આવી ગયો. આપણું વૈર તો આ દુરાત્માની સાથે છે. પહેલા તેને મારીને પછી તેના ગુરૂને મારીશું ? આ પ્રમાણે વિચારી ભ્રકુટિ ચઢાવી ધનુષ્ય ખેંચીને દુષ્ટ અધ્યવસાયવાળા તે બોલ્યા:-રે પાપિષ્ઠ, હે દુરાત્મા, શિષ્ટાચાર વિનાના હે મુંડીયા, નગરજનોની સમક્ષ અમારી સાથે વાદ કરીને જે તેં અમારો અપરાધ કર્યો છે, તેને તું યાદ કર' આ પ્રમાણે વારંવાર બોલવા છતાં સત્યકિમુનિને ધ્યાનમાં અવિ-

ચલિત જોઇને વધારે ક્રોધાયમાન થઇને બોલ્યા 'રે શઠ, ધૂર્ત, અમારૂં અપમાન કરીને હવે મૌન લઈને બેઠો છે? પરંતુ તને જતો નહી કરીએ. અપમાનનું ફલ ચાખવા માટે તૈયાર થઈ જા.' આ પ્રમાણે કહી નાનો ભાઇ મોટા ભાઇને કહે છે 'બંધુ, તમે મોટા છો તો પહેલો પ્રહાર તમે કરો.' ત્યારે અગ્નિભૂતિ કહે કે 'નહી, પહેલો પ્રહાર હું નહી કરૂં, કારણ કે શાસ્ત્રમાં યતિ હત્યાનું પાપ ભયંકર કહ્યું છે. મારા પ્રહારથી આ સાધુ મરી જાય તો બધું પાપ મને લાગે.' વાયુભૂતિ કહે કેઃ 'તો પહેલો પ્રહાર હું પણ નહી કરૂં. મુનિ હત્યાનું બધુ પાપ મને લાગે.' આ પ્રમાણે શાસ્ત્રના અભ્યાસી હોવાથી વિવાદ કરતા એક નિશ્ચય ઉપર આવ્યા :-'આપણે બંને એકી સાથે પ્રહાર કરીએ તો અડધું અડધું પાપ બંનેને ફાળે જાય. કહ્યું છે કે પંડિત દુશ્મન સારો પરંતુ હિતસ્વી એવો, પણ મૂર્ખ મિત્ર સારો નહી. આ પ્રમાણે વિચારી બંને ભાઇઓએ હાથમાં તલવારો ઊંચી કરી તેટલામાં મુનિના પુણ્યપ્રભાવે ત્યાં રહેલો ક્ષેત્રદેવ આવ્યો.

तत्र तेन समेतेन, ददृशाते दृशा भृशं । समुद्घाटितखड्गौ स--शरौ दुष्टाशयौ द्विजौ ॥६७॥
तौ समालोक्य यक्षोऽपि, बभूव क्रोधपूरितः । यादृशो दृश्यते प्रायः, स्वभावोऽपि हि तादृशः६८॥
विचारः कोपयोगेऽपि, तदगुणागुणयोः कृतः । मुनिर्वैरविनिर्मुक्तो विप्रौ तु वैरवर्द्धकौ ॥६९॥
सूक्ष्मस्य बादरस्यापि, रागद्वेषकृतोपि च । समस्तस्यापि जीवस्या-भयदानप्रदायकः ॥७०॥
लघूनामप्यसत्यानां, पञ्चानां महातामपि । प्रौढेऽपि कारणे जाते, वदेदेष कदापि न ॥७१॥
सचित्तं वा ह्यचि त्तं वा, प्रभूतमथवा तनु । अदत्तं नैष गृह्णाति, निजाचारविशुद्धये ॥७२॥
या रूपेणाप्सरायंते, लावण्योपचिताः स्त्रियः । नेक्ष्यतेऽभिमुखं तासां, रागबुद्धया मनागपि॥७३॥
द्विरेदेषु तुरंगेषु, रथेषु च पदातिषु । जातरूपेषु रूप्येषु, ममत्वं नास्य विद्यते ॥७४॥
बुभुक्षितोऽपि नाहार-माहरेन्निशि सर्वथा । मरणांते ऽपि नो नीरं, पिपासितोऽपि संपिबेत्॥७५॥
महाव्रतयुतस्यापि, मरणार्थं मुनेर्यदि । समायाताविमौ दुष्टौ, शिक्ष्यामि च तर्ह्यमू ॥७६॥
संप्रत्येव हनिष्यामि, दुरात्मानाविमौ द्विजौ । मुनिनां निहतावेता-विति निंदा भविष्यति ॥७७॥
यद्यमू तर्जयित्यैव, मुंचामि पापिनाविमौ । विज्ञास्यंति कथं लोका, दुश्चेष्टामेतयोस्तदा ॥७८॥
दर्शयित्वा प्रगे नृणां, घोरं स्वरूपमेतयोः । पश्चादहं हनिष्यामि, क्रूरकर्मकराविमौ ॥७९॥
ध्यात्वेति तेन यक्षेण, स्तंभितौ तावुभावपि । धृतास्त्रौ बद्धहस्ताभौ, मंतुमत्तस्करोपमौ ॥८०॥
अथ प्रातः समायाता, जनास्तमभिवंदितुं । मुनिं नत्वान्यकार्याणि कार्याणि हि विवेकिभिः॥८१॥
साधोरुपरि माकार्षी—त्कोऽपि दुष्टं मनो जनः । इत्यंगरक्षकौ मर्त्या—विवैतौ किं स्थितावुभौ८२
कायोत्सर्गस्थिते साधा—वावाभ्यां स्थीयते कथं । इतीवोर्ध्वं स्थितावेतौ, साधुसेवाचिकीर्षया८३
दीयतामावयोर्मोक्षः, कृपालो त्वयका मुने । इतीव खड्गदंभेन तौ वीजयतश्चामरौ ॥८४॥

तावबलोक्य भूदेवा—वुद्घाटितकृपाणकौ । निनंसया गताः केचि—त्कुर्वंति कल्पनामिति॥८५
केचिद्वदंति षड्जीव—निकायरक्षकं मुनिं । समानशुर्मित्रं च यद्यनं हंतुमागतौ ॥८६॥
तदेतौ कर्मचांडालौ, ब्रह्मवंशोद्भवावपि । एतयोः पठनं चापि, भस्महूतमिवाजनि ॥८७॥
ब्रवीति भीरुका काचि—दुद्घाटितकृपाणयोः । स्वरूपमेतयोर्दृष्ट्वा, मातर्बिभेम्यहं भृशं ॥८८॥
काचित्प्रोवाच माभैषी—र्नास्त्येवाथोऽनयोर्बलं । साधु हंतुं समेतौ तौ, यक्षेण स्तंभिताविमौ ८९
किंवदंती प्रसिद्धैका, स्त्रीमुखे चटिता पुनः । तस्याः स्याद्गुप्तवृत्तित्वं, कथं संगोपनैरपि ॥९०॥
पुरुषाणां समूहेन, कलापेन च योषितां । क्रियमाणा मिथो वार्ता, सैव मुखे मुखेऽभवत् ॥९१॥
भ्रमतोऽथ नरेंद्रस्य, नगरे तत्र लीलया । प्रसरंतीति तस्यापि, सा गता कर्णकोटरे ॥९२॥
ततोवक्सेवकं भूमि–पालः प्रवृत्तिरश्रुता । श्रूयतेऽद्य कथं नूनं, श्रमणब्राह्मणस्थिता ॥९३॥
सोऽपि प्ररूपयामास, ज्ञातचरस्वरूपकः । उद्यानेऽस्ति समायातः, श्वेतांबरस्तपोधनः ॥९४॥
समं मुमुक्षुणा तेन, सर्वजीवाविरोधिना । अत्रत्याभ्यां द्विजन्मभ्यां, कल्ये वादो विनिर्मितः॥९५॥
ताभ्यां विवदमानाभ्यां, हारितं जनसाक्षिकं । ततः कोपाद्यतिं हंतु– मागतौ तौ दुराशयौ॥९६॥
कृपालुं सर्वजीवेषु, यतिं तं हंतुमुद्यतौ । विज्ञाय वननाथेन, यक्षेण यंत्रितौ द्विजौ ॥९७॥
तौ विक्षितुं प्रयांत्येके, आयांत्येके च वीक्ष्य तौ । पुरुषस्त्रीसमूहेन, वार्ता सैव विधीयते ॥९८॥
सेवकोक्तं वचः श्रुत्वा, भूमीपालोऽप्यवीवदत् । प्रयास्यामो वयमपि, वीक्षितुं तत्र कौतुकं ॥९९॥
सेवकोऽपि क्षमाजानिं, ज्ञात्वा जिगमिषुं वने । सामग्रीं रचयामास, करेणुतुरगादिकां ॥९००॥
तया भूपोऽपि सामग्र्या, मुनिं नंतुं च कौतुकं । वीक्षितुं कानने सौवे, स्वजनैः कलितो ययौ १॥
भूपालप्रमुखैर्लोकै–र्भूदेवयोर्द्वयोस्तयोः । स्वरूपं वीक्ष्य नेत्राभ्यां, जिनधर्मः प्रशंसितः ॥२॥
समस्तेभ्योऽपि धर्मेभ्यो, धर्म आर्हत एव च । यत्र जीवदयाधर्मः, प्रथमं कथितो जिनैः ॥३॥
केचिद्धर्मं प्रशंसंति, जंतुजातसुखावहं । केचन धर्मिणं साधु, क्रोधरोधविधायिनं ॥४॥
निंदंति पितरौ केचिद्, द्विजन्मनोस्तयोर्द्वयोः । केचित्तावेव पापिष्ठौ, दुष्टौ विद्याभिमानिनौ ॥५
वार्तायां जायमानाया–मितीतरेतरं पुरे । केनचित्पुरतः पित्रोः. स्वरूपं कथितं तयोः ॥६॥
युवयोस्तनयाभ्यां ह्य–स्तने दिने विनिर्मितः । विवादः साधूना सार्धं, हारितौ तौ तु दुर्मती॥७॥
तेन द्वेषेण यामिन्या–मागत्य यतिनोंतिके । घाताय खड्गमादाय, यावत्तौ धावितौ क्रुधा॥८॥
तावन्मुमुक्षुपुण्येन,समागत्याथ तत्र च । यक्षेण वनपालेन,स्तंभितौ तौ स्त्रीमुखौ ॥९॥
निशम्य तत्समाचारं, तन्मुखात्कर्णदुःखदं । पितरौ भूयसा स्नेह–संयोगेन व्यषीदतां ॥१०॥
सदनात्सहसागत्य, कानने साधुसन्निधौ । स्तंभितौ तनयौ वीक्ष्या–रोदिष्टां पितरौ भृशं॥११॥
हाहा पुत्रौ कथं वादः, कृतस्तपस्विना समं । यदि वादः कृतस्तर्हि, रात्रावत्रागतौ कथं ? ॥१२॥

अहोरात्रं च भूयिष्ट-सुखोचितशरीरयोः । रे सुतौ युवयोरीद-ग्वावस्था समजायत ॥१३॥
विलापं विविधैर्वाक्यैः, कुर्वाणौ पितरावथ । मुनिं नंतुमिव क्षोण्यां, दुःखेनालुटतांतमां ॥१४॥

'धर्मो रक्षति रक्षितः' એ ન્યાયે ક્ષેત્રપાલ મુનિનું રક્ષણ કરવા માટે ઉદ્યત થયેા. ઉઘાડી તલવારે મુનિની હત્યા કરવાના દુષ્ટ આશયવાળા બંનેને જોઇને યક્ષ ક્રોધાતુર બની ગયેા. ખરેખર, જેવું દૃશ્ય જોવામાં આવે તેવા પ્રકારનેા સ્વભાવ પ્રાયઃ બને છે. ગુસ્સામાં હેાવા છતાં પણ યક્ષ, મુનિ અને બ્રાહ્મણના ગુણ દેાષનેા વિમર્શ કરે છે :-'મુનિ વૈરથી રહિત પ્રશાંત છે. જ્યારે આ બંને બ્રાહ્મણેા વૈરને વધારનારા ક્રોધી છે. મુનિ-સૂક્ષ્મ બાદર આદિ સમસ્ત જીવરાશિને અભય આપનારા અને રાગદ્વેષથી રહિત છે, મેાટાં પાંચ અસત્ય તેા કયારે પણ બેાલે નહી, પરંતુ ગમે તેવી પરિસ્થિતિમાં નાનું પણ અસત્ય કદાપિ બેાલે નહી. વળી, પેાતાના આચારની વિશુદ્ધિ, માટે સચિત્ત (જીવ સહિત) કે અચિત્ત (જીવ રહિત) થેાડું કે ઘણું તેના માલિકની રજા સિવાય ક્યારે પણ ગ્રહણ કરે નહી. રૂપ લાવણ્યમાં રંભા સમાન એવી પણ સ્ત્રીની સામે રાગબુદ્ધિથી કદાપિ જોતા નથી. હાથી,ઘેાડા,રથ,પાયદળ, સુવર્ણ, રૂપુ, હીરા, માણેક, મેાતી આદિ કેાઈ પણ વસ્તુ પેાતે રાખે નહી, અને તેના ઉપર મમત્વ ધરતા નથી. અત્યંત ક્ષુધાતુર હેાવા છતાં રાત્રિમાં કયારે પણ આહાર કરતા નથી. તૃષા મરણપ્રાયઃ થવા છતાં રાત્રિમાં પાણી પીતા નથી, આ પ્રમાણે પાંચ મહા વ્રતધારી, ગુણના ભંડાર એવા મુનિને આ દુષ્ટો મારવા માટે તૈયાર થયા છે, તેા મારે તેઓને શિક્ષા કરવી પડશે. આ દુરાત્માઓને જો હમણાં હું મારી નાખું તેા 'મુનિએ માર્યા હશે' તેવી મુનિની નિંદા થશે. તેથી આ પાપીઓની તર્જના કરીને હમણાં જેમ છે તેમ રાખું તેા લેાકેાને તેઓના દુષ્ટ ચરિત્રની જાણ થશે. પ્રભાતે લેાકેાને એ બંનેના કુકર્મને બતાવીને પછીથી તે પાપીઓને હણીશ' આ પ્રમાણે વિચારી યક્ષે શસ્ત્ર ઉગામેલા તેઓના બંને હાથેાને પેાતાની શક્તિથી થંભાવી દીધા, પ્રભાતે નગરવાસીઓ પેાતપેાતાના કાર્યો પતાવી મુનિ ભગવંતેાને નમસ્કાર કરવા માટે જાય છે, ત્યાં તે બે બ્રાહ્મણેાને હાથમાં શસ્ત્રેા ઉગામી સ્તંભિત થયેલા જોયા. લેાકેા કલ્પના કરવા લાગ્યાઃ-'સાધુઓ ઉપર કેાઇ દુષ્ટો ઉપદ્રવ ના કરે તે માટે આ બંને અંગરક્ષક થઇને રહ્યા નહી હેાય? અન્યથા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા મહાત્મા પાસે આ રીતે કેમ ઊભા રહે? અથવા સાધુની સેવા કરવાની ઇચ્છાથી આવ્યા હશે? દયાળુ એવા આ મુનિની પાસે મેાક્ષની યાચના કરતા હેાય તેમ ખડ્ગ (તલવાર)ના બ્હાને જાણે ચામર વીંજતા નહીં હેાય? આ પ્રમાણે જુદી જુદી કલ્પના કરતા લેાકેાએ નજીકમાં આવીને જોયું તેા અગ્નિભૂતિ વાયુભૂતિ બંને બ્રાહ્મણેાને ઉઘાડી તલવારે ઊભેલા જોઇને લેાકેા ભયભીત બની ગયા. 'અરે, આ તેા બે ભાઇઓ મુનિની હત્યા કરવા આવ્યા લાગે છે. છકાયજીવની રક્ષા કરનાર, શત્રુ મિત્ર પ્રત્યે સમભાવ રાખનાર આવા ગુણવાન મહાત્માની હત્યા કરવા માટ

બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા આ કર્મચંડાળ આવ્યા છે. આવું ભયંકર દૃશ્ય જોઈને જન સમુહમાં રહેલી કઇ ભીરૂ સ્ત્રીઓ ડરવા લાગી. તેને આશ્વાસન માટે બીજી સ્ત્રીઓ કહેવા લાગી કેઃ ભય પામવાની કોઈ જરૂર નથી, આ પાપીઓની શું તાકાત છે કે મુનિની હત્યા કરી શકે. મને લાગે છે કે મુનિની હત્યાનો પ્રયાસ કરનાર આ બંનેને યક્ષે થંભાવી રાખ્યા છે.: કહેવત છે કે 'સ્ત્રીઓના મુખે ચઢેલી વાત કયારે પણ ગુપ્ત રહી શકતી નથી.' તે પ્રમાણે પુરૂષોનો અને સ્ત્રીઓના સમુહમાં પ્રસરેલી વાત આખા ગામમાં ફેલાઇ ગઇ. લોકોના ટોળે ટોળા જોવા માટે ઉમટયાં. ફેલાતી ફેલાતી વાત રાજદરબાર સુધી પહોંચી ગઈ. રાજાએ સેવકને બોલાવી પૂછયું કેઃ 'આ શું છે?' બધી માહિતી મેળવીને સેવકે કહ્યુંઃ-સ્વામિન્, આપણા નગરની બહારના ઉદ્યાનમાં શ્વેતાંબરી સાધુઓ આવેલા છે. તેની સાથે ગઈ કાલે આપણા નગરના અગ્નિભૂતિ-વાયુભૂતિ બે બ્રાહ્મણોએ નગરલોકોની સમક્ષ વાદ કર્યો, ને તે વાદમાં બંને હારી ગયા. તેથી એ બંને નરાધમો સર્વજીવોના રક્ષક મુનિની હત્યા કરવા માટે રાત્રિમાં ગયેલા. પરંતુ વનરક્ષક યક્ષે તે બંનેને તેમ ના તેમ થંભાવી રાખ્યા છે. તેઓને જોવા માટે નગરવાસી સ્ત્રી પુરૂષોના ટોળે ટોળાં આવે છે ને જાય છે.' સેવકના મુખે વાત સાંભળીને રાજાએ કહ્યું-'ચાલો, આપણે પણ કૌતુક જોવા માટે ત્યાં જઈએ, રાજાની આજ્ઞા પ્રમાણે ચતુરંગી સેના તૈયાર થઈ ગઈ. ચતુરંગી સેના સાથે રાજા મુનિને નમસ્કાર કરવા માટે અને કૌતુક જોવા માટે વનમાં આવ્યા. રાજા તેમજ બીજા પણ પ્રમુખ માણસોએ તેવા પ્રકારનું દૃશ્ય જોઈને જૈનધર્મની મુક્તકંઠે પ્રશંસા કરી. 'ખરેખર, સર્વધર્મોમાં આર્હત્ ધર્મ એ જ શ્રેષ્ઠ છે. જિનેશ્વર ભગવંતે અહિંસા ધર્મને જ મુખ્ય ધર્મ કહ્યો છે.' આ પ્રમાણે કેટલાક લોકો પ્રાણીમાત્ર પ્રત્યેના દયા ધર્મની પ્રશંસા કરે છે. કેટલાક ક્રોધાદિ કષાયોથી રહિત સાધુધર્મની પ્રશંસા કરે છે. કેટલાક તે બંને બ્રાહ્મણોના માતાપિતાની નિંદા કરે છે. તો વળી કેટલાક વિદ્યાભિમાની પાપિષ્ઠ એવા એ બંને દુષ્ટોને ધિક્કારે છે. તેમાં કેટલાક લોકો તેના માતાપિતા પાસે જઇને કહેવા લાગ્યા:- 'અરે, તમારા દીકરા કેવા ઉચ્છૃખંલ અને ઉદ્ધત છે? ગઇકાલે સાધુની સાથે વાદવિવાદ કર્યો તેમાં તેઓ હારી ગયા એટલે રાત્રિમાં ચોરનો વેષ કરી મુનિની હત્યા કરવા ગયા અને તલવાર ઉગામી જેવા મારવા દોડે છે તેવામાં મુનિના પુણ્ય પ્રભાવે વનરક્ષક યક્ષે આવીને બંનેને થંભાવી દીધા છે. સારૂં થયું કે હજુ માર્યા નથી. દુષ્ટોને સજા થવી જ જોઇએ. આ પ્રમાણે દુઃખદાયી સમાચાર સાંભળીને પિતા પુત્રો પ્રત્યેના સ્નેહથી દુઃખી થયો. અને તરત જ ઘેરથી વનમાં આવીને સાધુની પાસે સ્તંભિત બની ઉભેલા પુત્રોને જોઈને કલ્પાંત કરવા લાગ્યો :- 'હા હા પુત્રો, આ તપસ્વીની સાથે તમે વાદ વિવાદમાં કેમ ઉતર્યા? અને વાદવિવાદ કર્યા પછી રાત્રિમાં અહીંયાં કેમ આવ્યા? અરે, દીકરાઓ, રાતદિવસ સુખશય્યામાં પોઢેલા એવા તમારી આ કેવા પ્રકારની દુર્દશા થઇ. અરેરે અમારાથી આ નજરે જોવાતું નથી' આ પ્રમાણે વિધ વિધ વાકયોથી વિલાપ કરતા તેઓના માતાપિતા દુઃખથી જમીન ઉપર આળોટવા લાગ્યા. જાણે તેઓ મુનિને નમસ્કાર કરતા ના હોય, તેવા લાગતા હતા.

यद्यपि ब्राह्मणैः प्रायो, जैनो मुनिर्न मन्यते । तथापि निजकार्ये स्यु–स्तेऽपि च नमनार्हकाः ॥१५
ततः समीपमागत्य, कायोत्सर्गजुषो यतेः । आनम्य तत्क्रमांभोजं, कथयामासतुश्च तौ ॥१६॥
सर्वजीवकृपाकारी, सर्वजंतुहितावहः । सर्वोपकारकः साधु–स्त्वमेव भुवि वर्तसे ॥१७॥
ततस्तनयभिक्षां त्व–मावयोर्वितराधुना । भवेयुर्हि महांतस्तु, प्रार्थनाभंगभीरवः ॥१८॥
उपकारिणि भूयांसो, भवेयुरुपकारकाः । योऽपकारिणि जायेतो–पकारकः स उत्तमः ॥१९॥
इति ज्ञात्वा कृपां कृत्वा, ह्यावयोरुपरि प्रभो ! । एतावन्न्यायकर्तारौ, बालकौ मुंच कष्टतः ॥२०॥
रुदंतौ विलपंतौ च, वदंतौ दीनभाषया । समीक्ष्य दंपती साधुः, कायोत्सर्गमपारयत् ॥२१॥
पारयित्वा तनूत्सर्ग—मक्रोधः साधुरभ्यधात् । मम कस्योपरि द्वेषः, सर्वथा नास्ति वाडवौ॥२२॥
समेतस्य निजं स्थानं, रक्षा प्रत्यर्थिनोऽपि च । उत्तमैः पुरुषैरात्म––प्राणैरपि विधीयते ॥२३॥
चिंनयित्वेति यक्षेण, काननस्वामिना निशि । स्तंभितौ मम रक्षार्थं, संभाव्येते इमौ द्विजौ ॥२४॥
वार्तामिति प्रकुर्वाते, यावन्मिथो यतिद्विजौ । प्रत्यक्षीभूय तावत्स, दंडपाणिः समागतः ॥२५॥
समेत्य च नमस्कृत्य, यतिनं गुणमंदिरं । उवाच सोऽपि हे साधो !, चिंतां त्वं मा कृथा वृथा।२६
यदि न्यायवतां पुंसां. दंडो मया विधीयते । तर्हि लोकापवादः स्या—त्तावकोऽपि च मामकः।२७
अन्यायकारिणां नृणां, दंडादाने मुनीश्वर । प्रत्युताघनिवृत्तिः स्या–द्यशोवादश्च विष्टपे ॥२८॥
तत एतौ हनिष्यामि, शिक्षादानस्य हेतवे । नांतराले त्वया किंचि–त्कथनीयं ममाग्रहात् ॥२९॥
ग्रामस्य प्रथमं त्वस्य, दुष्टनीतिप्रवर्तकं । मारयिष्यामि भूपाल–मपराधविधायिनं ॥३०॥
त्वयि मत्सरिणावेतौ, मदोन्मत्तौ द्विजातिजौ । पूर्वमेव यतोऽनेन, वारितौ न निरर्गलौ ॥३१॥
उक्त्वेति वज्रिवज्राभं, दंडमुत्पाट्य पाणिना । निहंतुं भूपतिं यक्षो, दधावे क्रोधभीषणः ॥३२॥
तदा मामेति निःशेषै–रपि प्ररुपिते सति । स्वस्थीभूते क्षणं तस्मि–नाचख्यौ विनयान्नृपः ॥३३॥
स्वामिन्नहं न जानामि, वादस्वरूपमेतयोः । मया चेज्जानता नैतौ, वारितौ तर्हि दूषणं ॥३४॥
समस्तैरपि तत्रत्यै—स्तथैव कथिते सति । अपासरद्वनाधीशो, भूपमारणकर्मतः ॥३५॥
अपसृत्य नृवाक्येन, धराधीशान्निरागसः । निहंतुं धावितो यक्ष––स्तौ द्विजावपराधिनौ॥३६॥
मामेत्यभिदधत्साधु––रभ्यधाद्यक्षनायकं । एतयोर्दूषणं नैव, कर्मणां तत्समस्ति च ॥३७॥
यक्षस्तदा जगादाप––कारिष्वप्युपकारिणः । तवावज्ञा कृतैताभ्यां मार्यावेव ततस्त्विमौ ॥३८॥
वाचंयमस्तदा वाच––मुवाच कृपयार्द्रहृत् । यक्षराज ममाचारं, शृणु त्वं शांतचेतसा ॥३९॥
योऽन्यार्थे क्रियते जीव––घातः सोऽपि निवार्यते । मदर्थमनयोर्घातं, कथं पश्यामि भो वद॥४०॥
अस्माकं यतिनां मार्गे, समस्तमपि तीर्थपैः । कथितं परमब्रह्म––स्वरूपैकनिबंधनं ॥४१॥

जीवनं जीवरक्षार्थे, मरणं शिवशर्मणे । धीराणामुपसर्गाणां, सहनं कर्महानये ॥४२॥
कषोपलेन सार्धं हि यथा घर्षणमंतरा । शुद्धस्यापि सुवर्णस्य, न जायते परीक्षणं ॥४३॥
निर्ग्रंथस्य दृढस्याप्यु—पसर्गसहनं विना । भवेत्तथा न च्छेदो हि, कर्मणां मर्मभेदिनां॥४४॥
कैवल्यपदसंप्राप्तौ, हेतू जातौ ततो मम । मारणीयौ कथं यक्ष—राज त्वया द्विजाविमौ ॥४५॥
श्रुत्वेति यतिना प्रोक्तं, वचो यक्षो जगौ मुदा । मुनीश न्यायमार्गोऽत्र, मया स्वीकृत एव हि४६
मया त्वन्यायमार्गेण, यत्र दंडो विधीयते । तस्मिन्निवारणीयोऽहं, सर्वथा श्रमण त्वया ॥४७॥
यतिः प्रोचे त्वयोक्तं य—त्तत्सम्यक्किंतु यक्षराट् । भूयो नरकदुखाय, जीवानां हिंसनं भवेत्॥४८॥
अन्यकारणमप्यस्ति, तयोरमारणे पुनः । यक्षराज ततो ह्येतौ, मारणीयौ न सर्वथा ॥४९॥
यक्षो व्याचष्ट संतुष्टः, कारणं यत्त्वयोदितं । महीयसीं कृपां कृत्वा, तत्तु मम निवेदय ॥५०॥
इत्युक्ते तेन यक्षेण, जगाद मुनिपुंगवः । प्रभूतज्ञानसंयुक्तो वियुक्तो दुरितव्रजैः ॥५१॥
द्वारिकानगरीनाथो, नवमो वासुदेवकः । अखंडितयशोवादः, कृष्णनामा भविष्यति ॥५२॥
विद्यमानासु कांतासु, रूपह्यासु भूरिषु । तस्य चाग्रमहिष्योऽष्टौ, भविष्यंति गुणोत्तमाः॥५३॥
सत्यभामा रमासत्य—भामनवर्यविग्रहा । रुक्मिणीरुग्मणीश्रेणि—वर्णिता जांबवत्यपि ॥५४॥
सती पद्मावती गौरी, गांधारी लक्ष्मणा युता । सुसीमाख्यापि सर्वास्ता, मुक्तिगाः कथिता इमाः५५
तासु कांतासु रुक्मिण्या, जांबवत्याश्च कुक्षिजौ । भविष्यत इमौ बंधू, स्नेहस्निग्धौ विमातृजौ५६
श्रीमन्नेमिजिनेंद्रस्य, द्वाविंशतितमस्य तु । तीर्थे विगलितानर्थे, दीक्षामेतौ गृहीष्यतः ॥५७॥
शुद्धं चरणमाराध्य, प्रतिबोध्य जनव्रजान् । परिक्षिप्याष्टकर्माणि, मुक्तिमेतौ गमिष्यतः ॥५८॥
मारणार्हौ ततोऽप्येतौ, न वर्तेते त्रयीमुखौ । जैनप्रभावनाकर्तु—स्तव जंतुहितैषिणः ॥५९॥
जांगुलिकाद्यथा मंत्रं, समाकर्ण्य भुजंगमः । कोपाटोपपरीतोऽपि, प्रशांतविग्रहो भवेत् ॥६०॥
तथा यक्षो यतेर्वाक्यं, निशम्य शांतमानसः । कृत्वार्हच्छासनोद्योतं, मुक्त्वा विप्रौ ततौ ययौ६१

'यद्यपि ब्राह्मणो प्रायः જૈન મુનિને માનતા નથી, પરંતુ જ્યારે પોતાનો સ્વાર્થ હોય ત્યારે મુનિને નમસ્કાર પણ કરે છે.' એ ન્યાયે તેઓના માતાપિતા કાયોત્સર્ગમાં રહેલા સાધુ સમીપે આવી તેમના ચરણકમલમાં મસ્તક રાખીને આજીજી કરવા લાગ્યા, 'હે પ્રભુ, આપ સર્વ જીવો પ્રત્યે ઉપકાર કરનારા, સર્વ જીવોનું હિત કરનાર, સર્વે જીવો ઉપર દયા કરનારા છો. તો અમે આપની પાસે પુત્રની ભિક્ષા માંગીએ છીએ. આપ કરૂણાના સાગર છો. આપ મહાન છો. મહાપુરૂષો કદાપિ કોઇની પણ પ્રાર્થનાનો ભંગ કરતા નથી. ઉપકારી ઉપર ઉપકાર કરનારા તો જગતમાં ઘણા હોય છે, પરંતુ અપકારી ઉપર પણ ઉપકાર કરનારા વિરલ મહાન અને ઉત્તમ

હોય છે. આપ તો મહાન વિભૂતિ છો. એમ જાણી અમે આપની પાસે યાચના કરીએ છીએ. કૃપા કરીને અન્યાયને કરનારા એવા અમારા આ બાળકોને કષ્ટથી મુક્ત કરો.' આ પ્રમાણે રૂદન કરતા અને દીન ભાષાથી વિલાપ કરતા દંપતિને જોઇને સત્યકિ મુનિએ કાયોત્સર્ગ પાર્યો. પારીને સાધુએ સરલ ભાષાથી કહ્યું, 'ભાઈ, મને કોઇના પ્રત્યે પણ દ્વેષ નથી. પરંતુ ઉત્તમ પુરૂષો પોતાના પ્રાણના ભોગે પોતાના સ્થાને રહેલા શત્રુનું પણ રક્ષણ કરતા હોય છે. એમ વિચારી આ વનના માલિક યક્ષે મારી રક્ષા માટે આ બે બ્રાહ્મણોને થંભાવી દીધા લાગે છે.' આ પ્રમાણે સાધુ અને બ્રાહ્મણ પરસ્પર વાર્તાલાપ કરે છે ત્યાં દંડપાણિ યક્ષ પ્રત્યક્ષ થયો. ગુણના ભંડાર સાધુને નમસ્કાર કરીને બોલ્યો : 'હે સાધુ, તમો ફોગટ ચિંતા શા માટે કરો છો? જો ન્યાયી માણસોને દંડ કરવામાં આવે તો તમારો અને મારો લોકોમાં અપવાદ થાય. પરંતુ અન્યાય કરનારા દુષ્ટોને શિક્ષા કરવામાં ઉલ્ટુ પાપનો નાશ થાય અને જગતમાં યશ ફેલાય છે તેથી આ પાપાત્માઓને શિક્ષા માટે હું હણીશ. માટે કૃપા કરીને વચમાં આવશો નહીં, અને મને કંઈ કહેશો નહીં. પહેલાં તો દુર્નીતિને કરનારા અપરાધી એવા આ ગામના રાજાને મારીશ. કેમકે સાધુઓના દ્વેષી મદોન્મત્ત આ બ્રાહ્મણોને, અન્યાય કરતાં રાજાએ કેમ વાર્યા નહીં? માટે પહેલો અપરાધ રાજાનો છે.' એમ કહીને ક્રોધથી ધૂંઆપૂંઆ થયેલો યક્ષ ઇન્દ્રધનુષ્ય સમાન દંડ ઉપાડી રાજાને મારવા માટે દોડયો. 'રાજાને હણો નહીં, રાજાને હણો નહીં', આ પ્રમાણે લોકોનો કોલાહલ થતાં યક્ષ ક્ષણમાત્ર સ્વસ્થ થયો, ત્યારે યક્ષને વિનયપૂર્વક રાજાએ કહ્યું : 'સ્વામિન્, આ વાદના સ્વરૂપને હું જાણતો નથી, જો જાણતો હોત અને તેમને વાર્યા ના હોત તો મારો ગુન્હો હતો, પરંતુ આ બાબતમાં હું બિલકુલ અનભિજ્ઞ છું.' આ પ્રમાણે રાજા તેમજ ત્યાં રહેલા સમસ્ત લોકોના કહેવાથી યક્ષ રાજાને મારવા માટેના પ્રયત્નથી અટકી ગયો. રાજાને નિરપરાધી જાણી ત્યાંથી પાછો ફરેલો યક્ષ તે બંને બ્રાહ્મણોને મારવા માટે દોડયો. 'મા, મા.' બોલતા સાધુએ યક્ષને કહ્યું: 'યક્ષરાજ, આમાં તેઓનો કોઇ દોષ નથી. બધો દોષ કર્મનો છે.' યક્ષે કહ્યું : 'આપ તો અપકારી ઉપર પણ ઉપકાર કરનાર છો, પરંતુ તમારી અવજ્ઞા કરનારા આ બંનેને તો હું મારીને જ જંપીશ.' કરૂણાર્દ્ર હૃદયે મુનિ બોલ્યા : 'યક્ષરાજ મારા આચારને તમે શાંતિથી સાંભળો. સાધુએ કોઈ બીજાને માટે જીવ હિંસા કરતો હોય તો પણ તેને અટકાવવો જોઇએ. આ તો મારા નિમિત્તે આ બંનેનો ઘાત થાય, તે હું કેવી રીતે જોઇ શકું?

અમારા મોક્ષ માર્ગમાં અનંતા તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. : સાધુ જીવન પરમબ્રહ્મ સ્વરૂપના કારણરૂપ જીવરક્ષાને માટેનું જીવન, મોક્ષસુખ માટે મરણ અને કર્મનો નાશ કરવા માટે ઘોર ઉપસર્ગનું સહન છે. કસોટીના પત્થર ઉપર જ્યાં સુધી સુવર્ણ ઘસાય નહીં ત્યાં સુધી તેની શુદ્ધિ-પરીક્ષા થતી નથી. ઉપસર્ગો સહ્યા વિના નિર્ગ્રન્થપણાની દ્રઢતા આવતી નથી, અને ઘાતી કર્મોનો નાશ થતો નથી. તો કૈવલ્યની પ્રાપ્તિ માટે સહાયકરૂપ એવા આ બંને બ્રાહ્મણોને કેવી રીતે મારી શકાય? મારા માટે ઉપકારી એવા આ બંનેને મુક્ત કરો.' 'હે શ્રમણ, મેં

તમને પહેલાં પણ કહ્યું હતું કે અન્યાયકર્તા દુષ્ટોને શિક્ષા કરતાં તમે મને અટકાવશો નહીં, છતાં તમે મને વારંવાર શા માટે રોકો છો?' મુનિએ કહ્યું : 'યક્ષરાજ, તમે કહી તે વાત સાચી છે, પરંતુ આ બંનેને નહીં મારવાનું બીજું પણ કારણ છે.

'એક તો જીવ હિંસાથી નરકનાં દુઃખ ભોગવવાં પડે, તેથી મારવા એ યોગ્ય નથી.' મુનિની વાતથી સંતુષ્ટ થયેલા યક્ષે પૂછ્યું : 'બીજું શું કારણ છે તે કૃપા કરીને મને કહો.' યક્ષના કહેવાથી પાપોથી રહિત વિશિષ્ટજ્ઞાની એવા મુનિ પુંગવે કહ્યું : 'દ્વારિકા નગરીના અધિપતિ યશસ્વી નવમા વાસુદેવ શ્રી કૃષ્ણ થશે. તેમની ગુણવાન, રૂપવાન અને સૌંદર્યવતી આઠ અગ્રમહિષીઓ (પટ્ટરાણીઓ) થશે. તે આ પ્રમાણે — સુંદર અને તેજસ્વી સત્યભામા, અદ્‌ભૂત સૌંદર્યવતી રૂક્મિણી, જાંબુવતી, સતી પદ્માવતી, ગૌરી, ગાંધારી લક્ષ્મણા અને સુસીમા. આ આઠે પટ્ટરાણીઓ તદ્‌ભવ મોક્ષગામી છે, તેમાં રૂક્મિણી અને જાંબુવતીની કુક્ષિએ આ બંને બંધુ તરીકે ઉત્પન્ન થશે. તે બંનેનો અખંડ પ્રેમ જળવાશે. બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના તીર્થમાં આ બંને પાપનાશિની પ્રવજ્યાને ગ્રહણ કરશે. શુદ્ધ ચારિત્રની આરાધના કરી, ભવ્યજીવોને પ્રતિબોધ કરી, અષ્ટ કર્મોનો નાશ કરી તે ભવમાં જ મુક્તિને પામશે. તેથી હે યક્ષરાજ, સકલજીવના હિતકારી જૈન શાસનની પ્રભાવના કરનારા એવા તમારાથી આમને મારી શકાય નહીં.' જાંગુલિક મંત્રને સાંભળીને ક્રોધાતુર બનેલો નાગ જેમ શાંત થઈ જાય તેમ મુનિના વચનથી યક્ષરાજનો ક્રોધ શમી ગયો. પ્રશાંત બની જૈન શાસનનો ઉદ્યોત કરીને તે બંને બ્રાહ્મણોને મુક્ત કરી યક્ષ સ્વસ્થાને ગયો.

पुण्यापुण्यफलं वीक्ष्य, लोका इहैव जन्मनि । चमत्कारधरा जाता, धर्मकर्मविधायिनः ॥६२॥
भूपालोऽपि स्वयं धर्मे, प्रावर्तत विमुक्तये । ग्रामीणानपरान् लोकान् , प्रावर्तयद्विशेषतः॥६३॥
तौ द्वावपि द्विजन्मानौ, शांतचितौ बभूवतुः । काले हि फलदं तीर्थं, साधवो द्राक्फलप्रदाः॥६४॥
जिनधर्मे धृतश्रद्धौ, साधूपकारचेतसौ । क्षामयित्वापराधं स्वं, मुनिं तौ प्रजजल्पतुः ॥६५॥
अद्यप्रभृति जीवाव—स्त्वत्प्रसादेन हे मुने ! आवयोरुपरि क्षांतिः, कार्या त्वया कृपालुना॥६६॥
अज्ञानेन प्रकुर्वंति, बालाः पितुः पुरो यथा । कृतं त्वयि तथाबाभ्यां, क्षंतव्यं क्षमया त्वया॥६७॥
आवादीत्साधुरस्माकं, धर्मे सर्वतपस्विनां । वर्तते जीवमात्रस्यो—परि क्षांतिरनारतं ॥६८॥
युवयोरुपरि द्वेष–स्ततो मे न मनागपि । सहंतेऽत्रोपसर्गांश्च, वसुंधरेव संयताः ॥६९॥
जिनधर्मपरो धीमान्, रागद्वेषौ करोति न । सुखे दुःखे समायाते वेत्ति कर्मैव कारणं ॥७०॥
स्वकीयकर्मयोगेनो–पसर्गा अर्हतामपि । घोराः समागतास्तर्हि, वराकस्य च किं मम ॥७१॥
शुभाशुभैकभावेन, कर्म यादृगुपार्जितं । अवश्यमेव तद्भोग्य––मैहिकामुष्मिके भवे ॥७२॥
कस्योपरि ततो न स्तो, रागद्वेषौ द्विजौ मम । न विचिंत्यं भयं मत्तो, युवाभ्यामपि जातुचित्॥७३

साधुवाक्यमिति श्रुत्वा, व्याचक्षातां त्रयीमुखौ । रागद्वेषोपसर्गाणां, जेताऽसि त्वं मुनीश्वर ॥७४॥
मुमुक्षोस्त्वादृशस्याप्या--वाभ्यां घातो विचिंतितः । तत्प्रायश्चित्तदानेनो--द्धर दुर्गातिपाततः७५
ब्राह्मणावपि चांडाल--कर्ममर्मविधायिनौ । आवां वर्तावहे नाथ !, धर्ममार्गं प्रदर्शय ॥७६॥
आवयोः पापिनोरेवं, त्वद्वधपुर्घातचिंतनात् । संसारतः समुद्धारो, येन धर्मेण जायते ॥७७॥

આ જ ભવમાં પુણ્ય-પાપનાં પ્રત્યક્ષ ફળ જોઇને લોકો આશ્ચર્યમુગ્ધ બની ધર્મકાર્ય કરનારા બન્યા. રાજા પણ સ્વયં મુક્તિ માટે ધર્મમાં પ્રવૃત્ત થયો. તેમજ ગામના બીજા બીજા લોકો પણ વિશેષ પ્રકારે ધર્મમાં પ્રવૃત્ત થયા. તે બંને ભાઇઓ પણ શાંત ચિત્તવાળા થયા. કહ્યું છે : તીર્થ કાળે ફલે છે, જ્યારે સાધુઓ શીઘ્રતયા ફલ આપે છે. તે બ્રાહ્મણો જૈનધર્મમાં શ્રદ્ધાલુ બની, સાધુના ઉપકારનું સ્મરણ કરી, પોતાના અપરાધને ખમાવી, ગુરૂ ભગવંતને કહ્યું : 'હે મુનિ ભગવંત, આપની કૃપાથી અમે આજે જીવન પામ્યા છીએ. આપ દયાળુ અમારા ઉપર કૃપા કરી અમારા અપરાધની ક્ષમા આપો. બાળક પિતાની પાસે અજ્ઞાનતાથી અપરાધો કરે છે, તેમ અમે આપની ઘણી ઘણી અવજ્ઞા અને અપરાધ કર્યા છે. તો ક્ષમાશીલ એવા આપ અમને બંનેને ક્ષમા કરો. મુનિરાજે કહ્યું : 'અમારા સાધુઓનો ધર્મ છે કે જીવ માત્ર પ્રત્યે હંમેશ ક્ષમાશીલ બનવું. તેથી તમારા પ્રત્યે મને જરાયે રોષ નથી. વસુધા (પૃથ્વી)ની જેમ સાધુઓએ ઉપસર્ગ પરીષહોને સહન કરવા જોઇએ. તેથી જૈન ધર્મમાં રક્ત એવા બુદ્ધિશાળીએ કોઇના પ્રત્યે પણ રાગ દ્વેષ કરવો નહીં. જે સુખ-દુઃખ આવે છે તે બધું કર્મનું ફળ છે. પોતાના અશુભ કર્મના ઉદયે તીર્થંકર ભગવંતોને પણ ઘોર ઉપસર્ગ સહન કરવા પડે છે. તો મારા જેવા રાંકનું શું ગજું ? શુભાશુભ ભાવે જેવી રીતે કર્મ બાંધ્યું હોય તેવી રીતે જ આ ભવ તેમજ પરભવમાં તેનું ફળ અવશ્ય ભોગવવુ પડે છે. માટે પ્રાણીએ કોઇના ઉપર પણ રાગ-દ્વેષ કરવો જોઇએ નહીં. તો તમારા બંને પ્રત્યે મને જરા પણ દ્વેષ નથી. મારાથી તને જરા પણ ભય રાખશો નહી. સાધુની શાંત અને મધુરી વાણી સાંભળીને અગ્નિભૂતિ વાયુભૂતિ બોલ્યા : 'તમે તો રાગ-દ્વેષ અને ઘોર ઉપસર્ગોને જીતનારા છો. આપ સરખા મુમુક્ષુની હત્યા કરવાનો અમે પ્રયાસ કર્યો, તે પાપનું અમોને પ્રાયશ્ચિત આપી દુર્ગતિમાં પડતા અધમ એવા અમારો ઉદ્ધાર કરો. હે નાથ, અમે બ્રાહ્મણ હોવા છતાં ચંડાળ જેવું કાર્ય કરવામાં તત્પર બન્યા. આપનો ઘાત કરવાના પાપી વિચારથી ઘોર કર્મને બાંધનાર પાપાત્મા એવા અમારો સંસાર સમુદ્રથી ઉદ્ધાર કરો. અમારો આ પાપમાંથી ઉદ્ધાર થાય તેવો ધર્મમાર્ગ બતાવો.'

संसारभ्रमणाद्भीतौ, ज्ञात्वा धर्मार्थिनौ द्विजौ।साधुर्जिनोदितं धर्म--मजल्यत्पुरतस्तयोः ॥७८॥
निर्ग्रंथश्रावकाचार--वद्द्विधाचारभेदतः । सर्वज्ञेन जिनेंद्रेण, द्विधा धर्मोऽस्ति भाषितः ॥७९॥
तत्र यो यतिधर्मोऽस्ति ससत्यं च महाव्रतः । धीराणामेव मर्त्यानामुचितः पालनाय च ॥८०॥

यो धर्मोऽस्ति गृहस्थानां, सुकरः पालनाय सः।सम्यक्त्वं प्रथमं तत्रार्हद्गुरुधर्मगोचरम् ॥८१॥
अणुव्रतानि पंचापि, त्रीणि गुणव्रतानि च। शिक्षाव्रतानि चत्वारी—ति द्वादशव्रताम्यपि ॥८२॥
द्वाविंशतिरभक्ष्याणि, वर्जनीयानि नित्यशः। वर्जनीयाश्च द्वाशिं—दनंतकायकाः पुनः ॥८३॥
तत्र मद्यं मधु मांसं, नवनीतं विशेषतः। रजनीभोजनं त्याज्यं, परस्त्रीगमनं पुनः ॥८४॥
स्वयं पाणिगृहीतायां, स्नेहवत्यामपि स्त्रियां।पुंसा कामातुरेणापि, विवर्ज्यं मैथुनं दिवा ॥८५॥
सूक्ष्मबादरजीवानां, स्थानं संधानकं भवेत्। वर्जनीयं ततः पाप—भीरुणा च विवेकिना ॥८६॥
दीनानाथजने देयं, दानं सन्मानपूर्वकं। पालनीयं यथाशक्ति, शीलं निर्मलताकरं ॥८७॥
विधातव्यं दश प्रत्या—ख्यानमध्यात्मपो वरं।संसारानित्यतां ध्यायन्, भावयेद् भावनां भवी ॥८८॥
देवतार्चनं गुरुसेवा, तपः स्वाध्यायसंयमौ। दानमेवं च कर्माणि, षट् कर्तव्यान्यहर्निशं ॥८९॥
क्रोधो मानो महामाया, लोभः क्षोभविवर्जितः। विपक्षा इव चत्वारः, एते वर्ज्या विदूरतः ॥९०॥
षट्सु जीवनिकायेषु, रक्षा कार्यात्मजीववत्। परोपकारिता चित्या, विद्वेषिषु जनेष्वपि ॥९१॥
इति श्रीजिनराजोक्तो, धर्मः कर्मविमर्दकः। संसारैकसमुद्धार—कारणं वर्तते भुवि ॥९२॥
यथैंधनो घनो राशि—र्भस्मसात्क्रियतेऽग्निना।तथैकशः कृतेनापि, धर्मेण क्षिप्यते तमः ॥९३॥
माहात्म्यमिति धर्मस्य, मत्वा कठिनकर्मभित्।उद्यमः सर्वदा कार्यो युवाभ्यां धर्म एव च ॥९४॥
मुनिवाक्यं समाकर्ण्य, तौ द्वावपि सहोदरौ। व्रतानि द्वादशाधातां, सम्यक्त्ववादीनि भावतः ॥९५॥
स्वीकृतार्हतधर्मौ तौ, विज्ञाय स्वांगजौ हृदि। पितृभ्यामपि धर्मः स, स्वीचक्रे करुणामयः ॥९६॥
जैनधर्ममहारत्नं, विप्रवंशेऽतिदुर्लभं। मन्वानौ तत्समासाद्य, सतातौ तौ गतौ मुदं ॥९७॥
धर्मरत्नं यतेः पार्श्वाद्, गृहीत्वा तौ त्रयीमुखौ। तस्य क्रमौ नमस्कृत्य, जग्मतुर्निलयं निजं॥९८॥
केनचित्स्तूयमानौ तौ, निंद्यमानौ च केनचित्। अध्वन्यगच्छतां भूरि—कुटुंबपितृसंयुतौ॥९९॥
पितृभ्यां सार्धमागत्य, क्रमात्तौ च द्विजांगजौ। व्रतानि पालयंतौ च, धर्मासक्तौ बभूवतुः॥१००॥

સંસાર ભ્રમણથી ભય પામેલા, પાપથી ધ્રૂજી ઉઠેલા અને ધર્મના અર્થી એવા બંને બ્રાહ્મણોને જાણીને ગુરૂ ભગવંતે તે બંનેને જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલો ધર્મ કહ્યો.

'સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતે સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારે ધર્મ બતાવ્યો છે. સાધુ ધર્મમાં પાંચ મહાવ્રતોનું મન, વચન, કાયાથી પાલન કરવાનું હોય છે, દુષ્કર એવા સાધુ ધર્મનું તો ધીર વીર એવા સત્ત્વશાળી મનુષ્યો જ પાલન કરી શકે છે. અને શ્રાવકધર્મ ગૃહસ્થોને પાલન કરવામાં સુકર હોય છે, તે આ પ્રમાણે-દેવ ગુરૂ અને ધર્મ-આ તત્ત્વત્રયી પ્રત્યે અવિહડ શ્રદ્ધા રાખવી, તેને સમ્યક્ત્વ કહેવાય, તે સમ્યક્ત્વમૂલ બારવ્રત-(પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત)નું પાલન કરવાનું હોય છે. સાથે સાથે ગૃહસ્થને બાવીશ

અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનો નિરંતર ત્યાગ કરવાનો હોય છે. તેમજ મદ્ય, માંસ, મધ અને માખણ–આ ચાર મહાવિગઈનો સદંતર ત્યાગ કરવો જોઈએ. વળી, રાત્રિભોજન, પરસ્ત્રી ગમનનો ત્યાગ અને સ્વસ્ત્રીની સાથે પણ દિવસમાં બ્રહ્મચર્યનું પાલન કરવાનું, તેમજ દિવસોની પણ મર્યાદા રાખવી. યથાશક્તિ નિર્મલ શીલનું પાલન કરવું. દીન–અનાથને માનપૂર્વક દાન આપવું. હંમેશ બાર પ્રકારના તપમાંથી તેમજ દશ પચ્ચક્ખાણ તપમાંથી કોઇ પણ પ્રકારનો યથાશક્તિ તપ કરવો. સંસારની અનિત્યતાનું નિરંતર ચિંતન કરવું, અશરણ આદિ બાર ભાવનાની હંમેશાં વિચારણા કરવી. ૧ દેવપૂજા, ૨ ગુરૂજનોની સેવા, ૩ તપ, ૪ સ્વાધ્યાય ૫ સંયમ અને ૬ દાન આ છએ કર્તવ્યોનું ગૃહસ્થોએ હંમેશાં અવશ્ય પાલન કરવું જોઈએ. ક્રોધ, માન, માયા, અને લોભ આ ચારે અંતરંગ શત્રુઓનો દૂરથી જ ત્યાગ કરવો. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય આ ષટ્જીવનિકાય (છ પ્રકારના જીવોનો સમુહ)ની પોતાના આત્માની જેમ રક્ષા કરવી. તેમજ શત્રુઓ ઉપર પણ ઉપકાર કરવો. સંસારના સૂક્ષ્મ બાદર આદિ જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખવો. આ પ્રમાણે જિનેશ્વર ભગવંતે કર્મોનો નાશ કરનાર, અને સંસાર સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર ગૃહસ્થ ધર્મની પ્રરૂપણા કરી છે. જેમ ઇંધનનો સમુહ અગ્નિથી ભસ્મીભૂત થાય છે, તેમ જિનોકત ધર્મનું વિધિપૂર્વક પાલન કરવાથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઇ જાય છે. ક્લિષ્ટકર્મને નાશ કરનાર એવા ધર્મના માહાત્મ્યને માનીને તમારે બંનેએ હંમેશા ધર્મમાં ઉદ્યમ કરવો.' મુનિના મુખે ધર્મનું મહાત્મ્ય સાંભળીને અગ્નિભૂતિ અને વાયુભૂતિએ ભાવપૂર્વક સમ્યક્ત્વમૂલ બારવ્રત અંગીકાર કર્યા, આ પ્રમાણે પોતાના પુત્રોએ આર્હતધર્મ (જૈનધર્મ)નો સ્વીકાર કર્યો જાણી તેમના માતાપિતાએ પણ દયામય એવા જૈનધર્મનો સ્વીકાર કર્યો. બ્રાહ્મણ કુળમાં જૈનધર્મરૂપી મહારત્નની પ્રાપ્તિ અતિદુર્લભ હોય છે. એમ માની ધર્મની ખૂબ ખૂબ અનુમોદના કરી મુનિ પાસે ધર્મરત્નને ગ્રહણ કરી, મુનિને નમસ્કાર કરી અગ્નિભૂતિ વાયુભૂતિ માતાપિતાની સાથે સ્વસ્થાને ગયા. ઘેર જતાં રસ્તામાં કેટલાક સજ્જન લોકો તેઓની સ્તુતિ પ્રશંસા કરે છે તો કેટલાક નિંદા કરે છે. આ રીતે નિંદા અને પ્રશંસા સાંભળતું બ્રાહ્મણ કુંટુંબ પોતાના ઘેર પહોચ્યું.

पूजयंतौ जिनेंद्रार्चां, ददतौ दानमर्थिषु । कुर्वाणौ तौ कृपां जंतौ, गमयामासतुर्दिनान् ॥१॥
यथायथा वयोवृद्धि—स्तयोर्द्वयोरजायत । तथा तथार्हते धर्म—कर्मणि बुद्धिरैधत ॥२॥
यथा यथा वयः क्षीणं, तत्पित्रोः समभूत्तमां । तथा तथा भवत्क्षीणा, धीस्तयोर्जिनधर्मणि ॥३॥
क्षीयमाणपरिणामौ, तत्पितरौ निरंतरं । पुनर्मिथ्यात्वमापन्नौ, तिष्ठेन्निःस्वे हि नो मणिः ॥४॥
कियत्यपि गते घस्रे, मिथ्यात्वशल्ययोगतः । कथयामासतुः सूनू, पितरावस्थिराशयौ ॥५॥
रे नंदनौ तदास्माभिः, कारणे धर्म आर्हतः । स्वीकृतोऽभूदथ त्याज्यः, स हि वेदपराङ्मुखः॥६॥
वेदोक्तविधिना धर्मः, कर्तव्यो ब्राह्मणैः सदा । वेदमार्गविलोपे हि, विप्राणां स्यादधोगतिः ॥७॥

श्रवणानुचितं वाक्यं, समाकर्ण्य तयोरुभौ । चित्तेऽचिन्तयतां जैन—धर्मदाढर्यसमन्वितौ ॥८॥
विरुद्धवचसोर्दभ्रः, किं प्रत्युत्तरमेतयोः । विनीतत्वाद्विचार्येति, ताभ्यां किमपि नोच्यत ॥९॥
धर्मकर्माणि कुर्वता—वथ तावपि बांधवौ । देशव्रतानि भावेन, पालयित्वा दिवं गतौ ॥१०॥
तत्रोत्पातमहाशय्यां, समुत्पन्नौ सभूषणौ । पूर्णाः पंचापि पर्याप्ती—स्तदा यावस्थितावमौ॥११॥
तावच्चतुर्षु पार्श्वेषु, वीजयंत्यश्च चामरान् । प्रोचुर्जयजयारावैः, सुरूपा देवयोषितः ॥१२॥
विभूतिं देवलोकस्य, दृष्ट्वा सौधर्मणस्तदा । तौ द्वावपि हृदोर्मध्ये, चमत्कारमवापतुः ॥१३॥
स्वामिनौ केन पुण्येन, सौधर्मेऽत्र समागतौ । अप्राक्षुर्मुदिता देव्यो, दर्शयंत्यः स्वविभ्रमान्॥१४॥
तावूचतुर्द्विजन्माना—वावामभवतां पुरा । धर्म आराधितो जैन—स्तेन समागताविह ॥१५॥
ताभिः प्रारब्धसंगीत—नृत्याद्यासक्तमानसौ । पंच पल्योपमानि चा—भूतां तौ जीवितान्वितौ१६
स्वर्गापवर्गजननं महिमानमुच्चै—रालोक्य येन सुकृतस्य कृतस्य सम्यक् ।
सम्यक्त्वमुज्ज्वलमलंकृतितुल्यमंगे, तत्रापि केवलमपालतां मुदा तौ ॥१७॥
धर्मादेव समीहितार्थमिलनं कष्टेऽपि पुंसो भवे—द्धर्मादेव कलाकलापकलनं वाबाल्यतः सर्वदा ॥
धर्मादेव समृद्धिवृद्धिभवनं प्रत्यूहसंदोहभि—द्धर्मादेव जगत्त्रयप्रसृमरं शुभ्रं यशो लभ्यते ॥१८॥

માતાપિતા સાથે ઘેર આવીને જિનેશ્વર ભગવંતના ચરણ કમલમાં ભ્રમરરૂપ બની અર્થાત્ ખૂબ જ શ્રદ્ધાથી બંને ભાઇઓ વ્રતોનું પાલન કરતા ધર્મમાં આસક્ત થયા. હંમેશાં જિનેશ્વર ભગવંતની મૂર્તિની પૂજા અર્ચના કરતા. અર્થીજનોને દાન આપતા, જીવો પ્રત્યે દયાભાવ રાખતા બંને ભાઈઓનો સમય આનંદથી પસાર થાય છે. જેમ જેમ વય (ઉંમર)ની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ જૈનધર્મ પ્રત્યેની શ્રદ્ધા વધતી જાય છે. ત્યારે તેઓના માતાપિતાની વય ક્ષીણ થતી જાય છે તેમ તેમ જૈનધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જાય છે. શ્રદ્ધાવિહીન બનેલા માતાપિતાએ ફરીથી મિથ્યાધર્મને ગ્રહણ કર્યો. ખરેખર, દરિદ્રી માણસની પાસે ચિંતામણી રત્ન કયાંથી ટકે? કેટલાક દિવસ ગયા પછી મિથ્યાતી બનેલા માતાપિતાએ પોતાના પુત્રોને કહ્યું : 'હે પુત્રો, આપણે જૈનધર્મ તો કારણે સ્વીકાર્યો છે, તે કારણ દૂર થયું હોવાથી હવે વેદબાહ્ય એવા જૈનધર્મનો ત્યાગ કરવો જોઈએ. આપણે બ્રાહ્મણોએ વેદમાં કહેલા વૈદિક ધર્મને કરવો જોઇએ. વેદમાર્ગનો અપલાપ કરવાથી બ્રાહ્મણોની અધોગતિ થાય છે.' સાંભળવા માટે અયોગ્ય એવા માતા પિતાના શ્રદ્ધાભ્રષ્ટ વચન સાંભળીને ધર્મમાં શ્રદ્ધાળુ એવા બંને ભાઈઓ મનમાં વિચારે છે : 'માતાપિતાને વિરૂદ્ધ વચનથી કેવી રીતે પ્રત્યુત્તર આપવો?' વિનીત હોવાથી આ રીતે વિચારી કંઈ પણ બોલ્યા નહી, પરંતુ પોતે ધર્મમાં સ્થિર બની દેશવિરતિ ધર્મનું પાલન કરી દેવલોકમાં ગયા, સ્વર્ગલોકની ઉત્પાત મહાશય્યામાં અલંકાર સહિત બંને દેવપણે ઉત્પન્ન થયા. દેવની પાંચ પર્યાપ્તિ (શક્તિ વિશેષ) પૂર્ણ કરી સોલ વર્ષના સુંદર યુવાન દેવપુરૂષ તરીકે રહ્યા. તેમની ચારે બાજુ ચામરો વીંજાઈ રહ્યા છે, અને દેવાંગનાઓ

જયજયારવ કરી રહી છે, સૌધર્મ દેવલોકની વિભૂતિ જોઈને બંને દેવો આશ્ચર્યચકિત બન્યા. ખુશ થયેલી હાવભાવ ને કટાક્ષ બતાવતી દેવીએ એ પૂછયુ : 'સ્વામિન્, આપ કયા પુણ્યથી સૌધર્મ દેવલોકમાં પધાર્યા ?' તે બંનેએ કહ્યું : 'ગત જન્મમાં અમે ભાવપૂર્વક જૈન ધર્મનું આરાધન કર્યું હતું, તેથી જ અમારી સદ્ગતિ થઇ.' દેવીઓના નાચ ગાન સંગીત અને નાટકમાં આસક્ત બનેલા બે દેવો પાંચ પલ્યોપમ (અસંખ્ય વર્ષો) આયુની સ્થિતિ ભોગવી રહ્યા છે. અત્યંત સુખમાં સમય કયાં પસાર થાય છે તેની ખબર પડતી નથી. સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ)ને આપનારા ધર્મના મહાત્મ્યને સમજી તે બંને દેવો દેવલોકમાં પણ સમ્યક્ત્વને ઉજ્વલ કરી રહ્યા છે.

મ્ષ્ટમાં કરેલા ધર્મથી પણ ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. ધર્મના કારણે બાલપણાથી કલાઓનો સમુહ મળે છે. ધર્મથી સમૃદ્ધિની વૃદ્ધિ થાય અને ધર્મથી વિઘ્નોનો નાશ થાય છે. ત્રણે જગતમાં ઉજ્વલ યશ ફેલાય છે. માટે મનુષ્યોએ ધર્મકાર્યમાં ઉદ્યમશીલ બનવું.

इति पंडितचक्रचक्रवर्तिश्रीराजसागरगणिशिष्य पं० श्रीरविसागरगणिविरचिते श्रीशांबप्रद्युम्नचरित्रे प्रद्युम्नजन्मजातमात्रापहरणतच्छुद्धिकरणार्थनारदमहाविदेह-गमनपूर्वभवश्रवणाग्निभूतिवायुभूतिस्वर्गगमनो नाम षष्ठः सर्गः समाप्तः ॥श्रीरस्तु॥

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તીસમા શ્રી રાજસાગર ગણીના વિદ્વાન શિષ્ય રવિસાગર ગણીએ રચેલા શાંબપ્રદ્યમ્નચરિત્રમાં પ્રદ્યુમ્નજન્મ, જન્મતાની સાથે પ્રદ્યુમ્નનું હરણ, તેની શોધ માટે નારદનું મહાવિદેહમાં ગમન, પ્રદ્યુમ્નના પૂર્વભવોનું શ્રવણ, તેમાં અગ્નિભૂતિ વાયુભૂતિનું સ્વર્ગગમન આદિનું વર્ણન કરતો એક હજાર ને અઢાર (૧૦૧૮) શ્લોક પ્રમાણ છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો.

॥ अथ सप्तम सर्गः ॥

सर्ग : ७

श्रीक्षेत्रो भरतक्षेत्रो, पवित्रो धर्मकर्मभिः । देशोऽस्ति क्लेशनाशोऽतिकोशलः—कोशलाह्वयः ॥१॥
रंगल्लवंगपुंनाग—नागवल्लीप्रियंगुभिः । अशोकैश्चंपकैश्चापि, वनानि यत्र रेजिरे ॥२॥
यत्र वापी प्रफुल्लाब्ज—लोचना लोकवल्लभा । वल्लभेव सुखं दत्ते, जनानां च विलोडिता ॥३॥
आधिव्याधिविनाशाय, पीयूषसदृशानि च । सलिलानि यदीयासु, सरसीषु विरेजिरे ॥४॥
श्रोतस्विन्यो नितंबिन्य, इवांबुनिधिभर्तरि । मिलंति परमाश्चर्यं, ताभिः स हि न माद्यति ॥५॥
असंप्राप्ततलाः कूपा, उपायैरतुलैरपि । पानीयपूरिता यत्र, सज्जना इव रेजिरे ॥६॥
ईक्षूणां यत्र निष्पत्ति—र्भूयस्त्वेन जनाः सदा । प्रभूतसितया दुग्ध—पानं कुर्वंत्यहर्मुखे॥७॥
वार्त्तायां क्रियमाणायां, विनोदेन परस्परं । दुष्कालस्य च वार्तापि, यत्र न क्रियते नरैः ॥८॥
तत्राऽयोध्या बलियोभि—रयोध्या नामतः पुरी।निर्ग्रंथवचनैर्बोध्या, विराध्या न कदा पुनः ॥९॥
विभ्यतः पापकर्मेभ्यो, भोगकर्मबुभुक्षया । विरक्ताः परदारेषु, रक्ता जनाः स्वयोषिति ॥१०॥
सप्तव्यसननिर्मुक्ता, दानव्यसनधारिणः । आसक्ता धर्मकार्येष्व—नासक्ताः पातके जनाः ॥११॥
स्वयंभूवचनासक्ताः, श्रावका यत्रिवासिनः । वाडवा इव षट्कर्म—निरता विरताशयाः ॥१२॥
देवांगना इव प्रोद्य—द्रूपेण यत्र योषितः । अद्भुतं गुरुवाक्येन, शीलं प्रपालयंति ताः ॥१३॥
अन्यत्र स्थानके ये स्युः,क्रूरकर्मकरा नराः । तत्र ते भूप्रभावेण, पुण्यप्राप्तिपरायणाः ॥१४॥
जिनानां सार्वभौमानां, बलार्धचक्रवर्तिनां।महतामपि मर्त्यानां—मुत्पत्तिस्थानमस्ति या ॥१५॥
तत्रारिजयकारित्वा —द्यथार्थामभिधां दधत्।भूपालोऽरिजयो भाति, प्रजाहितप्रदायकः ॥१६॥
सूर्योदये न पश्यंति, कौशिकास्तद्विरोधिनः । यामिन्यां चापि कृत्यानि, ते स्वकीयानि कुर्वते ॥१७॥
तथारिजयभूपस्य, प्रतापेनाषि चाद्भुतं।वैरिघूका न पश्यंति, रात्रावपि च वासरे ॥१८॥ युग्मम्॥
वर्ण्यते तस्य माहात्म्यं, किं विशारदसंचयैः । प्रोत्तुंगा अपि मातंगा, यत्संगाद्रंगसंगिनः ॥१९॥
हया दयावतो यस्य, विजयाश्रितवर्ष्मणः । पवनं निजवेगेन, विजयंते सहस्रशः ॥२०॥
एकाकित्वेऽपि शत्रुणां, बहूनां जयकारिणः । सेवकाः कोटिशो यस्य, स्वस्वामिवाक्यकारकाः॥२१॥
अन्यनारीषु नो बद्धं, कदापि तस्य मानसं । वाचयापि दृढीभूतं, तदा तद्भंगभीतितः ॥२२॥
शीलं वाचापि यस्य स्या—त्तं भजंति सुरा अपि । इतीव यस्य भूपस्य, खड्ग जयोऽपि संश्रितः२३
अर्थिलोकेषु कार्पण्यो—द्भूतापवादभीरुणा । श्रितौ दानगुणेनाऽपि, हस्तौ यस्य महीपतेः॥२४॥

श्रुत्वा यस्यापि सौंदर्यं, कंदर्पो दर्पभागपि । तन्मात्रपरिणामेन, जराभीरुरजायत ॥२५॥
तस्य प्रियंवदा राज्ञी, नाम्ना लोके प्रियंवदा । वर्णिकेवातिरूपस्य, या विधात्रा विनिर्मिता ॥२६॥
स्वकीयरमणे रक्ता, विरक्ता परपूरुषे । सतीगुणसमायुक्ता वियुक्ता क्रूरकर्मभिः ॥२७॥
तया वल्लभया साकं, भुंजानो भोगमद्भुतं । शच्या सह सुरस्वामि--वत्कालं गमयत्ययं ॥२८॥
तेन राज्ञा विराजंत्यां, पुर्यां श्रीमति तत्र नु । इभ्यः समुद्रदत्ताख्यः श्रेष्टि वसति विश्रुतः ॥२९॥
सदा सोऽयं सदाचारी, विचारी धर्मपद्धतेः । पापकर्मण्यसंचारी, वाचां रीतिधरस्तथा॥३०॥
जैनधर्मरतो नित्यं, श्राद्धषट्कर्मपालकः । हस्तीव दानशौण्डश्च, दिनोद्धरणकर्मठः ॥३१॥
जीवाजीवादितत्त्वानि, प्ररुपितानि पारगैः । जानंस्तदनुसारेण, संसारे स प्रवर्तते ॥३२॥
देशव्रतानि बिभ्रत्स, शुद्धसम्यक्त्वपूर्वकं । श्रावकेषु दधद्रेखां, धर्ममाराधयत्ययं ॥३३॥
तस्य भार्या गुणैर्वर्या धैर्यबुद्धिसमन्विता । अहर्निशं तथा भर्तुः, परिचर्यापटीयसी ॥३४॥
हारिणी नामधेयेन, रूपेण चित्तहारिणीं । विकारिणी न कामेन, समस्तप्रीतिकारिणी ॥३५॥
पतिव्रतैकधर्मैं सा, समासक्ता त्वहर्निशं । जानाति निजनाथाज्ञा—पालनं सुकृतं वरं ॥३६॥
गेहागतस्य मर्त्यस्य, दानौचित्यविनिर्मितेः । पत्युः प्रावर्धयच्छोभा--मात्मनोऽपि च सा सदा३७
भुंजानयोर्मिथो भोगान्, दंपत्योर्धनयुक्तयोः । पुत्रस्येहाभवद्वह्वी तयोर्धर्मैकचित्तयोः ॥३८॥
भवेयुः सफलाः पुण्य--संयुक्तस्य मनोरथाः । इति तौ स्वर्गतश्च्युत्वा, हारिण्याः कुक्षिमागतौ३९
दिवसेषु प्रपूर्णेषु, जन्म तयोरजायत । पितृभ्यां हर्षतश्चक्रे, प्रभूतो जननोत्सवः ॥४०॥
प्राज्यद्रविणवस्त्राणां, गणः संख्यातिगो मुदा । पुत्रवर्धापनिकायां, पितृभ्यां प्रददेऽर्थिनां॥४१॥
महतामपि भूपानां, संनिधानेष्वयाचितः । तेन दातेन संतुष्टाः, संजाताः सकलार्थिनः ॥४२॥
तयोर्जन्म समाकर्ण्य, कुटुम्बिभिरपि द्रुतं । याचकेभ्यो ददे दानं, पुण्याढ्या ह्यखिलप्रियाः॥४३॥
द्वादशे दिवसे सर्वा--नाकार्य स्वजनान्निजान् । भोजयित्वा पितृभ्यां च, कृता नामव्यवस्थितिः४४
प्रथमो मणिभद्राह्वः, पूर्णभद्रो द्वितीयकः ।पितृभ्यामिति तन्नाम्नी, जनिते सर्वसाक्षिकं ॥४५॥
कल्पवृक्षाविव द्वौ तौ, वर्धमानौ महासुखैः । अष्टाहायनसंपूर्णौ, बालौ यावद्बभूवतुः॥४६॥
मूर्खत्वं च निराकर्तुं, पितरौ परमोत्सवैः । तावध्येतुमुपाध्याय--पार्श्वे तावद्व्यमुंचतां॥४७॥
सर्वा अपि कलास्तस्य, समीपे तौ मनीषिणौ । विनयेनाध्यगीषातां, विनयो हि सुखप्रदः॥४८॥
यौवने पावने भाभिः, क्रमात्समागते तयोः । कलाः शुशुभिरे राका--कलाधरकला इव॥४९॥
कृतार्थत्वं जनयितुं, पितरौ प्रेमतस्तयोः । उदवाहयतां कन्ये, रूपलावण्यसुंदरे ॥५०॥
चतुर्वर्गाभिलाषेण, साधयंतौ त्रिवर्गकं । अभुंजेतां समं ताभ्यां, भोगांस्तौ द्वावपि प्रियान्॥५१॥

ધર્મ–કર્મથી પવિત્ર એવા ભરતક્ષેત્રમાં કલેશનાશક અને કૌશલ્યવાન એવો કોશલ નામનો દેશ છે. જ્યાં લવીંગ, સોપારી, કેશર, નાગવેલ, રાયણ, અશોક અને ચંપકવન આદિ અનેક પ્રકારનાં સુંદર વનો આવેલાં છે. જેમાં હંમેશા વિકસિત કમલો હોય છે, એવી અનેક લોકપ્રિય વાવો, વલ્લભાની જેમ મનુષ્યોને સુખ આપનારી છે. આધિ–વ્યાધિના વિનાશ માટે અમૃતતુલ્ય શીતલ જલવાળા અનેક સરોવરો શોભી રહ્યાં છે. જે દેશમાં નદીઓ પોતાના પતિ સમુદ્રના મિલન માટે સ્ત્રીઓની જેમ ઉત્સુક થઈને દોડી રહી છે. પરંતુ આશ્ચર્ય છે કે તેમાં ઉન્માદ જોવા મળતો નથી. અતુલ ઉપાયો છતાં જેનું તળીયું મળતું નથી તેવા અનેક પાતાલકુવા સજ્જનોની જેમ શોભી રહ્યા છે. જ્યાં શેરડીની ઉત્પત્તિ ઘણી હોવાથી મનુષ્યો પ્રભાતમાં સાકરવાળાં દુધનું પાન કરે છે. જ્યાં મનુષ્યો પરસ્પર વાર્તા–વિનોદ કરી રહેલા હોય છે, પરંતુ દુષ્કાળની વાત તો સ્વપ્નને પણ જાણતા નથી. એવા કોશલદેશમાં બલવાન શત્રુ વડે જીતી શકાય નહી તેવી, તેમજ નિર્ગ્રન્થ મુનિઓના વચનથી પ્રતિબોધ પામેલી એવી નિષ્પાપ અયોધ્યા નામની નગરી છે. અયોધ્યા નગરીમાં ભોગસુખને ભોગવનાર હોવા છતાં પાપકાર્ય કરવા માટે ભીરૂ, પરસ્ત્રીથી વિરક્ત, સ્વસ્ત્રીમાં સંતોષી, સાતવ્યસનથી મુક્ત, દાનધર્મમાં લીન, ધર્મકાર્યમાં આસક્ત અને પાપકાર્યમાં અનાસક્ત એવા મનુષ્યો વસે છે. અને જ્યાં તીર્થંકર ભગવંતના વચન પાલનમાં આસક્ત બ્રાહ્મણોની જેમ નિરંતર ષટ્-કર્મને કરનારા, અને વિરતિના આશયવાળા એવા શ્રાવકો વસે છે. અયોધ્યામાં પોતાના રૂપ-સૌંદર્ય વડે દેવાંગનાઓની જેમ શોભતી અને ગુરૂજનોના આદેશથી નિર્મલ શીલને પાલનારી સ્ત્રીઓ વસે છે. અયોધ્યા નગરીની ભૂમિના પ્રભાવથી ક્રૂર કર્મને કરનારા મનુષ્યો દૂર દૂર સ્થાનમાં જઇને વસ્યા હતા. તે ભૂમિની વિશેષતા જ એવી છે કે ત્યાં રહેલાં દરેક મનુષ્યો પુણ્યપ્રાપ્તિમાં જ તત્પર હોય છે. જે નગરી તીર્થંકરો, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, અને પ્રતિવાસુદેવ આદિ મહાપુરૂષોનું ઉત્પત્તિ સ્થાન કહેવાય છે. એવી અયોધ્યા નગરીમાં શત્રુનો જય કરનાર હોવાથી યથાર્થ નામને ધારણ કરનારો 'અરિંજય' નામનો પ્રજાવત્સલ રાજા હતો. સૂર્યોદયના પ્રતાપમાં ઘૂવડો દિવસે જોઈ શકતા નથી પરંતુ રાત્રિમાં પોતાના કાર્યો કરે છે, જ્યારે આ રાજાના પ્રતાપમાં તેના શત્રુઓરૂપી ઘૂવડો દિવસે તો જોઈ શકતા નથી પરંતુ રાત્રિમાં પણ અંધ બનીને રહે છે અર્થાત્ શત્રુરાજાઓ અરિંજય રાજાનો પ્રતાપ સહી શકતા નથી. અરિંજય રાજાના માહાત્મ્યનું શું વર્ણન કરવું ? રાજા પાસે પહાડ સમા ઉન્નત મદ-ગલ એવા સેંકડો હાથીઓ છે, વિજય અપાવનારા, પોતાના વેગ વડે પવનને જીતનારા એવા હજારો ઘોડાઓ છે. એકાકી હોવા છતા ઘણાં શત્રુઓનો સામનો કરી શકે તેવા સ્વામિભક્ત કરોડો સૈનિકો છે. વળી, રાજાનું મન પરસ્ત્રી સાથે કયારે પણ બંધાયું નથી. વ્રતભંગના ભયથી તેનું વચન પણ દૃઢ છે. મન–વચન–કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યને પાલનારા અરિંજયરાજાની સેવા હંમેશા દેવો કરી રહ્યા છે, તેથી તેની તલવાર ઉપર જયશ્રી વરેલી છે. જેની પાસેથી

કૃપણતા ચાલી ગઈ છે એવા તે રાજાના બંને હાથ દાન ગુણ વડે નીરંતર શોભી રહ્યા છે. રાજાનું અદ્‌ભુત સૌંદર્ય સાંભળીને અભિમાની એવો કામદેવ સંગ વિનાનો બની ગયો! અર્થાત્ જર્જરિત થઇ ગયો! અરિંજય રાજાની પ્રિયભાષિણી એવી પ્રિયંવદા નામની પટરાણી છે. તે જાણે બ્રહ્માએ બધી સ્ત્રીઓના રૂપની એક રેખા બનાવી ના હોય! અર્થાત્ અતિરૂપવતી, પોતાના પતિમાં આસક્ત, પરપુરૂષથી વિરક્ત, કૂરકર્મોથી રહિત અને સતીગુણથી યુક્ત પતિવ્રતા છે. ઇન્દ્ર ઇન્દ્રાણી સાથે જેમ ભોગસુખ ભોગવે છે, તેમ રાજા પટ્ટરાણી સાથે ભોગસુખ ભોગવે છે, અને સુખમાં સમય પસાર થઈ રહ્યો છે. એવા ગુણવાન રાજા વડે શોભતી અયોધ્યા નગરીમાં 'સમુદ્રદત્ત' નામનો પ્રસિદ્ધ શ્રેષ્ઠી વસે છે. સદાચારી, ધર્મકાર્યને કરનારો, પાપકાર્યથી વિરક્ત, મધુરભાષી, જૈનધર્મમાં રક્ત, શ્રાવકના આચારને પાળનારો, હસ્તિની જેમ દાનરૂપી સૂંઢને ધારણ કરનારો, અર્થાત્ દાનેશ્વરી, દીન અનાથનો ઉદ્ધારક, જિનેશ્વર ભગવંતે કહેલા જીવાદિતત્ત્વોને સમજનારો અને તે મુજબ જીવન જીવનારો, શુદ્ધ સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતને ધારણ કરનારો, એવો ગૃહસ્થોમાં અગ્રણી સમુદ્રદત્ત શેઠ છે. તે શેઠની ગુણવંતી, રૂપવંતી, બુદ્ધિશાલિની, પતિપરાયણી, ચિત્તને આનંદ આપનારી, વિકારોનું શમન કરનારી, પ્રીતિને કરનારી એવી 'હારિણી' નામની પ્રિયપત્ની છે. અને તે પતિવ્રતા ધર્મને પાલનારી, પોતાના સ્વામિની આજ્ઞાનુસાર ધર્મકાર્યને કરનારી, ઘેર આવેલા અતિથિનું યોગ્ય સન્માન કરનારી, પોતાની અને પતિની શાન વધારનારી એવી હારિણીદેવીથી સમુદ્રદત્ત શ્રેષ્ઠી ખૂબ પ્રસન્ન હતા. સંતાનસુખની ઇચ્છાવાળા તે શ્રેષ્ઠ દંપતી ભોગસુખને ભોગવતાં ધર્મકાર્યમાં તત્પર રહેતા હતા. પુણ્યશાળી પુરૂષોના મનોરથો પ્રાયઃ સફલ થાય છે. એ ન્યાયે અગ્નિભૂતિ-વાયુભૂતિ બે દેવાત્મા સ્વર્ગથી ચ્યવીને હારિણીની કુક્ષિમાં અવતર્યા, પૂર્ણમાસે બંનેનો જન્મ થયો. પુત્રજન્મની વધામણી લાવનારને પિતાએ ઘણું દ્રવ્ય આપ્યું. માતાપિતાએ ઘણાં હર્ષપૂર્વક બે પુત્રનો જન્મમહોત્સવ કર્યો. દીન-અનાથ યાચકોને ઘણું દ્રવ્ય દાનમાં આપ્યું. શ્રેષ્ઠીના દાનથી સંતુષ્ટ થયેલા યાચકોને રાજા પાસે યાચના કરવા જવાની જરૂર રહી નહી. કુટુંબીજનોએ પણ પુત્રજન્મની ખુશાલીમાં યાચકોને દાન આપી સંતુષ્ટ કર્યા. બારમે દિવસે સ્વજનોને બોલાવી, ભોજન કરાવી, માતાપિતાએ નામકરણ વિધિ કરી. સર્વજન સાક્ષીએ પ્રથમ પુત્રનું નામ 'મણિભદ્ર' અને બીજાનું 'પૂર્ણભદ્ર' રાખ્યું. સુખમાં કલ્પવૃક્ષની જેમ વધતા બંને ભાઇઓ આઠ વર્ષના થયા ત્યારે માતાપિતાએ અજ્ઞાનતાની નિવૃત્તિ માટે અને જ્ઞાનની પ્રાપ્તિ માટે મહોત્સવપૂર્વક ઉપાધ્યાયની પાસે ભણવા માટે મૂકયા. બુદ્ધિશાળી એવા બંને ભાઇઓએ વિનયપૂર્વક ઉપાધ્યાય પાસેથી અલ્પકાલમાં સર્વે કળાઓ પ્રાપ્ત કરી. અનુક્રમે યુવાવસ્થા પામ્યા ત્યારે પૂર્ણિમાના ચન્દ્રની જેમ સર્વે કલાઓ વડે શોભતા હતા. પોતાનું કર્તવ્ય સમજીને માતાપિતાએ પ્રેમથી બંનેને રૂપ અને લાવણ્યવતી કન્યાઓની સાથે પાણિગ્રહણ કરાવ્યું. ચોથાવર્ગ (મોક્ષ)ની અભિલાષાવાળા બંને ભાઇઓ ત્રણ વર્ગ (ધર્મ-અર્થ-કામ)ની સાધના કરતા પોતપોતાની પ્રિયા સાથે વૈષયિક સુખ ભોગવી રહ્યા છે.

मुनीशोऽन्येद्युरुद्याने, बहुभिः साधुभिः सह । महेंद्रसूरिरुत्कृष्ट—क्रियावान् समवासरत् ॥५२॥
वसंततौ समायाते, दलैश्च कुसुमैः फलैः।प्रेक्षणीया यथा शोभा, काननस्य प्रजायते ॥५३॥
अचिंत्यशक्तिसंयुक्ता—न्मुनीश्वरप्रभावतः।वने तत्र तथा साभू—च्चमत्कारविधायिनी ॥५४॥
काननस्य स्वकीयस्य, शोभां समीक्ष्य तादृशीं।अदृष्टचरमेतत्किं, वनेश इति विस्मितः ॥५५॥
कश्चिद्दिव्यानुभावोऽय—मिति जानन्नितस्ततः।यावत्समीक्ष्यते ताव—दपश्यत्स मुनिप्रभुम् ॥५६॥
ददानं देशनां क्लेश—नाशिनीं संघसंसदि।तं दृष्ट्वा वनपालोऽपि,प्रणाममकरोन्मुदा ॥५७॥
प्रणम्य मुनिनाथं तं, वक्तुं वसुमतीपतेः। कुसुमादि स आदाय, ययौ हर्षप्रकर्षतः ॥५८॥
आगत्य पार्थिवागार—द्वारं दौवारिकस्य च। दत्वा पुष्पादिकं किंचि—न्मध्यं तेन समागतं ॥५९॥
पुरतः प्राभृतं मुक्त्वा, कृत्वा प्रणाममादरात्। वनपालः क्षमापाल—मवीवदत्सभास्थितं ॥६०॥
प्रभो पत्रप्रसूनोघ—त्फलैर्भ्राजति कानने । मुनीश्वरः समेतोऽस्ति, यतिसंततिसंयुतः ॥६१॥
समाकर्ण्य महीशोऽपि, साधोस्तत्र समागमं । तस्य दत्वा बहु द्रव्य–मभूद्वंदितुमुत्सुकः ॥६२॥
भेरीभांकारयोगेन, मेलयित्वा पुरीजनान्। चचाल विपुलापालो, भक्तितो वंदितुं गुरुं ॥६३॥
मार्गे प्रमोदयन् लोकान्, महत्तमसमृद्धिभिः। आययौ यावद्युद्यान–संनिधाने भुवो विभुः ॥६४॥
तावद्भूपतिचिह्नानि, परित्यज्य स्वभक्तये।विवेश वनमध्येऽसौ, विनयी हि नयी नृपः ॥६५॥
समागत्य च सूरींद्रो—पांते दत्वा प्रदक्षिणां। विधातुं मानवं जन्म, सफलं प्रणनाम सः ॥६६॥
श्रोतुकामो मुनिस्वामि—वचनं दुःखमोचनं। सभायां संघपूर्णायां, यथास्थानमुपाविशत् ॥६७॥
रम्या मुनीश्वरेणापि, प्रारेभे पुण्यदेशना। संसारसुखसक्ताना—मपि मोक्षप्रदेशना ॥६८॥
निशम्य देशनां सूरि—पवित्रवक्त्रसंभवां। आनंदितो नृपोऽप्राक्षीत्, कर्मबंधनिबन्धनं ॥६९॥
कथमुत्पद्यते कर्म?, कथं कर्म समेधते ?। तिष्ठति वा कथं कर्म ?, कर्म प्रक्षीयते कथं ? ॥७०॥
मुनिराजस्तदाजल्प—दाकर्ण्य महीपते !। कर्मणां प्रकृतिः प्राज्ञ्या, वर्तते जिनशासने ॥७१॥
सप्तपंचाशता कर्म प्रादुर्भवति हेतुभिः। परिणामेन तीव्रेण, तत्करणेन च वर्धते ॥७२॥
मिथ्यात्वेन च तत्कर्म, तिष्ठत्यनेहसं बहु। क्षीयते शुद्धसम्यक्त्व—पालनेन निरंतरं ॥७३॥
मिथ्यात्वेन च द्वा—दशाविरतयः पुनः। पंचविंशतिः कषाया, योगाः पंचदशस्मृताः ॥७४॥
आभिग्रहिकमिथ्यात्व—मनाभिग्रहिकं तथा। आभिनिवेशिकं भूयः, सांशयिकमपि स्फुटं ॥७५॥
अनाभोगिकनाम स्या—न्मिथ्यात्वं पंचधेरितं। तीर्थंकरैर्नराधारैः, केवलज्ञानभानुभिः ॥७६॥
यो जिनोक्तपृथक्त्वेन, सर्वप्रकारको ग्रहः। दर्शनस्य निजस्यैव, तदाभिग्रहिकं भवेत् ॥७७॥
अवक्रेण स्वभावेन, स्वकीयदर्शनेऽपि च। स्वान्यदेवगुरुरागो—ऽनाभिग्रहिकमीरितं ॥७८॥
जानन्नपि जिनोक्तानि तत्त्वानि स्वमनीषया। यो नापि घटयेदर्थो–स्तत्स्यादाभिनिवेशिकं ॥७९॥

सूक्ष्मबादरजीवानां, कथितानां जिनाधिपैः । श्रद्धत्ते हृदि संदेहां—स्तत्सांशयिकमुच्यते ॥८०॥
स्यादेकेंद्रियवच्छून्य—मनाः पंचेंद्रियोऽपि च । येन विचारनिर्मुक्त—स्तदानाभोगिकं भवेत्॥८१।
षण्णां जीवनिकायानां, घातनं द्वेषभावतः । पंचेंद्रियमनोव्यापो, द्वादशाविरतिप्रथा ॥८२॥
संज्वलनप्रत्याख्याना—प्रत्याख्यानान्यनंतकाः । एते भेदाश्च क्रुन्मान-मायालोभसमुद्भवाः।८३
पुंस्त्री नपुंसकवेदभेदास्तथा स्मितं रतिः । अरतिश्च भयं शोको, जुगुप्सा नोकषायकाः ॥८४॥
भवेत्सत्यमनोयोगोऽ सत्यहृद्योगकस्तथा । सत्यामृषा मनोयोगोऽसत्यामृषामनाः पुनः ॥८५॥
जायते सत्यवाग्योगो—ऽसत्य वचनयोगकः । सत्यामृषावचोयोगो—ऽसत्यामृषावचोविधिः८६
भवेदौदारिको योग—-स्तथौदारिकमिश्रकः । वैक्रियो वैक्रियमिश्र आहार—कश्च मैश्रिकः॥८७॥
तैजसकार्मणाभ्यां च योगाः पंचदशेत्यमी । प्रणीता जिननाथेन, श्रद्धातव्या विवेकिभिः ॥८८॥
एतैर्भेदैर्भवेयुश्च, कषायाः पंचविंशतिः । हेतवः सप्तपंचाश—द्भेदाः क्रमाद्भवंति ते ॥८९॥
रुद्रेणाध्यवसायेन, समयं समयं प्रति । शुभेतराणि कर्माणि, जीवश्च परिवर्धयेत् ॥९०॥
लौकिकलोकोत्तराभ्यां, मिथ्यात्वाभ्यां महीयसीं । स्थितिं कर्म समाप्नोति, प्रभूतकालदुःखदां॥९१॥
क्षायोपशमिकं नाम, सास्वादनं च वेदकं । क्षायिकमौपशमिकं, सम्यक्त्वं पंचधोदितं ॥९२॥
एतत्सम्यक्त्वपूर्वेण, यतिश्रावकधर्मयोः । सम्यगाराधनाज्जंतोः, कर्म प्रक्षीयतेऽखिलं ॥९३॥
मार्दवमार्जवं क्षांति-मुक्तिस्तपश्च संयमः । शौचाकिंचनते सत्यं, ब्रह्मचर्यमिति स्मृतम् ॥९४॥
असौ संयमिनां धर्मः, कथितो जिननायकैः । सम्यत्वमूलः श्राद्धानां, स चोक्तो द्वादशव्रतः॥९५॥
यः पुण्यवान् भवेज्जीवो, मोक्षं जिगमिषुर्द्रुतं । स ऊरीकुरुते साधु—धर्मं कर्मविमर्दनं ॥९६॥
भवांतरेण यो जीवो, यियासुरपुनर्भवं । धरेत्सम्यक्त्वमूलानि, स द्वादशव्रतानि च ॥९७॥
धर्मेणैतेन जंतूना—मष्टानामपि कर्मणां । युक्तानामपि दार्ढ्येन, जायते हि क्षयो द्रुतं ॥९८॥
ज्ञानदर्शनावरण—प्रभृतिकर्मलेपिनां । पापिनामपि मर्त्यानां, जायतेऽतो महोदयः ॥९९॥

કોઇ એક દિવસે ઘણા સાધુઓના પરિવારથી પરિવરેલા ઉત્કૃષ્ટ સંયમધારી આચાર્ય મહેન્દ્રસૂરિ અયોધ્યાના ઉદ્યાનમાં પધાર્યા. વસંતઋતુમાં વિકસિત પત્ર-પુષ્પ અને ફૂલવડે વનની શોભા વધે તેમ આચાર્યભગવંતના અચિંત્ય પ્રભાવથી ઉદ્યાન નવપલ્લવિત બની ગયું. એક જ રાત્રિમાં નવપલ્લવિત બનેલા પોતાના વનને જોઈને ઉદ્યાનપાલક આશ્ચર્યમુગ્ધ બન્યો: 'અરે, આ તે કોઈ દિવ્ય પ્રભાવ થયો કે શું?' આ પ્રમાણે વિચારતો આમ તેમ જુએ છે, ત્યાં આચાર્ય ભગવંતને તેણે જોયા. શ્રમણ સમુદાયમાં ક્લેશનાશિની દેશના આપતા આચાર્ય ભગવંતને જોઈને ભાવ વિભોર બની, ઘણા હર્ષથી નમસ્કાર કર્યો. આચાર્યને પ્રણામ કરી પુષ્પ વિગેરે લઇ વનપાલ રાજાને વધામણી આપવા માટે ગયો. રાજમહેલમાં જઈ પ્રતિહારને

પુષ્પાદિક આપી રાજસભામાં ગયેા. રાજાને ભેટણું ધરી નમસ્કાર કરીને કહ્યું : 'પત્ર-પુષ્પ આદિથી નવપલ્લવિત બનેલા આપણા ઉદ્યાનમાં સાધુસમુદાયથી પરિવરેલા આચાર્યભગવંત પધાર્યા છે. આચાર્યભગવંતનું આગમન સાંભળી આનંદ વિભેાર બનેલા રાજાએ વનપાલકને વધામણીમાં ઘણું દ્રવ્ય આપ્યું. ત્યાર બાદ રાજાએ નગરમાં પડહ વગડાવી, નગરવાસીઓને સાથે લઈ ચતુરંગી સેના સાથે ગુરૂભગવંતને ભક્તિપૂર્વક વંદન કરવા માટે સમૃદ્ધિ સહિત નીકળેલા રાજાએ યાચકેાને દાન આપી ખુશ કર્યા. ઉદ્યાન સમીપે આવીને રાજાએ પેાતાની ભક્તિ માટે રાજ ચિન્હેાનેા ત્યાગ કરી ઉદ્યાનમાં પ્રવેશ કર્યેા. વિનયી અને વિવેકી રાજાએ આચાર્ય-ભગવંત પાસે આવી ત્રણ પ્રદક્ષિણા દઈ માનવજન્મને સફળ કરવા માટે દ્વાદશાવર્ત વંદન કર્યું. ત્યારબાદ દુખનાશિની ધર્મદેશના સાંભળવા માટે સભામાં યથાસ્થાને બેઠા. મુનીશ્વરે પણ સંસારસુખમાં આસક્ત એવા જીવેાને મેાક્ષસુખ આપનારી ધર્મદેશના આપી. આચાર્ય-ભગવંતના શ્રીમુખે દેશના સાંભળીને આનંદિત બનેલા રાજાએ કર્મબંધનનું કારણ પૂછયું : 'ભગવંત, કર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે? કેવી રીતે બંધાય છે? કયાં સુધી ટકે છે અને તેનેા ક્ષય કેવી રીતે થાય છે? આચાર્ય ભગવંતે કહ્યું : 'રાજન્, જૈનશાસનમાં કર્મની પ્રકૃત્તિ ઘણી બનાવી છે. તેમાં કર્મબંધન માટેના સત્તાવન બંધ હેતુઓ (કારણેા) બતાવ્યા છે. જે તીવ્ર પરિણામથી કર્મ કરે તેા કર્મની વૃદ્ધિ થાય છે તે આ પ્રમાણે-

તે સત્તાવન-પ૭ બંધહેતુ-પાંચ મિથ્યાત્વ-બાર અવરિતિ-પચ્ચીશ કષાય-પંદર યેાગ કુલ=પ૭

૧. આભિગ્રહિક, ૨. આનાભિગ્રહિક, ૩. આભિનિવેશિક, ૪. સાંશયિક ૫. અને અના-ભેાગિક. આ પ્રમાણે પાંચ મિથ્યાત્વ સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતે કહ્યાં છે. જિનેશ્વર ભગવંતે કહેલા સર્વનયેાને જાણે પરંતુ પેાતાના જ દર્શનને પકડી રાખે, તેને **આભિગ્રહિક મિથ્યાત્વ** કહેવાય. સરલ સ્વભાવથી પેાતાના અને પરદર્શનમાં દેવગુરુ પ્રત્યે સમાન આદર રાખે તેને **આનાભિગ્રહિક** મિથ્યાત્વ કહેવાય. જિનેશ્વરે કહેલા તત્ત્વેાને સારી રીતે સત્ય સમજતેા હેાવા છતાં પણ પેાતાની બુદ્ધિ કલ્પનાથી વિપરીત અર્થને ઘટાવે તેને **આભિનિ-વેશિક** મિથ્યાત્વ કહેવાય. જિનેશ્વર ભગવંતે કહેલી સૂક્ષ્મબાદર આદિ જીવેાની પ્રરૂપણામાં સંશય કરે. પરંતુ તેમાં શ્રદ્ધા ના રાખે તેને **સાંશયિક મિથ્યાત્વ** કહેવાય. પેાતે પંચેન્દ્રિય હેાવા છતાં સંમૂર્છિમની જેમ શૂન્યમનસ્ક થઈ ગતાનુગતિક ચાલે તેને **આનાભેાગિક મિથ્યાત્વ** કહેવાય.

બાર અવરતિ

૧. પૃથ્વીકાય, ૨. અપકાય, ૩. તેઉકાય, ૪. વાઉકાય, ૫. વનસ્પતિકાય ૬. ત્રસકાય એ છ જીવનિકાય. ૭. બે ઇન્દ્રિય ૮. તે ઇન્દ્રિય ૯. ચઉરિન્દ્રિય ૧૦. પંચેન્દ્રિય એ દશનો કાયાથી દ્વેષભાવથી ઘાત કરવેા અને મનથી અશુભ વિચારવું.

(૨૫-કષાય)

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. **અપ્રત્યાખ્યાનીય** ક્રોધ, માન, માયા, લોભ. **પ્રત્યાખ્યાનીય** ક્રોધ, માન, માયા લોભ. **સંજ્વલન** ક્રોધ, માન, માયા, લોભ. કુલ ૧૬ કષાય. સ્ત્રી, પુરૂષ અને નપુંસક એમ ત્રણ વેદ. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એમ નવનો કષાય. સર્વ મળીને કુલ પચ્ચીશ કષાય.

(૧૫-યોગ)

૧. સત્ય મનોયોગ. ૨. અસત્ય મનોયોગ ૩. સત્યામૃષા મનોયોગ ૪. અસત્યામૃષા મનોયોગ, ૫. સત્ય વચનયોગ ૬. અસત્ય વચનયોગ ૭. સત્યામૃષા વચનયોગ ૮. અસત્યામૃષા વચનયોગ ૯. ઔદારિક ૧૦. ઔદારિક મિશ્ર ૧૧. વૈક્રિય ૧૨. વૈક્રિય મિશ્ર ૧૩. આહારક ૧૪. આહારક મિશ્ર ૧૫. તૈજસકાર્મણ કુલ ૧૫ યોગ જિનેશ્વર ભગવંતે બતાવેલા છે, તેના ઉપર વિવેકીજનોએ શ્રદ્ધા રાખવી.

પૂર્વોકિત સત્તાવન બંધ હેતુઓથી સંકિલષ્ટ પરિણામે જીવ સમયે સમયે અશુભ કર્મ-બંધ કરે છે. અને વિશુદ્ધ પરિણામે શુભકર્મ બાંધે છે લૌકિક અને અલૌકિક મિથ્યાત્વથી ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિ બંધાય છે, જે લાંબાકાલ સુધી દુઃખ આપનારી હોય છે,

ક્ષાયોપશમિક, સાસ્વાદન, વેદક, ક્ષાયિક અને ઔપશમિક એમ પાંચ પ્રકારનું સમ્યકત્વ કહ્યું છે. એ સમ્યકત્વપૂર્વક સાધુધર્મ અને શ્રાવકધર્મનું સમ્યક્પ્રકારે આરાધના કરવાથી જીવોના સઘળાયે કર્મોનો ક્ષય થાય છે. માર્દવ. (નમ્રતા) આર્જવ, (સરલતા) ક્ષમા, મુકિત, તપ સંયમ, શૌચ, અકિંચનતા (નિષ્પરિગ્રહ) સત્ય અને બ્રહ્મચર્ય આ દશપ્રકારનો યતિધર્મ, અને સમ્યકત્વમૂલ બારવ્રતને શ્રાવક ધર્મ કહેવાય છે. પુણ્યશાલી જીવ આ ભવમાં મોક્ષે જવાની અભિલાષાવાળો હોય તે કર્મોનો નાશ કરનાર સાધુધર્મને સ્વીકારે છે; અને જેને ભવાંત-રમાં મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તે સમ્યકત્વમૂલ બારવ્રતને અંગીકાર કરે છે, આવા પ્રકા-રના ઉત્કૃષ્ટધર્મની આરાધનાથી જીવના નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે. જ્ઞાનાવરણ, દર્શ-નાવરણ આદિ આઠે કર્મોની જંજીરમાં જકડાયેલા પરમાત્માઓને ધર્મની આરાધનાથી મોક્ષ થાય છે.

कर्मवृद्धिक्षयावेवं, मुनीश्वरनिरूपितौ । समःकर्ण्य महीपालो, जगाद रचितांजलिः ॥१००॥
समाकर्णय हे नाथ, जंतुजातकृपापरः । मयाऽवृच्छत यत्पूर्वं, तत्सर्वं कथितं त्वया ॥१॥
संसारे स्वार्थजा प्रीति—रप्रीतिः सहजेन च । औपाधिकं सुखं दुखं, प्रजायतेऽनभीप्सितं ॥२॥
पंचवर्णात्मकं देव—नायकस्य धनुर्यथा । तथा स्वजनवर्गस्य, संगरंगा अनेकधा ॥३॥

प्रद्योतते यथा विद्यु--दल्पकालं निशास्वपि। संपत्तिरपि निःशेषा, तथा ज्ञेया विचक्षणैः ॥४॥
पंचेंद्रियभवा भोगाः, सदा रोगादिकारकाः। संध्यारागोपमं प्रेम, शरीरं क्षणभंगुरं ॥५॥
अल्पकालं सुखावाप्ति, बहुकालं च दुःखदं। स्वरूपं संसृतेर्दृष्ट्वा, ह्युद्विग्नोऽस्मि भवाद्विभो ! ॥६॥
लोकस्य व्यवहाराय, न्यस्य राज्यं सुते निजे। भविष्यति हि मे दीक्षा, भगवन् युष्मदंतिके ॥७॥
आकर्ण्य भूपतेर्वाक्यं, जगाद मुनिपुंगवः। माकार्षीः प्रतिबंधं त्वं, प्रवर्तस्व यथासुखं ॥८॥
एकधर्मेऽपि यो दीक्षां, पालयेत्स हि मोक्षगः। वैमानिकोऽथावश्यं, भवत्यत्र न संशयः ॥९॥
मुमुक्षुरपि संसारा--द्ध्यानध्यातपदार्थकः। जैनीं दीक्षां विना मोक्षं, न कोऽपि लभते नरः ॥१०॥
निशम्येति मुनेर्वाचं, प्रणम्य तत्क्रमद्वयं। राजा जगाम धाम स्वं, संवेगरसपूरितः ॥११॥
गत्वा गेहे महाहर्षा--द्दत्वा राज्यं च सूनवे। चारित्रं समुपादत्त, पार्थिवः स्वजनैः सह ॥१२॥
भूपदीक्षास्वरूपं च, वीक्ष्याकर्ण्य गुरोर्वचः। पूर्णो वैराग्यरंगेण, श्रेष्ठी वसूरा कोविदः ॥१३॥
न्यस्य भारं कुटुंबस्य, द्वयोरपि तनूजयोः। कल्याणसुखसंप्राप्त्यै, श्रेष्ठ्यपि प्राव्रजन् मुदा ॥१४॥
इतश्च श्रेष्ठिनः पुत्रौ, नत्वा मुनीश्वरक्रमौ। गृहस्थमार्गमप्राप्तौ, दीक्षामादातुमक्षमौ ॥१५॥
चारित्रग्रहणे शक्ति--र्नास्ति सांप्रतमावयोः। कृपालो ! त्वं कृपां कृत्वा, गहिधर्मं प्रदर्शय ॥१६॥
मुनींद्रोऽपि तयोर्वाक्य--माकर्ण्य श्रुतिगोचरे। धर्मं प्रकाशयामास, गृहिणामपि सौख्यदं ॥१७॥
मिथ्यात्वं प्रथमं त्याज्यं, धार्यं सम्यक्त्वमुत्तमं।तद्दूषणानि हेयान्या--देयानि भूषणानि च ॥१८॥
यथाशक्ति व्रतान्यंगी--कर्त्तव्यानि विवेकतः। पालनीयान्यतीचार--वर्जितानि निरंतरं ॥१९॥
सप्तक्षेत्र्जां तथा दीन--मनुजानां समुध्धृतौ। न्यायोपार्जितवित्तानां, देयं दानं यथोचित्तं ॥२०॥
शिष्टाचारैः समं धर्म--कर्मविचारमाचरेत्। कुलशीलसमाचारै--रुद्वहेतान्यगोत्रजैः ॥२१॥
१ अक्षुद्रः २ प्रकृतौ सौम्यो, मध्यस्थः ३ सौम्यलोचनः ४।
५ सत्कथो ६ गुणरागी ७ च, सदाक्षिण्यो ८ विशेषवित् ॥२२॥
९ सुपक्षो १० दीर्घदर्शी ११ चा--क्रूरो १२ लोकप्रियोऽशठः।
१३ लज्जालुः १४ सदयो १५ १६ भीरु--र्वृद्धानुगो १७ विनीतकः ॥२३॥
१८ लब्धलक्षः १९ कृतज्ञश्च, २० परहितार्थकारकः।सौंदर्येण स्वरूपस्य, लोकांबकप्रमोदकः२१ ।२४॥
गुणैरित्येकविंशत्या, संयुतो यः पुमान् भवेत्। स द्वादशव्रतार्हः स्याद्, गृहवासेऽपि सद्गतिः ॥२५॥
श्रुत्वेति तौ मुनींद्रस्य, वचनं पापमोचनं। सम्यक्त्वप्रथमानि द्वा--दश व्रतानि बिभ्रतुः ॥२६॥
तौ व्रतान्युररीकृत्य, नत्वा च मुनीपक्रमौ। मन्यमानौ कृतार्थत्व--मगच्छतां स्वमंदिरं ॥२७॥

કર્મબંધનું અને કર્મક્ષયનું કારણ ગુરૂમુખે સાંભળીને રાજાએ કહ્યું :- 'સ્વામિન્, આપ જીવમાત્ર પ્રત્યે દયાભાવ રાખનારા છો, મેં જે જે પૂછયું તે સર્વે આપે કહ્યું. ખરેખર, સંસારમાં પ્રીતિ-અપ્રીતિ સ્વાભાવિક સ્વાર્થમૂલક જ હોય છે. સુખ-દુઃખ પણ ઔપાધિક છે. માટે તે બધુ ઇચ્છવા લાયક નથી. પાંચવર્ણીય ઇન્દ્રધનુષ્યના જેવો સ્વજન વર્ગનો સંયોગ છે. રાત્રિની વિજળીના ચમકારાની જેમ સંપત્તિ ક્ષણિક છે. પાંચ ઇંદ્રિયોના વૈષયિક ભોગો રોગાદિકને નોતરવાવાળા છે. સાંસારિક સંબંધીઓનો પ્રેમ તેમજ આ શરીર પણ ક્ષણભંગુર છે. અલ્પકાલિન સુખ લાંબાકાળ સુધી દુઃખને આપનારું છે. આવા સંસારના સ્વરૂપને જોઈને હે ભગવંત, હું હવે આ સંસારથી ઉદ્વિગ્ન બન્યો છું. લોકવ્યવહારને અનુસરી મારા પુત્રનો રાજ્યાભિષેક કરી હું આપની પાસે દીક્ષા અંગીકાર કરીશ.'

રાજાની વાત સાંભળી આચાર્ય ભગવંતે કહ્યું :-'રાજન્, તમને સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ કરવો જોઇએ નહીં. એક દિવસના પણ ચારિત્ર પાલનથી જીવ મોક્ષમાં જાય છે, અથવા અવશ્ય વૈમાનિક દેવપણું પ્રાપ્ત કરે છે. તેમાં કોઈ સંશય નથી. સંસાર સ્વરૂપને સમજનારો વિરક્ત એવો મુમુક્ષુ આત્મા પણ જૈનીદીક્ષા લીધા વિના મોક્ષ પામી શકતો નથી.' ગુરૂભગવંતની અમૃતતુલ્યવાણી સાંભળી વૈરાગી બનેલો રાજા ગુરૂચરણે વંદના કરી રાજમહેલમાં ગયો. મહામહોત્સવપૂર્વક પુત્રનો રાજ્યાભિષેક કરીને બીજા રાજાઓ તેમજ સ્વજનવર્ગની સાથે આચાર્ય ભગવંત પાસે તેણે ચારિત્ર અંગીકાર કર્યું. રાજાની દીક્ષા જોઇને અને ગુરૂભગવંતના વચનથી વૈરાગી બનેલા સમુદ્રદત્ત શેઠે પણ કુટુંબનો ભાર બંને પુત્રોને સોંપીને મોક્ષ સુખની પ્રાપ્તિ માટે પરિવાર સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરી. શ્રેષ્ઠીપુત્રો મણીભદ્ર અને પૂર્ણભદ્રે ગુરૂચરણે નમસ્કાર કરીને પૂછયું:-'ભગવંત, હમણા અમારી ચારિત્ર ગ્રહણ કરવાની શક્તિ નથી, તો અમારા ઉપર કૃપા કરીને અમને ગૃહસ્થધર્મ બતાવો.' મુનિભગવંતે પણ તેઓને સુખદાયી એવો ગૃહસ્થધર્મ કહ્યો. તે આ પ્રમાણે-'પ્રથમ મિથ્યાત્વનો ત્યાગ કરી ને સમ્યક્ત્વને ગ્રહણ કરવું. સમ્યક્ત્વના પાંચ દુષણો ત્યાગી, પાંચ ભૂષણો અપનાવવાં. યથા-શક્તિ વિવેકપૂર્વક વ્રત-નિયમો અંગીકાર કરવા. અને સ્વીકારેલા વ્રત-નિયમોનું નિરતિચારપણે પાલન કરવું. ન્યાયોપાર્જિત ધનનું સાતે ક્ષેત્રમાં દાન કરવું, તેમજ દીન-અનાથ માનવોનો ઉદ્ધાર કરવો. શિષ્ટાચારનું પાલન કરવું. સમાન કુલ શીલવાળી અન્યગોત્રીય કન્યા સાથે વિવાહ કરવો. તેમજ અક્ષુદ્રતા, સૌમ્યતા, મધ્યસ્થતા, સૌમ્યનેત્ર, સત્કથા, ગુણાનુરાગ, દાક્ષિણ્યતા, વિશેષજ્ઞતા, સુપક્ષ, દીર્ઘદર્શીપણું, અક્રૂરતા, લોકપ્રિયતા, લજ્જાળુપણું, દયા, પાપભીરૂતા,વૃદ્ધાનુ-સારિતા, વિનય, લબ્ધલક્ષતા, કૃતજ્ઞતા, પરહિતચિંતા અને શરીરની સુંદરતા આ એકવિશ ગુણોથી યુક્ત પુરુષ ગૃહસ્થ વાસમાં હોવા છતાં બાર વ્રત પાળી શકે છે. અને તેની સદ્ગતિ થાય છે.' ગુરૂભગવંતનું પાપથી મુક્ત કરાવનારૂં વચન સાંભળીને ખૂશ થયેલા બંને ભાઈઓએ સમ્યક્ત્વમૂલક બાર વ્રત ધારણ કર્યાં. વ્રતોને સ્વીકારી ગુરૂ ચરણે નમસ્કાર કરી પોતાની જાતને કૃતકૃત્ય માનતા પોતાના આવાસે ગયા.

देवार्चनं प्रकुर्वाणौ, त्रिकालं भावपूर्वकं । दयां प्राणिगणे दानं, ददानावर्थिपूरुषे ॥२८॥
जनयंतौ महातीर्थ—यात्रां द्रव्यव्ययेन च । ध्यायंतौ जिनपध्यानं तपंतौ निजशक्तितः ॥२९॥
जिनप्रणीतशास्त्राणि,शृण्वानौ गुरुसन्निधौ । परोकारचेतस्कौ, धरंतौ धर्मबंधुरं ॥३०॥
सर्वकालोचितान् भोगान्,भुञ्जानौ च यदृच्छया।गमयामासतुः कालं, तौ द्वौ सुखेन देववत् ॥३१॥
अथान्यदा मुनिः कश्चिद्, ज्ञानी ध्यान्यागमद्वने । तत्समागमनं श्रुत्वा, निनंसू तौ बभूवतुः ॥३२॥
वंदितुं तं मुनिं याव—त्तावगातां प्रमोदतः।चांडालो मिलितस्ताव—त्तयोः शुनीयुतोऽध्वनि ॥३३॥
शुनियुक्तेऽपि चाण्डाले, नेत्रे तयोरतुष्यतां । नृनेत्रे एव पूर्वं हि, रागद्वेषैकसूचके ॥३४॥
द्वयोरालोकनादेव, भ्रातोर्विहिततोषयोः । भृशं तुतुषतुर्नेत्रे, शुनीचांडालयोरपि ॥३५॥
आलिंग्यते मिथः शीघ्र—मिति मोहसमुद्भवः । चतुर्णामपि चित्तेऽभू—त्संबंधात्पूर्वजन्मनः।३६॥
गच्छतोर्द्विजयोर्मार्गे, चांडालोऽपि शुनीयुतः । मोहोद्रेकेण तत्सार्थ—मभवद्गंतुमुत्सुकः ॥३७॥
विप्राभ्यामपि मोहेन, निषेध्धुं न च शक्यते । चत्वारोऽपि ततः सार्धं, यतिनं वंदितुं गताः॥३८॥
श्रावकाभ्यां, द्विजन्मभ्यां वंदितो मुनिरादरात् । तथा शुनीश्वपाकाभ्या—मपि तत्सार्थयोगतः।३९॥
नत्वा पुरो निषण्णानां, चतुर्णामपि सौख्यतः । देशना मुनिनारेभे, मुनिर्हि धर्मदेशकः ॥४०॥
धर्मोपदेशमाकर्ण्य, संसारभ्रमनाशिनं । उभाभ्यामपि विप्राभ्या—मपृच्छयत तपोधनः ॥४१॥
प्रभो ह्यत्रोपविष्टौ स्तः शुनीचांडालकाविमौ । अनयोश्चावयोर्मोहः, को हेतुकः प्रवर्त्तते ॥४२॥
कालत्रयस्वरूपस्य, वेत्ता च्छेत्ता भवन् मुनिः । भवांतरमभाषिष्ट, विप्रयोरुभयोरपि ॥४३॥
शालिग्रामे पुराभूता—मेतौ ब्राह्मणवंशजौ । आख्यया सोमदेवोऽभू—दग्निला च तदंगना ॥४४॥
उभयोरपि दंपत्यो—रिभ्ययोः स्नेहपूर्णयोः । षट्कर्मासक्तयोः पुत्रौ, तयोरभवताम् युवां ॥४५॥
युवयोः प्रथमस्याख्या—ग्निभूतिरभवत्पुरा । वायुभूतिर्द्वितीयस्य, पितृभ्यां प्रवि निर्मिता ॥४६॥
पितरौ तु प्रभूतेन, मिथ्यात्वेन विमोहितौ । भृशं बभूवतुर्नित्यं, जै नधर्मपराङ्मुखौ ॥४७॥
वेदाभ्यासकरौ नित्यं, शौचधर्मं च बिभ्रतौ । तर्पणश्राद्धहोमादि—निजकर्तव्यतत्परौ ॥४८॥
युवयोः कष्टसंयोगा—दादृतजैनधर्मकौ । भुक्त—वांतपरमान्ना—विव वांतार्हतोदितौ ॥४९॥
आर्हतश्रेयसो वांत्या, तस्यैव च जुगुप्सया । युवयोः पितरौ मृत्वा, प्रथमे नरके गतौ ॥५०॥
ये निंदामपरस्यापि, जुगुप्सां वा प्रकुर्वते । ते यांति नरकं घोर—मसंख्यदुःखदायकं ॥५१॥
विशेषाज्जिनधर्मस्य, जैनवाक्यरतस्य च । ये नराः कुर्वते निंदां, भवेत्तेषामधोगतिः ॥५२॥
भुक्त्वायुर्नरके तत्र, पंचपल्यप्रमाणकं । अयोध्यायां समुत्पन्नौ, शुनीचांडालकाविमौ ॥५३॥
शुनी या वर्तते सा तु, जननी युवयोरभूत् । इतो भवे तृतीयस्मि—श्चांडालो जनकः पुनः ॥५४॥
पूर्वजन्माभिसंबंधा—देतयोर्युवयोरपि । स्नेहः प्रजायते प्रायः, स्नेहो हि पूर्वजन्मजः ॥५५॥

जैनधर्मं समाराध्य, युवां ततो दिवं गतौ । स्वर्गाच्च्युत्वा च संजातौ, श्रेष्टिपुत्रावुभावपि ॥५६॥
तीव्रमिथ्यात्वसम्यक्त्व–फलं समुपलभ्यते । भवे तत्रैव वान्यत्र, दुःखसौख्यनिबंधनं ॥५७॥
पूर्वजन्मस्वरूपं च, निजपित्रोर्निशम्य च । जातौ संवेगसंपूर्णा–वुभावपि सहोदरौ ॥५८॥
भवेयुरुत्तमाः पुत्रा, ये धर्ममतिधारिणः । स्वकीयौ पितरौ धर्मे, ते स्थापयंति भक्तये ॥५९॥
विचार्येति कृतार्थत्वं, संपादयितुमात्मनः । दापयामासतुर्धर्मं, तौ पित्रोः साधुसन्निधौ ॥६०॥
पूर्वजन्मतनूजाभ्यां, वांचयमसर्मीपतः । आर्हतो दापितो धर्म—श्चांडालेन धृतो मुदा ॥६१॥
श्वपचेन यथाधारि, जैनधर्मः सुखावहः । जगृहे सारमेय्यापि, धर्मस्तेन समं तथा ॥६२॥
कथं गतिः? कथं जातिः? कथं योनिः? कथं जनिः?।भ्रमद्भिः संसृतौ जी वै–र्विस्मयस्थानमाप्यते॥६३
चिंतयंताविति स्वांते, जैनधर्मप्रभावतः । भावयंतावनित्यत्वं, तावभूतां च जन्मनः ॥६४॥
इतो भवे तृतीये का, बभूव जातिरावयोः । मिथ्यात्वपापयोगेन, कीदृशी विद्यतेऽधुना ॥६५॥
स्मरंतौ यतिवाक्येन, स्वकीयां जातिमुत्तमां । शुनीचांडालकौ चित्ते, ऽदधातां दुःखमुच्चकैः ॥६६॥
अथावयोः समुद्धारो, भविष्यति विनिश्चयात् । प्राप्त्या जैनस्य धर्मस्य, तौ संतुतुषतुर्भृशं ॥६७॥
चत्वारोऽपि यथा सार्द्धं, समागता निनंसया । तथा प्रतिगताः स्थानं, मुनिं नत्वा प्रमोदतः ॥६८॥
सम्यक्त्वपूर्वकाणि द्वा—दशव्रतानि दक्षवत् । सम्यगाराधयामास, चांडालोऽपि कुकर्मकृत् ॥६९॥
आराध्य मासमेकं स, व्रतानि तानि भावतः । मृत्वा नंदीश्वरे देवः, पंचपल्यायुषोऽभवत् ॥७०॥
पालयित्वा दिनान् सप्त, धर्मं कुगतिदारकं । तत्रैव नगरे राज्ञ—स्तनया समभूच्छुनी ॥७१॥
वर्धमाना शशांकस्य, कलेव कलयानिशं । यौवनं पावनं प्राप्ता, कामिमानसविस्मयं ॥७२॥
तस्या वीक्ष्यान्यदा रूपं, नृपचिंता चकार च । एतस्याः को वरो भावी, कलारूपादिसंयुतः ॥७३॥
पुत्रीमेनां प्रदास्यामि, तस्मै वराय शर्मणे । भविष्यति रुचौ योऽस्या—श्चातुर्यकमलायुतः ॥७४॥
इति संचिंत्य भूपेन, स्वयंवरणमंडपं । प्रारभ्याकारिता भूपाः सुरूपा बलगर्विताः ॥७५॥
तत्रागतेषु भूपेषु, नंदीश्वरात्सुरो व्रजन् । वंदितुमार्हतचैत्यानि, प्रसंगादवतीर्णवान् ॥७६॥
दृष्टस्तेनावतीर्णेन, स्वयंवरणमंडपः । कौतुकान्मर्त्यरूपेण, तत्र वृंदारकः स्थितः ॥७७॥
अलंकारेण संयुक्ता, पुरतो वेत्रीधारिणी । यावदेति सभां कन्या, विरुदश्रुतिपूर्वकं ॥७८॥
जाया जन्मांतरी येयं, वर्तते मम निश्चयात् । अवधिज्ञानतस्ताव—त्कन्या तेन विलोकिता ॥७९॥
भवत्रयस्वरूपं यद्, शुक्लं विडम्बनाकरं । तत्किं विस्मारितं मुग्धे, सेति देवेन भाषिता ॥८०॥
संसारपापवृक्षस्य, दुर्गतेः फलवर्धकं । स्वयंवरे त्वया किं नु, प्रारब्धं पाणिपीडनं ॥८१॥
अद्यापि प्रतिबुध्यस्व, मुक्त्वा च करपीडनं । अनंतसुखसंपादि, कुरु त्वमात्मसाधनं ॥८२॥
आसन्नाराधितधर्मा, ये भवंति शरीरिणः । तेषामल्पोपदेशेन, प्रतिबोधः प्रजायते ॥८३॥

आसन्नकृतधर्मत्वात्,स्नेहाच्च पूर्वजन्मनः । वाक्येन नाकिनस्तस्य, प्रतिबुद्धा कनी च सा ॥८४॥
उन्मार्गात्प्रतिवाल्येत, यथा निषादिना गजः । तथा त(स)दुपदेशेन, सा कन्या प्रतिवालिता ॥८५॥
वलित्वा कानने गत्वा, स्मृत्वा च संसृतिस्थितिं । वैराग्यात्साग्रहीद्दीक्षां, श्रुतसागरसन्निधौ ॥८६॥
विबुधैरप्यसंभाव्यं, किमेतत्सहसाऽभवत् । विलक्षवदनाः प्रापु—रिति सर्वेऽपि विस्मयात् ॥८७॥
परं केनापि न ज्ञातं, तत्स्वरूपं मनागपि । स्वयंवरेऽप्यहो दीक्षा—भावस्तुच्छभवस्थितेः ॥८८॥
साध्वी दीक्षां समादाय, समाराध्य यथाविधि । च्छित्वा स्त्रीलिंगमुत्षेदे, प्रथमे त्रिदशालये ॥८९॥
धर्मतो नरकच्छेदो, दुष्टयोनिर्न धर्मतः । स्वर्गमोक्षावपि धर्मा—द्धर्मः कार्यस्ततो बुधैः ॥९०॥
प्रसंगेन तयोः पित्रोः, स्वरूपं पूर्वजन्मनः । प्ररूपितं समासेन, प्राज्यवैराग्यकारणं ॥९१॥

હંમેશાં ભાવ પૂર્વક ત્રિકાળ દેવ પૂજા કરતા, પ્રાણિ માત્ર પ્રત્યે દયા ભાવ રાખતા, યાચક વર્ગને દાન આપતા, તીર્થોની યાત્રા કરતા, લક્ષ્મીનો સદ્વ્યય કરતા, પરમાત્માનું ધ્યાન કરતા, શક્તિ અનુસાર તપ કરતા, ગુરૂજનો પાસે શાસ્ત્રોનું અધ્યયન કરતા, પરોપકાર કરતા, સુંદર ધર્મમય દિનચર્યાનું પાલન કરતા, તેમજ પાંચે ઇન્દ્રિયોના વૈષયિક સુખ ભોગવતા દેવોની જેમ તે બંને ભાઈઓનો સુખપૂર્વક કાલ નિર્ગમન થાય છે. કોઈ એક દિવસે ઉદ્યાનમાં જ્ઞાની ધ્યાની મુનિ ભગવંત આવેલા સાંભળીને તે બે ભાઈ ઓ વંદન કરવા માટે ઘેરથી નીકળ્યા. રસ્તામાં જતાં સાંકળથી બાંધેલી કુતરીને લઈને જતો એક ચંડાળ મલ્યો. કૂતરી અને ચંડાળને જોઈને બંને ભાઈઓ ખૂશ થયા. વારંવાર જોવા લાગ્યા. કૂતરી અને ચંડાળ પણ તે બંનેને જોઈને સંતોષ પામ્યા, આ પ્રમાણે અરસ પરસ એક બીજાને જોતા ખૂબ પ્રેમ ઉભરાયો. વિચાર કરે છે કે 'અરે કૂતરી અને ચંડાળને જોઈ ને આટલો બધો પ્રેમ કેમ થાય છે. આ લોકોની સાથે નક્કી કોઈ પૂર્વજન્મનો સંબંધ હોવો જોઈએ.' બંને ભાઈઓ આ પ્રમાણે વિચાર કરતા આગળ વધે છે. ચંડાળ પણ કૂતરીને લઈને તેઓની પાછળ પાછળ જાય છે. ઉદ્યાનમાં પહોંચ્યા પછી બંને ભાઇઓ ગુરૂ ચરણે વંદના કરીને બેઠા. તેની સાથે ચંડાળ પણ ગુરૂને નમસ્કાર કરીને બેઠો. પોતાની આગળ બેઠેલા ચારે જીવોને અનુસરીને મુનિરાજે ધર્મોપદેશ આપ્યો. સંસારની ભ્રમણાઓનો નાશ કરનારો ઉપદેશ સાંભળીને બંને ભાઇઓએ પૂછયું :– 'ભગવંત, આ ચંડાળ અને કૂતરી સાથે અમારો પૂર્વજન્મનો કયો સંબંધ હશે કે જેથી અમને તેઓને જોઈને અને તેઓને અમને જોઈને આટલો બધો મોહ થાય છે? કોઈ ઋણાનુબંધ સિવાય એક બીજાને જોઇને રાગ થાય નહી, તો કૃપા કરી આપ આપ અમારા પૂર્વજન્મને કહેશો. ત્રણેય કાળના સ્વરૂપને જાણનારા અને ભવ્યજીવોના સંશયોને છેદનારા એવા જ્ઞાની ગુરૂએ કહ્યું :– 'આજથી ત્રીજા ભવે શાલિગ્રામમાં સોમદેવ અને અગ્નિલા નામના બ્રાહ્મણ દંપતી હતા. બંને વચ્ચે ઘણો સ્નેહ હતો. બ્રાહ્મણકુલના ષડ્કાર્યને કરતા તેઓને અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામના બે પુત્રો થયા. જૈનધર્મથી પરાઙ્મુખ અને મિથ્યાત્વથી

વિમોહિત બનેલા માતાપિતાએ બંને પુત્રોને વેદાભ્યાસ, શૌચધર્મ અને તર્પણ, શ્રાદ્ધ, હોમ-હવન આદિમાં તત્પર બનાવ્યા. તે ભવમાં જૈનસાધુની અવહેલના આદિ કરવાથી યક્ષરાજના પ્રકોપથી અને મુનિની કરૂણાથી મુક્ત બનેલા તમે બંને ભાઈઓએ સત્ય સમજીને જૈનધર્મ અંગીકાર કર્યો. તમારી સાથે તમારા માતાપિતાએ પણ જૈનધર્મ સ્વીકાર્યો પરંતુ પાછળથી તેઓ જૈનધર્મની વિમુખ બની ધર્મની નિંદા જુગુપ્સા કરતા મરીને પહેલી નરકમાં ગયા. જે લોકો કોઈની પણ નિંદા અને જુગુપ્સા કરે છે તેની અધોગતિ થાય છે. જ્યારે જૈનધર્મની અને જૈનઆગમની નિંદા જુગુપ્સા કરનારની અવશ્ય નરકગતિ થાય છે. અસંખ્ય કાળ સુધી નરકની ભયંકર યાતનાઓ ભોગવવી પડે છે. આ પ્રમાણે તમારા માતા પિતા પહેલી નરકમાં પાંચ પલ્યોપમ સુધી નરકના ભયંકર દુઃખ ભોગવીને અયોધ્યા નગરીમાં તમારા પિતા આ ચંડાળ થયા છે, અને તમારી માતા આ કૂતરી તરીકે ઉત્પન્ન થઈ છે. તમો બંને ભાઈઓ જૈનધર્મનું નિરતિચારપણે પાલન કરીને, પહેલા દેવલોકમાં ગયા. ત્યાંના દૈવી સુખો ભોગવીને તમે અયોધ્યામાં શ્રેષ્ઠીપુત્રો તરીકે ઉત્પન્ન થયા છો. પૂર્વજન્મના સંબંધથી એકબીજા પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે, તીવ્ર મિથ્યાત્વનું ફળ આ ભવમાં અથવા ભવાંતરમાં દુખનું કારણ બને છે. શુદ્ધ સમ્યક્ત્વનું ફળ આ ભવ અથવા પરભવમાં સુખના કારણરૂપે બને છે.' પોતાના તેમજ માતા પિતાના પૂર્વજન્મનું સ્વરૂપ સાંભળીને બંને ભાઈઓને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ધર્મનિષ્ઠ એવા ઉત્તમપુત્રોએ પોતાના માતા પિતાને ધર્મમાં સ્થિર કરવા જોઇએ. એમ વિચારી પોતાને કૃતાર્થ કરવા માટે મુનિની પાસે પોતાના માતાપિતા (ચાંડાળ અને કૂતરી)ને ધર્મ અપાવ્યો. પૂર્વજન્મના પુત્રો મુનિ ભગવંતથી ધર્મ પામી ખૂશ થયા. આ સંસારમાં ભ્રમણ કરતા જીવોને કેવી કેવી ગતિ-જાતિ-યોનિમાં જન્મ લેવા પડે છે! જૈનધર્મના પ્રભાવથી પોતાની ઉત્તમ ગતિ-જાતિને જાણી બંને ભાઇઓ સંસારની અનિત્યતાનું ચિંતન કરવા લાગ્યા અને જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. કૂતરી અને ચાંડાળ પણ મિથ્યાત્વના યોગે પોતાની અધમગતિ જાણી જાતિસ્મરણ જ્ઞાન પામી અત્યંત દુઃખી થયા, અને વિચારવા લાગ્યા:-'જૈનધર્મ વિના અમારો ઉદ્ધાર નથી, ધર્મની આરાધના બરાબર કરીશું તો જ અમારો ઉદ્ધાર થશે.' આ પ્રમાણે વિચારતા બંને ભાઇઓ તેમજ કૂતરી અને ચાંડાળ-ચારે જીવો મુનિને નમસ્કાર કરી પોતાના સ્થાને ગયા. ક્રૂર કર્મો હોવા છતાં ચંડાળ સમ્યક્ત્વમૂલ બાર વ્રતને ભાવથી અંગીકાર કરી એક માસનું અનશન કરી, મરીને નંદીશ્વર દ્વીપમા પાંચ પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો અને કૂતરી સાત દિવસનું અનશન કરી, ધર્મનું આરાધન કરી ત્યાંથી મરીને એ જ અયોધ્યાનગરીના રાજાની પુત્રી તરીકે ઉત્પન્ન થઈ. નિરંતર વધતી ચંદ્રની કલાની જેમ રાજકુમારી યુવાવસ્થાને પામી રૂપયૌવનથી યુક્ત પોતાની પુત્રીને જોઈને રાજાને વરની ચિંતા થઈ :-'અરે આ પુત્રીને તેને અનુરૂપ કોણ પતિ મલશે? રૂપવાન, કલાવાન, શીલવાન, ધીર અને વીર એવા રાજકુમારની સાથે મારી રાજકુમારીના

લગ્ન થાય તો મારી પુત્રી સુખી થશે. આમ વિચારી રાજાએ સ્વયંવર મંડપનું આયોજન કર્યું. તેમાં દૂર દૂરથી સ્વરૂપવાન અને પરાક્રમી એવા રાજાઓ તેમજ રાજકુમારોને આમંત્રણ આપીને બોલાવ્યા. આ પ્રમાણે સ્વયંવરનો પ્રસંગ ચાલી રહ્યો હતો ત્યાં નંદીશ્વર દ્વીપથી આર્હત ચૈત્યોના દર્શન કરવા જતો દેવ, સ્વયંવર જોઈને નીચે આવ્યો. કૌતુકથી મનુષ્યનું રૂપ કરીને સ્વયંવર મંડપમાં આવ્યો. ત્યાં અલંકાર ધારણ કરેલી પ્રતિહારિણી સાથે સોળે શણગારથી સજ્જ એવી રાજકુમારી આવી તેને બિરૂદાવલિથી બીરદાવી. રાજકુમારીને જોતાં અવધિજ્ઞાનથી દેવે જાણ્યું કે 'અરે આ તો મારી જન્માંતરની પ્રિયા છે. તેને પ્રતિબોધ કરૂં'. એમ વિચારી દેવે કહ્યું:- 'અરે મુગ્ધા, વિડંબનાકારી એવા તારા ત્રણભવના સ્વરૂપને શું તું ભૂલી ગઈ કે આ સ્વયંવરમાં સંસાર રૂપી પાપ વૃક્ષના દુર્ગતિરૂપી ફળને આપનારા પાણીગ્રહણની જળોજથામાં પડી. હજુ કંઇ બગડી ગયું નથી. પ્રતિબોધ પામ. આ પાણિગ્રહણની લપ છોડીને અનંત સુખને આપનારા ધર્મની આરાધના કર.' નજીકના ભવમાં ધર્મની આરાધના કરી હોય એવા જીવોને થોડા ઉપદેશથી પણ પ્રતિબોધ થાય છે. તેમ નજીકના (કૂતરીના ભવમાં) ભવમાં ધર્મની આરાધના કરવાથી અને દેવ પ્રત્યેના પૂર્વજન્મના સ્નેહથી દેવના વચનથી રાજકુમારી પ્રતિબોધ પામી. ઉન્માર્ગે ચાલતા હાથીને મહાવત જેમ ઠેકાણે લાવે તેમ દેવના વચનથી રાજકુમારીએ સંસારના સ્વરૂપનું સ્મરણ કરી ઉદ્યાનમાં જઈને શ્રુતસાગર નામના ગુરૂપાસે વૈરાગ્યભાવથી દીક્ષા અંગીકાર કરી. દેવોને પણ અસંભવિત એવી ઘટના જોઈને સ્વયંવરમાં આવેલા રાજાઓ વિલખા બનીને વિચારવા લાગ્યા:- 'આવું તો કયારે પણ જાણ્યું નથી, અને જોયું નથી કે સ્વયંવરમાં દીક્ષાનો ભાવ થાય. આ રીતે આશ્ચર્ય પામી પોત પોતાના સ્થાને ગયા. દીક્ષિત બનેલી રાજકુમારી સમ્યક્પ્રકારે ચારિત્રનું પાલન કરી, સ્ત્રી વેદનો ઉચ્છેદ કરી પહેલા સૌધર્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ. આ રીતે ધર્મથી સદ્ગતિ, ધર્મથી સારી યોની, તેમજ ધર્મથી સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે. માટે પંડિતપુરૂષોએ ધર્મની આરાધના કરવી જોઈએ. વૈરાગ્યનું કારણ હોવાથી પ્રસંગોપાત પૂર્વજન્મના માતાપિતાનુ સંક્ષિપ્ત સ્વરૂપ કહ્યું.

अथ तौ श्रेष्ठिनः सूनू, प्रणम्य चलितौ मुनिं। गतौ निलयमात्मीयं, जैनधर्मपरायणौ ॥९२॥
सम्यगाराध्य धर्मं तौ, पूर्णीकृत्यायुरैहिकं। भोक्तुं च परलोकस्य, सौधर्मे दिवि जग्मतुः॥९३॥
धाराधरे नभोभागे, यर्थेंद्रधनुरुद्भवेत्। तथैवोत्पादनश्यायां प्रादुर्भवति निर्जरः ॥९४॥
तत्र देवांगनाभिश्च स्पृहयितुं मनस्तयोः। प्रारेभे प्रवरं नृत्यं, गीतगानपुरस्सरं ॥९५॥
अंतर्मुहूर्तकालेन, पर्याप्तस्तरुणोपमाः। सर्वांगभूषणान्वीता, भवेयुरजराः सुराः ॥९६॥
केशास्थिमांसकरज—रोमासृक्त्वग्विवर्जिताः। पुरीषमूत्रनिर्मुक्ता, भवंति देवयोनयः ॥९७॥
मेषोन्मेषोज्झिताः अक्ष्णो, चित्तोत्थकार्यसाधकाः। स्युरम्लानसृजो भूमे—रूर्ध्वं च चतुरंगुलैः९८

ध्यानलीनमनस्कानां, सुधियां योगिनामपि।स्वकीयाभिः कलाभिः या, मोहयंति मनांसि च ॥९९॥
ताभिस्त्रिदशकांताभिः, कांताभिः सह लीलया।भुंजते विविधान् भोगान् , मग्नाः सुखपयोनिधौ।२००॥
पुण्यैर्द्रव्यं भवति भविका भूरिशोभाविभाकृत्, पुण्यैर्लीला सततमतुला मेदिनीपालयोग्या॥
पुण्यैः कीर्तिः स्फुरति जगति प्राज्यराज्यप्रदात्री, पुण्यैः स्वर्गः सकलसुखदः स्यात्क्रमेणापवर्गः॥१

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणि-
विरचिते श्रीशांबप्रद्युम्नचरित्रे तृतीयभव-माणिभद्रपूर्णभद्रजिनधर्मश्रवण-
-सौधर्मगमनो नाम सप्तमः सर्गः समाप्तः ॥ श्रीरस्तु ॥

શ્રેષ્ઠીપુત્રો મુનિના ચરણે નમસ્કાર કરી પોતાના સ્થાને જઈ જૈનધર્મમાં તત્પર બન્યા. તે બંને ભાઈઓ, સમ્યક્પ્રકારે શ્રાવકધર્મની આરાધના કરી આ ભવનું આયુષ્યપૂર્ણ કરી, ત્યાંથી મરીને સૌધર્મદેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. વાદળોથી ઘેરાયેલા આકાશમાં જેમ ઇંદ્ર ધનુષ્ય ઉત્પન્ન થાય તેમ દેવલોકની ઉત્પાતશય્યામાં બંને દેવરૂપે પ્રગટ થયા. દેવાંગનાઓએ તેઓના મનઃતુષ્ટિ માટે ગીતગાનપૂર્વક નૃત્ય શરૂ કર્યું. એક અંતર્મુહુર્ત કાળમાં દેવયોગ્ય પર્યાપ્તિ પૂરી કરીને તરૂણપુરૂષ રૂપે સર્વાંગ આભૂષણોથી અલંકૃત દેવો શય્યામાં પ્રગટ થાય છે. દેવયોનિમાં કેશ, હાડકાં, માંસ, મજ્જા, રૂધિર, રોમ, રજ આદિ સાતે ધાતુથી રહિત અને વિષ્ટા તથા મૂત્રથી રહિત વૈક્રિય શરીર હોય છે. દેવનાં નેત્રો સ્થિર હોય અને દેવો સંકલ્પ માત્રથી જ કામ કરનાર હોય છે. તેમજ તેમની પુષ્પની માળા કયારે પણ કરમાતી નથી. ભૂમિથી ચાર આંગળ અદ્ધર ચાલે છે. ધ્યાનમાં લીન એવા યોગીપુરૂષોને તેમજ પંડિતપુરૂષોને પોતાની કલાથી ચિત્તમાં મોહ ઉત્પન્ન કરાવવાની શક્તિવાળા હોય છે. નીરંતર મનોહર એવી દેવાંગનાઓની સાથે વિધ વિધ પ્રકારના ભોગસુખોને ભોગવતા સુખ સમુદ્રમાં મગ્ન રહે છે. પુણ્યથી દ્રવ્ય તેમજ શોભાસ્પદ એવી ઘણી ઘણી સામગ્રી મલે છે. પુણ્યથી જ ચક્રવર્તી વાસુદેવ આદિની રાજ્યસત્તા પ્રાપ્ત થાય છે. પુણ્યથી જગતમાં યશકીર્તિ ફેલાય છે, અને પુણ્યથી જ સ્વર્ગીય સુખો મળે છે. અનુક્રમે મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. માટે પંડિતપુરૂષોએ પુણ્યસંચય માટે પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રમાણે પંડિતોમા ચક્રવર્તીસમા શ્રી રાજસાગરગણીના વિદ્વાન શિષ્ય શ્રી રવિસાગર ગણીએ રચેલા શ્રી શાંબ પ્રદ્યુમ્ન ચરિત્રમાં ત્રીજે ભવ મણિભદ્ર પૂર્ણભદ્રનો, જૈનધર્મનું શ્રવણ તેમજ જૈનધર્મની આરાધના, પ્રાતે સૌધર્મ દેવલોકમાં ગમન આદિનું વર્ણન કરતો ૨૦૧ શ્લોક પ્રમાણનો સાતમો સર્ગ સમાપ્ત.

॥ अथाष्टमः सर्गः ॥

સર્ગ: ૮

अथायोध्येति विख्याता, नगरी प्रवरर्द्धिका । विद्यते धनधान्याढ्या, वियुक्ता विपदालिभिः ॥१॥
भाति तस्यामयोध्यायां, पद्मनाभ इति प्रभुः । पद्मनाभ इव प्रोद्य—त्पराक्रमेण भूयसा ॥२॥
तस्यासीद्धारिणी राज्ञी, वरेण्या गुणधारिणी । पतिस्वांतातुलप्रीतिकारिणी न विकारिणी ॥३॥
प्रेम्णा संसारिकान् भोगांस्तयो र्भुंजानयोर्मिथः।स्वर्गाच्च्युत्वा सुपर्वाणौ, धारिण्याः कुक्षिमीयतुः।४॥
परिपूर्णेन कालेन, द्वावप्यसूत सा सुतौ । तेजःपुंजेन संयुक्तौ, मार्तंडशशिनाविव ॥५॥
पितृभ्यां विहितौ नाम्ना, तौ च द्वौ मधुकैटभौ । वर्धमानावभूतां तौ, बलदेवाच्युताविव ॥६॥
यौवने नृपकन्याभ्यां, धन्याभ्यां सह संमदात् । पितृभ्यां कारितं पाणि—पिडनं सुतयोस्तयोः॥७॥
अन्येद्युरुद्यदुद्योत—कलावंताविबोध्धुरौ । चातुर्वर्यौ तौ वीक्ष्य, हृष्टो वज्रा व्यचिंतयत् ॥८॥
विनीतास्तनया भार्या, रूपवत्यो गुणान्विताः । बांधवाः स्नेहला भृत्याः,कार्यनिर्मितितत्पराः।९॥
मनुष्येषूत्तमा जातिः, शुद्धं कुलं कला वराः । प्रोतुंगा हस्तिनश्चाश्वा, गेहे द्रव्यमनर्गलं ॥१०॥
संसारेऽत्र पदार्था ये, भवेयुः सुखकारिणः । ते सर्वेऽपि मया लब्धाः, पूर्वपुण्यप्रभावतः ॥११॥
ततोऽहं सुकृतं कुर्यां, तथा पापक्षयंकरं । यथा प्रजायते मोक्ष—स्तेन पुण्येन शाश्वतः ॥१२॥
विचार्येति नृपो राज्यं, समर्प्य मधुनंदने । कैटभे यौवराज्यं च, प्राव्राजीद्गुरुसन्निधौ॥१३॥
प्राज्या राजात्मजास्तेन, सार्धं प्रव्रजिता मुदा । क्षीणामेकसहस्रं च, साधयितुं शिवास्पदं ॥१४॥
यो यत्साधयितुं प्रायः, प्रयत्नं कुरुते पुमान् । साधयत्येव तत्कार्यं, तेनेति युक्तिरादृदे ॥१५॥
पालनेन महाराज—नीत्वास्ताभ्यां निरंतरं । विस्मारितः पिता सर्व—लोकानां सुखदायतः।१६॥
भीमकांतगुणाभ्यां च, राज्यं पालयतोस्तयो । शत्रवः शिश्रियुर्मैत्रीं, तां मित्राण्यधिकां पुनः॥१७॥

ધનધાન્યથી ભરપુર સમૃદ્ધશાલિની વિખ્યાત અયોધ્યાનગરીમાં પ્રતાપશાલી પરાક્રમી જેવો પદ્મનાભ નામનો રાજા હતો. તે રાજાની પતિના ચિત્તને અનુસરનારી ગુણવાન જેવી ધારિણી નામની સુંદર પટ્ટરાણી હતી. રાજારાણીને સાંસારિકસુખો ભોગવતાં ઘણો સમય પસાર થયો. સ્વર્ગથી ચ્યવીને અગ્નિભૂતિ વાયુભૂતિના જીવો ધારિણી રાણીની કુક્ષિમાં અવતર્યા. પૂર્ણમાસે ધારિણીએ સૂર્યચન્દ્રસમાન તેજના પુંજ જેવા બે પુત્રોને જન્મ આપ્યો. માતાપિતાએ જોડલું

નામ મધુ અને બીજાનુ નામ કૈટભ રાખ્યું. અનુક્રમે વધતા યુવાવસ્થામાં આવ્યા ત્યારે બંને ને સુંદર રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. સાંસારિક સુખ ભોગવતાં તે બંને વાસુદેવ અને બલદેવની જેમ શોભી રહ્યા. એકદિવસ રાજાએ પોતાના પુત્રોનું પરાક્રમ અને કલાચાતુર્ય જોયું. તે જોઈને આનંદિત થયેલ વિચારવા લાગ્યોઃ મનુષ્યભવ, ઉત્તમ જાતિ, શુદ્ધ કુળ, શ્રેષ્ઠ કલાઓ, હાથી, ઘોડા આદિ અનર્ગલ દ્રવ્ય, વિનયી પુત્રો, રૂપ અને ગુણવતી ભાર્યા, સ્નેહાલ બંધુઓ, તેમજ કાર્યનિષ્ઠ વફાદાર સેવક વર્ગ, આ બધું આ સંસારમાં પુણ્યશાલી મનુષ્યોને મળે છે. પૂર્વ પુણ્યના પ્રભાવથી મને તે બધી સામગ્રી પ્રાપ્ત થઈ છે. તેથી હું પાપનો ક્ષય કરનાર એવા પુણ્યનું સર્જન કરૂં, જેથી મને અનુક્રમે શાશ્વત સુખ આપનાર મોક્ષનો યોગ પ્રાપ્ત થાય.' આ પ્રમાણે વિચારીને રાજાએ મધુને રાજ્ય અને કૈટભને યુવરાજ પદવી આપી. સેંકડો રાજકુમારો તેમજ એકહજાર સ્ત્રીઓની સાથે આચાર્ય ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી. સંયમધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરી તેઓ મોક્ષસુખ પામ્યા. 'અરે, જે કોઈ પુરૂષ સાધના માટે પ્રયત્ન કરે છે તેને પ્રાયઃ સફલતા મલે છે.' મધુ અને કૈટભ પિતાની નીતિને અનુસરીને ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરતા હતા. તેથી સંતોષ પામેલા પ્રજાજનો પિતાને (પૂર્વ રાજાને) યાદ કરતા નહોતા. ભીમ અને કાંત ગુણથી રાજ્યનું પાલન કરતા મધુ-રાજાના શરણે શત્રુઓ આવ્યા અને મિત્રરાજાઓમાં મૈત્રી ગાઢ બની.

भूयः पुरुषपूर्णायां, सभायामन्यदा स्थितः । भूपतिर्नगरे कोला--हलं शुश्राव पुष्कलं ॥१८॥
तं श्रुत्वा पार्थिवः प्राह, प्रतीहारान् धृतायुधान् । किमेतदश्रुतं पूर्वं, मदीये श्रूयते पुरे ॥१९॥
विनयेन प्रतीहारा, अभ्यधुर्धरणीधवं । स्वामिन्नस्ति नृपो भीमो, नाम्ना दुर्गबलोत्कटः ॥२०॥
स हि प्रचुरया धाट्या, देशान् ग्रामान् पुराणि चासार्थान् धृतप्रभुतार्थान , निःशंको हृदि लुंटति।२१॥
स समेतोऽस्त्ययोध्यायाः, समीपे करुणोज्झितः।हरतेऽसौ पुरोपांते, चरतश्चापि चतुष्पदान ॥२२॥
तेन सर्वोऽप्ययं लोको, नागरीयो भय द्रुतः । बहुकोलाहलारावं, कुरुते हृदि विह्वलः ॥२३॥
इति श्रुत्वा कुलामात्यान् , जगाद जगतीपतिः । ललाटे भृकुटिं कृत्वा, कथं रे ज्ञापितं न मे ॥२४॥
तदावदन्नमात्यास्तं, नाथ त्वमसि बालकः । ततो न प्रोक्तमस्माभिः, पालनीयो हि सांप्रतं ॥२५॥
राजोचे बलिनो नागाः, श्वापदा अपरेऽपि च । तावद्गर्जति यावन्न, तत्रायाति हरेः शिशुः ॥२६॥
सिंहबाले समेते तु, सर्वेऽपि यांति दूरतः । युष्माभिर्नेति किं लोके, किंवदंती पुरा श्रुता ॥२७॥
भीमभूपालनागस्य, पुरः केसरिबालकं । यूयं मामपि जानीत, दधानं शैशवं तनौ ॥२८॥
प्रतिज्ञाय तथा यूयं, मेलयतातुलं बलं । स्वयमेव यथा गत्वा, बंभज्येऽहं च तत्पुरं ॥२९॥
प्रमाणमेव भूपस्य, वचनं क्रियतेऽधुना । इति तद्वचसामात्यै—र्मेलितं कटकं महत् ॥३०॥
सहस्रशो गजा मत्ता, लक्षशश्च तुरंगमाः । शतशः स्यंदना वीराः, कोटिशश्च पदातयः ॥३१॥

आकाशे यदि गच्छेत्स, तदानयामि तं नृपं । निःश्रेणय इति प्राज्याः, सार्थे तेन प्रकारिताः॥३२॥
प्रणश्य यदि पाताल—मूले विशति सोऽधमः । कर्षाम्यहं तदोऽपीति, कुद्दाला दधिरेऽधिकाः३३
इत्यनीकस्य सामग्रीं, कारयित्वा मधुप्रभुः । चचाल शुभघस्रेण, जेतुं भीमाभिधं नृपं ॥३४॥
अनल्पैः पादपैर्मार्गा, येऽभूवन् विषमा भृशं । कटकस्य प्रभूतत्वात् , समीभूताश्च तस्य ते॥३५॥
अग्रग्रैः सलिलं प्राप्तं, मध्यगैः पंकमिश्रितं । अंतगैः कर्दमः तृष्णो—छेदाय सरसीषु च ॥३६॥
तुरंगमखुरोत्थेषु, रजस्सु प्रसृतेष्वपि । सूर्यतापमपाकर्तुं, छायाकृत्यमजायत ॥३७॥
कटकेन प्रभूतेन, चतुरंगेण भूपतिः । त्रासयन् स्पर्धिनो भूपान् , प्राप्तो वटपुरांतिकं॥३८॥

એક દિવસ રાજપુરૂષોથી પૂર્ણ રાજસભામાં બેઠેલા મધુરાજાએ નગરમાં થતો કોલાહલ સાંભળ્યો. પ્રતિહારને બોલાવી પૂછયું:- નગરમાં આટલો બધો કોલાહલ થવાનું શું કારણ?' પ્રણામ કરીને વિનયપૂર્વક પ્રતિહારે કહ્યું:- 'સ્વામિન્, ભીમ નામનો ભંયકર રાજા ગામ, નગરો અને દેશોમાં મોટી મોટી ધાડો પાડી લોકોને લુંટી રહ્યો છે. માર્ગમાં જતા આવતા મુસાફરોને નિર્દયપણે મારીને બેફામ લૂંટ કરે છે. એ ભીમરાજ અયોધ્યાની નજીકમાં આવ્યો છે. નગરીની બહાર ચરતી ગાયો, ભેંસો આદિ પશુઓને લૂંટીને ભાગી રહ્યો છે. તેથી ભયથી વિહ્વલ બનેલા નાગરિકો આમથી તેમ નાસભાગ કરતા કોલાહલ કરી રહ્યા છે.' પ્રતિહારની વાતો સાંભળીને ગુસ્સે ભરાયેલા રાજાએ ભ્રકૂટિ ચઢાવીને મહા અમાત્યને, કહ્યું :–'અરે, તમે લોકોએ મને અત્યાર સુધી કેમ કંઈ કહ્યું નહી?' અમાત્યે કહ્યું :–'સ્વામિન્, આપ બાળક છો તેથી અમે કંઇ કહ્યું નથી. અમે અમારાથી શકય પ્રયત્ન કરીએ જ છીએ' રાજાએ કહ્યું :–'શું હું બાળક છું ? તમે મને બાળક સમજો છો ? ખબર નથી કે એક સિંહનું બચ્ચું સિંહનાદ કરે ત્યારે બલવાન હાથીઓ, શિકારી પશુઓ ક્ષણમાત્ર પણ ટકી શકતા નથી. મદોન્મત્ત હાથીઓની ગર્જના ત્યાં સુધી જ હોય કે જ્યાં સુધી સિંહનું બાળક સામે દેખાયું ના હોય. મને લાગે છે કે તમે લોકવ્યવહાર પણ સમજ્યા નથી. ભલે મારૂં શરીર નાનું છે પરંતુ તે ભીમરાજારૂપી હાથીની આગળ સિંહનું બચ્ચુ સમજજો. તમે સૈન્ય તૈયાર કરો. હું પોતે જ જઇને ભીમને હરાવી તેનું રાજ્ય ભાંગીશ.' રાજાનું વચન સાંભળીને મહા અમાત્યે સેંકડો હાથીઓ, હજારો રથો, લાખો ઘોડા તેમજ કોડોની સંખ્યામાં પરાક્રમી સૈનિકો–આ રીતે ચતુરંગી સેના તૈયાર કરી. મધુરાજાએ પ્રતિજ્ઞા કરી :–'શત્રુ આકાશમાં ગયો હશે તો પણ તેને ધરતી ઉપર ઉતારી લાવીશ. તે માટે જાણે સૈન્યમાં મોટી નિસરણીઓ રાખી ન હોય! પાતાળમાં પેઠો હશે તો પણ તેને ખોદીને બહાર ખેંચી લાવીશ તે માટે જાણે કોદાળા રાખ્યા ના હોય! આ પ્રમાણે સેનામાં અનેક સામગ્રી કરાવી મધુરાજાએ ભીમરાજાને જીતવા માટે શુભ મુહૂર્તે પ્રયાણ કર્યું. સૈનિકોએ રસ્તામાં જ્યાં ત્યાં પડેલા વૃક્ષોને દૂર કરી સરળો રસ્તો કર્યો. આગળ જનારાઓને સરોવરમાંથી પાણી મળતું, વચમાં ચાલનારાઓને કાદવ મિશ્રિત

પાણી અને છેલ્લે ચાલનારાઓ માટે પોતાની તૃષા શાંત કરવા માટે કાદવ બાકી રહેતો! અર્થાત્ સૈન્યની તૃષા છીપાવવા માટે સરોવરો પણ ઓછા પડતાં. ઘોડાઓની ખૂરીઓથી ઉખડેલી રજના કારણે સૂર્ય પણ ઢંકાઇ જતો. આટલા મોટા વિપુલ સૈન્ય સાથે મધુરાજા શત્રુ રાજાઓને નમાવતો વડપુર નગરીની નજીકમાં આવ્યો.

आगमं मधुभूपस्य, श्रुत्वा हेमरथेश्वरः । निजां ज्ञापयितु सेवां, संमुखः समुपेयिवान् ॥३९॥
आगत्य भूरिभक्त्या स, प्राणमन्मधुभूभुजं । उत्तमाः सहजेनैव, भवेयुर्हि प्रणामिनः ॥४०॥
तं समालिंगयामास, मधुभूपोऽपि हर्षतः । उभयोर्मिलनेनैव, प्रीतिर्बभूव भूयसी ॥४१॥
विनयान्मधुभूपालं, हेमरथो व्यजिज्ञपत् । क्रमयो रेणुभिः स्वामिं—स्त्वं पवित्रय मत्पुरं ॥४२॥
आदरै रंजितो राजा, पुण्यदाक्षिण्यसंगतः । तद्वाक्यमुररीचक्रे प्रीतिसंसूचनाय च ॥४३॥
तोरणैः केतुभिर्धूप—घटीभिः पुष्पदामभिः । वस्त्रैराभणै राज्ञा, सर्वं शृंगारितं पुरं ॥४४॥
वादित्राणाममात्राणां, बंदीनां च शुभस्वनैः । प्रवेशं कारयामास, हेमरथो नृपं पुरे ॥४५॥
प्रावेश्य स्वगृहे नीत्वा, स्वकीयास्थान मंडपे । सिंहासने च सौवर्णे, स्थापयामास तं नृपं ॥४६॥
पुरतस्तस्य भूपस्य, प्रौढप्राभृतहेतवे । हेमरथेन मुक्तानि, वस्तून्यभिनवानि च ॥४७॥
सद्ममध्ये समागत्य, प्रजजल्प नृपः प्रियां । वल्लभे त्वं स्वयं गत्वा, वर्धापय मधुप्रभुम् ॥४८॥
नाम्नेंदुप्रभया प्रोचे, मुखेन्दुप्रभया तदा । स्वामिन् मनोहरं यद्य—द्वस्तु स्यान्निजसद्मनि ॥४९॥
तत्सर्वमपि भूपाल–दृग्गोचरे न पात्यते । तत्समीक्ष्य यतस्तस्य, लोचने चलतो द्रुतं ॥५०॥
ततस्तव प्रियाः संति, प्राज्ञ्या रूपगुणान्विताः । कांचित्प्रेषय तन्मध्या—द्वर्धापयितुमीश्वरं ॥५१॥
इति तद्वचनं श्रुत्वा—वदद्वटपुरेश्वरः । विरुद्धं वचनं देवि, त्वयका किं निरूप्यते ॥५२॥
आवयोस्तातसोदर्य—सन्निभोऽयं मधुप्रभुः।भूयिष्टा स्त्वादृशो दास्यो, भविष्यंत्यस्य भूपतेः॥५३॥
ततस्त्वमेव गत्वाशु, विधाय रचनां वरां । मुक्ताफलाक्षतैः कांतैः—र्वर्धापय नरेश्वरं ॥५४॥
विरुद्धं पतिना किंचि—त्सहसा विनिवेदितं । कुलीना कामिनी वेत्ति, तद्वचनं तथा हृदि ॥५५॥
ज्ञात्वापि चैकशस्तत्स्व—भर्तुः प्रतिनिवेदयेत् । स वक्ति चेत्कुरुष्व त्वं, सा करोत्येव तद्वचः ॥५६॥
ज्ञात्वेति भर्तृवाक्येन, वर्धापनाय भूपतेः । अंगे षोडशशृंगारान्, परिधाय गता सभां ॥५७॥
समागत्य तयात्मीय—भर्त्रा सह मधुप्रभुः । स्वस्तिकं पूरयित्वाग्रे, वर्धापितोऽक्षतादिभिः ॥५८॥
किमसावुर्वशी रंभा, सुरी किमसुरी परा । किं सावित्री रमा किं, वा, गौरी पातालसुंदरी ॥५९॥
तस्या वर्धापयंत्याश्च, निरीक्ष्य रूपमद्भुतं । इदृग्योऽपि भवेयुः किं, नार्यः स इत्यचिंतयत् ॥६०॥
भवेद्यदीदृशी नारी, मर्त्यलोके मनोहरा । स एव तर्हि धन्यो यो, भोगान् भुंक्तेऽनया समं ॥६१॥
एतस्या वदनोद्भुतं सुधाश्रावि बचोऽनिशं।यः समाकर्णयेन्मर्त्य—स्तस्य श्रोत्रे कृतार्थिनी ॥६२॥

अस्याः सुपर्वनेत्राभ्या—मिवाक्षिभ्यां समीक्षते। यश्चासेचनकं रूपं, सफले तस्य लोचने ॥६३॥
भूरिसौरभ्यसंयुक्तं, कामिभृंगा मुखांबुजात्। जातं जिघृति यो गंधं, तस्य नासा फलेग्रहिः ॥६४॥
श्लोकैः काव्यैश्च गाथाभिः, किंवदंतीभिरप्यहो।यो जल्पेदनया सार्धं, तस्यैव रसना वरा ॥६५॥
कुंकुमचंदनद्रव्यै—र्विलिप्तकाययानया। सुरतं कुरुते यश्च, शुभं तत्स्पर्शनेंद्रियं ॥६६॥
यस्यैतेषु पदार्थेष्व—नयैकोऽपि प्रवर्तते।अस्मिन्नसारसंसार—मध्ये धन्योऽस्ति सोऽपि हि ॥६७॥
मम त्वेकमपि स्वीय—स्वांतसंतोषकारणं।अनया धन्यया साकं, वस्तु नास्ति मनागपि ॥६८॥
तां वीक्ष्य पुण्यलावण्यां, त्रिंतयंतमिति त्वसौ [मदात्]।वर्धाप्य मधुभूपालं, जगामागारमात्मनः६९॥
स्पृहया च यया साकं, तस्य मानसमप्यगात्। नाद्भुतं हि मधो र्वांच्छेंदुप्रभायां भवेद्बहुः७०॥

અયોધ્યાના રાજા મધુનું આગમન સાંભળીને વડપુરનો રાજા હેમરથ પોતાની સેવા જણાવવા માટે સામે આવ્યો. ભક્તિપૂર્વક મધુરાજાને પ્રણામ કર્યા. 'ઉત્તમપુરૂષોમાં સ્વાભાવિકપણે વિનયગુણ રહેલો હોય છે મધુરાજાએ પણ હર્ષપૂર્વક આલિંગન આપ્યું. બન્ને વચ્ચે ગાઢ મૈત્રી સંબંધ બંધાયો. હેમરથ રાજાએ મધુરાજાને વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરી :-'સ્વામિન્, આપની ચરણરેણુ વડે મારા નગરને પવિત્ર બનાવો. તેના આદરથી ખૂશ થયેલા મધુરાજાએ મૈત્રીની દૃઢતા માટે દાક્ષિણ્યતાથી તેનું વચન સ્વીકાર્યું. ધ્વજા, પતાકા, તોરણો ધૂપઘડીયો, પુષ્પમાલાઓ તેમજ વસ્ત્રો-આભરણો વડે હેમરથ રાજાએ નગરને શણગાર્યું. વિવિધ પ્રકારના વાજિંત્રોના મધુર અવાજો વડે અને બંદીવર્ગોની બિરુદાવલિ વડે જય જયકાર બોલાવતા મધુરાજાનો નગર પ્રવેશ કરાવ્યો. રાજમહેલમાં લઈ જઈ પોતાની રાજ સભામાં સુવર્ણના સિંહાસન ઉપર મધુરાજાને બેસાડયા. ત્યારબાદ પોતાના અંતઃપુરમાં જઈને ઈંદુપ્રભા નામની મુખ્ય પટ્ટરાણીને કહ્યું :-'પ્રિયે, તું રાજસભામાં આવીને મધુરાજાના વધામણાં કર ! ઈંદુપ્રભાએ કહ્યું :-'સ્વામિન્, અતિસુંદર વસ્તુ મોટા રાજાની આંખે ચઢાવાય નહી. દૃષ્ટિ પડતાં કયા સમયે રાજાનું મન વિચલિત થાય તે કહેવાય નહી. માટે આપના અંતઃપુરમાં બીજી ઘણી રાણીઓ છે, તેમાંની એકાદને મોકલી વધામણાં કરાવો. ઇંદુપ્રભાના વચન સાંભળી હેમરથે કહ્યું :-' દેવી, તું આવું વિપરિત ના બોલ. મધુરાજા તો આપણા પિતા સમાન છે. તેમના અંતઃપુરમાં તો તારા જેવી સેંકડો દાસીઓ હશે. માટે ચિંતા કર્યા વિના તું જલ્દી આવ અને સાચા મોતી અને અક્ષતો વડે રાજાને વધાવ, પતિએ વિપરિત નિવેદન કર્યું હોય તે કુલીન પત્ની મનમાં સમજે. સમજીને પતિને નિવેદન પણ કરે, છતાં પતિ કહે કે 'નહી તારે કરવું જ પડશે, તો પતિવ્રતા સ્ત્રીએ પતિનું વચન માન્ય કરવું જોઈએ.' આ પ્રમાણે મનમાં વિચારી પતિના વચનથી સોળે શણગાર સજી રાજસભામાં જઈને મધુરાજાની આગળ સાચા મોતીનો સ્વસ્તિક કરી, અક્ષતો વડે મધુરાજાને વધાવીને તે ત્યાંથી ચાલી ગઇ. પરંતુ વધાવતી એવી ઈંદુપ્રભાનું અદ્ભુત રૂપ જોઈને, રાજા વિચારવા લાગ્યોઃ-'અરે, આ તો કોઈ ઉર્વશી છે ?

રંભા છે ? સાવિત્રી છે ? ગૌરી છે ? પાતાલ કન્યા છે ? દેવકન્યા છે ? કે કોઈ કિન્નરી છે ? આવું રૂપ તો કોઈ સ્ત્રીઓમાં જોવામાં આવ્યું નથી. મનુષ્ય લોકમાં જેની પાસે આવી સ્ત્રી હોયને તેની સાથે ભોગસુખ ભોગવતો હોય તે પુરૂષ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આ મૃગાક્ષીના મુખમાંથી નીકળતા સુધા તુલ્ય વચનોને જે પુરુષ નીરંતર સાંભળે તેના બંને કાન કૃતાર્થ છે. દેવાંગનાના નેત્રો સમાન આ સ્ત્રીના નયનયુગલને જે મનુષ્ય જોવે તેના બંને નેત્રો સફળ છે. આના મુખરૂપી કમલમાંથી અત્યંત સુગંધી યુક્ત ખુશ્બોને કામીપુરુષરૂપી ભ્રમર નીરંતર સુધતો હોય તેની નાસિકા સફળ છે. શ્લોકો, કાવ્યો, સમસ્યાઓ અને કિંવદંતી વડે આ સ્ત્રીની સાથે વિનોદપૂર્વક વાર્તાલાપ કરતો હોય તે પુરૂષની જીહ્વા ખરેખર ધન્ય છે. કુંકુમ ચંદન આદિ સુગંધી દ્રવ્યોથી વિલેપન કરેલી આ સ્ત્રીની સાથે જે પુરૂષ રતિક્રીડા કરે છે, તેની સ્પર્શેન્દ્રિય ખરેખર સફળ છે. આ પાંચેઇન્દ્રિયના વૈષયિકસુખોમાંથી એકપણ ઇન્દ્રિયના વિષયનું સુખ આ સ્ત્રીની સાથે જે ભોગવતો હોય તે પુરૂષ ખરેખર આ સંસારમાં ધન્યવાદને પાત્ર છે. મને તો મારા અંતઃકરણના સંતોષમાટે આ સ્ત્રીની સાથે એકપણ પદાર્થનું સુખ મલ્યું નથી. પુણ્યવતી અને લાવણ્યવતી એવી વધાવવા આવેલી ઇંદુપ્રભાને જોઈને મધુરાજા પૂર્વોક્ત પ્રકારે વિચારમાં મગ્ન બની ગયો. અને તેણી સાથેના સુખની ઝંખનાથી મધુરાજાનુ ચિત્તપણ હરાઈ ગયું. એમાં કંઈ આશ્ચર્ય નથી. મધુ (વસંતઋતુ) અને ઇંદુપ્રભા (ચન્દ્રની ચન્દ્રિકા) બન્ને મળે ત્યારે આ પ્રમાણે જ થતું હોય છે.'

सोऽप्युत्थाय ततो रात्रि—मिव कल्पयितुं दिवा । तस्यांविंदुप्रभाध्यानः, शय्यायां स तमोगृहे७१
तत्र स्थित्वा न केनापि, सह जल्पति सादरं । रुच्या भुनक्ति नाहारं, न निद्रां कुरुते निशि॥७२॥
निजस्य कटकस्यापि, चिंतां च चलनादिकां । विदधाति न कंदर्प—बाणैर्विद्धो महीपतिः।७३॥
तदा समेत्य तस्यैव, सचिवः परिपक्वधीः । भूपालं कथयामास, धीसखो हि सखेशितुः॥७४॥
राजंस्तवास्ति किं दुःखं, समुद्भूतं हृदि द्रुतं । किं हेमरथभूपेना—पमानं ते कृतं ननु ॥७५॥
किंवा शरीरसंभूत—विषमामयनिर्मितं । केनचिद् द्वेषिणा यद्वा, कृतं वाङ्मनसोत्थितं ॥७६॥
व्यग्रचित्ते त्वयि स्वामिन्, सैन्यं सर्वमपि क्षणात् । यतो भविष्यति व्यग्रं, तद्यथार्थं निवेदय।७७
कामातुरमनुष्याणां, न लज्जा न च साध्वसं । इति तेन निजाभ्येन, कथितं मंत्रिणः पुरः।७८॥
न कृतोऽप्यतोऽमात्य, दुःखं मदीयमानसे । स्त्री हेमरथभूपस्य, यतो दृष्टा ततोऽस्ति तत् ॥७९॥
तया दर्शनमात्रेण, मदीयं हृदयं हृतं । अन्यस्मादपि सर्वस्मा—द्विरक्तिः कारिता पुनः ॥८०॥
अंतःपुरे मदीये च, बहवः संति योषितः । ईदृशी कापि नो नारी, मनोनयनमोहिनी ॥८१॥
ततो जाया मदीयेयं, भविष्यति यदि द्रुतं । जीवंतं मां विजानिहि, तर्हि धीसख नान्यथा॥८२॥
नृपस्य श्रवणाश्रव्य—मिति नव्यं वचोऽधमं । आकर्ण्य चिंतयामास, सचिवो व्यग्रमानसः।८३॥

दष्टस्य फणिना पुंसो, व्याधिभिर्व्याधितस्य च । अपि लग्नकृपाणस्य, प्रतीकारः प्रवर्तते।।८४।।
परं कंदर्पबाणेन, विद्धस्य तु शरीरिणः । न विद्यते प्रतीकार, उपचारशतैरपि ।।८५।।
तथापि कथयाम्यस्य, वाक्यमायतिसुंदरं । विमृश्येत्यब्रवीन्मंत्री, कामातुरं मधुनृपं ।।८६।।
यत्त्वया चिंतितं चित्ते, मत्पुरो यच्च भाषितं । इह लोकेऽन्यलोके त—दपवादकरं तव ।।८७।।
तदिदं चिंतनं त्यक्त्वा, मत्वा मद्वचनं विभो । निजाभिष्टानि कृत्यानि, विचारभाक् समाचर।८।
दुष्टेन मंत्रिणानेन, चित्तवार्त्ता ममाददे । न करोत्युद्यमं तत्र, वारयत्येष मां पुनः ।।८९।।
ततोऽवदन्महीपालः, कोपाटोपेन धीसखं । याहि त्वं दुरतोऽवश्यं, मरिष्याम्यहमत्र च।९०।
कामी हितोपदेशेन, कार्याकार्यं च वेत्ति न । ततोऽयं सहसा प्राणान्, मात्याक्षीत्कामविह्वलः।।९१।।
ध्यात्वेति सचिवः काल—क्षेपं कारयितुं जगौ । नाथ संप्रति रक्ष्येयं, किंवदंती त्वया हृदि ।।९२।।
दुष्टं भीमनृपं जेतुं, सांप्रतं गच्छ भूपते । मयका वलमानेन, करिष्यते तवेप्सितं ।।९३।।
परदारविलुब्धस्त्वं, वचसा मे यदि प्रभो । न गच्छस्यधुना तर्हि, ज्ञेयं दुःखं महत्त्वयि ।।९४।।
य एते सुभटाः संति, त्वत्तस्ते सकला अपि । परावृत्य गमिष्यंति, सैन्ये भंगो भविष्यति ।।९५।।
संजाते कटके भंगे, रिपुरुन्मादमाप्स्यति । वैरिण्युन्मादमापन्ने, तवायशो भविष्यति ।।९६।।
ततस्त्वमधुना स्वामि—न्नाश्वास्य सकलां चमुं । सर्वेण परिवारेण, प्रथमं जय वैरिणं ।।९७।।
श्रुत्वेत्यूचे मधुर्मंत्रिन्, किं भाषयसि मां मुधा । प्रयातु सकलं सैन्यं, कीर्तिरप्यस्तु वाऽस्तु मा।९८८
मम सैन्येन सर्वेण, द्रव्येण न प्रयोजनं । एकमिंदुप्रभायां हि, प्रयोजनं कुरुष्व तत् ।।९९।।
इत्युर्वीशवचः श्रुत्वा, चिंतयामास धीसखः । कामातुरो मधुर्हाहा, विरुद्धं किं प्रजल्पति ।।१००।।
अथवा कामिनो मर्त्याः, कुलाचारं बलं धनं । प्राणानपि त्यजंति स्वान्, विरुद्धजल्पनेन किम्।।१।।
यादृशो रागिणां रागो, रूपिण्यां स्त्रियि वा धने । तादृशो यदि धर्मे स्या—त्तर्हि सिद्धिर्न दुर्लभा।२।।
आबालकालतोऽप्येष, वर्धितः पार्थिवो मया । यदि सोऽपीदृशं वक्ति, तदन्यस्य तु का कथा।।३।।
अथास्याज्ञानुसारेण, प्रचले वा स्वबुद्धितः । आश्वास्यैनं यथा काल—क्षेपोऽपि च प्रजायते ।।४।।
विचार्येत्यवदन्मंत्री, येनोद्देशेन नायक । निर्गतस्त्वं कुरुष्वादौ, यतो वैरिजयो भवेत् ।।५।।
जिते वैरिणि ते भावी, प्रतापस्योदयो महान् । पश्चाद्विधास्यते नाथ, तावकं चित्तचिंतितं ।।६।।
पार्थिवः प्राह यद्येवं, तर्हि त्वं मम गोचरे । कुरुष्व शपथान् मंत्रिन्, मां विश्वासयितुं द्रुतं ।।७।।
कामार्त्तो विकलात्मानो, विश्वास्या हि यथातथा । प्रधानेन ततस्तेन, शपथाः प्रतिचक्रिरे ।।८।।

ઇંદુપ્રભાના ધ્યાનમાં લીન મધુરાજા રાજસભામાંથી ઉઠીને દિવસે પણ રાત્રિની કલ્પના કરતો. અંધારા ઓરડામાં જઈને પલંગ ઉપર પડયો. ત્યાં રહેલો રાજા કોઈની સાથે બહારથી વાત કરતો નથી, રૂચિથી ખાતો નથી, રાત્રિમાં ઊંઘતો નથી, પોતાના સૈન્યની કોઈ ચિંતા કરતો

નથી અને કામદેવના બાણથી વીંધાયેલો રાજા ત્યાંથી આગળ જવાની વાત કરતો નથી. ત્યારે પરિપક્વ બુદ્ધિવાળા બુઝર્ગ એવા મંત્રીશ્વરે રાજા પાસે આવીને પૂછયું: 'સ્વામિન્, તમને કંઈ દુઃખ થયું છે ? અથવા ડેમરાજાએ આપનું અપમાન કર્યું છે ? અથવા શરીરમાં કોઈ વ્યાધિ ઉત્પન્ન થયો છે કે કોઈ શત્રુ રાજા તરફથી અશુભ સમાચાર આવ્યા છે ? સ્વામિન્, આપ વ્યગ્રચિત્તવાળા કેમ લાગો છો ? આપ વ્યગ્રચિત્તવાળા બનશો તો સૈન્યનું શું થશે ? રાજન્, આપના મનમાં જે હોય તે મને કહો. જેથી તેનો પ્રતિકાર થઈ શકે. 'કામાતુર મનુષ્યોને ભય કે લજ્જા કંઈ પણ હોતું નથી.' સ્વમુખે રાજાએ મંત્રી આગળ પોતાના મનની વાત કહી;-'મંત્રીશ્વર, મારા મનમાં મને બીજું કંઈ દુઃખ નથી. પરંતુ જ્યારથી હેમરથ રાજાની પત્ની ઇંદુપ્રભાને જોઈ છે, ત્યારથી તેના દર્શનમાત્રથી મારૂં હૃદય હરાઈ ગયું છે અને બીજા બધાં ઉપરથી મારૂં મન ઉઠી ગયું છે. મારા અંતઃપુરમાં ઘણી સ્ત્રીઓ છે પરંતુ આવી મન અને નયનને સંતોષ આપનારી કોઈ સ્ત્રી નથી. તેથી આ સ્ત્રી મારી પત્ની બનશે તો જ હું જીવી શકીશ નહીતર મંત્રી, હું જીવી શકું તેમ નથી.' રાજાના આવા અધમ અને અશ્રાવ્ય વચન સાંભળીને મંત્રી વ્યગ્ર બની ગયા. 'અરે, નાગથી ડસાયો હોય, વ્યાધિની પીડાતો હોય કે તલવાર આદિના ઘા લાગ્યા હોય તો પણ તેનો પ્રતિકાર થઈ શકે છે. પરંતુ કામબાણથી વીંધાયેલા મનુષ્યનો સેંકડો ઉપાયો કરવા છતાં પ્રતિકાર થઈ શકતો નથી. તો પણ ભવિષ્યમાં હિતાવહ એવું કંઈક કહું. એમ વિચારીને મંત્રીએ કામાતુર એવા મધુરાજાને કહ્યું:-'રાજન્, આપ નિંદનીય વિચારનો ત્યાગ કરી મારૂં કહ્યું માનીને આપનું ઇચ્છિત કાર્ય કરવામાં તત્પર બનો. અરે, આ દુષ્ટ મંત્રીએ મારા મનની વાત જાણીને તેના માટે કોઈ ઉદ્યમ કરવાનો તો બાજુએ રહ્યો, પરંતુ મને તેનાથી રોકવા માટે કોશિષ કરે છે.' આ પ્રમાણે ક્રોધાતુર બનેલા મધુરાજાએ મંત્રીને કહ્યું:-મંત્રી, તું અહીંથી દૂર ચાલ્યો જા. મારે તારૂં કંઈ કામ નથી. ભલે હું મરી જઈશ. તારૂં શું જવાનું છે ? રાજાના આક્રોશપૂર્ણ વચન સાંભળીને મંત્રીશ્વરે વિચાર્યું કે: 'કામીમનુષ્યો હિતોપદેશ કે કાર્ય અકાર્યને જાણતા નથી. તેથી કામ વિહ્વલ થયેલો રાજા કદાચ પોતાના પ્રાણોને ખોઈ નાંખશે, માટે સમયની રાહ જોવડાવું.' એમ વિચારી મંત્રીએ કહ્યું:-'સ્વામિન્, હમણાં આ વાત મનમાં રાખો, દુષ્ટ એવા ભીમરાજાને જીતીને પાછા વળતાં આપનું ઇચ્છિત થશે. પરસ્ત્રીમાં લુબ્ધ એવા આપ જો મારૂં વચન નહીં માનો તો આફત ઉભી થશે. આજ અહીંથી નહી જાઓ તો આપણા બધા સુભટો પાછા ફરશે અને સૈન્યનો ભંગ થશે. સૈન્યનો ભંગ થવાથી શત્રુ પ્રબળ બનશે. અને પ્રબળ થયેલા શત્રુથી આપનો અપયશ થશે. તેથી પ્રથમ સૈન્યને ઉત્સાહિત કરી સકલ સૈન્ય દ્વારા શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરી લઇ એ પછી આપની ઇચ્છા મુજબ પ્રયત્ન કરીશ. મંત્રીની વાત સાંભળી મધુરાજાએ આક્રોશપૂર્વક કહ્યું: 'અરે મંત્રી શું તું મને ભોવડાવે છે ? સૈન્યને જવું હોય તો જાય કીર્તિ જાય તો જાય, મારે સૈન્ય સાથે કે રાજ્ય સાથે કે દ્રવ્ય સાથે કંઈ પ્રયોજન નથી. ભલે, બધું રસાતલ

થઈ જાય મારે તો એક ઇંદુપ્રભાનું પ્રયોજન છે.' રાજાનું વચન સાંભળી મંત્રી સ્તબ્ધ થઈ ગયા. 'અહા! કામાતુર રાજા કેવો વિપરીત પ્રલાપ કરી રહ્યો છે? અથવા કામી મનુષ્ય કુલાચાર, બલ, ધન, રાજ્ય અને પોતાના પ્રાણોને પણ હોડમાં મૂકતા અચકાતા નથી. તો આવું બોલે તેમાં શું નવાઇ છે? ખરેખર, રાગી મનુષ્યોને જેવો રાગ રૂપવતી સ્ત્રીઓ ઉપર કે ધન ઉપર હોય છે તેવો રાગ જો ધર્મ ઉપર હોય તો તેનું કલ્યાણ થઈ જાય તેને શિવલક્ષ્મી હથેલીમાં રમે બાલ્યકાળથી આ રાજાને મેં રમાડયો અને મોટો કર્યો છે, તે જો આવું બોલે તો બીજાને શું કહેવું? હવે એક ઉપાય છે. રાજાને આશ્વાસન આપી એની આજ્ઞાનુસાર અથવા બુદ્ધિપૂર્વક ચાલવામાં આવે તો કંઈક કામ થાય. ઘણો સમય પસાર થઈ જાય અને રાજા બીજી પ્રવૃત્તિમાં પડે, તો કદાચ ભૂલી પણ જાય. આ પ્રમાણે વિચારી મંત્રીએ કહ્યું: 'રાજન્, આપણે જે ઉદ્દેશથી નીકળ્યા છીયે તે કાર્ય પહેલું કરીએ. જેથી શત્રુનો જય થવાથી આપનો મહાન્ પ્રતાપ થશે. અને લોકો વાહવાહ કરશે. પછી આપનું ઇચ્છિત કાર્ય સરળતાથી પાર પડશે.' રાજાએ કહ્યું: 'મંત્રી જો તું સાચે જ કહેતો હોય તો મારી આગળ સોગંદ લે. તો તારી વાત ઉપર મને વિશ્વાસ બેસે.' મંત્રીએ પણ રાજાને સમજાવવા શપથ લીધા. 'કામાતુર મનુષ્યોને જેમ તેમ પણ કરીને વિશ્વાસમાં લેવા પડે છે.'

मंत्रिणाश्वासितो राजा, चिंतयंश्चित्तचिंतितं। समं हेमरथेशेनाऽ—चालीद् भूरिपरिछदः॥९॥
द्वयोर्महीभुजोः प्राज्ये, मिलित्वा चलिते बले। भूरिगजहयोपेते, रथपत्तियुते द्रुतं ॥१०॥
स्खलनं शैलशृंगाणां, कंपनं भूतलस्य च। अनीकसमुदायेन, चलतस्तस्य पथ्यभूत् ॥११॥
निजाधीशप्रतापेन, निर्भयत्वेन वर्त्मनि। शनैरपि बलं गच्छ—न्निशीथे प्राप तत्पुरं ॥१२॥
आदित्यशशिनो राज्ञो—र्द्वयोर्बलैरवेष्टयत। भीमभूपपुरं विष्वक्, सुराद्रिस्तारकैरिव ॥१३॥
निःस्वानादिकनिश्वानैः परचक्रसमुद्भवैः। पूर्यमाणे नभोदेशे, चुक्षोभ सकलं पुरं ॥१४॥
सुभटानां प्रवेशो यो, जायते दुःखदायकः। तत्तूर्यनिनदैरेव, कोलाहलः पुरेऽभवत् ॥१५॥
तुमुलं नगरे प्राज्य—माकर्ण्य भीमभूपतिः। उवाच सचिवं कोला—हलः किं हेतुकोऽस्त्ययं१६
प्लाविता किं समुद्रेण, किं वा प्रज्वालिताग्निभिः।किं विद्युद्भिः समाक्रांता, पृथिवी पृथुतान्विता१७
अमात्यः सत्यवाग्प्रोचे, नाथ! तर्कयसे किमु?। मधुनृपः समेतोऽस्ति, कटकेन महीयसा॥१८॥
माभूदेतत्पुरीभंगः, परचक्रसमागमात्। लोको भयद्रुतस्तेन, कोलाहलं करोत्यलं ॥१९॥
श्रुत्वेति गर्ववान् राजा,जगौ मिथ्या ब्रवीषि किं।स कोऽप्यस्ति न संसारे, य समेति ममोपरि॥२०॥
प्रताप्यन्योऽपि यः कश्चित्, सोऽपि भूपः समेति ना।वराकोऽयं कुमारोऽपि, मधुभूपः समेति किं।२१
अद्य यावत्त्वया मंत्रिन्, न श्रुतं श्रुतिगोचरे। सिंहस्योपरि किं हस्ती, समेति बलवानपि? ॥२२॥

एवं सत्यपि यद्येष, समेतोऽस्ति मुमूर्षया । तर्हि तेन समं युद्धं, विधाय घातयिष्यते ॥२३॥
कथयित्वेति भूपालः, सज्जीकर्तुं बलं निजं । कांदिशीकजने द्रंगे, रणभेरीमवादयत् ॥२४॥
तदा भीममहीपालं,व्याचष्ट सचिवाग्रणी । विभो मधुक्षमानाथो, बलीयान् वर्तते महान् ॥२५॥
प्रतोलीं दापयित्वा तद्, दुर्गरोधं विधाय च।सुखैस्तिष्ठ कियत्कालं, कालक्षेपो हि सौख्यदः ॥२६॥
भीमेशो भीमवद्भीमः, प्राह रे किं प्रजल्पसि।वराकेऽस्मिन् समायाते, प्रतोली दाप्यते कथं ? ॥२७॥
राजोक्त्वेति पुरीमध्या—द्दरीतः केसरीव सः । युद्धायोद्यत एकाकी, निर्गतोऽनुचमूः समाः ॥२८॥
सैन्योपेतं तदा पुर्या, निर्गतं भीमभूभुजं । निशम्य मधुभूपोऽपि, सज्जीचकार वाहिनीं ॥२९॥

મંત્રીથી આશ્વાસન પામેલા મધુરાજાએ હેમરથ રાજાને સાથે લઇ વિશાળ સૈન્ય સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. બંને રાજાની હાથી, ઘોડા, રથ અને પાયદળ આદિ ચતુરંગી સેનાના ચાલવાના ધમધમાટથી પર્વતોના શિખરો પડવા લાગ્યાં. પૃથ્વી પણ કંપાયમાન થઇ અને રસ્તાઓ પણ ખાઈરૂપ બની ગયા. પોતાના રાજાના પ્રતાપથી નિર્ભયપણે ચાલતું સૈન્ય મધ્યરાત્રિએ ભીમપુર નજીકમાં આવી ગયું. મેરૂપર્વત જેમ તારાગણોથી વીંટાયેલો છે તેમ સૂર્યચન્દ્ર સમાન બંને રાજાના સૈન્યથી ભીમપુર વીંટાઈ ગયું. અર્થાત્ નગરને ઘેરો નાખીને રહ્યું. પરચક્રથી ઉત્પન્ન થયેલા વાજિંત્ર આદિના અવાજથી ગગનમંડલ ગાજી ઉઠયું. અને આખુ નગર ક્ષોભ પામ્યું. નગરમાં દુશ્મન રાજાના સુભટોનો પ્રવેશ તો દૂર રહો, પરંતુ તેના રણવાજિંત્રોથી સમસ્ત ભીમપુરમાં મહાન કોલાહલ થયો ! આવા પ્રકારનો ભયંકર કોલાહલ થતો સાંભળીને ભીમરાજાએ મંત્રીને પૂછયું : 'અરે મંત્રી, આ કોલાહલ શાનો થાય છે? શું સમુદ્રમાં તોફાન આવ્યું છે? પ્રચંડ આગ લાગી છે? વિજળી પડી છે કે ધરતી ફાટી ગઇ છે?' મંત્રીએ કહ્યું : 'સ્વામિન્, આપ બીજી કોઈ કલ્પના ના કરો પરંતુ મધુરાજા મોટું સૈન્ય લઇને આવ્યા છે, દુશ્મન રાજાના સૈન્યથી નગરીનો ભંગ ના થાય તે માટે ભયથી વિહ્વલ બનેલા નગરવાસીઓ કોલાહલ કરી રહ્યા છે.' આ સાંભળીને અભિમાની એવો ભીમરાજા બોલ્યો : 'મંત્રી, આ સંસારમાં મારા સિવાય બીજો કોઈ પ્રતાપી રાજા રહ્યો નથી કે જે મારા ઉપર ચઢાઈ કરે. આ રાંકડો મધુરાજા કોણ છે? અરે મંત્રી શું તેં નથી સાંભળ્યું કે સિંહ ઉપર કયારે પણ કોઈ હાથી ચઢાઇ કરી ન શકે? ભલે એ હાથીનો બચ્ચો આવ્યો, મરવા માટે જ આવ્યો હશે. તેની સાથે યુદ્ધ કરીને તેને ખતમ કરી નાખીશ' આ પ્રમાણે બોલી પોતાનું સૈન્ય સજ્જ કરી નગરમાં રણભેરી વગડાવી. ત્યારે મંત્રીએ ભીમરાજાને કહ્યું : 'મધુરાજા બળવાન અને પ્રતાપી છે. તેની પાસે વિપુલ સૈન્ય છે તો દરવાજા બંધ કરાવી કિલ્લાને મજબૂત કરાવી સુખપૂર્વક થોડો સમય રહી શકાય અને કાલ વિલંબ થઇ શકે.' મંત્રીના વચન સાંભળીને ભયંકર ભીમની જેમ ભીમરાજા તાડૂકયો : 'અરે, શું તું મને રાંકડો સમજે છે? જેથી દરવાજા બંધ કરાવવાનું કહે છે? મારે કોઈની જરૂર

નથી. ડુંગરો ઘેટા-બકરા વચ્ચે એક સિંહ બરાબર છે. એમ કહીને જેમ ગુફામાંથી કેસરી-સિંહ નીકળે તેમ ભયંકર ચળકતી તલવાર લઈને નગરમાંથી ભીમરાજા બહાર નીકળ્યો. તેની પાછળ પાછળ તેનું સૈન્ય પણ નગરમાંથી બહાર આવ્યું. સૈન્ય સહિત ભીમરાજાને આવતો સાંભળીને મધુરાજાએ પણ પોતાની સેના સજજ કરી.

प्रादुर्भवेद्यथा वह्नि—र्घर्षणे वंशवंशयोः । यथा मनोभवो भूयो दर्शने पुरुषस्त्रियोः ॥३०॥
धरणीधवयोरुच्चै—र्बलिनोरुभयोरपि । सन्मुखं मिलिते सैन्ये, तूर्णं योद्धुं स्पृहाऽभवत् ॥३१॥
रणतूरनिनादौघै—र्नृत्यंति वीरमानीनः । अथ किं प्रकरिष्यामः, कंपते कातरा इति ॥३२॥
हयानां हेषितैर्मत्त—हस्तिनां बृंहितैस्ततैः । स्यंदनानां च चित्कारै—र्बंदिनां बिरुदारवैः ॥३३॥
सोत्साहा धृतनाराच—कृपाणमुद्गरादयः । भ्रमंतीतस्ततो वीरा, मकरा इव वारिधौ ॥३४॥
हन्यतां हन्यतामेष, ब्रूवाणा इति वैरिणि । नक्रचक्रा इवांभोधौ वीराः परिस्फुरंति च ॥३५॥
परस्पराभिधातेन, निर्गतानि बहूनि वै । रुधिराणि जलानीव, प्रवर्त्तते समंततः ॥३६॥
वीराणामेव मर्त्यानां, योद्धुं प्रकटिता घनाः । हया रंगत्तरंगाभा, नाप्नुवंति कुरंगतां ॥३७॥
भिन्नेभ्यः कुंभिनां कुंभ—स्थलेभ्यश्च विनिर्गतैः । शुद्धमुक्ताफलैस्तूर्णं, पूर्णाभून्मेदिनी तदा ॥३८॥
अन्योन्यशीघ्रसंघट्टा—त्समुद्भूतो हुताशनः । वडवाग्निरिव व्याप—द्भस्मसात्कर्तुमुद्यतः॥३९॥
घोरसंग्रामपाथोधौ, हयादिवहनैरिति । उन्मज्जंति, वीराश्च कातरा नराः ॥४०॥
ये नोत्तीर्णाः पयोधिं तं, मग्नास्तत्रैव ते नराः । समुत्तीर्णाश्च ये प्राज्ञा—स्तेऽभुंजत जयश्रियं ॥४१॥
येषां भवंति पुण्यान्या—श्रयेयुस्तान् जयश्रियः । इति पुण्यप्रभावात्ता, मधुभूपचमुं श्रिताः ॥४२॥
श्रितासु जयलक्ष्मीषु, वाहिनीं मधुभूभुजः । भीमभूपो गृहीतश्च, जीवंस्तत्सुभटैर्द्रुतं ॥४३॥
गृहीत्वा च वशे कृत्वा, तं च निष्कास्य देशतः । अन्यत्र स्थापयामास, भीमभूपं मधुप्रभुः॥४४॥
तत्र देशे मधुक्ष्मापो—ऽस्थापयत्स्वकुलागतान् । एकमुत्थापयत्येकं, स्थापयंति च यन्नृपाः॥४५॥
भीमोऽपि भीमभूपालो, विजितो मधुभूभुजा । इत्यानयंति भूपाला, उपायनान्यनेकशः ॥४६॥
वेगिनो वाजिनः केचित्, केचिदुन्मत्तवारणान् ।अद्भुतान् स्यंदनान् केचित्, केचिद्वीरान् पदातिकान्
केचिद्रूपवतीः कन्याः, केचिदाभरणं वरं । केचिन्मुक्ताफलं प्रीत्या—ढौकयन् नृपतेः पुरः ॥४८॥
प्राभृतीकृतवस्तून्या—दाय भूपोऽपि दत्तवान् । केषांचित्पत्तनं देशं, नगरं ग्राममुत्तमं ॥४९॥
दत्वा यथोचितं दानं, संतोष्य सकलान् जनान् । बभूव मधुभूपालः, पुरं जिगमिषुर्निजं ॥५०॥

બે વાંસના ઘર્ષણથી જેમ અગ્નિ પેદા થાય અને સ્ત્રી-પુરૂષના સંગમથી જેમ કામ ઉત્પન્ન થાય, તેમ બળવાન એવા બંને રાજાના સૈન્યમાં યુદ્ધ કરવાનો થનગનાટ પેદા થયો. રણવાજિંત્રોના અવાજથી વીરપુરૂષો નાચવા લાગ્યા અને શું થશે ? એમ માની કાયર પુરૂષો

કંપવા લાગ્યા. અશ્વોના હ્રેષારવ, મદોન્મત હાથીઓની ગર્જના, રથોના ચિત્કારો અને બંદીજનોની બિરૂદાવલીથી રણભૂમિ ગાજી ઉઠી. ધનુષ્યબાણ, તલવાર, મુદ્ગર આદિ શસ્ત્રોથી સજજ વીરપુરૂષો સમુદ્રના માછલાની જેમ રણભૂમિમાં આમથી તેમ ભમવા લાગ્યા. અને 'મારો.... મારો....' બોલતા એકબીજા સાથે અથડાવા લાગ્યા. પરસ્પરના ઘાતથી શરીરમાંથી નીકળેલું રૂધિર પાણીની જેમ ચારે બાજુ ફેલાઇ ગયું. યુદ્ધ કરતાં વીરપુરૂષોના ઘોડાઓ ઉછળવા લાગ્યા. ભેદાયેલા હાથીઓના ગંડસ્થલમાંથી નીકળતા શુદ્ધ મોતીઓથી રણભૂમિ ભરાઇ ગઇ. એકબીજાના શસ્ત્રોના સંઘર્ષથી ઉત્પન્ન થયેલો અગ્નિ વડવાગ્નિની જેમ ચારે બાજુ પ્રસરી ગયો. આ પ્રકારે ભયંકર સંગ્રામ ભૂમિ રૂપી સમુદ્રમાં અશ્વઆદિ વાહનરૂપી નાવો વડે વીરપુરૂષો તરવા લાગ્યા. અને કાયર પુરૂષો ડૂબવા લાગ્યા. જે પુરૂષો સમુદ્રમાંથી ઉત્તીર્ણ થયા નહી, તે ત્યાં ને ત્યાં ડૂબી ગયા અને જે વીરપુરૂષો ઉત્તીર્ણ થઈ ગયા તે જયશ્રીને મેળવી ગયા. જેના પક્ષમાં પુણ્ય હોય છે તેને જ જયશ્રી વરે છે. આ પ્રમાણે પુણ્યપ્રભાવથી મધુર જાનો વિજય થયો. જય લક્ષ્મીને વરેલા મધુરાજાના સૈનિકોએ ભીમરાજાને જીવતો પકડી લીધો, અને મધુરાજાએ ભીમને પોતાનો સેવક બનાવી તેના દેશમાંથી દૂર કરી, બીજી કોઇ જગ્યાએ તેની નિમણુંક કરી. અને ભીમરાજાની નગરીમાં પોતાના માણસોને રાખી પોતાના કોઇ સ્વજનને રાજ્ય આપી ભીમની જગ્યાએ રાજા તરીકે સ્થાપન કર્યો. ભયંકરમાં પણ ભયંકર એવા ભીમરાજાને જેણે જીતી લીધો તો અમારા જેવાનું શું ગજુ ? એમ માનીને બીજા રાજાઓ મધુરાજાના ખંડિયા તરીકે આવી પ્રણામ કરીને હાથી, ઘોડા, રથ, પાયદળ, સુવર્ણ આભૂષણો, હીરા, માણેક, મોતી તેમજ રૂપવતી કન્યાઓનું ભેટણું કરીને ઉભા રહ્યા. મધુરાજાએ પણ તેઓના ભેટણાં સ્વીકારી કોઇને ગામ, નગર, દેશ, પટ્ટન આદિ સૌને ઉચિત દાન આપી સંતુષ્ટ કર્યા. આ પ્રમાણે રાજ્યની વ્યવસ્થા કરીને હવે પોતાના નગર જવા માટેની તૈયારી કરી.

अथ गंतापि भूमीशः, स्वकीयं नगरं प्रति । मनोमध्ये स्थितामिंदु—प्रभां न व्यस्मरन्मनाक्॥५१॥
ततोऽवोचत्स यद्यप्या—वयोर्यानं निजे पुरे । तथापि स्ववचो मंत्रिन् , संस्मर त्वं पुरोदितं ॥५२॥
जित्वारिं वलमानोऽहं, वटद्रंगं समेत्य च । अवश्यं प्रकरिष्यामि, तावकीनं समीहितं ॥५३॥
इति स्मृत्वा पुरा प्रोक्तं वचनं सचिवोत्तम ! । चतुर्बुद्धिनिधानत्वात्, कुरु कार्यं ममेप्सितं ॥५४॥
भूपालवाक्यमाकर्ण्य–चिंतयद्बीसखो हृदि किं कुर्वेऽथास्य साद्यापि, विस्मृता न परांगना ॥५५॥
अभव्यं वा वचो भव्यं, प्रमाणीकार्यमैश्वरं । अवोचत्सचिवः स्वामिन्, स्मारितं तद्वरं कृतं ॥५६॥
संतोष्य वचसा भूपं, विरुद्धं तद्वचो बिदन् । सेनाग्रयायिनं मंत्री, दीर्घदर्शी रहस्यवक् ॥५७॥
अहो तथा त्वया सेना, चालनीयाग्रतो द्रुतं । यथा वटपुरं मार्गे, नैत्ययोध्यैव लभ्यते ॥५८॥
इत्यमात्यस्य वाक्येन, सेनापतिरतथा निशि । सेनां चालितवान् दुर—वर्त्यभूत्तत्पुरं यथा ॥५९॥
गच्छतो मधुभूपस्य, परिवारेण भूयसा । अथायोध्या नगर्येवा—भवत्समीपवर्तिनीं ॥६०॥

મધુરાજા અયોધ્યા નગરી પ્રત્યે પ્રયાણ કરી રહ્યા છે, છતાં મનમાં ઇંદુપ્રભાને ભૂલી શકયા નથી, તેથી મહામંત્રીને કહ્યું:-'આપણે આપણી નગરી તરફ જઈ રહ્યા છીએ, તો હવે મંત્રીશ્વર, મને આપેલું વચન યાદ છે ને ? તમે મને કહ્યું હતું ને કે શત્રુને જીતીને વળતા વટપુર આવીને અવશ્ય આપનું ઈચ્છિત કરી આપીશ. આ પ્રમાણે યાદ કરીને મને આપેલા વચનનું પાલન કરો. તમે ચાર બુદ્ધિના નિધાન છો. તો તમારા માટે કંઈ જ અશકય નથી.' રાજાનું વચન સાંભળીને બુદ્ધિશાલી મંત્રી મનમાં વિચારવા લાગ્યા:- 'અરે, રાજા આટલી બધી પ્રવૃત્તિમાં હોવા છતાં હજુ સુધી પરસ્ત્રીને ભૂલ્યા નથી ? ખેર, રાજાને મેં વચન આપેલું તે ભલે સારૂં હોય કે ખોટું હોય, તો પણ તેનું પાલન કરવું તે મારૂં કર્તવ્ય છે. તેથી મંત્રીએ કહ્યું:-'રાજન્, સારૂં થયું કે આપે મને યાદ કરાવ્યું. હું તો ભૂલી ગયો હતો.' આ પ્રમાણે રાજાને સંતુષ્ટ કરી દીર્ઘદર્શી મંત્રીએ સેનાપતિને એકાંતમાં બોલાવીને કહ્યું:-'તું સેનાને આગળને આગળ એવી રીતે ચલાવજે કે રસ્તામાં વટપુર રોકાવાનું ના થાય. વટપુર અંધારામાં આવી જાય તે રીતે કરજે.' મંત્રીશ્વરનાં વચનથી સેનાપતિએ સેના રાત્રિમાં વેગથી ચલાવી જેનાથી વટપુર દૂર રહી ગયું અને પ્રભાત થતાં તો સૈન્ય અયોધ્યાની નજીકના ઉદ્યાનમાં આવી ગયું !

विजित्य भीमभूपालं राजानं जितकासिनं । समागच्छंतमाकर्ण्य—श्रृंगारयन् पुरीं जनाः ॥६१॥
हंसपादैश्च सिंदूरै—र्हरितालादिवर्णकैः । विचित्रा रचना चक्रे, हट्टे हट्टे गृहे गृहे ॥६२॥
तोरणैर्मौक्तिकैः पुष्प—दामभीरामधामभिः।पुरीं श्रृंगारयित्वोच्चैः, समेताः सन्मुखं प्रजाः ॥६३॥
प्राभृतानि प्रभूतानि, विविधानि वराणि च । नृपस्य पुरतो मुक्त्वा, नेमुस्ताः सकला अपि ॥६४॥
कौशलानगरीशोभाः, प्रजास्तत्र निवासिनीः । समीक्ष्य मधुभूपस्य, बभूव प्रतिघो महान् ॥६५॥
हृन्मनोरथाफलना—न्मधुक्ष्मापो विषादवान्।न ताः सत्कारयामास, चुकोप च नियोगिनं ॥६६॥
अहो हा पाप्मनैतेन, मां विप्रतार्य कैतवात्। अत्रानीयं समस्तं च, मम कार्यं विनाशितं ॥६७॥
नियोगिनं दुरात्मानं, निर्भर्त्सयाम्यहं तथा । अद्यप्रभृति नो कार्य—मीदृशं कुरुते यथा ॥६८॥
चिंतयित्वेति रे दुष्ट, स्पष्टमिथ्याप्रलापकः । कि मे ते चाभवद्वैरं, येनाभूर्विप्रतारकः ॥६९॥
प्रदत्ता इत्युपालंभा, मनीषिणोऽपि मंत्रिणः । सः तदोचे प्रभो नाहं, वेद्मि वेत्ति च सैन्यपः ॥७०॥
तमाकार्य यदा राज्ञा, पृष्टमाक्रोशभाषणैः । सेनापतिरपि प्रोचे, न ज्ञातं तमसा निशि ॥७१॥
अपराधं कृपासिंधो, क्षमस्व त्वं ममैकशः । नातःपरं करिष्यामि, कार्यमीदृशमीश्वर ! ॥७२॥
महोत्सवैः पुरीमध्ये, क्रियमाणे प्रवेशने । संतुष्टा नागरा लोका, भूपस्त्वभूद्विषादवान् ॥७३॥
वधूभिर्धवयुक्ताभिर्गीयमाने गुणोत्करे । तूर्याणां वर्यनिर्घोषै—रगमद्भवनं नृपः ॥७४॥
तत्र गायंति गीतानि, काश्चित्सारंगलोचनाः । काश्चिद्रर्धापयंत्युच्चै—रक्षतैरक्षतैः शतैः ॥७५॥

हावभावविलासादीन्, काचिद्दर्शयतीशितुः । काचित्कटाक्षबाणेन, निशितेन च विध्यति ॥७६॥
परं तस्याभवच्चित्तं दुःखपूरेण पूरितं । उदासीनमनास्तेन, योगीवाभून्महीपतिः ॥७७॥
आसने शयने याने, भोजने विजने जने । कानने चापि प्रासादे, स क्वापि नाप्तवान् रतिं ॥७८॥
औदासीन्येन राज्यस्य, राजा कार्याण्यसाधयत् । तद्धीसखोऽप्युपालभं–भीत्या नंतुमुपैति न।७९॥

પોતાના પરાક્રમી રાજા ભીમરાજાને જીતીને આવેલા સાંભળી અયોધ્યાવાસીઓએ નગરીને શણગારી. ખડી, સિંદૂર અને હડતાલ આદિ વિવિધ પ્રકારના રંગોથી ઘેર ઘેર અને દુકાને દુકાને અનેક પ્રકારની ચિત્ર વિચિત્ર રંગોળીઓ કાઢી. ધ્વજા–પતાકા મૌક્તિક પુષ્પ આદિના તોરણો અને માલાઓ વડે ઇન્દ્રપુરી સમાન નગરીને સજાવીને પ્રજાજનોએ વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ભેટણાઓ રાજાની આગળ મૂકી નમસ્કાર કરી ક્ષેમ કુશળતા પૂછી શણગારેલી અયોધ્યા નગરીને અને નગરવાસીઓને જોઇને મધુરાજાના મનમાં ઘ્રાસકો પડયો. પોતાની ઇચ્છાપૂર્તિ નહી થવાથી વિષાદ પામેલા રાજાએ પ્રજાજનોનો સત્કાર કર્યો નહી. પરંતુ મહામંત્રી ઉપર ક્રોધાયમાન થયો. 'અહો, આ પાપીએ કપટ કરીને મને ઠગ્યો. અહીં લાવીને મારૂં બધુ કામ બગાડયું. દુરાત્મા એવા પાપી મંત્રીનો એવો તિરસ્કાર કરૂં કે જેથી આજથી માંડીને ફરીથી આવું કામ કરે નહી.' આ પ્રમાણે વિચારી મંત્રીને બોલાવીને કહ્યું:–'અરે દુષ્ટ તું સાવ જૂઠો છે, મારી સાથે વંચના કરીને તેં વેર વધાર્યું છે. શું તેં આ સારૂ કર્યું છે?' આ પ્રમાણે બુદ્ધિશાળી બુઝર્ગ એવા મંત્રીને ઘણો ઠપકો આપ્યો. મંત્રીએ હાથ જોડીને કહ્યું:– 'સ્વામિન્, હું કંઇ જાણતો નથી. સેનાપતિ જાણતો હશે. તેણે સેના શા માટે આટલા વેગથી ચલાવી? આપ સેનાપતિને બોલાવીને પૂછી જુઓ!' સેનાપતિનો પણ ઘણા આક્રોશપૂર્વક રાજાએ તિરસ્કાર કર્યો. સેનાપતિએ કહ્યું: 'સ્વામિન્, રાત્રિનાં ઘોર અંધકારમાં રસ્તાની મને કંઇ જાણ રહી નહી, મને પણ આશ્ચર્ય થાય છે કે આપણે આટલા જલ્દી અયોધ્યા નજીક કેવી રીતે આવી ગયા? તો હે કૃપાસિંધુ, મારા સ્વામિન્, મારા અપરાધની એકવાર ક્ષમા આપો. હવે ફરીથી આવી ભૂલ નહી થાય.' રાજાએ તેને ક્ષમા આપી. ખિન્ન થયેલા રાજાએ સંતોષ પામેલા નગરવાસીઓ સાથે મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. અનેક પ્રકારના વાજિંત્રોના ધ્વનિ સાથે બંદીજનોની બિરૂદાવલી સાથે અને સુહાગણ સ્ત્રીઓના ગીતગાન સાથે મધુરાજાએ રાજમહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં ગીત ગાતી રૂપયૌવનાઓએ અક્ષત અને સાચામોતીથી વધામણા કર્યા. કેટલીક રૂપસુંદરીઓ હાવભાવ અને કટાક્ષ બાણોવડે રાજાને વીંધી રહી હતી. આટલું ઉત્સાહપૂર્ણ વાતાવરણ હોવા છતાં મધુરાજાનું મન દુઃખથી ઘેરાયેલું હોવાથી યોગીની જેમ ઉદાસીન બનીને રહ્યો. આસનમાં, શયનમાં, ભોજનમાં, માણસો વચ્ચે કે એકાંતમાં, જંગલમાં કે મહેલમાં તેને કયાંય આનંદ આવતો નથી. રાજયકાર્ય પણ ઉદાસીન ભાવે કરે છે. મહામંત્રી ઠપકાના ભયથી નમસ્કાર કરવા માટે પણ આવતા નથી.

अत्रांतरे वसंतर्तू,—राजधानी स्मरेशितुः। समायातश्च पांथानां, चेतोऽनलप्रदीपकः ॥८०॥
मिथोऽत्र दंपती रागं, प्रकटीकुरुतो भृशं। इत्याविःक्रियते रागः, कानने किंशुकैरपि ॥८१॥
पत्रैः केचित्सुमैः केचि—त्फलैः केचिच्च पादपाः। भेजुः शोभां स्वदेहेषु, मधावेकेंद्रिया अपि।८२
सुखाप्त्या चित्तवाक्कायैः, पंचेंद्रिया नरा इव। त्रिधापि सहकारास्तु, दधुः पल्लवनश्रियं ॥८३॥
धन्यो धन्यो वसंतोऽयं, यत्प्रसादान्महीरुहाः। अपि निश्छदनाः शुष्का, भवंति नवपल्लवाः८४॥
समंतात्कानने शोभां, दृष्ट्वा प्रमोददायिनीं। कूजितैर्जयनिःस्वाना—नीव चक्रुर्वनप्रियाः ॥८५॥
भाविनी सौरभावाप्ति—रथास्माकं महावने। इति गुंजारवैर्मत्ता, गानं कुर्वंति षट्पदाः ॥८६॥
कुत्रचिद्दंपती क्रीडां, प्रकुर्वाते बनावनौ। कुत्रचित्पुरुषा एव, कामिन्य एव कुत्रचित् ॥८७॥
मनुष्याणां मृगाक्षीणां, पादपानामपि स्फुटं। अजायत रसोत्पत्ति—र्वसंतसमयागमे ॥८८॥
एकं तु मधुभूपस्य, करीरस्येव विग्रहे। कथंचिदपि नो जातो, रसप्रादुर्भवः क्षणं॥८९॥
भवेत्सुंदरतायोगा—दभीष्टेंदुप्रभा मधौ। तत्रैव तदभावेन, महादुःखोऽभवन्मधुः ॥९०॥
अतिशुष्केंधनेनैव, तेन दुःखेन भूयसा। इंद्रियायतने तस्य, जज्वाल विरहानलः ॥९१॥
यथा यथातिनिःश्वासो—च्छ्वासा भवंति तन्मुखे। स प्रावर्धत तैरेव, वातरूपैस्तथा तथा ॥९२॥
केनचित्तत्र पुष्पाणि, मालतीसंभवानि च। केनचिज्जातिजातानि,रंभादलानि केनचित् ॥९३॥
केनचिन्नागवल्लीनां, पत्राणि तन्मुखे भृशं। केनचित्सहकाराणां, मंजर्यस्तत्फलानि च ॥९४॥
चंदनानां सुगंधीनां, कर्पूराणां शशित्विषां। सलिलानि सुसीमानि, केनचिद्भक्तिभाजिना ॥९५॥
केनचित्तालवृंतानां, संपादिताः समीरणाः। कंठे मौक्तिकफला हाराः, केनचित्परिधापिताः ॥९६॥
केनचित्सूक्ष्मवस्त्राणि, पट्टकूलानि केनचित्। देवदूष्याण्युदाराणि, दौकितानि च केनचित् ॥९७॥
इति नानाप्रकाराणि, वस्तूनि यानि यानि तु। तस्योपशांतये दत्ता—न्यभूवंस्तान्यशर्मणे ॥९८॥
यथा विषयिणो धर्म—वार्तापि च विषायते। तथा वियोगिनस्तस्य, तत्सर्वमप्यभूद्विषं ॥९९॥
प्रथमं तु स्वयं नाम्ना, मधुभूपो द्वितीयकः। मधुरेवागतस्तेनो—द्दीपे विरहोऽधिकः ॥२००॥
ततोऽसौ विकलात्मेवा—भवच्छून्यमना नृपः। तस्य दुःखेन दुःखाढ्या, जाताः सर्वेऽपि नागराः।१
तथापि न गृहे तस्य, समेतः सामवायिकः। समाधि वपुषः प्रष्टुं, पूर्ववाक्यानि संस्मरन् ॥२॥
नवमीदशमीकामा—वस्थामध्यगतोऽन्यदा। मुमूर्षुः स्वजनैर्भूमौ, मुक्तोऽन्नपानमोचनात् ॥३॥
भूपभृत्या द्रुतं गत्वा, स्वरूपं मंत्रिणोऽभ्यधुः। धीसखोऽपि तदाकर्ण्य, समाययौ नृपालये ॥४॥
समेत्य च नमस्कृत्य, विविक्ते सुप्तमीश्वरं। यावत्तिष्ठति तावत्स, तेन सन्मुखमीक्षितं ॥५॥
दृष्ट्वाऽवोचन्नृपो मंत्रिन्, विद्यते भवतः सुखं। दुःखात्स प्रत्यवगूनाथ, भविता तन्मृते मयि ॥६॥
राज्ञः स्वरूपमालोक्य, विरूपं मंत्र्यचिंतयत्। किं कुर्वे कुत्र गच्छामि, पुरः कस्य ब्रवीम्यहं ॥७॥

अत्र परत्र लोके य—द्विरुद्धं कर्म दुःखकृत्। अवस्थामीदृशीं प्राप्तो, भूपस्तस्यां विचिंतनात् ॥८॥
अस्याहं चेत्सहायः स्यां, मां लोकस्तर्हि निंदति। न भवामि तदाऽवश्यं, प्राणानपि नृपस्त्यजेत्।९॥
तदा चिरंतनी लज्जा, मदीया च प्रयास्यति। अन्यथा सेवको धर्मो, व्रजिष्यति पुरातनः ॥१०॥
इति चिंतयतश्चित्ते, तस्य प्रादुरभून्मतिः। यथातथास्य भूपस्य, कर्तव्यं कार्यमादरात् ॥११॥
अस्मिन् जीवति भूपाले, कार्याणि निखिलान्यपि। भविष्यंति मृते वास्मि—न्नाशं यास्यंति तानि मे१२
चिंतयित्वेति भूपं स, जगाद मिष्टभाषया। प्रभो त्वया न कर्तव्या, हृदि चिंता मनागपि ॥१३॥
अद्य यावन्नणया ज्ञातं, विस्मृता सा भविष्यति। स्वस्त्रीव परकांता तु, विस्मृता ते न दृश्यते ॥१४॥
ततो यथा यथा तस्याः, संयोगः प्रविधास्यते। मद्वाक्येन कुरु स्वास्थ्यं, स्यात्कार्यं हि शनैःशनैः१५
मंत्रिविश्वासिवाक्येन, मानसे धीरतां धरन्। तस्थौ तदागमस्वांत—स्वस्थीभूतो महीपतिः ॥१६॥
अथ कापि मतिः कल्प्या, मत्वेति हृदि धीसखः! दूतान् प्रेषितवान् राज्ञा—माकारणाय सर्वतः॥१७॥
मासमेकं वसंतस्य, क्रीडां भूपतिभिः सह। स्थित्वोद्याने करिष्यत्यं—गनायुग्मसुपार्थिवः ॥१८॥
ततो युष्माभिरप्युच्चैः, प्रीतिभक्तिसमन्वितैः।आगंतव्यं सहात्मीयैः, कलत्रैः क्रीडनोचितैः ॥१९॥
ये ये मधुमहीशस्य, शासने भूमुजोऽभवन्। इति संप्रेषितास्तेषां, लेखा लेखा इव प्रियाः ॥२०॥
लेखानां च तथा तेषां, दर्शनेन महीभुजः। ते सर्वेऽपि समेता हि, नायांति केलये न के ॥२१॥
विशेषाल्लिखितो लेखो, हेमरथस्य भूभृतः। येन मानसजा प्रीतिः, प्रवर्धते परस्परं ॥२२॥
वाचयित्वा स तं लेखं, प्रमोदपुलकांकितः। राज्ञ्या इंदुप्रभायाश्च, दर्शयामास वेगतः ॥२३॥
आवयोरुपरि स्नेहो, देव्यहो वर्तते महान्। अयोध्यानगरीभर्त्रा—पीदृशं लिखितं यतः ॥२४॥

હવે વિયોગી પુરુષોના ચિત્તની વિરહાગ્નિને પ્રદીપ્ત કરનાર કામદેવની રાજધાની એવી વસંત ઋતુ આવી. જે વસંત ઋતુમાં દંપતી પરસ્પર ગાઢ રાગમાં મસ્ત બને છે. જંગલમાં કેશુડાના વૃક્ષો પણ રાગ (લાલ પુષ્પો)ને પ્રગટ કરે છે. અને એકેન્દ્રિય એવા વૃક્ષો પણ નવપલ્લવિત પત્રો, પુષ્પો, ફૂલો વડે પોતાના શરીરને શોભાવે છે. એ વસંત ઋતુને ધન્ય છે કે જેની કૃપાથી પત્ર પુષ્પ વિનાના શુષ્ક થઇ ગયેલા વૃક્ષો નવપલ્લવિત બને છે. વસંત ઋતુમાં ચારે બાજુ આનંદદાયી એવી વનની શોભાને જોઇને વનપ્રિયા કોયલો પોતાના કૂકૂ એવા મધુર સ્વરથી જાણે જયજયારવ કરતી ન હોય, 'આ મહાવનમાં ભવિષ્યમાં અમને પણ સુવાસ મલશે, એ હેતુથી જાણે ના હોય તેમ ખૂશ ભ્રમરો ગુંજારવ વડે ગાન કરી રહ્યા છે. એક વનથી બીજા વનમાં કોઈ દંપતી તો કોઈ વનમાં એકલા પુરૂષો અથવા એકલી સ્ત્રીઓ ક્રીડા કરી રહી છે. આ પ્રમાણે મનુષ્ય સ્ત્રીઓમાં અને વૃક્ષોમાં વસંત ઋતુના આવવાથી એક આહ્લાદક રસની ઉત્પત્તિ થાય છે. જ્યારે કેરડા જેવા મધુરાજાને ક્ષણમાત્ર કયાંય પણ રસ પડતો નથી. મધુરાજા પોતે મધુ વસંત હોવા છતાં પણ ઇંદુપ્રભાના વિયોગથી મહાદુઃખનો અનુભવ

કરી રહ્યો છે. સૂકા કાષ્ઠથી જેમ અગ્નિ વધુ પ્રજ્વલિત થાય તેમ વસંત ઋતુમાં મધુરાજાનો વિરહાગ્નિ અંગેઅંગમાં ઉચ્છ્વાસ અને નિશ્વાસરૂપી વાયુ વડે વધારે પ્રજ્વલિત થઈ રહ્યો છે. માલતીના તેમજ જાઈ આદિના જુદી જુદી જાતનાં પુષ્પો, કેળનાં પાન, નાગરવેલનાં પાન તેમજ આમ્રવૃક્ષનાં ફળોને મુખમાં ચાવે છે, સુગંધી ચંદન કપૂર આદિથી મિશ્રિત ઠંડા-પાણીથી સ્નાન કરાવે છે, પંખાઓથી વાયુ નાખવામાં આવે છે, ગળામાં મોતીના હાર પહેરાવવામાં આવે છે, બિલકુલ બારીક વસ્ત્રો કે દેવદૂષ્યો ઓઢાડવામાં આવે છે આ પ્રકારે અનેક પ્રકારની વસ્તુઓ મધુરાજાની શાંતિને માટે ભક્ત સેવકવર્ગ કરે છે છતાં પણ તેને શાંતિના બદલે અશાંતિ થાય છે. વિષયી મનુષ્યોને જેમ ધર્મની વાત વિષ જેવી લાગે છે તેમ વિયોગી મનુષ્યોને આ સર્વે ઝેર સમાન લાગે છે. એક તો પોતે મધુ અને તેમાં બીજો મધુ (વસંત)-બંનેનું મિશ્રણ થવાથી મધુરાજાનો વિરહાગ્નિ વધુ પ્રદીપ્ત બન્યો. તેથી વિકલ માણસની જેમ રાજા શૂન્યમનવાળો દુઃખી થઈ રહ્યો છે. તેના દુઃખથી સર્વે નાગરિકો પણ દુઃખી બની ગયા. રાજાની આવી અવસ્થા થવા છતાં પણ મહામંત્રી ભયથી રાજાના શરીરની સુખશાતા પૂછવા માટે આવ્યા નહિ. અન્નપાણીને છોડવાથી રાજા દિવસે-દિવસે ક્ષીણ થતો જાય છે. કામની નવમી-દશમી અવસ્થામાં જ્યારે આવ્યો ત્યારે સ્વજનોએ રાજાનો અંતકાળ જાણીને ભૂમિ ઉપર સુવાડયો. રાજસેવકોએ દોડીને મંત્રીશ્વરને ખબર આપી. સાંભળીને વ્યાકુળ બનેલા મહામંત્રી તરત જ રાજમહેલમાં આવ્યા. રાજાને નમસ્કાર કરીને જ્યારે ઊભા રહ્યા ત્યારે રાજાએ મંત્રીના સામે જોયું. એકાંતમાં મહામંત્રીને કહ્યું:-'મંત્રી, હવે તો તને સુખ થશે ને? દુઃખપૂર્વક મને મરેલો જોઈને તને ઘણી શાંતિ થશે. હવે શાંતિપૂર્વક રાજ્ય કરજે. રાજાનું આવું વિરૂપ સ્વરૂપ જોઈને મંત્રીશ્વર વિચારવા લાગ્યા:-'શું કરૂં? કયાં જઉં? કોની આગળ કહું? આ લોક અને પરલોકથી વિરુદ્ધ પાપાચરણ કેવી રીતે કરાવું? રાજા સમજતા નથી. પરસ્ત્રીની અભિલાષાથી પોતાની કેવી અવસ્થા કરી નાખી છે? જો હું આ પાપાચરણમાં સહાયક બનું તો લોકોમાં મારી નિંદા થાય. સહાયક ના બનું તો રાજા અવશ્ય પ્રાણોનો ત્યાગ કરશે. ત્યારે અત્યાર સુધી સાચવેલી મારી આબરૂ ઉપર પાણી ફરી વળશે અને મારો પુરાણો સેવક-ધર્મ ચાલ્યો જશે તો હવે મારે શું કરવું?' આ પ્રમાણે વિચારતાં વિચારતાં એક નિર્ણય ઉપર આવ્યા 'ગમે તેમ થાય, તો પણ મારે રાજાનું કાર્ય કરવું જોઈએ. રાજા જીવિત હશે તો બધું જ છે. જો તે મરી જશે તો સર્વવિનાશ થશે.' આ પ્રમાણે વિચારીને મીઠી મધુર ભાષા વડે રાજાને કહ્યું:-'સ્વામિન્, જરાય મનમાં ચિંતા કરશો નહીં. અત્યાર સુધી હું સમજતો હતો કે આપ ઇંદુપ્રભાને ભૂલી ગયા હશો, પરંતુ આપ પોતાની પત્નીની જેમ હજી તેને ભૂલ્યા નથી. કંઈ વાંધો નહીં. હું ગમે તેમ કરીને તેની સાથે સંયોગ કરાવી આપીશ. મારા વચન ઉપર વિશ્વાસ રાખો સ્વાસ્થ્ય સુધારો. ધીમે ધીમે

બધું કાર્ય પાર પડશે. જેથી લોકમાં નિંદા ના થાય.' 'મંત્રીના આશ્વાસનથી હવે મારૂં ઇચ્છિત કાર્ય થશે,' એમ માનીને રાજા ધૈર્ય ધારણ કરી સ્વસ્થ થયો. મંત્રી અને રાજાએ વિચાર વિમર્શ કરીને પોતાની આજ્ઞામાં જેટલા રાજાઓ છે તે બધાને દૂતો મારફતે સંદેશો મોકલાવ્યો :–'અત્યારે વસંતઋતુ ચાલે છે, તેથી મધુરાજાએ નક્કી કર્યું છે કે એક માસ બધા રાજાઓની સાથે ઉદ્યાનમાં રહેવું. તેથી આપ સૌ રાજાઓ પોત પોતાની પત્નીઓ સાથે ક્રીડા કરવા માટે અયોધ્યામાં આવો. ત્યાં આપ સહુનું પ્રીતિપૂર્વક સન્માન કરવામાં આવશે. મધુરાજાના સંદેશાથી પોતાના રસાલા સાથે રાજાઓ ક્રીડા કરવા માટે અયોધ્યામાં આવ્યા. પરસ્પર પ્રીતિને વધારવા માટે હેમરથ રાજાને વિશેષ પ્રકારે પત્ર મોકલ્યો. પત્ર વાંચીને આનંદથી રોમાંચિત બનેલા હેમરથ રાજાએ પોતાની પટ્ટરાણી ઇંદુપ્રભાને કહ્યું:–'દેવી, જો તો ખરી, અયોધ્યા પતિનો આપણા ઉપર કેટલો બધો સ્નેહ છે! કેવો પત્ર લખ્યો છે? તું વાંચ તો ખરી!' (એમ કહીને પત્ર વંચાવે છે.)

अतिस्फारतयाधारे, मनुष्याणां च पक्षिणां । यथार्थाख्ये वटपुरे, लिख्यते मधुभूभुजा ॥२५॥
यदा तत्र समेतोऽहं, तदा भक्तिस्त्वया तथा । कृता सर्वप्रकारेण, यथाहं रंजितो भृशं ॥२६॥
प्राणादपि ततोऽभीष्टो, वर्तसे परमः सुहृत् । त्वया समं च भेदो मे, कदापि मनसापि न ॥२७॥
समस्तमपि मद्वस्तु, त्वदायत्तं प्रवर्तते । त्वयापि च तथा ज्ञेयं, विमुच्य मतिकल्पनां ॥२८॥
सकलत्रा महीपाला, ये मदाज्ञाप्रवर्तिनः । मया त्वाकारिताः संति, तैः समं क्रीडितुं वने ॥२९॥
त्वयाप्यतः समेतव्यं, सहितेन स्वयोषिता । न विलंबश्च कर्तव्यः, स्नेहसंपूर्णचेतसा ॥३०॥
आदरान्मधुभूपेन, पत्रिका लिखितास्ति मे । वाचय त्वमपि प्राण—प्रिये तां प्रेम वीक्षितुं ॥३१॥
पाल्यैव कुलकांताभिः, पत्याज्ञेति विचिंत्य सा । वाचयित्वा च लेखं तं, कंपयंती शिरो जगौ ॥३२॥
यो भवेत्सरलो मर्त्यः, सरलत्वेन वेत्ति सः । किंत्वत्र वर्तते किंचित्, कापट्यं मधुभूभुजः ॥३३॥
सेवकानामप्युच्चैरादरो यो हि भूभृतः । विनाशहेतुरेवासौ, विज्ञेयो दक्षबुद्धिभिः ॥३४॥
अल्पबुद्धेरपि स्वामिं—श्चेन्मानयसि मे वचः । विमुच्य तर्हि मामत्र, यूयमेव च गच्छत ॥३५॥
मामादाय प्रभो सार्धं, यूयं यदि च गच्छथ । तदा स मायया भूप—स्त्वां कष्टे पातयिष्यति ॥३६॥
निशम्य वचनं राज्ञ्या, जजल्प जगतीपतिः । महतां निंदनीयं किं, ब्रवीषि मृगलोचने ॥३७॥
अयं महानरेंद्रो हि, तात इव क्षमातले । तस्य तु त्वादृशो दास्यः, प्रवर्तते सहस्रशः ॥३८॥
मा मैषीस्तेन देवि त्वं, माकार्षीश्च विकल्पनां । मम सार्धं समायाहि, भव्यमेव भविष्यति ॥३९॥'
इत्युक्त्वा स समादाय, साकमिंदुप्रभांगनां । जायमानेष्वशकुने—ष्वचलद्वसुधाधिपः ॥४०॥
हेमरथं महीनाथं, समाकर्ण्य समागतं । सन्मुखं मधुभूपोऽपि समाजगाम मायया ॥४१॥
प्रवेशं कारयित्वा स, स्वनिकेतनसन्निधौ । आवासान् दापयामास, कामी कुर्यान्न किं स्त्रिये ॥४२॥

आवासादिप्रदानेन, तोषयामास तं नृपः। अन्येषामपि भूपानां, ददौ सन्मानमुत्तमं ॥४३॥
समेतानां महीशानां, प्रत्ययोत्पदनाय सः। वनशृंगारसामग्रीं, निष्पादयितुमादिशत् ॥४४॥

'મનુષ્યો અને પક્ષીઓના વિશ્રામરૂપ યથાર્થનામવાળા વટપુરનગરના રાજા હેમરથની અંતઃકરણની (હું ત્યાં આવ્યો ત્યારે) ભક્તિ અને આગતા સ્વાગતાથી હું ખુબ જ પ્રસન્ન થયો છું. તેથી મારા પ્રાણથી પણ અધિક તમને ચાહું છું. તમે મારા પરમપ્રિય મિત્ર છો. તેથી તમારામાં અને મારામાં મનથી પણ હું કોઇ ભેદ રાખતો નથી. મારી સમસ્ત વસ્તુ તમને આધીન છે. તેવી રીતે તમારે પણ સમજવું. બીજો કોઇ વિકલ્પ કરવો નહીં. મારી આજ્ઞામાં રહેલા દરેક રાજાઓને પોતાની પત્નીઓ સહિત વસંતઋતુમાં ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે આમંત્ર્યા છે. તો તમારે પણ તમારી પ્રિયા સહિત જલ્દીથી આવવું. વિલંબ કરશો નહી' આ પ્રમાણેના મધુરાજાના પત્રને હેમરથરાજાએ પોતાની પત્નીને વાંચવા આપ્યો અને કહ્યું: 'પ્રાણપ્રિયે, મધુરાજાને મારા ઉપર કેટલો બધો પ્રેમ છે.' કુલાંગના સ્ત્રીઓ પતિની આજ્ઞાને સર્વોચ્ચ માને છે. ઇંદુપ્રભાએ પતિની આજ્ઞાથી પત્ર વાંચીને માથું ધુણાવ્યું અને બોલીઃ- 'સરળમાણસ બીજાને પણ સરળ માને છે, પરંતુ આમાં મને મધુરાજાના કપટની ગંધ આવે છે. સેવકો ઉપર માલિક રાજાના વધુ પડતા આદરને ચતુર પુરૂષોએ વિનાશનું કારણ સમજવું. તો સ્વામિન્, હું અલ્પબુદ્ધિ હોવા છતાં મારૂં વચન માનો તો મને અહીંયા મૂકીને આપ ખૂશીથી ત્યાં જાવ. હે નાથ, જો મને સાથે લઈને જશો તો માયાવી મધુરાજા તમને કષ્ટમાં પાડશે.' રાણીનું વચન સાંભળીને હેમરથરાજાએ કહ્યું:- 'હે મૃગલોચના, તું મહાપુરૂષની નિંદા કેમ કરે છે? પૃથ્વીતલ ઉપર આ તો મહાન રાજા છે. આપણા પિતા સમાન છે. તારા જેવી તો એની પાસે હજારો દાસીઓ છે. માટે દેવી ખોટા તર્કવિતર્ક કરીને ભય ના રાખ. મારી સાથે ચાલ. સૌ સારૂં થશે.' આ પ્રમાણે કહી ઇંદુપ્રભાને સાથે લઈને હેમરથરાજાએ અપશૂકનો થવા છતાં અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. હેમરથ રાજાને આવેલા સાંભળીને કપટથી મધુરાજા સામે ગયો. ઠાઠમાઠથી નગરમાં પ્રવેશ કરાવીને પોતાના મહેલની સમીપે તેનો ઉતારો આપ્યો. 'ખરેખર કામીપુરૂષો સ્ત્રીઓ માટે શું શું ના કરે' ? વિશ્વાસ બેસાડવા માટે બીજા રાજાઓને પણ મહેલ વિગેરે આપીને તેઓનું સન્માન કર્યું અને ઉદ્યાનને શણગારવા માટે હુકમ કર્યો.

यत्पुरा वर्णितं भूपा—ज्ञया तत्सेवकैरपि। सश्रीकं प्रवरैर्वस्त्र—तोरणैस्तद्वनं कृतं ॥४५॥
कुसुमानां सुगंधीनां, जलानामपि हारिणां। वर्षणेन क्षमा तत्र, सिक्ता सेवकसंचयैः ॥४६॥
वापीनां दीर्घिकाणां च विश्वेषां सरसामपि। प्रभूतैः सुरभिद्रव्यै—र्वासितानि जलान्यपि ॥४७॥
भूषणैः पट्टकूलैश्च, पादपाः परिधापिताः। रामा इवेति चारामाः, सुशोभां दधिरे तनौ ॥४८॥
श्रुत्वा शृंगारितं सर्वं, वनं सांतःपुरो नृपः। सकांतैः सह भूकांतैः क्रीडां कर्तुमगाद्वने ॥४९॥
भूपालस्य पुरो रम्यं, ढौकनं क्रियते बुधैः। पादपैरिति कान्तानि, पत्रपुष्पफलान्यधुः ॥५०॥

आगतस्य महीशस्य, पुरस्तैरेव पादपैः । पत्रैः पुष्पैः फलैश्चक्रे, प्राभृतं निजभक्तये ॥५१॥
मधोः समागमाद् भूपा, वनस्य वर्धतेऽधिका । द्वेधापीति मधोर्योगे, ववृधे तस्य साद्भुता॥५२॥
तत्र वापीजलैश्चारु—श्रीखंडकुंकुमान्वितैः । सुवर्णशृंगिकां भृत्वा, केलिं चकार पार्थिवः ॥५३॥
भूविभ्रमविधात्रिभिः, सर्वाभिरंगनालिभिः । समं अंतःपुरेणापि, सोऽरमत व्यवहारतः ॥५४॥
तथापींद्रप्रभाविप्र—योगार्दितो महीपतिः । रममाणो वसंतेऽपि, मानसे रतिमाप न ॥५५॥
भूपाला अपरे ये ये, समं सौवमृगीदृशा । क्रीडां कृत्वा वसंतस्य, मेनिरे सफलं जनुः ॥५६॥
मासमेकं वसंतस्य, कृत्वा क्रीडां नृपैः सह । मधुराजा समायातो, मंदिरं सपरिच्छदः ॥५७॥
समागत्यात्मनः सद्म, सकलत्रान् क्षमाभृतः । दत्वा भूषणवस्त्राण्यौ—चित्येन विससर्ज सः ॥५८॥

રાજાની આજ્ઞાથી સેવકોએ રંગબેરંગી વસ્ત્રોના મંડપો, તેમજ ધ્વજા પતાકા અને તોરણો વડે વનને શણગાર્યું, સુગંધી પુષ્પો યુક્ત સુગંધી જલનો છંટકાવ કર્યો. સુવાસિત દ્રવ્યોથી વાસિત જલથી પરિપૂર્ણ વાવડીઓ તેમજ સરોવરો બનાવ્યાં આભૂષણો અને વસ્ત્રો વડે સ્ત્રીઓની જેમ વૃક્ષોની શોભા કરી. આ પ્રમાણે સુશોભિત બનેલા ઉદ્યાનમાં બધા રાજાઓની જેમ મધુરાજા પણ પોતાના અંતઃપુર સહિત ક્રીડા કરવા માટે આવ્યા. પંડિતપુરૂષોએ રાજાની આગળ મનોહર એવાં ભેટણાં કર્યા. વૃક્ષોએ પણ પોતાની ભક્તિ બતાવવા માટે રાજાની આગળ પત્ર પુષ્પ અને ફળોનાં જાણે ભેટણા કર્યાં ન હોય! મધુરાજા અને મધુમાસ (વસંતમાસ) બંનેના સમાગમથી વનની શોભા અદ્‌ભુત ખીલી ઉઠી. હાવભાવ અને કટાક્ષ કરતી એવી પોતાની રાણીઓ સાથે વ્યવહારથી મધુરાજા ચંદન કુંકુમયુક્ત સુગંધી જલથી સુવર્ણની પીચકારીઓ ભરીને ક્રીડા કરતા, પરંતુ ઈંદુપ્રભાના વિયોગથી ક્રીડા કરવા છતાં વસંતઋતુમાં પણ તેને આનંદ આવતો નથી બીજા બીજા રાજાઓ પોત પોતાની રાણીઓ સાથે વસંતક્રીડા કરીને પોતાના જન્મને સફલ માનતા. આ પ્રમાણે એક મહિના સુધી ઉદ્યાનમાં વસંતક્રીડા કરીને પરિવાર સહિત રાજાઓની સાથે મધુરાજા અયોધ્યામાં આવ્યા. રાણીઓ સહિત બીજા રાજાઓને આભૂષણ વસ્ત્રો આદિ આપી ઉચિત સન્માન કરી વિસર્જન કર્યા.

प्रोचे हेमरथं राजा, भवतस्तव योषितः । उचितं भूषणं मित्र, निष्पन्नं नास्ति सांप्रतं ॥५९॥
विलंबे कार्यमाणे तु, मया प्राज्यहितैषिणा । देशं विनाशयिष्यंति, तव प्रत्यर्थिनो नृपाः ॥६०॥
तेन त्वमधुना गच्छ, स्वच्छातुच्छमतिस्थितिः । अन्येभ्यो वैरिभूपेभ्यो, रक्ष देशं त्वमात्मनः॥६१॥
देवीमिंदुप्रभामत्र, विमुंच प्राणवल्लभां । भूषणं कारयित्वाहं, तस्या दास्यामि हस्तयोः ॥६२॥
अद्यापि कार्यमाणं त—द्विशेषेणास्ति भूषणं । समीपे स्वर्णकारस्य, निगद्यते मया ततः ॥६३॥
एवमेवास्तु ते स्वामिन्, वचनं सौख्यसूचकं । वदित्वेति हेमरथः, स्वस्त्रीपार्श्वे समाययौ ॥६४॥

आगत्य दयितापार्श्वं, कथयामास भूपतिः । गच्छाम्यहं स्वके देशे, मुक्त्वात्र त्वामपि प्रिये॥६५॥
योग्यं निष्पादितं नास्ति, परिधानार्थमावयोः । भूषणं मधुभूपेना—द्यापि निगद्यते ततः॥६६॥
यदा त्वां भूषणं दत्वा, प्रेषयेन्मधुपार्थिवः । सौविदल्लैः समं वीरैः, समेतव्यं त्वया तदा ॥६७॥
श्रुत्वेतींदुप्रभा दुःख—पूरसंपूरिताऽवदत् । अभाग्यं प्रकटीभूत—मस्ति नाथ ! तवाधुना॥६८॥
यत एकाकिनीं पत्नीं. मां मुक्त्वा प्राणवल्लभ । राज्यं भोक्तुं गृहे यासि, प्रभूतसुखलिप्सया॥६९॥
यद्यत्र मां विमुच्य त्वं, निजगेहं गमिष्यसि । स्थापयिष्यति दुष्टात्मा, स्वकलत्रेषु तर्ह्ययं ॥७०॥
तदा हेमरथोऽवोच—त्मावादीदशुभं वचः । त्वच्चित्ते कल्पना याद—ङ् न तादृङ्मधुभूपतेः॥७१॥
यदायमावयोर्गेह—माकारितः समागतः । तदावाभ्यां कृता भक्ति—स्तेन प्रीतिं करोत्ययं॥७२॥
इत्थमेव विदित्वायं, स्नेहं दर्शयतीत्यलं । ततस्त्वया न कर्तव्या, चिंता चित्ते मनागपि ॥७३॥
भर्त्रा पुनः पुनः प्रोक्ते, स्वीकृतं वचनं तया । विमुच्य सोऽपि तां तत्र, चचालाशकुनेष्वपि॥७४॥

હેમરથ રાજાને બોલાવીને કહ્યું:-'મિત્ર, તમારા અને તમારી પત્ની માટે ખાસ આભૂષણો બનાવવા માટે આપ્યા છે. પરંતુ હજુસુધી તૈયાર થયા નથી. થોડો વિલંબ થશે. તેમ છતાં મારે તમારૂં હિત જોવું જોઇએ. તમે અહીંયા વધુ રોકાવો તો તમારા શત્રુઓ દેશનો વિનાશ કરે. અને રાજ્યભંગ થાય. તે કારણે પવિત્ર બુદ્ધિવાળા હે મિત્ર, તમે હમણાં જાવ અને શત્રુરાજાઓથી પોતાના દેશનું રક્ષણ કરો. તમારી પ્રાણવલ્લભા દેવી ઈંદુપ્રભાને અહીં યા મૂકો. આભૂષણો કરાવીને તેને તમારા હાથમાં સોંપીશ. આજે પણ મેં તપાસ કરાવી પરંતુ સુવર્ણકાર કહે છે કે 'સારી કારીગરીનાં બનાવવાના હોવાથી થોડો સમય લાગશે. તો હેમરથ મને લાગે છે કે તમારે વિલંબ કરવા જેવું નથી.' હેમરથે કહ્યું:-'સ્વામિન્, આપે મારા સુખને માટે જે કહ્યું તે બરાબર છે. મારે જલ્દી જવું જોઈએ.' આ પ્રમાણે રાજાને કહીને હેમરથરાજા ઈંદુપ્રભા પાસે આવ્યા, અને કહ્યું:-'દેવી આપણા દેશની રક્ષાને માટે મધુરાજાએ તને અહીં મૂકીને મને જવાની આજ્ઞા આપી છે. આપણા બંને માટે ખાસ આભૂષણો બનાવવા માટે આપ્યા છે. પરંતુ હજુ તૈયાર થયાં નથી. આજે પણ તપાસ કરાવી. તેથી આભૂષણો આપીને મધુરાજા તને આપણા પરાક્રમી એવા કંચુકીઓની સાથે વટપુર મોકલી આપશે. તું જરાયે ચિંતા કરીશ નહી.'

આ સાંભળીને સ્તબ્ધ થયેલી ઈંદુપ્રભા દુઃખપૂર્વક બોલી:-'હે નાથ, તમારૂં દુર્ભાગ્ય પ્રગટ થયું લાગે છે. મને એકલી મૂકીને હે પ્રાણવલ્લભ! તમે રાજ્ય ભોગવવા માટે ઘેર જાવ છો? તમને ખબર નથી, પણ હું સાચુ કહું છું મને મૂકીને તમે જશો તો આ દુષ્ટ રાજા મને પોતાની પત્ની બનાવશે. માટે કંઈક સમજો. આમ ના જવાય.' ત્યારે હેમરથે કહ્યું:-'પ્રિયે તું જેવી કલ્પના કરે છે, તેવો આ રાજા નથી. તેને માટે આવું અશુભ ન

વિચાર. આપણે ત્યાં આવેલા ત્યારે આપણે તેમનું સન્માન-ભક્તિ કરેલી તેથી આપણા ઉપર પ્રીતિ કરે છે. બાકી આવા મહાન, રાજવીના મનમાં આવું કંઈ જ ના હોય. આ તો તેમનો આપણા ઉપર પવિત્ર સ્નેહ છે, માટે તારે તારા મનમાં જરાયે ચિંતા કરવી નહી તેમ છતાં ઇંદુપ્રભાએ પોતાના પતિને વારંવાર આજીજી કરવા છતાં હેમરથે થોડા રક્ષક અને દાસીઓ સાથે ઇંદુપ્રભાને ત્યાં મૂકીને અપશુકનો થવા છતા વટપુર તરફ પ્રયાણ કર્યું.

हेमरथे महीपाले, प्रस्थिते स्वपुरं प्रति । उवाच मधुभूपालो, मंत्रिणं स्मरपीडितः ॥७५॥
हेमरथस्त्वितोऽचाली—न्मया संतोषितो भृशं । धीसख त्वं ममोपांत—मिंदुप्रभामथानय ॥७६॥
मंत्र्यवोचन्महीपाल, यावत्समेति शर्वरी । विधाय चेतसो दाढर्यं, तावत्त्वया प्रतीक्ष्यत ॥७७॥
प्रधानवचनं श्रुत्वा, मोदमानो महीपतिः । स्वकीयकामनासिद्धिं, जानन् सुखेन तस्थिवान्॥७८॥
मधाविंदुप्रभायोगो, निशायां शर्मणे भवेत् । इतीवास्तमितो भानु—रुभयोर्विघ्नभीतितः ॥७९॥
अथवा परकामिन्या, समं रिरंसया निशि । लुंपत्येष कुलाचारं, भूपोऽपीति गतोऽर्यमा ॥८०॥
संकोचितानि वक्त्राणि, सरसीषु सरोरुहैः । दुःखादिव परित्यक्ता, क्रीडा विहंगमैरपि ॥८१॥
मय्यस्ति क्षणिको रागः, पंचवर्णात्मको यथा । तथा सांसारिको ज्ञेयः, संध्येत्यदर्शयन्मधोः।८२॥
तत्स्वरूपं समीक्ष्यापि, तेन भूपेन चेतसः । लग्नो रागो विमुक्तो न, दुर्मोच्यः कामिनां स हि।८३।
संध्यारागोपमं रागं, संसारिकं समीक्ष्य यः । मोहमाप्स्यति कालिम्ना शीघ्रं तस्य भविष्यति ।८४॥
इति दर्शयितुं राज्ञः, समेतेव विभावरी । कामिनां, कामबाणानां प्रसरप्रविधायिनी ॥८५॥
दुःखितं विरहव्याप्ति—मुदितं तस्करैर्नरैः । घूर्णितं लोचनाभ्यां च, प्रसृतं तामसोत्करैः ॥८६॥
नभोमरकतस्थालं, भृत्वोद्यत्तारकाक्षतैः । वर्धापयितुमायाता, स्वामिनं शशिनं निशा ॥८७॥
यथा यथा शशांकेशो—दयोऽजायत पुष्करे । तथा तथा मधुक्ष्मापः स्मरबाणैरपीड्यत ॥८८॥
प्रजल्पितुमशक्तोऽपि, जजल्प धीसखं नृपः । कथं समानयेनाद्याप्यमात्येंदुप्रभां स्त्रियं ॥८९॥
मंत्रिणा भूपवाक्येन, प्रथमे प्रहरे निशः । दूती संप्रेषिता पार्श्वे, पत्न्या हेमरथेशितुः ॥९०॥
गत्वा तदंतिके साध्य—वोचन्मधुरया गिरा । इंदुप्रभे यदुक्तं ते, मधुभूपेन तच्छृणु ॥९१॥
जगाद सापि भो दूति, यदुक्तं मधुभूभुजा । उपविश्यात्र सौख्येन, निशंकं वदतान्मम ॥९२॥
इत्युदिते तया दूती, जजल्प विनयान्विता । मार्गात्ते पतिना दूतः, प्रेषितोऽस्ति मधुप्रभोः ॥९३॥
मया साकं दृढा मैत्री, यौष्माकीना भवेद्यदि।मज्जाया द्राक् तदा प्रेष्या, भूषयित्वा सुभूषणैः ॥९४॥
दूतेन सह ते भर्त्रा, प्रोक्तमस्तीति भूरिशः । तेन श्रीमधुभूपाल—स्त्वामाकारयति द्रुतं ॥९५॥
प्रमदानां स्वकीयानां, तवापि च मृगेक्षणे । भूषणानि च वस्त्राणि, नृपोऽद्य निशि दास्यति ॥९६॥
प्रदाय तव नाथस्य, समीपे प्रातरादरात् । प्रेषयिष्यति भूपाल—स्ततस्त्वमेहि सत्वरं ॥९७॥

दूतीवाक्यं समाकर्ण्य, क्षोभनाप्रविधायकं । व्यचितयन्मनस्येवं, सा विषादसमन्विता ॥९८॥
कामिनीनां कुलीनानां, स्वभर्तृबद्धचेतसां । निशायामन्यमर्त्यस्य, न गेहे गमनं वरं ॥९९॥
भूपोऽयमबलाहं तु, यास्याम्यस्य गृहे यदि । तर्ह्ययं मां कलत्रत्वं, प्रापयिष्यति निश्चयात् ॥३००॥
अनेनाकारिता यर्हि, नाहं यास्यामि सर्वथा । प्रभूतं प्राप्स्यति द्वेषं, भर्तुर्यदा ममोपरि ॥१॥
अयं न ज्ञायते द्वेषात्, किं किं कष्टं करोति मेऽएकशोऽहं ततो यामि, यद्भावि तद्भविष्यति ॥२॥
इति संचिंत्य मुंचंती, निश्वासान् प्रबलान्मुखात् । दूतीभिः कतिभिः सार्धं, जगाम नृपसद्म सा ॥३॥
आयांती परिवारेण, ज्ञाता यावन्महीभुजा । तावत्सप्तमीं भूमि—मारूढो व्यपदेशतः ॥४॥
समस्तमपि संस्थाप्य, परिवारमधोभुवि । उपर्येकाकिनीं दूत्या, नीता सेंदुप्रभांगना ॥५॥
ऊभयोरपि संयोगं, हर्षविषादकारकं । मेलयित्वा गता दूती, कृतार्थिनी निकेतनं ॥६॥

આ રીતે હેમરથ રાજાને વિદાય કરીને કામથી પીડાતા મધુરાજાએ મંત્રીને બોલાવીને કહ્યું : 'મંત્રી, હેમરથને મેં સંતોષ આપીને વિદાય કર્યો. હવે મારી પાસે ઇંદુપ્રભાને લઈ આવ.' મંત્રીએ કહ્યું:-'મહારાજા, રાત પડવા દો. ત્યાં સુધી આપ ધૈર્ય ધારણ કરીને રાહ જુવો. મનમાં શાંતિ રાખો.' મંત્રીનાં વચનથી ખૂશ થયેલા રાજાએ પોતાની ઇચ્છાપૂર્તિની કલ્પના કરી સુખપૂર્વક દિવસ વ્યતીત કર્યો. 'મધુ અને ઇંદુપ્રભાનો સંયોગ રાત્રિમાં સુખપૂર્વક થાઓ.' એમ માનીને જાણે સૂર્ય અસ્ત થયો ન હોય. અથવા પરસ્ત્રીની સાથે આ રાજા રાત્રિમાં ક્રીડા કરશે અને પોતાના કુલાચારનો ભંગ કરશે. તેથી જાણે રાજાનું મુખ જોવા ના માગતો હોય, માટે સૂર્ય અસ્ત થઈ ગયો હશે? અથવા રાત્રિમાં પાપાચરણ થવાના કારણે જાણે સરોવરમાં કમલોએ મુખ સંકોચિત કરી નાખ્યા, અને પક્ષીઓએ પણ ક્રીડાઓને ત્યાગ કર્યો. 'મારા અસ્તિત્વમાં જેમ પાંચ વર્ણનો રાગ ક્ષણિક છે, તેમ સાંસારિક સુખ પણ ક્ષણિક છે એમ મધુરાજાને જણાવવા માટે સંધ્યા ખીલી ઉઠી ન હોય! સંધ્યાના રાગ સમાન ક્ષણિક સાંસારિક સુખને જાણવા છતાં જે લોકો મોહમાં મસ્ત બને છે, તેના પરિણામે જીવન કાળમેશ બની જાય છે, આ પ્રમાણે રાજાને જાણે પ્રતિબોધ કરવા માટે પૃથ્વી ઉપર ચારે બાજુ અંધકાર ઉતરી આવ્યો. અર્થાત્ કામીપુરૂષોને કામબાણથી વિહ્વળ કરતી રાત પડી. રાત્રિ થવાથી દુઃખી એવા વિરહીજનોની જેમ ચોર લુંટારાઓ પણ ખૂશ થયા. અર્થાત્ બંને આંખોને ઘેરતો અંધકાર ચારે બાજુ પ્રસરી ગયો. તારાઓ રૂપી અક્ષતો વડે આકાશરૂપી મરકત મણીનો થાળ ભરીને રાત્રિરૂપી પ્રિયા જાણે પોતાના પતિ ચંદ્રને વધાવવા માટે આવી ના હોય! આકાશમાં જેમ જેમ ચંદ્રનો ઉદય વધતો જાય છે તેમ તેમ મધુરાજા કામદેવના બાણોથી પીડાતો જાય છે, બોલતા સંકોચ થવા છતાં પણ મધુરાજાએ લજ્જાનો ત્યાગ કરી મંત્રીને કહ્યું:-'મંત્રી,હજુ સુધી ઇંદુપ્રભાને કેમ લાવ્યો નહી?' રાજાના કહેવાથી ના છૂટકે મંત્રીએ રાત્રિમાં હેમરથ રાજાની પત્ની ઇંદુપ્રભા પાસે એક દૂતી (સંદેશો

લઈ જનારી)ને મોકલી તેણીએ જઈને મધુરવાણીથી ઇંદુપ્રભાને કહ્યું:–ઇંદુપ્રભા મધુરાજાએ તમને સંદેશો કહેવડાવ્યો છે તે સાંભળો.' ત્યારે ઇંદુપ્રભાએ કહ્યું:–'દૂતી, જે સંદેશો કહેવાનો હોય તે સુખેથી નિઃશંકપણે કહે.' દૂતીએ વિનયપૂર્વક કહ્યું:–'રસ્તામાંથી તમારા પતિએ મધુરાજાની પાસે એક દૂત મોકલીને કહેવડાવ્યું છે કે, 'રાજન્, મારી સાથે આપનો મૈત્રી સંબંધ ગાઢ હોય તો આભૂષણોથી શણગારી મારી પત્નીને જલ્દીથી મોકલી આપો. આ પ્રમાણે દૂત મારફત વારંવાર કહેવડાવ્યું છે, તેથી મધુરાજા હમણાં ને હમણાં તમને બોલાવે છે. તમારા અને તમારા પતિના વસ્ત્રો તેમજ આભૂષણો આજે રાત્રિએ તમને આપશે.' ક્ષોભકારી દૂતીનું વાકય સાંભળીને વિષાદ પામેલી ઇંદુપ્રભા મનમાં વિચારવા લાગી:–'પોતાના પતિની અનુરાગિણી એવી કુલવાન સ્ત્રીઓને રાત્રિમાં અન્ય પુરૂષના ઘેર જવું જરાપણ વ્યાજબી નથી. એ રાજા છે ને હું અબળા છું. રાત્રિમાં તેની પાસે જવાથી તે જરૂર મારી સાથે પત્ની તરીકેનો વ્યવહાર કરશે. એણે બોલાવી છે, ને હું જો ના જઉં તો મારા પતિ ઉપર ઘણો દ્વેષ કરશે. અને આ દ્વેષનું પરિણામ શું આવે અને કેવા કેવા કષ્ટો સહન કરવાં પડે. તે તો જ્ઞાની જાણે, ખેર, જાઉં. જે થવાનું હશે તે થશે.' એમ વિચારી નિસાસા મૂકતી ઇંદુપ્રભા પોતાની કેટલીક દાસીઓને સાથે લઈ રાજમહેલમાં ગઈ. ઇંદુપ્રભાને પરિવાર સહિત આવતી જાણીને મધુરાજા વ્યવહારપૂર્વક સાતમે માળે પહોંચી ગયો. બધા પરિવારને નીચે રાખીને દૂતી એકલી ઇંદુપ્રભાને સાતમે માળે લઈ ગઈ હર્ષ અને વિષાદ કરનાર બંનેનો સંયોગ મેળવી આપીને કૃતાર્થ થયેલી દૂતી પોતાના સ્થાને ચાલી ગઈ.

प्रायः स्युर्यौवनान्विता, ये मर्त्या योषितोऽथवा।संस्थिताः समुदायेषु, ह्यात्मानं रक्षितुं क्षमाः ॥७॥
अहमेकाकिनी भूपो—ऽप्ययमेकाकी वर्तते। अस्मिन् विकलितेऽथात्मा, रक्षिष्यते मया कथं ?॥८॥
चिंतयंतीति भूपालं, विजनस्थानमाश्रितं। एकाकिनं समालोक्य, सा बभूव भयद्रुता ॥९॥
दुष्टव्याघ्रसमीपे तु, स्थिता गौरिव बिभ्यती। लज्जया सा कुलस्त्रीव, नेशाभिमुखमैक्षत ॥१०॥
तावदादाय पाणिभ्यां, कामाकुलेन भूभुजा।शय्याया ऊपरि स्नेहात्, स्थापिता सा विलासिनी ॥११॥
तथापि किंचिदाचख्यौ, न सा स्नेहलया गिरा। चाटुभिर्वचनैर्भूप—स्तां मोहयितुमभ्यधात् ॥१२॥
तारुण्यपुण्यलावण्या, भूरिद्रव्यसमन्विताः। प्रायो मर्त्याश्च कामिन्यो, न मिलंति कदाचन ॥१३॥
मिलितेष्वपि तेष्वस्ति, सुरतावसरश्च न। तस्मिन् प्राप्ते त्रपां कुर्यात्तन्मूर्खत्वं महत्तमं ॥१४॥
तद्विमुच्य त्रपां शीघ्रं, रमस्व त्वं मया समं।आगच्छागच्छ मत्क्रोड—मागमलंकुरु द्रुतं ॥१५॥
हेमरथाभिधो यस्ते, महीशः प्राणवल्लभः। ममैवानुचरः सोऽस्ति, प्रेष्यवत्प्रेषणोचितः ॥१६॥
देवि त्वमपि दक्षासि, विजानासि हिताहितं। मुक्त्वा विषादमानंद—स्थाने स्वीकुरु मद्वचः॥१७॥
स्वीकृत्य वचनं माम—कीनं प्रेमप्रवर्धनं। अंतःपुरे मदीये च, पट्टराज्ञी भव प्रिये ॥१८॥

कलावता मनुष्येण, रूपिणा धनिना सह । एकांते मिलने जाते, प्रायो द्रवंति योषितः ॥१९॥
कामातुराणि वाक्यानि, समाकर्ण्य महीपतेः । स्वचित्ते धैर्यमालंब्य, जगादेंदुप्रभा नृपं ॥२०॥
परस्त्रीसंगतो लोका—पवादो भवति क्षितौ । परस्त्रीतो मिथो वैरं, मित्रेष्वपि प्रवर्धते ॥२१॥
परस्त्रीसंगमाभावा—न्मनस्तापो निरंतरं । परस्त्रीतः शरीरस्य, बलक्षयः प्रजायते ॥२२॥
विश्वासो न विधातव्यो, मनुष्येण विवेकिना । स्वकीयानामपि स्त्रीणां, विशेषतः परस्त्रियः॥२३॥
राज्यभ्रंशः परस्त्रीभ्यः, परस्त्रीभ्यो धनक्षयः । कुल्यानामपि मर्त्यानां, भवेत्कुलकलंकिता ॥२४॥
परस्त्रीसंगमो लोके, गदितो नरकप्रदः । किं तत्र क्रियते वांछा, त्याज्याऽन्यस्त्री हि पंडितैः।२५॥
कुत्राप्याकर्णितं नाथ, पानीयाद्वह्निसंभवः । मेघादंगारवृष्टिश्च, कर्कटीभक्षणं वृतेः ॥२६॥
आदित्यात्तामसोद्भूतिरुष्णता शशिनः करात् । भूभारं किं त्यजेच्छेषो, मर्यादामंबुधिश्च किं।२७॥
भवेयुर्ये महीनाथा—स्ते परस्त्रीपराङ्मुखाः । मर्यादां न विमुंचंति, किं प्रारब्धं त्वया विभो॥२८॥
चक्रवाकी समीहेत, स्वं चक्रवाकमेव हि । मेघमेव तडिच्चंद्र—मेव वा चंद्रगोलिकां ॥२९॥
कुलीना या भवेत्कांता, सा स्वकीयं पतिंविना । न वाञ्छति स्वके स्वांते, मर्त्यमन्यं कदाचन।३०
बहुधेत्युपदेशानां, वाक्यानि प्रोचिरे तया । तथापि विषयाणां च, न स्पृहा व्यरमन्मधोः ॥३१॥
महतामपि मेघाना—मूषरे वर्षणं यथा । यथा दुग्धसितापान—माराधितस्य भोगिनः ॥३२॥
वैश्वानरे हविः क्षेपो, ज्वरितस्याज्यभोजनं । खले यथोपकाराः स्यु-स्तथा तस्यापदेशका ॥३३॥
समाकर्ण्य तदीयानि, वचनानि महीपतिः । मनोभुमार्गणैर्विद्ध—श्चितयामास मानसे ॥३४॥
इयमेकाकिनी चास्ति, त्वहमप्येकाकितां भजन्।त्रियामावसरश्चेद—ग्समयो न मिलिष्यति ॥३५॥
विवर्णेभ्योऽपि मूर्खेः स, पशुभ्योऽप्यधिक : स च।आत्मनः समयो येन, संसारे नोपलक्षितः ॥३६॥
समये जनितं कृत्य—मखिलं सौख्यहेतवे । यत्कृतं समये नैव, तत्प्रांतेऽनुशयाय च ॥३७॥
ततो यथा तथा वेगा—दनया सममेकशः । विहाय सर्वथा व्रीडां, कामक्रीडां करोम्यहं ॥३८॥
विमृश्येति च भूपालो—ऽनंगपीडावशानुगः।रेमे बलात्तया सत्रा राज्ञा सा किंहि शक्नुयात् ॥३९॥
मद्भवितव्यतायोगा—द्यद्भावि भूतमेव तत् । अनेनैव समं भर्तृ—संयोगो भवतादथ ॥४०॥
विमृश्येति द्वितीयस्यां, निशायां स्वयमेव सा।तेनामा रमयामास, स्त्रियो हि कामविह्वलाः ॥४१॥
तृतीयायां त्रियामायां, सा क्रीडद्व्रीडयोज्झिता । वांच्छंत्येव स्त्रियः प्राय, उच्चमुच्चं हि पुरुषं॥४२॥
हावभावैर्विलासैश्च, विभ्रमैर्भ्रमकारिभिः । राजानं रंजयामास, कलाभिः सा निरंतरं ॥४३॥
विनोदैर्हास्यवार्ताभि—रार्यागाथाकथादिभिः । गीतैर्नृत्यैश्च वादित्र—वादनैस्तमरंजयत् ॥४४॥
पुरातन्य समस्ता या, अवगणय्य योषितः । तामग्रमहिषीत्वेन, भूपोऽप्यस्थापयद् गुणैः ॥४५॥

आरामे पादपै रम्ये, विशाले दीर्घिकाजले। पर्वते विटते रंतुं, यत्र यत्र व्रजेन्नृपः ॥४६॥
तत्र तत्र समादायें—दुप्रभामेव कामिनीं। केवलं तद्गुणासक्तो, गच्छति क्षितिनायकः ॥४७॥
एकपक्षा भवेत्प्रीति—र्न सुखाय मनीषिणां। तन्मयो मधुरप्यासी—दिंदुप्रभापि तन्मयी ॥४८॥
पाणिगृहीतकांताक, इव प्रावर्तत प्रभुः। विवाहवृत्तभर्त्रींवें—दुप्रभापि च वल्लभा ॥४९॥
अन्योन्यनिबिडप्रीति—भवनेन निरंतरं। तौ द्वावपीहितैर्भोगै—रजानीतां जनुर्वरं ॥५०॥

'યુવાન સ્ત્રી-પુરૂષો સમુદાયમાં રહ્યા હોય તો પ્રાયઃ પોતાનું રક્ષણ પણ કરી શકે છે. પરંતુ એકાંતમાં પ્રાયઃ વિચલિત થઈ જતાં વાર લાગતી નથી 'હું એકલી, રાજા એકલો ! આવા એકાંત સ્થળમાં હું મારૂં રક્ષણ કેવી રીતે કરી શકીશ ?' એકાંતમાં રહેલા મધુરાજાને જોઇને ભયથી વિહ્વળ થઈ ગયેલી ઇંદુપ્રભા ધ્રૂજવા લાગી ક્રૂર વાઘની સામે રહેલી ગાયની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ અનુભવવા લાગી. કુળવાન સ્ત્રીની જેમ લજ્જાથી રાજાની સામે પણ ના જોયું, ત્યારે કામાતુર બનેલા રાજાએ ઉઠીને તેના બે હાથ પકડી સ્નેહથી પલંગ ઉપર બેસાડી,અને તેને મોહિત કરવા માટે અનેક પ્રકારના ચાટુ વચનોથી લલચાવી છતાં ઇંદુપ્રભા એક શબ્દ પણ બોલી નહી, ફરીથી મધુરાજાએ તેને સ્નેહપૂર્ણ વચનથી કહ્યું :- 'દેવી, રૂપ, લાવણ્ય, યૌવન, ધન, સંપતિ, રાજ્ય, આદિ બધી વસ્તુ પ્રાયઃ કરીને સ્ત્રી-પુરૂષોને મલતી નથી. અને કદાચ મળે તો પણ ભોગનો અવસર પ્રાપ્ત થતો નથી. જ્યારે આપણ બંનેને તો બધી જ સામગ્રી પ્રાપ્ત થઈ છે. તો તારૂં મૂર્ખપણું છે કે આ અવસરે તું લજ્જા રાખે છે. તું શરમ છોડીને મારી સાથે ક્રીડા કર તું જલ્દી આવ, આવીને મારા બોળાને અલંકૃત કર.

મારી ગોદમાં તું સમાઈ જા, હેમરથ રાજા તારો પતિ છે, પરંતુ મારો તો તે સેવક છે. તો સેવકને યોગ્ય એની પાસે હોવું જોઇએ. જ્યારે તારા જેવી રૂપવતી-ગુણવતી ચતુર સ્ત્રી એને ત્યાં શોભે નહી. તું તો મારી પટ્ટરાણી થવા માટે સર્જાઈ છે માટે લાભાલાભને જાણી આનંદના સ્થાને વિષાદનો ત્યાગ કરી મારૂં કહ્યું માન. પ્રેમને વધારનારૂં મારૂં વચન સ્વીકારી હે પ્રિયે, તું મારી પટ્ટરાણી થા. કલાવાન, રૂપવાન અને ધનવાન પુરૂષ જ્યારે એકાંતમાં મળે છે ત્યારે પ્રાયઃ કરીને સ્ત્રીઓ દ્રવી જાય છે. રાજાના આવા કામાતુર વાક્યો સાંભળીને પોતાના ચિત્તમાં ધૈર્યનું અવલંબન કરીને ઇંદુપ્રભાએ રાજાને કહ્યું :-'રાજન્ પરસ્ત્રીના સંગથી દુનિયામાં અપવાદ ફેલાય છે. મિત્રોમાં પરસ્પર વૈરની વૃદ્ધિ થાય છે. નીરંતર માનસિક સંતાપ રહે છે. અને પરસ્ત્રીના સંગથી શરીર, બળ અને ધનનો ક્ષય થાય છે. તેમજ રાજ્યભ્રષ્ટ થવાય છે. કુળવાન મનુષ્યોના કુલ કલંકિત બને છે અને પરસ્ત્રીના સંગથી ભવાંતરમાં નરકની યાતનાઓ ભોગવવી પડે છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે : 'વિવેકી પુરૂષોએ પોતાની સ્ત્રીનો પણ વિશ્વાસ કરવો નહી, તો પરસ્ત્રીનો તો વિશ્વાસ કેમ કરી શકાય ? માટે પંડિતપુરૂષોએ કયારે પણ પણ પરસ્ત્રીની ઇચ્છા કરવી જોઇએ નહી. રાજન, જલમાંથી અગ્નિ, મેઘથી અંગારવૃષ્ટિ ઉત્પન્ન

થઈ છે? વળી વાડે કાકડીનું ભક્ષણ કર્યું છે? સૂર્યમાંથી અંધકાર અને ચન્દ્ર કિરણોમાંથી કયારે પણ ઉષ્ણતા વર્ષી છે? રાજન, તમારા કુળમાં જે રાજાઓ થઈ ગયા, તે બધાયે પરસ્ત્રીની પરાઙ્મુખ હતા. કયારે પણ મર્યાદાનો ભંગ કર્યો નથી. શું શેષનાગ પૃથ્વીના ભારને ત્યજી દે છે? સમુદ્ર કયારે પણ મર્યાદા ઓળંગે છે? તો હે પ્રભો તમે આ શું કરવા માંડયું છે? તમને ખબર છે ને કે ચકવાકી ચકવાકને જ ઇચ્છે છે. વિદ્યુત મેઘને અને ચંદ્રિકા ચન્દ્રને જ ઇચ્છે છે. તેમ કુલવાન સ્ત્રી પોતાના પતિને જ ઇચ્છે છે. પોતાના પતિ સિવાય મનમાં પણ પરપુરૂષની ઇચ્છા કરતી નથી. તો પરસ્ત્રી એવી મને મેળવીને શું કરશો?' આ પ્રમાણે ઇંદુપ્રભાએ ઘણો ઉપદેશ આપવા છતાં પણ મધુરાજાની વિષયાસક્તિ જરા પણ ઓછી થઈ નહી. બલ્કે અગ્નિમાંથી ઘી હોમવાની જેમ વિષયવાસના પ્રજ્વલિત બની. ઉખર ભૂમિમાં પુષ્કારવર્ત મેઘની વર્ષા, સર્પને દૂગ્ધપાન, અગ્નિમાં ઘી નાખવું, રોગીને મિષ્ટાન્નનું ભોજન અને દુર્જનો ઉપર કરેલો ઉપકાર એ બધુ જેમ નિરર્થક અને વિપરીત પરિણામ આપનાર બને તેમ ઇંદુપ્રભાના ઉપદેશની મધુરાજાને કંઇ જ અસર થઈ નહી. ઉલટું કામથી વધારે વિહ્વળ બની વિચારવા લાગ્યો :–'આ એકલી છે અને હું પણ એકલો છું, વળી રાત્રિનો સમય છે. ફરી ફરીને આવો એકાંત અવસર મળતો નથી. સંસારમાં મનુષ્ય જો સમયને ના ઓળખે તો તે ખરેખર પશુ કરતાં અધિક બદતર અને મૂર્ખ કહેવાય. અવસરે કાર્ય થાય તે ખરેખર સુખને માટે થાય છે. સમયે કાર્ય કરવામાં ના આવે તો સમય વીત્યા પછી પસ્તાવાનું થાય છે. તો ગમે તેમ કરીને લજ્જાનો ત્યાગ કરી આ સ્ત્રી સાથે એક વખત કામ ક્રીડા કરૂં. એ શું કરવાની હતી?' આ પ્રમાણે વિચારી કામાતુર બનેલા મધુરાજાએ બળાત્કારે તેની સાથે કામ ક્રીડા કરી. ત્યાર બાદ ઇંદુપ્રભાએ વિચાર્યું. 'મારો ભવિષ્યતાનો યોગ જ આવો હશે. ભલે આ રાજાની સાથે પતિનો સંયોગ થાઓ.' એમ વિચારી બીજી રાત્રીએ પોતે સ્વયં આવી અને મધુની સાથે આનાકાની કર્યા વિના કામ ક્રીડા કરી. ત્રીજી રાત્રિએ પણ લજ્જાનો ત્યાગ કરી પોતે સ્વયં આવી. આ રીતે હંમેશ રાત્રિમાં મધુરાજાની સાથે રહી કામસુખ ભોગવે છે. પ્રાયઃ સ્ત્રીઓ ધન, સત્તા અને સંપત્તિવાળા ઉચ્ચ પુરૂષને ઇચ્છે છે. પછી તો ઇંદુપ્રભા હાસ્ય, વિનોદ કથા, વાર્તા, વિનોદ, ગીત, નૃત્ય, સંગીત તેમજ હાવભાવ કટાક્ષ આદિ પોતાની કલાઓ વડે રાજાને એટલા પ્રસન્ન અને ખૂશ રાખે છે કે રાજાએ પોતાની પરણેતર સ્ત્રીઓને અવગણીને ઇંદુપ્રભાને અગ્રમહિષી (મુખ્ય પટ્ટરાણી) તરીકે સ્થાપન કરી. ઇંદુપ્રભામાં આસક્ત થયેલા મધુરાજા ઉદ્યાનમાં, પર્વતોમાં, વાવડીઓમાં તેમજ મનોહર બગીચાઓમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ઇંદુપ્રભાને સાથે લઇને જ જાય છે. બુદ્ધિશાળી મનુષ્યોને એક પાક્ષિક પ્રીતિ સુખને માટે થતી નથી, પરંતુ અહીંયા મધુરાજા અને ઇંદુપ્રભા એકબીજામાં તન્મય બની ગયા છે. મધુરાજા ઇંદુપ્રભાને પોતાની પાણિગ્રહણ કરેલી સ્ત્રીની જેમ માને છે. જ્યારે ઇંદુપ્રભા પણ

પોતાના પરણેતર પતિ તરીકે મધુરાજાને માને છે. આ પ્રમાણે ગાઢ પ્રીતિથી બંધાયેલા એકબીજા ભોગ સુખને ભોગવતા પોતાના જન્મને સફળ માને છે.

अथेंदुप्रभया साकं, ये मंत्रिसौविदल्लकाः । तत्र मुक्ता अभूवंस्ते, गत्वा हेमरथं जगुः ॥५१॥
स्वामिन्मित्रतया योंगी—कृतस्त्वया मधुर्नृपः । रिपुभ्योऽपि विशेषेण, रिपुर्ज्ञेयस्त्वया स हि॥५२॥
दुरात्मना पुरा तेन, या मैत्री जनिता त्वया । केवलं तव कांतार्थं, सा कापट्येन निर्मिता॥५३॥
यदर्थं विहिता मैत्री, दंभिना मधुभूभुजा । सा कृता सफला तेन, तव स्त्रीरक्षणाद्गृहे ॥५४॥
तन्मुखादिति वृत्तांतं, श्रुत्वा हेमरथोऽवदत् । युष्माभिर्हस्यते किं वा, यथातथं निगद्यते ॥५५॥
ते प्रोचुर्नाथ ! हास्यस्य, संति स्थानान्यनेकशः।मधुना रक्षिता ते स्त्री, जल्पामः सत्यमेव तत् ॥५६॥
स्वनारीरक्षणोदंत—माकर्ण्य मूर्छया भुवि । पपात भग्नरथव—द्धेमरथोऽतिदुःखतः ॥५७॥
सेवकैः स्वामिनो भक्तैः, शीतलैरुपचारकैः । यावत्सज्जीकृतो भूप—स्तावदूचे स विह्वलः ॥५८॥
सज्जीभवत रे भृत्याः, सन्नाहं परिधीयतां । लुंटित्वा सकलायोध्यां, बध्ध्वाऽऽनयत तं मधुं ॥५९॥
कियन्मात्रो मधुर्दुष्टो, यो रक्षति मम स्त्रियं । गत्वा तत्राधुनैवाहं, छिनद्मि तस्य मस्तकं ॥६०॥
व्याकुलं स्त्रीवियोगेन, लपंतमसमंजसं । वलीयांसं मधुं ज्ञात्वा—मात्या हेमरथं जगुः ॥६१॥
नाथ त्वत्तो मधुक्ष्मापो,बलेन वर्तते महान् । ततो ग्राह्यं शनैर्वैरं, प्रलापैर्न प्रयोजनं ॥६२॥
सत्यान्यमात्यवाक्यानि, जानन् हेमरथो हृदं । संस्थितो मौनमालंब्य, लुंटिताशेषवस्तुवत्॥६३॥
स्मारं स्मारं प्रियादुःखं, हृद्यजस्रं नृपोऽभवत् । वातुलः क्रमतस्तेन, वैकल्यं चोररीकृतं ॥६४॥
वैकल्येनाभवत्तेन, ग्रथिलः पार्थिवोऽप्यसौ । ततो गायति रागेण, कदाचिद्रोदिति स्वयं ॥६५॥
कदाचिद्धसति स्वैरं, शेते कदाचिदालये । कदाचिच्च सभामेति, नायात्यपि कदाचन ॥६६॥
हा प्रिये क्व गतासि त्वं, हा प्रिये किं न जल्पसि । हा प्रिये भ्रूविकारांश्च, कथं दर्शयसि न मे॥६७॥
हा प्रिये जल्पिता त्वं न, कदापि मौनमाश्रयः । मम स्नेहपरीक्षार्थं, सांप्रतं किं ब्रवीषि न ॥६८॥
देवानां या भवेद्देवी, सा तत्वान्मनसापि च । मिलेद्देव्यपि सुभ्रु त्वं, कथंचिदपि नो मिलेः ॥६९॥
प्राणेभ्योऽप्यधिकं मेऽभू—स्त्वमेंदुप्रभे प्रिये।स्थिता प्रच्छन्नवृत्त्या किं, दक्षता कलितापि च ॥७०॥
संति प्राणास्त्वदायत्ताः, किं न जानासि कोविदे।त्वां विना ते कथं देहे, स्थास्यंति मम मानिनि ॥७१॥
त्वां विना नगरं शून्यं, त्वां विना मंदिरं पुनः । त्वां विना हृदयं शून्यं, त्वां विना च वर्पुमम ॥७२॥
शून्या त्वया विना शय्या, दीर्घा रात्रिस्त्वया विना।अन्नपानरुचिर्नास्ति, दिवसेऽपि त्वया विना ॥७३॥
मया तवापराद्धं किं, विरुद्धं यदिवोदितं । देवि त्वं प्रकटीभूय, निवेदय यथास्थितं ॥७४॥
विजानाम्यथवा माम—कीनप्रमादयोगतः । निलये रक्षितासि त्वं, मधुना द्रोहवर्धिना ॥७५॥
वक्त्रेणेदुंप्रभेव त्व—मिंदुप्रभे हितैषिणि । त्वदेकध्यानलीनं मां, विना तेऽभूत्कथं सुखं ॥७६॥

एवं विलापवाक्यौघै—र्विलपन्नगराद्बहिः । नृपो ग्रथिलवत्सोऽपि, परिभ्रमति सर्वतः ॥७७॥
ग्राथिल्यान्नागरैश्चान्यैः, परित्यक्तो जनैः समैः । मा व्यहार्षीदथैकाकी, इत्यसौ बालकैर्धृतः॥७८॥
द्रवीकृत्य स्वमूत्रेण, रक्षया छगणोत्थया । स्वशरीरे ह्यसौ कुर्या—द्विलेपनं समंततः ॥७९॥
वस्त्राणां पत्रपर्णानां, खंडान्यादाय भूतलात् । पर्यधत्त शरीरेऽसौ, निवारितोऽपि बालकैः ॥८०॥
वनतो बहुजातीनि, लात्वा पुष्पफलानि सः । चेष्टां कुर्वन्निजे कंठे, हारकल्पनयाऽक्षिपत् ॥८१॥
वरेण्यसुरभिस्थाने, प्रबलां धूलिमक्षिपत् । ग्रथिलोऽसौ निजे काये—ऽसमंजसं भृशं वदन् ॥८२॥
मनोभवपिशाचेन, वर्धमानस्य तस्य तु । वैकल्यस्यापनोदाय, उपचारा जनैः कृताः ॥८३॥
तथापि तस्य शांतिर्न, समभूदखिलैरपि । लोकैर्मुक्तः स एकाकी, कष्टे हि कोऽपि नो सखा ॥८४॥
कुर्वाणो विविधां चेष्टा—मेकाकी पर्यटन् भुवि । भवितव्यतया मोहा—त्सोऽयोध्यां नगरीं गतः ॥८५॥
स्त्रीणां कदंबकं तत्र, विकलः प्रविलोक्य सः । देवि देवीति कृत्वोच्चै—र्दधावेंदुप्रभाश्रिया ॥८६॥
अस्मान् समीक्ष्य रे मूर्ख, किं त्वं ग्रथिल धावसि । ताभिः स्त्रीभिर्भणित्वेति, कुटयते लकुटादिभिः॥८७॥
अस्माकं कामिनीनां किं, त्पं विलग्नोऽसि रे जड । कसामुष्टिप्रहारेण, ताडितोऽसौ पुरीनरैः ॥८८॥
स्वकीयकर्मयोगेन, यत्र यत्र व्रजेदसौ । तत्र तत्र व्यधुर्लोका, महीयसीं विडंबनां ॥८९॥
तथापि देवि देवीति—कृतारावः पुरेऽखिले । पर्यटन् सहते कष्टं, पौरलोकविनिर्मितं ॥९०॥

ઇંદુપ્રભા મધુરાજાના રાજમહેલમાં રાતદિવસ રહેતી. આ પ્રમાણે મધુરાજાની પટ્ટરાણી તરીકે રહેલી જાણીને તેની પાસે મૂકેલા હેમરથરાજાના મંત્રી, કંચુકી તેમજ બીજા દાસ-દાસીઓ ઇંદુપ્રભાને ત્યાં જ મૂકીને વટપુરમાં આવ્યા અને હેમરથરાજાને કહ્યું:-સ્વામિન્, તમે મધુરાજાને મિત્રતાના લેબાશમાં શત્રુથી પણ અધિક શત્રુરૂપે ના ઓળખી શકયા. એ દુરાત્માએ તમારી સ્ત્રી માટે જ તમારી સાથે મિત્રતાનો દંભ કર્યો હતો. એ કટ્ટર દુશ્મન જે કામ ન કરે તેવું કામ આ દંભી રાજાએ કર્યું છે. આપની પટ્ટરાણી ઇંદુપ્રભાને તેણે પટ્ટરાણી તરીકે રાખી લીધી. મંત્રીના વચન સાંભળીને હેમરથે કહ્યું:-'અરે, તમે લોકો જેમ તેમ બોલીને શું મારી મશ્કરી કરો છો?' તેઓએ કહ્યું-'સ્વામિન્, હાંસી કરવાના ઘણાં સ્થાનો છે. અમે સાચું જ કહીએ છીએ કે મધુરાજાએ આપની પત્નીને પત્ની તરીકે રાખી લીધી છે.' પોતાની સ્ત્રીને રાખી લીધાના સમાચાર સાંભળીને હેમરથરાજા મૂર્છિત થઇને જમીન ઉપર પડી ગયા. અથવા અતિ દુઃખથી ભાંગી પડયા સ્વામિભક્ત સેવકોએ શીતલ ઉપચારો વડે સ્વસ્થ કર્યા પરંતુ હેમરથ ક્રોધ-ઉદ્વેગથી વિહ્વલ થઇને બોલ્યા:-'અરે સુભટો, તમે તૈયાર થાઓ! અયોધ્યા લૂંટીને એ દુષ્ટ મધુને બાંધીને મારી પાસે લાવો. એ દુષ્ટ મધુ કોણમાત્ર છે? મારી સ્ત્રીને રાખવાની તેની શું તાકાત છે? હું હમણાં જ ત્યાં જઈને તેનું માથું છેદી નાંખું.' સ્ત્રી વિયોગથી વ્યાકુળ થઇને જેમ તેમ બોલતા હેમરાજાને મધુ બળવાન

જાણીને મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું:–'સ્વામિન્, તમારાથી મધુરાજા મહાબળવાન છે તેથી ધીમે ધીમે કામ લેવાશે. પરંતુ પ્રલાપ કરવાથી કંઈ માત્ર બનવાનું નથી.' મંત્રી કહે છે તે સત્ય છે એમ જાણતો હેમરથ પોતાનું સર્વસ્વ લુંટાઈ ગયું હોય, તેમ શૂનમૂન થઈને રહ્યો. પ્રિયાના દુઃખને નિરંતર યાદ કરતો રાજા અનુક્રમે વિકલ બની ગયો અને વધુ પડતી વિકલતાથી ગાંડો થઈ ગયો. ગાંડપણથી રાજા કયારેક ગાય છે, કયારેક રડે છે, કયારેક હસે છે, કયારેક રાજસભામાં આવે છે, કયારેક મહેલમાં જાય છે. તો કયારેક રાજમહેલની બહાર પડયો રહે છે અને 'હા પ્રિયે, તું કયાં ગઈ છે? તું કેમ બોલતી નથી? મારી સાથે વાર્તા–વિનોદ કેમ કરતી નથી? હે પ્રિયે, તું આવ, તારૂં મુખ તો મને બતાવ, શું તું રીસાઈ ગઈ છે તેથી નથી બોલતી? હે દેવિ! તું કેમ મૌન રાખીને બેઠી છે? શું તું મારા સ્નેહની પરીક્ષા કરી રહી છે? તને શું થયું છે? દેવોની દેવી હોય છે તે પણ મન–વચન અને તનથી પોતાના પતિને મળે છે, તો હે સુભ્રુ, તું મારી દેવી છતાં મને કેમ મલતી નથી? હે ઇંદુપ્રભા, તું મારા પ્રાણથી પણ અધિક પ્યારી છે. તું કયાંય સંતાઈ ગઈ છે કે શું? તું જયાં હોય ત્યાંથી આવીને જલ્દી મળ. મારા પ્રાણ તારે આધીન છે. તે શું તું નથી જાણતી? હે પંડિતા તારા વિના મારા શરીરમાં પ્રાણો કેવી રીતે ટકશે? હે પ્રિયે, તારા વિના નગર, મહેલ, બધું સૂનું સૂનું થઈ ગયું છે. તારા વિના મારૂં હૃદય અને મારૂં શરીર શૂન્ય બની ગયું છે. અરેરે, હે પ્રિયે, તારા વિનાની શય્યા સૂની અને રાત્રિ વર્ષ જેવી લાંબી લાગે છે. તારા વિના દિવસે પણ મને અન્નપાનની રૂચિ થતી નથી. હે દેવી, મેં તારો શું અપરાધ કર્યો છે? અથવા તને કંઈ વિરૂદ્ધ કહ્યું હોય તો તું પ્રગટ થઈને મને જણાવ. હું તારી માફી માગું છું. અરેરે હું કયાં જઉં? હું જાણું છું કે મારા પ્રમાદથી અને મારી ભૂલથી જ કટ્ટર શત્રુ એવા મધુએ તને ઘરમાં બેસાડી. ખરેખર ઇંદુપ્રભા (ચન્દ્રિકા) જેવું જ તારૂં મુખ છે. હે ઇંદુપ્રભા, તું મારી હિતસ્વિની છે. ફક્ત તારા ધ્યાનમાં લીન થયેલા એવા મને તારા વિના સુખ કોણ આપશે? તું મારી સમક્ષ આવ, મને એક વખત તો તારા દર્શન આપ!' આ રીતે અનેક પ્રકારના વિલાપના વચનોથી વિલાપ કરતો કરતો હેમરથરાજા પાગલની જેમ ચારે બાજુ ઘૂમવા લાગ્યો. અને ગાંડપણથી નગરજનો તેમજ સ્વજનોથી ત્યાગ કરાયેલો રાજા રાજ્ય છોડીને કુતૂહલપ્રિય બાળકોથી વીંટળાયેલો 'હા ઇંદુપ્રભા હા ઇંદુપ્રભા,' ન પોકાર કરતો. ગલીએ–ગલીએ અને શેરીએ–શેરીએ ભટકવા લાગ્યો. છાણાની રાખને પોતાના મૂત્રથી ભીની કરીને પોતાના શરીરે વિલેપન કરે છે બાળકો રોકે તો પણ વસ્ત્રના ટુકડા તેમજ પત્ર પાંદડાઓ લઈને પોતાના શરીરે પહેરે છે. અને વગડામાંથી ઘણા પ્રકારના પુષ્પો અને ફૂલો લઈને હારની કલ્પનાથી ગળામાં પહેરે છે. શ્રેષ્ઠ સુગંધી સ્થળોમાં ધૂળ ઉછાળે છે, આ રીતે અનેક પ્રકારની પાગલપણાની ચેષ્ટા કરતો જેમ તેમ પ્રલાપો કરે છે, રાડો પાડે છે, રૂદન કરે છે. કામરૂપી પિશાચથી વધતાં જતા ગાંડપણનું નિવારણ કરવા

માટે સ્નેહીજનોએ ઘણા ઘણા ઉપચારો કરાવ્યા છતાં પણ તેને શાંતિ થઈ નહીં. તેથી લોકોએ તેને છોડી દીધો. 'ખરેખર, કષ્ટમાં પ્રાયઃ કોઈ મિત્ર હોતો નથી.' ગાંડપણથી અનેક પ્રકારની ચેષ્ટા કરતો એકાકી ભટકતો-ભટકતો ભવિતવ્યતાના યોગે તે અયોધ્યા નગરીમાં આવ્યો. જ્યાં સ્ત્રીઓનું ટોળું જુએ ત્યાં ઇંદુપ્રભાની બુદ્ધિથી 'દેવી દેવી, કરીને રાડો પાડતો સ્ત્રીઓને વળગવા દોડે છે. ત્યારે સ્ત્રીઓ તેને 'હે મૂર્ખ, હે ગાંડા, અમારા સામું કેમ જુએ છે ? અમને શા માટે વળગવા આવે છે ?' આ પ્રમાણે તિરસ્કાર કરીને લાકડી-પત્થર માટીનાં ઢેફાં આદિથી તેને કૂટે છે, અને મારે છે. 'અરે ગાંડા, અમારી સ્ત્રીઓને કેમ વળગે છે' એ પ્રમાણે બોલતાં નગરજનો પણ ચાબૂક, લાતો અને મૂઠીઓથી પ્રહાર કરતા હતા. આ પ્રમાણે પોતાના પાપકર્મના યોગે જ્યાં જ્યાં રાજા જતો ત્યાં ત્યાં લોકો તેને ઘણી ઘણી વિડંબના કરતા. લોકો તરફથી અનેક કષ્ટો સહન કરવા છતાં 'દેવી ! દેવી !' એ રીતે બૂમો પાડતો આખા નગરમાં ભટકતો. બાળકો તેમજ કૌતુકી લોકોનું તે હાંસીનું પાત્ર બન્યો.

सोऽबलाबालमर्त्यानां, सहमानः कदर्थनां दृष्ट इंदुप्रभाधात्र्या, गवाक्षस्थितयैकदा ॥९१॥
दृष्ट्वा हेमरथं भूमि—पालं समुपलक्ष्य सा । चिंतयाऽचिंतयच्चित्ते, धात्री धात्रीव दुःखभृत् ॥९२॥
हाहा प्रभुत्वमस्यैव, कीदृग्समभवत्पुरा । वर्तते चाधुनाऽस्यैव, कीदृग्लोककदर्थना ॥९३॥
धिग्धिगू हेमरथस्यापि, राज्ञोऽभूदीदृशी दशा । इति दुःखेन संपूर्णा, धात्री रुरोद भूरिशः ॥९४॥
प्रविलोक्य रुदंतीं तां, राज्ञ्येंदुप्रभयोच्यत । अकस्माद्रोदिषि त्वं किं, दुःखेन रहिता सती ॥९५॥
केनापि परिभूता त्वं, केनापि वा वचस्तव । सम्यक्तया कृतं नास्ति, गालिर्दत्ता च केनचिन् ॥९६॥
वल्लभस्य स्वकीयस्या—निष्टः कश्चिदुदंतकः।समागतोऽथवा किंचिद्, दुःखं तस्य भविष्यति ॥९७॥
पृष्टेति साऽवदद् देवि, मा पृच्छ त्वं बुनः पुनः।प्रश्नेन ते सुखाढ्याया महादुःखं भविष्यति॥९८॥
तयेत्युक्ते महीशस्त्री, प्राहात्याग्रहयोगतः । ब्रूहि ब्रूहि द्रुतं मातर्विचारो मा विधीयतां ॥९९
पृष्टा बह्वाग्रहेणेव, धात्र्युवाच सगद्गदं । महतामपि जायंते, कर्मतो विपदोऽभितः ॥४००॥
यतो हेमरथो राजा, योऽभूद्भर्त्ता पुरा तव । विधियोगात्स जातोऽस्ति, विकलस्त्वद्वियोगतः ॥१॥
धात्रीमुखादिति श्रुत्वा, वचनं दुःखसूचकं । जगाविंदुप्रभा कोपा—द्विधाय श्यामलं मुखं ॥२॥
स्तन्यपानप्रदानेन, धात्र्यसि मातृसन्निभा । अतःपरं न वक्तव्यं, त्वया वचनमीदृशं ॥३॥
संस्मारयति या दुःखं, विस्मारितं चिरंतनं । मुग्धाभ्योऽपि च सा मुग्धा, कथनीया च सा जनैः४
यो मे पुराभवद्भर्त्ता, तस्यैवं स्यादृशा कथं ?। कथं मम वियोगेन, विकलः स प्रजायते ? ॥५॥
वहंति पार्थिवास्तस्य, शासनं मित्रयंति च । कियंतः सेवकीभूय, प्रवर्तंते च तेष्वपि ॥६॥
संत्यस्य वाजिनः प्राज्या, मतंगजाः पदातयः । रमण्यो रूपधारिण्यः, स एकाकी कथं व्रजेत्॥७॥
पौर्णिमेन्दुसमानश्रिवक्त्रं नेत्रकजोपमे । तस्याऽस्ति सुंदराकार—आसेचनकरूपभृत् ॥८॥

तस्यापि दुरवस्था चेन्मद्वियोगेन वक्ष्यसि । तचाऽप्यस्ति महामौढ्यं, धात्रि कल्पनया तया ॥९॥
निशम्येंदुप्रभावाक्यं धात्रि चित्ते व्यचारयत् । मद्वाक्याश्रद्धया पश्चा—दप्येषा पीडयिष्यति ॥१०॥
ततः सांप्रतमेवाहं, तस्याः पतिं प्रदर्शयेः । मनसीति विचिंत्यासौ, प्रोवाच वचनं शुचा ॥११॥
आगच्छागच्छ पुत्रि ! त्वं, समीपे मम सत्वरं । प्रत्ययोत्पादनार्थं ते, दर्शयामि पतिं यथा ॥१२॥
इत्युक्ता कौतुकाद्याव—त्सा गता तत्समीपके।सोऽप्यधस्ताद्गवाक्षस्य, तावत्समागतो विधेः ॥१३॥
तं दृष्ट्वेंदुप्रभां धात्री, प्रोचे चाकारलक्षणैः । स्वं पतिं संशयेाच्छित्त्यै, पश्य पश्य वराकृतिं ॥१४॥
तयेति कथिते यावत्, सा समागत्य पश्यति । स तावद्वेष्टितो बालै—र्दृष्टो वैकल्यमादधत्॥१५॥
हा कांते कुरंगाक्षि. जल्पंतमिति लक्षणैः । सापि हेमरथं क्ष्माप—मुपलक्ष्य व्यचिंतयत् ॥१६॥
अहं तु मधुभूपेन, समं पंचेंद्रियोचितान्। भुंजे भोगानयं त्वासी—न्मद्वियोगेन दुखितः ॥१७॥
धिग्धिग्मे जीवितं जन्मा—वतारं योषितां पुनः।यतोऽसौ चिर्भटीवास्ति, भोग्या भोग्यवतानिशं॥१८
विदंतीति विषादेन, वहंती हृदि दुःखितां।धात्र्या सत्रा स्थिता याव—त्तावत्तत्रागतौ नृपः ॥१९॥
मधुभूपागमं ज्ञात्वा, दातुं विष्टरमद्भुतं । दुःखिताप्यतिदुःखेन, विनयाय समुत्थिता ॥२०॥

સ્ત્રી-બાળક આદિ માણસોની કદર્થનાને સહન કરતો હેમરથરાજા અયોધ્યા પહોંચ્યો. અયોધ્યામાં ભટકતા એવા તેને કોઇએક દિવસે ઇંદુપ્રભાની ધાવ માતાએ બારીમાંથી જોયો. હેમરથરાજાને ઓળખી તેની આવી દશા જોઈને ધાવમાતા ખુબ દુઃખી થઈ. 'અરે ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ. હેમરથ રાજાની આવી દશા કોણે કરી ? અરે, મારા સ્વામીરાજા કયાં અને લોકોથી કદર્થના કરાતા હેમરથ કયાં.' ધાવમાતાનું હૈયું દુઃખથી ભરાઈ ગયું. તે ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી. પોતાની ધાવમાતાને રૂદન કરતી જોઈને ઇંદુપ્રભાએ કહ્યું:-'માતા તું શા માટે રડે છે ? અહીંયાં તને શું દુઃખ છે ? કોઇએ તારો પરાભવ કર્યો છે કે તારું વચન ઉલ્લંઘન કર્યું છે ? અથવા કોઇએ ગાળ દીધી છે ? તારા કોઈ સ્વજનના અશુભ સમાચાર છે ? તને જે દુઃખ હોય તે મને કહે. તારે રોવાની શું જરૂર ?' ધાવમાતા બોલી : 'દેવી તું મને વારંવાર પૂછીશ નહી સુખમાં લીન થયેલી એવી તને મહાદુઃખ થશે. માટે મહેરબાની કરીને તારે જાણવાની કંઈ જરૂર નથી.' ઇંદુપ્રભાએ ઘણો આગ્રહ કર્યો : 'માતા, તારે કહેવું જ પડશે. ભલે હું દુઃખી થાઉં. તારે તેનો વિચાર કરવો નહીં. પરંતુ જે હોય તે મને કહે.' ઇંદુપ્રભાના અતિઆગ્રહથી ગદ્‌ગદ્‌સ્વરે ધાત્રી બોલી: 'દેવી, મોટા પુરૂષોને પણ અશુભકર્મથી કેવી કેવી વિપત્તિઓ આવે છે. તારા પહેરાના પતિ હેમરથરાજા તારા વિયોગથી પાગલ થઈ ગયા છે. તે ભટકતા ભટકતા ભવિતવ્યતાના યોગે અહીં આવ્યા છે.' દુઃખસૂચક એવા ધાવમાતાનાં વચન સાંભળીને ક્રોધથી શ્યામમુખ કરીને ઇંદુપ્રભાએ કહ્યું : 'સ્તનપાન કરાવવાર તું મારી માતા સમાન છે. તો તારે હવેથી આવું બોલવું નહીં. ભૂલી ગયેલા એવા ભૂતકાળના દુઃખને તું મને યાદ કરાવે છે ? ખરેખર સ્ત્રીઓનું મુગ્ધપણું લોકોમાં

કહેવાય છે તે સાચું છે. મારા પહેલાના પતિ હેમરથરાજાની શું આવી દશા થાય? શું મારા વિયોગથી પાગલ બની જાય? અનેક રાજા-મહારાજાઓ તો તેના મિત્ર અને સેવક થઈને રહ્યા છે. તેમજ તેની પાસે હજારો હાથી, ઘોડા, રથ અને લાખોનું પાયદળ સૈન્ય તેમજ સેંકડો રૂપરમણીઓ છે. તે શું અહીંયાં એકલા આવતા હશે? પૂર્ણિમાના ચન્દ્ર સમાન મુખ અને કમલ સમાન નેત્રવાળા, રૂપમાં કામદેવ સમાન સુંદર શરીરવાળા એવા મારા પતિ હેમરથરાજાની મારા વિયોગે આવી દશાની કલ્પના કરવી એ તારી નરી મૂર્ખતા છે.' ઇંદુપ્રભાનું કથન સાંભળીને ધાવમાતા મનમાં વિચારવા લાગી: 'ભલે એને મારા વચન ઉપર વિશ્વાસ નથી, પરંતુ પછી જાણશે ત્યારે તેને કેવી પીડા થશે? તેથી તેને સાક્ષાત્ બતાવું.' એમ વિચારીને ધાવમાતાએ કહ્યું : 'હે પુત્રી, તું આવ. તું મારી પાસે જલ્દી આવ, તારા વિશ્વાસ માટે તારા પતિને બતાવું. તું નજરોનજર જોઈને પ્રતીતિ કર.' ધાત્રીનાં વચન સાંભળીને ઇંદુપ્રભા ધાવમાતા પાસે ગવાક્ષ (ઝરૂખા)માં આવીને જુવે છે ત્યારે વિધિયોગે બાળકોથી વીંટળાયેલો, ગાંડપણથી 'હે કાંતા, હે કુરંગાક્ષિ, હે ઇંદુપ્રભા' આ રીતે રાડો પાડતા હેમરથરાજાને જોઇ, ઓળખીને ઇંદુપ્રભા દુઃખી થઈને વિચારવા લાગી: 'અરે હું મધુરાજાની સાથે પાંચે ઇન્દ્રિયના વિષયસુખોને ભોગવી રહી છું. જ્યારે આ મારા વિયોગથી દુઃખી દુઃખી થઈ ગયો છે. ખરે ધિક્કાર થાઓ મારા આ જીવિતને, અને ધીક્કાર થાઓ મારા અવતારને. ખરેખર સ્ત્રીઓ ભોગી પુરૂષો માટે ચીભડાના જેવી ભોગ્યા જ હોય.' દુઃખી થયેલી, હૃદયમાં વિષાદને ધારણ કરતી, આંખમાં આંસુ ભરાઈ ગયા છે એવી ધાત્રીની સાથે ગવાક્ષમાં ઉભી રહી છે, ત્યાં મધુરાજા આવ્યા. રાજાનું આગમન જાણીને ઇંદુપ્રભાએ અતિદુઃખથી દુઃખી થયેલી હોવા છતાં વિનયપૂર્વક ઊભી થઈને રાજાને બેસવા માટે આસન આપ્યું.

प्राज्यप्रेमरसात्सोऽपि, कंठे कृत्वा निजौ करौ । स्थित्वा शिरोगृहे याव—द्वीक्षते नागरीं श्रियं२१
तावच्च कोट्टपालेना—भिधया चंडकर्मणा । बध्वा निबिडबंधेना—नीतः कश्चिद्वरो नरः।२२॥
तमानीय महीशस्य, पार्श्वे स विनयाज्जगौ ।। नाथायं यौवनाढ्योऽस्ति, परदारनिषेवकः ॥२३॥
ततो दंडं यथा ब्रुषे, तथास्य स विधीयते । इत्युक्त्वा संस्थितो याव—द्भूपस्तावदुवाच तं॥२४॥
चंडकर्मन् किमत्र त्वं, विजानन्नपि पृच्छसि । परद्रव्यपरस्त्रीषु, भवेयुर्ये रता नराः ॥२५॥
शूलिकारोपणं तेषां, कार्यते यदि तद्वरं । अन्येषामपि मर्त्यानां, तर्हि शिक्षा प्रजायते ॥२६॥
दुरात्मनस्ततोऽस्यापि, परदारनिषेविणः । शूलाधिरोपणं कार्यं, न विचार्यं, मनागपि ॥२७॥
श्रुत्वेति भूपतेर्वाक्यं, स्मित्वा चेंदुप्रभाऽब्रवीत् । परस्त्रीसेवने कश्चि—द्दोषोऽपि किं प्रवर्तते ॥२८॥
यतोऽस्य पुण्यतारुण्य—लावण्यरूपसंपदः । सहसादिश्यते घातः, प्राज्यपातककारकः ॥२९॥

तयेत्युक्ते नृपः प्राह, नैतावदपि वेत्सि किं । परस्त्रीसेवया पापं, घोरं स्याद् दुर्गतिप्रदं ॥३०॥
संसृतावैकतः सर्वा—ण्यपि पापानि पापिनां । परस्त्रीभजनोद्भूत—मेकतस्तन्निगद्यते ॥३१॥
अन्यस्त्रीसेवनाद्देव–द्रव्यभक्षणतः पुमान् । सप्तवारं जघन्येन, सप्तमं नरकं व्रजेत् ॥३२॥
परस्त्रीसंगमाद्दुःखं, भवेच्च नरकोद्भवः । शास्त्रेऽपीति त्वया देवि!, श्रुतमद्यापि नास्ति किं॥३३॥
परस्त्रीभजनाद्भूमा—वयशोऽपि नृणां भवेत् । अन्यस्त्रीश्रयणाद्भूयो, वैरं मित्रजनेष्वपि ॥३४॥
तदेंदुप्रया प्रोचे, स्वामिन् जानासि चेदिति । तर्हि त्वयान्यकांतापि, रक्षिताहं गृहे कथं ? ॥३५॥
या चित्वा पितृपार्श्वेऽहं, परिणीता त्वया न च । मनसापि पुरा वांछा, न मया विहिता तव ॥३६॥
प्रस्तावोचितमाकर्ण्य, तद्वचो रागमोचनं । बिभ्यन्नरकदुःखेभ्यो, वैराग्यं प्राप पार्थिवः ॥३७॥

પ્રેમરસમાં મગ્ન બનેલા મધુરાજા ઇંદુપ્રભાના ગળામાં બે હાથ ભરાવીને અગાસીમાં બેઠા અને નગરીની શોભા જોઈ રહ્યા છે. તેવામાં ચંડકર્મા નામનો કોટવાળ મજબૂત બેડીઓથી બાંધેલા કોઈ યુવાન પુરૂષને લઇને આવ્યો. રાજાને પ્રણામ કરીને વિનયપૂર્વક બોલ્યો :- 'મહારાજા, આ પુરૂષે યુવાનીમાં ભાન ભૂલીને પરસ્ત્રીની સાથે સંગ કર્યો છે, તેથી તેને શું શિક્ષા કરવી તે આપ ફરમાવો. આપના આદેશ મુજબ તેને તાત્કાલિક દંડ કરું.' રાજાએ કહ્યું :-'અરે ચંડકર્મન્, તું શું નથી જાણતો કે મને પૂછે છે? આપણા રાજ્યમાં કાયદો છે કે જે પરદ્રવ્યનું હરણ અને પરસ્ત્રીગમન કરે તેને શૂલીએ ચઢાવવો. જેથી બીજા માણસો આવી ભૂલો કરે નહી. તેથી પરસ્ત્રીગમન કરનારા આ દુરાત્માને કોઇ પણ જાતનો વિચાર કર્યા વિના શૂલી ઉપર ચઢાવી દો !' રાજાનું વચન સાંભળીને કંઈક હસીને ઇંદુપ્રભાએ કહ્યું :-'સ્વામિન્, પરસ્ત્રી સેવનમાં શું કંઈ દોષ છે? જેથી આવા રૂપ-લાવણ્યયુક્ત સુંદર પુરૂષનો ઘાત કરવાની આજ્ઞા આપી ?' રાજાએ કહ્યું :-'દેવી! શું તું એટલું પણ નથી જાણતી કે પરસ્ત્રીસેવન એ ભયંકરમાં ભયંકર પાપ કહેવાય છે, અને તે દુર્ગતિને આપનારૂં બને છે. સંસારમાં એક બાજુ બધાં પાપો અને એક બાજુ પરસ્ત્રીગમન એ મહાપાપ કહેવાય છે. પરસ્ત્રીનું ગમન અને દેવદ્રવ્યનું ભક્ષણ-આ બે મોટા પાપથી પુરૂષને ઓછામાં ઓછું સાત વખત નરકમાં જવું પડે છે અને નરકની ઘોર યાતનાઓ ભોગવવી પડે છે. દેવિ, આ સિદ્ધાંતને શું તેં હજુ સુધી જાણ્યો નથી ? વળી આ લોકમાં પણ પરસ્ત્રીગમનથી અપયશ ફેલાય છે અને મિત્રજનો પણ શત્રુ બની જાયછે.' ઇંદુપ્રભાએ કહ્યું:- 'સ્વામિન્, જો આપ આ બધી શાસ્ત્રની વાત જાણો છો તો પરસ્ત્રી એવી મને આપે કેમ ઘરમાં બેસાડી છે ? મારા પિતા પાસે માગણી કરીને મને પરણ્યા નથી અને મેં મનથી પણ તમારી ઇચ્છા કરી નથી.' રાગથી મુક્ત કરનારૂં અવસરોચિત વચન સાંભળી નરકના દુઃખથી ભયપામેલા મધુરાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો.

यत्कर्म जनितं राग—वशेन सहसाधमं । राजावैराग्यपूरेणा—निंदत्तच्चेतसा सह ॥३८॥
हा हा दुरात्मना दुष्टं, किं मया कर्म निर्मितं।अवगणय्य निःशेषान्, वृद्धान् प्रधानपूरुषान् ॥३९॥

कुलाचारो मयालोपि, कोपिता ऊढतोषितः।हितकारी वचः कस्या—प्यंगीकृतं न पापिना ॥४०॥
परलोकभयाद्भीत—श्चित्तेऽहं न मनागपि । इहलोकापवादोऽपि, मानितो न मया ध्रुवं ॥४१॥
रूपवत्यो वशाः किं न, मम संति मनोहराः । कथं मयान्यकामिन्यां, मोहः प्रजनितो भ्रमात् ॥४२॥
सप्तधातुमयं कायं, विजानतापि योषितां । अभिलाषः कथं हा हा, वैकल्यवशतः कृतः ॥४३॥
आसक्तया स्वककांतापि, सेवनीया न धर्मिभिः।दुरात्मा पररामाया, भोगे लुब्धोऽल्पधीरहं ॥४४॥
परदारेषु लुब्धानां, यो दंडः प्रविधीयते । ममाप्येष समायातो, दुष्कर्मप्रविनिर्मितेः ॥४५॥
श्लेष्मागारं मुखं स्त्रीणां, मांसग्रंथी स्तनौ पुनः । कथं तत्र मया मोहो, विधीयते दुरात्मना ॥४६॥
यतो रक्षोचिता स्त्रीणां, तत एव बिभीषिका । धिक्कंदर्पशरैर्विद्धं, मामकीर्तिनिकेतनं ॥४७॥
श्रवणैः श्रवणस्वाद—धारिणो हरिणाः क्षणात्।प्राणानपि परित्यज्य, देहं ददति देहिनां ॥४८॥
चक्षूरसविकारेण, मेम्रियंते पतंगकाः । न प्राणान् गणयंति स्वान्, प्रविशंतो हुताशने ॥४९॥
भ्रमंति भ्रमरा बिष्व—ग्रासिकारसयोगतः । स्थिताः कमलकोशेषु, न जानंत्यात्मबंधनं ॥५०॥
शीतकाले महाशीतं, संहते जलसंस्थिताः । रसनारससंपर्कात्, प्राप्नुवंति मृतिं झषाः ॥५१॥
तुंगोऽपि मदमत्तोऽपि, करिणीवशमानसः । स्पर्शनेंद्रियसंयोगात् पतति चारिषु द्विपः ॥५२॥
एकैकेन रसेनेति, तिर्यंचोऽप्यापुरापदं । पचेंद्रियरसाढ्यस्य, का गतिर्मे भविष्यति ॥५३॥
विषया विषसंकाशाः, पाशाश्च विषया नृणां । विषया मोहसंचारा, विषयाः सुखवर्जिताः ॥५४॥
रूपं तारूण्यमैश्वर्यं, द्रविणं चाबलाबलं । सर्वेऽपि क्षणिका एते, संसारे मोहकारिणः ॥५५॥
त एव संसृतौ धन्या, एतेभ्यो ये शरीरिणः । स्वसाधनं प्रकुर्वंति, महानंदयियासया ॥५६॥
भावनां भावयन्नेवं, युवानं कामिनं नरं । वधाच्च मोचयित्वा तं भुनक्ति भूपतिः सुखं ॥५७॥

વૈરાગી થયેલા મધુરાજા મનમાં ચિંતન કરેછેઃ- 'અરેરે, અધમ એવા મેં રાગવશાત્ કેવું કર્મ ઉપાર્જન કર્યું ? પાપી એવા મેં મારા વયોવૃદ્ધ, પ્રધાનપુરૂષોની અવગણના કરીને કેવુ દુષ્ટ કર્મ કર્યું ? મારા પવિત્ર કુલાચારનો લોપ કર્યો. મારી પરણેતર સ્ત્રીઓને તરછોડી. પાપી એવા મેં કોઇનું પણ હિતકારી વચન સાંભળ્યું નહીં, પરલોકનો જરાપણ ભય મેં ના રાખ્યો. અને આલોકના અપવાદની પણ ગણના કરી નહિ. શું મારીપાસે સુંદર રૂપવંતી સ્ત્રીઓ નહોતી કે જેથી મેં પરસ્ત્રીની સાથે મોહ કર્યો ? સ્ત્રીઓની સાતધાતુથી ભરેલી અશુચિમયાને જાણવા છતાં મોહાંધ બનેલા મેં પરસ્ત્રીનું સેવન કેમ કર્યું ? સજ્જનપુરૂષો પોતાની સ્ત્રીની સાથે પણ આસક્તિ રાખતા નથી તો ભોગમાં લુબ્ધ બનેલા અલ્પબુદ્ધિવાળા મે દુરાત્માએ આ શું કર્યું ? પરસ્ત્રીમાં લંપટ બનેલાને જે શિક્ષા થાય તે શિક્ષા મને થવી જોઇએ. શ્લેષ્મથી ભરેલા મુખ ઉપર અને માંસની ગ્રંથીના સ્તન ઉપર પાપી એવો હું મોહાંધ બન્યો. રક્ષણ કરવાને યોગ્ય એવી પરસ્ત્રી ઉપર કામબાણથી વિંધાઇને મેં કેવુ દુરાચરણ કર્યું ? ધિક્કાર થાઓ મને. મેં મારા કૂળને

કલંકિત કર્યું. શ્રવણેન્દ્રિયના વિષય સંગીત શ્રવણની આસક્તિમાં મુઢ થયેલા હરણીઆઓ પોતાના પ્રાણોનો ત્યાગ કરીને પોતાના શરીરને મનુષ્યોનું ભક્ષ્ય બનાવે છે. ચક્ષુરિન્દ્રિયના વિષય રૂપની આસક્તિમાં ભાન ભૂલેલા પતંગીઆઓ પોતાના પ્રાણોની પરવા કર્યા વિના અગ્નિમાં ઝંપાપાત કરે છે. નાસિકાના વિષયના ગંધમાં આસક્ત બનેલો ભ્રમર કમલ કોશમાં રહેલ પોતાનું બંધન જાણતો નથી. અથવા કમલ સંકોચાવાથી ત્યાં ને ત્યાં મૃત્યુને શરણ થાય છે. શીતકાળમાં પણ કડકડતી ઠંડીને સહન કરતા માછલાઓ રસનાના સ્વાદમાં આસક્ત થઈને મૃત્યુને શરણે જાયછે. સ્પર્શેન્દ્રિયના વિષય કોમલસ્પર્શની આસક્તિમાં ભાનભૂલેલો મદોન્મત્ત મહાકાયહાથી પણ હાથિણીના સ્પર્શમાં ઘેલો થયેલો બંદીવાન બની જાય છે. આ રીતે એક એક ઇન્દ્રિયના વિષયમાં આસક્ત બનેલા તિર્યંચો પણ મહાઆપત્તિમાં સપડાય છે, જ્યારે હું તો પાંચે ઇન્દ્રિયના રસમાં આસક્ત બનેલો છું તો મારી શી ગતિ થશે?

વિષયો વિષ સમાન છે, વિષયો મનુષ્યોને ફસાવનાર પાશ સમાન છે. વિષયો એ મોહના ચાળા છે અને વિષયો સુખને નાશ કરનારા છે. રૂપ, લાવણ્ય, તારૂણ્ય, ધન, સંપત્તિ, વૈભવ સત્તા રાજ્ય વગેરે સર્વેક્ષણિક છે અને સંસારમાં રખડાવનાર છે. આ સંસારમાં તે પુરૂષોનેજ ધન્ય છે કે તેનો ત્યાગ કરીને મોક્ષની અભિલાષાથી આત્મકલ્યાણને સાધે છે. આ પ્રમાણે શુભભાવના ભાવતા મહારાજાએ કામીયુવાન પુરૂષને બંધનથી મુક્ત કરાવીને એને અભયદાન આપ્યું.

कुर्वन्माधुकरीं वृत्तिं, पंचापि समितीः श्रयन् । आहारार्थं यतिः कश्चि—त्तावत्तत्र समागतः॥५८॥
समालोक्य मुमुक्षुं तं, सहसोत्थाय हर्षतः । ववंदे चरणौ तस्य, भूपालो भक्तिभासुरः ॥५९॥
वंदित्वा च गृहे नीत्वा, स्त्रियेंदुप्रभया समं । शुद्धैश्चतुर्विधाहारै —र्भूपस्तं प्रत्यलाभयत् ॥६०॥
हर्षेण बहुमानेन, रोमांचेन स्फुरद्विरा । अनुमोदनया तस्य, दत्वा भूपोऽप्यमूमुदत् ॥६१॥
वाचंयमोऽपि निर्दोषा—हारावाप्तेर्नृपालये । मोदमानो महीनाथ—विनतः काननं गतः ॥६२॥
गत्वा सा धुविधिं कृत्वा, समस्तमपि सादरं । मुनिराहारयामास, गृध्रत्वेन विनाकृतं ॥६३॥
शुद्धमाहारमाहृत्य, ध्यानलीनो मुनीश्वरः । अवाप केवलं ज्ञानं, विश्वस्वरूपदर्शकं ॥६४॥
विज्ञाय केवलज्ञानं, निष्पादयितुमुत्सवं । देवा दुंदुभिनिर्घोष—मकुर्वन् पूरितांबरं ॥६५॥
समाकर्ण्यानकध्वानं, कोलाहलं च नाकिनां । श्रूयतेऽयं कुतः शब्दो, भूपो भृत्यान् जगाविति॥६६॥
तेऽवोचन्नाथ युष्मद्भि—र्यतिर्यं प्रतिलाभितः । केवलज्ञानमुत्पेदे, तस्यर्षेः कर्मणां क्षयात् ॥६७॥
कोलाहलस्ततो ह्येष, वृंदारकविनिर्मितः । श्रुत्वेत्यवनिनाथोऽपि, हर्षभेरीमवादयत् ॥६८॥
वादिताया महीशेन, भेर्या नादेन नागराः । मिलिताः स्थानतः स्थाना—ल्लोकाः सर्वापदुज्झिताः।६९
तैः सत्रा गजमारुह्य, चित्रवादित्रनिःस्वनैः । जगाम जगतीजानि—र्नतुं केवलिनं मुनिं ॥७०॥

प्रदक्षिणात्रयीं दत्वा, सत्वानुकंपिताशयः । नत्वा क्रमौ महीनाथो, यथास्थानमुपाविशत् ॥७१॥
उपविश्याश्रृणोद्धर्म—देशनां पापनाशिनीं । श्रुत्वा भूपोऽवदन्नाथ, जैनधर्मं प्रदर्शय ॥७२॥
इत्युक्ते भूभुजा साधु—रभ्यधाच्छृणु पार्थिव । साधुश्रद्धालुधर्माभ्यां, जिनैधर्मो द्विधोदितः।७३॥
तत्र वाचंयमानां यः, स तु पंचमहाव्रतः । जिनेंद्रैः कथितो धर्मः, श्राद्धानां द्वादशव्रतः ॥७४॥
तन्मध्याद्यत्र ते शक्ति—स्तं धर्ममुररीकुरु । निशम्येति यतेर्वाक्य—मचिंतयन्मधुर्नृपः ॥७५॥
परस्त्रीसेवनादीनि, घोराणि पातकानि च । विहितानि मया दुष्ट—चेतसा रागबुद्धितः ॥७६॥
यथा विशुद्धिः पापानां, तेषां खलु भविष्यति । गुरुशिक्षा ततो दीक्षा, शुद्धयै समुचिता मम ॥७७॥
विचार्येत्यवदद्भूपः, स्वामिन् संसारवासतः । भीतो न्यस्य सुते राज्यं, प्रव्रजिष्यामि तेंतिके।७८॥
कथितं यतिना राजन् , यथा सुखं तथा कुरु। इति यतिवचः श्रुत्वा, नत्वा भूपोऽगमद् गृहं ॥७९॥
गेहमागत्य भूपाल—श्चारित्रग्रहणेच्छया । स्वराज्ये स्थापयामास, विनीतं ज्येष्टमंगजं ॥८०॥
स्थापयित्वा सुतं राज्ये, राजा वैराग्ययोगतः । दीक्षां केवलिनः साधोः, पार्श्वेऽग्रहीन्महोत्सवैः८१।
पतिव्रता भवेद्या स्त्री, सा स्यात्पत्यनुगामिनी । तयेत्यग्रमहिष्यापि चारित्रमुररीकृतं ॥८२॥
कैटभनामधेयो यो—ऽनुजोऽभूत्तस्य भूपतेः । तेन स्वयोषिता साकं, जगृहे चरणं मुदा॥८३॥
उभाभ्यामपि भ्रष्टाहं, संजातेति निजे हृदि । मत्वा सेंदुप्रभाराज्ञी, जग्राह व्रतिनीव्रतं ॥८४॥
चारित्रं ते समादाय, कुर्वाणा विनयं गुरोः । अध्यगीषंत शास्त्राणि, वैराग्योत्पादकानि च ॥८५॥
तपः कृशानुना कर्तुं, कर्मेधनानि भस्मसात् । दुस्सहं तपयामासु—स्तपः कर्मक्षयाय ते ॥८६॥
अधीत्यानल्पशा स्त्राणि, कृत्वा तीव्रतमं तपः । मृत्वा समाधिना जग्मुः, सर्वेऽपि त्रिदशालयं।८७॥
इंदुप्रभापि चारित्रं, सम्यक्प्रपाल्य पुण्यतः । गत्वा स्वर्गं सुखं भुक्त्वा, च्युतायुःक्षययोगतः८८
वैताढ्यशिखरिण्यास्ति, नगरं गिरिपत्तनं । तत्रास्ति हरिभूपाल—स्तस्य स्त्री हरिवत्यभूत् ॥८९॥
भुंजानयोस्तयोर्भोगां—स्तनयस्थापिताशयोः । सुता हरिवतीकुक्षौ, जाता च्युत्वा सुरालयात्।९०
तस्याः कमलमालेत्या—ख्या पितृभ्यां विनिर्मिता । मेघकूटपुरे काल—संवरेण विवाहिता ॥९१॥

અનિત્ય આદિ બાર ભાવનાનું ચિંતન કરતા મહારાજા રાજ્યનું પાલન કરી રહ્યા છે. તેવામાં પાંચ સમિતિનું પાલન કરતા, માધુકરી ભિક્ષાની શોધ કરતા કોઈ એક મહામુનિ, આહારને માટે રાજમહેલમાં આવ્યા. મુનિને જોઇને આનંદિત બનેલા રાજાએ ભક્તિભાવ પૂર્વક વંદન કર્યું. અને અંદર લઈ જઈને ઈંદુપ્રભાની સાથે રાજાએ મુનિરાજને ચાર પ્રકારનો શુદ્ધ આહાર વહોરાવ્યો. વહોરાવીને હર્ષ અને બહુમાનથી રોમાંચિત બનેલા રાજાએ ખૂબ ખૂબ અનુમોદના કરી. રાજમહેલમાં નિર્દોષ આહારની પ્રાપ્તિથી ખુશ થયેલા મહામુનિએ ઉદ્યાનમાં જઈને આદરપૂર્વક સાધુચર્યાનું પાલન કરીને અનાસક્તભાવે આહાર કર્યો. શુદ્ધ આહાર

કરીને ધ્યાનમાં લીન થયેલા મહામુનિને કર્મોના ક્ષયથી લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. મુનિને કેવલજ્ઞાન થયેલું જાણીને ત્યાં રહેલા દેવોએ મહોત્સવ કરવા માટે જોરથી દેવદુંદુભિ વગાડી. દેવદુંદુભિનો અવાજ અને દેવોનો કોલાહલ સાંભળીને રાજાએ સેવકોને પૂછયું:–'આ અવાજ કયાંથી આવે છે?'સેવકે કહ્યું:–'સ્વામિન્, આપે જે મુનિને પ્રતિલાભ્યા હતા, તે મહામુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી દેવો કેવલજ્ઞાનનો મહોત્સવ કરી રહ્યા છે. તેનો આ કોલાહલ છે.' સાંભળીને હર્ષવિભોર બનેલા રાજાએ નગરીમાં ઢંઢેરો ફેરવી નાગરિકોને નિવેદન કર્યું. ચતુરંગીસેના અને પ્રજાજનો સાથે અનેક પ્રકારના વાજિંત્રોના અવાજપૂર્વક હાથી ઉપર બેસીને રાજા મહામુનિને વંદન કરવા માટે ગયા. પાંચ અભિગમપૂર્વક ઉદ્યાનમાં આવીને મહામુનિને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કરીને યથાસ્થાને બેઠા. કેવલિભગવંતના મુખે પાપનાશિની ધર્મદેશના સાંભળીને રાજાએ કહ્યું:–'નાથ, મને જૈનધર્મનું સ્વરૂપ બતાવો.' કેવલજ્ઞાનીએ કહ્યું:–'રાજન્, જિનેશ્વરભગવંતોએ સાધુધર્મ અને શ્રાવકધર્મ બે પ્રકારનો ધર્મ કહ્યો છે. સાધુધર્મમાં પાંચ મહાવ્રતોનું અને શ્રાવકધર્મમાં સમ્યક્ત્વમૂલ બાર વ્રતોનું પાલન કરવાનું હોય છે. આ બે પ્રકારના ધર્મમાંથી તમારી શક્તિ અનુસાર કોઇપણ ધર્મનો સ્વીકાર કરો.' મુનિના વચન સાંભળીને રાજાએ કહ્યું:–'ભગવંત, મોહાંધ એવા મેં રાગબુદ્ધિથી પરસ્ત્રીસેવન આદિ ઘોર પાપો કર્યા છે. તે પાપોની વિશુદ્ધિ તો દીક્ષા અને ગુરૂની શિક્ષા સિવાય થઈ શકે જ નહી, તેથી પાપની શુદ્ધિ માટે મારે દીક્ષા લેવી, તે જ યોગ્ય છે.' આ પ્રમાણે વિચારી સંસારવાસથી ઉદ્વિગ્ન બનેલા મધુરાજાએ કહ્યું:- 'સ્વામિન્, પુત્રનો રાજ્યાભિષેક કરીને હું આપની પાસે દીક્ષા લઈશ.' મુનિએ કહ્યું:- યથાસુખમ્ જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ ના કરવો જોઈએ. પ્રવ્રજ્યાના અભિલાષી રાજાએ ઘેર આવીને મોટા પુત્રને રાજય ઉપર સ્થાપન કર્યો. વૈરાગ્ય ભાવથી મહોત્સવ પૂર્વક કેવલિભગવંત પાસે ચારિત્ર અંગીકાર કર્યું. પતિના માર્ગને અનુસરનારી મધુરાજાની અગ્રમહિષીએ પણ રાજાની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. મધુરાજાના નાનાભાઈ કૈટભે પણ પોતાની સ્ત્રીની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. ઈંદુપ્રભાએ પણ 'હવે હું ઉભયથી ભ્રષ્ટ થઈછું, તો ઘરમાં રહીને શું કરવુ?' એમ વિચારીને સાધ્વીજી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. આ પ્રમાણે મધુરાજા આદિએ દીક્ષા ગ્રહણ કરીને ગુરૂમહારાજનો વિનય કરતા વૈરાગ્યપોષક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને તપશ્ચર્યારૂપી અગ્નિવડે કર્મરૂપી ઇંધણોને ભસ્મીભૂત કરવા માટે દુઃસહતપ કરવા લાગ્યા. ઘણા શાસ્ત્રોનું અધ્યયન કરી વ્રત તપને તપી સમાધિ પૂર્વક આયુષ્ય પૂર્ણ કરી તે સર્વે દેવલોકમા દેવપણે ઉત્પન્ન થયા.

ઇંદુપ્રભા પણ સમ્યક્ પ્રકારે ચારિત્રનું પાલન કરી તીવ્ર તપને તપી પુણ્યકર્મના ઉદયથી સ્વર્ગલોકમાં ગઇ. સ્વર્ગનાં સુખોને ભોગવી દેવનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને વૈતાઢય પર્વત ઉપર ગિરિપત્તન નામના નગરમાં હરિનામના રાજાની હરિવતી રાણીની કુક્ષિમાં પુત્રીપણે

ઉત્પન્ન થઈ. પૂર્ણ માસે પુત્રીરૂપે જન્મ આપી, માતાપિતાએ રૂપવતી અને ગુણવંતી એવી પુત્રીનું કમલમાલા' નામ આપ્યું. અનુક્રમે યુવાવસ્થા પામી ત્યારે માતાપિતાએ વૈતાઢયપર્વત ઉપરના મેઘકૂટપુર નામના નગરના કાલસંવર નામના રાજાની સાથે પાણિગ્રહણ કરાવ્યું.

मधुक्षोणीपतेर्जीव—श्च्युत्वा शुक्रत्रिविष्टपात् । द्वारिकायां हरिस्नून् , रुक्मिणीकुक्षिजोऽभवत्।९२॥
यः कैटभोऽनुजस्तस्या—भवत्परमवल्लभः । भविष्यति सुतो विष्णो—र्जांबवत्याः समुद्भवः।९३॥
यो हेमरथभूपोऽभूत्स्वस्त्रीवियोगदुःखतः । कुर्वाणो ग्रथिलत्वं स, निर्नाथवन्मृतिं गतः॥९४॥
मृत्वा भ्रांत्वा च नीचासु, भूयो दुःखासु योनिषु । संप्राप्य मानुषं जन्म, तीव्रं बालतपोऽकरोत्९५
ततोऽसौ तपसा तेन, बभूवासुरकोटिषु । धूमकेतुश्च तेजस्वी, भूयिष्टशक्तिधारकः ॥९६॥
विमानसंस्थितोऽन्येद्यु—र्लीलया पर्यटन्नसौ । त्रियामायां समायातो, द्वारिकानगरींप्रति ॥९७॥
तस्यामागच्छतस्तस्य, कौतुकस्थितचेतसः । रुक्मिण्या निलयस्योप—र्यागतं तद्विमानकं ॥९८॥
यावत्तत्र समायातं, बालेन महिमाभृता । कीलितवस्तुवत्ताव—त्सहसा तदजायत ॥९९॥
विमानं स्खलितं ज्ञात्वा, क्रोधस्तस्याभवद् द्रुतं । ततः प्रायुंक्त शीघ्रं स, विभंगज्ञानमात्मनः५००
तेनाज्ञासीत्स जायाया, हरणं पूर्वजन्मनः । रुक्मिण्याः कुक्षिजातेन, प्रद्युम्नेन विनिर्मितं ॥१॥
सुखेन जननीपार्श्वे, ज्ञात्वा तं संस्थितं शिशुं । स्वककांतापहारोत्थं, तस्य वैरमजागरीत् ॥२॥
अपाहियत वैरेण, तेनासौ धूमकेतुना । ततः केनापि नो सार्धं, वैरं कार्यं विचक्षणैः ॥३॥
वैरेण प्रबलं दुःखं, वैरेण प्रीतिनाशनं । वैरेण मानसोद्वेगो, वैरेण स्यादधोगतिः ॥४॥
श्रीसीमंधरसार्वस्य, श्रुत्वेति वचनं शुचि । सर्वेऽपि क्षमयामासु—र्वैरं मिथः सभासदः ॥५॥
समस्तमपि वृत्तांतं प्रद्युम्नस्य निशम्य च । नारदोऽपि जिनं नत्वा, मेघकूटपुरं ययौ ॥६॥
कालसंवरभूपोऽस्ति, तत्र वित्रस्तशात्रवः । तस्य मध्यसभामाप, मुनिर्बालदिदृक्षया ! ॥७॥
भूपेनापि समालोक्य, नारदर्षिं समागतं । उत्थाय सहसा दत्तं, विनयेन स्वमासनं ॥८॥
दत्वाशिषं मुनींद्रेणो—पविष्टं शिष्टविष्टरे । भूयः प्रेमरसाद्वार्ता, ताभ्यां चक्रे परस्परं ॥९॥
क्षणमात्रं मुनिस्तत्र, स्थित्वा प्रोवाच पार्थिवं । राजंस्तेंतःपुरं दृष्टु—मुत्कंठा वर्तते मम ॥१०॥
भूपः प्राह किमप्यस्ति, गोप्यं त्वत्तो मुनीश्वर ! । अत्रार्थे पृच्छसि त्वं किं, दृश्यतां दृश्यतां त्वया
यत्र रेणुः पतेत्साधु—क्रमद्वयपवित्रितः । भवेयुस्तत्र भद्राणि, मद्गेहं तत्पवित्रय ॥१२॥
इति प्रोक्ते नृपेणासौ, जगामांतःपुरालयं । तमागच्छंतमालोक्यो—त्थितं कमलमालया ॥१३॥
समुत्थायासनं दत्त्वा, विनयेन नतस्तया । सोऽपि तद्विनयात्प्रीतः, प्रीणनीयः स कस्य न ॥१४॥
कुशलादि मिथः पृष्ट्वा, पप्रच्छ मुनिनारदः । गूढगर्भतया वत्से, यः स्मृतः स सुतोऽस्ति कः ॥१५॥
तेनेति कथिते राज्ञ्या, प्रीत्या मुनिरभाष्यत । स्वामिंस्तव प्रसादेन, समस्ति मे स बालकः।१६॥

जगाद नारदस्तर्हि, तं द्रुतं मे प्रदर्शय । तेनेत्युक्ते तमानीय, सा तदंघ्र्योरपातयत् ॥१७॥
दृष्ट्वा तेन तु तं बालं, सर्वलक्षणलक्षितं । मुमुदे हृदये सौवे, सौवमित्रत्वतो भृशं ॥१८॥
यावच्चंद्रोदयो याव—त्सूर्योदयो भवेद् भुवि । तावत्कालं चिरं नंद, चिरं जीव स्तनंधय ! ।१९
वयसा वर्धमानेन, सुपर्वशाखिनेव च । पूरणीयास्त्वया पित्रो—श्चित्तस्थिता मनोरथाः ॥२०॥
तवाप्ययं सुतो देवि, भवतात्सुखकारकः । दत्वेत्याशिषमुत्थाय, ततश्चचाल नारदः ॥२१॥
प्रद्युम्नशुद्धिमादाय, प्रथमं द्वारिकापुरि । निवेदयितुमानंदात्, कृष्णाय स समागतः ॥२२॥
तत्स्वरूपं निरूप्याशु, किंचिन्नरकवैरिणे । जगाम रुक्मिणीगेहं, स्नेहं वर्धयितुं हृदि ॥२३॥
गत्वा तस्या गृहे स्थानं, विद्या लाभाः स्मृद्धयः । तस्यागमनचिह्नानि, कालोऽपि च निवेदितः
श्रीसीमंधरसार्वेण, स्वामिना यन्निरूपितं । समस्तमप्युदित्वा तत्, स्वस्थानं गतवान्मुनिः ।२५।
नारदर्षेर्गिरा ज्ञात्वा, स्वकीयतनयागमं । तस्थौ सुखेन गेहे स्वे, रुक्मिणी हर्ष धारिणी ॥२६॥
एवं जीवो भ्रमति दुष्टसंसारयोनौ, पुण्यात्सोऽपि सुपथजननीं भूरिमाप्नोति लक्ष्मीं ॥
त्याज्यं तस्मान्निबिडविपदां कारकं पापवृंदं, कार्यं पुण्यं निखिलसुखकृद्यत्ततः प्राप्तपुण्यैः ।२७

इति पंडितचक्रचक्रवर्तिपंडितश्रीराजसागरगणिशिष्यपंडितश्रीरविसागरगणिविरचिते
श्रीशांबप्रद्युम्नचरित्रे श्रीप्रद्युम्नपूर्वभववर्णनो नाम
अष्टमः सर्गः समाप्तः ॥ श्रीरस्तु ॥

મધુરાજાનો જીવ પણ દેવલોકમાંથી ચ્યવીને દ્વારિકાનગરીના કૃષ્ણમહારાજાની રૂક્મિણી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. મધુરાજાનો નાનો બ્રિયબંધુ કૈટભ પણ એજ કૃષ્ણરાજાની જાંબવતીનામની રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થશે. અને હેમરથરાજા પોતાની પ્રિયપત્નીના વિયોગથી દુઃખી થયેલો ગાંડપણમા જ્યા ત્યાં અથડાતો કૂટાતો અનાથની જેમ મરણ પામી આર્તધ્યાનથી નીચગતિમાં ઉત્પન્ન થયો. આ રીતે અનેક નીચયોનિમાં ઘોર કષ્ટો સહન કરીને મનુષ્ય જન્મ પામ્યો. ત્યાં તાપસપણું અંગીકાર કરી બાલતપને તપી અજ્ઞાન કષ્ટ સહન કરીને અસુરયોનિમાં શક્તિશાળી અને તેજસ્વી એવો ધૂમકેતુ નામનો દેવ થયો.

કોઈ એક દિવસે ક્રીડા માટે પર્યટન કરતો ધૂમકેતુદેવ આકાશમાર્ગે વિમાનમાં બેસીને જતાં રાત્રિમાં દ્વારિકા નગરીમા આવ્યો. કૌતુકી એવો દેવ ત્યાથી પસાર થઇ રહ્યો હતો ત્યાં રૂક્મિણીના મહેલ ઉપર તેનું વિમાન આવ્યું. એટલામાં બાલક પ્રદ્યુમ્નના પુણ્ય પ્રભાવે ખોવાઇ ગયેલી વસ્તુની

જેમ તેનું વિમાન સ્ખલિત થયું. પોતાનું વિમાન સ્ખલિત થયેલું જાણીને તેને ક્રોધ ઉત્પન્ન થયો. તેથી તરત જ વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું:- 'પૂર્વજન્મમાં મારી પત્નીનું હરણ કરનાર મારો શત્રુ મધુરાજા, રૂક્મિણીની કુક્ષિથી પ્રદ્યુમ્ન રૂપે ઉત્પન્ન થયો છે.' પોતાની માતા પાસે સુખપૂર્વક રહેલા બાળકને જોઇને પોતાની પ્રિયાના હરણથી ઉત્પન્ન થયેલું વૈર જાગ્રત થયું. પૂર્વ ભવના વૈરથી તેને મારી નાખવા માટે ધૂમકેતુએ બાલક પ્રદ્યુમ્નનું અપહરણ કર્યું. તેથીજ શાસ્ત્રકારો કહે છે:- 'પંડિત પુરૂષોએ કોઈની સાથે વૈર બાંધવું નહી. વૈરથી દુઃખ મળે છે. પ્રીતિનો નાશ થાય છે. માનસિક ઉદ્વેગ થાય છે અને વૈરથી જીવ અધોગતિમાં ધકેલાય છે.' આ પ્રમાણે ભગવાન શ્રીસિમંધર સ્વામિના પવિત્ર વચનો સાંભળીને રાજા પદ્મનાભ આદિ સભાસદોએ પરસ્પર વૈરને ખમાવ્યું, અને એકબીજાની ક્ષમા માગી. નારદ પણ ભગવાન સિમંધરસ્વામી પાસેથી પ્રદ્યુમ્નનું સમસ્ત વૃત્તાંત સાંભળીને ભગવાનને નમસ્કાર કરીને પ્રદ્યુમ્નને જોવાની ઈચ્છાથી મેઘકૂટ નગરમાં ગયા. દૂર્જય એવા કાલસંવર રાજાએ રાજસભામાં નારદજીને આવેલા જોઇ, તરત જ ઉભા થઈ વિનયપૂર્વક આસન આપીને તેમનો સત્કાર કર્યો. નારદે પણ આસન ઉપર બિરાજી ઔપચારિકતાથી પરસ્પર કુશળક્ષેમની વાત કરી રાજાને પૂછયું:- 'રાજન્, મારે તારા અંતઃપુરને જોવાની ઉત્કંઠા છે. તરતજ રાજાએ કહ્યું:- 'મુનીશ્વર, આપનાથી શું છાનું છે? આપના માટે કંઇજ અદૃશ્ય નથી. આપને પૂછવાનું હોયજ નહી, આપ ખૂશીથી પધારો અને આપની ચરણરજ વડે મારા અંતઃપુરને પવિત્ર કરો.' રાજસભામાંથી તરત જ ઉઠીને નારદ અંતઃપુરમાં ગયા. કમલમાલાએ દૂરથી નારદને આવતા જોઇને નમસ્કાર કરી સત્કાર સન્માન પૂર્વક આસન ઉપર બેસાડયા. 'વિનયી મનુષ્ય કોને પ્રિય ના હોય?' તેના વિનયથી પ્રસન્ન થયેલા નારદે કુશલક્ષેમ પૂછી આશીર્વાદ આપ્યા અને પૂછયું:- 'પુત્રી, મેં સાંભળ્યું છે કે તું ગૂઢગર્ભા હતી અને તને પુત્ર ઉત્પન્ન થયો છે. તે સાચી વાત?' ખૂશ થઇને કમલમાલાએ કહ્યું:-'સ્વામિન્, આપની કૃપાથી મારે બાળક જન્મ્યો છે. નારદે કહ્યું:-'મને બતાવ તો ખરી કે તારો પુત્ર કેવો છે?' કમલ માલાએ બાલ પ્રદ્યુમ્નને લાવીને નારદનાં ચરણમાં નમસ્કાર કરાવ્યા. સર્વલક્ષણ સંપૂર્ણ બાળકને જોઇને, પોતાના મિત્ર વિષ્ણુનો પુત્ર હોવાથી ખૂબ ખૂશ થઇને તેને આશીર્વાદ આપ્યા:- હે પુત્ર, આ પૃથ્વી પર યાવત્ ચન્દ્રદિવાકર તારૂં અસ્તિત્વ વર્તો. તું દીર્ઘાયુ બન, સર્વકાલ તારો અભ્યુદય થાઓ. અને કલ્પવૃક્ષની જેમ વયથી વધતો એવો તું તારા માતાપિતાના મનોરથોને પૂર્ણ કરજે.' ત્યાર પછી કમલમાલાને કહ્યું:- દેવી, તારો આ પુત્ર તને સુખકારી બનો.' આ પ્રમાણે માતાપુત્રને આશીર્વાદ આપીને નારદજી ત્યાંથી ચાલ્યા. પ્રદ્યુમ્નની શોધ કરીને આનંદિત થયેલ નારદજી પ્રથમ વિષ્ણુને શુભ સમાચાર આપવા માટે દ્વારિકા નગરીમાં ગયા. ત્યાં કૃષ્ણ મહારાજને સંક્ષેપમાં પ્રદ્યુમ્નનું સ્વરૂપ કહીને રૂક્મિણીના આનંદની વૃદ્ધિ માટે રૂક્મિણીના ઘેર ગયા. રૂક્મિણીને વિસ્તારથી પ્રદ્યુમ્નનું સ્વરૂપ તેમજ વિદ્યાઓ, લાભો અને વિશાળ સમૃદ્ધિની સાથે સોળમા વર્ષે પ્રદ્યુમ્નનું દ્વારિકામાં આગમન પણ

કહ્યું. ભગવાન શ્રીસીમંધર સ્વામીના શ્રીમુખે પ્રદ્યુમ્નનું સ્વરૂપ સાંભળીને આવેલા નારદજીના કથનથી કૃષ્ણ રૂક્મિણી આદિ દ્વારિકાના નગરવાસીઓને ખૂબજ આનંદ થયો. નારદજી પણ પોતાના સ્થાને ગયા. રૂક્મિણી પણ પ્રસન્નતા પૂર્વક પૂર્વવત્ સ્વસ્થ બની ગઈ.

આ પ્રમાણે જીવ પાપકર્મના ઉદયથી સંસારની દુષ્ટ યોનીઓમાં ભટકે છે અને તેજ જીવ પુણ્યકર્મના ઉદયથી ઘણી એવી પુણ્ય-લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. તે કારણથી ગાઢ વિપત્તિઓને નોતરનાર એવા પાપકર્મોનો ત્યાગ કરીને આલોક અને પરલોકના સમસ્ત સુખને આપનારા એવા પુણ્યકર્મનું ઉપાર્જન કરવા પ્રયત્નશીલ બનવું.

આ પ્રમાણે પંડિતોમાં ચક્રવર્તી શ્રી રાજ સાગર ગણીના વિદ્વાન શિષ્યરત્ન શ્રી રવિસાગર ગણીએ રચેલા શ્રી શાંબપ્રદ્યુમ્ન ચરિત્રમાં શ્રી પ્રદ્યુમ્ના પૂર્વભવનું વર્ણન કરતો ૫૨૭ શ્લોક પ્રમાણ આઠમો સર્ગ સમાપ્ત થયો.



એક દાર્શનિક અણમોલ ગ્રંથ

સ્યાદ્વાદમંજરી

[બીજી આવૃત્તિ]

(મૂળ શ્લોકો-ટીકા અને ગુજરાતી અનુવાદ)

જો તમારે જૈન દર્શનના સ્યાદ્વાદને, અનેકાન્તવાદને જાણવો છે, સમજવો છે, તો તમારે આ ગ્રંથનું અધ્યયન કરવું જ જોઇએ. પૂજ્ય વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રીજીએ સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે. થોડી જ નકલો સ્ટોકમાં છે.

મૂલ્ય : રૂા. ૨૫ **ટપાલ ખર્ચ રૂા. ૭**

પ્રાપ્તિ સ્થાન
કીરીટ જે. શાહ
કંઓઇનગર પાસે. **મહેસાણા-૩૮૪૦૦૨**

હિર સૌભાગ્ય

[મહાકાવ્ય]

જગદ્‌ગુરુ આચાર્યદેવ હીરસૂરીશ્વરજી મ.નું જીવન ચરિત્ર આ મહાકાવ્યમાં ગુંથાયેલું છે. તેનો સરળ અનુવાદ વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રીજીએ કરેલો છે.

ભાગ : બીજો

થોડી જ નકલો સ્ટોકમાં છે. જ્ઞાનભંડારોમાં તો આ ગ્રંથ હોવો જ જોઇએ.

પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ.

મૂલ્ય : રૂા. ૨૫ **ટપાલ ખર્ચ રૂા. ૮**

હિર સૌભાગ્ય

ભાગ : ત્રીજો.

બાદશાહ અકબરને પ્રતિબોધ પમાડી, સમગ્ર ભારતમાં અહિંસા ધર્મનો પ્રસાર કરનારા જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજીનું આ રસપૂર્ણ જીવનચરિત્ર છે. દરેક જૈન-જૈનેતરે વાંચવા જેવું પ્રેરણાદાયી આ ગ્રંથ છે. થોડી જ નકલો સ્ટોકમાં હોવાથી, જ્યાં સુધી હશે ત્યાં સુધી મોકલી આપીશું.

[પહેલા ભાગની એકેય નકલ સ્ટોકમાં નથી, માટે પહેલો ભાગ કોઇએ મંગાવવો નહીં]

મૂલ્ય : રૂા. ૫૦ **ટપાલ ખર્ચ રૂા. ૮**